# જૈન દૃષ્ટિએ મધ્યલોક

(જૈનાગમોમાં દર્શાવેલ ભૂગોળખગોળનું સંકલન અને સચિત્ર વર્ણન)





સંશોધક અને સંકલન કર્તા :—
મહાનવૈરાગી પૂ. શ્રી કાન્તિઋષિ મ.ના સુશિષ્ય
શ્રી નવીનઋષિ મહારાજ

જ્ઞાન :—

જહા સુઇ સસુત્તા,
પડિયા વિ ણ વિણસ્સઇ;
તહા જીવે સસુત્તે,
સંસારે ણ વિણસ્સઇ ॥

ઉ. અ. ૨૯ ॥

જેમ દોરા સાથેની સોય ખોવાતી નથી એમ જ્ઞાન સંપન્ન જીવ સંસારમાં વિનાશ થતો (ભટકતો) નથી.

દર્શન :—

તહિયાણં તુ ભાવાણં,
સબ્ભાવે ઉવએસણં;
ભાવેણ સદ્દહંતસ્સ,
સમ્મત્તં તં વિયાહિયં ॥

ઉ. અ. ૨૮. ૧૫ ॥

પદાર્થ (નવતત્ત્વો) ના યથાર્થ ભાવોની સ્વભાવથી અથવા ઉપદેશથી ભાવ (લક્ષ્ય) પૂર્વક શ્રદ્ધા કરવી તેને સમ્યક્ત્વ કહે છે.

# જૈન દૃષ્ટિએ મધ્યલોક

( જૈનાગમોમાં દર્શાવેલ ભૂગોળખગોળનું સંકલન અને સચિત્ર વર્ણન )

સંશોધક અને સંકલન કર્તા :—
મહાનવૈરાગી પૂ. શ્રી. કાંતિઋષિજી મ. ના સુશિષ્ય
શ્રી નવીનઋષિ મહારાજ

પ્રકાશક :-
શ્રી મનસુખલાલ છગનલાલ દેસાઈ
ઠે. મુનિ સુવ્રતદર્શન, નવરોજીન લેન,
ઘાટકોપર, મુંબઈ–૪૦૦૮૬.

પ્રકાશક :-
શ્રી મનસુખલાલ છગનલાલ દેસાઇ
ઠે. મુનિસુવ્રત દર્શન, નવરોજી લેન
મુ. ઘાટકોપર (ઇસ્ટ)
મુંબઈ........ ...

સંશોધક અને સંકલનકર્તા :-
**શ્રી નવીનઋષિ મહારાજ**
આવૃતિ પ્રથમ
પ્રત ૨૦૦૦

પ્રકાશન :- ઈ. સ. ૧૯૭૮ તારીખ ૩૧-૫-૭૮ બુધવાર
વીર સંવત ૨૫૦૪ ના વૈશાખ વદ ૧૦ બુધવાર
વિક્રમ સંવત ૨૦૩૪ ના વૈશાખ વદ ૧૦ બુધવાર
(સ્વર્ગસ્થ ગચ્છાધિપતિ
પૂ. શ્રી. છગનઋષિ મ. ની ૩૯ મી નિર્વાણ તિથિ)

પેયા

પ્રાપ્તિ સ્થાન:-
૧ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવકસંઘ
ઉપાશ્રય લેન, ઘાટકોપર (ઇસ્ટ), મુંબઈ ૭૭.
ટે. નં. ૫૫૧૨૬૦
૨ શ્રી સ્થાનકવાસી જૈન સંઘ
C/O શ્રી પુંજાલાલ ભાઈલાલ પટેલ
ઠ. કંસરાવાડ મુ. ખંભાત

મુદ્રક અને મુદ્રણસ્થાન :-
શ્રી માલસીભાઈ થાવરભાઈ રીટા,
ડાયાણી પેકેજીંગ
સાયન- મુંબઈ નં. - ૨૨.

ચઇત્તા ભારહં વાસં ચક્કવટ્ટી મહિડ્ઢિઓ
સન્તી સન્તીકરે લોએ પત્તો ગઇમણુત્તરં ॥ ૧ ॥

*

વીર: પાર્શ્વનમી સુપાર્શ્વસુવિધી શ્રેયાંસમલ્લી શશી
નેમિર્નાભિજવાસુપૂજ્યવિમલા: પદ્મપ્રભુ: શીતલ:।
કુન્થુ: શાન્ત્યભિનન્દનાર મુનયો ધર્મોઽજિત: સંભવો
ઽનન્તશ્રી સુમતિસ્ત્વ તીર્થપતય: કુર્વન્તુનો મંગલમ્ ॥

*

આદૌ નેમિ જિનં નૌમિ, સંભવં સુવિધિં તથા।
ધર્મનાથં તથા દેવં, શાન્તિં શાન્તિકરં સદા ॥ ૧ ॥

અનન્તં સુવ્રતં ભક્ત્યા, નમિનાથં જિનોત્તમમ્।
અજિતં જિતકન્દર્પં, ચન્દ્રં ચન્દ્રસમપ્રભમ્ ॥ ૨ ॥

આદિનાથં તથાદેવં, સુપાર્શ્વં વિમલં જિનમ્।
મલ્લિનાથં ગુણોપેતં, ધનુષાં પંચવિંશતિ: ॥ ૩ ॥

અરનાથં મહાવીરં, સુમતિં ચ જગદ્ગુરુમ્।
શ્રી પદ્મપ્રભનામાનં, વાસુપૂજ્યં સુરૈર્નતમ ॥ ૪ ॥

શીતલં શીતલં લોકે, શ્રેયાંસં શ્રેયસે સદા।
કુંથુનાથં ચ વામેયં, વિશ્વાભિનન્દનં વિભુમ્ ॥ ૫ ॥

જિનાનાં નામભિર્બદ્ધ:, પંચષષ્ટિ સમુદ્ભવ:
યંત્રોઽયં રાજતે યત્ર, તત્ર સૌખ્યં નિરન્તરમ્ ॥ ૬ ॥

યસ્મિન્ ગૃહે મહાભક્ત્યા, યંત્રોઽયં પૂજ્યતે બુધૈ:
ભૂતપ્રેતપિશાચાદૈ ભયં, તત્ર ન વિદ્યતે ॥ ૭ ॥

સકલગુણનિધાનં યન્ત્રમેનં વિશુદ્ધં
હૃદયકમલકોશે ધીમતાં ધ્યેયરૂપમ્।
જયતિલકગુરો: શ્રી સૂરિરાજસ્ય શિષ્યો
વદતિ સુખનિધાનં મોક્ષલક્ષ્મી નિવાસમ ॥ ૮ ॥

# પુરો વચન

ખંભાતના સંઘાડાના પૂ. મુનિશ્રી કાંતિઋષિજી મહારાજ સાહેબના શિષ્યરત્ન બા. બ્ર. સંશોધનકાર અભ્યાસી અને પરિશ્રમી પૂ. નવીનઋષિજી મ. સા. ના "જૈન દૃષ્ટિએ મધ્યલોક" શીર્ષક વિદ્વતાપૂર્ણ પુસ્તકને હૃદયથી આવકારતાં મને ઘણો આનંદ થાય છે અને ગૌરવ પણ થાય છે.

આપણા સ્થાનકવાસી જૈન સંપ્રદાયમાં અન્ય સંપ્રદાયોની અપેક્ષાએ સંશોધન-અભિરુચિ પ્રમાણમાં ઓછી છે. સદ્ગત પૂ. અમોલખ ઋષિજી મહારાજ સાહેબ સદ્ગત પૂ. શતાવધાની રત્નચંદ્રજી મહારાજ સાહેબ પૂ. હસ્તીમલજી મહારાજ સાહેબ પૂ. ઘાસીલાલજી મહારાજ સાહેબ વગેરેવિભૂતિઓ આપણમાં થઇ ગઇ છે એ હકીકત છે. પણ એ તો આંગળીના ટેરવે ગણાવી શકાય એટલી જ. હકીકત આમ હોઇ પૂ. નવીનઋષિજી મહારાજ સાહેબનું વૈશિષ્ટ્ય મારે હિસાબે ઘણું છે.

સાહિત્ય, ઇતિહાસ, અર્થશાસ્ત્ર, કાવ્ય, શિલ્પશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, નાટક, રાજનીતિ, ગણિત, ભૂગોળ, ખગોળ, દર્શનશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, નીતિ અને આગમો, ઉપાંગો, છેદસૂત્રો-ઈત્યાદિ જૈન વાંગ્મયના અનેક પ્રકારો છે. એમાંય જેના ખેડાણ તરફ વિશેષ ધ્યાન આપવામાં ન આવ્યું હોય અને જે મોટે ભાગે ક્લિષ્ટ ગણાતા હોય એવા પ્રકારોમાં ગણિત, ભૂગોળ અને ખગોળ મુખ્ય છે. એટલે બીજા પ્રકારો વિષે ઉપલબ્ધ સાહિત્ય જ્યારે પ્રમાણમાં વિશેષ છે ત્યારે ગણિત, ભૂગોળ અને ખગોળ સંબંધ અલ્પ છે. આ દૃષ્ટિએ પૂ. નવીનઋષિ મહારાજનું પ્રસ્તુત પુસ્તક ખાસ ધ્યાન ખેંચે એવું હોવા ઉપરાંત, ગુણવત્તાની દૃષ્ટિએ મૂલ્યવાન્ ગણી શકાય એવું છે.

પ્રસ્તુત પુસ્તકના નિર્માણમાં પૂ. મુનિશ્રીએ ઉપલબ્ધ હતું તેટલું સાહિત્ય લગભગ એકઠું કરી, એમાંથી તારણ કરી, તુલનાત્મકરીતે પ્રમાણભૂત બનાવવા યથાશકય કોશિષ કરી છે. અનુયોગદ્વાર, જંબૂદ્વિપપ્રજ્ઞપ્તિ, તિલોકસાર, ઠાણાંગ, સમવાયાંગ, વ્યાખ્યાન પ્રજ્ઞપ્તિ, ઉત્તરાધ્યયન, જીવાભિગમ, રાયપસેણીય, પન્નવણા, જ્ઞાતાસૂત્ર, સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ, તિલોય પણ્ણત્તિ ઈત્યાદિ આગમો અને આગમાનુસારી ગ્રંથોમાંથી તથા જૈનતત્ત્વ પ્રકાશ, ગણિતસારસંગ્રહ, લઘુક્ષેત્રસમાસ, ગોમ્મટસાર, ષટ્ખંડાગમ જેવા પ્રમાણભૂત પુસ્તકોમાંથી તથા આચાર્ય પ્રવર આનંદઋષિજી અભિનંદન ગ્રંથ જેવા અનેક વિષયોના અનેક લેખોથી સુશોભિત ગ્રંથોમાંથી માહિતિ મેળવી, અને વિવેકબુદ્ધિની કસોટીએ કસી, રોચક અને દ્યોતક શૈલિથી વકતવ્ય વિષયની રજુઆત કરી છે. કયાંય પિષ્ટપેષણ કર્યું નથી. કયાંય વધારે પડતું નક્કામું વિવેચન કર્યું નથી અર્થાત્ કયાંય પિંજણ નથી કરી. પુસ્તકનું દળ વધારવા પ્રયત્ન નથી કર્યો. કહેવાનું છે તે સીધેસીધું મિત ભાષામાં અને અસંદિગ્ધ પણે કહ્યું છે અને જ્યાં જ્યાં પોતે નિર્ણય ઉપર આવી શકયા નથી ત્યાં ત્યાં હોય તેટલા બધાય પક્ષોની તટસ્થ રજુઆત કરી અટકી ગયા છે. આ એમની શૈલિનું આગવું લક્ષણ છે.

પ્રસ્તુત પુસ્તકમાં અઢીદ્વીપ, જગતી, વિજ્યા રાજધાની, ભરતક્ષેત્ર, વૈતાઢય પર્વત, ચુલ્લ હિમવંત, હેમવંત યુગલિયાનું ક્ષેત્ર, મહાહેમવંત નામના વર્ષધર પર્વતનું વર્ણન, હરિવર્ષ યુગલિયાનું ક્ષેત્ર, નિષધ નામના વર્ષધર પર્વતનું વર્ણન, નદી, દ્રહ, કુંડ વગેરેનું વિશેષ વર્ણન, નદીનો વિસ્તાર તથા ઊંડાઇ, મહાવિદેહ ક્ષેત્ર, છ આરા, છપ્પન અંતર્દ્વીપ, પુષ્કરદ્વીપ, માનુષોત્તર પર્વત, ગણિત, જ્યોતિષ્ક દેવ, શીલાંગાદિ એકવીશ રથ, જૈન માન્યતા પ્રમાણે લોક વર્ણન, બૌદ્ધ માન્યતા પ્રમાણે લોક વર્ણન ઈત્યાદિ ઈત્યાદિ વિષયોની સાંગોપાંગ છણાવટ પૂ. મુનિશ્રીએ પ્રસ્તુત પુસ્તકમાં કરી છે. એ બતાવે છે કે પુસ્તકને માહિતિ સભર બનાવવા માટે ગ્રંથકર્તાએ મણા મેલી નથી. જૈન ગણિત, જૈન ભૂગોળ અને જૈન ખગોળ સંબંધે અન્યત્ર વિગત મેળવવાની હવે જરૂરત નહિ રહે એવી રીતે ગ્રંથકર્તાએ ગ્રંથને સર્વાંગસંપૂર્ણ બનાવ્યો છે.

અંગ્રેજીમાં આ વિષય સંબંધે ઘણું લખાયું છે. જર્મની, ફ્રાંન્સ, અમેરિકા, ઈટલી અને બ્રિટનના જૈનધર્મ અને સંસ્કૃતિના ધુરંધર વિદ્વાનોની કલમે પ્રસ્તુત વિષયને અનુલક્ષી, નિષ્પક્ષ દૃષ્ટિથી સૂક્ષ્મ અન્વેષણ પૂર્વક વિપુલ પ્રમાણમાં લખાણ લખાયું છે. પૂ. મુનિશ્રી આ ભાષાઓના નિષ્ણાત ન હોઈ એનો ઉપયોગ કરી શકયા નથી. ઉપરાંત, સંયમનિષ્ઠ સાધુ માટે આ બધું લખાણ પ્રાપ્ત કરવું, જાણકારો દ્વારા જાણી એનો ઉપયોગ કરવો એ બધું મુશ્કેલી ભર્યું હોઇ તેમજ ઝાઝો સમય માગી લે એવુ હોઈ પૂ. મુનિશ્રીને આ બાબતનો લાભ જતો કરવો પડ્યો છે. વળી, વિજ્ઞાને પણ ઘણી શોધખોળો કરી છે પણ એનો મોટોભાગ અંગ્રેજીમાં કે એવી અન્ય ભાષાઓમાં લખાયેલો હોઈ પોતાના મંતવ્યોના સમર્થનમાં ગ્રંથકર્તા નથી કરી શકયા એ હકીકતની નોંધ તો લેવી જ જોઇએ. અન્યથા પ્રસ્તુત પુસ્તક એક એન્સાઈકિલોપીડીયા જેવું બનાવી શકાયું હોત.

ગ્રંથસ્થ વિષયને ચિત્રોથી વિશદ બનાવવામાં આવ્યો છે એ એક સુભગ ચિહ્ન છે. કાગળ ટકાઉ અને સારા વાપરવામાં આવ્યા છે એ વસ્તુ ગ્રંથને ઉપયોગી અને ઉપકારક બનાવશે એ હકીકત છે. જોડણી દોષ વ્યાકરણ દોષ અને મુદ્રણ દોષ પ્રમાણમાં અલ્પ છે એ બાબતો ગ્રંથની જમા બાજુ છે.

સંપૂર્ણ ગ્રંથ સૂચી (Bibliography), ચિત્રોની નામાવલિ, અને નાની પણ વિષયને બરાબર આવરી લેતી પ્રસ્તાવના (Preface), અનુક્રમણિકા, ઈત્યાદિ પાસાઓથી ગ્રંથને સમલંકૃત કરવામાં આવ્યો છે.

કિંમત ઘણી ઓછીજ રાખવામાં આવી છે એવા હેતુથી કે એથી જ્ઞાન વિતરણનો આશય બરાબર પાર પડે.

પૂ. મુનિશ્રીનો પ્રસ્તુત ગ્રંથ સંશોધન પૂરતો પાશેરામાં પહેલી પૂણી સમાન છે પણ એ પૂણીના વર્તમાન દિદાર ઉપરથી, ગ્રંથકર્ત્તા સંશોધન કળાના કોવિદ ભવિષ્યમાં જરૂર બનશે એવી મંગળ આગાહી કરી આ વકતવ્ય પૂરૂં કરૂં છું.


૩, મેઘધનુ, ૫૨–દાદાભાઈ રોડ,
વિલેપાર્લે (પશ્ચિમ)
(મુંબઈ–૪૦૦૦૫૬)

અમૃતલાલ સવચંદ ગોપાણી M.A.P.H.D.
અર્ધમાગધીના નિવૃત્ત પ્રાધ્યાપક
અને અધ્યક્ષ, ભવન્સ
સોમાણી કોલેજ, મુંબઈ–૭.

ગોંડલ સંપ્રદાયના બા. બ્ર.

# મધુર વક્તા પૂ. શ્રી ગિરીશચંદ્રજી મહારાજનો અભિપ્રાય

આધુનિક વિજ્ઞાનના પ્રયોગો પ્રત્યેક ધર્મની ખગોળ-ભૂગોળની પરંપરા સામે પ્રશ્નાર્થ ચિન્હ સમ બની રહ્યા છે. લગભગ સર્વધર્મોમાં ખગોળ-ભૂગોળ સંબંધી વાતોનું કથન તો છે પરન્તુ જૈનાગમ-ગ્રન્થોમાં તો સરસ વર્ણન જોવા મળે છે.

"જૈન દૃષ્ટિએ મધ્યલોક"

નામક ગ્રન્થ એ મુનિશ્રીની સંશોધન શકિતએ કરેલા ઉત્તમ પરિશ્રમનું ફળ છે. તેમાં દરેક વસ્તુને સમજવા માટે તેનું સચિત્ર દર્શન ઘણું જ આકર્ષક અને મનનીય છે.

આવા પારિશ્રમીક સંશોધન સમયે વિજ્ઞાનના અવકાશીય અને ભોગોલિક પ્રશ્નોને જૈન ધર્મની રીતે સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હોત તો આ ગ્રન્થની અપૂર્વતામાં અવશ્ય વધારો થાત.

ખરેખર મુનિરાજનો પુરુષાર્થ પ્રશંસનીય અને અભિનંદનીય છે.

અગાસી - વિરાર.

ગિરીશચંદ્રજી મહારાજ

ગોંડલ સંપ્રદાયના વિદુષી બા બ્ર.

# શ્રી લીલમબાઈ મહાસતીજીનો અભિપ્રાય

પુરૂષાર્થી પૂ. નવીનઋષિજી મહારાજ સાહેબ.

આપશ્રી જૈનદૃષ્ટિએ મધ્યલોક નામનું પુસ્તક પ્રકાશીત કરો છો. તે વીતરાગ વીર જિનેશ્વરના વિશિષ્ટ વચનાતિશયથી વિમુકત બનેલી વિનય, વિવેક, વિરાગ વિરામ, વિરતિના માર્ગે વસવાટ કરાવી મુમુક્ષુના મૂળભૂત સ્વરૂપના મૂળિયા મજબૂત કરાવનાર શ્રુત રત્નનાં આગમ ગ્રંથોથી ગ્રંથિત વિકસિત અનેક વર્ણોના વર્ણાક્ષરરૂપ વિવિધ વિકીર્ણ પુષ્પોને ચૂંટીને પત્રરૂપ પત્રાવલિમાં વિવિધ આકૃતિના ચિત્ર વિચિત્ર ચિત્રોથી સુશોભિત, વિભૂષિત કરીને મધ્યલોક પુસ્તક ફૂલાવરને પ્રકાશીત કરી શ્રમણનામ આપે સાર્થક કર્યું છે. આપનો પ્રબળ પુરુષાર્થ પ્રશંસનીય છે.

પ્રસ્તુત ચિત્રો નવયુગના માનવોને નવદૃષ્ટિ પ્રાપ્ત કરાવી સંસ્કૃતિનું સર્જન કરી નવી ચેતના ચેતાવશે.

દક્ષિણ પલકને ઉપર પ્રસરાવતા પૂણ્યપ્રતાપ નિહાળાય છે, તો વામપલકને નીચે પાડતા પાપ સંતાપ પેખાય છે. અંતમાં બન્ને તાપ રૂપ અનુકૂળતા પ્રતિકૂળતાનાં દ્વંદ્વનું પ્રેક્ષણ કરનાર મધ્યમનેત્ર અર્થાત્ ત્રીજુંનેત્ર ખુલતાં ખીલતા કામની કામુકતાનું કર્ષણ નષ્ટ કરનાર બંધન તોડનાર કર્મી મધ્યમલોકનો માનવી માધ્યસ્થ ભાવનું પૂર્ણ માધ્યમ બનાવી અઢીદ્વીપના માનવનો સર્વ હક્ક સ્વાધીન પણે સિદ્ધ કરવા અઢી અક્ષરરૂપ કર્મના કવચને કાપી અઢી અક્ષરરૂપ ધર્મના મર્મને પામી ધર્મમય શુદ્ધ સ્વરૂપભણી પરિણતીને દોડાવી આગેકૂચ કરવા સમર્થ શક્તિ પ્રાપ્ત કરી શકે છે. માટે જ અઢીદ્વીપનાં માનવીને આ હક્ક પ્રાપ્ત થયો હશે.

આ રીતે રાગદ્વેષની માત્રાનો નાશ કરનાર જન સમુદાય જૈન બની દિવ્યદૃષ્ટિએ દૃષ્ટા બની આ પુસ્તકનું અવગાહન કરશે તો ઉપરોકત ગણિત ખગોળ ભૂગોળનું ચિત્રો સહિત પુસ્તકનું સુંદર નામ દેખાડેલ રીત પ્રમાણે ગણિત ગણશે, જપશે, આચરશે તે સર્વ સિદ્ધિ વરશે એમ મારી જૈન દર્શન પ્રત્યેની અખૂટ, અતૂટ આત્મશ્રદ્ધા કહે છે. નવીનઋષિ મહારાજ સાહેબ અનેકાંતનું મંથન કરી સ્યાદ્વાદ સિદ્ધાંત સાહિત્ય સર્જન કરતા રહે તેવી અંતરની શુભેચ્છાપૂર્વક પરમ ભાવના ભાવું છું.

સાધ્વી લીલમ.

ગોંડલ સંપ્રદાયનો

# રત્ન ભાસ્કર બા. બ્ર. મ. શ્રી પ્રાણકુંવરબાઈનો અભિપ્રાય

આપણે મધ્યલોકમાં વસીએ છીએ એટલે મધ્યલોકનું વર્ણન જાણવું જોઇએ પરંતુ મધ્યલોકનું વર્ણન જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં છે, આજના ગૃહસ્થજનો પ્રવૃત્તિ પરાયણ બની ગયા છે, તેથી આગમનું પાનું ખોલવાનો તેઓની પાસે સમય નથી.

જગતના તમામ લોકો મધ્યલોકનું વર્ણન સારી રીતે સરલતાથી જાણી શકે એટલા માટે સરલ સ્વભાવી પૂજ્ય નવીનઋષિ મહારાજે પ્રબળ પુરુષાર્થ કરી મધ્યલોકનું વર્ણન સચિત્ર "જૈન દષ્ટિએ મધ્યલોક" આ પુસ્તકમાં કરેલ છે.

સામાન્ય રીતે અધોલોકમાં (પાતાલલોકમાં) પણ સલીલાવતીની દષ્ટિએ મનુષ્યો રહે છે. કારણ પાંચભરત, પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહ આ પંદરક્ષેત્રો કર્મભૂમિના છે, અને પાંચ હેમવય, પાંચ હિરણ્ય, પાંચ હરિવાસ, પાંચ રમ્યકવાસ, પાંચ દેવકુરૂ અને પાંચ ઉત્તરકુરુ આ ત્રીશ ક્ષેત્રો જુગલીયાના છે.

દરેક પ્રકારના મનુષ્યોનું જીવન આપણે જાણવું જોઇએ તોજ આપણને આપણા ક્ષેત્રની કીંમત થાય. આપણે જે ક્ષેત્રમાં રહીએ છીએ તે ક્ષેત્ર ઉત્તમ છે માટે આરાધના કરવી જોઇએ.

ઊંચી ભૂમિમાં પણ વિદ્યાધરોની શ્રેણીઓ છે ત્યાં પણ મનુષ્યો વસે છે. આ બધું જાણવા માટે સુમેરૂ પર્વતનું વર્ણન અથથી ઇતિ સુધી જાણવું જોઇએ, તેમજ ઉર્ધ્વલોકમાં રહેનારા દેવોના વિમાનોનો પ્રકાશ મધ્યલોકમાં પડે છે આ રીતે ઉર્ધ્વલોકની સાથે અધોલોક અને ઉર્ધ્વલોક સંકળાયેલા છે માટે સંપૂર્ણ રીતે મધ્યલોકનું વર્ણન પણ જાણવું જોઇએ. પ્રસ્તુત પુસ્તકમાં ક્ષેત્રની અપેક્ષાએ મધ્યલોકનું વર્ણન કરેલ છે, તે ભૌગોલિક દષ્ટિએ ઉચિત છે.

'જૈન દષ્ટિએ મધ્યલોક' આ પુસ્તક માટે મુનિશ્રી નવીનઋષિને હું ધન્યવાદ આપું છું દિનપ્રતિદિન પુરૂષાર્થ કરી બીજા પુસ્તકોનું પણ પ્રકાશન કરો એજ અભ્યર્થના,

સાધ્વી પ્રાણકુંવર (ગોંડલ સંપ્રદાય)

## અનુક્રમણિકા


| | |
|---|---|
| અઢીદ્વીપની ટૂંકી માહિતી | ૧ થી ૨ |
| પૂર્વ - પશ્ચિમ ૪૫ લાખ યોજન | ૩ |
| દક્ષિણોત્તર ૪૫ લાખ યોજન | ૪ |
| ખંડ પ્રમાણ તથા યોજન | ૬ |
| ગણિતપદ, પરિધિ, દ્વારનું અંતર | ૭ |
| વર્ષધર ક્ષેત્ર, વર્ષધર પર્વત | ૮ |
| અઢીદ્વીપના શાશ્વત પર્વત | ૯ |
| ,, ,, કૂટ | ૧૦ |
| તથા ઋષભ કૂટ પર્વત, કોટિશિલા, તમસ અને ખંડપ્રપાત ગુફા, તથા બિલ માગદાદિ તીર્થ, ખંડ, દેશ, આર્ય-અનાર્ય દેશ, કયા ખંડમાં કેટલા દેશ? | ૧૧ |
| વિદ્યાધરો તથા આભિયોગિક દેવોની શ્રેણિ-દ્રહ (હ્રદો)ની સંખ્યા, દ્રહોની દેવીઓ | ૧૨ |
| અઢીદ્વીપની નદીઓ | ૧૩ |
| નદીઓની લંબાઈ, પહોળાઈ, જંબૂવૃક્ષનું વર્ણન | ૧૪ |
| જંબૂદ્વીપમાં વિજય, વક્ષસ્કાર પર્વત, ભદ્રશાળવન, ગજદંતગિરિ | ૧૫ |
| ઈક્ષુકાર પર્વત, શબ્દાપાતી વૃત્તવૈતાઢ્ય, ગંધાપાતી વૃત્તવૈતાઢ્ય વિ. - ઉત્તરકુરુ-દેવકુરુના પર્વતો, યુગલક્ષેત્રાદિ વર્ણન, છપ્પન અંતર્દ્વીપ | ૧૬-૧૭ |
| મહાવિદેહનું વર્ણન | ૧૮ |
| લવણ સમુદ્રનું વર્ણન | ૧૯ |
| માનુષોત્તર પર્વતનું વર્ણન | ૨૨ |
| જગતી | |
| પદ્મવરવેદિકા | ૨૪ |
| વનખંડ | ૨૫ |
| દ્વાર | ૨૭ |
| કળશ | ૨૮ |
| નાગદંતા પૂતળીઓ | ૨૯ |
| વનમાળા, પ્રકંઠક, પ્રાસાદાવતંસક | ૩૦ |
| વિજયા રાજધાની | ૩૩ |
| સિદ્ધાયતન જિન પ્રતિમા | ૩૯ |
| ભરત ક્ષેત્ર | ૪૨ |
| વૈતાઢ્ય પર્વત | ૪૪ |
| ચુલ્લ હિમવંત પર્વત | ૪૯ |
| હેમવંત યુગલિક ક્ષેત્ર | ૫૫ |
| મહાહેમવંત પર્વતનું વર્ણન | ૫૬ |

હરિવર્ષ યુગાલિક ક્ષેત્ર ૫૮
નિષધ વર્ષધર પર્વત ૫૯
નદી, દ્રહ, કુંડ વિ. નું વર્ણન ૬૧
નદીનો વિસ્તાર — ઊંડાઈ ૬૩
મહાવિદેહ ક્ષેત્ર ૬૫
ગજદંત ગિરિ ૬૬
ઉત્તરકુરુ યુગલિક ક્ષેત્ર ૬૯
નીલવંત દ્રહ ૭૦
જંબૂવૃક્ષ ૭૦
દેવકુરુ ક્ષેત્ર ૭૩
કુલગિરિ, યમક પર્વત, પાંચ દ્રહ – મેરૂના આંતરા ૭૪
જંબૂદ્વીપના મેરૂ પર્વતનું વર્ણન ૭૪
વિજયની નદીનું વર્ણન ૮૬
અધોલોક ગામનું વર્ણન ૮૭
જંબૂદ્વીપના મહાવિદેહ સંબંધી પૂર્વ – પશ્ચિમના લાખ યોજનનો યંત્ર ૮૭
જંબૂદ્વીપની મહાનદીઓનો કોઠો ૮૮
તીર્થંકર તથા ચક્રવર્તી વગેરેના ઉત્પતિ સ્થાનનું વર્ણન ૮૯
નીલવંત પર્વતનું વર્ણન ૮૯
રમ્યક વર્ષ યુગલિયા ક્ષેત્ર ૯૦
રૂકમી (રૂખી) પર્વત ૯૦
હૈરણ્યવત યુગલ ક્ષેત્ર ૯૧
શિખરી પર્વત ૯૧
ઐરવત ક્ષેત્ર ૯૨
કાળ ચક્ર ૯૨
છપ્પન અંતરદ્વીપ ૧૦૩
લવણ સમુદ્ર ૧૧૧
ઘાતકી ખંડ દ્વીપ ૧૨૬
પુષ્કર દ્વીપ ૧૩૪
માનુષોત્તર પર્વત ૧૩૭
સંખ્યાત – અસંખ્યાત દ્વીપ સમુદ્રો ૧૩૯
આઠ પ્રકારના ગણિત ૧૫૨
પરિધ ૧૫૪
ત્રનું માન ૧૫૮
ગણિતપદ ૧૫૯
જીવા ૧૬૦
ઇષુ ૧૬૩

ઘન:પૃષ્ઠ ૧૬૩
બાહા, પ્રતર ૧૬૫-૧૬૬
ઘન ૧૭૫
શાસ્રીય તથા આધુનિક પદ્ધતિના કોઠા ૧૭૮-૧૮૫
જીવા પ્રમુખ ગણિતની સંગ્રહ ગાથા ૧૮૬
જ્યોતિષ્કદેવ, ચંદ્ર સૂર્ય ૧૯૦
ચંદ્ર મંડળ ૧૯૪
સૂર્ય મંડળ ૧૯૭
ગ્રહો ૨૦૩
નક્ષત્રો ૨૦૭
તારા ૨૧૨
શીલાંગાદિ ૨૧ રથ તથા વર્ણન ૨૧૪
જૈન માન્યતા પ્રમાણે લોક વર્ણન ૨૨૨
સામાન્ય રીતે લોક સ્વરૂપ ૨૨૩
અધોલોક ૨૨૪
મધ્યલોક ૨૨૫
કર્મભૂમિ, અકર્મભૂમિ તથા અંતરદ્વીપ ૨૨૬
જ્યોતિષી લોક ૨૨૭
ઉર્ધ્વ લોક ૨૨૯
તમસ્કાય ૨૩૧
સિદ્ધલોક ૨૩૧
ક્ષેત્ર માપ ૨૩૨
કાળ માપ ૨૩૩
બૌદ્ધ મત પ્રમાણે લોકનું વર્ણન—
(૧) લોકરચના ૨૩૪
(૨) નરક લોક ૨૩૫
(૩) જ્યોતિર્લોક, (૪) સ્વર્ગલોક ૨૩૬
(૫) ક્ષેત્રમાપ (૬) કાલમાપ ૨૩૭
વૈદિક ધર્મ પ્રમાણે લોકનું વર્ણન—
(૧) મર્ત્ય લોક ૨૩૮
(૨) નરક લોક, (૩) જ્યોતિ લોક (૪) મહર્લોક, (સ્વર્ગ લોક) ૨૪૧
(૫) તુલના અને સમીક્ષા ૨૪૨
(૬) પર્વત (૭) નદીઓ (૮) નરકસ્થિતિ (નરકની પરિસ્થિતિ) ૨૪૩
(૯) જ્યોતિર્લોક (૧૦) સ્વર્ગ લોક ૨૪૩
(૧૧) કર્મભૂમિ અને ભોગભૂમિ ૨૪૪
(૧૨) ઉત્સર્પિણી અવસર્પિણી કાળ (૧૩) વર્ષધર પર્વત ઉપર સરોવર ૨૪૫
(૧૪) ભારત વર્ષનું નામ ૨૪૫

વૈજ્ઞાનિકોના મત પ્રમાણે આધુનિક વિશ્વ

(૧) ભૂમંડળ ૨૪૭
(૨) ચંદ્રનું ક્ષેત્રફળ ૨૪૯
(૩) પ્રકાશ વર્ષ ૨૫૦
(૪) વૈજ્ઞાનિકોની માન્યતા પ્રમાણે તારાઓની સંખ્યા ૨૫૧
(૫) નીહારિકા (૬) આકાશ ગંગા (૭) ગ્રહ ૨૫૨

# આ ગ્રંથ માટેના ઉપયોગી શાસ્ત્રો તથા ગ્રંથો

(૧) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર પૂ. શ્રી. અમોલખઋષિજી મહારાજ
(૨) જીવાભિગમ સૂત્ર ,,
(૩) અનુયોગ દ્વાર સૂત્ર ,,
(૪) જૈન તત્ત્વ પ્રકાશ ,,
(૫) કર્મ ગ્રંથ ભાગ ૪
(૬-૧૦) શ્રીઠાણાંગ સૂત્ર ભાગ ૧ થી ૫ પૂ. શ્રી ઘાસીલાલજી મહારાજ
(૧૧) શ્રી ભગવતીજી સૂત્ર ,,
(૧૨) શ્રી સમવાયાંગ ,, ,,
(૧૩) શ્રી રાયપસેણીય ,, ,,
(૧૪-૧૫) શ્રી જીવાભિગમ ,, ભાગ ૨-૩ ,,
(૧૬-૧૭-૧૮-૧૯) અર્ધમાગધી કોષ ભાગ ૧-૨-૩-૪ શતાવધાની શ્રી રત્નચંદ્રજી મહારાજ
(૨૦) તત્ત્વાર્થ સૂત્ર વાચક શ્રી ઉમાસ્વાતિજી
(૨૧) તત્ત્વાર્થ સૂત્ર જૈનાગમ સમન્વય પૂ. આચાર્ય શ્રી આત્મારામજી મહારાજ
(૨૨) 'ઠાણં' વિશ્વભારતી પ્રકાશન, લાડનુ.
(૨૩) અઢીદ્વીપના નકશાની હકીકત
(૨૪) શ્રી ઉત્તરાધ્યન સૂત્ર
(૨૫) 'આચાર્ય પ્રવર શ્રી આનંદઋષિ, અભિનંદન ગ્રંથ'
(૨૬) લોકપ્રકાશ ભાગ બીજો
(૨૭) લઘુક્ષેત્ર સમાસ
(૨૮) ગણિતાનુયોગ
(૨૯) શ્રી બૃહત જૈન થોક સંગ્રહ

# સંશોધકનું વક્તવ્ય

આ સંસારમાં ઘણા પ્રાણીઓ છે તે બધામાં મનુષ્ય જ એક વિકાસ અને વિચારશીલ પ્રાણી છે. પોતાની બુદ્ધિના વિકાસ પ્રમાણે વિચારીને તે લખે કે બોલે છે. જો કે લેખન કે વકતૃત્વ એ સરળકાર્ય નથી, છતાં એક અપેક્ષાએ વકતા પોતાની હોંશીયારીના આધારે શ્રોતાઓને આકર્ષી લે છે, જ્યારે લેખન એ તો કાયમી વસ્તુ છે. વ્યવહારમાં કહેવાય છે કે 'લખાણું એ વંચાણું' પચાસેક વર્ષ પહેલાની વાત છે. કાઠિયાવાડનું એક નાનું એવું ગામ ગામના ચોરામાં એક દિવસ ગામના ડાહ્યા માણસો ભેગા થયા અને નક્કી થયું, 'આ વર્ષે ચોમાસું સારું ગયું છે અનાજનો પાક ઘણો થયો છે માટે સૌએ વધારાનું અનાજ કોઠારમાં ભરી જવું. નબળા વર્ષમાં કામ આવે' ઘરેઘરથી વધારાનું અનાજ કોઠાર પર આવવા લાગ્યું. સૌએ આપેલા દાણાની નોંધ થવા લાગી. આમાં ગામનો માથાભારે ફોજદાર પણ જુવાર નો અડધો દાણો લઇને આવ્યો. તેણે કહ્યું, મારું નામ પણ નોંધીલો લખો, 'અડધો દાણો ફોજદારનો' નોંધણી કરનારે કહ્યું, 'ફોજદાર સાહેબ, અડધા દાણાની તે કાંઈ નોંધ થાય? બે-પાંચ મણ દાણો લાવો તો નોંધું. પણ ફોજદારે રૂઆબથી કહ્યું, 'બે-પાંચ મણ દાણો વધારાનો હોય તો આ નોકરી શું કામ કરું? તમે હું કહું તેમ નોંધી લો' ફોજદારથી ડરી લાંબો વિચાર કર્યા વિના નોંધણી કરનારે તો ચોપડામાં નોંધ્યું, 'જુવારનો અડધો દાણો ફોજદારનો, નોંધણી થઈ ગઈ એક વર્ષ વીત્યું. ફોજદારને અનાજની જરૂર પડી ત્યારે એક દિવસ કોઠાર પર આવીને કહ્યું, 'કોઠારમાં જેટલી જુવાર છે એની અડધી મને આપી દો. એ મેં આપી છે, નોંધણી કારકુન બદલાઇ ગયો હતો. એણે નોંધણીનો જુનો ચોપડો ખોલ્યો તો એમાં વંચાયું– 'જુવારનો અડધો દાણો ફોજદારનો' ગળેપડું ફોજદારે અડધોઅડધ જુવાર પડાવી લીધી. આથીજ કહેવાય છે કે લખાણું તે વંચાણું.

જે કાંઇપણ લખાયેલ હોય છે તે હમેશ વંચાય છે. તે લેખન વાંચીને સુધારા કે વધારા સામી વ્યકિત સૂચવી જાય છે, એટલે મારી સમજ પ્રમાણે લેખનકાર્ય એ સરળ કાર્યનથી. જૈન દૃષ્ટિએ આગમોમાં તેમજ ઇતર ગ્રંથોમાં જે ભૌગોલિક હકીકતો રહેલ છે તે અહીં સંગ્રહ કરીને આપની સમક્ષ રજુ કરેલ છે. આ ભૌગોલિક વર્ણન આજની ભૌગોલિક માન્યતા સાથે કોઇ જગ્યાએ બંધ ન બેસે એ બનવા જોગ છે પણ જૈનશાસ્ત્રોમાં રહેલ ભૌગોલિક હકીકતો લોકો સમક્ષ રજુ કરવી એ મારો મુખ્ય હેતુ છે અને તેથી આ ગ્રંથમાં 'તીરછા લોક' અથવા 'મધ્યલોક'નું વર્ણન કરેલ છે. લેખનનો ખરેખર આ મારો પ્રથમ પ્રયાસ છે. મારા હૃદયમાં ઉત્પન્ન થયેલ ભાવ પેદા થતાં તે ન રોકી શકતાં લખું છું. રઘુવંશમાં કવિ કાલિદાસઃ–

> "કવ સૂર્યપ્રભવો વંશઃ કવ ચાલ્પ વિષયા મતિઃ ।
> તિતી ર્ષુર્દુસ્તરં મોહાદુડુપેનાસ્મિ સાગરમ્ ॥"

સૂર્યથી ઉત્પન્ન થયેલ એ મહાનવંશ કયાં અને કયાં મારી અલ્પમતિ? એટલે કે મહાન વંશનું અલ્પ બુદ્ધિને કારણે વર્ણન કરવું કઠણ છે, છતાં પણ તૈયાર થયેલ છું. જેમ દુસ્તર

સમુદ્રને કોઈ નાની નૌકાથી તરવા ઇચ્છે, એમ હું પણ હૃદયના ભાવને આ ગ્રંથ લેખનથી રજુ કરૂં છું.

'જૈનદૃષ્ટિએ મધ્યલોક' ગ્રંથ લેખનનો હેતુ શો છે? આ વિકસતા વિજ્ઞાનયુગમાં જગત આજે કુદકે અને ભૂસકે વિકસી રહ્યું છે અને તેમાં પણ વિશ્વની ભૌગોલિક સ્થિતિ વિષે તો નવીન હકીકતો આપણી નજરે આવે છે, તો જૈન દૃષ્ટિએ ભૌગોલિક પરિસ્થિતિ કેવી છે? એ પ્રશ્નના સમાધાન માટે આ ગ્રંથ લેખનનો પ્રયાસ કરેલ છે. આ ગ્રંથમાં જે વર્ણનો બતાવેલ છે તે ખાસ કરીને જૈનાગમોમાં આવેલ હકીકતો છે. લભગભગ પચીસો વર્ષ પહેલાં ચરમ તીર્થંકર ત્રિસલાનંદન જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આ વર્ણન કેવળજ્ઞાનની અનંત અને અચિંત્ય શક્તિથી સ્વમુખે પ્રકાશેલ છે. ગૌતમા, સુધર્મા વગેરે ગણધરોએ ભગવત્ મુખથી પ્રરૂપેલ વર્ણન ગુંથેલું છે. કહ્યું છે કે :—

"સુત્તં ગુંથંતિ ગણહરા નિઉણા, અત્થં ભાસઈ અરહા."

જ્યારે ભગવાન મહાવીર સ્વામી આ અવનિ પર ધર્મપ્રચાર કરતા હતા ત્યારે બીજા પણ અન્યધર્મી સંતો તેમજ ઉપદેશકો હતા. તેઓની ભૂગોળ–ખગોળ સંબંધી માન્યતાઓની યોગ્યાયોગ્યતા બતાવીને જૈન માન્યતા પ્રરૂપેલ છે. તે માન્યતાઓ જૈનાગમોમાં આજે પણ સચવાઇ રહેલ છે. તે સરળતાથી બોધ કરવા માટે પણ આ ગ્રંથ લેખન છે. નવતત્ત્વ વગેરે જૈનાગમના જ્ઞાનનો અભ્યાસ કરનાર સામે કર્મભૂમિ–અકર્મ ભૂમિ અંતર્દ્વીપની વિગતો સમજવી મુશ્કેલ બને છે એવો મેં ઘણીવાર લોકોના મુખથી અનુભવ કરેલ છે. મારા હૃદયમાં તે દૂર કરવા જુદા જુદા વિચારો આવતા તેનું મંથન કરતા આ ગ્રંથ રૂપે વિચાર નવનીતો સ્થાપી થઈ રહ્યા છે. તે પણ ઘણી સરળતાથી સમજી શકાય તે માટે ચિત્રોનો ઉપયોગ કરેલો છે. જે ચિત્ર જ્યાંથી મળ્યું ત્યાંથી લીધું છે. કોઈ કોઈ ચિત્ર વર્ણનના આધારે વિચાર શક્તિ દોડાવી તૈયાર કરાવેલ છે.

વિકસતા વિજ્ઞાન યુગમાં પણ ઘણા સ્થાનો, ઘણી હકીકતો જગતથી અજાણી છે એવી ઘણી માહિતી આ ગ્રંથમાં રહેલી છે એ પણ આ ગ્રંથની એક વિશેષતા છે. આજના યુગમાં વિકાસ તો એવો થયેલ છે કે માનવી ચંદ્ર સુધી પહોંચેલ છે તો આવા પ્રકાશનનો શો અર્થ છે? આધુનિક વિચારકો એવી માન્યતા ધરાવે છે. એમની વિચાર શ્રેણિમાં આવા ગ્રંથોનું પ્રકાશન યોગ્ય જણાતું નથી પરંતુ પુરાણુ જ્ઞાન જ હાલના વિજ્ઞાનના વિકાસનું મૂળ છે. એમ સમજુ અને જિજ્ઞાસુ વ્યક્તિઓ માને છે. મારું અનુવાદ કરેલ નિર્ગ્રંથ પ્રવચન' નું ગુજરાતી પ્રકાશન થતું હતું ત્યારે કલ્પના ન હતી કે તેની માંગ રહેશે. આજે કેટલીક વ્યકિતઓ પૂછે છે, 'તે કયાં મળશે? આ સાંભળતાં જણાય છે કે તેની કેટલી ઉપયોગિતા છે? આ રીતે જ્યારે ગ્રંથનું વાંચન, અભ્યાસ અને મનન થાય છે ત્યારે તેની સાચી જરૂરિયાત સમજાય છે. એ રીતે વિચારતાં મને વિશ્વાસ છે કે, 'સમાજ આ ગ્રંથ વાંચશે અને ઉપયોગિતા સમજી શકશે'. પર્યુષણ પછી આ ગ્રંથના સંશોધન તેમજ સંપાદન કાર્યનો પ્રારંભ કર્યો અને આજે લગભગ નવ મહિનાના સતત પરિશ્રમ પછી હાલ પુરતું આ ગ્રંથ લેખન કાર્ય પૂર્ણ થાય છે. આમાં બતાવેલ હકીકતો હજી પણ વધુ સંશોધન માગે છે એ માટે શાસ્ત્રજ્ઞો પ્રયત્ન કરશે એવી મને આશા છે. આ ગ્રંથ સંશોધન તેમજ

સંપાદનમાં ઘણી ખામીઓ રહે એ સ્વાભાવિક છે. ભૂગોળના શાસ્ત્રીય વર્ણનની ગંભીરતા સમજી ક્ષમા આપી જણાવશો જેથી બીજી આવૃત્તિમાં સુધારી શકાય.

સૌ પ્રથમ આ પુસ્તકના ચિત્રોમાંથી કેટલાક અઢીદ્વીપના નકશાની હકીકતમાં હતા. તેની નકલ મારે જરૂરી હતી. તે પાસે હોય તો ગમે ત્યારે પણ જિજ્ઞાસુને સમજાવી શકાય. તે ચિત્રો માટે હું વિચારતો હતો. એટલામાં દર્શનાર્થી તરીકે શ્રી શીવજીભાઈનો ભેટો થયો. તેઓ સાથે પ્રસંગવશાત વાત થતાં કાર્ય માટે તૈયાર થયા. બીજે દિવસે તેમણે મને કહ્યું 'આ ચિત્રની મેટર જોઇશે તો શું કરશો?' મેં કહ્યું તે વખતે જોઈ લઈશું.' તેમણે કહ્યું, આ પુસ્તક છાપી નાખીએ તો મેં કહ્યું, 'કેટલો ખર્ચ થાય! સગવડ નથી.' તેમણે કહ્યું 'હું અમુક આપીશ', જેથી મને ઉત્સાહ વધ્યો અને લેખન કાર્ય શરૂ કર્યું. ઘાટકોપર શ્રમણી વિદ્યાપીઠના પ્રધાન અધ્યાપક પંડિતજી શ્રી શોભાચન્દ્ર ભારિલ્લજીને બતાવતાં તેઓએ પણ મારો ઉત્સાહ વધાર્યો. તેમણે કહ્યું 'અઢીદ્વીપને બદલે મધ્યલોકનું જ પુરેપુરૂં વર્ણન કરવું', મેં મૂક સંમતિ આપી. ત્યારપછી એક દિવસ લેખનકાર્ય બપોરે કરતો હતો ત્યારે સુરેન્દ્રનગરવાળા માધાલાલ પંડિત ત્યાં દર્શનાર્થે આવ્યા. તેમણે પણ આ લેખન માટેના જરૂરી ગ્રંથો સૂચવ્યા. તે પ્રમાણે ગ્રંથો મેળવી લેખન આગળ વધાર્યું. ખરેખર! શ્રી શીવજીભાઈ, પંડિતજી તેમજ મધાલાલ એ ત્રણે વ્યકિતએ ગ્રંથના લેખન માટે મારા ઉત્સાહમાં વધારો કર્યો તેમજ સહાયક બન્યા. ભારિલ્લજી તો મારી લખેલ લગભગ દરેક મેટર જોઇ ગયા અને જરૂરી સૂચન કર્યા. તે પણ વિચારીને સુધારવા પ્રયત્ન કર્યો. લગભગ શાસ્ત્રો તેમજ બીજા ગ્રંથોની સામગ્રી મેળવી પણ ગણિત માટે મુશ્કેલી જણાવા લાગી. તે માટે તપાસ કરતાં ઘાટકોપરના શ્રી પ્રફુલ્લભાઈ એમ. મહેતા, વાલકેશ્વરના શ્રી બચુભાઈ શકરાભાઈ શાહ ખંભાતવાળા તેમજ દાદરના શ્રી શરદભાઈ સંઘવી આ ત્રણે વ્યકિતઓનો ખૂબજ સહકાર મળ્યો. ત્રણે ભાઈઓમાંથી કોનો સહકાર ઓછો કે વધારે એ કહેવું પણ કઠણ છે. આધુનિક ગણિત તેમજ કોઠાઓ માટે શરદભાઇનો પુરુષાર્થ ગજબ રહ્યો છે. તે ત્રણે ઉત્સાહી યુવકોની સહાયતાથી લગભગ ચાર મહિને ગણિતનું કાર્ય પૂર્ણ થયું, તમારા હાથમાં જ જેની વિગત રહેલી છે. ઘાટકોપર સંઘના પ્રમુખ તથા સેવાભાવી કાર્યકર્તા શ્રી. દલીચંદભાઇએ પણ આ કાર્ય માટે ખૂબ ઉત્સાહભર્યો વર્તાવ દાખવેલ છે. ઘાટકોપર યુવક મંડળના કેટલાક કાર્યકર્તાઓએ પણ ઘણો સહકાર આપેલ છે. આમ નામી અનામી ઘણી વ્યકિતઓનો આ ગ્રંથના લેખન કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સહકાર રહેલો છે. તે દરેકનો હું અહીં ખૂબ જ આભાર માનું છું.

વળી શ્રી દલીચંદભાઈના સૂચનથી શ્રી મનસુખલાલભાઈ છગનલાલ દેસાઇએ પણ પ્રકાશન કાર્ય સ્વીકારી લેખનકાર્યને વેગવંતુ બનાવેલ છે. આર્થિક સહકાર એ પણ અનુમોદન કાર્ય છે, એવા કાર્યના યશોભાગી, કર્મવીર, પ્રશાંત ધાર્મિક કાર્ય માટે સિંહ સમાન ધર્માનુરાગી શ્રી મનસુખભાઇ અભિનંદનને પાત્ર છે. આવા ધાર્મિક સાહિત્ય માટેના તેમના સહકારની ખરેખર કદર કરવી જરૂરી છે. તેમને મારા ધન્યવાદ છે.

શ્રી શીવજીભાઈ, સુરેશભાઇ શેઠ વગેરે જ્યારે જ્યારે જ્યાં જ્યાં ગ્રંથો પહોંચાડવાની જરૂર પડી ત્યાં પહોંચાડીને મારા લેખન કાર્યને અટકવા ન દીધું. આ પણ તેમનો નાનો સુનો

ફાળો નથી અંતમાં પૂ. ગુરુદેવનો પણ હાર્દિક ઉપકાર માનું છું તેમજ દરેકને હૃદયથી અભિનંદુ છું.

હૈયાની વાત–મારા પર ખંભાત સંપ્રદાયના શાસન દીપિકા તેજસ્વી સિતારા અને પ્રખર વ્યાખ્યાતા બા બ. વિદુષી શ્રી શારદાબાઈ મહાસતીજીનો ઘણો ઉપકાર છે. મારા વૈરાગ્યમય જીવનના ઘડતરમાં તેઓશ્રીનો ઘણો મોટો હિસ્સો છે તેથી તેઓશ્રીની એ સદ્ભાવના અને સદ્ગુણ ભુલાય તેમ નથી.

શ્રી ઘાટકોપર સંઘે ગ્રંથના વિમોચન કાર્યમાં જે સહકાર આપ્યો છે તે પ્રશંસાપાત્ર છે. આ ગ્રંથને પૂ. સાધુ-સાધ્વીજીઓ તથા જિજ્ઞાસુ ભાઈ-બહેનો વિચારીને વાંચશે અને જીવનમાં વૈરાગ્ય ભાવ પેદા કરશે તો મારી આ મહેનત સફળ હું માનીશ. આ ગ્રંથમાં પહેલાં અઢી-દ્વીપ અંગેની માહિતી આપેલ છે. ત્યારપછી જગતી વગેરેનું વર્ણન કરતાં કરતાં મેરૂ પર્વત વગેરેનું પણ વર્ણન કરેલ છે. આ બધા સ્થાનોની લંબાઈ-પહોળાઈ-ઊંચાઈ કે ઊંડાઈ કેટલી છે? તે જાણવા ગણિતની જરૂર પડે છે. એમ સમજીને તે ગણિત ખૂબ જ વિસ્તારપૂર્વક આધુનિક તેમજ શાસ્ત્રીય પદ્ધતિથી બતાવેલ છે. ત્યારબાદ જ્યોતિષી દેવોનું ઉપર છલ્લું વર્ણન કર્યું છે. તે પૂર્ણ થતાં અપ્રગટ ૨૧ શીલાંગ રથ આપેલ છે. તે સ્વાધ્યાય માટે ખૂબ ઉપયોગી છે. વળી લોક માટે જૈન-બૌદ્ધ-વૈદિક ધર્મ તથા આધુનિક વિજ્ઞાનની દૃષ્ટિએ વિશ્વ એ લેખનો પણ આમાં સમાવેશ કરેલ છે.

# પ્રાસ્તાવિક

'જૈન દષ્ટિએ મધ્યલોક' એક લઘુકાય કિંતુ અર્થબહુલ ગ્રંથ હૈ. અપને યહાં ઉપદેશ સાહિત્ય પ્રચુર માત્રામેં પ્રકાશિત હો રહા હૈ કિંતુ ઇસ પ્રકારકે ગંભીરાર્થીક સાહિત્યકા પ્રકાશન વિરલ હી હોતા હૈ પ્રસ્તુત ગ્રંથકી પ્રત્યેક પંક્તિ સારભૂત અર્થકા પ્રતિપાદન કરને વાલી હૈ. ગ્રંથકે લેખક આગમનિષ્ણાત શ્રી નવીનઋષિજી મહારાજને કઠિન પરિશ્રમ કરકે ઇસે તૈયાર કિયા હૈ.

બહુત વર્ષ વ્યતીત હુએ જબ 'અઢીદ્વીપના નકશાની હકીકત નામસે એક ગ્રંથ પ્રકાશિત હુઆ થા વહ ગ્રંથ પ્રથમ તો પ્રાચીન ગુજરાતીમેં થા, પ્રાચીન લિપિમેં થા, જો આધુનકિ પાઠકોંકી રુચિકે અનુકૂલ નહીં થા. ઈસ કે સિવાય વહ કઇ વર્ષોસે અનુપલબ્ધ હો ગયા થા. મુનિશ્રીને ઉસકે આધાર પર યહ નવીન રચના કી હૈ. વહ ગ્રંથ માત્ર અઢાઈદ્વીપકા હી વર્ણન પ્રસ્તુત કરતા થા કિંતુ ઈસકા વિષય સંપૂર્ણ મધ્યલોક હૈ.

ઈસ ગ્રંથકી એક વિશેષતા યહ ભી હૈ કિ ઇસમેં પાદટિપ્પણ (ફુટનોટ) દેકર યહ સ્પષ્ટ કર દિયા ગયા હૈ કિ ગ્રંથમેં ઉલ્લિખિત વિષય કિસ આગમકે આધાર પર હૈ? આગમોંમેં લોક સંબંધી વર્ણન સ્થાન-સ્થાન પર ઉપલબ્ધ હોતા હૈ, કિંતુ કુછ અપવાદોંકો છોડકર વહ વિચ્છિન્ન રૂપમેં હી હૈ યત્ર-તત્ર બિખરે હુએ લોક સંબંધી વર્ણનકો અનુક્રમસે સંકલિત કરકે ક્રમબદ્ધ કરના ઔર કિસ મૂલ સ્થાન સે કૌનસા વિષય લિયા ગયા હૈ ઈસકા ઉલ્લેખ કરના ઈસ ગ્રંથકી વિશેષતા હૈ.

'જૈન દષ્ટિએ મધ્યલોક' કી ઉપયોગિતા ઉસકી સચિત્રતામેં ભી સમાહિત હૈ. યહ ઈસ ગ્રંથકી વિશિષ્ટતા હૈ, અસાધારણતા હે યદ્યપિ 'ગણિતાનુયોગ' મેં જિસકા સંકલન પંડિતપ્રવર મુનિ શ્રી કનૈયાલાલજી 'કમલ' ને કિયા હૈ, લોક સંબંધી વિવરણ હૈ, કિંતુ ઉસમેં ચિત્રોંકા અભાવ હૈ. લોકસંબંધી વર્ણન મેં, ભલે વહ સંપૂર્ણલોકકા વર્ણન હો, મધ્યલોકકા વર્ણન હો, અઢાઇદ્વીપકા વર્ણન હો; જંબૂદ્વીપકા વર્ણન હો અથવા ભરતક્ષેત્ર આદિ કિસી લોકવિભાગ કા વર્ણન હો, શતશઃ ઐસે શબ્દોં કા પ્રયોગ હુઆ હૈ જો આજ સામાન્ય રૂપેણ લોકમેં પ્રચલિત નહીં હૈ. પાઠક જબ ઉસ વર્ણનકો પઢતા હૈ તો શબ્દમાત્રકા પઠન હો જાતા હૈ. ઉસકા વાસ્તવિક અર્થ ઉસકી સમજમેં નહીં આતા. વહ તોતા-રટન્ત જૈસા હો જાતા હૈ. ઇસ ત્રુટિકા નિવારણ કરને કે લિએ ગ્રંથલેખક પં. પ્રવર શ્રી નવીનઋષિજીને અતિશય પ્રયત્ન કરકે ઐસે શબ્દોં કે ચિત્ર ઈસ ગ્રંથમેં દિયે હૈ. ઇન ચિત્રોંકે કારણ પ્રતિપાદ્ય વિષય વિશદ હો ગયા હૈ ઔર ગ્રંથમેં સૌંદર્ય ભી આ ગયા હૈ. લેશમાત્ર ભી સંદેહ નહીં હૈ કિ યદિ કોઈ પાઠક ગ્રંથકો આદિસે અંત તક ન પઢે ઔર કેવલ ચિત્રોંકા હી ધ્યાનપૂર્વક અધ્યયન કરે તબ ભી ઉસકે જ્ઞાનમેં પર્યાપ્ત વૃદ્ધિ હો જાએગી.

ચિત્રોં કે નિર્માણમેં કિતની સાવધાની રખી ગયી હૈ ઔર કિતના અધિક રસ લિયા ગયા હૈ, યહ બાત એક ઉદાહરણસે હી સ્પષ્ટ હો જાએગી. અઠાર હજાર શીલાંગોંકા દિગ્દર્શન કરાને કે લિએ જૈન પરંપરામેં રથકી સુંદર પરિકલ્પના કી ગયી હૈ. વહ રથ પ્રાયઃ એક હી પ્રકારકા સર્વત્ર દૃષ્ટિગોચર હોતા હૈ. કિંતુ મુનિશ્રીને પ્રસ્તુત ગ્રંથમેં ઈક્કીસ પ્રકાર કે રથ પ્રદર્શિત કિયે હૈં.

ઉલ્લિખિત સબ વિષયોંકો સમક્ષ રખકર વિચાર કરને સે યહ સ્પષ્ટ હો જાતા હૈ કિ યહ ગ્રંથ અત્યંત ઉપાદેય બન ગયા હૈ. ઈસે તૈયાર કરને મેં જો શ્રમ કિયા ગયા હૈ વહ સર્વકા સાર્થક હૈ, જ્ઞાનવર્ધક હૈ, અભિનંદનીય હૈ.

## ગ્રંથકા પ્રતિપાદ્ય વિષય

જૈન પરંપરા મેં, જૈનેતર ભારતીય દર્શનોંમેં, એવં પ્રાશ્ચાત્ય દર્શનોમેં આકાશકો દ્રવ્ય અથવા તત્ત્વકે રૂપમેં સ્વીકાર કિયા ગયા હૈ. આકાશ એક, અખંડ ઔર સર્વવ્યાપી તત્ત્વ હૈ, વહ અનંત હૈ, અસીમ હૈ. વહ કહીં નહીં હૈ, ઐસા નહીં કહા જા શકતા જૈનદર્શન કે અનુસાર આકાશ અમૂર્તિક દ્રવ્ય હૈ કિંતુ શૂન્યરૂપ નહીં હૈં. અન્ય દ્રવ્યોંકે સમાન વહ ભી સદભાવાત્મક હૈ. અન્ય દ્રવ્યોં કો અવગાહના દેના ઉસકા ગુણ–વિભાવ હૈ. આકાશ યદિ સત્તામય દ્રવ્ય ન હોતા તો અવગાહના દેનેકી અર્થક્રિયા નહીં કર શકતા થા. 'આકાશકુસુમ' જૈસે અભાવાત્મક પદાર્થોંમેં અર્થક્રિયા કી શકિત નહીં હોતી. અતએવ આકાશ કો સદભાવાત્મક દ્રવ્ય સ્વીકાર કરના હી યુકિતસંગત હૈ.

અન્ય દ્રવ્યોંકી સત્તા ઔર અસત્તા કે કારણ એક હી અખંડ આકાશ મેં દો વિભાગોં કી કલ્પના કી ગઇ હૈ. આકાશકે જિસ ખંડમેં જીવ, પુદગલ, ધર્મ, અધર્મ દ્રવ્ય રહતે હૈં ઉસે 'લોકાકાશ' સંજ્ઞા પ્રદાન કી ગયી હૈ ઔર જો આકાશખંડ અન્ય દ્રવ્યોંસે શૂન્ય હૈ, વહ અલોકાકાશ કહા ગયા હૈ. સભી ઓર અસીમ ફૈલે હુએ આકાશમેં લોકાકાશ એક અતિશય છોટા–સા ખંડ હૈ. લોકાકાશ ઉપરસે નીચે તક ચૌદહ રાજુ પરિમિત હૈ. ઉસકી ચૌડાઈ સર્વત્ર એક સરીખી નહીં હૈ. સબસે નીચે વહ સાત રાજુ ચૌડા હૈ. ફિર ક્રમશઃ સંકીર્ણ હોતા–હોતા સાત રાજુ કી ઊંચાઇ પર એક રાજુ ચૌડા રહ ગયા હૈ. સદંતર ઉસકી ચૌડાઈ બઢતી હૈ ઔર કરીબ ૧૦॥ રાજુકી ઉંચાઈ પર પાંચ રાજુ ચૌડા હો ગયા હૈ. તત્પશ્ચાત પુનઃ સંકીર્ણ હોતે–હોતે અંતમેં કેવલ એક રાજુ ચૌડા હૈ, યહ લોક પૈર ફૈલાકર ઔર કમર પર હાથ રખકર ખડે હુએ પુરુષ કે આકારકા હૈ.

લોક કે ભી તીન વિભાગ કિયે ગયે હૈં – (૧) ઉર્ધ્વલોક, (૨) મધ્યલોક ઓર, (૩) અધોલોક. ઉર્ધ્વલોકમેં વૈમાનિક દેવોંકા તથા મુકતાત્માઓંકા અવસ્થાન હૈ. અધોલોકમેં નારકજીવોંકા નિવાસ હૈ. સમતલ ભૂમિ સે નૌસો યોજન ઊપર તક ઔર નૌસો યોજન નીચે તક – અઠારસો યોજનમેં મધ્યલોક હૈ. મધ્યલોકકા આકાર ઝાલરકે સમાન હૈ.

મધ્યલોકકે બીચોં બીચ એક લાખ યોજન ઊંચા સુમેરૂપર્વત હૈ. ઉસકે ચારોં ઓર જંબૂદ્વીપ હૈ જો એક લાખ યોજન વિસ્તારવાલા હૈ, ગોલાકાર હૈ, જંબૂદ્વીપ કે

પશ્ચાત એક દૂસરે કો ઘેર કર રહે હુએ અસંખ્ય દ્વીપ ઔર સમુદ્ર હૈં, જો દુગુને – દુગુને વિસ્તારવાલે હૈં. હમ જહાં રહતે હૈં ઉસકે ચારોં ઓર દો લાખ યોજન વિસ્તૃત લવણસમુદ્ર હૈ. લવણસમુદ્રકે પશ્ચાત્ ચાર લાખ યોજન વિસ્તારવાલા ધાતકીખંડ દ્વીપ હૈ. ધાતકી ખંડકો ઘેરે હુએ કાલોદધિ સમુદ્ર હૈ, જો આઠ લાખ યોજન કા હૈ. કાલોદધિ સમુદ્રકે પશ્ચાત પુષ્કરદ્વીપ હૈ. પુસ્કરદ્વીપ કે ઠીક મધ્યભાગ મેં કુંડલાકાર એક પર્વત હૈ, જિસે 'માનુષોત્તર' કહા ગયા હૈ. ઈસિ માનુષોત્તર પર્વત તક હી મનુષ્યોંકા નિવાસ હૈ. ઉસસે આગે કે સમુદ્રોં ઔર દ્વીપોંમેં માનવ કા અસ્તિત્વ નહીં પાયા જાતા. જૈન માન્યતાનુસાર જંબૂદ્વીપ, ધાતકીખંડ દ્વીપ ઔર આધા પુષ્કરદ્વીપ હી 'અઢીદ્વીપ' અથવા 'મનુષ્ય ક્ષેત્ર' કહલાતા હૈ.

પ્રસ્તુત ગ્રંથમેં અઢીદ્વીપકા વિસ્તૃત વર્ણન -- સાંગોપાંગ વર્ણન તો હૈ હી, સાથ હી આગે કે દ્વીપોં આદિકા ભી વર્ણન દિયા ગયા હૈ. જ્યોતિષલોક ભી મધ્યલોકકા હી ભાગ હૈ, અતએવ ઉસકા ભી દિગ્દર્શન કરાયા ગયા હૈ.

ગ્રંથકા વિષય યદ્યપિ સર્વસાધારણ કે લિએ સરસ નહીં પ્રતીત હોગા, તથાપિ સાધનાકે ક્ષેત્રમેં ભી ઈસકી ઉપયોગિતા હૈ ધર્મધ્યાન કે ચાર ભેદોંમેં 'લોકવિજય' નામક ધ્યાન ભી હૈ, જીસમેં લોકકે સ્વભાવ ઔર આકાર આદિકા ચિંતન કિયા જાતા હૈ દ્વાદશ અનુપ્રેક્ષાઓમેં ભી 'લોકભાવના' કો સ્થાન દિયા ગયા હૈ. લોકકે સ્વભાવકા ચિંતન કરને સે વૈરાગ્ય કી વૃદ્ધિ હોતી હૈ ઔર સંસ્થાન કા ચિંતન કરને સે વૈરાગ્યવૃદ્ધિ કે સાથ ઉપયોગ કી સ્થિરતા હોતી હૈ.

ગ્રંથકે મુદ્રણમેં શ્રી શિવજીભાઈકા અત્યંત મહત્વપૂર્ણ સહકાર રહા હૈ યદિ શિવજીભાઈ કે સિવાય અન્ય કોઈ મુદ્રક હોતા તો નિશ્ચિત રૂપ સે કહા જા સકતા હૈ કિ ગ્રંથ ઈતના-સુંદર ન બન પાતા. ઉનકા ધૈર્ય ઔર ઔદાર્ય નિઃસંદેહ પ્રશંસનીય હૈ ઉન્હોંને શુદ્ધ સાહિત્ય સેવાકી દૃષ્ટિસે હી મુદ્રણકાર્ય કિયા હૈ, આર્થિક દૃષ્ટિ જરા ભી નહીં રખી.

આશા હૈ મુનિશ્રી કે ઇસ પ્રયાસકા અભિનંદન કિયા જાએગા ઔર ઇસસે જિજ્ઞાસુ જન બહુત કુછ લાભ લે સકેંગે.



શ્રમણી વિદ્યાપીઠ
ઘાટકોપર, બમ્બઈ.
અક્ષય તૃતીયા ૨૦૩૪

# આભાર

પુણ્યનો ઉદય ભૂતકાળના સંજોગે પણ હોય શકે તેમજ વર્તમાન કાળે ચાલી રહ્યો છે તેમ મનની કલ્પના પણ કદાચ હોય અગર કોઇ મહાન સંત આત્માના સમાગમ અને ચરણ સ્પર્શના કારણે ભવિષ્યમાં અધિક આવવાનો હોય. આ ત્રણ કાળની વાત તો કોઈ વીરલ સંત વિભૂતિ સિવાય કોણ બતાવી શકે? મારું તો અનુમાન છે કે સામાન્ય અલ્પ જ્ઞાની એવા આપણા સંસારી સમાજના માનસમાં ઉદ્‌ભવતા આવા અનેક તરંગ બનતા હોય છે–તરંગો આવવા, બનવા અનેક ક્ષય પામવા તે તો ક્ષણિક વસ્તુ છે, પરંતુ એવા કોઈ વિચારને મૂર્તિમંત બનાવવાના અને ચિર સ્મરણીય સ્થાન પામવાના જે ઉચ્ચ ભાવ પ્રગટે–એવા ભાવ પ્રગટાવવામાં અન્ય વ્યકિત સહાયભૂત થાય અને એવી તક મળતા માનવ દૃઢ અને ઝડપી નિર્ણય કરે તો સાધકનું જીવન સાત્ત્વિક જરૂર બને કરવું–કરાવવું અને અનુમોદન આપવું આ ત્રણે મુખ્યતા છે–એક બીજા સાથે તે સંકળાએલું છે, જ્યારે એવી સાંકળ બને તો તેમાં ત્રણે આત્માના પુણ્યનો ઉદય છે, આવી શુભ પ્રવૃત્તિ ખરેખર પ્રશંસનીય છે.

અમારા જીવનમાં આવી તક જ્યારે જ્યારે મળે છે, ત્યારે ત્યારે મારા આત્માની પ્રસન્નતા ઘણી વધી જાય છે.

ખંભાત સંપ્રદાયના મહાન વૈરાગી પૂ. કાન્તિઋષિજી મહારાજ સાહેબના વિનીત અને જૈનાગમ શાસ્ત્ર પ્રેમી પૂ. નવીનઋષિજી મહારાજ સાહેબે અથાગ પરિશ્રમ સેવીને અનેક ગ્રંથો તપાસીને જૈન દૃષ્ટિએ મધ્યલોક એ નામનો ગ્રંથ સંશોધન અને સંકલન કરીને સચિત્ર તૈયાર કરેલ છે અને આ ગ્રંથનું મુદ્રણ કાર્ય ચાલી રહ્યું હતું તે વખતે આપણા ઘાટકોપર વ. સ્થા. જૈન સંઘ અને સમાજના સેવાભાવી કાર્યકર શ્રી દલીચંદભાઇ ત્રીભોવનભાઈ શેઠ મળ્યા અને આ ઉત્તમ કાર્ય બની રહ્યું છે તેની મને જાણ કરી. એટલું જ નહિ પરંતુ તે ગ્રંથના પ્રકાશક તરીકે મારા નામની રજુઆત થાય અને હું સંમતિ આપું તેમ તેઓશ્રી ઇચ્છતા હતા. મને તો આ હકીકતની કાંઈ જાણ પણ ન હતી પરંતુ જયારે આવી રજુઆત મારા પાસે થઇ ત્યારે મને ઘણો જ હર્ષ થયો. મેં મારી અનુમતિ અને રાજીખુશીની જાણ તેમને તે જ વખતે કરી. જૈન આગમો, વ્યાખ્યાન માળાઓ અને જૈન તત્ત્વજ્ઞાનના ગ્રંથો આદિ કાળથી મુદ્રણ થતાં જ આવે છે. આ આપણે સૌ જાણીએ છીએ અને ચર્મચક્ષુ દ્વારા જોઈ પણ શકીએ છીએ પરંતુ ભાવ ચક્ષુએ કલ્પતા અને વિચારતાં એ વસ્તુનું પરિણામ ઘણું જ વિશેષતાવાળું હોય છે. આ સામાન્ય વાત નથી. આવા ગ્રંથોના પ્રકાશન થાય તે તો ઉત્તમ છે જ પરંતુ જો તે તક આપણને મળે તો આપણા આત્માનું જરૂર કલ્યાણ અને મંગલ છે. કોઇ કોઇ વખતે આવા ગ્રંથોના અનુમોદનથી આત્મા તીર્થંકર ગોત્ર પણ બાંધે છે. જૈન તત્ત્વજ્ઞાનમાં ઘણા મહાન ગ્રંથો છે પરંતુ એ બધા ગ્રંથો વાંચવાનો અને સમજવાનો આ ભૌતિક સંસાર અવસ્થામાં આપણને સમય જ કયાં છે? એટલા ગ્રંથો વસાવવા અને તેની અંદરના હાર્દને તપાસવાનો જાણવાનો આપણી પાસે સમય પણ કયાં છે? આ આપણી સંસારીઓની વાત થઈ પરંતુ

પાંચ મહાવ્રતધારી પૂ. સંતોને પણ એ બધું ભેગું કરવું ઘણું કઠિન હોય છે તેમ એટલો બધો સમયનો ભોગ આપવાનું પણ ઘણું જ મુશ્કેલ હોય છે. જૈન ધર્મની પ્રણાલિકા પ્રમાણે વિહારમાં વિચરતા વિચરતા આ બધું કરવું એ સામાન્ય વાત નથી. એ તો આપણે બધા પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ તેમ જ સમજી પણ શકીએ છીએ.

આવા અનેક પ્રતિકુળ સંજોગોમાંથી પણ સાનુકૂળતા મેળવી પૂ. નવીનઋષિજી મહારાજ સાહેબે અનેક ગ્રંથોનો આધાર મેળવીને સંશોધન કરીને આ ગ્રંથ–રત્ન તૈયાર કરેલ છે. આ ગ્રંથ–રત્નની શું જરૂરિયાત છે તે તો શાસ્ત્રજ્ઞ આત્માઓ જ તેનો નિર્ણય અને કદર કરી શકે– મને તો એવી છાપ પડી છે અને મારા આત્માને જરૂર પ્રતિતી થયેલ જ છે કે એક જ ગ્રંથમાં આ તમામ વસ્તુઓનું સંકલન કરીને પૂ. શ્રીએ જે અમૂલ્ય કાર્ય કર્યું છે, તે તેના ઊંડા અભ્યાસીઓને તેની ઉપયોગિતાની મહાન કિંમત બનશે. વિજ્ઞાનની દષ્ટિએ જોઇએ તો તેનું મૂલ્ય ઘણું જ છે ભારતમાં આવા કાર્ય કરનારા જલ્દી પ્રસિદ્ધિ ન પામતા હોય તો તેનું કારણ માત્ર એટલું જ છે કે આપણા સમાજનું આ તરફ લક્ષ ઓછું છે. મારી દષ્ટિએ જો કોઈ વિદેશની વ્યકિતને આવું સંશોધન અને એકત્ર કરેલ સાહિત્ય જોવા મળે તો તો તેની લાખો રૂપીઆની કિંમત આંકતા જરા પણ આંચકો ન પામે અને મને હજુ પણ એમ લાગે છે કે આ ગ્રંથ–રત્ન પરદેશના આવા જરૂરિયાતવાળા મિશનમાં જ્યારે પહોંચશે ત્યારે તેઓ તેનો ઘણો સુંદર આદર અને ઉપયોગ કરશે.

આવા અતિ ઉત્તમ ગ્રંથના પ્રકાશન સાથે મારું નામ જોડવાની મને જે શ્રેષ્ઠ તક મલી છે તેથી પૂ. શ્રીનો મારા ઉપર મહાન ઉપકાર થયો છે. પૂ. શ્રીનું આ મારા પર મહાન ઋણ છે, તે વ્યકત કરવા માટે મારા આત્માની ખૂબ જ પ્રસન્નતા સિવાય હું આપ સૌ સમક્ષ શું રજુ કરી શકું, મને આવી તક મલી તે મારા અહોભાગ્ય સમજુ છું. તેમ જ ઘાટકોપર વર્ધમાન સ્થા. જૈન સંઘના સેવાભાવી શ્રી દલીચંદભાઇનો આભાર માનવાનું કેમ ચુકુ. શ્રી ઘાટકોપર સંઘના આંગણે આ મહાન ગ્રંથનું પ્રકાશન અને ઉદ્દ્ઘાટન વિધિ થવાની છે તે રીતે શ્રી ઘાટકોપર વર્ધમાન સ્થા. જૈન સંઘ અને સંઘના માનનીય પ્રમુખશ્રીનો પણ હું આભાર માનું છું.

આ ગ્રંથ-રત્નના મુદ્રણ કામમાં આર્થિક સહાય આપનાર સૌનો પણ આભાર માનું છું અને તેઓ સૌને ધન્યવાદ આપતા હું ઘણો જ હર્ષ અનુભવું છું.

આ ગ્રંથની મેટરો તૈયાર થતી હતી ત્યારે પ્રથમથી જ શ્રી શિવજીભાઈ રણધીરભાઇ એ આ ગ્રંથના મુદ્રણ માટે આર્થિક સહાય આપવાની ઘણા જ હર્ષ સાથે પોતાની પ્રસન્નતા બતાવેલ તેમજ આ ગ્રંથના મુદ્રણ કાર્યની સર્વ જવાબદારી લઈ પોતાના પ્રેસમાં આવા ટાઇપોના સાધન નવા વસાવી, સમયનો ભોગ આપી આ પ્રશંસનીય કાર્ય કરી આપેલ છે એટલુંજ નહિ પરંતુ આ ગ્રંથમાં જે ચિત્રો મુકાએલા છે તેની ડીઝાઇનો અને બ્લોકો પણ તેમના મિત્રો પાસે ઘણાં જ ઓછા ખર્ચે કરાવી આપેલ છે એથી પણ વધારે વિશષતા તો એ

છે કે જેમ જેમ ગ્રંથનું મુદ્રણ કાર્ય આગળ વધતું ગયું અને જ્યારે રથના ચિત્રોનું મુદ્રણ ચાલતું હતું ત્યારે તેઓશ્રીનો ઉત્સાહ કોઇ અનેરો જ વધી ગયો અને તે વખતે જ તેઓશ્રીએ પોતાની આંતરિક ઉત્કૃષ્ટ ભાવના બતાવી કે આ ગ્રંથના છાપકામનું કાંઈ પણ વળતર લેવું નથી આવી વિશાળ ઉદારતા અને ભાવના માટે તેઓશ્રીને હું ઘણાં જ ધન્યવાદ આપું છું અને આ સર્વ કાર્ય સેવા ભાવે કરવા બદલ હું તેઓશ્રીનો ઘણો ઘણો આભાર માનું છુ.

આ ગ્રંથના ચિત્રોના બ્લોકો સેવા ભાવે ઓછા મૂલ્યે બનાવી આપનાર શ્રી વસંત પ્રોસેસવાળા શ્રી વસંતભાઈ નો પણ આભાર માનું છુ.

પૂ. શ્રીને આ કાર્યમાં મેટરની કોપીઓ તૈયાર કરી આપવામાં અને ગણિતના વિષયોને તપાસી ચકાસણી કરી સહાયક બનનાર સૌ ભાઇઓનો પણ આભાર માનું છું.

આ ગ્રંથ–રત્નની પ્રસ્તાવના લખી આપવા માટે શ્રી પંડિત શોભાચંદ્ર ભારિલ્લનો પણ આભાર માનું છું,

આ ગ્રંથના ઝડપી અને સુંદર બાઈન્ડીંગ કામ કરી આપનાર શ્રી સ્વાન બાઈન્ડર નો પણ આભાર તેમજ ગ્રંથના ઉપરના પ્લાસ્ટીક કવર માટે કાંઈપણ કિંમત લીધા વિના ઉદાર ભાવે પ્લાસ્ટીક સીટ આપનાર શ્રી. રતનશીભાઈ તથા મેઘજીભાઈ તથા તે માલમાંથી વિના મૂલ્યે કંઈ પણ મહેનતાણું લીધા વગર પ્લાસ્ટીક કવરો બનાવી આપનાર શ્રી બાબુભાઈ નો પણ આભાર.

આ મહામૂલા ગ્રંથને ગ્રંથ–રત્ન હું એટલા માટે કહું છું કે ઘણા આગમ સૂત્રો તેમજ અન્ય મહાન તત્ત્વ ગ્રંથોના આધાર સહિત સરળ રીતે સમજી શકાય તે માટે ઘણા વિશેષ ચિત્રો અને ગણિતના પરિશિષ્ટો બતાવી સંકલન કરેલ છે તેમ જ આ ગ્રંથમાં એક ખાસ વિશેષતા એ છે કે તેમાં પૂ. ગુરુદેવ શ્રી ગિરધરલાલજી મહારાજ ના સ્વહસ્તે અંકિત કરેલા રથોના ચિત્રો મૂળ કૃતિની સ્થિતિમાં એટલે ૭૨ વર્ષો પહેલા પૂ. શ્રીએ બનાવેલા તેને તે જ સ્થિતિમાં એ જ રીતે રજુ કરીને પૂ. શ્રી નવીનઋષિજી મહારાજ સાહેબે પૂ. ગુરુદેવશ્રીની સ્મૃતિને ચિરસ્થાયી બનાવી આપણા સૌને માટે આ મૌલિક પુરાણીકતા ઘણી જ લાભદાયી બનાવી પૂ. મહારાજ સાહેબે જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કરેલ છે. આવા સંગ્રહો આ રીતે જોવા મળે તે આપણા સૌના અહોભાગ્ય છે.

પૂ. નવીનઋષિજી મહારાજ સાહેબનું અનુવાદિત નિર્ગ્રંથ પ્રવચન નામનો ગ્રંથ એ પહેલું પુષ્પ હતું અને છે, આજે એની કિંમત જૈન સમાજને સમજાય છે. આ બીજુ પુષ્પ જૈન દૃષ્ટિએ મધ્યલોક એ પણ એથી વિશેષ આદર પામશે અને મારું માનવું છે કે થોડા સમયમાં તેની સુધારા વધારા સાથે બીજી આવૃત્તિ થશે. આ ગ્રંથની ખરી કિંમત તો સમાજ ૫૦ પચાસ વરસ પછી જ સમજી શકશે. એટલે મારું કહેવાનું એમ છે કે આપણા જૈન સમાજમાં પૂ. શ્રી ૫૦ વર્ષ આગળ છે. એમ કહું તો તે અસ્થાને નહિ ગણાય. પૂ.શ્રીનું ત્રીજું

પુષ્પ દોરા-સહિત મુપતિની આવશ્યકતા અને ત્યાર બાદ જૈન ઇતિહાસ પ્રગટ થશે એ પણ અજોડ જ હશે. નવી યુવાન પેઢીને માટે તો આ આશીર્વાદરૂપ જ બનશે.

અંતમાં આપ સૌને મારી નમ્ર વિનંતી છે કે— ભૌગોલિક ગ્રંથો એ એક ખજાનો છે, એ સામાન્ય વસ્તુ નથી માટે આપ આ ગ્રંથ-રત્નનો ઉંડો અભ્યાસ કરજો અને એના હાર્દને સમજવાનો પ્રયત્ન જરૂર કરશો. આ અણમોલ કૃતિ જૈન સમાજને ખૂબ જ ઉપયોગી થવાની જ છે તેવો મને દૃઢ વિશ્વાસ છે. આવા અમૂલ્ય જ્ઞાનના ગ્રંથો બહુ જ ઓછા પ્રસિદ્ધ થતા હોય છે. આ ગ્રંથની વિશેષતા એ છે કે ઘણા ગ્રંથોનો સાર આ ગ્રંથમાં સમાવી લઈને પૂ. શ્રીએ આપણા સૌ પર ઉપકાર કરેલ છે તેથી હું મારા સહકુટુંબ સહિત આપ સૌના વતી પૂજ્ય શ્રી નવીનઋષિજી મહારાજ સાહેબનો આભાર માનું છું અને સાથે સાથે મારા તમારા સૌ વતી વિધિયુક્ત વંદણા નમસ્કાર કરું છું.

ગુણાનુરાગી,



મનસુખલાલભાઈ સી. દેસાઈ
મુનિ સુવ્રતદર્શન બ્લોક એ-૭,
બીજે માળે નવરોજી લેન,
ઘાટકોપર મુંબઈ-૪૦૦ ૦૮૬
ફોન નં. ઘર – ૫૮૨૫૫૩

# નિવેદન

ગ્રંથોમાં નિવેદનો તો અનાદિકાળથી રજુ થતાં જ આવે છે અને ભવિષ્યમાં પણ થશે જ પરંતુ આપ સમક્ષ આજે એક નવી જ રીતે નિવેદનની રજુઆત કરવા માટે અમે અલ્પ પ્રયાસ કરી ઉત્સુક થઈએ છીએ.

જૈન ધર્મનાં અનેક ગ્રંથો મુદ્રણ થયા છે, અને જૈન સમાજે તેનો ખૂબ જ ભાવથી આદર કરેલ છે.

જૈનાગમોના ૩૨ સૂત્રોના અનેક પ્રકાશનો થયા છે, એ જ રીતે તત્ત્વાર્થ સૂત્રોના પણ પ્રકાશનો થયા છે અને વ્યાખ્યાન માળાઓના પણ ઘણા સુંદર ગ્રંથો આપણે જોઈ શકીએ છીએ.

જુદા જુદા વિષયોના હજારો પ્રકાશનો જોવા મળે છે. આમાં કાંઈ નવું નથી – સૌને કાંઈક નવું જોઇએ છે—નવું જાણવાની પ્રબળ ઈચ્છા થતી હોય છે.

ખંભાત સંપ્રદાયના મહા વૈરાગી પૂ. કાન્તિઋષિજી મહારાજ સાહેબના શાસ્ત્રજ્ઞ અને વિનીત શિષ્ય પૂ. શ્રી નવીનઋષિજી મહારાજે આજના વિજ્ઞાન યુગની ભૂખને નજર સમક્ષ રાખી અથાગ પરિશ્રમ વેઠીને "જૈન દષ્ટિએ મધ્યલોક" એ નામનો એક અજોડ ગ્રંથ તૈયાર કરીને જૈન અને જૈનેતર સમાજ પર મહાન ઉપકાર કરેલ છે—પૂજ્યશ્રીએ પ્રસ્તુત ગ્રંથ તૈયાર કર્યો છે તેમાં મહત્વની બાબત તો એ છે કે ઘણાં જુદા જુદા ગ્રંથોમાંથી આધાર લઇને સંશોધન કરીને આ ગ્રંથનું સંકલન કરેલ છે અને તે પણ સચિત્ર સરળ વર્ણન સાથે. આવા ચિત્રોની સમજથી શાસ્ત્રજ્ઞ ન હોય તે પણ સારી રીતે સમજી શકે અને સ્વાધ્યાય કરી શકે તે માટે શીલાંગ રથના ૨૧ રથોના ચિત્રો પ્રકાશીત કરીને તો પૂજ્યશ્રીએ રણ સ્થંભ જ સ્થાપિત કર્યો છે. અમારી જાણ પ્રમાણે આવા ૨૧ શીલાંગ રથોના એકી સાથે ચિત્રો અને વર્ણન કયાંય પણ અન્ય ગ્રંથમાં જોવા મળવા દુર્લભ છે. તેમાં પણ પૂજ્યશ્રીએ તે રથોના ચિત્રોને તેઓશ્રીના ગુરુના ૭૨ વર્ષ પહેલાંના હસ્ત અંકિત જે રીતે છે, તે જ રીતે મુકીને તો સૌને મંત્ર મુગ્ધ બનાવેલ છે, એટલું જ નહિ પણ પોતાના ગુરુનું ઋણ ભૂલ્યા નથી. આ અનુકરણીય અને આદરણીય છે.

આ ગ્રંથમાં જૈન દષ્ટિએ મધ્યલોકનું જ ખાસ વર્ણન છે અને આપણને તે સમજવાની ખૂબ જ સરળતા થાય તે માટે વિશેષ રીતે આ ગ્રંથમાં રજુ કરેલ છે.

આ ગ્રંથ એટલે જૈન ભૂગોળના જ્ઞાનનો ખજાનો છે—આવા ગ્રંથોને ઘણા મહાનુભાવો નથી સમજાતું અથવા તો આપણું આ કામ નહિ, આપણી આ સમજવાની શક્તિ નથી તેમ માનીને દૂર રહેતા હોય છે. આંતરિક રીતે જો વિચારીએ તો સૌને તે સમજવા માટે ઘણી ઈંતેજારી હોય છે પરંતુ સમજાવનારને તેવો સમય હોવો જોઈએને- પૂર્વભવનું જો કોઈ તમને જ્ઞાન કરાવે તો તમને તેમાં કેટલો બધો રસ જાગે છે. સૌને પોતાનો પૂર્વભવ જાણવા મળે તો સૌ કોઈ તે માટે ઉત્સુક હોય જ, તો ભાઈ આ ગ્રંથમાં જે રીતે રજુઆત કરી છે તે સમજવા માટે અને વિચારવા માટે જીજ્ઞાસુઓએ એકાગ્રતા સાધવી પડશે. પ્રથમ આ સમજવાની તૈયારી હશે તો પોતાના આત્માની કયાં કયાં ઉત્પત્તિ થએલ હશે તે વિચારતાં

વિચારતાં પોતાના પૂર્વભવનું સ્મરણ કરવાની તક જરૂર ઉભી થશે અને- ભવકટ્ટિનો અનેરો માર્ગ સાધી શકાશે.

આવા ગ્રંથોના સંશોધન અને પ્રકાશન બહુ ઓછા જોવા મળે તેના અનેક કારણો છે. પ્રથમ તો એ બધા ગ્રંથોનું જ્ઞાન હોવું જરૂરી છે તેમ જ તેની ઊંડી સમજ પણ હોવી જોઇએ આટલુ હોવા ઉપરાંત અનેક ગ્રંથોની ઉપલબ્ધિ તેમ જ તે જોવા તપાસવાનો અને તેના ઉંડાણમાં ઉતરી અભ્યાસ કરી જ્ઞાન મેળવવાનો સમય આજના પ્રતિકુળ કાળમાં અને એ પણ વિહારમાં વિચરતાં વિચરતાં આવું જ્ઞાન મેળવવું તે સામાન્ય નથી. આ બધું કદાચ સાનુકૂળ બની પણ શકે તો પણ આજના સમયમાં આ બધું સંશોધન અને સંકલન કરી તૈયાર કરવું તે કાંઈ સહેલું કાર્ય નથી. તેમ છતાં આવા અનેક કારણોને ન ગણકારતાં પૂજ્યશ્રી નવીનઋષિજી મહારાજ સાહેબે અથાગ પરિશ્રમ સેવીને પૂર્ણ વિશ્વાસ રાખીને આ ગ્રંથરત્ન તૈયાર કરેલ છે.

આથી જૈન સમાજ અને જૈન ધર્મનું ઘણું જ ગૌરવ વધારેલ છે, પૂજ્યશ્રીના આ શ્રમ માટે અમારો સંઘ તેઓશ્રીનો ઋણિ છે તેમજ અમારા સંઘની પ્રતિભા વધારીને અમારે ત્યાં આ ગ્રંથ રત્નના પ્રકાશનની વિધિ કરવાનો અમોને આ સુઅવસર પ્રાપ્ત થયો છે તે કારણે શાસન દેવનો તથા પૂજ્યશ્રીનો અમે ઘણો જ મહાન ઉપકાર ગણીએ છીએ.

આ ગ્રંથના પ્રકાશનમાં મુખ્યદાતા અને પ્રકાશક શ્રી મનસુખલાલભાઇ છગનલાલભાઇ દેસાઈને તથા કાંઈપણ વળતર લીધા વિના સુંદર મુદ્રણ કાર્ય કરી આપનાર શ્રી શીવજીભાઈ તથા અન્ય આર્થિક સહાય આપનાર મહાનુભાવોને અમારા સંઘવતી ધન્યવાદ ઘટે છે.

આવું અમૂલ્ય પ્રકાશન સ્હેજે ઉપલબ્ધ થતું નથી. બધી જ દૃષ્ટિએ વિચારીએ તો આવા ગ્રંથની એક પ્રત રૂા. ૫૦=૦૦ માં પણ તૈયાર થવી મુશ્કેલ છે. આ ગ્રંથના પ્રકાશન માટે ઘણી મોટી કિંમત લાગી હોવા છતાં આ ગ્રંથ જૈન અને જૈનેતર સમાજને આજે માત્ર રૂા. ૫=૦૦ માં આપવાનું નક્કી કરેલ છે. આટલું ઓછું મૂલ્ય એટલા માટે રાખેલ છે કે સમાજનો દરેક વર્ગ તેનો ઉપયોગ કરી પોતાના આત્માના કલ્યાણના માર્ગે જઈ શકે એવી ઉત્તમ ભાવના પૂ. શ્રી નવીનઋષિજી મહારાજ સાહેબના સર્જનથી બનેલ છે. અમને વિશ્વાસ છે કે સમાજ આ ગ્રંથની કદર જરૂર કરશે. આ ગ્રંથની પ્રતો વર્તમાન સમયે તો મલી શકશે પરંતુ વર્ષો પછી એક સમય એવો હશે કે તેનું ઘણું વિશેષ મૂલ્ય આપવા છતાં પણ તે મળવું દુર્લભ પણ બને.

પૂ. ભગવંતો, સાશનદેવો તેમજ ખંભાત સંપ્રદાયના મહાન વૈરાગી પૂ. શ્રી કાન્તિઋષિજી મહારાજ સાહેબ આદિ સર્વ ઠાણાઓ તથા ખાસ કરીને પૂ. નવીનઋષિજી મહારાજ સાહેબને અમે ખૂબ જ ભાવ પૂર્વક વંદન નમસ્કાર કરીએ છીએ.

અમારા—તમારા સૌવતી અમારો સંઘ પૂ. શ્રીનો અંતઃકરણપૂર્વક ખૂબ જ આભાર માની અમો વિરમીએ છીએ એવી નમ્ર ભાવના સાથે—

તા. ૨૩–૫–'૭૮<br>
ઘાટકોપર—<br>
ફોન નં. ૫૫૧૨૬૦

સંઘ સેવકો,<br>
શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ.<br>
ઘાટકોપર.

# સમર્પણ

" જ્ઞાની જ્યોતિર્વિદ છે, માલવ રત્ન મહાન,
મુનિ કસ્તુરચંદને, નવીન કરે પ્રણામ "

" ક્રિયા શીલ ગુણવાનને, સ્વાધ્યાયનો છે સાજ,
મસ્તરામ ઉપકારીને, નવીન વાંદે આજ "

શાસ્ત્રજ્ઞ જ્યોતિર્વિદ ઉપાધ્યાયજી જ્ઞાનદાતા
મારા પરમ ઉપકારી
પૂ. શ્રી કસ્તુરચંદજી મહારાજ શ્રી
તથા
પૂ. શ્રી મસ્તરામશ્રી મનોહરલાલજી મહારાજ
જેઓશ્રીની અમીદૃષ્ટિએ
સસ્યશ્યામલા માલવભૂમિમાં મને જ્ઞાનપાન કરાવીને
અને
પૂજ્યશ્રીના અંતરના શુભ આશીર્વાદ સાથે મારા જીવનને
તેજસ્વી બનાવેલ છે તેમજ તેજોમય તારલાસમ આ ગ્રંથ
લેખનમાં જે જ્ઞાન સહાયભૂત બનેલ છે તેવા જ્ઞાનદાતાએ
પ્રાપ્ત કરાવેલ શાસ્ત્રજ્ઞાન અને અનુભવ મને ખૂબ જ
ઉપયોગી થયેલ છે.

તેઓશ્રીનું આ ઋણ કેમ ભૂલાય?
પૂ. ગુરુદેવોને મારા કોટિ કોટિ વંદન સાથે
પ્રસન્ન ભાવે આ ગ્રંથ રત્ન

**સમર્પણ**

કરતાં મારો આત્મા અતિ ઉલ્લાસિત બને છે;
ગુણાનુરાગી,

નવીનઋષિ મહારાજ

# શ્રદ્ધાંજલિ

મહાન ક્રિયોદ્ધારક ૧૦૦૮
પૂ. શ્રી લવજીઋષિજી મહારાજની પરંપરાના
આગમપ્રેમી શીઘ્ર કવિ, ગંભીર, મહાન જ્યોતિર્વિદ
ગુણીયલ ગચ્છાધિપતિ

જેઓશ્રીએ શાસ્ત્રજ્ઞાન સ્વહસ્તે લિપિબદ્ધ કરેલ છે
અને ખંભાત સંપ્રદાય તેમ જ
સ્થાનકવાસી જૈન સંપ્રદાયને
ઉજ્જવળ બનાવેલ છે
એવા ચિન્મય ગુરુદેવના મહાન પુનિત આત્માને
મારા અંતઃકરણના શુદ્ધ ભાવથી

નવીન ઋષિ મહારાજ

# વંદન

"ધીર વીર ગંભીરને, ગુણીયલ ગુરુદેવ,
કાંતિઋષિ મહારાજને, નવીન વાંદે એવ."

છતી ઋદ્ધિના ત્યાગી મહાન વૈરાગી
દીર્ઘ દૃષ્ટિવંત — ગંભીર — ગુણીયલ
સ્વાધ્યાયી — પરમોપકારી

પૂ. ગુરુદેવશ્રી,

## શ્રી કાંતિઋષિજી મહારાજ સાહેબ

જેમની અસીમ કૃપા દૃષ્ટિથી
આ ગ્રંથ રત્ન
સંકલન અને પ્રકાશન
કરેલ છે.
એવા ચિન્મય જ્ઞાની આત્માને
હું વિધિપૂર્વક
કોટિ કોટિ

## વંદન

કરું છું
પૂ. શ્રીના ઋણી

નવીન ઋષિ મહારાજ

ખંભાત સંપ્રદાયના

# બા. બ્ર. શારદાબાઈ મહાસતીજીનો
# અભિપ્રાય

શ્રી જૈન સમાજ માટે શાસ્ત્રીય જ્ઞાનની ખૂબ આવશ્યકતા છે. આ વાતને લક્ષમાં લઇને જેમણે અથાગ પરિશ્રમ ઉઠાવ્યો છે તેવા ખંભાત સંપ્રદાયના આચાર્ય, મહાન વૈરાગી પૂ. કાન્તિઋષિજી મહારાજ સાહેબના સુશિષ્ય અધ્યાત્મજ્ઞાનના પિપાસુ બા. બ્ર. પૂ. નવીન મુનિ મહારાજ સાહેબ કે જેમણે આગમનું ખૂબ મંથન, ચિંતન કરીને સુક્ષ્મ દૃષ્ટિથી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રનું સાધુ અને શ્રાવકો, વિદ્વાન અને સાધારણ જૈન અને જૈનેતર બધા ખૂબ સહેલાઇથી સમજી શકે તેવી સરળ, શુદ્ધ, સ્પષ્ટ અને ગુજરાતી ભાષામાં ચિત્ર સહિત આ લેખન કર્યું છે. યંત્રવાદ અને ભૌતિકવાદના આ યુગમાં જ્યારે ધર્મભાવના ઓસરતી જાય છે એવા સમયે આવા પુસ્તક કે જ્યાં જંબૂદ્વીપમાં આવેલા પર્વતો, નદીઓનું વર્ણન, જુગલીયાનું વર્ણન, મહાવિદેહ ક્ષેત્ર, છ આરા, મેરૂપર્વત આદિનું વર્ણન ખૂબ સુંદર સચોટ ભાષામા રજુ કર્યું છે. ગણિતાનુયોગ કે જે સમજવો અતિ કઠિન છે તે પણ ખૂબ સહેલાઇથી સમજાય તે રીતે તેનું આલેખન કર્યું છે. પૂ. મહારાજશ્રીને જ્યારે જોઇએ ત્યારે પોતાના કાર્યમાં અહર્નિશ તલ્લીન જોઇએ છીએ. આ ઉપરથી મુનિશ્રીનો સતત પરિશ્રમ અને ધગશ ઘણી જ જણાઇ આવે છે. ભગીરથ પુરુષાર્થ કરી મુનિશ્રીએ આલેખેલ "જૈન દૃષ્ટિએ મધ્યલોક" એ પુસ્તકનું વાંચન કરી ભવ્ય જીવોને જ્ઞાનની પ્રાપ્તિ થાય અને આત્મકલ્યાણ કરવામાં સાધનભૂત થાય એ જ ભાવના.

પૂ. મુનિશ્રીની આ સેવા અને પરમ કલ્યાણકારક પ્રવૃત્તિને માટે કોટિ કોટિ અભિનંદન છે. શાસનદેવ તેમને ખૂબ શારીરિક શકિત અર્પે અને દીર્ઘાયુ બની જૈન શાસનની ને ધર્મની વધુ ને વધુ સેવા કરે અને જ્ઞાનજ્યોતિ પ્રગટાવે એ જ અંતરની અભ્યર્થના.

લી. શારદાબાઇ મહાસતીજી
ખંભાત સંપ્રદાય.

# વંદન

અનંત જ્ઞાન તથા અનંત શક્તિના
અધિનાયક
પરમ જ્યોતિસ્વરૂપ, સર્વજ્ઞ અને સર્વદર્શી
એવા
શ્રી તીર્થંકર ભગવાનને
અમારી કોટિ કોટિ વંદના

જેઓશ્રીની
સેવા – ભક્તિ – પૂજા
કલ્પવૃક્ષ, કામધેનુ કે ચિંતામણિ રત્નથી
પણ અધિક ફલદાયી છે
એવા મહાન ચારિત્રે સંપન્ન

## પૂજ્યશ્રી નવીનઋષિજી મહારાજ સાહેબનો

અમારા પર મહાન ઉપકાર થયો છે અને આ ગ્રંથરત્ન
છાપવાના કાર્યની અમને પ્રેરણા થએલ છે તેમજ
અમારું જીવન ધન્ય બનાવેલ છે, આ મહાન
ઉપકારનું ઋણ ભૂલાય તેમ નથી.
પૂજ્યશ્રીના આ ગ્રંથના મુદ્રણ
કામમાં જે કાંઇ ક્ષતિ રહી
ગયેલ હોય તે અમારી
અપૂર્ણતાને કારણે
છે એ માટે
અમે પૂ. શ્રીની
ક્ષમા માંગીએ
છીએ.

પૂજ્યશ્રીના ચરણોપાસક

ગડા શીવજી રણધીર ડાયાણી
સૌ. જયાબેન શીવજી

ગડા રણધીર વીરજી ડાયાણી
સૌ. રૂપાબેન રણધીર

વિધિયુક્ત વંદન નમસ્કાર

# આ ગ્રંથના મુખ્ય દાતાઓની નામાવલિ

| રકમ | નામ | |
|---|---|---|
| ૫૦૦૧ | શ્રી મનસુખલાલ છગનલાલ દેસાઈ | ઘાટકોપર |
| ૧૦૦૧ | શ્રી મહાસુખલાલ બાલચંદભાઈ ખંભાતવાળા | વિલેપાર્લે |
| ૧૦૦૧ | શ્રીમતી જ્યોત્સનાબહેન ધીરજલાલ શાહ | મલાડ |
| ૧૦૦૧ | સદ્‌ગૃહસ્થ શ્રી | મુંબઈ |
| ૧૦૦૧ | શ્રીમતી શારદાબહેન હરીલાલ શેઠ | ઘાટકોપર |
| ૭૦૧ | સદ્‌ગૃહસ્થ શ્રી | મુંબઇ |
| ૫૦૨ | સદ્‌ગૃહસ્થ શ્રી | ,, |
| ૫૦૧ | શ્રી લલીતભાઇ રતિલાલ શાહ | ,, |
| ૫૦૧ | શ્રીમતી ગુલાબબહેન જયંતિલાલ કોઠારી | ઘાટકોપર |
| ૫૦૧ | સ્વ. શ્રી તારાચંદ મોરારજી મહેતા<br>હ. તેમના સુપુત્રો તરફથી | દાદર |
| ૫૦૧ | સ્વ શ્રી. વલ્લભદાસ આણંદજી સંઘવી<br>હ. શ્રીમતી પ્રભાબહેન વલ્લભદાસ સંઘવી | ,, |
| ૫૦૦ | શ્રીમતી શકુન્તલાબહેન વિજયભાઇ મહેતા | વિલેપાર્લે |
| ૫૦૦ | શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ | ,, |
| ૨૫૧ | શ્રી પ્રાણજીવનભાઇ જુઠાલાલ | ,, |
| ૨૫૧ | શ્રી સુખલાલ ડોસાલાલ બખાઈ | ,, |
| ૨૫૧ | શ્રીમતી સુશીલાબહેન મનુભાઈ સંઘવી | ,, |
| ૨૫૧ | સ્વ. શ્રી પ્રેમચંદ હરજીવનદાસ શાહ | ,, |
| ૨૫૧ | શ્રીમતી પ્રભાબહેન જોરમલભાઇ ઝવેરી | ,, |
| ૨૫૧ | શ્રી શાંતિભાઈ હરિલાલ પારેખ | ,, |
| ૨૫૧ | શ્રીમતી અનિલાબહેન શશીકાંત મહેતા | મુંબઈ |
| ૨૫૦ | ,, મધુરીબહેન મધુકાંત મહેતા | ,, |
| ૨૫૧ | ,, સુમતીબહેન રમેશભાઈ મહેતા | વિલેપાર્લે |
| ૧૦૧૨ | અન્ય બહેનો, હસ્તે શ્રીમતી સુમતીબહેન | ,, |
| ૫૦૧ | શ્રી ઉમરશી કચરાભાઇ છાડવા | મુંબઇ |
| ૨૫૧ | ,, દેવજી મણસી ગાલા | ,, |
| ૨૫૧ | ,, વેરસી જીવરાજ સાવલા | ,, |

# ॐ श्री आदिनाथाय नमः

**आदिनाथं नमस्कृत्य, तथा वीरं जिनेश्वरम्।**
**श्री कान्तिऋषिमाचार्यं वन्दित्वा ग्रन्थमारभे॥**

**પ્રથમ ઇષ્ટદેવને નમસ્કાર મંગલાચરણ**

શ્રી વર્ધમાનાખ્યવિભું યજામિ, સુરાસુરૈઃ સેવિતપાદપદ્મમ્।
તસ્યોપદેશામૃતપાનપીના, નરા ભવાબ્ધિં વિષમં તરંતિ ॥

**ભાવાર્થ:—** દેવો અને અસુરોથી જેના ચરણકમળ સેવાયેલા છે એવા વર્ધમાન નામના વિભુ-પ્રભુની હું સેવાભકિત કરૂં છું. તેમના ઉપદેશામૃતનું પાન કરીને મનુષ્યો વિષમ-ભયંકર એવા ભવસાગરને પાર કરી જાય છે.

# અઢીદ્વીપ

## વિષય પ્રવેશ




ચૌદ રાજલોક

એક રાજ[1] પ્રમાણ તીરછો (મધ્ય) લોક છે. તેમાં અસંખ્યાતા દ્વીપો અને અસંખ્યાતા સમુદ્રો છે. તે સર્વની મધ્યમાં જંબૂદ્વીપ છે અને અંતમાં સ્વયંભૂરમણ સમુદ્ર છે. એ બધા દ્વીપો મળી સંખ્યામાં ગણતરી કરીએ તો અઢી સાગરોપમ એટલે કે પચ્ચીસ ક્રોડાક્રોડી ઉદ્ધાર[2] પલ્યોપમના જેટલા સમય થાય તેટલા છે. તે બધા સંસ્થાનથી એક જ આકારના (ગોળાકાર) છે અને વિસ્તારથી અનેક પ્રકારના છે; એટલે કે પ્રથમ દ્વીપથી પ્રથમ સમુદ્ર બમણો (બેગણો) છે. તે સમુદ્રથી બીજો દ્વીપ બમણો છે. તેનાથી (બીજા દ્વીપથી) બીજો સમુદ્ર બમણો છે. તેનાથી ત્રીજો દ્વીપ બમણો છે. એ રીતે બધા દ્વીપ-સમુદ્રો વિસ્તારમાં એકેકથી બમણા બમણા પહોળા છે. સુપ્રશસ્ત સુન્દર અને મનોહર વસ્તુઓના જેવા જેવા નામ હોય છે તેવા તેવા નામે આ બધાં દ્વીપ-સમુદ્રો અવસ્થિતપણે રહેલા છે. વળી આમાં એકેક નામના પણ અસંખ્યાતા-અસંખ્યાતા દ્વીપ સમુદ્રો છે. જેમકે આ મધ્યનો જંબૂદ્વીપ છે, તેવાં જ જંબૂ નામના બીજા પણ અસંખ્યાતા દ્વીપો છે.

તે સર્વ દ્વીપો અને સમુદ્રોની વચ્ચોવચ્ચ એટલે કે તિર્યક્‌લોકમાં મધ્યવર્તી આ જંબૂદ્વીપ છે. તે દ્વીપ બધા દ્વીપ-સમુદ્રોની અપેક્ષાએ સર્વથી નાનો છે. તેમાં જંબૂ સુદર્શન નામનું વૃક્ષ છે, તેથી એનું 'જંબૂ' એવું નામ છે. તે જગતી[3]

---

૧. (અ) જૈન તત્ત્વ પ્રકાશ. પ્રકરણ—૨ (બ) તથા ગણિતાનુયોગ—'પ્રાક્કથન' ૨. અનુયોગદ્વાર સૂત્ર. ૩. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, વક્ષ. ૧
(ક) 'રાજ' ના પ્રમાણ માટે 'ત્રિલોકસાર' ગાથા-૭મી જુઓ.

સહિત—પ્રમાણાંગુલથી[૪] એક લાખ જોજન લાંબો પહોળો છે.[૫] થાળીના આકારે, કમળના ડોડાને આકારે, તેલના પૂડલા કરીએ અને તે જેવા ગોળ હોય છે તેવા આકારે, પૂર્ણ ચંદ્રમાને આકારે તથા રથના પૈડાંને આકારે ગોળાકાર છે, એટલે કે આ બધી ગોળ વસ્તુઓ જેવો તે જંબૂદ્વીપ ગોળ છે.

એની ત્રણ લાખ સોળ હજાર બસો સત્યાવીશ યોજન,[૬] ત્રણ ગાઉ, એકસો અઠ્ઠાવીસ ધનુષ્ય, તેર આંગળ, પાંચ જવ, એક જૂ, એક લીખ, ચાર વાલ અને એક વાલના સાઈઠ ભાગ કરીએ તે માંહેલા સાત ભાગ તેમ જ તે સાઠીયા (૬૦ ભાગમાંના) એક ભાગના એકસઠ ભાગ કરીએ તે માંહેલા દશભાગથી થોડી વધારે–આટલા વિસ્તારના માપની તેની પરિધિ છે. શેષ સર્વે અસંખ્યાતા જંબૂદ્વીપો ચૂડીને આકારે જાણવા અને તે અસંખ્યાતા ક્રોડાક્રોડી યોજન જેટલા લાંબા પહોળા છે. આ જે પ્રથમ જંબૂદ્વીપ છે તે બીજા બાકીના અસંખ્યાતા દ્વીપ સમુદ્રોથી વીંટળાયેલો છે.

જેમ જંબૂદ્વીપ જગતી સહિત એક લાખ યોજનનો છે તેમ એની ફરતો લવણસમુદ્ર છે. તે જગતી સહિત બે લાખ યોજનના વિસ્તારવાળો છે તેમ જ લવણસમુદ્રની ફરતો ધાતકીખંડ છે. તે જગતી સહિત ચાર લાખ યોજનનો છે તથા ધાતકીખંડને ફરતો કાળોદ સમુદ્ર (કાલોદધિ) છે. તે જગતી સહિત આઠ લાખ યોજનનો છે તથા કાળોદ સમુદ્રની ફરતો પુષ્કરવર દ્વીપ છે. તે દ્વીપ આખો તો સોળ લાખ યોજનનો છે પરંતુ તેમાંથી આઠ લાખ યોજન પ્રમાણ અર્ધ દ્વીપ (અડધો દ્વીપ) ગોળાકાર માનુષોત્તર પર્વતથી વીંટળાયેલો છે. તેની અંદર-અંદર મનુષ્યોની વસ્તી છે અને બહારનો અર્ધદ્વીપ મનુષ્યોની વસ્તી વગરનો છે એટલે કે ત્યાં આપણા જેવા મનુષ્યો નથી માટે અહીં પુષ્કરવરદ્વીપનો અડધો ભાગ અઢી દ્વીપની ગણતરીમાં લીધો છે તેથી તેનું પુષ્કરાર્ધદ્વીપ એવું નામ રાખ્યું છે.

આ રીતે એક લાખ યોજન જંબૂદ્વીપના તથા બે લાખ પૂર્વ અને બે લાખ પશ્ચિમ લવણસમુદ્રના મળી ચાર લાખ યોજન ભેળવતાં પાંચ લાખ યોજન થયા. તેની સાથે પૂર્વ ધાતકીખંડના ચાર અને પશ્ચિમ ધાતકીખંડના ચાર મળી આઠ લાખ યોજન ધાતકીખંડના ભેળવતાં તેર લાખ યોજન થયા તેની સાથે પૂર્વ કાલોદ સમુદ્રના આઠ લાખ અને પશ્ચિમ કાલોદ સમુદ્રના આઠ લાખ મળી સોળ લાખ યોજન કાળોદ સમુદ્ર (કાલોદધિ) ના ભેળવીએ ત્યારે ઓગણત્રીસ (૨૯) લાખ યોજન થાય. તેની સાથે પુષ્કરવર અર્ધદ્વીપના પૂર્વ અને પશ્ચિમના આઠ-આઠ લાખ મળી સોળ લાખ યોજન ભેળવીએ ત્યારે પિસ્તાળીસ (૪૫) લાખ યોજન પ્રમાણ અઢીદ્વીપ થાય છે. તે અઢીદ્વીપની અંદર મનુષ્યોની વસ્તી છે.

---

આ અઢીદ્વીપ પ્રમાણ મનુષ્ય ક્ષેત્રનો વિષ્કંભ (લંબાઈ અને પહોળાઈ) ઉપર બતાવ્યા પ્રમાણે પૂર્વથી પશ્ચિમ સુધી પિસ્તાળીસ લાખ યોજન પ્રમાણ છે તેવી જ રીતે દક્ષિણોત્તર

૪. અનુયોગદ્વાર સૂત્ર, ૫. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ. ૧. ૬. (અ) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ૦૧, (બ) ઠાણાંગ સૂત્ર, પહેલું ઠાણુ, (ક) સમવાય ૧, (ડ) સમવાય ૧ લાખ મું, (ઈ) વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ, શતક-૯, ઉદ્દેશ-૧, પ્રશ્ન-૨.

વિષ્કંભ પણ પિસ્તાળીસ લાખ યોજન પ્રમાણ છે. તેમાં જે જે શાશ્વત પદાર્થો અવસ્થિત છે તેના ચિત્રો આ પુસ્તકમાં સામાન્યપણે દેખાડ્યા છે. તેમાં પ્રથમ પૂર્વ-પશ્ચિમના પિસ્તાળીસ લાખ યોજનની વિગત આ પ્રમાણે છે:—

| | વિગત | યોજન |
|---|---|---|
| ૧. | પુષ્કરાર્ધ દ્વીપના પૂર્વ અને પશ્ચિમ એ બે-બાજુના માનુષોત્તર પર્વત પાસે આવેલા મોટા બે વનમુખ છે. તે પ્રત્યેક ૧૧૬૮૮ યોજનના છે તેના ... | ૨૩૩૭૬ |
| ૨. | પુષ્કરાર્ધમાં બે બાજુના બેવડા બત્રીસ વિજયો છે. તે પ્રત્યેક વિજયનો વિષ્કંભ (લંબાઈ–પહોળાઇ) ૧૯૭૯૪⅞ યોજનનો છે. તેને બત્રીસ વિજય સાથે ગુણતાં સરવાળો ... | ૬૩૩૪૧૬ |
| ૩. | પુષ્કરાર્ધમાં સોળ વક્ષસ્કાર પર્વતો છે. તે પ્રત્યેક પર્વત બબ્બે હજાર યોજનના છે તેથી ... | ૩૨૦૦૦ |
| ૪. | પુષ્કરાર્ધની બાર અંતરનદી-પ્રત્યેકના પાંચસો યોજન પ્રમાણે ગણતાં ... | ૬૦૦૦ |
| ૫. | પુષ્કરાર્ધના બે મેરૂના બે વન-પ્રત્યેકના ૪૪૦૯૧૬ યોજન પ્રમાણે ગણતાં ... | ૮૮૧૮૩૨ |
| ૬. | પુષ્કરાર્ધની અંદરની બાજુમાં રહેલા સમુદ્ર તરફની બે બાજુના બે વનમુખ જગતીના યોજન બાદ કરતાં પ્રત્યેક ૧૧૬૭૬ યોજન પ્રમાણે ગણતાં ... | ૨૩૩૫૨ |
| ૭. | અઢીદ્વીપમાં એક જંબૂદ્વીપની, બીજી લવણસમુદ્રની ત્રીજી ધાતકીખંડની અને ચોથી કાલોદ સમુદ્રની એમ ચાર જગતી પૂર્વદિશાની અને ચાર જગતી પશ્ચિમ દિશાની એમ બન્ને બાજુની મળી આઠ જગતી છે અને પુષ્કરાર્ધ દ્વીપને ફરતો માનુષોત્તર પર્વત છે, તેની જગતી જ્યાં દ્વીપ પૂર્ણ થાય છે ત્યાં છે માટે તે ગણી નથી. શેષ આઠ જગતી પ્રત્યેકના બાર બાર યોજન પ્રમાણે ગણતાં ... | ૯૬ |
| ૮. | કાલોદ સમુદ્રના પ્રત્યેક બાજુના આઠ આઠ લાખ યોજન પ્રમાણે ગણતાં બે બાજુનાં ... | ૧૬૦૦૦૦૦ |
| ૯. | ધાતકીખંડની બે બાજુનાં ચાર વનમુખ છે. તેમાંના પ્રત્યેક બાજુના બબ્બે વનમુખની જગતી બાદ કરતાં ૧૧૬૬૪ યોજન પ્રમાણે ગણતાં ... | ૨૩૩૨૮ |
| ૧૦. | ધાતકીખંડની બન્ને બાજુની બત્રીસ વિજયના પ્રત્યેક વિજયે ૯૬૦૩ યોજન ઉપરાંત એક યોજનના આઠ ભાગ કરીએ તેવા ત્રણ ભાગ રોક્યા છે તેથી ... | ૩૦૭૩૦૮ |

| | | |
|---|---|---|
| ૧૧. | ધાતકીખંડના બે બાજુના સોળ વક્ષસ્કાર પર્વત પ્રત્યેક એક હજાર યોજનના છે ... | ૧૬૦૦૦ |
| ૧૨. | ધાતકીખંડની બાર અંતર નદીના પ્રત્યેકના અઢીસો-અઢીસો યોજન ગણતાં ... | ૩૦૦૦ |
| ૧૩. | ધાતકીખંડની બે બાજુના બે મેરૂની પાસે ભદ્રશાલ વનના પ્રત્યેક બાજુના ૨૨૫૧૫૮ યોજન પ્રમાણે ગણતાં ... | ૪૫૦૩૧૬ |
| ૧૪. | લવણસમુદ્રની પ્રત્યેક બાજુના બબ્બે લાખ ગણતાં બે બાજુના ... | ૪૦૦૦૦૦ |
| ૧૫. | જંબૂદ્વીપના વનમુખની પ્રત્યેક બાજુની જગતીના બાર-બાર યોજન બાદ કરતાં બાકી ૨૯૧૦ યોજન પ્રમાણે ગણતાં બે બાજુનાં ... | ૫૮૨૦ |
| ૧૬. | જંબૂદ્વીપની પ્રત્યેક વિજયના ૨૨૧૨ યોજન અને એક યોજનના આઠ ભાગ કરીએ તેવા સાત ભાગ ઉપરાંત, એવા સોળ વિજય છે. જોકે જંબૂ-દ્વીપમાં વિજય તો બત્રીસ છે પણ પૂર્વ પશ્ચિમ આશ્રયી બબ્બે વિજયનો એકેક ભાગ ગણતાં અહીં સોળ વિજય હિસાબમાં ગણવા. એ જ પ્રમાણે ધાતકીખંડ તથા પુષ્કરાર્ધમાં ગણતાં ... | ૩૫૪૦૬ |
| ૧૭. | જંબૂદ્વીપનાં આઠ વક્ષસ્કાર પર્વતો છે. તે પ્રત્યેક પાંચસો-પાંચસો યોજન પ્રમાણે ગણતાં ... | ૪૦૦૦ |
| ૧૮. | જંબૂદ્વીપની છ અંતરનદી સવાસો સવાસો યોજન પ્રમાણે ગણતાં ... | ૭૫૦ |
| ૧૯. | જંબૂદ્વીપનો મેરૂ તથા ભદ્રશાલ વનનાં યોજન ... | ૫૪૦૦૦ |
| | કુલ સરવાળો કરતાં અઢીદ્વીપના પૂર્વ પશ્ચિમના યોજન. | ૪૫૦૦૦૦૦ |

હવે દક્ષિણોત્તર વિષ્કંભના ૪૫૦૦૦૦૦ (૪૫ લાખ) યોજનની વિગત આ પ્રમાણે છે:—

| | | |
|---|---|---|
| ૧. | પુષ્કરાર્ધમાં બે બાજુના બે ઈક્ષુકાર પર્વત જગતી સાથે પ્રત્યેકના આઠ લાખ યોજન ... | ૧૬૦૦૦૦૦ |
| ૨. | કાલોદધિના પ્રત્યેક બાજુના આઠ-આઠ લાખ યોજન પ્રમાણે ગણતાં ... | ૧૬૦૦૦૦૦ |
| ૩. | ધાતકીખંડના ઈક્ષુકાર પર્વતની બન્ને બાજુની જગતી સહિતના ચાર લાખ યોજન પ્રમાણે ગણતાં ... | ૮૦૦૦૦૦ |

| | | |
|---|---|---|
| ૪. | લવણસમુદ્રની દરેક બાજુના બબ્બે લાખ યોજન પ્રમાણે ગણતાં ... | ૪૦૦૦૦૦ |
| ૫. | દક્ષિણ ભરતાર્ધ તથા દક્ષિણ ઐરવતાર્ધ પ્રત્યેકના ૨૨૯ યોજન અને એક યોજનના ઓગણીસ ભાગ કરીએ તેમાંના ત્રણ ભાગ ઉપર ... | ૪૫૮ ૬/૧૯ |
| ૬. | ભરતક્ષેત્રની અંદરના વૈતાઢ્યના પચાસ યોજન ... | ૫૦ |
| ૭. | ઐરવત ક્ષેત્રની અંદરના વૈતાઢ્યના પચાસ યોજન ... | ૫૦ |
| ૮. | દક્ષિણ ભરતાર્ધની અયોધ્યાનગરી પહોળાઈમાં નવ યોજન છે. ... | ૯ |
| ૯. | ઉત્તર ઐરાવતાર્ધની અયોધ્યાનગરી પહોળપણે નવયોજન છે. ... | ૯ |
| ૧૦. | ઉત્તર બાજુના ભરતાર્ધના યોજન ... | ૨૩૮ ૩/૧૯ |
| ૧૧. | દક્ષિણ બાજુના ઐરાવતાર્ધના યોજન ... | ૨૩૮ ૩/૧૯ |
| ૧૨. | ચુલ્લ હેમવંત પર્વતની પહોળાઈના યોજન ... | ૧૦૫૨ ૧૨/૧૯ |
| ૧૩. | શિખરી પર્વતની પહોળાઈના યોજન ... | ૧૦૫૨ ૧૨/૧૯ |
| ૧૪. | હેમવંત ક્ષેત્ર (યુગલીયાનું) ની પહોળાઈના ... | ૨૧૦૫ ૫/૧૯ |
| ૧૫. | ઐરણ્યવંત ક્ષેત્ર ( ,, ) ની પહોળાઈના ... | ૨૧૦૫ ૫/૧૯ |
| ૧૬. | મહા હિમવંત પર્વત દક્ષિણોત્તરની પહોળાઈના ... | ૪૨૧૦ ૧૦/૧૯ |
| ૧૭. | રૂપી પર્વતની દક્ષિણોત્તરની પહોળાઈના ... | ૪૨૧૦ ૧૦/૧૯ |
| ૧૮. | હરિવર્ષ ક્ષેત્ર (યુગલીયાનું) ની દક્ષિણોત્તરની પહોળાઈના ... | ૮૪૨૧ ૧/૧૯ |
| ૧૯. | રમયક્વર્ષ ક્ષેત્ર ( ,, ) ની દક્ષિણોત્તરની પહોળાઈના ... | ૮૪૨૧ ૧/૧૯ |
| ૨૦. | નિષધ પર્વતની દક્ષિણોત્તર પહોળાઈના ... | ૧૬૮૪૨ ૨/૧૯ |
| ૨૧. | નીલવંત પર્વતની દક્ષિણોત્તર પહોળાઈના ... | ૧૬૮૪૨ ૨/૧૯ |
| ૨૨. | દેવ કુરૂક્ષેત્ર (યુગલીયાનું) ની દક્ષિણોત્તર પહોળાઈના ... | ૧૧૮૪૨ ૨/૧૯ |
| ૨૩. | ઉત્તર કુરૂક્ષેત્ર (યુગલીયાનું) ની દક્ષિણોત્તર પહોળાઈના ... | ૧૧૮૪૨ ૨/૧૯ |
| ૨૪. | મેરૂ પર્વતનો દક્ષિણોત્તર વિષ્કંભ ... | ૧૦૦૦૦ |
| | અઢીદ્વીપના દક્ષિણોત્તર વિષ્કંભની કુલ યોજન સંખ્યાનો સરવાળો ... | ૪૫૦૦૦૦૦ |

હવે અઢીદ્વીપની વ્યાખ્યા કરે છે. જંબૂદ્વીપથી માંડીને માનુષોત્તર પર્વત સુધી અઢીદ્વીપ સમયક્ષેત્ર કહેવાય છે. તેમાં જે કોઈ શાશ્વતા પદાર્થ, નિત્ય પદાર્થ, ધ્રુવ પદાર્થ અવસ્થિત ભાવે છે તે સંક્ષેપથી એકતાલીસ બોલે અહીં બતાવીએ છીએ.

૧. પ્રથમ બોલમાં ખંડનું[૭] પ્રમાણ કહે છે. એક લાખ યોજનનો જંબૂદ્વીપ છે. તેના ૧૯૦ ખંડ થાય. તે આવી રીતે—પ્રથમ એક ખંડ ભરતક્ષેત્રનો જાણવો. તેવા જ બે ખંડ ચુલ્લ હેમવંત પર્વતના તથા ચાર ખંડ હેમવંત નામના યુગલીયાના ક્ષેત્રના તથા આઠ ખંડ મહા-હિમવંત પર્વતના તથા સોળ ખંડ હરિવાસ યુગલીયાના ક્ષેત્રના તથા બત્રીસ ખંડ નિષધ પર્વતના--એ રીતે ભરતક્ષેત્રથી માંડીને નિષધ પર્વત સુધી ત્રેંસઠ ખંડ થયા તેવા જ ત્રેંસઠ ખંડ ઐરવત ક્ષેત્રથી માંડીને નીલવંત પર્વત સુધી થાય છે અને ચોસઠ ખંડ પ્રમાણ મહા-વિદેહ ક્ષેત્ર છે. એમ સરવાળો કરતાં બધાં મળી એકસો નેવું ખંડનો જંબૂદ્વીપ છે. તે એકેક ખંડ પ૨૬ યોજન અને એક યોજનના ઓગણીસ ભાગ કરીએ તેવા છ ભાગ વધારે-એટલા પ્રમાણનો જાણવો. તેને એકસો નેવુંયે ગુણતાં બરાબર એક લાખ યોજનનો દક્ષિણોત્તર જંબૂ-દ્વીપ થાય તેની યંત્ર સ્થાપના :—

| ખંડ | ક્ષેત્રાદિના નામ | ખંડ | ક્ષેત્રાદિના નામ |
|---|---|---|---|
| ૧ | ભરત ક્ષેત્રનો ખંડ એક | ૩૨ | નીલવંત પર્વતના ખંડ બત્રીસ |
| ૨ | ચુલ્લ હિમવંત પર્વતના ખંડ બે | ૧૬ | રમ્યક્ ક્ષેત્ર યુગલીયાના ખંડ સોળ |
| ૪ | હેમવંત યુગલીયાના ક્ષેત્રના ખંડ ચાર | ૮ | રૂપી પર્વતના ખંડ આઠ |
| ૮ | મહાહિમવંત પર્વતના ખંડ આઠ | ૪ | ઐરણ્યવંત ક્ષેત્ર યુગલીયાના ખંડ ચાર |
| ૧૬ | હરિવાસ યુગલ ક્ષેત્રના ખંડ સોળ | ૨ | શિખરી પર્વતના ખંડ બે |
| ૩૨ | નિષધ પર્વતના ખંડ બત્રીસ | ૧ | ઐરવત ક્ષેત્રનો ખંડ એક |
| ૬૪ | મહાવિદેહ ક્ષેત્રના ખંડ ચોસઠ | | |
| | | ૧૯૦ | |

૨. બીજા બોલમાં યોજન પ્રમાણ કહે છે :— જંબૂદ્વીપના દક્ષિણ દરવાજાથી માંડીને ચુલ્લ હેમવંત પર્વતના ઋષભકૂટ સુધી પ૨૬ યોજન અને છ કળા પ્રમાણે ભરત ક્ષેત્ર છે તથા ૧૦૫૨ યોજન અને ૧૨ કળા પ્રમાણે પહોળો હિમવંત પર્વત છે તથા ૨૧૦૫ યોજનને પાંચ કળા પ્રમાણે પહોળો હેમવંત યુગલ ક્ષેત્ર છે તથા ૪૨૧૦ યોજન અને દશ કળા પ્રમાણે પહોળો મહાહિમવંત પર્વત છે; ૮૪૨૧ યોજન અને એક કળા પ્રમાણે પહોળું હરિવાસ યુગલીયાનું ક્ષેત્ર છે; ૧૬૮૪૨ યોજન અને બે કળા પ્રમાણે પહોળો નિષધ પર્વત છે. એ જ પ્રમાણે ઐરવત ક્ષેત્રથી માંડીને નીલવંત પર્વત સુધી પણ એટલી મર્યાદા જાણવી. નિષધ— પર્વતથી માંડી

૭. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, વક્ષ. ૬

૮. ઓગણીસ કળાનો એક યોજન થાય છે.— (એક યોજનનો ૧૯મો ભાગ) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, વક્ષ ૬.

નીલવંત પર્વત સુધી ૩૩૬૮૪ યોજન અને ચાર કળા વધારે એટલો મહાવિદેહક્ષેત્ર પહોળો છે. કુલ સરવાળો કરતાં ઉત્તર-દક્ષિણ જંબૂદ્વીપના એક લાખ યોજન થયા, તેનો યંત્ર આ પ્રમાણે છે :–

| ક્ષેત્રાદિકના નામ | પહોળાઈ યોજન | કળા | ક્ષેત્રાદિકના નામ | પહોળાઈ યોજન | કળા |
|---|---|---|---|---|---|
| ભરત ક્ષેત્ર | ૫૨૬ | ... ૬ | હૈરણ્યવત યુગલ ક્ષેત્ર | ૨૧૦૫ | ... ૫ |
| ચુલ્લ હિમવંત પર્વત | ૧૦૫૨ | ... ૧૨ | હરિવાસ યુગલ ક્ષેત્ર | ૮૪૨૧ | ... ૧ |
| હૈમળંત યુગલક્ષેત્ર | ૨૧૦૫ | ... ૫ | નિષધ પર્વત | ૧૬૮૪૨ | ... ૨ |
| મહાહિમવંત પર્વત | ૪૨૧૦ | ... ૧૦ | મહાવિદેહ ક્ષેત્ર | ૩૩૬૮૪ | ... ૪ |
| નીલવંત પર્વત | ૧૬૮૪૨ | ... ૨ | શિખરી પર્વત | ૧૦૫૨ | ... ૧૨ |
| રમ્યકક્ષેત્ર યુગલીયાનું | ૮૪૨૧ | ... ૧ | ઐરવત ક્ષેત્ર | ૫૨૬ | ... ૬ |
| રૂક્મિ (રૂપી) પર્વત | ૪૨૧૦ | ... ૧૦ | | | |
| | | | કુલ સરવાળો | ૧૦૦૦૦૦ યોજન | |

૩. ત્રીજે બોલે ગણિતપદ કહે છે. સાતસો નેવું કરોડ છપ્પન લાખ ચોરાણું હજાર અને એકસો પચાસ યોજનથી કંઈક વિશેષ એટલું જંબૂદ્વીપનું પદ છે.

૪. ચોથે બોલે પરિધિ કહે છે. ત્રણલાખ સોળ હજાર બસો સત્તાવીસ યોજન, ત્રણ ગાઉ, એકસો અઠ્ઠાવીસ ધનુષ્ય અને તેર આંગળ ઝાઝેરી એટલી જંબૂદ્વીપની પરિધિ જાણવી તથા પંદર લાખ એકયાસી હજાર એકસો ઓગણચાળીસ યોજનથી કંઈક ન્યૂન એટલી લવણ સમુદ્રની પરિધિ જાણવી તથા એકતાલીસ લાખ દશ હજાર નવસો ને એકસઠ યોજન એટલી ધાતકીખંડની પરિધિ જાણવી. તેમ જ એકાણુ લાખ સિત્તોર હજાર બસો પાંચ યોજનથી કંઈક વિશેષાધિક[૯] એટલી કાલોદધિની પરિધિ જાણવી અને એક કરોડ બેતાળીસ લાખ ત્રીસ હજાર બસો ઓગણપચાસ યોજન એટલી આભ્યંતર પુષ્કરાર્ધની પરિધિ જાણવી.

૫. પાંચમે બોલે પૂર્વથી દક્ષિણ સુધીના, દક્ષિણથી પશ્ચિમ ઉત્તર સુધીના દ્વારે દ્વારનું અન્તર કહે છે. અગણ્યાએંશી (૭૯) હજાર બાવન યોજન એક ગાઉ પંદરસો બત્રીસ ધનુષ્ય અને ત્રણ આંગળ આટલું જંબૂદ્વીપના એક દરવાજેથી બીજા દરવાજાનું અંતર જાણવું. ત્રણ-લાખ, પંચાણુ હજાર બસો એંસી યોજન અને એક ગાઉ-આટલું લવણ સમુદ્રના એક દરવા-જેથી બીજા દરવાજાનું અંતર જાણવું. દશ લાખ સત્તાવીસ હજાર સાતસો પાંત્રીસ યોજન અને ત્રણ ગાઉ-આટલું ધાતકીખંડના એક દરવાજેથી બીજાદરવાજાનું અંતર જાણવું. બાવીસ

* વધારે ૯. કોઈ પણ સંખ્યાને બે થી ગુણતાં જે સરવાળો આવે તેમાંથી એકપણ સંખ્યા ઓછી હોય તે સંખ્યાને વિશેષાધિક કહે છે. જેમકે ૧૦૦×૨=૨૦૦. એટલે કે ૧૦૧ થી લઇને ૧૯૯ સુધીની સંખ્યાને વિશેષાધિક કહે છે.

લાખ બાણુહજાર છસો છેંતાળીસ યોજન અને ત્રણ ગાઉ-આટલું કાલોદધિના એક દરવાજેથી બીજા દરવાજાનું અંતર જાણવું. પુષ્કરાર્ધના દરવાજા નથી પણ આખો પુષ્કરવરદ્વીપ સોળ લાખ યોજનનો છે. તેને દરવાજા છે. પરંતુ અર્ધદ્વીપને દરવાજા નથી.

પ્રત્યેક દ્વીપ-સમુદ્રની પારિધિના યોજનનો ચોથો ભાગ કરી તેમાંથી દરવાજાના બારણાના સાડાચાર યોજન બાદ કરતાં જેટલા યોજન બાકી રહે તેટલું એક દરવાજાથી બીજા દરવાજાનું અંતર જાણવું.

જંબૂદ્વીપના[૧૦] ચાર દરવાજાના નામ આ પમાણે છે:–
(૧) પૂર્વમાં વિજય (૨) દક્ષિણમાં વૈજયંત, (૩) પશ્ચિમમાં જયંત અને (૪) ઉત્તરમાં અપરાજિત. આ ચાર દરવાજાના નામે ચાર દ્વારપાલોના પણ એ જ નામો છે. જંબૂદ્વીપનો કોટ મૂળમાં બાર યોજન પહોળો છે તથા મધ્યભાગમાં આઠ યોજન પહોળો છે અને ઉપર ચાર યોજન પહોળો છે. બધા દરવાજા આઠ યોજન ઊંચા છે અને ચાર યોજન પહોળાં બારણા છે. બન્ને બાજુ એકેક ગાઉની બારશાખ છે. જંબૂદ્વીપના દરવાજાની સામે ચારેકોર એકસરખા સમાંતર સર્વ અસંખ્યાતા દ્વીપસમુદ્રના દરવાજા છે. તે સર્વ દ્વીપ સમુદ્રોના દરવાજાના નામ એના એ જ જાણવા.

૬. છઠ્ઠે બોલે[૧૧] વર્ષધર ક્ષેત્ર કહે છે. પહેલું ભરત, બીજું હૈમવત યુગલક્ષેત્ર, ત્રીજું હરિવાસ યુગલક્ષેત્ર, ચોથું ઐરાવત, પાંચમું ઐરણ્યવત યુગલક્ષેત્ર, છટ્ઠું રમ્યક્ યુગલક્ષેત્ર, અને સાતમું મહાવિદેહ ક્ષેત્ર. એ સાત જંબૂદ્વીપમાં તથા ધાતકીખંડમાં એનાથી બમણાં ચૌદ વર્ષધર ક્ષેત્ર છે અને પુષ્કરાર્ધમાં પણ ધાતકીખંડની જેમ ચૌદ વર્ષધર છે. એ બધાં મળી અઢી દ્વીપમાં કુલ પાંત્રીસ વર્ષધર ક્ષેત્રો છે. એની લંબાઈ તથા પહોળાઈનું પ્રમાણ આગળ ઉપર કહેવાશે.

૭. સાતમે બોલે[૧૨] વર્ષધર પર્વત કહે છે. (૧) હિમવંત, (૨) મહાહિમવંત, (૩) નિષધ, (૪) શિખરી, (૫) રૂપી (રૂકિમ), (૬) નીલવંત અને (૭) મેરૂ આ સાત જંબૂદ્વીપમાં છે. ધાતકીખંડમાં એનાથી બમણા ચૌદ છે. તે બધા જંબૂદ્વીપના વર્ષધર પ્રમાણે ઊંચા છે પણ લંબાઈમાં ચાર-ચાર લાખ યોજન છે.

હવે પહોળાઈ કહે છે:–બે હિમવંત અને બે શિખરી એ ચાર પર્વતો બે હજાર એકસો પાંચ યોજન અને પાંચ ભાગ તથા બે મહાહિમવંત અને બે રૂપી એ ચાર પર્વતો આઠ હજાર ચારસો એકવીસ યોજન અને એક ભાગ છે. બે નિષધ અને બે નીલવંત એ ચાર પર્વતો તેત્રીસ હજાર છસો ચોરાસી યોજન ઉપરાંત ચાર ભાગ છે. હવે પુષ્કરાર્ધમાં પણ જંબૂદ્વીપથી બમણા એટલે કે ચૌદ પર્વતો છે. તે બધા લંબાઈમાં આઠ લાખ યોજન પ્રમાણ

---

૧૦. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, વક્ષ૦૧

૧૧. (અ) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ૦૬ સૂત્ર ૧૨૫, (બ) ઠા. ૭ સૂત્ર ૫૫૫ (ક) સમ. ૭ સૂત્ર ૫.

૧૨. ઠા. ૬, ઉ૦. ૩, સૂત્ર ૫૨૨ અને ઠા. ૭. સૂત્ર ૫૫૫.

છે અને પહોળાઈમાં બે હેમવંત તથા બે શિખરી એમ આ ચાર પર્વતો ચાર હજાર બસો દસ યોજન અને ૧૦ ભાગ છે તથા બે મહાહિમવંત અને બે રૂપી (રૂક્મિ) એ ચાર પર્વતો સોળ હજાર આઠસો બેંતાળીસ યોજન ઉપર બે ભાગ છે તથા બે નિષધ અને બે નીલવંત મળી ચાર પર્વત સડસઠ હજાર ત્રણસો અડસઠ યોજન ઉપર આઠ ભાગ છે.

હવે પાંચ મેરૂની ઊંચાઈ તથા પહોળાઈ કહે છે:—પ્રથમ [13]જંબૂદ્વીપનો મેરૂ એક હજાર યોજન ધરતીમાં ઊંડો છે અને નવ્વાણું હજાર યોજન ઉપર ઊંચો છે. સરવાળે કુલ એક લાખ યોજન ઊંચો છે. મેરૂના મૂળના નીચલા છેડાથી સમતલ ભૂમિ (પૃથ્વી) એક હજાર યોજન ઊંચી છે. તે સમતલ ભૂમિથી પાંચસો યોજન ઊંચું નંદનવન છે તથા નંદનવનથી સાડા બાસઠ હજાર યોજન ઊંચું સૌમનસ વન છે. તે સૌમનસ વનથી છત્રીસ હજાર યોજન ઊંચું પંડકવન છે. આ રીતે એક લાખ યોજન ઊંચાઈના થયા. તેની ઉપર ચાળીસ યોજનની ઊંચી ચૂલિકા છે. તે ચોટલી જેવી છે. આ પ્રમાણે મેરૂની ઊંચાઈ કહી. હવે પહોળાઈ કહે છે:-

મૂળ ધરતીમાં દસહજાર ને નેવું યોજન ઉપરાંત એક યોજનના અગિયાર ભાગ કરીએ તેમાંના દશ ભાગ-આટલી પહોળાઈ છે. પછી ત્યાંથી પ્રદેશે પ્રદેશે ઘટતાં-ઘટતાં સમભૂમિ આગળ બરાબર દશ હજાર યોજનની પહોળાઈ છે તથા નંદનવન પાસે ૯૯૫૪ યોજન અને એક યોજનના અગિયાર ભાગ કરીએ તે પૈકી છ ભાગ ઉપર (વધારે) એટલી પહોળાઈ છે તથા સૌમનસવન આગળ ૪૨૭૨ યોજન ઉપરાંત અગિયાર ભાગમાંના આઠ ભાગ એટલો મેરૂનો વિષ્કંભ છે તેમજ પંડકવન પાસે ૧૦૦૦ યોજન મેરૂનો વિષ્કંભ છે. હવે ધાતકીખંડના બે તથા પુષ્કરાર્ધના બે મેરૂ મળી ચાર મેરૂ તે પ્રત્યેક એક હજાર યોજન પૃથ્વીમાં છે અને ચોરાસી હજાર યોજન ઉપર છે. કુલ પંચાસી હજાર યોજન ઊંચપણે છે. એ ચારે મેરૂ ઉપર ચૂલિકા નથી. આ પ્રમાણે અઢીદ્વીપમાં ૩૫ વર્ષધર પર્વતો છે.

૮. આઠમે બોલે અઢીદ્વીપની અંદર રહેલા શાશ્વત પર્વતોની સંખ્યા કહે છે:— તેમાં પ્રથમ જંબૂદ્વીપના પર્વતો કહે છે. સાત વર્ષધર પર્વતો પૂર્વે કહ્યા તે જાણવા અને ચોત્રીસ વૈતાઢ્ય પર્વતો છે. તે આ પ્રમાણે છે:- એક ભરત ક્ષેત્રના મધ્યનો, બીજો ઐરવત ક્ષેત્રના મધ્યનો તથા બત્રીસ વિજય મહાવિદેહના, તેમાં બત્રીસ વૈતાઢ્ય છે. આ પ્રમાણે ચોત્રીસ વૈતાઢ્ય થયા. ચાર યુગલીયાના ક્ષેત્રની વચમાં ચાર ગોળ વૃત્ત વૈતાઢ્ય છે તથા કુરૂક્ષેત્રના યમક, સમક, ચિત્ર અને વિચિત્ર એ ચાર. નીલવંતના બે ગજદંતા અને નિષધના બે ગજદંતા મળી કુલ ચાર ગજદંત પર્વતો. નિષધની નીચે પાંચકુંડની બન્ને પડખે ૧૦૦ કંચનગિરિ છે અને નીલવંતની નીચે પાંચકુંડની બન્ને બાજુમાં ૧૦૦ કંચનગિરિ છે. કુલ મળી બસો કંચનગિરિ છે. મહાવિદેહમાં પૂર્વ પશ્ચિમના મળી સોળ વક્ષસ્કાર પર્વતો છે. એ સર્વ મળી ૨૬૯ પર્વતો જંબૂદ્વીપમાં થયા. એનાથી બમણા ૫૩૮ ધાતકીખંડમાં છે. તેની સાથે બે ઈક્ષુકાર ઉમેરીએ ત્યારે ૫૪૦ પર્વતો થાય. ધાતકીખંડની જેમ પુષ્કરાર્ધના પણ

૧૩. (અ) સમ. ૯૯ સૂત્ર. ૧, (બ) સમ. ૮૫ સૂત્ર-૨, (ક) ઠા. ૧૦ સૂત્ર ૭૨૧ (ડ) સમ. ૮૪ સૂત્ર ૬.

૫૪૦ પર્વતો જાણવા તથા લવણસમુદ્રમાં ચાર દિશાના વેલંધર-અનુવેલંધર દેવોના આઠ પર્વતો તેમાં ભેળવીએ ત્યારે કુલ ૧૩૫૭ શાશ્વત પર્વતો અઢીદ્વીપમાં થાય છે.

૯. નવમે બોલે અઢીદ્વીપના શાશ્વત કૂટ કહે છે:— તેમાં પ્રથમ જંબૂદ્વીપમાં ૨૬૯ પર્વતો છે. તે ઉપર જે કૂટ છે તે કહે છે:— વૈતાઢ્ય પર્વત ૩૪ છે. તે ઉપર પ્રત્યેકના [૧૪]નવ નવ કૂટ ગણતાં ૩૦૬ થયા. [૧૫]હિમવંતની ઉપર અગિયાર, [૧૬]મહાહિમવંતની ઉપર આઠ, [૧૭]નિષધની ઉપર નવ, [૧૮]શિખરી પર્વતની ઉપર અગિયાર, [૧૯]રૂપી (રૂકમી) પર્વત ઉપર આઠ તથા [૨૦]નીલવંત ઉપર નવ કૂટ તથા બે ગજદંત ઉપર નવ-નવ અને બે ગજદંત ઉપર સાત-સાત મળી ચાર ગજદંતના બત્રીસ કૂટ તથા સોળ વક્ષસ્કાર પર્વતો ઉપર પ્રત્યેકના ચાર ચાર કૂટ ગણતાં ૬૪ થાય તથા [૨૧]મેરૂ પર્વતના નવ કૂટ છે. આ પ્રમાણે સરવાળો કરતાં એકસઠ પર્વતના ૪૬૭ કૂટ થયા અને [૨૨]યમકાદિ ચાર તથા વૃત્તવૈતાઢ્ય ચાર એમ આઠ પર્વતો ઉપર કૂટ નથી. ધાતકીખંડમાં આનાથી બમણા ૯૩૪ અને પુષ્કરાર્ધમાં પણ ૯૩૪ મળી કુલ ૨૩૩૫ કૂટ અઢીદ્વીપમાં છે.

૧૦. દશમે બોલે:—ચક્રવર્તી જ્યાં પોતાનું નામ લખે છે તેને ઋષભકૂટ કહે છે. જંબૂદ્વીપમાં બત્રીસ વિજયના નીલવંત પર્વત પાસે સોળ કૂટ છે તથા નિષધ પર્વત પાસે સોળ કૂટ છે. કુલ મળીને બત્રીસ થયા. તેમજ ભરતક્ષેત્રના[૨૩] હિમવંત પર્વત પાસે એક કૂટ છે અને ઐરવત ક્ષેત્રના શિખરીપર્વત પાસે એક કૂટ છે. આ પ્રમાણે સરવાળો કરતાં ચોત્રીસ ઋષભકૂટ જંબૂદ્વીપમાં છે. તેનાથી બમણા અડસઠ કૂટ ધાતકીખંડમાં છે તથા અડસઠ કૂટ પુષ્કરાર્ધમાં છે. કુલ મળી અઢીદ્વીપમાં ૧૭૦ ઋષભકૂટ છે.

૧૧. અગિયારમે બોલે:—ત્રણ ખંડ સાધીને વાસુદેવ જે શિલા ઉપાડે છે તેને કોટિશિલા કહે છે, તેવી શિલા જંબૂદ્વીપમાં ચોત્રીસ છે તથા ધાતકીખંડમાં તેથી બમણી અડસઠ અને પુષ્કરાર્ધમાં પણ અડસઠ કુલ મળી અઢીદ્વીપમાં ૧૭૦ કોટિશિલા છે.

૧૨. બારમે બોલે:—પ્રત્યેક વૈતાઢ્ય પર્વત દીઠ [૨૪]તમસ અને ખંડપ્રપાત એવી બબ્બે ગુફાઓ છે, તેવી જંબૂદ્વીપમાં ચોત્રીસ વૈતાઢ્યની અડસઠ ગુફાઓ છે. ધાતકીખંડમાં અડસઠ વૈતાઢ્યની એકસો છત્રીસ અને પુષ્કરાર્ધમાં પણ એકસો છત્રીસ મળી અઢીદ્વીપમાં કુલ ૩૪૦ ગુફાઓ છે.

૧૩. તેરમે બોલે [૨૪]બિલની સંખ્યા કહે છે:– પ્રથમ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રની ગંગા અને સિંધુ એ બે નદીના બોંતેર બિલ તથા ઐરવત ક્ષેત્રની રકતા અને રકતવતીના બોંતેર બિલ; તેમ જ બત્રીસ વિજયમાં પણ પ્રત્યેક વિજયની ગંગા અને સિન્ધુ એ બે નદીના-બોંતેર–બોંતેર

૧૪. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ. ૧, સૂત્ર ૧૨. ૧૫. ઠા. ૨ ઉ. ૩ સૂત્ર ૮૭. ૧૬. [અ]ઠા. ૮ ઉ. ૩, સૂત્ર ૬૪૩, [બ] ઠા. ૨ ઉ. ૩, સૂત્ર ૮૭. ૧૭. ઠા. ૨ ઉ. ૩, સૂત્ર ૮. ૧૮. [અ] ઠા. ૨ ઉ. ૩, સૂત્ર ૮૭, [બ] ઠા. ૬-સૂત્ર ૫૨૨. ૧૯. [અ] ઠા. ૮ ઉ. ૩, સૂત્ર ૬૪૩, [બ] ઠા. ૨ ઉ. ૩ સૂત્ર ૮૭. ૨૦. [અ] ઠા. ૬ સૂત્ર ૬૮૯, [બ] ઠા. ૨ ઉ. ૩, સૂત્ર ૮૭. ૨૧. ઠા. ૯ સૂત્ર ૬૮૯. ૨૨. દેવકુરુ અને ઉત્તરકુરુ એ બંનેમાં બબ્બે યમક છે. [અ] જીવા. સૂત્ર ૧૪૮, [બ] સમવાયાંગ સૂત્ર ૧૦૦૦ મો સમવાય. ૨૩. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ. ૧ ૨૪. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ. ૧ ૨૫. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૨.

ગણતાં ૨૩૦૪ બિલ મહાવિદેહમાં છે, એટલે કુલ સરવાળો કરતાં જંબૂદ્વીપમાં ૨૪૪૮ તથા ધાતકીખંડમાં ૪૮૯૬ અને પુષ્કરાર્ધમાં પણ ૪૮૯૬ કુલ મળી અઢીદ્વીપમાં ૧૨૨૪૦ બિલ છે.

૧૪. ચૌદમે બોલે માગધાદિ તીર્થની સંખ્યા કહે છે:—તેમાં પ્રથમ જંબૂદ્વીપમાં માગધ, વરદામ અને પ્રભાસ એ ત્રણ તીર્થ ચક્રવર્તી સાધે છે. તેમાં ભરતનાં ત્રણ [૨૬]તીર્થ દક્ષિણ દરવાજે સમુદ્રમાં છે અને ઐરવતના ત્રણ તીર્થ ઉત્તર દરવાજે સમુદ્રમાં છે. આમ છ તીર્થ થયા તથા પૂર્વ મહાવિદેહની સોળ વિજય છે. ત્યાં સામસામે આઠ-આઠ વિજય વચ્ચે સીતા નદીમાં સામ-સામે ત્રણ ત્રણ તીર્થ ગણતાં સોળ ત્રિ અડતાળીસ તીર્થ સીતા નદીમાં અને પશ્ચિમ મહાવિદેહની સોળ વિજય છે. ત્યાં સામસામે આઠ-આઠ વિજય વચ્ચે સીતોદા નદીમાં સામ-સામે ત્રણ-ત્રણ તીર્થ ગણતાં સોળ ત્રિ અડતાળીસ તીર્થ શીતોદા નદીમાં છે. બધાં મળી છન્નું તીર્થ મહાવિદેહમાં થયા. તેની સાથે પૂર્વોક્ત ભરત અને ઐરવતના છ ભેળવતાં કુલ ૧૦૨ તીર્થ જંબૂદ્વીપમાં છે. તેનાથી બમણા ૨૦૪ ધાતકીખંડના અને ૨૦૪ પુષ્કરાર્ધના મળી અઢીદ્વીપમાં કુલ ૫૧૦ તીર્થ છે.

૧૫. પંદરમે બોલે ખંડની સંખ્યા કહે છે:— પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહને બત્રીસ વિજયથી ગુણતાં એકસો ને સાઠ સ્થાન થાય. તેમાં પૂર્વોક્ત પાંચ ભરત અને પાંચ ઐરવતના દશ સ્થાન ઉમેરતાં કુલ ૧૭૦ સ્થાનક અઢીદ્વીપમાં થાય. તે પ્રત્યેક સ્થાનમાં છ-છ ખંડ છે તેથી એકસો સીત્તોરને છ એ ગુણતાં ૧૦૨૦ ખંડ થયા. તેમાં જંબૂદ્વીપમાં ૨૦૪, ધાતકીખંડદ્વીપમાં ૪૦૮ અને પુષ્કરાર્ધદ્વીપમાં ૪૦૮ જાણવા.

૧૬. સોળમે બોલે છ ખંડમાં બત્રીસ હજાર દેશ હોય છે, તેથી એકંદર કુલ દેશ સંખ્યા કહે છે:- જંબૂદ્વીપમાં એક ભરત, બીજું ઐરવત અને બત્રીસ વિજય મળી ચોત્રીસ સ્થાન છ-છ ખંડમાં છે. તે પ્રત્યેક સ્થાનકના ૩૨૦૦૦ દેશ ગણતાં ૧૦૮૮૦૦૦ દેશ જંબૂદ્વીપમાં છે તથા ૨૧૭૬૦૦૦ દેશ ધાતકીખંડમાં છે તથા ૨૧૭૬૦૦૦ દેશ પુષ્કરાર્ધમાં છે. કુલ સરવાળો કરતાં અઢીદ્વીપમાં ૫૪૪૦૦૦૦ દેશ છે.

૧૭. સત્તરમે બોલે છ ખંડમાં પાંચ અનાર્ય ખંડ અને એક આર્યખંડ છે. તેમાં આર્યખંડમાં અયોધ્યા નગરી છે. તેની સંખ્યા કહે છે:— જંબૂદ્વીપમાં ચોવીસ અયોધ્યા, ધાતકીખંડમાં અડસઠ અને પુષ્કરાર્ધમાં અડસઠ મળી એકસો સીત્તોર અયોધ્યા અઢીદ્વીપમાં છે અને આર્યખંડ પણ એકસો સીત્તોર છે. તે અયોધ્યા નગરી બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી છે. આ જ પ્રમાણે સર્વ અયોધ્યાની આ જ મર્યાદા જાણવી. ત્યાં જે આર્યખંડ હોય છે તેમાં ધર્મ હોય છે અને તેમાં જ તીર્થંકર, ગણધર, ચક્રી, બલદેવ, વાસુદેવ પ્રમુખ ત્રેસઠ શલાકા (શ્લાઘ્ય) પુરુષ ઉત્પન્ન થાય છે. તેમાંથી જ મોક્ષગમન થાય છે. પાંચ અનાર્ય ખંડમાં ધર્મ ન હોય કારણ કે ત્યાં સર્વ મ્લેચ્છ ઉત્પન્ન થાય છે.

૧૮. અઢારમા બોલે-કયા ખંડમાં કેટલા દેશ હોય તે કહે છે:—ત્યાં છ ખંડમાં બધા મળી ૩૨૦૦૦ દેશ હોય. તેમાં પાંચ અનાર્યખંડમાં-પ્રત્યેકમાં ૫૩૩૬ દેશ હોય અને છઠ્ઠા આર્ય-

૨૬. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ. ૩.

ખંડમાં ૫૩૨૦ દેશ હોય છે. તેમાં સાડા પચીસ (૨૫½) દેશ આર્ય અને બીજા અનાર્ય દેશ જાણવા. આ રીતે અઢીદ્વીપના સર્વે ખંડોમાં દેશની મર્યાદા જાણવી.

૧૯. ઓગણીસમે બોલે વિદ્યાધરો તથા આભિયોગિક દેવોની [૨૭] શ્રેણીઓ વૈતાઢ્ય દીઠ કહે છે:— ત્યાં પ્રત્યેક વૈતાઢ્યના ત્રણ-ત્રણ કાંડ છે. તેમાં સમતલ ભૂમિથી દશ યોજને પ્રથમ કાંડ છે. તેના દક્ષિણ પડખે પચાસ નગર અને ઉત્તર પડખે સાઠ નગર વિદ્યાધરોના છે. આમ બબ્બે શ્રેણી એકેક વૈતાઢ્યની લેવી. તે પ્રમાણે ગણતાં જંબૂદ્વીપમાં ચોત્રીસ વૈતાઢ્યની ૬૮ શ્રેણી તથા ધાતકીખંડમાં ૧૩૬ અને પુષ્કરાર્ધમાં ૧૩૬. કુલ મળી ૩૪૦ શ્રેણી વિદ્યાધરની છે. હવે વૈતાઢ્યના પ્રથમ કાંડથી દશ યોજન ઉપર બીજો કાંડ છે. ત્યાં દક્ષિણ-ઉત્તર બન્ને પડખે આભિયોગિક દેવોની બે શ્રેણીઓ છે. તેથી પૂર્વોક્ત રીતે એની પણ ૩૪૦ શ્રેણી અઢીદ્વીપમાં છે. એ બન્નેની શ્રેણીઓ એકઠી કરતાં કુલ ૬૮૦ શ્રેણીઓ અઢીદ્વીપમાં છે.

૨૦. વીસમે બોલે દ્રહ (હ્રદ) સંખ્યા કહે છે:— તેમાં પ્રથમ જંબૂદ્વીપમાં સોળ દ્રહ છે તે બતાવે છે:—

પ્રથમ હિમવંત પર્વત ઉપર [૨૮] પદ્મદ્રહ છે, બીજો મહાહિમવંત ઉપર [૨૯] મહાપદ્મદ્રહ છે, ત્રીજો નિષધ પર્વત ઉપર [૩૦] તિગિચ્છદ્રહ છે, ચોથો શિખરીપર્વત ઉપર પુંડરીકદ્રહ છે, પાંચમો રૂપી પર્વત ઉપર મહાપુંડરીકદ્રહ છે, છઠ્ઠો નીલવંત પર્વત ઉપર કેશરીદ્રહ છે. આ પ્રમાણે છ [૩૧] દ્રહ તો પર્વતોની ઉપર છે. હવે દશ દ્રહો બીજા બતાવે છે.

ત્યાં નિષધપર્વત ઉપરથી શીતોદા નદી પૃથ્વી ઉપર પડે છે. તે પ્રથમ દ્રહથી બીજા, ત્રીજા, ચોથા અને પાંચમાં દ્રહમાં પડે છે. પહેલો નિષધદ્રહ, બીજો દેવકુરુદ્રહ, ત્રીજો સુરપ્રભદ્રહ, ચોથો સુલસદ્રહ અને પાંચમો વિદ્યુત્પ્રભ દ્રહ એ પાંચ દ્રહ મૂકી પછી આગળ ચાલી છે, માટે એ પાંચ દ્રહ જાણવા. તેવી જ રીતે નીલવંત પર્વત ઉપરથી સીતાનદી ધરતી ઉપર પડે છે. તે પ્રથમ દ્રહથી બીજા, ત્રીજા, ચોથા અને પાંચમામાં પડીને આગળ ચાલી છે. તે [૩૨] પાંચકુંડદ્રહના નામ આ પ્રમાણે છે:— (૧) નીલવંત દ્રહ, (૨) ઉત્તરકુરૂ દ્રહ, (૩) ચંદ્રદ્રહ, (૪) ઐરવત દ્રહ, (૫) માલ્યવંત દ્રહ. આ પ્રમાણે આ દશ દ્રહ ધરતી ઉપર છે તે પૂર્વોક્ત છ સાથે ભેળવતાં કુલ સોળ દ્રહ જંબૂદ્વીપમાં છે અને તેથી બમણા એટલે બત્રીસ દ્રહ ધાતકીખંડમાં છે તથા બત્રીસ દ્રહ પુષ્કરાર્ધના મળી અઢીદ્વીપમાં ૮૦ દ્રહ છે.

૨૧. એકવીસમે બોલે દ્રહોની [૩૩] દેવીઓ કહે છે:—પ્રથમ હિમવંત પર્વત ઉપર પદ્મ દ્રહ છે. એની મધ્યના એક મુખ્ય મોટા કમળ પાછળ બીજા લઘુકમળના છ વલય છે. તેના ૧૨૦૫૦૧૨૦ આટલા લઘુકમળોથી વીંટળાયેલું તે મોટું કમળ છે. તે ઉપર શ્રીદેવી રહે છે. તે પદ્મદ્રહ ઊંડો દશ યોજન, પહોળો પાંચસો યોજન અને લાંબો એક હજાર યોજન છે. તે ઉપર શ્રીદેવી રહે છે તે ભવનપતિદેવોની જાતિની છે. હવે બીજો મહાહિમવંત પર્વત ઉપર મહાપદ્મ

---

૨૭. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, વક્ષ૦૧ ૨૮ ઠા. ૨-૩. ૩ સૂત્ર ૮૮. ૨૯. સમ. ૧૧૫ ૩૦. (૧) જંબૂદ્વીપ વક્ષ૦૪ સૂત્ર ૮૩, (૨) ઠા. ૩ સૂત્ર ૮૮. ૩૧. ઠા. ૬, ૩, સૂત્ર ૫૨૨ ૩૨. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, વક્ષ. ૪. ૩૩. ઠા. – ક. ઉ. ૩ સૂત્ર ૨૨૫.

દ્રહ છે. તે દશ યોજન ઊંડો, હજાર યોજન પહોળો અને બે હજાર યોજન લાંબો છે. તેના મધ્યના એક મુખ્ય મોટા કમળ પાછળ લઘુ કમળોના ૧૨ વલય છે. તેના ૨૪૧૦૦૨૪૦ આટલા લઘુ કમળોથી તે વીંટળાયેલું છે. તે ઉપર હ્રીદેવીનો વાસ છે. ત્રીજા નિષધ પર્વત ઉપર તિગિચ્છ દ્રહ છે. તેની મધ્યનું મુખ્ય કમળ ચોવીસ વલયથી વીંટળાયેલું છે. તેમાં ૪૮૨૦૦૪૮૦ આટલા લઘુકમળો છે. ત્યાં ધૃતિદેવીનો નિવાસ છે. તેનું આયુષ્ય એક પલ્યનું છે. એ દ્રહ દશ યોજન ઊંડો, બે હજાર યોજન પહોળો અને ચાર હજાર યોજન લાંબો છે.

હવે ઐરવત ક્ષેત્રથી શિખરી પર્વત ઉપર પુંડરીકદ્રહ છે. તે હિમવંત પર્વતના પદ્મદ્રહની જેવો જ છે. તેમાં શ્રી લક્ષ્મીદેવીનો નિવાસ છે. તેનું આયુષ્ય એક પલ્યનું છે. પાંચમા રૂપી પર્વત ઉપર મહાપુંડરીક દ્રહ છે. તે મહાહિમવંત પર્વતના મહાપદ્મદ્રહની જેવો જ છે. તેમાં બુદ્ધિ નામની દેવીનું નિવાસસ્થાન છે. તેનું પણ એક પલ્યનું આયુષ્ય છે. છઠ્ઠા નીલવંત પર્વત ઉપર કેશરીદ્રહ છે. તે નિષધ પર્વતના તિગિચ્છ દ્રહની જેવો છે. તેમાં કીર્તીદેવીનું નિવાસ-સ્થાન છે. તેનું પણ એક પલ્યનું આયુષ્ય છે. આ છ દ્રહ વર્ષધર પર્વતો ઉપર છે તેની દેવીઓ કહી.

હવે પૃથ્વી ઉપરના દશ કુંડદ્રહો છે. તેમાં દેવતાઓના નિવાસ છે. જે રીતે પર્વત ઉપર લક્ષ્મીદેવી વગેરેની સંકલના બતાવી તે રીતે દેવકુરૂ-ઉત્તર કુરૂમાં મોટું જંબૂવૃક્ષ છે. તે પણ એટલા જ લઘુ જંબૂવૃક્ષોથી વીંટળાયેલું છે, તે આગળ બતાવશું. આ પ્રમાણે જંબૂદ્વીપમાં છ દેવીઓ તથા દશ દેવતા છે. ધાતકીખંડમાં એથી બમણા બાર દેવીઓ અને વીસ દેવતા, પુષ્કરાર્ધમાં પણ બારદેવીઓ અને વીસ દેવતા મળી અઢીદ્વીપમાં દ્રહનિવાસી ત્રીસ દેવીઓ અને પચાસ દેવતા જાણવા.

૨૨. બાવીસમે બોલે અઢીદ્વીપની નદીઓ કહે છે:—સર્વે મળી જંબૂદ્વીપમાં ૧૪૫૬૦૦૦ નદીઓ છે. તેમાં મૂળ[૩૪] ચૌદ મહાનદીઓ છે. ત્યાં ભરતક્ષેત્રમાં ગંગા અને સિંધુ. ઐરવતમાં રકતા અને રકતવતી એ [૩૫]ચાર મહાનદીઓનો ચૌદ-ચૌદ હજાર નદીઓનો પરિવાર છે. [૩૬]હેમવંત યુગલીયાના ક્ષેત્રમાં રોહિતા અને રોહિતાંસા તથા હૈરણ્યવત યુગલીયાના ક્ષેત્રમાં રૂપ્યકૂલા અને સુવર્ણકૂલા એ ચાર મહાનદીઓને ૨૮-૨૮ હજાર નદીઓનો પરિવાર છે. આ પ્રમાણે આઠ થઈ. [૩૭]હરિવાસ યુગલીયાના ક્ષેત્રમાં હરિકાંતા અને હરિસલીલા તથા [૩૮]રમ્યક યુગલીયાના ક્ષેત્રમાં નરકાંતા અને નારીકાંતા એમ ચાર મહાનદીઓનો ૫૬-૫૬ હજાર નદીઓનો પરિવાર છે. આમ ૧૨ થઈ. તેમજ પૂર્વ મહાવિદેહમાં [૩૯]સીતા અને પશ્ચિમ મહાવિદેહમાં શીતોદા એ બે મહાનદીઓનો મળી ૧૦૬૪૦૦૦ નદીઓનો પરિવાર છે. આ પ્રમાણે ચૌદ મહાનદીઓ જંબૂદ્વીપમાં થઈ. તેમાં પ્રથમની ૧૨ નદીઓનો હિસાબ ઉપર સ્પષ્ટ બતાવ્યો.

હવે સીતા અને શીતોદાની સાંખ્યા લખે છે:—નીલવંત પર્વતથી નીકળીને સીતાનદી પૂર્વ મહાવિદેહમાં ગઈ. તેની બન્ને બાજુએ આઠ-આઠ વિજયો કહી, તેથી ૧૬ વિજયની ગંગા

૩૪. (૧) ઠા. ૬. સૂત્ર ૫૨૨, (૨) જંબૂ૦ વક્ષ ૬. સૂત્ર ૧૩૫, (૩) ઠા. ૭. સૂત્ર ૫૫૫, ૩૫ થી ૩૮. (૧) ઠા. ૨. ૩. ૩. સૂત્ર ૮૮ [૨] જમ્બૂ વક્ષ ૬. ૩૯. [૧] ઠા. ૨. ૩. ૩ સૂત્ર ૮૮, (૨) જમ્બૂ વક્ષ૦૬.

અને સિંધુ એમ બબ્બે ગણતાં ૩૨ નદીઓ થઈ અને છ અંતરનદીઓ છે. આ પ્રમાણે ૩૮ મહાનદીઓ થઈ. તે પ્રત્યેકનો ૧૪-૧૪ હજાર નદીઓનો પરિવાર ગણતાં ૫૩૨૦૦૦ નદીઓ પૂર્વ મહાવિદેહની સીતા મહાનદીમાં પડે છે અને એજ પ્રમાણે નિષધપર્વતમાંથી શીતોદા નદી નીકળી તે પશ્ચિમ મહાવિદેહમાં ગઈ. ત્યાં પણ મહાનદીઓનો પરિવાર ૫૩૨૦૦૦ નદીઓનો છે. બધી મળી કુલ ૧૦૬૪૦૦૦ નદીઓ થઈ. તેની સાથે પૂર્વોક્ત ૧૨ મહાનદીઓનો પરિવારરૂપ ૩૯૨૦૦૦ નદીઓ ભેળવતાં કુલ ૧૪૫૬૦૦૦ નદીઓ જંબૂદ્વીપમાં છે. તેનાથી બમણી ધાતકીખંડમાં ૨૯૧૨૦૦૦ તથા પુષ્કરાર્ધમાં પણ ૨૯૧૨૦૦૦ કુલ સરવાળે અઢી-દ્વીપમાં ૭૨૮૦૦૦૦ નદીઓ છે.

૨૩. તેવીસમે બોલે નદીઓની લંબાઈ તથા પહોળાઈ વગેરે કહે છે:—ભરતની બે અને ઐરવતની બે નદી એમ ચાર નદીઓ મૂળમાં ૬ા યોજન અને પછી વધતી-વધતી સમુદ્ર પ્રવેશ કરે છે ત્યાં ૬૨ાા યોજન પહોળી છે. હેમવંત યુગલ ક્ષેત્રની બે અને ઐરણ્યવત યુગલક્ષેત્રની બે એમ ચાર નદી મૂળમાં ૧૨ાા યોજન અને સમુદ્ર પ્રવેશ સમયે ૧૨૫ યોજન પહોળી છે. હરિવાસ યુગલક્ષેત્રની બે અને રમ્યક્ યુગલક્ષેત્રની બે, એમ ચાર નદીઓ મૂળમાં ૨૫ યોજન પહોળી અને સમુદ્ર પ્રવેશ કરે છે ત્યાં ૨૫૦ યોજન પહોળી છે. તેમજ સીતા અને શીતોદા એ બે નદીઓ મૂળમાં ૫૦ યોજન પહોળી અને સમુદ્ર પ્રવેશ કરતાં ઊંડી વિજયમાં પડી ત્યાં ૫૦૦ યોજન પહોળી છે. ધાતકીખંડમાં અને પુષ્કરાર્ધમાં પણ સંખ્યાએ કરી જંબૂદ્વીપથી બમણી - બમણી નદીઓ છે અને તેની લંબાઈ પહોળાઈ પણ એજ રીતે જાણવી.

૨૪. ચોવીસમે બોલે જંબૂદ્વીપમાં દેવકુરૂ ક્ષેત્રમાં એક મોટા જંબૂવૃક્ષની પાછળ લઘુ જંબૂવૃક્ષના છ વલયો છે. તેની સંખ્યા એક કરોડ, વીસ લાખ, પચાસ હજાર, એકસોને વીસ છે. આટલા લઘુ વૃક્ષોથી તે મોટું જંબૂવૃક્ષ વીંટળાયેલું છે. તેની ઉપર અનાદત દેવ વસે છે; તેવીજરીતે ઉત્તરકુરૂમાં શાલ્મલિ વૃક્ષ છે. તેની પણ એવીજ વિગત છે. તેના ઉપર ગરૂડદેવતાનો નિવાસ છે. ધાતકીખંડમાં દેવકુરૂ છે. તેમાં બે મોટા શાલ્મલિ વૃક્ષો છે. તેની પાછળ બાર વલય લઘુશાલ્મલિ વૃક્ષનાં છે. તેની સંખ્યા ૨૪૧૦૦૨૪૦ એટલા શાલ્મ-લિવૃક્ષ વીંટળાયેલા છે. તેના ઉપર પણ ગરૂડદેવ રહે છે. ધાતકીખંડના બે ઉત્તરકુરૂમાં બે મોટા મહા ધાવડીના વૃક્ષ છે. તે પ્રત્યેક લઘુધાવડી વૃક્ષના બાર વલયે કરી વીંટળાયેલા છે. તેની સંખ્યા ૨૪૧૦૦૨૪૦ છે. તેના ઉપર સુદર્શન અને પ્રિયદર્શન નામના દેવોનો નિવાસ છે. પુષ્કરાર્ધના મહાવિદેહના બે દેવકુરૂમાં બે મોટા શાલ્મલિ વૃક્ષો છે, તે લઘુ શાલ્મલિ વૃક્ષના ચોવીસ વલયે કરી વીંટળાયેલા છે. તેની સંખ્યા ૪૮૨૦૦૪૮૦ ની છે. તે મોટા વૃક્ષ ઉપર ગરૂડદેવતાનો નિવાસ છે. પુષ્કરાર્ધના ઉત્તરકુરુમાં એક મોટું પદ્મવૃક્ષ છે. તે પણ ચોવીસ વલયે વીંટળાયેલ છે. તેના ઉપર પદ્મદેવનો નિવાસ છે. પુષ્કરાર્ધના પશ્ચિમ મહા-વિદેહના ઉત્તરકુરુમાં મુખ્ય મહાપદ્મ વૃક્ષ પણ ચોવીસ વલયે વીંટળાયેલ છે. તેની સંખ્યા પૂર્વની જેમ જાણવી. તેની ઉપર પુંડરીક દેવનો નિવાસ છે. એ મુખ્ય વૃક્ષ સર્વે વેદિકા અને વનખંડો સહિત છે. તેની પીઠ પાંચસો યોજન પહોળી અને બાર યોજન ઊંચી છે. તે વૃક્ષો ઉપર દેવ નિવાસના સ્થાન તથા શ્રી જિનભુવન છે. આ સર્વ વૃક્ષો રત્નમય પૃથ્વી-કાયના છે અને શાશ્વતા છે.

૨૫. પચ્ચીસમે બોલે જંબૂદ્વીપમાં એકેકી [૪૦]વિજય વક્ષસ્કાર પર્વત સુધી પહોળી ૨૨૧૩ યોજનમાં કાંઈક ઓછી છે અને નીલવંત પર્વતથી સીતાનદી સુધી તથા નિષધ પર્વતથી શીતોદા નદી સુધી ૧૬૫૯૨ યોજન અને ઉપર બે કળા એટલી લાંબી છે. ધાતકી ખંડમાં એકેકી વિજય ૯૬૦૩ યોજન ઉપર એક યોજનના સોળ ભાગ કરીએ તેમાંના છ ભાગ એટલી પહોળી છે અને સોળે વિજય ૧૫૩૬૫૪ યોજન પહોળી છે તથા પુષ્કરાર્ધની એકેકી વિજય ૧૯૭૯૪$\frac{1}{8}$ યોજન પહોળી છે અને સોળે વિજય ૩૧૬૭૦૮ યોજન પહોળી છે.

૨૬. છવ્વીસમા બોલે જંબૂદ્વીપમાં મહાવિદેહની ૧૨ અંતરનદી એકસો પચીસ યોજન પહોળી છે. ધાતકીખંડમાં અંતરનદી ૨૫૦ યોજન પહોળી છે અને પુષ્કરાર્ધમાં અંતરનદી ૫૦૦ યોજન પહોળી છે.

૨૭. સત્તાવીસમે બોલે જંબૂદ્વીપમાં [૪૧]વક્ષસ્કાર પર્વત ૫૦૦ યોજન ઊંચા અને પહોળા છે તથા ધાતકીખંડમાં વક્ષસ્કાર હજાર યોજન ઊંચા અને પહોળા છે. પુષ્કરાર્ધમાં વક્ષસ્કાર બે હજાર યોજન ઊંચા અને બે હજાર યોજન પહોળા છે.

૨૮. અઠ્ઠાવીસમે બોલેઃ— જંબૂદ્વીપમાં દરવાજા આગળ પૂર્વ–પશ્ચિમનું એકેકું વનમુખ જગતી સાથે ૨૯૨૨ યોજનનું છે અને ધાતકીખંડમાં એકેકું વનમુખ ૧૧૬૮૮ યોજનનું તેમજ પુષ્કરાર્ધમાં પણ એકેકું વનમુખ ૧૧૬૮૮ યોજનનું છે.

૨૯. ઓગણત્રીસમે બોલેઃ— જંબૂદ્વીપમાં [૪૨]ભદ્રશાલવન ૨૨૦૦૦ યોજન લાંબુ છે. ધાતકીખંડમાં પ્રત્યેક (એકેકું) ભદ્રશાલવન મેરૂ પર્વત સહિત ૨૨૫૧૫૮ યોજન લાંબુ છે અને પુષ્કરાર્ધમાં પ્રત્યેક (એકેકું) ભદ્રશાલવન ૪૪૦૯૧૬ યોજન લાંબું છે.

૩૦. ત્રીસમે બોલે વીસ ગજદંતગિરિનો વિચાર કહે છેઃ— પ્રથમ જંબૂદ્વીપમાં નિષધ પર્વતથી બે ગજદંત પર્વત નીકળ્યા તે મેરૂપર્વત તરફ ચાલ્યા. તેમાં પ્રથમ સૌમનસ ગજદંત ધોળા વર્ણે છે, તે અગ્નિખૂણામાં વળ્યો. બીજો વિદ્યુત્પ્રભ ગજદંત રાતાવર્ણે છે. નૈઋત્ય ખૂણામાં વળ્યો. વળી નીલવંત પર્વતથી બે ગજદંતા નીકળ્યા તે મેરૂ પર્વત તરફ ચાલ્યા. તેમાં પ્રથમ ગંધમાદન ગજદંત પીળા વર્ણે છે, તે વાયવ્ય ખૂણામાં વળ્યો. બીજો માલ્યવંત ગજદંત નીલવર્ણે છે, તે ઈશાન ખૂણામાં વળ્યો અને ચાર ગજદંત જાણવા. એ ચારે ગજદંત પર્વત ૩૦૨૦૯ યોજન અને છ કળા લાંબા છે. નિષધ નીલવંતથી નીકળ્યા ત્યાં ધરતીથી ચારસો યોજન ઊંચા છે. પછી વધતા વધતા મેરૂપર્વતની પાસે પાંચસો યોજન ઊંચા થયા છે તેમજ ધાતકીખંડમાં પૂર્વ પશ્ચિમ મળીને બે મેરૂપર્વત છે માટે ત્યાં આઠ ગજદંત છે. ત્યાં પ્રથમ જંબૂદ્વીપની જેમ બબ્બે મળી ચાર ગજદંત ૩૫૬૨૨૭ યોજન લાંબા છે અને બીજા બબ્બે મળી ચાર ગજદંતા ૫૬૯૨૫૯ યોજન લાંબા છે. પુષ્કરાર્ધ દ્વીપમાં પણ બે મેરૂ છે, માટે ત્યાં આઠ ગજદંત છે. તેમાં પણ આગળની તરફના ધાતકીની જેમ બબ્બે મળી ચાર ચાર ગજદંત ૧૬૨૬૧૧૬ યોજન લાંબા છે અને પાછળની તરફના બીજા બબ્બે

---

૪૦. [૧] સમ. ૩૪ સૂત્ર ૨, [૨] ઠા. ૮ સૂત્ર. ૬૩૭. ૪૧. જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ૦ ૪. ૪૨. જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ૦ ૪.

મળી ચાર ગજદંત ૨૦૪૩૨૧૯ યોજન લાંબા છે. એ સર્વ ગજદંત મેરૂ તરફ જતાં પ્રથમ ઊંચાઈમાં ચારસો-ચારસો યોજન છે અને છેડે મેરૂની પાસે પાંચસો યોજન ઊંચાઈમાં છે.

૩૧. એકત્રીસમે બોલે ઈક્ષુકાર પર્વતનો વિચાર કહે છે:—જંબૂદ્વીપમાં ઈક્ષુકાર પર્વત નથી. ધાતકીખંડમાં બે ઈક્ષુકાર છે. વચમાં આવી જવાથી બબ્બે ભરત અને બબ્બે ઐરવત થઈ ગયા છે. તે લંબાઈમાં ચાર-ચાર લાખ યોજન છે અને ઊંચાઈમાં પાંચસો યોજન છે તથા પહોળાઈમાં એક હજાર યોજન છે. તે ઉપર એકેકું જિનપ્રસાદ છે. પુષ્કરાર્ધદ્વીપમાં પણ બે ઈક્ષુકાર છે. તેણે પણ વચમાં પડી બબ્બે ભરત અને બબ્બે ઐરવત કર્યા છે. એ લંબાઈમાં આઠ-આઠ લાખ યોજન છે અને ઊંચાઈમાં પાંચસો યોજન છે તથા પહોળાઈમાં એકેક હજાર યોજન છે. એના ઉપર પણ એકેકું જિનપ્રસાદ છે. અઢીદ્વીપના ચિત્રમાં જગતીના દરવાજા સુધી લાલ રંગ ભરે છે પણ ત્યાં દરવાજાની જગ્યા રાખવી જોઇએ. અહીં ઈક્ષુ કહેતાં સેલડી તેનો સાંઠો જેવો લાંબો હોય તેના જેવા એ પર્વતો પણ લાંબા છે માટે એનું ઈક્ષુ કાર એવું નામ આપ્યું છે.

૩૨. બત્રીસમે બોલે જંબૂદ્વીપમાં ભરતક્ષેત્ર તરફ હૈમવંત યુગલક્ષેત્રમાં શબ્દાપાતી વૃત્તવૈતાઢ્ય છે અને હરિવાસ યુગલક્ષેત્રમાં ગંધાપાતી વૃત્તવૈતાઢ્ય છે. ઐરવત ક્ષેત્ર તરફ હૈરણ્યવત યુગલક્ષેત્ર છે તેમાં વિકટાપાતી વૃત્તવૈતાઢ્ય છે તેમજ રમ્યક્ યુગલક્ષેત્રમાં માલ્યવંત વૃત્તવૈતાઢ્ય છે એ ચાર જંબૂદ્વીપમાં છે. તેનાથી બમણા એજ નામે ધાતકીખંડમાં આઠ વૃત્તવૈતાઢ્ય તથા પુષ્કરાર્ધમાં પણ આઠ વૃત્તવૈતાઢ્ય છે. બધાં મળી કુલ સરવાળે અઢીદ્વીપમાં વીસ વૃત્તવૈતાઢ્ય છે. તે સર્વે પાલાને આકારે ગોળ છે. મૂળમાં તથા ઉપર એકેક હજાર યોજન પહોળા છે અને ઊંચા પણ એકેક હજાર યોજન છે.

૩૩. તેત્રીસમે બોલે:— જંબૂદ્વીપના ઉત્તરકુરૂમાં [૪૩]યમક અને સમક એ બે અને દેવકુરૂમાં ચિત્ર-વિચિત્ર એ બે મળી ચાર પર્વતો છે. ધાતકીખંડમાં તેનાથી બમણા આઠ છે તથા પુષ્કરાર્ધમાં પણ આઠ છે. સરવાળે અઢીદ્વીપમાં વીસ પર્વતો છે. તે સર્વે [૪૪]એકેક હજાર યોજન ઊંચા છે.

૩૪. ચોત્રીસમે બોલે જંબૂદ્વીપમાં નિષધ પર્વતની નીચે શીતોદા નદીનો બન્ને બાજુ થઈને ૧૦૦ કંચનગિરિ છે તથા નીલવંત પર્વતની નીચે સીતા નદીની બન્ને બાજુ થઈને ૧૦૦ કંચનગિરિ છે. એ રીતે ૨૦૦ કંચનગિરિ જંબૂદ્વીપમાં છે. તેનાથી બમણા ૪૦૦ કંચનગિરિ ધાતકીખંડમાં છે તથા ૪૦૦ કંચનગિરિ પુષ્કરાર્ધમાં છે. અઢીદ્વીપમાં કુલ ૧૦૦૦ કંચનગિરિ છે. તેના ઉપર તિર્યક્જંભક દેવતાના નિવાસ છે. એ બધા પર્વતોની ઊંચાઈ ૧૦૦–૧૦૦ યોજન છે.

૩૫. પાંત્રીસમે બોલે– જંબૂદ્વીપમાં ભરતની દિશામાં પહેલું હૈમવત યુગલક્ષેત્ર છે તથા ઐરવતની દિશામાં પહેલું હૈરણ્યવંત યુગલક્ષેત્ર છે. તેમાં [૪૫]ત્રીજા આરા જેવા ભાવ વર્તે છે. ત્યાંના મનુષ્યોનું શરીર એક ગાઉ પ્રમાણ છે. એક પલ્યોપમનું આયુષ્ય છે અને એકાન્તરે

૪૩. જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ ૮. ૪૪ (૧) સમ ૧૧૩ સૂત્ર. ૨. ૪૫ જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ. ૪ સૂત્ર. ૭૬.

આમળા પ્રમાણે કલ્પવૃક્ષ આહાર આપે છે. એમને પાંસળાં ચોસઠ હોય છે. પ્રજા—સંતાનનું પાલન ૭૯ દિવસ કરે અને તે પ્રજા એટલે દીકરા-દીકરી જ્યારે ૭૯ દિવસના થાય ત્યારે માતાપિતા મરણ પામીને દેવલોકમાં જાય.

હવે ભરત તરફ [૪૬] હરિવાસ ક્ષેત્ર અને ઐરવત ક્ષેત્રની તરફ રમ્યકક્ષેત્ર એ બે યુગલક્ષેત્રોમાં બીજા આરા જેવાભાવ વર્તે છે. એ યુગલીયાનું શરીર બે ગાઉનું અને આયુષ્ય બે પલ્યનું હોય છે. તેમને પાંસળી ૧૨૮ છે, છઠ્ઠ ભકત આહાર છે, ૬૪ દિવસ સંતાનનું પાલન કરી માતા-પિતા સ્વર્ગે જાય છે. આ હરિવાસ ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલો વનમાલા નામના રાજાનો જીવ યુગલીયો હતો. તેનો દ્વેષી એક વીરાશાલવીનો જીવ કિલ્વિષી દેવ થયો, તેણે ક્રોધ વશ થઈ એ યુગલીયાને નરકમાં મોકલવા માટે હરિવાસથી ઉપાડીને ચંપાનગરીમાં મૂકયો અને બે પલ્યોપમનું આયુષ્ય તોડીને તે સમયના આયુષ્ય પ્રમાણે આયુષ્ય પૂર્ણ કર્યું. તે યુગલીયાને રાજ્ય સિંહાસન ઉપર બેસાડી મદ્ય-માંસ-કુકર્મ શીખવીને નરકમાં મોકલ્યો એ [૪૭] એક અચ્છેરૂં (આશ્ચર્યકારક ઘટના) થયું. આ હરિવાસ ક્ષેત્રના ભાવ કહ્યા.

હવે આ તરફ નિષધ પર્વતની નીચે દેવકુરૂક્ષેત્ર અને બીજી બાજુ નીલવંત પર્વતની નીચે ઉત્તરકુરૂ ક્ષેત્ર આ બે યુગલક્ષેત્રમાં પહેલા [૪૮] આરા જેવાભાવ વર્તે છે. એ યુગલીયાનું શરીર ત્રણ ગાઉનું અને આયુષ્ય ત્રણ પલ્યનું છે. ૨૫૬ પાંસળી છે. ૪૯ દિવસ સંતાનનું પાલન કરે. તુવેર પ્રમાણે કલ્પવૃક્ષનો આહાર, અઠ્ઠમભકત એટલે ચોથે દિવસે આહાર કરે. એ યુગલીયાનાં પુણ્યપ્રભાવે દશ જાતના કલ્પવૃક્ષો આહારાદિક સર્વ વાંછીત વસ્તુઓ આપે છે એ વૃક્ષોનો એવો જ સ્વભાવ છે, પરંતુ તે વસ્તુઓ દેવતા પૂરતા નથી. એ સર્વ યુગલો ભદ્રિક સ્વભાવવાળા હોય છે. તેમનામાં ક્રોધ નથી. માત્ર છીંક, બગાસું કે ઉધરસ ખાતાંજ તેમનું મરણ થાય. આ પ્રમાણે જંબૂદ્વીપમાં યુગલીયાના છ ક્ષેત્રો છે. તેથી બમણા બાર ક્ષેત્ર ધાતકી ખંડમાં છે તથા બાર પુષ્કરાર્ધમાં છે. તે સર્વેના સરખા ભાવ છે, સરખી રીત મર્યાદા છે. કુલ મળી અઢી દ્વીપમાં ત્રીસ યુગલીયાનાં ક્ષેત્રો છે.

૩૬. છત્રીસમે બોલે—[૪૯] છપ્પન અંતરદ્વીપનું વિવરણ કરે છે:– જંબૂદ્વીપમાં આપણી તરફ હિમવંત પર્વત અને ઐરવત તરફ શિખરી પર્વત–એ બે પર્વતો છે. જંબૂદ્વીપના કોટ ઉપરથી દરેક પર્વતની ચાર-ચાર દાઢા નીકળી છે, તે વિદિશા તરફ વળી છે. લવણ સમુદ્રના પાણીથી ઊંચી દેખાય છે. અઢી યોજન ઊંચી તથા આઠ હજાર ચારસો યોજન લાંબી છે. એ આઠે દાઢા અદ્ધર-ઉપરની તરફ ચાલી ગઈ છે. તે એકેકી દાઢા ઉપર સાત સાત અંતરદ્વીપ છે. તેથી આઠ દાઢાના છપ્પન અંતરદ્વીપ થયા. તેની ઉપર યુગલીયા મનુષ્યો વસે છે. તેમનું શરીર આઠસો ધનુષ્યનું હોય છે. એક પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું આયુષ્ય છે. એ યુગલીયા મરણ પામીને ભવનપતિ આદિ દેવોમાં ઉત્પન્ન થાય છે. એ ૫૬ અંતરદ્વીપમાં ત્રીજા આરાના છેડા જેવા ભાવો હોય છે, એટલે કે નાભિરાજાના પિતા છઠ્ઠા કુલકર હતા તે વખતે જેવા ભાવ વર્તતા હતા તે પ્રમાણેના ભાવ સર્વકાળે ત્યાં વર્તે છે. તે ભાવ કદી ફરે નહિ.

---

૪૬ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ. ૪ સૂત્ર ૮૨. ૪૭. ઠા. ૧૦ સૂત્ર ૭૭૭. ૪૮. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ૦૪.
૪૯. ઠાણુાંગ. ૪. ઉ. ૨. સૂત્ર ૩૦૪.

૩૭. સાડત્રીસમે બોલે મહાવિદેહ ક્ષેત્રમાં ચોથા આરા જેવા ભાવ વર્તે છે. [૫૦]પાંચસો ધનુષ્યનું શરીરમાન, પૂર્વકોટિ વર્ષ આયુષ્ય તેમજ નિત્યનું આહાર હોય છે. જંબૂદ્વીપના વિદેહમાં ચાર તીર્થંકરો છે. તેમાં પૂર્વવિદેહના વનમુખ સમીપે આઠમી પુષ્કલાવતી વિજયમાં પુંડરિકિણી નગરી છે ત્યાં સીમંધર નામના તીર્થંકર વિહરમાન છે તથા પશ્ચિમ વિદેહના વનમુખ પાસે પચ્ચીસમી વપ્રાવિજય અને વિજયા નગરી છે. ત્યાં શ્રી યુગમંધર નામના બીજા તીર્થંકર વિરહમાન છે તેમજ પૂર્વવિદેહના વનમુખ સમીપે નવમી વચ્છ વિજય અને સુસમા નગરી છે. તેમાં શ્રી બાહુસ્વામી નામના ત્રીજા તીર્થંકર વિહરમાન છે. પશ્ચિમવિદેહના વનમુખ સમીપે ચોવીસમી નલીનાવતી વિજય અને અયોધ્યાનગરી છે. ત્યાં ચોથા સુબાહુ નામે વિહરમાન તીર્થંકર છે. આ પ્રમાણે જંબૂદ્વીપમાં ચાર તીર્થંકરો છે. ધાતકીખંડમાં બે મેરૂ અને બે મહાવિદેહ છે. તેમાં ચાર તીર્થંકરો પૂર્વ મહાવિદેહમાં અને ચાર તીર્થંકરો પશ્ચિમ મહાવિદેહમાં આ રીતે આઠ તીર્થંકરો છે; તેમજ પુષ્કરાર્ધમાં પણ બે મેરૂ અને બે મહાવિદેહ છે, માટે ત્યાં પણ પૂર્વવિદેહમાં ચાર તીર્થંકરો અને પશ્ચિમ વિદેહમાં ચાર તીર્થંકરો મળી આઠ છે. કુલ મળી અઢીદ્વીપમાં વીસ વિહરમાન તીર્થંકરો છે.

જેવી રીતે જંબૂદ્વીપમાં આઠમી, પચ્ચીસમી, નવમી અને ચોવીસમી વિજયોમાં અનુક્રમે ચાર તીર્થંકરો છે તેવી જ રીતે ધાતકીખંડ અને પુષ્કરાર્ધમાં પણ તેટલીજ વિજય અને નગરી છે. તેમના નામ પણ તેજ પ્રમાણે જાણવા.

ભરત ક્ષેત્રમાં સત્તરમા શ્રી કુંથુનાથ અને અઢારમા શ્રી અરનાથના આંતરાના (વચ્ચેના) સમયમાં અઢીદ્વીપમાં વીસે તીર્થંકરોનો જન્મ એક સમયેજ થયેલો છે અને શ્રી મુનિસુવ્રત તથા શ્રી નમિનાથ ભગવાનના અંતરાલ સમયમાં એકજ સમયે વીસે તીર્થંકરોએ દીક્ષા લીધી હતી. તે બધાં એક હજાર વર્ષ સુધી છદ્મસ્થપણે દીક્ષા પાળીને એકજ સમયે વીસે તીર્થંકર કેવળજ્ઞાન પામ્યા છે. હમણાં વર્તમાનમાં એ વીસે જિન કેવળી છે. તે બધા આવતી ચોવીસીમાં સાતમા અને આઠમા તીર્થંકરની વચ્ચેના કાળમાં એકજ સમયમાં વીસે તીર્થંકર મોક્ષપુરીમાં પધારશે.

આ સર્વે તીર્થંકરોને ચોરાસી-ચોરાસી ગણધર છે, ચોરાસી-ચોરાસી લક્ષ પૂર્વનું આયુષ્ય છે, પાંચસો-પાંચસો ધનુષ્ય પ્રમાણે શરીરમાન છે. પ્રત્યેકને દશ-દશ લાખ કેવળીની સંખ્યા છે, સો-સો કોટિ સાધુ-મુનિરાજ છે, સો-સો કોટિ સાધ્વીજીઓ છે. આ પ્રમાણે વીસે વિહરમાન જિનના બે કરોડ કેવળી છે, બે હજાર કરોડ સાધુ છે અને બે હજાર કરોડ સાધ્વીજી છે.

આ વીસે વિજયમાં હંમેશાં એકેક તીર્થંકરને સહચારી બીજા ૮૪-૮૪ તીર્થંકરો હોય છે. તેમાં એક તો કેવળજ્ઞાન સહિત હોય અને બાકીના ૮૩ માં કોઈ રાજા, કોઈ યુવાન, કોઈ બાળક - એ રીતે હોય છે. તે બધાનું આયુષ્ય ચોરાસી લક્ષ પૂર્વનું હોય છે અને જ્યારે ચોરાસીમા તીર્થંકર મોક્ષ સિધાવે ત્યારે ત્યાસીમા તીર્થંકરને કેવળજ્ઞાન ઉપજે ત્યારે તે ચોરાસીમો કહેવાય. તે વખતે વળી એકનો જન્મ થાય. આ રીતે ચોરાસીની પરંપરા સહચારી છે.

---

૫૦. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, વક્ષ.૪.

અહીં કોઈ શંકા કરે કે એક ક્ષેત્રમાં એકથી વધારે તીર્થંકર, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ ન હોય તો એક ક્ષેત્રમાં ચોરાસી તીર્થંકરો કેમ સંભવે? તેનાં ઉત્તરમાં વૃદ્ધ પરંપરાના વડીલો એમ કહે છે કે એ વીસ વિજયના શાશ્વત ભાવ એમજ છે, તત્ત્વ કેવળી ગમ્ય.

અહીં જઘન્ય એક કાળે વીસ તીર્થંકર હોય, તે એકેક તીર્થંકર એકેક લક્ષપૂર્વના થાય ત્યારે બીજા તીર્થંકરનો જન્મ થાય તથા બીજા ગર્ભમાં હોય છે. આમ ચોરાસી લક્ષ પૂર્વના આયુષ્યમાં ત્યાસી તીર્થંકરો બીજા થાય. તેને વીસે ગુણા કરતાં ૧૬૬૦ થાય અને મૂળના વીસ વિહરમાન હોય એટલે કુલ સરવાળે જઘન્ય કાળે ૧૬૮૦ તીર્થંકરો હોય અને જ્યારે ઉત્કૃષ્ટપણે ૧૭૦ તીર્થંકરો વિચરતા હોય ત્યારે પાંચ ભરત તથા પાંચ ઐરવતના મળી દશ બાદ કરતાં બાકી ૧૬૦ તીર્થંકરો પાંચ વિદેહની વિજયના થાય. તે પ્રત્યેકને ત્યાસીએ ગુણતાં ૧૩૨૮૦ થાય. તેની સાથે વિહરમાન ૧૭૦ ભેળવીએ ત્યારે ૧૩૪૫૦ આટલા તીર્થંકરો ઉત્કૃષ્ટ કાળે હોય. આ પ્રમાણે વિદેહ જિન સંખ્યાનો વિચાર સમાપ્ત થાય છે. અહીં સુધી જંબૂદ્વીપનો વિચાર કર્યો.

૩૮. આડત્રીસમે બોલે લવણસમુદ્રનો અધિકાર કહે છે:— સર્વે મળી અસંખ્યાતા સમુદ્ર છ, તે સર્વે ધુરથી (શરૂઆતથી) છેડા સુધી હજાર-હજાર યોજન ઊંડા છે અને માત્ર એક




लवण समुद्र — लवण समुद्र

લવણસમુદ્ર થોડો-થોડો ઊંડો થતાં થતાં જ્યારે જંબૂદ્વીપથી [51] પંચાણુ હજાર યોજન દૂર સમુદ્રમાં જઈએ અને ધાતકીખંડથી પણ પંચાણુ હજાર યોજન સમુદ્રમાં આવીએ ત્યારે મધ્યભાગમાં હજાર યોજન ઊંડા છે. તેને [52] સમુદ્ર ગોતીર્થ કહે છે. આ સ્થળે હજાર યોજન ઊંડો, દશ હજાર યોજન પહોળો અને સોળ હજાર યોજન ઊંચો કોટની જેમ દગમાળો છે. તે સોળ હજાર યોજન પાણીથી ઊંચો ઉઠેલો છે, તેની ઉપર બે ગાઉની વેલ બે [53] વાર એક અહોરાત્રમાં ઊંચી ચડે છે તે પાણી કેવી રીતે ઉછળે છે તે કહે છે:—

૫૧. સમ ૭૫ સૂત્ર. ૩. ૫૨. ઠા. ૧૦ ઉ. ૧ સૂત્ર ૭૨૦. ૫૩. જીવા ભિગમ સૂત્ર.

[૫૪]પૂર્વે વલયામુખ, દક્ષિણે કેતુક, પશ્ચિમે યૂપ, અને ઉત્તરે ઈશ્વર એ ચાર મોટા પાતાળકળશ છે. તે લાખ યોજન ઊંચા, લાખ યોજન પેટમાં પહોળાં અને દશ હજાર યોજન મુખ આગળ પહોળાં છે. દશ હજાર યોજનની પરિધિ છે, એક હજાર યોજન કળશની ઠીકરી જાડી છે તથા ૩૩૩૩૩ યોજન કળશોમાં નીચે વાયુ છે અને ૩૩૩૩૩ યોજન મધ્યભાગમાં વાયુ અને પાણી છે તેમજ ૩૩૩૩૩ યોજન ઉપર પાણી છે. તે મધ્યના વાયુના યોગે ઉછળે છે. અહીં તેત્રીસ હજાર ત્રણસો તેત્રીસ યોજન ત્રણ ઠેકાણે લખ્યા છે. તેની ઉપર પણ એક યોજનનો ત્રીજો ભાગ અધિક લેવો.

હવે પૂર્વના મોટા કળશ અને દક્ષિણના કળશની વચ્ચે તેમજ દક્ષિણ અને પશ્ચિમના કળશની વચ્ચે તથા પશ્ચિમ અને ઉત્તરના કળશની વચ્ચે ૨૧૫–૨૧૬–૨૧૭–૨૧૮–૨૧૯–૨૨૦–૨૨૧–૨૨૨–૨૨૩ આ સંખ્યાએ નવ નવ પંક્તિ લઘુ [૫૫]પાતાળ કળશોની છે. એ ચારે પંક્તિનાં મળી કુળ કળશ ૭૮૮૪ છે. એ લઘુ કળશ દશ હજાર યોજન ઊંડા છે તથા મધ્યમાં પહોળા પણ તેટલાજ છે અને એક હજાર યોજનનું તેમનું મુખ છે. એક હજાર યોજનની પરિધિ છે. સો-સો યોજનની ઠીકરી છે. ૩૩૩૩ યોજન નીચે વાયુ છે. ૩૩૩૩ યોજન મધ્યભાગે વાયુ અને પાણી છે. ૩૩૩૩ યોજન ઉપર પાણી છે. એ લઘુ કળશોની અંદરથી પાણી ઉછળે છે અને તેથી લવણસમુદ્રની વચ્ચોવચ્ચ પાણીનો ગોળ કોટ બંધાય છે.

આ ચાર [૫૬]મહાકળશના અધિષ્ઠાતા પૂર્વમાં કાળ, દક્ષિણમાં મહાકાળ, પશ્ચિમમાં વેલંબ અને ઉત્તરમાં પ્રભંજન એ ચાર દેવો છે. સોળ હજાર યોજનના દગમાળાની ઉપર બે ગાઉની વેલ વધે છે. તેને દાબવાને જંબૂદ્વીપની દિશા તરફ ૪૨૦૦૦ દેવતા છે તથા વેલ ઉપર ૬૦૦૦૦ દેવતા છે તથા ધાતકીખંડની દિશામાં વેલ ઉપર ૭૨૦૦૦ દેવતા છે. સરવાળે વેલંધર અને અનુવેલંધર એટલે કે દિશાના અને વિદિશાના મળીને ૧૭૪૦૦૦ દેવતા છે.

હવે એ દેવતાના નિવાસ કહે છે. જંબૂદ્વીપના દરવાજેથી ચાર દિશામાં અને ચાર વિદિશામાં બેતાળીસ-બેતાળીસ હજાર યોજન જઈએ ત્યાં વેલંધર અને અનુવેલંધર નાગરાજાના આઠ પર્વતો છે. તેના નામ કહે છે:— [૫૭](૧) પૂર્વમાં ગોસ્તૂપ પર્વત અને ગોસ્તૂપ દેવ. (૨) દક્ષિણમાં દિગ્ભાસ પર્વત અને શિવદેવતા છે. (૩) પશ્ચિમમાં સંખનાભ પર્વત અને સંખ દેવતા, (૪) ઉત્તરમાં દગસીમી પર્વત અને માણોસલ દેવતા. (૫) [૫૮]ઈશાનકોણમાં કર્કોટક પર્વત અને કર્કોટક દેવતા. (૬) અગ્નિકોણમાં વિદ્યુત્પ્રભ પર્વત અને કર્દમ દેવતા. (૭) નૈર્ઋત્ય કોણમાં કૈલાશ પર્વત અને કૈલાશ દેવતા. (૮) વાયવ્ય કોણમાં અરૂણપ્રભ પર્વત અને અરૂણપ્રભ દેવતા છે. એ આઠે પર્વત ૧૦૨૨ યોજન નીચે પહોળાં છે અને ૪૨૪ યોજન ઊઝેરાં ઉપર પહોળાં છે તથા સર્વે ૧૭૨૧ યોજન ઊંચા છે. તેમાં પૂર્વાદિ ચાર દિશાના પર્વતો અનુક્રમે (૧) કનકમય, (૨) અંકરત્નમય, (૩) રૂપામય, (૪) સ્ફટિકમય જાણવા તથા ચાર વિદિશાનાં પર્વતો સર્વે રત્નમય છે.

જંબૂદ્વીપથી ૪૨૦૦૦ યોજન જઇએ તે ઠેકાણે ૩૦૯ યોજન ઉપરાંત ૯૫ ના ૪૫ ભાગ

---

૫૪ સમ. ૯૫ સૂત્ર. ૨. ૫૫. જીવા. સૂત્ર ૧૫૬. ૫૬. જીવા. સૂત્ર ૧૫૯. ૫૭. જીવા. સૂત્ર ૧૬૦. ૫૮. જીવા. સૂત્ર ૧૬૦.

જેટલી જલવૃદ્ધિ છે તેમજ ૪૪૨ યોજન ઉપરાંત ૯૫ ના ૧૦ ભાગ જેટલા પર્વતો ઊંડાં છે તથા ૯૬૯ યોજન ઉપરાંત ૯૫ ના ૪૦ ભાગ જેટલા જંબૂદ્વીપ તરફ ઉઘાડા દેખાય છે અને ૯૬૩ યોજન ઉપરાંત ૯૫ ના ૭૭ ભાગ જેટલા શિખર તરફ ઉઘાડા દેખાય છે.

[૫૯]મેરૂ પર્વત ના પશ્ચિમ દરવાજાથી બાર હજાર યોજન સમુદ્રમાં જઈએ ત્યારે લવણ સમુદ્રના અધિષ્ટાતા સુસ્થિત દેવનો ગૌતમદ્વીપ આવે છે. તે ગૌતમદ્વીપની બન્ને બાજુમાં જંબૂદ્વીપના બે સૂર્યના બે દ્વીપ છે તથા લવણની શિખાની આ બાજુના બે સૂર્યના બે દ્વીપ છે. આ પ્રમાણે ચાર સૂર્યના ચાર દ્વીપ ગૌતમદ્વીપ પાસે છે. એ ગૌતમદ્વીપ સહિતના પાંચે દ્વીપ ૧૨-૧૨ હજાર યોજન લાંબા અને પહોળાં છે. (ગૌતમદ્વીપનું ચિત્ર નીચે આવેલ છે.)

મેરૂ પર્વતથી પૂર્વ દિશામાં જગતીના દરવાજાથી ૧૨ હજાર યોજન લવણસમુદ્રમાં જઇએ ત્યાં જંબૂદ્વીપના બે ચંદ્ર તથા લવણ શિખાની આ બાજુના બે ચંદ્ર અને ચાર ચંદ્રમાના ચાર દ્વીપ છે.



સૂર્ય-ચંદ્રના દ્વીપ

એજ રીતે પશ્ચિમ દિશામાં શિખાની પેલી તરફ લવણ સમુદ્રના બે સૂર્ય અને ધાતકીખંડના છ સૂર્ય મળી આઠ સૂર્યના આઠ દ્વીપ છે તથા પૂર્વ દિશામાં શિખાની પેલી તરફ લવણ સમુદ્રના બે ચંદ્ર અને ધાતકીના છ ચંદ્ર એ રીતે આઠ ચંદ્રના આઠ દ્વીપ છે. એ લવણસમુદ્રમાં પાંચસો યોજનના મત્સ્ય છે તથા લવણની સમુદ્ર શિખામાં જે જ્યોતિષ ચક્ર ચાલે છે તેના વિમાન દિગ્ સ્ફટિક રત્નના છે. લવણ અધિકાર સંપૂર્ણ.

૩૯ ઓગણચાલીસમે બોલે કાલોદધિનો વિચાર કહે છેઃ– તે કાલોદધિ પ્રથમ દરવાજાથી સામા દરવાજા સુધી આઠ લાખ યોજન પહોળો છે અને એક હજાર યોજન ઊંડો છે ગોતીર્થ નથી, વેલ નથી. પહેલે દરવાજેથી પૂર્વ-પશ્ચિમ તરફ બેતાળીસ હજાર યોજન જઇએ ત્યાં કાલ નામનો દેવ, પશ્ચિમમાં મહાકાલ નામનો દેવ – આ બે સમુદ્ર અધિષ્ઠાયક દેવના દ્વીપ છે તેમજ પશ્ચિમમાં બાર હજાર યોજન જઇએ ત્યાં કાલોદધિના એકવીસ સૂર્યના એકવીસ દ્વીપ છે. પૂર્વમાં બાર હજાર યોજન જઇએ ત્યાં કાલોદધિના એકવીસ ચંદ્રમાના એકવીસ દ્વીપ છે. એ સમુદ્રમાં સાતસો યોજનના શરીરવાળા મત્સ્ય છે. એના પાણીનો સ્વાદ સારો છે. ધાતકીખંડના સૂર્ય ચંદ્રના દ્વીપ સર્વે પાણીથી બે ગાઉ ઉઘાડા છે.

૫૯. જીવા સૂત્ર ૧૬૧.

(૪૦) ચાલીસમે બોલે— પુષ્કરાર્ધ દ્વીપની વિગત બતાવે છે:— [૬૦]પુષ્કરાર્ધ સોળ લાખ યોજન પહોળો છે. તેની મધ્યમાં માનુષોત્તર પર્વત આવેલો હોવાથી તેના બે ભાગ થયા છે. તેમાં આગળના ભાગના આઠ લાખ યોજનમાં મનુષ્યોની વસ્તી છે અને બીજી બાજુના આઠ લાખ યોજનમાં મનુષ્ય શૂન્યક્ષેત્ર છે.

(૪૧) એકતાળીસમે બોલે— માનુષોત્તર પર્વત સિંહને આકારે છે. પુષ્કરવર દ્વીપના મધ્યભાગમાં વલય આકારે રહેલો છે. નીચે ૧૦૨૨ યોજન પહોળો છે અને મધ્યમાં ૭૨૩ યોજન પહોળો છે તેમજ ઉપર ૪૨૪ યોજન પહોળો છે અને ઊંચો તો વેલંધર પર્વત જેટલો ૧૭૨૧ યોજન છે તથા ભૂમિમાં ચોથો ભાગ ઊંડો છે. એની અંદરની પરિધિ ૧૪૨૩૦૨૪૯ યોજન અને માનુષોત્તરથી બાહ્ય પરિધિ ૧૪૨૩૬૯૧૪ યોજન છે. આટલીજ પરિધિ સિદ્ધ-શિલાની પણ જાણવી. એ સિદ્ધશિલા અને અઢીદ્વીપ બન્ને બરાબર છે. આ અઢીદ્વીપ રૂપ મનુષ્યક્ષેત્રમાં નવ વાનાં હોય છે. તેના નામ કહે છે— (૧) નદી, (૨) દ્રહ, (૩) મેઘ, (૪) ગર્જારવ, (૫) અગ્નિ, (૬) તીર્થંકર, (૭) ગણધર આદિ મનુષ્યો (૮) તેમના જન્મ-મરણ અને (૯) રાત્રિ દિવસ. આ પ્રમાણે સંક્ષેપથી અઢીદ્વીપના ભાવ જાણવા.



જમ્બૂદ્વીપ

હવે એજ અઢીદ્વીપના સંબંધી કંઈક વિશેષ વિચાર બતાવે છે:— આ અઢીદ્વીપની મધ્યમાં પ્રથમ જંબૂ-દ્વીપ આવેલું છે. એ સર્વ દ્વીપ અને સમુદ્ર જે જગતી ઓથી વીંટળાયેલા છે તેમાંની પ્રથમ જગતીનું વર્ણન કરીએ છીએ. દરેકે દરેક દ્વીપ અને સમુદ્ર પદ્મવર વેદિકા વાળા છે અર્થાત્ સર્વ દ્વીપ અને સમુદ્રને ચારે બાજુ પદ્મવર વેદિકા છે અને સર્વ પદ્મવર વેદિકાઓની નજીક તથા આગળ બન્ને બાજુ વનખંડો પણ છે.

---

[૬૦] જીવા. પ્રતિ. ૩. ઉ. ૨

# જગતી




પ્રથમ જંબૂદ્વીપ મોટા નગરના ગઢના આકારે વજ્રમય [1]જગતી વડે ચારે બાજુ વીંટળાયેલો છે. તે કોટ આઠ યોજન ઊંચો છે તથા [2]બાર યોજન નીચે ધરતીના મૂળમાં પહોળો છે. પછી જેમ જેમ ઊંચે ચડીએ તેમ તેમ અનુક્રમે પહોળાઈને વિસ્તાર ઘટતાં ઘટતાં જ્યારે એક યોજન ઊંચે ચડીએ ત્યારે અગિયાર યોજન પહોળો રહે છે, બે યોજન ચડતાં દશ યોજન પહોળો રહે છે, ત્રણ યોજન ચડતાં નવ યોજન પહોળો રહે છે અને જ્યારે ચાર યોજન ઊંચે ચડી કોટના મધ્યભાગમાં ચાલીએ ત્યારે આઠ યોજન પહોળો રહે છે. આ પ્રમાણે આઠ યોજન ચડી કોટની ઉપર જઈએ ત્યારે ચાર યોજન પહોળો રહે છે. એ કોટ ઊંચા કરેલા ગાયના પૂંછડાને આકારે છે. જેમ ગાયનું પૂંછડું મૂળમાં જાડું હોય અને પછી ઉતરતાં ઉતરતાં પાતળું હોય છે તેમ જગતી પણ ધરતીના મૂળમાં જાડી છે અને પછી ચડતાં ચડતાં પાતળી થતી ગઈ છે.

તે જગતી સર્વ પ્રદેશે વજ્રરત્નમય છે. તેની મણિરત્નની ભીંત છે. વૈડૂર્ય રત્નના તેના થાંભલા છે, લોહિતાક્ષ રત્નના ખીલા છે. છતમાં સોના રૂપાના પાટિયા છે. તે આકાશની જેમ સ્વચ્છ છે, સુકોમળ છે, ઘસેલી, માંજેલી, સુંવાળી કરેલ છે, રજરહિત, મળરહિત, કાદવરહિત છે, છાયા-આવરણ વગરની તેમજ શોભાવાળી છે, અનુપમ કાંતિવાળી છે. ઉદ્યોત-પ્રકાશયુક્ત છે, જોવા યોગ્ય છે, મનોહર – આંખથી જોતાં મનોજ્ઞ લાગે તેવી છે, જેમાં પ્રતિબિંબ પડે એવી તે જગતી છે. કળશ, મંગળ, તોરણ, વિજય, વેદિકા, સિંહાસન, ઝરોખા જાળી એ સર્વે રત્નમય રમણિક છે.

[3]તે જગતી ઉપર જંબૂદ્વીપની પાસે એક જાલકટક (જાળીઓનો સમૂહ) ચારે બાજુ સર્વ દિશાએ વીંટળાયેલ છે, તે જાળી અર્ધ યોજન ઊંચી છે, પાંચસો ધનુષ્ય પહોળી જાડાઈમાં છે, સર્વ રત્નમય છે, નિર્મળ છે, સુકોમળ છે, યાવત્ જોવા યોગ્ય છે, મનોહર છે.

---

૩. જીવાભિગમ સૂત્ર. પ્રતિપત્તિ ૩. ઉદ્દેશ ૧

× જાલકટક (જેમાં રમણિક આકૃતિ, કોતરી હોય એવો જાળીવાળો પ્રદેશ.)



પદ્મવરવેદિકા

તે જગતી મોટા ગવાક્ષોના-વલયથી સર્વદિશાઓમાં ચારે બાજુ-એ વીંટળાયેલી છે. તે સર્વ ગોખલા રત્નમય છે. એકેક ગોખલો બબ્બે ગાઉ ઊંચા છે અને પાંચસો-પાંચસો ધનુષ્ય પહોળો છે તેમજ અડધો ગાઉ લંબાઈમાં છે. તે નિર્મળ છે યાવત્ પ્રતિરૂપ છે. એ બધા ગવાક્ષો (ગોખલાઓ) લવણસમુદ્રની પાસે જગતીના મધ્યભાગમાં ચારે બાજુ જાણવા.

### પદ્મવર વેદિકા

હવે તે જગતીની ઉપરની ભૂમિના મધ્યભાગમાં ચારે બાજુ ફરતી એક મોટી [4]પદ્મવર વેદિકા–વદ્દેતાઓને ક્રીડા કરવાનું સ્થાનક છે. તે અર્ધ યોજન ઊંચી છે અને પાંચસો ધનુષ્ય પહોળાઈમાં છે. જગતીના મધ્યભાગમાં જેટલી પરિધિ છે તેટલી તેની પરિધિ છે. તે સર્વ રત્નમય જગતી જેવી છે. જગતી તેની ચારે બાજુ ફરતી કોટ સમાન છે. તેની ભૂમિ વજ્ર-રત્નમય છે. ભૂમિભાગથી બહાર નીકળેલા તેના (નેમા) પ્રદેશો વજ્રરત્નમય છે. અરિષ્ટ રત્નના મૂળ પગથિયાં છે. તેના વૈડૂર્યરત્નના થાંભલા છે, સોના અને રૂપાના પગથિયાનાં પાટિયા છે. વજ્રરત્નથી તેની સાંધ પૂરેલી છે. પાટિયાની વચ્ચે જે ખીલીઓ છે તે લોહિતાક્ષ રત્નની છે. ત્યાં જુદી જુદી જાતના મનુષ્યોના યુગ્મ (યુગલ) શરીરાકારો છે. તે મનુષ્યોના જોડલાનું રૂપ વિવિધ મણિરત્નોવાળું છે તેમજ મનુષ્યના એકાકી રૂપ પણ છે એવા પણ તેના અંક-રત્નના પડખા છે. જ્યોતિરસ રત્નના વાંસ ડાબે અને જમણે બન્ને એ પડખે બાંધ્યા છે અને મોટા વાંસોને સ્થિર રાખવા માટે તેની બન્ને બાજુમાં તીરછા રાખેલા વાંસપણ જ્યોતિરસ રત્નોના બનેલા છે. વાંસોની ઉપર છાપરા ઉપર રખાતી લાંબી વળીઓની જગ્યાએ જે પટ્ટીઓ છે તે ચાંદીની છે. તેના ઉપર સોનાની ઢાંકણી છે. તેની ઉપર વળી વજ્રરત્નની મજબૂત ઢાંકણી છે. તેની ઉપર સર્વ શ્વેતરૂપામય આચ્છાદન (પાતળી છોઈની ગુંથેલી સાદડી) છે એવી આ પદ્મવરવેદિકા છે.

તે પદ્મવરવેદિકામાં કોઈ સુવર્ણની માળા, ઘૂઘરાની માળા યાવત્ મોતીની માળા તેમજ કમળની માળા છે. તે સર્વ રત્નમય તથા પીળા સુવર્ણમય પદ્મકાર દામ (માળા) સમૂહો

---

૪ (અ.) જીવા. પ્રતિ. ૩ સૂત્ર ૧૨૫. પૃ. ૧૭૯-૮૦, (બ) રાયપશેણીય સૂત્ર પૂર્વાર્ધ.

૫ પદ્મવરવેદિકાઃ— વનખંડ-શ્રેણી વગેરેની સીમા ઉપરની વેદી કે જેના સ્તંભ વગેરેમાં પદ્મકમળ કોતરેલ છે.

સર્વ દિશાઓ તથા વિદિશાઓમાં વ્યાપ્ત છે. તે માળાને રકત સુવર્ણના ફૂમકાં છે. તે જુદી-જુદી જાતના મોતીઓ અને રત્નોના હાર અને અર્ધહારથી શોભતી છે, એકબીજાથી અંદરો-અંદર જરાક અલગ છે. તે પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તરના મંદમંદ વાયુથી કંપતી, લંબાતી, ઝણઝણ એવો અવાજ કરતી, કાન અને મનને ગમે તેવા શબ્દોથી ચારેબાજુ દિશાઓને પૂરતી, અને શોભી રહેલ છે. જ્યાં જ્યાં એક યુગલ છે તે સ્થળે બીજા પણ ઘણા ઘોડાના યુગલો, હાથીના યુગલો, મનુષ્યના યુગલો, કિન્નર નામના વ્યંતરદેવોના યુગલો, કિંપુરૂષ, મહોરગ અને ગંધર્વના યુગલો, વૃષભનાં યુગલો ઈત્યાદિ યુગલો છે. તે સર્વ રત્નના નિર્મળ, સુકોમળ યાવત પ્રતિરૂપ છે. તે સ્થાનકે ઘણા ઘોડાના રૂપની પંક્તિઓ છે. તે પણ પૂર્વવત યાવત્ પ્રતિરૂપ છે. વળી ત્યાં ઘોડાના મિથુનના રૂપો એટલે કે સ્ત્રી સહીત રૂપો પણ છે. તે સ્થાનકે ઘણી પદ્મલતા, નાગલતા, અશોકલતા, ચંપકલતા આમ્રલતા, જૂઈની લતા, મચકુંદ (મોગરાની) લતા, શ્યામલતા પ્રમુખ લતાઓ છે. તે બધી નિત્ય ફૂલી-ફાલી મંજરીઓથી યુકત છે. તે સર્વ રત્નમય યાવત પ્રતિરૂપ છે તેમજ ઠેર-ઠરે ઘણા રત્નમય અક્ષતના સ્વસ્તિક છે. આ સિવાય આનું વિશેષ વર્ણન સર્વ જીવાભિગમ સૂત્રથી જાણી લેવું.

હવે પદ્મવરવેદિકાના નામનો હેતુ કહે છે:— એ વેદિકામાં દરેક ઠેકાણે એટલે કે [1] વેદિકામાં, વેદિકાની બાજુમાં, વેદિકાના પાટિયાના મથાળે, વેદિકાના [2] પુટાંતરમાં, થાંભલામાં, થાંભલાની બાજુમાં, થાંભલાને મથાળે, થાંભલાના પુટાંતરમાં, ખીલીમાં, ખીલીના મુખમાં, ખીલીના પાટિયામાં, ખીલીના પુટાંતરમાં, ખીલીની પડખે, ખીલીની પડખેના સ્થાનમાં, ખીલીની પડખેના અંતભાગમાં—આ બધા સ્થળે ઘણા ઉત્પલો તથા સૂર્યવિકાસી કમળો યાવત્ લાખ પાંખડીના કમળો છે. તે સર્વે રત્નમય છે. ચોમાસામાં ઉત્પન્ન થયેલા છત્રાકાર વનસ્પતિના જેવા મોટા કમળ પ્રમુખો રહેલાં છે. તે સર્વ પદ્મવરવેદિકામાં રત્નમય છે, તેથી તેનું [4] પદ્મવરવેદિકા એવું નામ આપ્યું છે, તે શાશ્વતી છે.

## વનખંડ:—

તે પદ્મવરવેદિકાની પૂર્વ-પશ્ચિમ દિશાની બન્ને બાજુએ બે [3] વનખંડ છે. તે દેશે ઉણાં બે યોજન અર્થાત ૨૫૦ ધનુષ્ય ઉણાં બે યોજન ચક્રવાલપણે પહોળાં છે. એટલે જગતીની ઉપર પાંચસો ધનુષ્યની વેદિકા પહોળી છે અને વેદિકાની બહાર સમુદ્ર તરફની બાજુનું વન બે યોજનમાં અઢીસો ધનુષ્ય ઓછું છે તેમજ વેદિકાની જંબૂદ્વીપ તરફની બાજુનું વન પણ બે યોજનમાં અઢીસો ધનુષ્ય ઓછું છે. એ સરવાળે જગતી ઉપરની ભૂમિ ચાર યોજન પહોળી પૂર્વે કહી છે તેટલી થઈ. તે બન્ને બાજુના વન જગતી સમાન પરિધિવાળાં ચારે બાજુ ફરતાં છે. તેમની કૃષ્ણવર્ણ જેવી નીલી શોભા છે. તે વનની ભૂમિ ચામડાના પડ જેવી સમતલ છે તેમજ અરીસાનું તળ, હથેળીનું તળ, ચંદ્રમાનું મંડલ, સૂર્યનું મંડલ, ઘેટાનું ચર્મ, વૃષભનું ચર્મ, વરાહનું ચર્મ, સિંહનું ચર્મ, વાઘનું ચર્મ, બકરીનું ચર્મ, દીપડાનું ચર્મ—

---

૧ વેદિકા = વંડી, ફરતી ભીંત,

૨ પુટાંતર = સરખે સરખી બે વસ્તુના જોડલાનું અંતર, **A cavity between two evenly joined articles.**

૪ અનેક જાતના વૃક્ષો જ્યાં હોય છે તેને વનખંડ કહે છે. (૧) જીવા. પ્ર. ૩. ઉ. ૩. (૨) જંબૂ. વક્ષ. ૧. (૩) રાય પસેણીય સૂત્ર પૂર્વાર્ધ. ૩ 'પદ્મવર વેદિકા'નું ચિત્ર 'જગતી'ના ચિત્ર. પાન નં ૨૩ ઉપર આપેલ છે તે જોવું.

એના જેવું ભૂમિનું તળ છે. તે વનમાં અનેક પ્રકારના કાળા, પીળા, ધોળા, રાતા, નીલા એવા મણિરત્નોના તૃણ છે. તેમનો મનોજ્ઞ શબ્દ છે, મનોજ્ઞ રૂપ છે. ત્યાં ચારે દિશાના પવન વાય ત્યારે તે તૃણ એક બીજા સાથે અથડાય છે. તેથી તેમાંથી છત્રીસ રાગ-રાગણીના આલાપ જેવી ધ્વનિ નીકળે છે તે જાણે બત્રીસ જાતનાં નાટક થતા હોય, જાણે ઓગણપચાસ જાતના વાજા વાગતા હોય, જાણે ગંધર્વ દેવતા ગીત ગાતા હોય તેવા પ્રકારનાં શબ્દો નીકળે છે. તે વનમાં દરેકે દરેક સ્થળે ઘણી નાની વાવ, ઘણા કમળો ઊગેલા છે તેવી ચોખૂણી ગોળ વાવ તે પુષ્કરણી તથા ગુંજાલિકા તે ઢાંકેલી વાવ, દીર્ઘિકા તે લાંબી વાવ તેમજ એક પંક્તિમાં રહેલ અનેક તળાવોની પંક્તિ તેસરપંક્તિ કહેવાય – એવી સર પંક્તિ તથા એકનું પાણી બીજામાં આવતું હોય તેને સરસર પંક્તિ કહેવાય તેમજ બિલ–કૂવાની પંક્તિ છે. આ સર્વે સુકોમળ છે. તેમના ચાંદીના કિનારા છે. વજ્રમય પાષાણો વડે તેના પડખાં બાંધ્યા છે. સુવર્ણના તેના તળિયાં છે, વૈડૂર્યરત્નના અને સ્ફટિકના તેનાં કિનારાની પાસેના પ્રદેશો છે. સુવર્ણ અને શુભ્ર રજતની તેની વેળુ છે, સહેલાઈથી પ્રવેશ કરવા યોગ્ય છે તેમજ સરળતાથી ઉતરવા યોગ્ય છે, અનેક પ્રકારના રત્નોથી તીરછી ભીંત બાંધી છે –ઘાટ બાંધેલા છે, ચોખુણી છે, સરખો તટ છે, પાણીની નીચેનું સ્થાન (તળિયું) અનુક્રમે નમતું નમતું છે. ત્યાં ગંભીર શીતળ જળ છે, તે ઠેકાણે વિસ મૃણાલ નામે નીલા કમળના પાંદડાવાળા ઘણા ઉત્પલ, કુમુદ, નલિન આદિ અનેક જાતના કમળોવાળી પુષ્કરણીઓ છે. તે કમળોની આસપાસ ભમરાં વગેરે ફર્યાં કરે છે, નિર્મળ પાણીથી તે વાવો પૂર્ણ ભરેલી છે. તેમાં મત્સ્ય, કાચબા વગેરે ઘણા જીવો ફરે છે તથા અનેક પક્ષીઓના યુગલો ક્રીડા કરે છે તેમજ તે પ્રત્યેક વાવ પદ્મવરવેદિકા અને વનખંડોથી યુક્ત છે.

કેટલીક વાવોના પાણી મદિરા સમાન છે, કેટલીકના વારૂણીવર સમુદ્રના જેવા પાણી છે, કેટલીકના ગાયના દૂધ જેવા પાણી છે, કેટલીકના ઘી જેવા પાણી છે, કેટલીકના શેરડીના રસ જેવા પાણી છે, કેટલીકના અમૃત જેવા પાણી છે, કેટલીક વાવના વળી સ્વાભાવિક પાણી જેવા પાણી છે તે વાવો જોવા યોગ્ય છે. આ પ્રમાણે તે વાવ, કૂવા વગેરેનું વર્ણન ઘણું છે તે જીવાભિગમ સૂત્રથી જાણવું. ફળ, ફૂલ, પત્ર, આંબા, લીંબુ, દાડમ, વગેરે સર્વ પદાર્થો તે વનમાં રત્નના જાણવા.

તે વનમાં ઠેકઠેકાણે ઘણા ઉત્પાત પર્વતો છે. ત્યાં વ્યંતર પ્રમુખ દેવતા ક્રીડા કરવા માટે આવી ભવધારણીય વૈક્રિય શરીરથી ક્રીડા કરે છે. તે પર્વત ઉપર સ્ફટિક રત્નના મંડપ તથા સ્ફટિકના મંચ, સ્ફટિકના પ્રાસાદ, ઝુલાઓ, પક્ષીઓને બેસવાના સ્થાન વગેરે બધા રત્નના છે. તેમજ હંસ, ક્રૌંચ, ગરૂડ વગેરેના આકારે જુદી જુદી જાતના અનેક સિંહાસન છે. આ પ્રમાણે વાવડીઓ, તોરણો, પૂતળીઓ, મહેલો, એ બધાં રત્નમય છે. છ એ ઋતુઓમાં સર્વ સ્થળે જોવા લાયક રમણિક છે.

તે વનખંડમાં દરેક ઠેકાણે કેળનાં ઘર, લતાનાં ઘર, અવસ્થાન (Residence - રેસીડેન્સ) ઘર, સ્થાન કરવાના ગુપ્ત ઘર (બાથરૂમ), પ્રસાધન (શ્રૃંગાર) ઘર વગેરે અનેક જાતના ઘર છે તેમજ જૂઈ વગેરે ફૂલોના ઘણા મંડપ છે તથા ઉત્તમ શય્યા અને આસનને ઠેકાણે પૃથ્વી-શિલાના પટ્ટ છે. ત્યાં ઘણા વ્યંતર દેવો અને દેવીઓ વસે છે, વિશ્રામ કરે છે, સૂવે છે શરીર લંબાવે છે-ઊંઘતા નથી, બેસે છે, પડખાં ફેરવે છે, રમે છે, ઈચ્છિત સુખ ભોગવે છે,

ક્રીડા-વિનોદ (ગમ્મત) કરે છે, મૈથુન સેવન કરે છે, પૂર્વભવના આચરેલા સત્કાર્યોથી ઉપાર્જન કરેલા કલ્યાણકારી શુભકર્મના શુભ વિપાક-ફળ ભોગવતાં દરેક યુગલ વિચરે છે. ટૂંકાણમાં એ જગતીની ઉપર અને પદ્મવર વેદિકાના અંદરના ભાગમાં એક વિશાળ વનખંડ છે. તે બે યોજનથી થોડા ઓછા વિસ્તારવાળું છે તેમજ આ વનમાં તૃણ કે મણિઓ હોતા નથી કારણ કે પદ્મવરવેદિકાના અંદરના ભાગમાં હોવાથી બરાબર વાયુ વગેરે ન હોવાથી હાલતા નથી. આટલો તફાવત આ બંને વનમાટે સમજવો.

## [૧]દ્વાર વર્ણન

હવે તે જંબૂદ્વીપનાં દરવાજાની સંખ્યા બતાવે છે. પૂર્વ દિશામાં એક વિજય નામનું દ્વાર છે. તેનો વિજયદેવ નામે દેવ છે. બીજું દક્ષિણ દિશામાં વૈજયંત નામે દ્વાર છે. તેનો વૈજયંત નામે દેવ છે. ત્રીજું પશ્ચિમ દિશામાં જયંત નામે દ્વાર છે. તેનો જયંત નામે દેવ છે. ચોથું ઉત્તર દિશામાં અપરાજિત નામે દ્વાર છે. તેનો અપરાજિત નામે દેવ છે. આપ્રમાણે વિજયાદિ ચાર અનુત્તર વિમાનોને નામે ચાર દરવાજાના પણ નામ કહ્યાં છે.




વિજય દ્વાર

ત્યાં મેરૂ પર્વતની પૂર્વ દિશામાં પિસ્તાળીસ હજાર યોજન જઇએ ત્યારે જંબૂદ્વીપની પૂર્વદિશાને છેડે લવણ સમુદ્રમાં પૂર્વાર્ધના પશ્ચિમ ભાગમાં શીતા મહાનદીની ઉપર વિજય નામનો દરવાજો છે. તે આઠ યોજન ઊંચો છે, ચાર યોજન પહોળો છે અને ચાર યોજન લાંબો તેના પ્રવેશદ્વાર છે બન્ને બાજુ એકેક ગાઉની બારસાખની ભીંત સફેદ રંગની છે. તેનું શિખર સોનાનું છે. ત્યાં ઈહામૃગ, વૃષભ, અશ્વ, મનુષ્ય, મગર મચ્છ, પક્ષી, સાપ, કિન્નર નામના વ્યંતરદેવ, રૂરૂજીવ (મૃગ), ચમર (એ નામનું મૃગ), જંગલી હાથી, વનલતા, પદ્મલતા વગેરેના ચિત્રો છે. થાંભલા ઉપર સુંદર ઓટલો છે. વિદ્યાધરોના યુગલોના આકારવાળાં તે થાંભલા છે. હજાર ગણા સૂર્યના કિરણોથી પણ વધારે પ્રકાશીત તેજસ્વી છે. નયનરમ્ય સુખકારી સ્પર્શવાળા અને સુંદર શોભનીક છે.

૧ (૧) જીવા. પ્ર. ૩ ઉ. ૧ સૂત્ર. ૫૨૮, ૧૪૩, (૨) ઠા. ૪. ઉ. ૨ સૂત્ર. ૩૦૩ (૩) ઠા. ૮. સૂત્ર. ૬૫૭. (૪) જંબૂદ્વીપ. વક્ષ. ૧, (૫) રાયપસેણીય સૂત્ર, પૂર્વાર્ધ.

ભૂમિભાગથી ઊંચે ઉઠેલા તેના પ્રદેશો નેમા (ભાગો) વજ્રરત્નના છે, અરિષ્ટરત્નના મૂળ પગથિયા છે. વૈડૂર્ય (નીલમ)ના થાંભલા છે. તે સુવર્ણના ઉત્તમ પંચવર્ણા મણિરત્નોથી થાંભલાનું ભોંયતળિયું બાંધ્યું છે. હંસગર્ભરત્નનો ઊમરો બનેલો છે, ગોમેદ (પોખરાજ) રત્નનાં નીચેનાં ટોડલાં છે અને ઉલાળો છે. લોહિતાક્ષ (માણેક - Ruby ) રત્નની બારશાખ છે. જ્યોતિરસ રત્નના બારણાના ઉપલા ચાંપણા (દ્વાર ઉપર તીરછું રાખેલ કાષ્ઠ) છે. વૈદુર્યરત્નના કમાડ છે, વજ્રરત્નની પાટિયાંની સંધિ (સાંધાનો ભાગ) જડેલી છે. લોહિતાક્ષ રત્નમય બે પાટિયાં વચ્ચે ખીલી છે. અનેક મણિઓના †ચણિયારાં છે. વજ્રરત્નની ભૂંગળ છે અને ભૂંગળની વજ્રરત્નમય આવર્તન પીઠીકા (થાંભલાની બેઠક કે આધાર) છે, જ્યાં ઉલાળો (ઊભો આગળો) બેસે તે જગ્યા જાણવી. અંક–સ્ફટિકરત્નના દ્વારના બે પડખાં છે, એવા આંતરા વગરનું નિબિડ (સઘન --છિદ્રવગરનું) અભંગ કમાડ છે.

તે દ્વારની બન્ને પડખે બેસવાના ચોખુણા ઓટલા છે. તેની પાસે પણ ત્રણ - ત્રણની ૫૬ પંક્તિ એવી ૧૬૮ લાંબી ખૂંટિયો છે તેમજ ૧૬૮ શય્યાઓ છે. ત્યાં અનેક પ્રકારના મણિરત્નના સર્પની આકૃતિઓ છે. તે દ્વારની બન્ને પડખે અનેક પ્રકારના મણિરત્નોની લીલા કરતી પૂતળીઓ છે. વજ્રરત્નમય તેનું શિખર છે. શિખરની ઉપરનું પીઠ (સ્થાનક) રૂપાનું છે. તેનો વચ્ચેના ચંદરવારૂપ ઉપરનો છતનો બધો ભાગ સોનાનો છે. અનેક પ્રકારના મણિરત્નના દરવાજામાં જાલપિંજર — ગોખલા છે. તેમાં મણિમય ઉપલો વાંસ છે. લોહિતાક્ષ રત્નમય ઉપલો પ્રતિવાંસ (વાંસની સામે લગાડેલ વાંસ) છે. રૂપામય ભૂમિ છે. એમના બન્ને દરવાજાઓમાં આડસર (આડી પાટડી — મોભ) ના ખાંગા (ખાડા) અને બીજા પણ જે ખાંગા છે. તે સર્વે અંકરત્નમય છે. જ્યોતિરસ રત્નની વાંસની વળી છે, જ્યોતિરસ રત્નમજડેલા વાંસ ઉપર અનેક ખપાટિયા છે. તે ઉપર રૂપામય પીઠ (પાટિયા) છે, તેની વચ્ચે સુવર્ણમય પાતળી વળી છે. તેની વચ્ચે સૂક્ષ્મ તૃણસમાન આચ્છાદન - ઢાંકણીરૂપ છે. તે ઉપર વળી સર્વ શ્વેત રૂપામય ઢાંકણ છે. અંકરત્નમય આસપાસના ભાગ છે તથા સુવર્ણના મુખ્ય શિખર છે. તેના ઉપર સુવર્ણમય થૂભિકા (નાના નાના શિખર) છે. તે દ્વારનો ઉપલો ભાગ સર્વ શ્વેત દક્ષિણાવર્ત શંખનો છે. જેવાં નિર્મળ દહીના દડબાં, ગાયનું દૂધ સમુદ્રના ફીણ, રૂપાનાં પુંજ, હોય છે એના જેવો ઉજ્જવળ પોળનો પ્રકાશ છે. તિલકરત્ન તથા અર્ધચંદ્રવાળાં અનેક ચિત્રો છે. અનેક પ્રકારની રત્નમાળાઓથી તે દ્વારના મુખ શોભાયમાન છે અને તે બહાર અને અંદર સુકોમળ છે. પોળની અંદર સોનાની વેળુ પાથરી છે. તેનો સ્પર્શ શુભ છે, શોભનિક રૂપ છે, જોવાયોગ્ય છે યાવત પ્રતિરૂપ છે.

### કળશ :—

હવે તે વિજય નામના દ્વારની બન્ને પડખે બે નૈષેધિકી (ઓટલા) છે. તેના ઉપર ચંદન લગાડેલા બબ્બે કળશો છે. તે કળશ ઉત્તમ કમળો ઉપર સ્થાપ્યા છે. સુગંધિત ઉત્તમ પાણીથી પૂરેપૂરાં ભરેલાં છે. તે કળશોને ચંદનના લેપ કરેલા છે. તેના ગળામાં રાતા સૂતરના દોરા બાંધ્યા છે. તેના મુખભાગમાં કમળના ઢાંકણા છે. એ કળશ વગેરે સર્વ રત્ન જડેલ છે. તે

† Bolts of a door

નિર્મળ છે, સુકોમળ છે યાવત્ પ્રતિરૂપ છે, મોટા મોટા મહેન્દ્ર કુંભ (મહાકળશ) સમાન તે કળશ છે.

### નાગદંતા



નાગદંતા

તે દ્વારની બન્ને પડખે ઓટલે બેસવાના સ્થાને બબ્બે નાગદંત-હાથદાંત જેવા ખીલા (ખૂંટિયો) છે. તે નાગદંતા ઉપર ઘણી મોતીની માળા. લાંબી હેમની માળા, ગવાક્ષને આકારે રત્નની માળા અને ઘૂઘર માળા, વગેરે વળગાડેલી છે. તે કાંઈક ઊંચા છે. સન્મુખ નીકળ્યા છે. તીરછા જુદા જુદા પ્રદેશમાં સુંદર રીતે રહેલા છે. નીચે સર્પના અર્ધ આકાર સમાન છે, સર્વ રત્નમય છે, નિર્મળ છે યાવત્ પ્રતિરૂપ છે. એવા મોટા નાગદંત હાથીના દંતસમાન છે. તે નાગદંતો ઉપર ઘણી કાળા, નીલા (આસમાની), લાલ, પીળા તેમજ સફેદ દોરાથી બાંધેલી લાંબી ફૂલની માળાઓ વળગાડેલી છે. તે માળાઓને સોનાના ફૂમકાં છે તેમજ સોનાના પતરાઓથી મઢેલ છે. અનેક મણિરત્નો, વિવિધ પ્રકારના હારો અને અર્ધહારોથી અત્યન્ત શોભે છે. તે નાગદંતા ઉપર બીજા બે નાગદંતા (ખૂંટિયો) ની હાર છે. તે મોતીની જાળીથી શોભે છે. તેમનું વર્ણન પહેલાં કહેલ નાગદંતા જેવું જાણવું. તે નાગદંતા ઉપર ઘણા રત્નમય શીંકા છે. તે શીંકાઓમાં વૈદૂર્યરત્નની ઘણી ધૂપદાનીઓ છે. તે ધૂપદાનીઓ કાલાગુરૂ (અગર), કુંદરૂક વગેરે ધૂપની સુગંધથી મનોહર અને સુગંધીત છે. તે ધૂપદાનીઓ ગંધની ગોળીસમાન છે. મનને ગમતી અને મનોહર તથા નાસિકા અને મનને સુખ આપતી સુગંધ ચારે દિશામાં ફેલાવતી અત્યંત શોભે છે.

### પૂતળીઓ :

તે વિજય નામના દ્વારની બન્ને બાજુ બે નૈષેધિકી (ચોતરા) ની બેઠકમાં બબ્બે પૂતળીઓ છે. તે પૂતળીઓ લલિતાંગ, મનોહર લીલા–ક્રીડા કરતી ચીતરેલી છે. સુંદર વેષ અને આભૂષણોથી સજેલી છે. તે પૂતળીઓને જુદી જુદી જાતના વસ્ત્રો થી સજાવેલ છે. જાતજાતની ફૂલની માળાઓ ગળામાં પહેરાવેલ છે. તેમનો કટિપ્રદેશ મુઠ્ઠીમાં સમાય એવો સાંકડો છે, તેમના શિખર જેવા યુગલ ગોળાકાર ઊંચા માંસલ સ્તનો છે, નેત્રના ખૂણાં રાતા છે, વાળ ભમરા જેવા કાળાં છે, કોમળ, નિર્મળ, શુભ લક્ષણોથી યુકત, પ્રશસ્તપણે વાળેલો તેમના માથાનો અંબોડો છે. તેમનું શરીર અશોકવૃક્ષને આશ્રિત રહેલું છે. તેમણે ડાબે હાથે અશોકવૃક્ષની શાખા ગ્રહણ કરેલી છે. પોતાના તીરછા કટાક્ષોથી દેવતા પ્રમુખને આકર્ષતી જાણેકે એક બીજાના સૌભાગ્યની અદેખાઈથી ખેદીત હોય એવી તે પૂતળીઓ પૃથ્વીકાયની છે. તે શાશ્વત ભાવે (નિત્ય) રહેલી છે. તેઓનું મુખ ચંદ્રમા સમાન છે. ચંદ્રમા જેવો મનોહર વિલાસ છે. અર્ધચંદ્રમા સમાન લલાટ છે, ચંદ્રથી પણ અધિક સૌમ્ય (સુંદર) દર્શન છે. ઉલ્કા (વીજળી) પાતની જેમ પ્રકાશથી ચમકે છે, મેઘની વીજળીની જેમ દેદીપ્યમાન છે, સૂર્યથી પણ

+ હાર ૧૮ સર (લાઈન) જેમાં હોય તેને હાર કહે છે તેમજ નવસરા હારને અર્ધહાર કહે છે.

વધારે પ્રકાશવાળી છે. સોળ શણગાર સજેલી મનોહર વેષવાળી છે. જોવા યોગ્ય યાવત્ પ્રતિરૂપ છે. આવી તે પૂતળીઓ તેજથી અત્યન્ત શોભી રહી છે.

### જાળી તથા ઘંટ :—

તે વિજય નામના દ્વારની બન્ને બાજુ બે ઓટલા ઉપર બબ્બે જાળીઓ છે. તે જાળીઓ પૂરેપૂરી રત્નમય છે યાવત્ પ્રતિરૂપ છે. તે દ્વારની બન્ને બાજુના બે ઓટલા ઉપર બબ્બે ઘંટાઓની લાઈન છે. તે જંબૂનંદ રત્નના બનેલા છે, વજ્રરત્નમય લોલક છે, અનેક મણિ જડેલ ઘંટાના પડખા છે. સુવર્ણની સાંકળ છે, રૂપામય રાસડી (દોરી) છે. તે ઘંટાનો [1]ઓઘસ્વર છે, મેઘના જેવો સ્વર છે, હંસ, ક્રૌંચપક્ષી, નંદિસ્વર (૧૨ વાજાંના સ્વર) જેવો સ્વર (અવાજ) છે. સિંહના જેવો સ્વર છે, મીઠો (પ્રિય) અને રૂડો-સુંદર-શોભતો સ્વર છે. તે સ્થાનકના પ્રદેશો ઉદાર મનોજ્ઞ તેમજ કાન અને મનને સુખ કરનાર એવા અવાજથી ગુંજે છે.

### વનમાળા :—

તે વિજય દ્વારની બન્ને બાજુ બે ઓટલે બબ્બે વનમાળાઓની પંક્તિઓ છે. જેમાં પત્ર, પુષ્પ, ફળ, અંકુરા અને શાખા એકઠાં ગુંથ્યા હોય તેને વનમાળા કહેવાય. તે વનમાળા અનેક પ્રકારના ફૂલ, લતા, કળી (ટીસી) અંકુરાથી યુક્ત છે. તેના ઉપર બેસી ભમરા પ્રમુખ જીવો રસપાન કરતા હોવાથી શોભાયમાન, મનોહર, જોવા લાયક યાવત્ પ્રતિરૂપ છે. તે પ્રદેશને સુગંધથી નાકને સુગંધિત કરતી અને મનને શાંતિ આપતી યાવત્ રહે છે.

### પ્રકંઠકો તથા પ્રાસાદાવતંસક :—

તે વિજયદ્વારની બન્ને બાજુએ ઓટલા ઉપર વળી બબ્બે [2]પ્રકંઠકો છે. તે ચાર યોજન લાંબા અને પહોળા છે. બે યોજન જાડા છે. સર્વ વજ્રરત્નમય નિર્મળ છે યાવત્ પ્રતિરૂપ છે. તે પ્રકંઠક ઉપર એકેક [3]પ્રાસાદાવતંસક (ઉત્તમ મુગટ જેવા મહેલ) છે, તે ચાર યોજન ઊંચા છે તથા બે યોજન લાંબા અને પહોળા છે. તે પ્રાસાદાવતંસક સર્વ દિશામાં ફેલાયેલી પ્રભાની જેમ ચળકાટથી ચમકતો છે. વિવિધ મણિરત્નોથી રંગબેરંગી છે. વિજય અને વૈજયંતી ધ્વજા તેની ઉપર પવનથી ફરકે છે. આ ધ્વજા ખરેખર અભ્યુદય સૂચવે છે. તે છત્ર અને તેની ઉપરના બીજા છત્રવાળો છે. તે પ્રાસાદના શિખરો એટલા બધા ઊંચા છે કે જાણે તે આકાશને પણ ઓળંગે છે. તે ભવનની ભીંતે જાળી છે. તેની શોભા માટે રત્નો જડ્યા છે. પાંજરામાં જડેલા રત્નો ની જેમ તે રત્નો શોભે છે. તેના ઉપર મણિ અને સુવર્ણના શિખરો છે. તેના બારણામાં ખીલતા શતપત્ર તથા પુંડરીક કમળ તેમજ તિલકવૃક્ષ વગેરે રત્નમય છે અને અર્ધચંદ્ર વગેરે આકૃતિઓ તે દ્વારમાં કોતરેલી છે. અનેક પ્રકારની મણિમય માળાઓથી તે પ્રાસાદનું

---

૧ ઓઘસ્વર—એકવાર વગાડતાં ઘણા વખત સુધી સંભળાય છે તે સ્વર ને ઓઘસ્વર કહે છે. મેઘ સ્વર—મેઘ જેવો વાગતી વખતે ગંભીર સ્વર હોય છે તે સ્વર મેઘસ્વર કહેવાય છે. હંસ સ્વર—ધીરે ધીરે ઓછા થતાં સ્વરને હંસસ્વર કહે છે. ક્રૌંચસ્વર—જે સ્વર ધીરે ધીરે કોમલ થાય છે તે ક્રૌંચ સ્વર કહેવાય છે.

૨ પ્રકંઠક=બાજોઠના આકારે ચોખુણો ઓટલો, A square Platform. ૩ દેવતાને રહેવાનો મહેલ A Place of a god.

દ્વાર શોભે છે. તે પ્રાસાદ અંદર અને બહારથી સુકોમળ છે. તેમાં સુવર્ણની વેળુ પાથરી છે. તેનો સ્પર્શ સુખકારી, શોભાયુકત, મનોહર, જોવાલાયક યાવત્ પ્રતિરૂપ છે.

તે દરેક પ્રાસાદાવતંસકની અંદરનો ખૂબ સમ—મનોહર ભૂમિભાગ છે. તે મુરજ નામના ઢોલની સપાટી (તળ) જેવો સમાન યાવત્ મણિઓથી શોભીત છે. મણિઓના વર્ણ, સ્પર્શ, પૂર્વની જેમ જાણવા. તેની મધ્યમાં ચંદ્રોદય અને પદ્મલતા, પ્રમુખ યાવત્ શામલિકા નામની વનસ્પતિ વગેરેના ચિત્રો છે. તે સર્વ સુવર્ણમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે.

તે સમ —મનોહર ભૂમિભાગના મધ્યભાગમાં અલગ-અલગ મણિમય પીઠિકા ચોતરા-રૂપે છે, તે એક યોજન લાંબી અને પહોળી છે. અર્ધયોજન જાડી છે સર્વ રત્નમય યાવત્ પતિરૂપ છે.



**સિંહાસન**

તે દરેક મણિપીઠિકાની ઉપર એકેક સિંહાસન છે. તે સિંહાસનના પાયાનો નીચેનો ભાગ સુવર્ણનો છે. સિંહાસનના સિંહ રૂપાનાં અને પાયા સોનાના છે. અનેક પ્રકારના રત્નમય પાદપીઠ (બાજોઠ) છે, જંબૂનંદ રત્નવાળું સિંહાસનનું કલેવર છે, સાંધાની તડો વજ્ર રત્નથી પૂરેલ છે, ઘણી જાતના રત્નના સિંહાસનનું તળિયું છે. તે સિંહાસન ઉપર ઈહા મૃગ, વૃષભાદિના ચિત્રો ચિત્રેલા છે. સિંહાસનની મણિરત્નનું પાદપીઠ (બાજોઠ) છે. તેની ઉપર મશરૂના જેવા કોમળ સ્પર્શવાળું, સિંહની કેશવાળી જેવું વસ્ત્ર ઢાંકયું છે તેમજ સુંદર ઓછાડ (ચાદર) જેવા રાતા વસ્ત્રવડે પાદપીઠ ઢાંકેલું છે. તેનો સ્પર્શ મૃગચર્મ, રૂ, માખણ અને આકડાના તૂલ (રૂ) જેવો કોમળ છે.

તે દરેક સિંહાસન ઉપર વિજયદૂષ્ય રૂપ તે વિજયદૂષ્ય-વસ્ત્ર શંખ, મચકુંદ (મોગરાના-ફૂલ), પાણીના ફુવારા, મંથન કરેલ અમૃતનાફીણ સમુદ્રના ફીણ જેવા શ્વેતવર્ણવાળા છે. તે સર્વે વસ્ત્રો રત્નના છે. તે દરેક વિજયદૂષ્યની મધ્યમાં વજ્રરત્નના અંકુશ આકારના મોતી-ઓની માળાઓના સ્થાનો છે. તે અંકુશ ઉપર કુંભસમાન મોતીની માળાઓ છે. તે માળા પાસે તેથી પણ અર્ધા આકારની કુંભસમાન મોતીની માળાઓ વડે સર્વ દિશામાં ચારે બાજુ વીંટ-ળાયેલ છે. તે માળાઓને સોનાના ફૂમતા છે અને સુવર્ણના પતરાથી મઢેલ છે. તે પ્રાસાદા-વતંસક ઉપર આઠ-આઠ માંગલિક છે. તે દ્વારની બન્ને બાજુ બે ઓટલા છે. તેના ઉપર

**તોરણ**




**અષ્ટ મંગલ**

બબ્બે તોરણ છે. તે તોરણનું વર્ણન જંબૂદ્વીપના વિજયદ્વારના વર્ણન જેવું રહેલું છે. તે તોરણ આગળ બબ્બે પૂતળિયો છે તથા બબ્બે નાગદંતા છે. તે નાગદંતાને (ખૂંટિયાને) મોતીની માળા પહેરાની છે. તે નાગદંતા ઉપર ઘણી કાળા વગેરે પાંચરંગની દોરીથી બાંધેલી ગોળ ગોળ ફૂલની માળાઓ સ્થાપેલી છે તેમજ તે તોરણની આગળ ઘોડાને આકારે બબ્બે જોડકા છે. ત્યાં વાવની પંક્તિ તેમજ બબ્બે પદ્મલતા તથા અક્ષત સ્વસ્તિક છે. ત્યાં ઉત્તમ કમળ ઉપર ચંદનથી છંટકારેલા કળશ સ્થાપ્યા છે. તે કમળ ઉપર બબ્બે ભમરાં સ્થાપ્યા છે. તે મદોન્મત્ત હાથીના મુખ સમાન આકારના છે.

તે તોરણની આગળ બે અરીસા છે. તે અરીસાઓનું ઘર સુવર્ણનું છે. તેને પકડવાની મુઠ વૈદૂર્ય રત્નની છે. વજ્રરત્નનો હાથી છે. અનેક મણિ જડેલ શૃંખલાઓથી વીંટળાયેલ તેમજ શોભાયમાન છે. અંકરત્નમય મંડળ (ખાપ) એટલે રૂપ જોવાનું કામ છે. તેના પડછાયામાં બધું દેખાય, અનુબંધ (સાંકળ) સહિત છે, ચંદ્રમંડળ જેવા ગોળાકાર અને જોનારના શરીર ના અડધા શરીર જેટલા મોટા છે.

તે તોરણની આગળ વજ્રની નાભિ જેવા બે થાળ છે. તે થાળ સ્ફટિક જેવા, મુસળથી ખાંડેલા શાલિના ચોખાથી ભરેલાં રહે છે. તે ચોખા અને થાળ સર્વે જંબૂનંદ રત્નના છે. મોટા મોટા રથના પૈડાં સમાન તે થાળ છે. તે તોરણની આગળ બબ્બે પાત્રી (નાનાપાત્ર) છે. તે નિર્મળ પાણીથી પૂરેપૂરી ભરેલી હોય તેમ લાગે છે તેમજ અનેક પ્રકારના પંચવર્ણના ફળ–ફૂલોથી સજાવેલ છે, ત્યાં બબ્બે સુપ્રતિષ્ઠક – સરાવલા છે. તે પણ અનેક પ્રકારની પૂજાની સામગ્રી-ઉપકરણ તેમજ સર્વ ઔષધીઓથી ભરેલ છે. ત્યાં બબ્બે મનોગુલિકાઓ — પીઠિકાઓ છે. તેને ઘણા સોનાના અને રૂપાના પાટિયા છે. તે પાટિયામાં ઘણા વજ્રમય નાગદંતા છે. તે નાગદંતામાં ઘણા રૂપાના શીંકા છે, તે શીંકાઓ ઉપર વાતકરક - પાણીવગરના ઘડાઓ રાખેલ છે. તે તોરણની આગળ બબ્બે ચિત્રામણવાળા રત્નાના દાબડા છે તથા બબ્બે હયકંઠ છે યાવત્ બબ્બે વૃષભના આકારના ટોડલાં વગેરે ઘણા પદાર્થો છે. તેનું વિશેષ વર્ણન જીવાભિગમથી જાણી લેવું.



વિજયદ્વાર ઉપર ચક્ર, મૃગ, ગરૂડ, બગલા, મોરપીછ, છત્ર, શકુનિ પંખી, સિંહ, બળદ, સફેદ ચાર દાંત-વાળા ઉત્તમ હસ્તી એ દશેની એકેક ચિન્હવાળી ૧૦૮–૧૦૮ ધ્વજાઓ છે એટલે દશ ચિન્હની સર્વ મળી ૧૦૮૦ ધ્વજાઓ વિજયદ્વાર ઉપર છે.

વિજયદ્વારની નવ ભૂમિ (માળ) તેમાં મધ્યની પાંચમી ભૂમિમાં (માળે)

<—વિજયદ્વારની પાંચમી ભૂમિ (માળ)


ભદ્રાસન

એક મોટું સિંહાસન છે. તે સિંહાસનના વાયવ્યખૂણે તેમજ ઉત્તરદિશા અને ઈશાનખૂણામાં વિજય દેવતાના ચાર હજાર સામાનિક દેવો તથા તેમનાં ચાર હજાર ભદ્રાસન છે. તે સિંહાસનની પૂર્વ દિશામાં વિજય દેવતાની ચાર અગ્રમહિષીઓના પરિવાર સહિત ચાર ભદ્રાસન છે, અગ્નિખૂણામાં વિજય દેવતાની આભ્યંતર પરિષદના આઠ હજાર દેવતા અને તેમના આઠ હજાર ભદ્રાસન છે. એ સિંહાસનની દક્ષિણ દિશામાં વિજયદેવતાની બીજી મધ્ય પરિષદના દશહજાર દેવતાના દશહજાર ભદ્રાસન છે તથા નૈર્ઋત્ય ખૂણામાં વિજયદેવતાની બાહ્ય પરિષદના બાર હજાર દેવતાના બાર હજાર ભદ્રાસન છે. તે મૂળ સિંહાસનથી પશ્ચિમ દિશામાં વિજયદેવતાના સાત સેનાના સેનાપતિના સાત ભદ્રાસન છે. સિંહાસનની પૂર્વાદિક ચારે દિશામાં એકેકના ચાર-ચાર હજાર ભદ્રાસન છે. તે વિજયદેવતાના સોળ હજાર આત્મરક્ષક દેવો છે તેમના ચારે દિશામાં મળી સોળ હજાર ભદ્રાસન છે. શેષ આઠ ભૂમિમાં દરેકના જે ભદ્રાસનો બતાવ્યાં છે તે સામાંનિક દેવોના સિંહાસન છે અને તે પરિવાર રહિત કહ્યા છે.

તેમજ ઉપરની પોળમાં સોળ પ્રકારના રત્નોથી શોભાયમાન એવા આઠ-આઠ માંગળિકો છે તેમજ તેની ઉપર કૃષ્ણ વગેરે પાંચે વર્ણની ચામરની ઘણી ધ્વજાઓ છે. તે સર્વ રત્નમય છે તેમજ ઘણા છત્રાતિછત્ર વગેરે પૂર્વની જેમ જાણવા.

એ વિજય નામના દ્વારમાં વિજય નામનો દેવતા [1] મહર્દ્ધિક, મહાદ્યુતિવાળો, મહાનુભાવનો ધણી એક પલ્યોપમના આયુષ્યવાળો રહે છે. તેના ચાર હજાર સામાનિક દેવતા પરિવાર સહિત ચાર અગ્રમહિષીઓ ત્રણ પરિષદના દેવો, સાત સેનાના ધણી, સોળ હજાર આત્મરક્ષક દેવો વગેરે બીજા પણ ઘણા વિજયા રાજધાનીના દેવો અને દેવાંગનાઓનું અધિપતિત્વ કરતો (રક્ષણ કાર્ય કરતો) દેવસંબંધી ભોગો ભોગવતો વિચરે છે, તેથી એ વિજય દ્વારનું વિજય એવું શાશ્વતું નામ છે.

# વિજયા રાજધાની

એ વિજયનામના દ્વારના વિજય નામના દેવની વિજયાનામની [2] રાજધાની છે. તે વિજયદ્વારની પૂર્વ દિશામાં તીરછા અસંખ્યાતા દ્વીપ અને સમુદ્ર છોડીને આગળ જઈએ ત્યારે બીજો જંબૂદ્વીપ નામનો દ્વીપ આવે છે. તેમાં બાર હજાર યોજન જઇએ ત્યારે તે વિજય દેવની વિજયા નામની રાજધાની આવે છે.

---

૧ મહર્દ્ધિક = ભવન – પરિવાર રૂપ ઘણી મોટી ઋદ્ધિવંત. મહાદ્યુતિ = શરીર અથવા આભૂષણની ઘણી મોટી દ્યુતિ-કાંતિ-તેજવંત. મહાનુ ભાવ = પરમ તેજસ્વી. ૨ (૧) સમ. ૩૭ સૂત્ર ૩. (૨) જીવાભિગમ પ્ર. ૩, ઉ. ૩.



વિજયા રાજધાની ની સ્થાપના

તે વિજયા નામની રાજધાની બાર હજાર યોજન લંબાઈ અને પહોળાઈમાં છે અને ૩૭૯૪૮ યોજન થી કંઈક વધારે તેને ફરતી પરિધિ છે. તે રાજધાની એક પ્રાકાર (ગઢ)થી ચારે દિશામાં વીંટળાયેલી છે. તે ગઢ સાડા સાડત્રીસ યોજન ઊંચો છે, મૂળમાં (પાયામાં) સાડાબાર યોજન પહોળો છે, મધ્યમાં સવા છ યોજન પહોળો છે તથા ઉપર સાડા ત્રણ યોજન પહોળો છે; એટલે કે મૂળમાં વિસ્તૃત છે, મધ્યમાં સાંકડો છે, ઉપર પાતળો છે. તે બહાર ગોળ છે, મધ્યમાં ચોરસ છે, ગાયના પૂંછડાના આકારે છે, સર્વ સુવર્ણમય છે, નિર્મળ છે યાવત્ પ્રતિરૂપ (જેના જેવો બીજો રૂપવાન ન હોય તે) છે. તે ગઢ અનેક પ્રકારના પંચવર્ણા કાંગરાઓથી શોભિત છે. તે કાંગરા અર્ધગાઉ લાંબા, પાંચસો ધનુષ્ય પહોળા અને દેશોન અર્ધગાઉ ઊંચાં છે એટલે કે અડધા ગાઉમાં થોડા ઓછા ઊંચાં છે.

વિજયા રાજધાનીની પ્રત્યેક દિશામાં ૧૨૫-૧૨૫ બારણા છે. ચારે દિશાના મળી ૫૦૦ દરવાજા છે. તે પ્રત્યેક દરવાજો ૬૨$\frac{1}{2}$ યોજન ઊંચો, ૩૧$\frac{1}{4}$ યોજન પહોળો અને ૩૧$\frac{1}{4}$ યોજનનો પ્રવેશ માર્ગ (સ્થળ) છે. તે સફેદ ઉત્તમ સુવર્ણના નાનાનાના શિખરોથી યુક્ત છે. ત્યાં ઈહામૃગ વગેરેના ચિત્રો છે. તેનું વર્ણન વિજયદ્વારની જેમ જાણવું.



વિજયા રાજધાનીના ચાર વનખંડ અને ચાર પ્રાસાદાવતંસક

તેમજ પ્રત્યેક દ્વારમાં ૧૭ માળ છે. તેનો ભૂમિભાગ અને અંદરનો ભાગ પદ્મલતા વગેરેના ચિત્રો વાળો છે. ત્યાં પણ સિંહાસનની વિગત તથા બન્ને પડખેના બે ઓટલા તથા બબ્બે ચોખૂણા ઓટલા તથા પ્રાસાદાવતંસક વગેરે વાતો સર્વે જીવાભિગમ સૂત્રથી જાણી લેવી. વિજયા રાજધાનીમાં કુલ પાંચસો (૫૦૦) દ્વારો બતાવ્યા છે.

વિજયા રાજધાનીની પૂર્વાદિક ચાર દિશાઓમાં ચાર વનખંડ છે. તે આ પ્રમાણે–પૂર્વદિશામાં આસોપાલવ-અશોકવન છે, દક્ષિણદિશામાં સડસડો–સપ્તવર્ણ (સપ્તપર્ણ) વન છે, પશ્ચિમ દિશામાં ચંપકવન છે અને ઉત્તરદિશામાં આમ્રવન છે. તે વનખંડ બાર હજાર યોજનથી કાંઈક વધારે લાંબા છે, પાંચસો યોજન પહોળા છે. દરેકે દરેક ગઢ સહિત છે. એની કૃષ્ણ શોભા છે યાવત્ ત્યાં ઘણા વ્યંતર દેવ–

દેવાંગનાઓ વિસામો કરે છે વગેરે વર્ણન પહેલાંની જેમ જાણવું તથા ચાર વનોમાં ચાર પ્રાસાદાવતંસક છે. તેઓમાં વનખંડના નામના ચાર દેવો પરિવાર સહિત રહે છે. આની અંદરની ભૂમિનું વર્ણન વગેરે સર્વ જીવાભિગમ સૂત્રથી જાણવું.

વિજયા રાજધાનીના મધ્ય દેશભાગમાં એક પડથાર રૂપ ચોતરો (ઉપકારિકાલયન-વિશ્રામસ્થાન) છે. તે બાર હજાર યોજન લાંબો અને પહોળો છે. ૩૭૯૪૮ યોજનથી કંઈક વિશેષાધિક ફરતો ઘેરાવો છે. તે અડધો ગાઉ જાડો છે અને તે જંબૂનંદ રત્નનો છે. તે ચોતરો એક પદ્મવરવેદિકા અને વનખંડથી ચારે દિશામાં ચારે બાજુ વીંટળાયેલો છે. પદ્મવર-વેદિકા અને વનખંડનું વર્ણન પૂર્વવત્ જાણવું. તે વનખંડ દેશોન બે યોજન (બે યોજનથી થોડું ઓછું) ફરતું પરિધિમાં પહોળું છે. ચોતરાની જેમ ફરતું છે. તે ચોતરાને ચારે દિશામાં ત્રણ-ત્રણ પગથિયા છે. દરેક પગથિયાની ઉપર તોરણ છે અને છત્રાતિછત્ર છે.

તે ચોતરાના મધ્યભાગમાં એક મૂળ પ્રાસાદાવતંસક છે. તે ૬૨$\frac{1}{2}$ યોજન ઊંચો છે અને ૩૧$\frac{1}{4}$ યોજન લાંબો તથા પહોળો છે. તેના મધ્યભાગમાં વળી એક મણિપીઠિકા–ચોતરો છે. તે મણિપીઠિકા એક યોજન લાંબી અને પહોળી છે તેમજ અડધા યોજનની જાડી છે. તેની



૮૫ મહેલ

ઉપર એક મોટું સિંહાસન છે તે સિંહાસનનું વર્ણન સર્વ પરિવાર સહિત પૂર્વવત્ જાણવું. તે મૂળ પ્રાસાદાવતંસક તેમજ બીજા ચાર પ્રાસાદાવતંસકો સર્વ દિશામાં ચારે બાજુ વ્યાપ્ત છે. તે ચારે પ્રાસાદો ૩૧½ યોજન ઊંચાઈમાં તથા ૧૫½ યોજન અને અડધો ગાઉ લાંબા અને પહોળા છે. તે એકેક પ્રાસાદાવતંસકને વળી બીજા ચાર-ચાર પ્રાસાદાવતંસકો સર્વ દિશામાં ચારેબાજુ સ્થિત છે. તે પ્રાસાદ ૧૫½ યોજન અને અડધો ગાઉ ઊંચા છે તથા આઠ યોજનથી થોડા ઓછા લાંબા અને પહોળા છે. તે પ્રત્યેક પ્રાસાદાવતંસક બીજા ચાર-ચાર પ્રાસાદાવતંસકો વડે ચારે દિશામાં વ્યાપ્ત છે. તે પ્રાસાદ ૭¾ યોજન ઉપર ૦૧ ગાઉ ઊંચાં છે અને ૭૫૦ ધનુષ્યઉણા, ચાર યોજન લાંબા અને પહોળાં છે. એ સર્વ મળી ૮૫ પ્રાસાદ થાય છે. તે આ પ્રમાણે છે. એકતો મધ્ય પ્રાસાદ, તેની ચારે દિશામાં ચાર પ્રાસાદ. તે એકેકની પાછળ વળી ચાર-ચાર પ્રાસાદ અને તે પ્રત્યેકની પાછળ વળી ચાર-ચાર પ્રાસાદ છે. તે કુલ મળી ૮૫ પ્રાસાદ થાય.

હવે તે મૂળ પ્રાસાદાવતંસકથી ઈશાન ખૂણામાં વિજય દેવતાની સુધર્મા નામની સભા છે. તે ૧૨½ યોજન લાંબી, ૬I યોજન પહોળી અને ૯ યોજન ઊંચી છે. તેમાં અનેક થાંભલાઓ રહેલા છે. ઊંચા થાંભલા ઉપર વજ્રરત્નની ઉપરની કુંભી છે. તેના ઉત્તમ તોરણોની ઉપર બહારના દરવાજાની ઉપર શોભા વધારવા માટે એક અતિ રમણીય પૂતળી છે. તે મનોજ્ઞ સંસ્થાને સંસ્થિત છે. વૈદૂર્ય રત્નમય તેના થાંભલા છે. જુદી જુદી જાતના રત્ન, સુવર્ણ તેમજ મણિઓવાળા નિર્મળ વિસ્તારથી અત્યંત સમ નિબિડ (મજબૂત) આશ્ચર્યકારી મનોહર આ સુધર્મ સભાનો ભૂમિભાગ (ધરતી તળ) છે. એ સભામાં ઈહામૃગ, વૃષભ, અશ્વ, મનુષ્ય, મગર, મત્સ્ય, પંખી સર્પ, કિન્નરદેવ, ચમરીગાય, વનહસ્તી, વનલતા, વિદ્યાધરના યુગલ, પદ્મલતા વગેરેના ચિત્રો છે. અનેક પ્રકારની પતાકાઓ તથા પંચવર્ણા ઘંટથી શોભે છે. એની ભીંતો ઉપર ચંદનના નીલ રકતવર્ણા ઠેક ઠેકાણે હાથા દીધેલ છે. તેના પ્રવેશદ્વારો આગળ ચંદનના કળશોના તોરણ મૂકયા છે. તે સુધર્મ સભાના ઉપરના ભાગના અંદરની ભીંત ઉપર મોટી અને ગોળ ફૂલની માળાઓ, પંચવર્ણા સરસ સુગંધી ફૂલોનો પુંજ–ઢગલો છે. કૃષ્ણાગર, કુંદરૂક વગેરે ધૂપથી મઘમઘાયમાન એવી મનોહર ગંધ છે. અપ્સરાના સમુદાયથી તે સભા વ્યાપ્ત છે. દેવતાઓના વાજીંત્ર–મૃદંગાદિના સ્વરોથી તે સભા ગુંજે છે. તેની પશ્ચિમ સિવાયની ત્રણે દિશાઓમાં ત્રણ દ્વાર છે. તે પ્રત્યેક દ્વાર બબ્બે યોજન ઊંચાં છે અને એકેક યોજન પહોળા છે. તે દરેકનો એક યોજનનો પ્રવેશ છે. તે પ્રાસાદની ઉપર શ્વેત ઉત્તમ સુવર્ણના શિખર છે યાવત્ વનમાલાઓ અને દ્વારનું વર્ણન પૂર્વવત્ જાણવું.

તે દ્વારની આગળ એકેક [1]મુખમંડપ (ચોક) છે. તે ૧૨½ યોજન લાંબા અને ૬¼ યોજન પહોળા છે. બે યોજનથી થોડા વધારે ઊંચા છે. તે મંડપ અનેક થાંભલાઓવાળા છે. ત્યાં ચંદરવા અને ભૂમિભાગનું વર્ણન પૂર્વવત્ જાણવું. તે પ્રત્યેક મુખમંડપ ઉપર આઠ-આઠ માંગલિક છે.

---

૧ મુખમંડપ–દેવાલય કે ઘર આગળનો ચોક. A Platform in front of a temple or house.

તે મુખમંડપની આગળ એકેક [1]પ્રેક્ષાઘર મંડપ (માંડવા) છે. તે પણ તેટલાંજ લાંબા–પહોળા છે. તે દરેક પ્રેક્ષાઘરની મધ્યભાગમાં ચોખૂણા વજ્રરત્નમય ક્રીડાંગણ છે. તે ક્રીડાંગણના મધ્યભાગમાં મણિપીઠિકા છે. તે એક યોજન લાંબી– પહોળી અને અડધો યોજન જાડી છે. તે પ્રત્યેક મણિપીઠિકા ઉપર એકેક સિંહાસન છે.



મહેંદ્ર ધ્વજ

તેમજ તે પ્રેક્ષાઘર મંડપ આગળ ત્રણે દિશામાં ત્રણ મણિપીઠિકા (ચબૂતરા–ચોતરા) છે, તે બે યોજન લાંબી–પહોળી અને એક યોજન જાડી છે. તે પ્રત્યેક મણિપીઠિકા ઉપર [2]ચૈત્યસ્તૂપ છે. તે ચૈત્યસ્તૂપની આગળ ત્રણે દિશામાં એકેક મણિપીઠિકા છે. તે દરેક મણિપીઠિકા ઉપર ચૈત્યવૃક્ષ છે. તે ચૈત્યવૃક્ષની આગળ જે ત્રણે દિશામાં ત્રણ મણિપીઠિકા છે. તે દરેક ઉપર મહેન્દ્ર ધ્વજ છે. તે હજારોની સંખ્યામાં નાના ધ્વજોથી વીંટળાયેલો છે. તેની ઉપર આઠ-આઠ માંગળિક છે.



પુષ્કરણી

તે મહેન્દ્ર ધ્વજની આગળ પશ્ચિમ સિવાયની ત્રણે દિશામાં ત્રણ નંદા પુષ્કરણીઓ છે. તે ૧૨½ યોજન લાંબી અને ૬¼ યોજન પહોળી છે, દશ યોજન ઊંડી છે. તે દરેકે દરેક પુષ્કરણી પદ્મવર વેદિકા તથા વનખંડોથી યુક્ત છે. તે પ્રત્યેક પુષ્કરણીની ત્રણે દિશામાં ત્રણ પગથિયા છે.

સુધર્માસભામાં છ હજાર [3]મનોગુલિકા (મનોહર ચોખૂણા ઓટલા – બેઠકો) છે. તેમાં પૂર્વ દિશામાં બે હજાર, પશ્ચિમ દિશામાં બે હજાર, દક્ષિણ દિશામાં એક હજાર અને ઉત્તર દિશામાં એક હજાર ઓટલા છે. તે ઓટલા ઉપર ઘણા સુવર્ણનાં અને રૂપાનાં પાટિયા છે. તે પાટિયામાં ઘણા વજ્રમય નાગદંતા છે. તે નાગદંતા ઉપર કૃષ્ણાદિ પાંચ પ્રકારના દોરાઓથી બંધાયેલી એવી ફૂલની માળાઓના સમુદાય છે. તે માળાઓને સુવર્ણના ફૂમકાં છે.

સુધર્માસભામાં છ હજાર [4]ગોમાનસિકા - શય્યારૂપ સ્થાનક જેવા લાંબા ઓટલા છે. તે પૂર્વ દિશામાં બે હજાર, પશ્ચિમ દિશામાં બે હજાર, દક્ષિણ દિશામાં એક હજાર અને ઉત્તર દિશામાં એક હજાર છે. તે ગોમાનસિકા (શય્યા) ઉપર ઘણા સુવર્ણ અને રૂપાનાં પાટિયા છે યાવત્ વજ્રરત્નમય નાગદંતા ઉપર ઘણા રજતમય શીંકા છે. તે શીંકાઓમાં વૈડૂર્યરત્નમય ઘણી ધૂપદાનીઓ છે અને તે કૃષ્ણાગરૂ, કુંદરૂક લોબાન વગેરે રહેલા છે.

---

૧ પ્રેક્ષાધર = રંગશાળા (નાટક શાળા) નાટક વગેરે જોવાનું સ્થાન, જ્યાં જોનાર બેસે છે તે સ્થાન, A Theatre, A play house. ૨ ચૈત્ય સ્તૂપ—ચૈત્ય વૃક્ષ અને પ્રેક્ષાઘરની વચ્ચે મણિપીઠિકા ઉપરનું ચિત્તને આલ્હાદજનક સ્તૂપ. A beautiful piller situated on Manipithika and in the middle of a memorial tree and a particular house. ૩ મને ગુલિકા :—બેઠક, પીઠિકા. A stool, A seat. ૪ ગોમાનસિઆ = લાંબા ઓટલા A long verandah.

## માણવક ચૈત્યસ્તંભ :—

તે સુધર્માસભાની મધ્યમાં એક મોટી મણિપીઠિકા છે. તે બે યોજન લાંબી અને પહોળી છે તથા એક યોજન જાડી છે. તેની ઉપર માણવક નામનો ચૈત્યસ્તંભ છે. તે સાડાસાત યોજન ઊંચો અને અડધો ગાઉ જમીનમાં ઊંડો છે, અડધો ગાઉ વિષ્કંભ લાંબો-પહોળો છે. તેને છ હાંસિયા (ખૂણાઓ) છે, બે સાંધિ છે, છ સ્થાનકથી શોભિત છે. તે માણવક સ્તંભ ઉપર દોઢ યોજન જતાં અને નીચે દોઢ યોજન છોડી મધ્યમાં સાડાચાર યોજનમાં ઘણા સુવર્ણ અને રૂપાના કળાત્મક પાટિયા છે. ત્યાં તે પાટિયામાં ઘણા વજ્રરત્નની નાગદંતા (ખીલાઓ) છે. તે નાગદંતા ઉપર ચાંદીના શીંકા છે. તે શીંકામાં વજ્રમય ગોળાકાર દાબડા છે. તે દાબડામાં ઘણા તીર્થંકરોની દાઢાઓ છે. તે દાઢાઓ વિજયદેવતા અને બીજા પણ ઘણા વ્યંતર દેવો અને દેવાંગનાઓને અર્ચવા યોગ્ય છે, વાંદવા યોગ્ય છે, ચંદનાદિવડે પૂજવા યોગ્ય છે, વસ્ત્રાદિવડે સત્કાર, સન્માન અને બહુમાન કરવા યોગ્ય છે. કલ્યાણકારી, મંગલકારી, દેવસ્વરૂપ, ચૈત્યની જેમ સેવા કરવા યોગ્ય છે.




માણવક ચૈત્યસ્તંભ



દાબડા

તે માણવક નામના ચૈત્યસ્તંભની પૂર્વ દિશામાં એક મોટી મણિપીઠિકા છે. તે બે યોજન લાંબી અને પહોળી છે, એક યોજનની જાડી છે. તેની ઉપર એક મોટું સિંહાસન છે.

દેવશય્યા





શસ્ત્ર ભંડાર

માણવક ચૈત્યસ્તંભની પશ્ચિમ દિશામાં એક મોટી મણિપીઠિકા છે. તે એક યોજન લાંબી અને પહોળી છે. અર્ધ યોજનની જાડી છે. તેની ઉપર એક મોટી દેવશય્યા છે. તે દેવશય્યાના ઈશાનખૂણામાં એક મોટી મણિપીઠિકા છે. તે એક યોજન લાંબી પહોળી છે અને અડધો યોજન જાડી છે. તેની ઉપર પૂર્વે બતાવેલા મહેન્દ્રધ્વજ કરતાં એક નાનો મહેન્દ્રધ્વજ છે. તે સાડા સાત યોજન ઊંચો છે અને અડધો ગાઉ પહોળો છે. તે નાના મહેન્દ્રધ્વજની પશ્ચિમ દિશામાં વિજયદેવતાનો ચૌપાલ નામે હથિયારનો ભંડાર છે.

### સિદ્ધાયતન :—



સિદ્ધાયતન

તે સુધર્માસભાથી ઈશાન ખૂણામાં એક મોટું [1] સિદ્ધાયતન છે. તે દેવાલય સાડાબાર યોજન લાંબુ છે, સવા છ યોજન પહોળું છે અને નવ યોજન ઊંચું છે. તેના મધ્યભાગમાં એક મોટી મણિપીઠિકા છે, તે બે યોજન લાંબી-પહોળી અને એક યોજન જાડી છે. તે મણિપીઠિકા ઉપર એક મોટો દેવછંદો છે. તે બે યોજન લાંબો-પહોળો અને એક યોજન ઊંચો છે.

### જિન પ્રતિમા

તે દેવછંદામાં જિન (કામદેવ) [2]ની એકસો ને આઠ પ્રતિમાઓ છે. તે પ્રતિમાઓ ઊંચાઈમાં જિન-તીર્થંકરના શરીર પ્રમાણે છે એટલે કે જઘન્ય સાત હાથ અને ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્ય જેટલા પ્રમાણવાળી છે. તે પ્રતિમાની પાછળ દરેકને છત્રધારક પ્રતિમાઓ છે. તે બધી પ્રતિમાઓ લીલાસહિત છત્ર ધારણ કરી રહેલ છે તેમજ તે જિન (કામદેવની) પ્રતિમાની બન્ને બાજુએ બે ચામર ધારણ કરેલી એકેક પ્રતિમા છે. તે ચામર આનંદથી વીંઝી રહી છે. તે પ્રત્યેક પ્રતિમાની આગળ બબ્બે નાગદેવતાની પ્રતિમા, બબ્બે યક્ષદેવતાની પ્રતિમા, બબ્બે ભૂત દેવતાની પ્રતિમા, બબ્બે કુંડધાર દેવની પ્રતિમા એવી આઠ પ્રતિમાઓ વિનયપૂર્વક નમતી, પગે લાગતી, હાથ જોડેલી છે. તે સર્વ પ્રતિમાઓ રત્નમય છે.

તે જિન (કામદેવની) પ્રતિમાઓની આગળ ૧૦૮ ઘંટ છે, ૧૦૮ ચંદન કળશ છે, ૧૦૮ ભૃંગારક (ઝારીયો), ૧૦૮ અરીસા, ૧૦૮ થાળ, ૧૦૮ પાત્રી (નાનું વાસણ), ૧૦૮ સુપ્રતિષ્ઠક ભાજન (સરાવલા), ૧૦૮ મનોગુલિકા–પીઠિકા (બેઠક), ૧૦૮ વાત કરંડક (ખાલી ઘડાઓ), ૧૦૮ મનોહર રત્ન કરંડક ૧૦૮ હયકંઠક, ભાજન યાવત્ ૧૦૮ વૃષભ કંઠક ભાજન, ૧૦૮ ફૂલની ચંગેરી (છાબડી) યાવત્ ૧૦૮ પૂંજણી (મયૂરપીંછીકાઓ)ની ચંગેરી, ૧૦૮ યાવત્

---

૧ સિદ્ધાયતન – શાશ્વત દેવાલય. Eternal temple. ૨ જિન કામદેવ, જેમકે :—અર્હન્નપિ જિનશ્ચૈવે, જિન: સામાન્ય કેવલી। કંદર્પોઽપિ જિનશ્ચૈવે, જિનો નારાયણો હરિ: ।। હૈમીમાલા ।। — શ્રી જીવાભિગમ સૂત્ર. ભાગ ૩. પાના ૨૧૫ (પૂ. શ્રી ઘાસીલાલજી મહારાજ.

ફૂલના ગુચ્છા, ૧૦૮ સુગંધી તેલના દાબડા, ૧૦૮ ધૂપના કડછા વગેરે પૂજાના ઉપકરણો ત્યાં મૂકયા છે. તે સિદ્ધાયતન ઉપર આઠ–આઠ માંગળિક છે, છત્રાતિછત્ર છે, તે સિદ્ધાયતનના શિખર સોળ પ્રકારના રત્નોથી શોભિત છે.

તે સિદ્ધાયતનના ઈશાનખૂણામાં એક મોટી [1]ઉપપાત સભા છે. તે વિજય દેવતાને ઉત્પન્ન થવાનું સ્થાન છે. જેવી સુધર્મા સભા બતાવી છે તેવીજ તે સભા પણ જાણવી.

તે ઉપપાત સભાના ઈશાનખૂણામાં એક મોટો [2]દ્રહ છે. તે ૧૨½ યોજન લાંબો છે, ૬¼ યોજન પહોળો છે, ૧૦ યોજન ઊંડો છે. તે દ્રહ પદ્મવરવેદિકા તથા વનખંડ સહિત છે. જેવું નંદા પુષ્કરણીનું વર્ણન સૂત્રોમાં કહ્યું તેવું જ શોભા વગેરેનું વર્ણન આનું પણ જાણવું. તે દ્રહના ઈશાનખૂણામાં એક મોટી અભિષેક સભા બતાવી છે. તે પણ સુધર્મા સભાની જેવીજ જાણવી. તેના મધ્યભાગમાં એક મોટી મણિપીઠિકા છે. તે એક યોજન લાંબી પહોળી અને અડધો યોજન જાડી છે. તે મણિ-પીઠિકા ઉપર એક મોટું સિંહાસન છે. તેના ઉપર વિજય દેવતાના અભિષેક કરવાના વાસણો સ્થાપેલાં રહે છે.



અલંકાર સભા

તે અભિષેક સભાના ઈશાનખૂણામાં એક મોટી અલંકાર સભા કહી છે. તે અભિષેક સભા જેવીજ જાણવી. તેમાં વિજય દેવતાના ઘણા ઉત્તમ આભૂષણોના દાબડાં આભૂષણોથી ભરેલાં રહે છે. ત્યાં વિજય દેવતા આભૂષણ વગેરે ધારણ કરે છે.



અભિષેક સભા

તે અલંકાર સભાના ઈશાન ખૂણામાં એક મોટી [3]વ્યવસાય સભા છે, જ્યાં વિજય દેવતા [4]પુસ્તકરત્ન વાંચે છે. તે વ્યવસાય સભા અલંકાર સભા જેવી જાણવી. ત્યાં વિજય દેવતાનું પુસ્તકરત્ન સ્થાપેલું રહે છે. તે પુસ્તક-રત્નના અરિષ્ટ રત્નમય પુઠા છે, અંકરત્નના

૧ દેવતાને ઉત્પન્ન થવાની સભા, A Place of birth for heavenly beings.

૨ પાણીનો ઊંડો ઝેરો (ધરો), A deep fountion or a lake of watei.

૩ વવસાય સભા – વિજય દેવતાને વિચાર કરવાની સભાનું નામ, Name of a council in which Vijaya Devata enters into consulation.

૪ પુસ્તકરત્ન = જેમાં દેવનીતિ – દેવતાના કુલધર્મ સંબંધી વર્ણન છે એવું વિજય દેવતાનું રત્ન સમાન એક પુસ્તક A book is like a Jewel of the Vijaya god which deals with the ethics of the gods.

પાનાં છે, અરિષ્ટ રત્નમય અક્ષરો છે, રાતા સુવર્ણના દોરાથી તે પાનાં પરોવેલા છે તેમજ અનેક મણિજડેલ ગાંઠો છે તેથી પાનાં નીકળે નહિ. વૈડૂર્ય રત્નનો શાહીનો ખડિયો છે. તે ખડિયાને રાતા સોનાની સાંકળ છે. તે ખડિયાનું અરિષ્ટ રત્નમય ઢાંકણું છે. તે ખડિયામાં અરિષ્ટ રત્નમય શાહી છે, વજ્રરત્નની લખવાની લેખની (કલમ) છે. તે પુસ્તકમાં કેવળ ધર્મશાસ્ત્ર (દેવોના આચાર રૂપ ધર્મશાસ્ત્ર) છે.

તે વ્યવસાય સભાના ઈશાન ખૂણામાં એક મોટો [1]બળિપીઠ છે. તે બે યોજન લાંબો-પહોળો અને એક યોજન જાડો છે. તે સર્વથા ચાંદીનો બનેલ છે. આ બળિપીઠના ઈશાન ખૂણામાં મોટી નંદા પુષ્કરણી કહેલ છે. તેનું વર્ણન દ્રહની જેમ જાણવું. એ પ્રમાણે અહીં સુધી વિજય રાજધાનીનો અધિકાર સંક્ષેપમાં પૂર્ણ થયો જાણવો.

હવે એ વિજય દેવતા જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે શ્રી જિન (કામદેવની) પ્રતિમાની પૂજા વગેરે કેવા પ્રકારની શુભ ક્રિયાઓ કરે છે તેનો અધિકાર શ્રી જીવાભિગમ સૂત્રમાં વિસ્તારથી જણાવેલ છે. એ જંબૂદ્વીપના પ્રથમ દ્વારનો અધિકાર ટૂંકાણમાં કહ્યો.

હવે વૈજયંત નામના બીજા [2]દ્વારનો અધિકાર કહે છે:— મેરૂ પર્વતની દક્ષિણ દિશામાં ૪૫ હજાર યોજન આગળ જતાં જંબૂદ્વીપની દક્ષિણ દિશાને છેડે વૈજયંત નામનું બીજું દ્વાર છે. તેનો બધો અધિકાર વિજય દ્વારની જેમ જાણવો. તેમાં તફાવત એટલો છે કે તેનો અધિકારી વૈજયંત નામનો દેવતા છે. તેની વૈજયંતી નામની રાજધાની દક્ષિણ દિશામાં છે. તેનું વર્ણન વિજયા રાજધાની જેવું છે.

હવે [3]જયંત નામના ત્રીજા દ્વારનો અધિકાર કહે છે:– મેરૂપર્વતની પશ્ચિમ દિશામાં ૪૫ હજાર યોજન આગળ જતાં જંબૂદ્વીપની પશ્ચિમ દિશાના અંતમાં શીતોદા મહાનદીની ઉપર જયંત નામનું ત્રીજું દ્વાર છે. તેનો અધિકાર પણ વિજય દ્વાર જેવો જાણવો. અહીં જયંત નામના દેવતા છે. તેની જયંતી નામની રાજધાની પશ્ચિમ દિશામાં છે. તેનું વર્ણન પણ વિજયા રાજધાની જેવું જાણવું.

હવે ચોથું [4]અપરાજિત નામનું દ્વાર બતાવે છે:– મેરૂ પર્વતની ઉત્તર દિશામાં ૪૫ હજાર યોજન આગળ જતાં જંબૂદ્વીપની ઉત્તર દિશાના અંતભાગમાં અપરાજિત નામનું ચોથું દ્વાર છે. તે વિજયદ્વાર જેવું જાણવું. તેમાં અપરાજિત દેવતા રહે છે. તેની અપરાજિતા રાજધાની પૂર્વોકત દ્વીપની ઉત્તર દિશામાં છે. તેનું વર્ણન પણ વિજયા રાજધાની જેવું જાણવું.

---

૧ બળિપીઠ=વિજય દેવતાની બળિકર્મ કરવાની બેઠક. અહીં બળિકર્મ એટલે ગૃહદેવતાનું પૂજન. વિજય રાજધાનીની સુધર્માસભામાં રહેલ કામદેવ (જિન) ની પ્રતિમા વગેરેનું પૂજન સમજવું. બળિકર્મ=શરીરની સ્ફૂર્તિમાટે તેલાદિ થી મર્દન કરવું તે Refreshing oil etc. on the body for refreshing it.

(આ બંને અર્થ થાય છે પરંતુ અહીં તો પહેલો અર્થ લેવો યોગ્ય જણાય છે.)

૨ જીવાભિગમ સૂત્ર. પ્રતિપત્તિ. ૩. ઉ ૩, (બ) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૧, ૩/૪ (અ) જીવાભિગમ સૂત્ર. પ્રતિપત્તિ. ૩ ઉ ૩, (બ) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૧

આ ચારે દરવાજાના ચારે દેવતાની રાજધાની અહીંથી અસંખ્યાતમા જંબૂદ્વીપની ચારે દિશામાં જાણવી. એ ચારે દરવાજાના સ્વામી તથા સામાનિક દેવતાનું આયુષ્ય એક પલ્યોપમનું જાણવું. આ પ્રમાણે દ્વાર વર્ણન સમાપ્ત.

# ભરત ક્ષેત્ર




દક્ષિણાર્ધ ભરત ક્ષેત્ર

હવે એ જંબૂદ્વીપમાં [1] ભરત-ક્ષેત્ર નામનું વર્ષ (વાસ) કયા સ્થાને છે? તે કહે છે: ચુલ્લહિમવંત નામના વર્ષધર પર્વતથી દક્ષિણ દિશામાં જે લવણસમુદ્ર છે તેનાથી ઉત્તર દિશામાં તથા પૂર્વ દિશામાં જે લવણસમુદ્ર છે તેનાથી પશ્ચિમ માં તથા જે લવણસમુદ્ર પશ્ચિમ દિશામાં છે તેનાથી પૂર્વમાં–એ અવકાશની વચ્ચે જંબૂદ્વીપમાં ભરત નામનું ક્ષેત્ર છે. જ્યાં સૂકા વૃક્ષના ઠુંઠાં તથા બોરડી બાવળ વગેરેના કાંટા ઘણા છે તેમજ ઊંચી-નીચી-વિષમ ભૂમિ ઘણી છે [2] ત્યાં દુર્ગમ સ્થાનક, પર્વત, પાણીના ઝરણાં, ધોધ, વગેરે ઘણા છે. ખીણ, ખાડ, ગુફા, નદી, દ્રહ, વૃક્ષ, ગુચ્છ, ગુલ્મ, નવમાલિકા વગેરે લતા, પદ્મલતાદિ વેલ, કોહલી, અટવી, શ્વાપદ-હિંસક પશુઓ-તેમજ ચોર, તસ્કર, (ડિંબ) સ્વચક્ર અને પરચક્ર (ડમર) ના ભય-ઉપદ્રવ, દુર્ભિક્ષ, ભિક્ષુકને ભિક્ષા દુર્લભપણે મળે, દુકાળ, પાખંડી, જિનમાર્ગના ઉત્થાપક, કૃપણ, લોભી, [3] છ ઈતિઓ (વિપત્તિ) પણ છે. તેના નામ:- (૧) અતિવૃષ્ટિ, (૨) અનાવૃષ્ટિ, (૩) ઉંદર, (૪) સલભ-તીડ, (૫) પક્ષી અને (૬) રાજા. આ છ ઈતિઓ ત્યાં હોય છે. આ પ્રમાણે સર્વ વસ્તુઓ ત્યાં જાણવી તેમજ રાજા પણ પ્રજાને ઘણું દુઃખ આપનારા, ઘણા રોગ, ઘણા કજિયા, વારંવાર ગડબડ કે ગભરાટ, દંડ ઘણા કર (Tex) વગેરે છે.

એ ભરતક્ષેત્ર પૂર્વદિશા અને પશ્ચિમ દિશામાં લાંબુ છે અને ઉત્તર–દક્ષિણમાં પહોળું છે. ઉત્તર દિશામાં પલ્યંક (પલાંઠી) ના સંસ્થાને (આકારે) સંસ્થિત છે. દક્ષિણ દિશામાં ધનુષ્યની કમાનના સંસ્થાને રહેલું છે તેમજ ત્રણ બાજુ એટલે પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશામાં લવણસમુદ્રને સ્પર્શ્યો છે તેમજ ગંગા અને સિન્ધુ એ બે મોટી નદીઓથી અને વૈતાઢ્ય પર્વતથી છ ભાગમાં વહેંચાયેલું છે એટલે કે તેના છ ખંડ થયેલા છે.

જંબૂદ્વીપનો વિષ્કંભ (પહોળાઈ) એક લાખ યોજનનો છે. તેને ૧૯૦ મે ભાગે એટલે કે પ૨૬ યોજન અને એક યોજનના ૧૯ ભાગ કરીએ તેમાંના છ ભાગ અધિક (પ૨૬ $\frac{૬}{૧૯}$)

---

૧ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, વક્ષ. ૧ ૨ વિષમ પ્રદેશ, દુર્ગમ સ્થાન. A place difficult to enter.

૩ પૂર્વાચાર્યો કહે છે કે તન્મયતાથી ધર્મધ્યાન નું જ્યાં આરાધન થાયછે ત્યાં "ઇતિ ભીતિ વ્યાપે નહીં જગમેં।"

આટલા વિષ્કંભપણે ભરતક્ષેત્ર છે. તેના મધ્યભાગમાં વૈતાઢ્યપર્વત છે, તે ભરતક્ષેત્રને એક દક્ષિણાર્ધ ભરત અને બીજો ઉત્તરાર્ધ ભરત-એમ બે ભાગમાં વહેંચતો રહેલો છે.

વૈતાઢ્યપર્વતની દક્ષિણદિશામાં જે લવણસમુદ્ર છે તેની ઉત્તર દિશામાં અને પૂર્વ દિશામા જે લવણસમુદ્ર છે તેની પશ્ચિમ દિશામાં અને પશ્ચિમ દિશામાં જે લવણસમુદ્ર છે તેની પૂર્વ દિશામાં દક્ષિણાર્ધ ભરત છે. તે પૂર્વ દિશા અને પશ્ચિમ દિશામાં લાંબો અને ઉત્તર-દક્ષિણ દિશામાં પહોળો અર્ધચંદ્રને આકારે છે. તે પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમ એમ ત્રણ દિશામાં લવણસમુદ્રને સ્પર્શ્યો છે. ગંગા અને સિંધુ એ બે મોટી નદીથી ત્રણ ભાગમાં વહેંચાયેલ છે. તે દક્ષિણાર્થ ભરત ૨૩૮ યોજન અને એક યોજનના ૧૯ ભાગ કરીએ તેમાંના ત્રણ ભાગ ઉપર અધિક આટલો પહોળો છે એટલે કે એની પહોળાઈ ૨૩૮$\frac{૩}{૧૯}$ યોજન છે. દક્ષિણાર્ધ ભરતની અંતમાં ઉત્તર દિશામાં ધનુષ્યના પણછની જેમ જીવા છે. તે પૂર્વ પશ્ચિમ લાંબી, બે છેડે લવણ સમુદ્રને સ્પર્શીને રહેલી છે. તે જીવા પૂર્વ–પશ્ચિમમાં ૯૭૪૮ યોજન અને એક યોજનના ૧૯ ભાગમાંના ૧૨ ભાગ એટલી લાંબી છે. તે જીવાનું ધનુઃપૃષ્ઠ દક્ષિણ દિશામાં ૯૭૬૬ યોજન ઉપરાંત ૧૯ ભાગમાંનો એક ભાગ અધિક પરિધિપણે બતાવેલ છે તે ભરતાર્ધના ચિત્રમાં બતાવેલ છે.




૧ બાહા, ૨ ધનુઃપૃષ્ટ,
૩ જીવા, ૪ ઇષુ

હવે દક્ષિણ ભરતની અંદર રહેલી [૪] અયોધ્યા નગરીનું પ્રમાણ કહે છે :—

દક્ષિણાર્ધ ભરતના મધ્યખંડની વચમાં બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી એવી અયોધ્યા (વિનીતા) નગરી છે. તે લવણ-સમુદ્રથી અને વૈતાઢય પર્વતથી ૧૧૪ યોજન અને તે ઉપર એક યોજનના ૧૯ ભાગ કરીએ તેમાંના ૧૧ ભાગ અધિક આટલા આંતરે એટલે કે આટલી દૂર છે, કેમકે દક્ષિણાર્ધ ભરતના મધ્યખંડનો વિસ્તાર ૨૩૮ યોજન અને ત્રણ કળા છે. તેમાંથી અયોધ્યાનો વિસ્તાર નવ યોજન કાઢીએ ત્યારે ૨૨૯ યોજન અને ત્રણ કળા રહે. તેનું અડધું કરીએ ત્યારે ૧૧૪ યોજન ઉપર અગિયાર કળા થાય; તેટલી લવણ સમુદ્ર અને વૈતાઢય પર્વતથી દૂર અયોધ્યા નગરી જાણવી.

[૫] હવે ભાગધાદિ ત્રણ તીર્થ કયા સ્થાને છે તે કહે છે.:—

ચક્રવર્તીને વશવર્તી ભરત, ઐરવત અને બત્રીસ વિજય મળી ૩૪ ક્ષેત્ર ચક્રવર્તીના છે. ગંગા, સિંધુ, રકતા અને રક્તવતી આ ચાર ભરત-ઐરવતની નદીઓ જે સ્થળે સમુદ્રમાં પ્રવેશ કરે છે તેમજ વિજયની નદીઓ શીતોદા અને શીતાનદી જ્યાં પ્રવેશ કરે છે તે

૪ (અ) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૩, (બ) ઠાણુંગ ૧૦ મું ઠાણું સૂત્ર. ૭૧૮ ૫ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૩

સ્થાનને-નદી સાગર સંગમને-ઉત્તમ સ્થાનકને (તીર્થ) કહેવાય છે. તે સ્થાને દક્ષિણાર્ધ ભરતમાં એક પૂર્વ દિશામાં માગધ નામનું તીર્થ છે. બીજું પશ્ચિમ દિશામાં પ્રવાસ તીર્થ છે તથા એ બે તીર્થની વચ્ચે એક વરદામ તીર્થ છે. આ રીતે ભરતક્ષેત્રમાં ત્રણ તીર્થ છે. તેમજ ઐરવતમાં તથા બત્રીસ વિજયોમાં પણ પ્રચંડમાં ત્રણ-ત્રણ તીર્થ ગણતાં કુલ મળી જંબૂદ્વીપમાં ૧૦૨ તીર્થ છે.

# વૈતાઢ્ય પર્વત

ભરતક્ષેત્રમાં પૂર્વ-પશ્ચિમ લાંબો અને ઉત્તર-દક્ષિણ પહોળો [૧]વૈતાઢ્ય નામનો પર્વત છે. તે [૨]પચ્ચીસ યોજન ઊંચો છે અને [૩]૨૫ યોજનનો ચોથો ભાગ-૬ા યોજન ભૂમિમાં છે. (આ અઢી દ્વીપની અંદર એક મેરૂ સિવાય બીજા બધા પર્વતો જેટલા ઊંચા હોય તેનો ચોથો ભાગ ધરતીમાં હોય છે.) [૪]પચાસ યોજન પહોળો છે. તેની બાહા પૂર્વ-પશ્ચિમ દિશામાં ૪૮૮ યોજન અને એક યોજનના ૧૯ ભાગના ૧૬ ભાગ અધિક લાંબી છે. તેની જીવા ઉત્તરમાં પૂર્વ-પશ્ચિમ તરફ લાંબી તથા બન્ને બાજુ લવણ સમુદ્રને સ્પર્શેલી છે અને તે ૧૦૭૨૦ યોજન ઉપરાંત ૧૯ ભાગમાંના ૧૨ ભાગ અધિક લંબાઈમાં છે. તેનું ધનુઃપૃષ્ઠ દક્ષિણદિશામાં ૧૦૭૪૩ યોજન ઉપરાંત યોજનનાં ૧૯માંથી ૧૫ ભાગ પરિધિપણે રૂચક નામે જે ગ્રીવાનું આભરણ – તેવા સંસ્થાને છે. એ આખો પર્વત રૂપામય અને સ્ફટિકની જેમ ચીકણો (સુકોમળ) છે યાવત તેને જોતાં પ્રતિબિંબ દેખાય છે માટે તે પ્રતિરૂપ છે.

તે દક્ષિણ અને ઉત્તર બન્ને પડખે બે પદ્મવર – વેદિકાઓ અને બે વનખંડોથી સર્વ દિશામાં ચારે બાજુ વીંટળાયેલો છે. તે પદ્મવરવેદિકા અડધો યોજન ઊંચી અને પાંચસો ધનુષ્ય પહોળી છે તથા પર્વત જેટલી લાંબી છે. વનખંડ બે યોજનથી થોડા ઓછા પહોળા છે તથા પદ્મવર વેદિકા જેટલા લાંબા છે. તેની કાળા વર્ણ જેવી કાળી કાંતિ શોભા છે.

વૈતાઢ્યની પૂર્વ અને પશ્ચિમ દિશામાં [૫]બે ગુફાઓ છે. તે ઉત્તર – દક્ષિણમાં ૫૦ યોજન લાંબી છે અને પૂર્વ – પશ્ચિમમાં કિનારે ૧૨ યોજન પહોળી છે, ૮ યોજન ઊંચી છે. તેને આઠ યોજન ઊંચા અને ચાર યોજન પહોળા તથા ચાર યોજન પ્રવેશવાળા એવા દક્ષિણ અને ઉત્તર તરફ વજ્રરત્નમય મજબૂત એવા બે બારણા છે. તે કપાટ (બારણા) થી ઢાંકેલી છે તેમજ નિરંતર અંધકારથી વ્યાપેલી છે. ચંદ્ર – સૂર્યાદિકની જ્યોતિ વગરનો તેનો માર્ગ છે. પશ્ચિમ દિશામાં તમસ (તમિશ્ર) ગુફા અને પૂર્વ દિશામાં ખંડપ્રપાત મળી બે ગુફાઓ છે. કૃતમાલ અને નૃત્યમાલ નામનાં બે દેવતા એક પલ્યોપમના આયુષ્યવાળા તેમાં રહે છે. તે ગુફામાં – ઉમ્મગ્ગજલા અને નિમગ્ગજલા એ બે નદીઓ છે. તે ત્રણ-ત્રણ યોજનના વિસ્તારમાં છે. તે નદીઓ પર્વતમાં જે મોટા પાષાણ છે તેમાંથી નીકળીને મોટી નદી ગંગા

---

૧ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૧. ૨ સમવાયાંગ. સૂત્ર. ૧૦૦ મું સમવાય. ૩ સમવાયાંગ સૂત્ર ૨૫ મું સમવાય.
૪ સમવાયાંગ. સૂત્ર ૫૦ મું સમવાય. ૫ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ. ૧.

સિંધુ પ્રમુખ વગેરે છે તેમાં ભળી જાય છે. તે બે નદી વચ્ચે વૈતાઢ્યના પચાસ યોજન માંથી પચ્ચીસમા અને છવ્વીસમા એ બે યોજનનું આંતરૂં છે.

તે ગુફાની બન્ને બાજુની ભીંત ઉપર જે ચક્રવર્તી થાય તે બબ્બે સામસામા સૂર્યમંડલ જેવા કાકિણી રત્નથી ૪૯ માંડલા અજવાળું કરવા માટે [2] બનાવે છે (ચીતરે) છે તે પ્રત્યેક મંડલ ઉત્સેધાંગુલથી પાંચસો ધનુષ્યનું છે તેમજ તે ગુફા પ્રમાણાંગુલથી બાર યોજન પહોળી છે તથા એકેક માંડલાની વચ્ચે એકેક યોજનનું આંતરૂં છે. માંડલાની નીચે અને ઉપર સર્વ મળી આઠ યોજન ઊંચી તે ગુફા છે તેથી તે પહોળાઈમાં ૧૨ યોજન પ્રકાશ કરે છે અને માંડલાને આંતરે એકેક યોજન પ્રકાશ કરે છે, ઊંચાઈમાં આઠ યોજન પ્રકાશ કરે છે. એ માંડલા બન્ને પડખે એકેક યોજનને આંતરે ગોમૂત્રિકાને આકારે કરતાં એક ભીંતે ૨૪ મંડલ થાય અને બીજી ભીંતે ૨૫ મંડલ થાય. સિંધુનદી પાસે તમસ નામની ગુફા છે. તે ગુફામાંથી ચક્રવર્તી દક્ષિણ મધ્યખંડમાંથી ઉત્તર મધ્યખંડમાં પ્રવેશ કરે છે અને ઉત્તર મધ્યખંડને સાધી (જીતી) ત્યાંથી પાછા વળતાં ઋષભકૂટ ઉપર પોતાનું નામ લખીને ગંગાનદી પાસે જે બીજી ખંડપ્રપાત નામની ગુફા છે તેમાં થઈ ને દક્ષિણ ભરતમાં પાછા વળે છે. ચક્રવર્તી જ્યાં સુધી જીવતા હોય ત્યાં સુધી તે ગુફાના કમાડ ઉઘાડા રહે છે. (ચિત્રમાટે જુઓ પાનું ૪૮ મું)




વૈતાઢયની દક્ષિણોત્તર શ્રેણી સ્થાપના

હવે પૂર્વોકત વનખંડની બન્ને બાજુ દશ-દશ યોજન ઊંચા જઈએ ત્યારે [3] બે વિદ્યાધરની શ્રેણીઓ આવે છે. તે દશ-દશ યોજન પહોળી અને પર્વત જેટલી લાંબી છે. તે બન્ને પડખે બે પદ્મવરવેદિકાઓ અને બે વનખંડોથી ચારે બાજુ વીંટળાયેલી છે. તેની લંબાઈ તથા પહોળાઈ વગેરેનું વર્ણન પૂર્વની માફક જાણવું. તેમાં દક્ષિણદિશાની જે વિદ્યાધરોની શ્રેણી છે. તેમાં વિદ્યાધરોનાં ગગનવલ્લભ વગેરે ૫૦ મોટા નગર રાજધાનીરૂપે છે અને ઉત્તર દિશામાં જે વિદ્યાધરની શ્રેણી છે, તેમાં વિદ્યાધરોના રથનુપૂર ચક્રવાલ વગેરે ૬૦ મોટા નગરાવાસ રાજધાની રૂપે છે આ રીતે બે શ્રેણીના મળી ૧૧૦ નગર થાય. દેશની રાજધાની સહિત તે નગરોમાં વિદ્યાધરના મોટા બળવંત રાજાઓ વસે છે.

તે વિદ્યાધરની શ્રેણીના ભૂમિભાગથી વૈતાઢ્ય પર્વતની બન્ને પડખે દશ-દશ યોજન ઊંચે જઈએ ત્યારે [4] આભિયોગિક દેવતાઓની બે શ્રેણીઓ આવે છે. તે પણ દશ-દશ યોજન પહોળી અને પર્વત જેટલી લાંબી છે. તે બન્ને શ્રેણીઓ બન્ને બાજુ બે પદ્મવરવેદિકાઓ અને બે વનખંડોથી વીંટળાયેલી છે. તેનું વર્ણન પહેલાની જેમ જાણવું. તે ભૂમિમાં ઘણા

---

૨ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ. ૩ ૩ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ. ૧ ૪ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૧

વ્યંતર દેવો અને દેવાંગનાઓ યાવત્ વિચરે છે. તે શ્રેણીમાં સૌધર્મેન્દ્રના ચાર લોકપાલ તથા તેના આભિયોગિક એટલે આજ્ઞાકારી કિંકર દેવોના ઘણા ભવનો છે. તે સર્વ ભવન બહાર ગોળાકાર છે, અંદર સમચોરસ છે યાવત્ અપ્સરાઓના સમૂહથી વ્યાપ્ત છે. તેમાં જે દેવો વસે છે તેમનું આયુષ્ય એક પલ્યોપમનું હોય છે.

તે આભિયોગિક દેવોની શ્રેણીથી પાંચ-પાંચ યોજન ઊંચે જઈએ ત્યાં વૈતાઢ્ય પર્વતનું [5]શિખરતળું છે. તે દશ યોજન પહોળું અને પર્વત જેટલું લાંબું છે. તે શિખરતળ એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી સર્વદિશામાં ચોતરફ વીંટળાયેલું છે. તે શિખરતળ ઉપર ઘણા વ્યંતર દેવ-દેવાંગનાઓ ભોગ ભોગવતાં વિચરે છે.

વૈતાઢ્ય પર્વત ઉપર [6]નવ કૂટ એટલે શિખર છે. તેના નામ કહે છે:—(૧) સિદ્ધાયતન કૂટ, (૨) દક્ષિણાર્ધ ભરત કૂટ, (૩) ખંડપ્રપાત ગુફા કૂટ, (૪) માણિભદ્ર કૂટ, (૫) વૈતાઢ્ય કૂટ, (૬) પૂર્ણભદ્ર કૂટ, (૭) તમસ ગુફા કૂટ, (૮) ઉત્તરાર્ધભરત કૂટ, (૯) વૈશ્રમણ કૂટ.

તેમાં પ્રથમ સિદ્ધાયતન કૂટ ૬। યોજન ઊંચું છે અને મૂળમાં ૬। યોજન પહોળું, વચ્ચે કંઈક ઊણું પાંચ યોજન પહોળું છે, ઉપર કંઈક ઝાઝેરું ત્રણ યોજન પહોળું છે, મૂળમાં પહોળું, વચ્ચે સાંકડું અને ઉપર પાતળું ગાયના પૂંછડાના સંસ્થાને છે, સર્વ રત્નમય છે. તે કૂટ પદ્મવરવેદિકા અને વનખંડથી ચારે તરફ વીંટળાયેલું છે. ત્યાં એક સિદ્ધાયતન છે. તેના મધ્યભાગમાં એક દેવછંદો છે વગેરે બધું વર્ણન જીવાભિગમ સૂત્ર પ્રમાણે રહેલું છે.

એ પહેલા સિદ્ધાયતન કૂટની પશ્ચિમ દિશામાં બીજું દક્ષિણાર્ધભરત નામનું કૂટ છે. તે પણ સિદ્ધાયતન કૂટ જેટલું ઊંચું અને પહોળું છે. તેવા રમણીય ભૂમિભાગનો મધ્ય-ભાગમાં એક પ્રાસાદાવતંસક છે. તે એક ગાઉ ઊંચો અને અડધો ગાઉ પહોળો છે. તેના મધ્યભાગમાં એક પીઠિકા (ચબૂતરો) છે. તે પાંચસો ધનુષ્ય લાંબી-પહોળી અને અઢીસો ધનુષ્ય જાડી છે. તેના ઉપર એક બેસવાનું સિંહાસન છે. તે હજારોની સંખ્યામાં ભદ્રાસના-દિકથી વીંટળાયેલ છે.

એ કૂટમાં દક્ષિણાર્ધ ભરત નામનો દેવતા મહા ઋદ્ધિવંત એક પલ્યોપમની સ્થિતિવાળો વસે છે. તે દેવને ચાર હજાર સામાનિક દેવ, ચાર અગ્રમહિષી પરિવાર સહિત, ત્રણ પરિષદ, સાત સેના, સાત સેનાના સ્વામી, ચારે દિશામાં ચાર-ચાર હજાર એવા સોળ હજાર આત્મરક્ષક દેવો છે. તે દેવ દક્ષિણાર્ધ ભરતક્ષેત્રની દક્ષિણાર્ધ રાજધાનીનું તેમજ બીજા પણ ઘણા દેવ-દેવાંગનાઓનું આધિપત્યપણું સ્વામીપણું ભોગવતો વિચરે છે. એ નવે કૂટ ૬$\frac{1}{4}$ યોજન ઊંચા જાણવા.

ચોથું માણિભદ્રકૂટ, પાચમું વૈતાઢ્ય કૂટ અને છઠ્ઠું પુર્ણા ભદ્રકૂટ એ ત્રણ સુવર્ણમણ છે, શેષ છ કૂટ રત્નમય છે. તેમાં તમસ ગુફા કૂટમાં કૃતમાલ દેવતા વસે છે તથા ખંડપ્રપાત

---

૫ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૧ ૬ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૧

ગુફા કૂટમાં નૃત્યમાલ દેવતા વસે છે. આમાં બે કૂટના દેવોના નામ કૂટને નામે નથી, શેષ છ કૂટના દેવતાના નામ કૂટને નામે છે. જે કૂટનું જે નામે છે તેમાં વસનાર દેવતાનું પણ તે જ નામ હોય છે. એ સર્વ દેવો એક પલ્યના આયુષ્યવાળા જાણવા.

મેરૂ પર્વતની દક્ષિણ દિશામાં તીરછા અસંખ્યામાં દ્વીપ-સમુદ્ર ઓળંગીને જઈએ ત્યારે બીજો જંબૂદ્વીપ આવે છે. તેમાં બાર હજાર યોજન જઈએ ત્યારે ઉપર કહ્યા તે બધા દેવોની રાજધાની વિજયા રાજધાનીની જેમ જાણવી તેમજ વૈતાઢ્ય ગિરિકુમાર નામનો દેવતા મહર્ધિક, એક પલ્યોપમ આયુષ્યવાળો ત્યાં વસે છે તેથી પર્વતનું પણ વૈતાઢ્ય એવું નામ શાશ્વતું છે.

હવે ઉત્તરાર્ધ ભરત નામનું ક્ષેત્ર પૂર્વ-પશ્ચિમ લાંબું અને ઉત્તર-દક્ષિણ પહોળું પલ્યંકને સંસ્થાને સંસ્થિત છે. તે ગંગા અને સિંધુ એ બે મોટી નદીઓથી ત્રણભાગમાં વહેંચાયેલ છે. ૨૩૮ યોજન ઉપરાંત એક યોજનના ૧૯ ભાગના ૩ ભાગ અધિક - આટલું પહોળું છે. તેની બાહા પૂર્વ-પશ્ચિમ દિશામાં ૧૮૯૨ યોજન ઉપરાંત ૧૯ના ૭½ ભાગ જેટલી લાંબી છે. એની જીવા પણછની જેમ ઉત્તર દિશામાં ૧૪૪૭૧ યોજન ઉપરાંત ૧૯ના ૬ ભાગ થી કંઈક ઉણી એટલી લાંબી છે. તે જીવાનું ધનુઃપૃષ્ઠ દક્ષિણ દિશામાં ૧૪૫૨૮ યોજન ઉપરાંત ૧૯માંના ૧૧ ભાગ જેટલી પરિધિ છે.



હવે એ ઉત્તરાર્ધ ભરતમાં [૭]ઋષભકૂટ નામનો પર્વત છે તેનું વર્ણન કરે છે:— ગંગાપ્રપાત કુંડની પશ્ચિમ દિશામાં અને સિંધુકુંડની પૂર્વ દિશામાં, ચૂલહિમવંત પર્વતની દક્ષિણ બાજુમાં નિતંબ (ઊંચા અને ઉતરતા ઢોળાવ અથવા નીચો ભાગ) પાસે ઋષભકૂટ છે. તે આઠ યોજન ધરતીમાં ઊંડો, મૂળમાં આઠ યોજન પહોળો, વચ્ચે છ યોજન પહોળો અને ઉપર ચાર યોજન પહોળો તથા પાઠાંતરમાં મૂળમાં ૧૨ યોજન પહોળો, મધ્યમાં ૮ યોજન પહોળો અને ઉપર ૪ યોજન પહોળો છે. ગાયના પૂંછડાના સંસ્થાને સર્વ જંબૂનંદ રત્નમય શ્યામવર્ણે છે. એમાં પૂર્વની જેમ ભવન પ્રમુખ જે છે તે બીજા શાસ્ત્રોથી જાણવું. અહીં ઋષભ નામનો મહર્ષિક દેવ વસે છે. તેનો પરિવાર તથા તેનું બીજા જંબૂદ્વીપમાં રાજધાનીનું સ્થાન યાવત્ પૂર્વની જેમ સર્વ વિગત કહેવી.

એ ભરતક્ષેત્રમાં ભરત નામના દેવતા મહા ઋદ્ધિવંત સામાનિક આદિ દેવો સહિત એક પલ્યોપમના આયુષ્યવાળા વસે છે તેથી એનું ભરત વર્ષ એવું શાશ્વતું નામ છે.

---

૭ (અ) ઠા. ૮ સૂત્ર. ૬૩૯. (બ) જંબૂ. વક્ષ. ૧.


वेयड्ढ
वैताढ्य.
अ.वे. श्रेणी
वि. श्रेणी
१०
५०


वैताढ्य
२५
४
गुफा
८


तिमिश्रा गुफा ५०
दक्षिण.
उत्तर
उमग्गजला
निमग्गजला
१२
२१


—वेयड्ढ गुहा- वैताढ्य गुफा.—
खंडप्रपाता गुफा
— ४९ मांडला —


४
८
— गुफानुं द्वार —


वैताढ्यनां ९ कूट-शिखर.
सिंधु नदी.
ति. गुफा.
खं. गुफा.
गंगा नदी.


१ विधाधरनी उत्तर श्रेणी. २ विधाधरनी दक्षिण श्रेणी. ३ अभियोगीक देवनी उ. श्रेणी. ४ अभियोगीक देवनी द. श्रेणी. ५ वैताढ्यनां ९ कूट - शिखर.
६० मोटा नगर
५० मोटा नगर
२ पद्मवर वेदिका.
सिंधु नदी.
ति. गुफा.
खं. गुफा.
गंगा नदी.
१ वनखंड.

# ચુલ્લ હિમવંત નામના વર્ષધર પર્વતનું વર્ણન




**ચુલ્લ હેમવંત પર્વત ૧૧ કૂટ સહિત**

ભરત ક્ષેત્રથી ઉત્તર દિશામાં ભરત ક્ષેત્રની સીમા રૂપ એ [1] ચુલ્લ (લઘુ) હિમવંત નામનો પર્વત છે. તે એકસો યોજન ઊંચો છે અને પચીસ યોજન ધરતીમાં ઊંડો છે તેમજ ૧૦૫૨ યોજન ઉપરાંત ૧૯માંના ૧૨ ભાગ એટલે કે ૧૦૫૨ યોજન અને ૧૨ કળા જેટલો પહોળો છે. તેની બાહા પૂર્વ-પશ્ચિમમાં દરેક ૫૩૫૦ યોજન ઉપરાંત ૧૯ માંના ૧૫½ ભાગ જેટલી છે. તેની જીવા–પણછ ઉત્તર તરફ પૂર્વ પશ્ચિમમાં લાંબી ૨૪૯૩૨ યોજન, ૧૯માંથી ૦॥ ભાગ થી થોડી ઓછી એટલી લાંબી છે. તેનું ઘનઃપુષ્ઠ દક્ષિણમાં ૨૫૨૩૦ યોજન ઉપરાંત ૧૯માંથી ૪ ભાગ જેટલી પરિધિ છે. એ રૂચક નામના સોનાના ઘરેણાના સંસ્થાને રહેલો છે. તે સંપૂર્ણ સુવર્ણમય છે. બન્ને પડખે બે પદ્મવર વેદિકાઓ અને બે વનખંડોથી વીંટળાયેલ છે. એ પર્વત ઉપર ઘણા વ્યંતર દેવ—દેવાંગનાઓ વિચરે છે.

એ પર્વતના મધ્યભાગમાં એક મોટો પદ્મદ્રહ નામે દ્રહ છે. તે પૂર્વ-પશ્ચિમ લંબાઈમાં એક હજાર યોજન છે. ઉત્તરદક્ષિણ પહોળાઈમાં પાંચસો યોજન છે, દશ યોજન ઊંડો છે, એ દ્રહનું રૂપામય તટ છે. તે દ્રહ એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચારેબાજુ વીંટળાયેલો છે.

તે દ્રહના મધ્યભાગમાં એક મોટું કમળ છે. તે એક યોજન લાંબુ અને પહોળું છે તથા અર્ધો યોજન જાડું છે, એટલે કે બે ગાઉ પાણીથી ઊંચું છે અને દશ યોજન પાણીમાં ઊંડું છે. એમ પાણીમાં તથા ઉપર મળી સાડા દશ યોજન ઊંચું છે. તે કમળ એક જગતીથી. ચારે બાજુ ઘેરાયેલ છે. તે જગતી પાણી ઉપર જંબૂદ્વીપની જગતી પ્રમાણે છે. ગવાક્ષ પણ તેજ પ્રમાણે જાણવા. એ કમળનું મૂળ વજ્રરત્નમય છે. તેનો કંદ મૂળનાળની વચ્ચેની ગાંઠ અરિષ્ટરત્ની છે. વૈડૂર્ય રત્નની નાળ છે. વૈડૂર્યરત્નમય બહારના પાંદડાઓ છે. કંઈક રાતી સુવર્ણની અંદરની પાંખડીઓ છે, રાતા સુવર્ણના કેશર છે, વિવિધ પ્રકારના મણિમય પુષ્કરાસ્થિ ભાગ કમળના બીજા ભાગ છે, કનકમય કર્ણિકા-ડોડો છે. તે કર્ણિકા અર્ધ યોજન લાંબી તથા પહોળી છે અને એક ગાઉ ઊંચી છે.

---

[1] જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૪



લક્ષ્મી દેવી નું કમળ




દરેક વલયમાં રહેલ દેવ—દેવીઓની વિગત

તે કર્ણિકાની ઉપરની રમણીય ભૂમિના મધ્યભાગમાં એક મોટું ભવન છે. તે એક ગાઉ લાંબું, અડધો ગાઉ પહોળું, ૧૪૪૦ ધનુષ્ય ઊંચું અને સેંકડો થાંભલાઓ વાળું છે. તે ભવનની ત્રણ દિશામાં ત્રણ બારણા છે. તે પ્રત્યેક દ્વાર પાંચસો ધનુષ્ય ઊંચા છે, અઢીસો ધનુષ્ય પહોળા છે, શ્વેત પ્રધાન કનકમય થૂભિકા-ચબૂતરાથી યુક્ત છે યાવત્ વનમાળા સુધીની વિગત સમજવી. તે ભવનના મધ્યભાગમાં એક મણિમય-પીઠિકા છે. તે પાંચસો ધનુષ્ય લાંબી-પહોળી અને અઢીસો ધનુષ્ય જાડી છે. તેની ઉપર શ્રીદેવીની શય્યા છે.

તે કમળની પ્રથમ પરિધિમાં બીજા ૧૦૮ કમળ છે. તે સર્વે ઊંચાઈ અને લંબાઇમાં પૂર્વોકત મૂળકમળથી અડધા છે એટલે કે એક ગાઉ પાણીથી બહાર છે, દશ યોજન પાણીની અંદર છે, કુલ ૧૦½ યોજન ઊંચા છે અને ½ યોજન લાંબા પહોળા છે. તેમની કર્ણિકા તથા ભવનાદિકની બધી વિગત મૂળકમળની જેમ અડધા પ્રમાણવાળી જાણવી. એ ૧૦૮ કમળમાં શ્રી દેવીના આભૂષણાદિ વસ્તુઓ રહેલી છે.

હવે બીજી પરિધિના કમળ છે તે મુખ્ય કમળથી વાયવ્યખૂણે, ઉત્તર દિશા અને ઈશાન ખૂણામાં એમ ત્રણ દિશામાં શ્રી દેવીની ચાર હજાર સામાનિક દેવોના ચાર હજાર કમળો છે તથા પૂર્વદિશામાં શ્રીદેવીની ચાર મહત્તરિકા-ગુરુસ્થાનીય દેવીના ચાર કમળ છે તથા અગ્નિખૂણામાં રહેલી પરિષદના આઠ હજાર દેવતાના આઠ હજાર કમળ છે. દક્ષિણ દિશામાં મધ્ય પરિષદના દશ હજાર દેવતાના દશ હજાર કમળ છે તથા નૈઋત્યકોણની બહારની પરિષદના બાર હજાર દેવતાના બાર હજાર કમળ છે તથા પશ્ચિમ દિશામાં સાત કટકના સ્વામીના સાત કમળ છે. આ પ્રમાણે આ બીજા વલયમાં કુલ મળી ૩૪૦૧૧ કમળ છે.

હવે ત્રીજી પરિધિના કમળ કહે છે:— ત્રીજા વલયની પ્રત્યેક દિશામાં ચાર-ચાર હજાર કમળ ગણતાં ચારે દિશામાં શ્રીદેવીના આત્મરક્ષક દેવોના સોળ હજાર કમળ છે.

મૂળ કમળની ચારે બાજુ ત્રણ બીજી પરિધિ છે એટલે કે અંદરની, મધ્યની અને બહારની એમ ત્રણ પરિધિ અર્થાત્ ચોથી, પાંચમી અને છઠ્ઠી એ ત્રણ પરિધિના કમળોમાં શ્રીદેવીના આભિયોગિક કિંકરદેવો રહે છે. તેની હવે સંખ્યા કહે છે. ચોથી અંદરની પરિધિમાં બત્રીસ લાખ કમળ છે. મધ્યની પાંચમી પરિધિમાં ચાળીસ લાખ કમળ છે અને બહારની છઠ્ઠી પરિધિમાં અડતાળીસ લાખ કમળ છે. એ ત્રણે પરિધિના કુલ એક કરોડ અને વીસ લાખ કમળ થયા. તેની સાથે પહેલાની ત્રણ પરિધિના તથા મુખ્ય કમળ મળીને ૫૦૧૨૦ કમળ ભેળવીએ ત્યારે કુલ સરવાળે [૨] ૧૨૦૫૦૧૨૦ કમળ થાય. સર્વ કમળ જંબૂવૃક્ષની જેમ શાશ્વતા પૃથ્વીકાયરૂપ છે, પરંતુ કમળના આકારે છે માટે કમળ તરીકે વર્ણવ્યા છે. પહેલી પરિધિના કમળથી બીજી પરિધિના કમળ અર્ધા પ્રમાણવાળા છે. એજ પ્રમાણે આગળ પણ સર્વ પરિધિમાં અડધા અડધા પ્રમાણવાળા કહેવા. એ પદ્મદ્રહને વિષે જેમ કમળોનો પરિવાર બતાવ્યો તેમ બીજા પર્વતોના દ્રહ સંબંધી પણ એજ પ્રમાણે પરિવાર જાણવો. પદ્મદ્રહમાં ઘણા કમળો પદ્મદ્રહ ના જેવી પ્રભાવાળા તથા પદ્મદ્રહ જેવા વર્ણવાળા છે, માટે એનું પદ્મદ્રહ એવું શાશ્વતું નામ છે. અહીં શ્રી નામની દેવી મહાઋદ્ધિવંત યાવત્ એક પલ્યોપમના આયુષ્યવાળી વસે છે.

## બીજા પર્વતોના દ્રહ સંબંધી વકતવ્યતા




હિમવંત તથા શિખરી એ બે પર્વતો ઉપર પદ્મ તથા પુંડરીક એ બે દ્રહની પૂર્વદિશામાં

---

૨. મૂળ કમળ ની પહેલી પરિધિમાં ૧૦૮, બીજીમાં ૩૪૦૧૧, ત્રીજીમાં ૧૬૦૦૦, ચોથીમાં ૩૨૦૦૦૦૦ (બત્રીશ લાખ), પાંચમીમાં ૪૦૦૦૦૦૦ (ચાળીશ લાખ), છઠ્ઠીમાં ૪૮૦૦૦૦૦ (અડતાળીશ લાખ કમળ છે. આમ બધા મળી ૧૨૦૫૦૧૨૦ કમળ શાશ્વત છે. તે કમળો પૃથ્વીકાયના છે તેમજ એકેક ના કરતાં અડધા છે. —જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર. (પા. નં. ૨૭૪)

પૂ. શ્રી. અમોલખઋષિજી મહારાજ

એક, બીજું પશ્ચિમ દિશામાં અને ત્રીજું મેરૂ પર્વતની સન્મુખ એમ ત્રણ દ્વાર છે. તે બારણા પણ પોતપોતાની દિશાના દ્રહના પ્રમાણથી ૮૦ મે ભાગે છે. તે કહે છે:— દ્રહનો જે વિસ્તાર ૫૦૦ યોજન પૂર્વ અને પશ્ચિમ દિશામા છે તેને ૮૦ મા ભાગે ભાગીએ ત્યારે ૬$\frac{1}{4}$ યોજન આવે તેથી પૂર્વ અને પશ્ચિમમાં બારણા ૬$\frac{1}{4}$ યોજન પહોળા છે. મેરૂ સન્મુખ જે હજાર યોજન દ્રહ છે તેને ૮૦ મા ભાગે ભાગીએ ત્યારે ૧૨$\frac{1}{2}$ યોજન ભાગે આવે તેથી મેરૂ સન્મુખ દ્રહના બારના ૧૨$\frac{1}{2}$ યોજન પહોળા છે એમ જાણવું. તે દ્વાર તોરણસહિત તથા તેમાંથી જે નદીઓ નીકળી છે તે સહિત છે. શેષ બીજા ચાર દ્રહના દક્ષિણ અને ઉત્તર દિશામાં બબ્બે બારણા છે. તેમની વચ્ચે જે મેરૂ સામે બારણા છે તે બારણા પોતાની દિશામાં દ્રહના ૮૦ મા ભાગે છે. જેમ મહાપદ્મ તથા મહાપુંડરીક એ બે દ્રહ મેરૂ દિશાની સન્મુખ બે હજાર યોજન છે. તેમની લંબાઈ ૮૦ ભાગે ભાગતાં ૨૫ યોજન આવે તેથી મેરૂ સન્મુખ જે બારણું છે તે ૨૫ યોજનનું છે અને બહારના દક્ષિણ તથા ઉત્તર સન્મુખ જે બારણા છે તે મેરૂ સન્મુખ બારણા અર્ધા એટલે ૧૨$\frac{1}{2}$ યોજન પ્રમાણ છે. એજ પ્રમાણે તિગિચ્છ તથા કેશરીદ્રહ મેરૂ દિશા તરફ લંબાઈમાં ચાર હજાર યોજન છે. તેને ૮૦ થી ભાગતાં ૫૦ યોજન પ્રમાણે મેરૂ સન્મુખનું બારણું છે અને દક્ષિણ તથા ઉત્તરના જે બારણા છે તે અંદરના બારણાથી અડધા એટલે કે પચીસ યોજન પ્રમાણના છે. આ પ્રમાણે દ્રહના બારણા તોરણ તથા નદી સહિત બધી વિગત જાણી લેવી.

[3]એ પદ્મદ્રહની પૂર્વ દિશાના તોરણેથી (દ્વારથી) ગંગા નામની મોટી નદી નીકળી તે પૂર્વ દિશાની સામે ૫૦૦ યોજન પર્વત ઉપર જઈ ગંગાવર્તન નામનો કૂટ ફરીને ૫૨૩ યોજન ઉપરાંત ૧૯ ભાગના ૩ ભાગ જેટલું દક્ષિણ દિશામાં પર્વત ઉપર જઈ જેમ મોટા ઘડાના મુખમાંથી પાણીનો પ્રવાહ ખળ-ખળ કરતો નીકળતો હોય તેની જેમ મુકતાવલીના હારના સંસ્થાને કઇક અધિક એકસો યોજનના પ્રવાહથી પાણીનો ધોધ નીચે પડે છે. એ ગગાનદી જ્યાં પડે છે ત્યાં એક મોટી જીભ (પરનાળી) છે. તે જીભ એડધો યોજન લાંબી અને ૬$\frac{1}{4}$ યોજન પહોળી, ૦॥ ગાઉ જાડી, મગર મચ્છે ફાડેલા મોઢાના જેવા સંસ્થાને સંસ્થિત છે. અને તે સંપૂર્ણ વજ્રમય છે. એ ગંગાનદી જ્યાં પડે છે ત્યાં એક ગંગા પ્રપાત નામનો કુંડ છે. તે ૬૦ યોજન લાંબો અને પહોળો છે તેમજ ૧૯૦ યોજનથી કંઈક અધિક પરિધિ છે, દશ યોજન ઊંડો, છે ગોળાકારે છે. અનેક પ્રકારના ત્યાં કમળ છે. તે કુંડ એક પદ્મવરવેદિકા અને અનેક વનખંડથી ચારે બાજુ વીંટળાયેલ છે. તે કુંડની ચારે દિશામાં પગથિયા છે.

તે કુંડની વચ્ચે એક મોટો ગંગા નામનો દ્વીપ છે. તે આઠ યોજન લાંબો અને પહોળો ગોળાકારે છે. કંઇક અધિક પચીસ યોજન તેની પરિધિ છે. બે ગાઉ પાણીથી ઊંચો તેમજ સર્વ વજ્રરત્નમય છે. તે દ્વીપ એક પદ્મવરવેદિકા અને વનખંડથી ચારે બાજુ વીંટળાયેલ છે. તેની ઉપર ગંગા નામની દેવીને રહેવાનું એક [4]ભવન-ઘર છે. તે એક ગાઉ લાંબું, અડધો

---

૩ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૪

૪ જેની લંબાઇ–પહોળાઈ વિષમ હોય એ 'ભવન' કહેવાય અને સમાન લંબાઈ–પહોળાઈ હોય તે 'પ્રાસાદ' કહેવાય

—'લોકપ્રકાશ' સર્ગ. ૧૭ ની નોંધ

ગાઉ પહોળુ અને ૧૪૪૦ ધનુષ્ય ઊંચું છે તેમાં ગંગા દેવીની શય્યા છે માટે એનું ગંગા પ્રપાત એવું નામ રાખ્યું છે.






ગંગાવર્તન કુટ




જીભ અથવા પરનાળી




તે ગંગાપ્રપાત કુંડની દક્ષિણ દિશાના તોરણે (દ્વારે) થઈ ગંગા મહાનદી નીકળી ઉત્તરાર્ધ ભરતક્ષેત્રમાં આવતી આવતી સાત હજાર નદીઓને પોતાનામાં સમાવતી, ખંડપ્રપાત ગુફાની નીચે વૈતાઢ્ય પર્વતને ભેદીને દક્ષિણાર્ધ ભરતમાં આવી દક્ષિણ ભરતના મધ્યભાગમાંથી

વહેતી પૂર્વ દિશાની તરફ વળીને ચૌદ હજાર નદીઓને સમાવતી નીચે જંબૂદ્વીપની જગતીને ભેદીને પૂર્વ દિશામાં લવણ સમુદ્રમાં ભળી જાય છે.

એ ગંગાનદી જ્યાંથી વહે છે ત્યાંથી મૂળમાં ૬ ૧/૪ યોજન પહોળી છે અને અડધો ગાઉ ઊંડી છે. પછી બન્ને પડખે થોડી થોડી વધતાં સમુદ્રમાં મળે છે, ત્યારે ૬૨ ૧/૨ યોજન પહોળી અને ૬ ૧/૪ યોજન ઊંડી થાય છે. સર્વ નદીઓનો મૂળથી મુખ સ્થાનમાં સમુદ્રમાં મળે ત્યારે દશ ગણો પ્રવાહ હોય છે અને પહોળાઈથી ૫૦મા ભાગે ઊંડો હોય છે. ગંગાનદી બન્ને પડખે બે પદ્મવરવેદિકા અને બે વનખંડોથી વીંટળાયેલી છે.

એ ગંગાની જેમ સિંધુનદીનું સ્વરૂપ પણ જાણી લેવું. તે પદ્મદ્રહના પશ્ચિમ દિશાના તોરણેથી નીકળી સિંધુ આવર્તન નામના કૂટને ફરીને દક્ષિણ દિશા તરફ વહેતી સિંધુ પ્રપાત કુંડમાં પડી. ત્યાં સિંધુદેવીનો સિંધુ નામે દ્વીપ જાણવો યાવત્ તમસ ગુફા નીચે વૈતાઢ્ય પર્વતને ભેદીને પશ્ચિમદિશાની સામે વળીને ચૌદ હજાર-નદીઓને પોતાનામાં સમાવતી લવણ સમુદ્રમાં મળે છે ગંગાથી આટલો તફાવત જાણવો. શેષ અધિકાર ગંગાનદીની જેમ જાણવો.

તે પદ્મદ્રહની ઉત્તરદિશાના તોરણેથી રોહિતાંશા મહાનદી નીકળી. તે ૨૭૬ યોજન ૬/૧૯ ભાગ અધિક ઉત્તરદિશામાં સામે પર્વત ઉપર જઈ કંઈક અધિક એકસો યોજનના પ્રવાહે રોહિતાંશા પ્રપાતકુંડમાં જઈને પડે છે. તે કુંડ ૧૨૦ યોજન લાંબો અને પહોળો છે. થોડો ઓછો ૩૮૦ યોજન પરિધિપણે છે. તે ૧૦ યોજન ઊંડો છે. તેના મધ્યભાગમાં રોહિતાંશા નામનો દ્વીપ છે. તે ૧૬ યોજન લાંબો અને પહોળો છે, બે ગાઉ પાણીથી ઊંચો છે. તે સ્થળે રોહિતાંશા દેવીનું ભવન જાણવું. શેષ અધિકાર પૂર્વના કુંડની જેમ સમજવો.

તે રોહિતાંશા પ્રપાતકુંડની ઉતર દિશાના તોરણેથી રોહિતાંશા નદી નીકળી હેમવંત યુગલીયાના ક્ષેત્રમાં વહેતી, ચૌદ હજાર નદીઓને પોતાનામાં સમાવતી, શબ્દાપાતિ નામના વૃત્તવૈતાઢય પર્વતને અડધા યોજને અણસ્પર્શથી પશ્ચિમ દિશાની સામે વળીને હેમવંત ક્ષેત્રને બે ભાગમાં વહેંચતી, ૨૮ હજાર નદીઓથી ભરાતી-પુરાતી નીચેથી જગતીને ભેદીને લવણ સમુદ્રમાં ભળે છે. એ નદીનો મૂળ પ્રવાહ ૧૨ ૧/૨ યોજન પહોળો અને એક ગાઉ ઊંડો છે. પછી ધીમે ધીમે બન્ને બાજુ વધતી વધતી જયારે સમુદ્ર પ્રવેશ કરે છે ત્યાં ૧૨૫ યોજન પહોળો પ્રવાહ છે અને ૨ ૧/૨ યોજન ઊંડો છે. તે બન્ને બાજુ બે પદ્મવરવેદિકા અને બે વનખંડથી વીંટળાયેલ છે.

ચુલ્લ હિમવંત પર્વત ઉપર [૫]અગિયાર કૂટ છે તેના નામ કહે છે :— (૧) સિદ્ધાયતન કૂટ, (૨) ચુલ્લ હેમવંતગિરિ કુમાર દેવ કૂટ-એના ઉપર એ પર્વતના એ કૂટના નામે દેવતાનું ભુવન છે, (૩) ભરત દેવકૂટ—એના ઉપર ભરતક્ષેત્રના ભરતદેવતાનું ભવન છે, (૪) ઈલાદેવી કૂટ, (૫) ગંગાદેવી કૂટ, (૬) શ્રી દેવી કૂટ, (૭) રોહિતંશા દેવી કૂટ,

---

૫ નોંધ અગિઆર કૂટ નું ચિત્ર ચુલ્લહિમવંતનું ચિત્ર પાનુ નં. ૪૯ ઉપર છે તે સમજવું.

(૮) સિંધુદેવી કૂટ, (૯) સુરાદેવી કૂટ, (૧૦) હેમવંત દેવકૂટ, (૧૧) વૈશ્રમણ લોકપાલ દેવકૂટ.

પૂર્વ દિશાના લવણસમુદ્રની પશ્ચિમ દિશામાં અને ચુલ્લ હિમવંત નામના કૂટની પૂર્વ દિશામાં પ્રથમ સિદ્ધાયતન કૂટ છે. તે ૫૦૦ યોજન ઊંચું છે. મૂળમાં ૫૦૦ યોજન પહોળું વચ્ચે ૩૭૫ યોજન પહોળું અને ઉપર ૨૫૦ યોજન પહોળો છે. ગોપુચ્છ સંસ્થાને છે. તે કૂટ પદ્મવરવેદિકા અને વનખંડથી ચારે બાજુ વીંટળાયેલ છે. તેનું વર્ણન જીવાભિગમ સૂત્રથી જાણવું. બીજા દશ કૂટ પણ એટલાજ લાંબા પહોળા અને ઊંચા જાણવા.

તેવીજ રીતે ચુલ્લ હેમવંત કૂટ ઉપર ચુલ્લહેમવંત ગિરિકુમાર દેવનો પ્રાસાદાવતંસક વગેરે તથા તેની ચુલ્લહિમવંત નામની રાજધાની અસંખ્યાતમા જંબૂદ્વીપમાં જાણવી. શેષ રહેલા સર્વ કૂટોની વક્તવ્યતામાં પણ દેવતાના પ્રાસાદ, સિંહાસન, પરિવાર વગેરે સર્વ વિગત કહેવી.

ચુલ્લ હેમવંતકૂટ, ભરતકૂટ, હેમવંતકૂટ અને વૈશ્રમણકૂટ એ ચાર કૂટ ઉપર દેવતા જાણવા. શેષ છ કૂટ ઉપર દેવાંગના જાણવી. એ પર્વત મહાહેમવંત પર્વતની અપેક્ષાએ લંબાઈમાં થોડોક નાનો છે. વળી ચુલ્લ હેમવંત નામનો દેવતા એક પલ્યોપમના આયુષ્યવાળો ત્યાં રહે છે તેથી ચુલ્લ એટલે લઘુ હેમવંત પર્વત એવું એનું શાશ્વતું નામ છે.

# [1]હેમવંત યુગલીયાનું ક્ષેત્ર

હેમવંત યુગલીયાનું ક્ષેત્ર



ચુલ્લ હેમવંત વર્ષધર પર્વતની ઉત્તર દિશામાં અને મહાહેમવંત પર્વતની દક્ષિણ દિશામાં હેમવંત નામનું ક્ષેત્ર છે. તે ૨૧૦૫ યોજન ઉપરાંત $\frac{૫}{૧૯}$ ભાગ જેટલું પહોળું છે. એની બાહુ ૬૭૫૫ યોજન ઉપર $\frac{૩}{૧૯}$ ભાગ જેટલી છે. તેની જીવા-પણછ ૩૭૬૭૪ યોજન ઉપરાંત $\frac{૧૬}{૧૯}$ ભાગ જેટલી છે. એનું ધનુપૃષ્ઠ ૩૮૭૪૦ યોજન ઉપરાંત $\frac{૧૦}{૧૯}$ ભાગ જેટલી પરિધિ છે. તેમાં ત્રીજા સુખમદુખમ આરા જેવું સ્વરૂપ જાણવું.

રોહિતા નદીની પશ્ચિમ દિશામાં અને રોહિતાંશા નદીની પૂર્વ દિશામાં હેમવંત ક્ષેત્રના મધ્યભાગમાં શબ્દાપાતી નામનો વૃત્ત વૈતાઢ્ય પર્વત છે. તે એક હજાર યોજન ઊંચો છે, ૨૫૦ યોજન ધરતીમાં ઊંડો ~~જેમ પૂર્વે મહાદ્રહનું વર્ણન કર્યું તેજ પ્રમાણે લાંબી અને પહોળાઈ છોડીને અહીં પણ જાણવું. અહીં કમળનું પ્રમાણ બે યોજનનું છે બાકી તે કમળ મહાપદ્મદ્રહ જેવા અહીં છે. તેમ~~

૧ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૪

છે તથા નીચે અને ઉપર લાંબો અને પહોળો સર્વત્ર સરખો ધાન્ય ભરવાના પાલાના સંસ્થાને છે. એક હજાર યોજન લાંબો - પહોળો છે અને ૩૧૬૨ યોજનથી કંઈક અધિક એટલી પરિધિ છે. તે વેદિકા અને વનખંડથી ચારે બાજુ વીંટળાયેલો છે. તેની ઉપર યાવત સિંહાસન વગેરે પરિવારની વિગત જાણવી.

એ પર્વતની નાની મોટી વાવોમાં તેમજ બિલોમાં શબ્દપાતી જેવા વર્ણ સરખા અનેક જાતિના કમળો છે. અહીં શબ્દાપાતી નામના દેવતા એક પલ્યોપમના આયુષ્યવાળો, ચાર હજાર સામાનિક દેવો સહિત રહે છે યાવત્ વિજયદેવની જેમ રાજધાની વાળો છે. તેથી એ પર્વતનું શબ્દાપાતી વૃત્તવૈતાઢ્ય એવું શાશ્વતું નામ છે. મેરૂ પર્વતથી દક્ષિણમાં બીજા જંબૂદ્વીપમાં [૨] શબ્દાપાતી દેવની રાજધાની છે.

ચુલ્લ હેમવંત અને મહાહેમવંત એ બે વર્ષધરની બન્ને પડખે દક્ષિણ-ઉત્તર દિશામાં એ ક્ષેત્રની મર્યાદા બતાવી છે. સદૈવ સુવર્ણની જેમ પ્રકાશ છે. હેમવંત નામનો દેવતા એક પલ્યોપમના આયુષ્યવાળો વસે છે, તેથી તેનું હેમવંત ક્ષેત્ર એવું શાશ્વતું નામ છે.

## [૧]મહાહેમવંત નામના વર્ષધર પર્વતનું વર્ણન

હરિવર્ષ ક્ષેત્રની દક્ષિણ દિશામાં અને હેમવંત ક્ષેત્રની ઉત્તરદિશામાં મહાહેવંત નામનો વર્ષધર પર્વત છે. તે ૨૦૦ યોજન ઊંચો અને ૫૦ યોજન ધરતીમાં ઊંડો છે તથા ૪૨૧૦ યોજન ઉપરાંત ૧૦/૧૯ ભાગ જેટલો પહોળો છે. એની બાહા પૂર્વ-પશ્ચિમ દિશામાં ૯૨૭૬ યોજન ઉપરાંત ૯॥/૧૯ ભાગ છે. એવી જીવા-પણછ ઉત્તરદિશામાં પૂર્વ-પશ્ચિમ લાંબી છે. તે જીવા પૂર્વ દિશાના છેડેથી પૂર્વના લવણસમુદ્ર અને પશ્ચિમદિશાના છેડેથી પશ્ચિમના લવણ સમુદ્રને સ્પર્શેલી છે. તે ૫૩૯૩૧ યોજન ઉપરાંત ૬/૧૯ ભાગ થી થોડી વધારે લાંબી છે. તેનું ધનુપૃષ્ઠ દક્ષિણ દિશા તરફ ૫૭૨૯૩ યોજન ઉપરાંત ૧૦/૧૯ ભાગ જેટલી પરિધિપણે છે. એ પર્વત રૂચકને સંસ્થાને સંસ્થિત છે, સર્વ રત્નમય છે, બન્ને બાજુએ બે પદ્મવરવેદિકા તથા બે વનખંડથી વીંટળાયેલો છે. ઘણો સમ રમણીક ભૂમિભાગ છે. યાવત દેવતા ત્યાં બેસે છે, રહે છે વગેરે જાણવું.

**તે મહાહેમવંત પર્વતની મધ્યભાગની વચ્ચે વચ્ચો મહાપદ્મ નામનો દ્રહ છે તે ૨૦૦૦ યોજન લાંબો અને ૧૦૦૦ યોજન પહોળો છે તેમજ ૧૦ યોજન ઊંડો છે તેનો તટ રૂપામય છે.**

---

૨ વૃત્ત વૈતાઢ્ય પર્વતોની સંખ્યા ચાર જ છે એ ચોકકસ છે. એના નામો માટે મતભેદ નથી, પરંતુ એના સ્થળ માટે ઠાણાંગ સૂત્ર અને જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં તફાવત છે.

| જેમકે જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ પ્રમાણે | ઠાણાંગ પ્રમાણે |
|---|---|
| હેમવંત માં શબ્દાપાતી | હેમવતમાં શબ્દાપાતી |
| હરિવર્ષ માં વિકટાપાતી | હરિવર્ષમાં ગંધાપાતી |
| રમ્યક માં ગંધાપાતી | રમ્યકમાં માલ્યવંત |
| હૈરણ્યવતમાં માલ્યવંત | હૈરણ્યવંતમાં વિકટાપાતી |

જંબૂદ્વીપના ટીકાકાર સામે પણ આ મતભેદ રહેલ છે, તેમણે 'તત્વ કેવલીગમ્ય' કહીને છોડેલ છે.

૧ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૪ —ગણિતાનુયોગ

જેમ પૂર્વે પદ્મદ્રહનું વર્ણન કહ્યું તેજ પ્રમાણે લંબાઈ અને પહોળાઈ છોડીને અહીં પણ જાણવું. અહીં કમળનું પ્રમાણ બે યોજનનું છે યાવત તે કમળ મહાપદ્મદ્રહ જેવા અહીં છે તેમ જાણવું. અહીં હ્રીં નામની દેવી એક પલ્યોપમના આયુષ્યવાળી વસે છે, તેથી એનું મહા-પદ્મદ્રહ એવું શાશ્વતું નામ છે.

એ દ્રહની દક્ષિણદિશાના તોરણેથી રોહિતા મહાનદી નીકળી તે ૧૬૦૫ યોજન ઉપરાંત ૫/૧૯ ભાગ જેટલી દક્ષિણદિશામાં સામે પર્વત ઉપર જઈ મોટા ઘડાના મુખની જેમ મુકતાવલી હારને સંસ્થાને કંઈક અધિક ૨૦૦ યોજન વાળા પ્રવાહથી કુંડમાં પડે છે. તે જ્યાંથી પડે છે ત્યાં મોટી જીભ-પરનાળી છે. તે જીભ એક યોજન લાંબી અને સાડા બાર યોજન પહોળી તથા એક ગાઉ જાડી છે. મોટા મગરમચ્છનું મોઢું પહોળું કર્યું હોય તે સંસ્થાને સંસ્થિત છે. સર્વ વજ્રરત્નમય છે. તે જ્યાં પડે છે તે સ્થળ રોહિત પ્રપાત નામે કુંડ કહેવાય છે. તે ૧૨૦ યોજન લાંબો-પહોળો છે અને ૩૮૦ યોજન થી કંઈક ઉણો-ઓછો પરિધિપણે છે, તથા ૧૦ યોજન ઊંડો છે. તેનું વર્ણન ગંગાપ્રપાત કુંડ જેવું જાણવું તેના મધ્યભાગમાં એક રોહિતા નામનો દ્વીપ છે. તે ૧૬ યોજન લાંબો-પહોળો અને કંઈક અધિક ૫૦ યોજ-નની પરિધિપણે છે. પાણીથી બે ગાઉ ઊંચો છે, વજ્રરત્નમય છે. તે દ્વીપ પદ્મવરવેદિકા અને વનખંડથી વીંટળાયેલ છે. તે દ્વીપની વચ્ચે એક ભવન છે. તે એક ગાઉ લાંબું છે તેનું ગંગા દેવીના ભવન જેવું વર્ણન જાણવું.

તે રોહિત પ્રપાત કુંડની દક્ષિણ દિશાના તોરણમાંથી રોહિતા મહાનદી નીકળી હેમવંત ક્ષેત્રમાં વહેતી-વહેતી શબ્દાપાતી વૃત્તવૈતાઢ્ય પર્વતને અડધે યોજન અણ પહોંચતી પૂર્વ દિશાની સન્મુખ વળીને હેમવંત ક્ષેત્રને બે ભાગમાં વહેંચતી ૨૮ હજાર નદીઓને સમાવતી નીચે જગતીને ભેદીને પૂર્વ દિશામાં લવણ સમુદ્રમાં મળી છે. એના મૂળ તેમજ મુખની લંબાઈ પહોળાઈ તેમજ ઊંડાઈ એ બધું વર્ણન રોહિતાંશા નદી જેવું જાણવું.

એ દ્રહની ઉત્તર દિશાના તોરણથી હરિકાંતા મહાનદી નીકળીને ૧૬૦૫ યોજન ઉપરાંત ૫/૧૯ ભાગ ઉત્તર દિશાની સામે પર્વત ઉપર જઈને કંઈક અધિક બસો યોજનના પ્રવાહથી નીચે પડે છે. જ્યાંથી પડે છે ત્યાં જીભ બે યોજન લાંબી, પચ્ચીસ યોજન પહોળી અને અડધો યોજન જાડી છે. તે હરિકાંત પ્રપાત નામના કુંડમાં પડે છે. તે કુંડ ૨૪૦ યોજન લાંબો-પહોળો અને ૭૬૯ યોજન પરિધિપણે છે. તેનું તોરણ સુધી બધું વર્ણન પહેલાંની જેમ જાણવું.

તેના મધ્યભાગમાં હરિકાંતા નામે દ્વીપ છે. તે ૩૨ યોજન લાંબો-પહોળો અને ૧૦૧ યોજન પરિધિપણે છે. પાણીથી તે બે ગાઉં ઊંચો છે. તે પદ્મવરવેદિકા અને વનખંડથી વીંટ-ળાયેલ છે. એના મધ્યમાં ભુવન છે. તેનું વર્ણન અગાઉ કહ્યા પ્રમાણે જાણવું તે હરિકાંતા પ્રપાત કુંડની ઉત્તર દિશાના તોરણથી હરિકાંતા મહાનદી નીકળી. તે હરિવર્ષ ક્ષેત્રમાં વહેતી વિકટાપાતી વૃત વૈતાઢ્ય પર્વતના અર્ધ યોજને અણ પહોંચતી પશ્ચિમ દિશામાં સામે વળી હરિવર્ષ ક્ષેત્રને બે ભાગમાં વહેંચતી ૫૬ હજાર નદીઓને સમાવતી નીચે જગતીને ભેદીને

પશ્ચિમ દિશામાં લવણ સમુદ્રમાં ભળે છે. એ હરિકાંતા મહાનદી દ્રહથી નીકળતી વખતે તેનો પ્રવાહ ૨૫ યોજન પહોળો, અડધો યોજન ઊંડો, પછી ધીમે ધીમે યોજને યોજને અનુક્રમે એકેક પડખે ૨૦–૨૦ ધનુષ્ય કરતાં બન્ને પડખે ૪૦ ધનુષ્ય વધતી વધતી સમુદ્રમાં પ્રવેશ કરે છે ત્યારે ૨૫૦ યોજન પહોળી અને ૫ યોજન ઊંડી થઈ જાય છે. તે બન્ને પડખે પદ્મવરવેદિકા તથા વનખંડે કરી વીંટળાયેલી છે.



મહાહેમવંત ના આઠકુટ

મહા હેમવંત પર્વત ઉપર આઠ કૂટ કહે છે. (૧) સિદ્ધાયતન કૂટ, (૨) મહા હેમવંત કૂટ, (૩) હેમવંત કૂટ, (૪) રોહિતા કૂટ, (૫) હ્રીં દેવી કૂટ, (૬) હરિકાંતા કૂટ, (૭) હરિવર્ષ કૂટ અને (૮) વૈડૂર્ય કૂટ. પૂર્વે જેમ ચુલ્લ હેમવંત પર્વતના કૂટોની વકતવ્યતા કહી તેમ અહીં પણ દેવ-દેવી વગેરેના નિવાસની વિગત જાણવી. એ મહા હેમવંત પર્વત ચુલ્લ હેમવંતની અપેક્ષાએ લંબાઈમાં, પહોળાઈમાં, ઊંચાઈમાં ઊંડાણમાં, પરિધિમાં અતિશય મોટો છે તેમજ લાંબો છે તથા મહા-હિમવંત નામનો દેવતા યાવત એક પલ્યોપમની આયુષ્યની સ્થિતિવાળો વસે છે માટે એનું મહા હિમવંત પર્વત એવું શાશ્વતું નામ છે.

# [1]હરિવર્ષ યુગલીયાનું ક્ષેત્ર




હરિવર્ષ યુગલીયા નું ક્ષેત્ર

નિષધ પર્વતની દક્ષિણ દિશામાં અને મહા હેમવંત પર્વતની ઉત્તર દિશામાં હરિવર્ષ નામનું યુગુલક્ષેત્ર છે. તે ૮૪૨૧ યોજન ઉપરાંત ૧/૧૯ ભાગ જેટલું પહોળું છે તથા ૧૩૩૬૧ યોજન ઉપરાંત ૬½/૧૯ ભાગ જેટલી બાહા પૂર્વ-પશ્ચિમ દિશામાં છે. એની જીવા પણછ ઉત્તરદિશાથી પૂર્વ પશ્ચિમે ૭૩૯૭૧ યોજન ઉપરાંત ૭½/૧૯ ભાગ જેટલી લાંબી છે. તેનું ધનુપૃષ્ઠ દક્ષિણદિશામાં ૮૪૦૧૬ યોજન ઉપરાંત ૪/૧૯ ભાગ જેટલું પરિધિપણે છે. તેનો ભૂમિભાગ ઘણો સમ અને રમણીક છે યાવત્ મણિતૃણાદિથી શોભાયમાન છે વગેરે બધી વિગત અહીં પણ કહેવી. અહીં સુષમ નામના બીજા આરાના જેવા અનુભવ સદા પ્રવર્તે છે.

અહીં હરિસલિલા મહાનદીની પશ્ચિમદિશામાં અને હરિકાંતા મહાનદીની પૂર્વદિશામાં તથા હરિવર્ષ ક્ષેત્રના મધ્ય-

૧ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૪

ભાગમાં વિકટાપાતી નામનો વૃતવૈતાઢય પર્વત છે, તેની પહોળાઈ, ઊંડાઈ તથા પરિધિ વગેરે સર્વે વિગતો પૂર્વે કહેલા શબ્દાપાતી વૃત્તવૈતાઢયની જેમ અહીં પણ કહેવી પરંતુ એ પર્વતનો અધિપતિ અરૂણનામે દેવ છે એટલો તફાવત છે. તેમજ અહીં વિકટાપાતી જેવા વર્ણવાળા કમળો છે તેથી તેનું વિકટાપાતી એવું શાશ્વતું નામ છે.

એ હરિવર્ષ ક્ષેત્રમાં (હરિ એટલે સૂર્ય અને ચન્દ્રમા) કેટલાક મનુષ્યો ઉગતા સૂય જેવા રાતા વર્ણ વાળા - રાતીકાંતિના પ્રકાશવાળા છે તેમજ ત્યાં કેટલાક મનુષ્યો ચંદ્રમા તથા શંખ જેવા સફેદ વર્ણવાળા છે માટે અહીં હરિવર્ષ નામના મહર્ધિક દેવતા એક પલ્યોપમના આયુષ્યવાળો વસે છે તેથી એનું હરિવર્ષ એવું શાશ્વતું નામ છે.

# [૧]નિષધ નામના વર્ષધર પર્વતનું વર્ણન

મહાવિદેહ ક્ષેત્રની દક્ષિણ દિશામાં અને હરિવર્ષ ક્ષેત્રની ઉત્તર દિશામાં નિષધ નામે પર્વત છે. તે ઊંચાઈમાં ૪૦૦ યોજન છે અને એકસો યોજન નીચે ધરતીમાં છે તથા ૧૬૮૪૨ યોજન ઉપર બે કળા પહોળી છે. તેની બાહા પૂર્વ - પશ્ચિમ દિશામાં ૨૦૧૬૫ યોજન ઉપર ૨ $\frac{૧}{૨}$ ભાગ છે તથા લંબાઈમાં તેની જીવા - પણછ ઉત્તર દિશામાં ૯૪૧૫૬ યોજન ઉપરાંત $\frac{૨}{૧૯}$ ભાગ છે. તથા તેનું ધનુપૃષ્ઠ દક્ષિણ દિશામાં ૧૨૪૩૪૬ યોજન ઉપરાંત $\frac{૯}{૧૯}$ ભાગ પરિધિપણે છે. તે રૂચકના સંસ્થાને છે સર્વે તપાયેલા રાતા સુવર્ણમય છે. બન્ને પડખે પદ્મવરવેદિકા અને વનખંડથી યુકત છે.

તેના મધ્યભાગમાં એક તિગિચ્છ નામનો દ્રહ છે. તિગિચ્છ એટલે કમળનો પરાગ જેમાં પુષ્કળ હોય એવા દ્રહને તિગિચ્છ દ્રહ કહેવાય છે. તે ૪૦૦૦ યોજન લાંબો અને ૨૦૦૦ યોજન પહોળો તથા ૧૦ યોજન ઊંડો છે. તેનો તટ રૂપામય છે. ચારે દિશામાં ચાર ત્રિસોપાન - પગથિયા છે. જેમ પદ્મદ્રહનું કથન કર્યું તેજ પ્રમાણે લંબાઈ - પહોળાઈ સિવાય અહીં પણ કહેવું. અહીં કમળનું પ્રમાણ પણ તેજ પ્રમાણે જાણવું યાવત્ ત્યાં તિગિચ્છ જેવા વર્ણવાળા ઘણા કમળ છે તેમજ અહીં ધૃતિ નામની દેવી એક પલ્યોપમના આયુષ્યવાળી રહે છે તેથી તેનું તિગિચ્છદ્રહ એવું નામ છે.

તે તિગિચ્છદ્રહની દક્ષિણ દિશાના તોરણે હરિસલિલા મહાનદી નીકળીને ૭૪૨૧ યોજન ઉપરાંત $\frac{૧}{૧૯}$ ભાગ જેટલી દક્ષિણ દિશાની સામેના પર્વત ઉપર જઈ કંઈક અધિક ૪૦૦ યોજનના પ્રવાહે વહી નીચે હરિસલિલા કુંડમાં પડે છે. તે કુંડ તથા દ્વીપના ભવન વગેરેનું વર્ણન હરિકાંતા નદીની જેમ જાણવું યાવત્ હરિવર્ષ ક્ષેત્રને બે ભાગમાં વહેંચતી ૫૬ હજાર નદીઓ સાથે નીચે જગતી ભેદીને પૂર્વદિશાના લવણ સમુદ્રમાં ભળે છે. એની પ્રવાહ, મુખ, મૂળ, પહોળાઈ, ઊંડાઈ એ બધું હરિકાંતા નદી પ્રમાણેજ જાણવું યાવત્ વેદિકા અને વનખંડથી યુકત છે.

---

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૪

તે તિગિચ્છ દ્રહની ઉત્તરદિશાના તોરણેથી શીતોદા મહાનદી નીકળી ૭૪૨૧ યોજન ઉપર એક ભાગ જેટલું ઉત્તર સામે પર્વત ઉપર જઈ કંઈક અધિક ૪૦૦ યોજનના પ્રવાહે નીચે પડે છે. તે શીતોદા મહાનદી જ્યાંથી પડે છે ત્યાં એક મોટી જીભ–પરનાળી છે. તે ચાર યોજન લાંબી, પચાસ યોજન પહોળી અને એક યોજન જાડી મોટા મગરમચ્છના ફાડેલા મુખને સંસ્થાને સાંસ્થિત છે. સર્વ વજ્રરત્નમય છે. તે જ્યાં નીચે પડે છે ત્યાં મોટો શીતોદા પ્રપાતકુંડ છે. તે ૪૮૦ યોજન લાંબો અને પહોળો તથા ૧૫૧૮ યોજનથી કંઇક ઓછી પરિધિ પણે છે યાવત્ તોરણ સુધી બધી વકતવ્યતા જાણવી. તે શીતોદાપ્રપાત-કુંડની મધ્યભાગમાં શીતોદા નામનો દ્વીપ છે. તે ૬૪ યોજન લાંબો–પહોળો અને ૨૦૨ યોજન પરિધિપણે છે. બે ગાઉ પાણીથી ઊંચો છે, સર્વ વજ્રરત્નમય છે. વેદિકા, વનખંડ, ભૂમિભાગ, ભવન શય્યા એ બધું વર્ણન પહેલાંની જેમ જાણવું.

તે કુંડની ઉતર દિશાના તોરણે એ શીતોદા મહાનદી નીકળીને દેવકુરૂ ક્ષેત્ર તરફ આવતી ચિત્ર વિચિત્ર કૂટ નામના બન્ને પર્વત તેમજ (૧) નિષધ, (૨) દેવકુરૂ, (૩) સુર, (૪) સુલસ તથા (૫) વિદ્યુત્પ્રભ એ પાંચ દ્રહને બે ભાગમાં વહેંચતી એટલે કે તે દ્રહોની વચ્ચો વચ્ચ વહેતી દેવકુરૂની ૮૪ હજાર નદીઓની સાથે ભદ્રસાલ વનમાં આવતી, મેરૂ પર્વત પાસે બે યોજન અણપહોંચતી— ત્યાંથી પશ્ચિમ દિશામાં સામે વળીને નીચે વિદ્યુત્પ્રભ નામના વક્ષ-સ્કાર– ગજદંતા પર્વતને ભેદીને મેરૂ પર્વતની પશ્ચિમ દિશામાં, પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રને બે ભાગમાં વહેંચતી, એકેકી [1] ચક્રવર્તીની વિજયથી ૨૮–૨૮ હજાર નદીઓની સાથે; ([2] કારણ કે એ શીતોદા નદીના દક્ષિણ તટમાં આઠ વિજય છે. ત્યાં એકેક વિજયમાં ગંગા અને સિંધુ એ બબ્બે નદી ચૌદ-ચૌદ હજારના પરિવાર વાળી છે. તેથી ૨૮ હજારનો પરિવાર થયો. તેમજ ઉત્તર તટ ઉપર પણ એજ પ્રમાણે એકેક વિજયમાં રક્તા અને રકતાવતી એ બે નદીઓ ૨૮–૨૮ હજાર નદીઓનો પરિવાર. આ પ્રમાણે સોળ વિજયની ૩૨ નદી – તે પ્રત્યેકનો ૧૪ હજા-રનો પરિવાર ગણતાં ૪૪૮૦૦૦ નદીઓ થઈ તેમાં તેની સાથે ૮૪૦૦૦ નદીઓ દેવકુરૂની ભેળવતાં) કુલ ૫૩૨૦૦૦ નદીઓ સાથે વહેતી જયંત નામના પશ્ચિમ દિશાના જંબૂ-દ્વીપના દ્વારની નીચે જગતીને ભેદીને લવણસમુદ્રમાં ભળે છે. એ નદી દ્રહમાંથી નીકળે છે ત્યારે મૂળ પ્રવાહ ૫૦ યોજનની પહોળાઈમાં તથા એક યોજન ઊંડો છે. પછી ધીમે ધીમે અનુક્રમે યોજને–યોજને એકેક બાજુએ ૪૦–૪૦ ધનુષ્ય એ રીતે બન્ને પડખે ૮૦ ધનુષ્યની વૃદ્ધિ થતાં–થતાં સમુદ્ર પ્રવેશ વખતે ૫૦૦ યોજન પહોળાઈ અને ૧૦ યોજનની ઊંડાઈ થાય છે. બન્ને પડખે બે પદ્મવરવેદિકા અને બે વનખંડ છે.

નિષધ પર્વત ઉપર નવ કૂટ છે. તેના નામ :- (૧) સિદ્ધાયતનકૂટ, (૨) નિષધકૂટ,

---

૧ જે વિજયમાં ચક્રવર્તી પેદા થાય છે તેને ચક્રવર્તી વિજય કહેવાય છે. મહાવિદેહ ક્ષેત્ર માં મોટે ભાગે ચક્રવર્તી હોય છે, કોઈ વાર વાસુદેવ હોય છે; પણ મોટે ભાગે ચક્રવર્તી હોવાને લીધે ચક્રવર્તી વિજય કહેવાય છે. ભરત–ઐરવતમાં સદા તે પ્રમાણે બનતુ નથી તેથી તે ભાગને ચક્રવતી વિજય કહેવાતો નથી.

૨ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર. પાનુ ૩૧૪-૩૧૫ ફૂટનોટ પૂ. શ્રી અમોલખ ઋષિજી મહારાજ



નવકૂટવાળો નિષધ

(૩) હરિવર્ણકૂટ, (૪) પૂર્વવિદેહકૂટ, (૫) હરિકૂટ, (૬) ધૃતિ-કૂટ, (૭) શીતોદાકૂટ, (૮) અપર વિદેહકૂટ અને (૯) રૂચકકૂટ. જે પ્રમાણે ચુલ્લ હેમવંત કૂટની ઊંચાઈ, પહોળાઈ, પરિધિ, રાજધાની સહિત પૂર્વે વર્ણન કર્યું તે રીતે અહીં જાણવું. નિષધ પર્વત ઉપર ઘણા કૂટ નિષધના (બેઠેલા બળદના) સંસ્થાને છે, નિષધ તે અત્યન્ત સહન કરે-સ્કન્ધ ઉપર ભારે સહે તે નિષધ એટલે વૃષભ. તે વૃષભ બળદના સંસ્થાને સંસ્થિત છે. અહીં નિષધ નામના દેવતા યાવત્ પલ્યોપમના આયુષ્યે વસે છે તેથી તેનું નિષધ પર્વત એવું શાશ્વતું નામ છે.

# [1]નદી, દ્રહ અને કુંડ વગેરેનું વિશેષ વર્ણન

ભરત ક્ષેત્રમાં ગંગા અને સિન્ધુનદી છે અને ઐરવત ક્ષેત્રમાં રકતા અને રકતવતી નદી છે. એ બહાર-છેડે ચાર નદીઓ છે. પદ્મ દ્રહ અને પુંડરીક નામે દ્રહ છે. તેમના પૂર્વ-પશ્ચિમ દ્વારનો જે વિસ્તાર છે, તે પ્રમાણે ૬$\frac{1}{4}$ યોજન પહોળા હિમવંત તથા શિખરી પર્વતના શિખરથી તે નદીઓ વહે છે, એટલે કે ઉતરે છે.

પૂર્વોકત જે ચાર નદીઓ છે, તે દ્રહના બારણાથી ૫૦૦ યોજન સુધી પર્વતના શિખર ઉપર બારણાની સન્મુખ પૂર્વ-પશ્ચિમ દિશામાં વહેતી પોતપોતાના વર્તન કૂટથી બહારના ભરત અને ઐરવત ક્ષેત્રની સન્મુખ વળે છે. તે આ પ્રમાણે :– જે ગંગાનદી દ્રહના બારણાથી ૫૦૦ યોજન સુધી પર્વત ઉપર બારણા સામે જાય ત્યાં ગંગાવર્તન નામનું પર્વતનું જે કૂટ તેથી બહારનું જે ભરતક્ષેત્ર છે તેની સન્મુખ વળે છે. એ રીતે સિંધુનદી પણ સિંધુઆવર્તન કૂટથી ભરત દિશામાં વળે છે તથા રકતાનદી ૫૦૦ યોજન બારણા સન્મુખ જઈ પછી રકતાવર્તન કૂટથી ઐરવત દિશામાં વળે છે એવીજ રીતે રકતવતી નદી રકતવત્યાવર્તન કૂટથી ઐરવત દિશામાં વળે છે તો એ નદી ભરત તથા ઐરવત સામી વળે છે, ત્યારે પર્વતના મધ્યભાગથી બહાર આવતાં પર્વત ઉપર કેટલા યોજન ચાલે? તે કહે છે:– ૬$\frac{1}{4}$ યોજન નદીનું મુખ છે. તે, પર્વતનો વિસ્તાર ૧૦૫૨ યોજન અને ૧૨ કળા છે તેમાંથી બાદ કરતાં ૧૦૪૬ યોજન અને ૭$\frac{1}{4}$ કળા રહે. તેનું અડધું ૫૨૩ યોજન અને ૩$\frac{1}{2}$ કળાથી. થોડું વધારે-ત્યાં સુધી પર્વતના શિખર ઉપર તે નદી વહે છે.

શિખરના છેડાથી મગરમત્સ્યના મુખના આકારે તથા વજ્રરત્નમય જીભ જેવો આકાર છે. જીભ એટલે પરનાળ. તેની વચ્ચે થઈને વજ્રમય તળવાળી તે નદીઓ પોતપોતાના નામના નિપાતકુંડમાં, તૂટેલી મોતીની માળાની જેવા પ્રવાહે – અવિચ્છિન્ન ધારાએ પડે છે. જેવું નદીનું નામ છે તેવું જ નામ કુંડનું છે.

---

૧ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ. ૪ તથા ૬

દ્રહના બારણાનો વિસ્તાર ૬૩/૪ યોજન છે તેમજ નદીના પ્રવાહમાં જીભનો વિસ્તાર પણ ૬૩/૪ યોજન છે, તેથી સરખો વિસ્તાર છે. દ્રહના બારણાની પહોળાઈનો જે વિસ્તાર છે તે વિસ્તારના ૫૦ મે ભાગે જીભ જાડી છે અને તે જાડાઈથી ચાર ગણી સર્વ જીભો લાંબી છે. એ પ્રમાણે સર્વ દ્રહોની જીભનું પ્રમાણ જાણવું એટલે કે બહારના બે પર્વતની જીભ ૬૩/૪ યોજન પહોળી છે. મધ્યના બે પર્વતની અંદરની દિશાની જીભ ૨૫ યોજન પહોળી છે. બહારની દિશાની જીભ ૧૨૧/૨ યોજન પ્રમાણ છે તથા મહાવિદેહ ક્ષેત્રની અંદરની જીભ ૫૦ યોજન પ્રમાણ છે. બહારની જે જીભ છે તે ૨૫ યોજન પ્રમાણ પહોળી છે. એ સર્વ જીભોની જાડાઈ જાણવી. તે પોતપોતાના વિસ્તારથી ૫૦ મે ભાગે છે. જાડાઇથી ચારગણી લંબાઈ છે.

હવે તે કુંડ વચ્ચે જે દ્વીપ છે તેનું પ્રમાણ કહે છે:– આઠ યોજન પહોળો પાણીમાં છે અને તે પાણી ઉપર બે ગાઉ ઊંચો અને વેદિકા સહિત છે. આવો નદીની દેવીને વસવાનો દ્વીપ છે. તેમાં દ્રહની જે શ્રી, લક્ષ્મી વગેરે દેવી છે તેના ભવન જેવા ભવન તે દ્વીપમાં છે. તે કુંડ ૬૦ યોજન પહોળા છે અને ૬૩/૪ યોજન પહોળા વેદિકાના ત્રણ બારણા છે તથા ૧૦ યોજન ઊંડા છે. આ પ્રમાણે બીજા પણ જે કુંડો છે તેની વિશેષતા બતાવે છે.

કુંડની પહોળાઈ, દ્વીપની પહોળાઈ તેમજ વેદિકાની પહોળાઈ આ ત્રણનો વિસ્તાર કહે છે:– મહાવિદેહ ક્ષેત્રમાં ૩૨ વિજયની ૩૨ નદીઓ છે. તે નદીના જે ૬૪ કુંડ છે. તેનો તથા તેમાં જે દ્વીપ છે તેનો તથા વેદિકાના બારણાનો વિસ્તાર તે ભરત અને ઐરવતના કુંડ સમાન છે— એટલેકે વિદેહની વિજયમાં ૬૪ કુંડ છે. તે ૬૦ યોજન પહોળા છે. તેની મધ્યમાં આઠ યોજનના દ્વીપ છે. તેમાં વેદિકાના બારણાનો વિસ્તાર ૬૩/૪ યોજન જાણવો તથા હિમવંત ક્ષેત્રની બે નદી, ઐરણ્યવંત ક્ષેત્રની બે નદી વળી ૩૨ વિજયની બાર અંતર નદી એ સોળ નદીમાં જે સોળ કુંડ છે તેનો તથા તેના દ્વીપનો તથા તેની વેદિકાના દ્વારનો વિસ્તાર પહેલાં કરતાં બમણો જાણવો—એટલેકે એ ૧૬ નદીના કુંડ ૧૨૦ યોજન પહોળા છે અને એ કુંડના દ્વીપ ૧૬ યોજન પહોળા છે તેમજ એ ૧૬ કુંડની વેદિકાના બારણાનો વિસ્તાર ૧૨૧/૨ યોજન છે. વળી હરિવર્ષ ક્ષેત્રની બે નદી અને રમ્યકની બે નદી – એ ચાર નદીના ચાર કુંડ, તેના ત્રણ વિસ્તાર આશ્રીને ચાર ગણો જાણવો એટલે ૨૪૦ યોજન એના કુંડનો વિસ્તાર છે, ૩૨ યોજન દ્વીપનો વિસ્તાર છે તથા ૨૫ યોજન વેદિકાના દ્વારનો વિસ્તાર છે. મહાવિદેહની બે નદીના બે કુંડ, તેના ત્રણ વિસ્તાર આશ્રીને આઠગણો જાણવો– એટલેકે ૪૮૦ યોજન કુંડનો વિસ્તાર છે. દ્વીપનો વિસ્તાર ૬૪ યોજનનો છે તથા વિદેહના કુંડની વેદિકાના બારણા ૫૦ યોજન પહોળા છે. એમ સર્વ મળીને આ જંબૂદ્વીપમાં નેવું કુંડ થાય છે.

બહારની જે ચાર નદીઓ છે તેમની ગતિ કહે છે:— ચાર નદીતે ગંગા, સિંધુ, રકતા અને રકતવતી. તે પોતપોતાના નિપાતકુંડથી બહારના ભરત અને ઐરવતની સન્મુખના બારણેથી નીકળે છે. ગંગા અને સિંધુ એ બે દક્ષિણના બારણેથી ભરતની સામે નીકળે છે અને રકતા તથા રકતવતી એ બે ઉત્તરને બારણેથી ઉત્તરના ઐરવતની દિશામાં નીકળે છે, પરંતુ તે જ્યારે વૈતાઢ્ય સુધી આવે છે ત્યારે તે પ્રત્યેક નદીને ૭૦૦૦ નદીઓ બીજી મળે

છે. તેના પરિવારથી વીંટળાયેલી તે વૈતાઢ્યની વચ્ચે થઈને વહે છે. તે વૈતાઢ્ય પર્વત ભેદીને નીકળ્યા પછી બહારના ભરત તથા ઐરવત ક્ષેત્રના અર્ધભાગના વચમાંથી પૂર્વ અને પશ્ચિમ દિશામાં સમુદ્ર સન્મુખ વળે છે. એટલે કે ભરતક્ષેત્રની અંદર ગંગાનદી પૂર્વદિશામાં જાય છે અને સિંધુનદી પશ્ચિમ દિશામાં જાય છે તથા ઐરવતની અંદર રકતા નદી પૂર્વદિશામાં જાય છે અને રકતવતી નદી પશ્ચિમદિશામાં જાય છે; પરંતુ તે ચારે નદીઓ વૈતાઢ્ય પર્વતને ભેદીને નીકળ્યા પછી બીજી ૭૦૦૦ નદીઓ સાથે ભળે છે એટલે સર્વ મળી ૧૪૦૦૦ નદીઓના પરિવારથી વીંટળાયેલી જેમ પૂર્વે વૈતાઢ્યને ભેદીને નીકળી છે તેમ જગતીને પણ ભેદીને સમુદ્રમાં ભળે છે.

# [1]નદીનો વિસ્તાર તથા ઊંડાઈ

નદીનો વિસ્તાર :— સર્વ નદીઓનો પહેલા નીકળતા કુંડના દ્વાર સમાન વિસ્તાર હોય છે અને અંતમાં પ્રથમના વિસ્તારથી દશગણો વિસ્તાર હોય છે. તે આ પ્રમાણે— ભરત તથા ઐરવતની ચાર નદીઓ છે. તેનો પ્રથમ ૬$\frac{1}{4}$ યોજન વિસ્તાર છે અને છેડે સમુદ્રમાં મળે ત્યારે ૬૨$\frac{1}{2}$ યોજન થાય છે. આમ ૩૨ વિજયની ૬૪ નદીઓ છે. તેમનો પણ એજ પ્રમાણે આદિ અંતનો વિસ્તાર છે. તેમના જે ૬૪ કુંડ છે તે બહારના કુંડ જેવા છે. તેથી તેમનો વિસ્તાર સરખો કહ્યો. વળી હેમવંત તથા ઐરણ્યવંતની ચાર નદીઓ અને વિજયની બાર અંતરનદીઓ છે. આ સોળે નદીઓનો આદિ વિસ્તાર ૧૨$\frac{1}{2}$ યોજન છે અને છેડે ૧૨૫ યોજનનો વિસ્તાર જાણવો. વળી હરિવર્ષ તથા રમ્યક ક્ષેત્રમાં જે ચાર નદીઓ છે તેનો વિસ્તાર ૨૫ યોજન આદિમાં છે, તો અંતમાં ૨૫૦ યોજનનો વિસ્તાર છે. વિદેહ ક્ષેત્રમાં જે શીતા અને શીતોદા બે નદીઓ છે તેનો પ્રથમ વિસ્તાર ૫૦ યોજનનો છે, તો છેડે ૫૦૦ યોજનનો વિસ્તાર છે. આ બધામાં જે સૌથી મોટી નદી છે તે વિસ્તારથી ૫૦ મે ભાગે ઊંડી છે. જેમ ગંગાનદી નો આદિ વિસ્તાર ૬$\frac{1}{4}$ યોજન છે. તેને ૫૦ થી ભાગતાં યોજનનો આઠમો ભાગ આવે એટલે પ્રથમ નીકળતાં યોજનને આઠમે ભાગે ઊંડી છે અને છેડે ૬૨$\frac{1}{2}$ યોજન વિસ્તાર છે. તેને ૫૦ થી ભાગતાં ૧$\frac{1}{4}$ યોજન આવે તેથી છેડે ૧$\frac{1}{4}$ યોજન ઊંડી જાણવી. આ પ્રમાણે બધી નદીઓનો વિસ્તાર જાણવો.

હવે પાંચ ક્ષેત્રની નદીની ગતિ કહે છે:— પાંચ ક્ષેત્રની મહાનદીઓ છે તે પોતપોતાના બારણાની દિશા તરફ દ્રહનો જે વિસ્તાર છે, તે કાઢતાં પર્વતના વિસ્તારનું જે અડધું થાય તેટલા યોજન નદી પર્વતના શિખર ઉપર વહે છે. તે એ રીતે કે :— હેમવંત અને શિખરીનો વિસ્તાર ૧૦૫૨ યોજન અને ૧૨ કળા છે. તેમાંથી દ્રહનો વિસ્તાર ૫૦૦ યોજન કાઢીએ ત્યારે ૫૫૨ યોજન અને ૧૨ કળા રહે. તેનું અડધું ૨૭૬ યોજન અને ૬ કળા થાય તેથી પોતપોતાના દ્રહ દ્વારના મુજબ પર્વતના શિખર ઉપર ૨૭૬ યોજન અને ૬ કળાએ વહે છે. મહાહિમવંત તથા રૂકમી પર્વત ઉપર ચાર નદીઓ ૧૬૦૫ યોજન અને પાંચ કળા પર્વતના શિખર ઉપર વહે છે તથા નિષધ અને નીલવંત સંબંધી ચાર નદીઓ ૭૪૨૧ યોજન અને એક કળા પર્વતના શિખર ઉપર ચાલે છે. આ પ્રમાણે દ્રહનો વિસ્તાર પર્વતના વિસ્તાર

૧ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ. ૬

માંથી કાઢી અડધું કરીએ ત્યારે પૂર્વોક્ત માપ આવે. ત્યારબાદ પર્વતના વિસ્તારને છેડે જઇને પોતાની જીભ ઉપર થઈ પોતપોતાના નિપાતકુંડમાં તે નદીઓ પડે છે તથા પોતપોતાની જીભની પહોળાઈના ૨૫ મે ભાગે વૃત્તવૈતાઢ્ય તથા મેરૂને છોડીને જે નદીનું મુખ દક્ષિણ સામું છે, તે નદી પૂર્વમાં સમુદ્રદિશા તરફ વળે છે અને જે નદીનું મુખ ઉત્તર સામું છે તે પશ્ચિમ સમુદ્ર દિશા તરફ વળે છે. એટલે હેમવંત તથા ઐરણ્યવંતની બે નદીઓ વૃત્તવૈતાઢ્યને બે ગાઉ છેટે રાખી પૂર્વ તથા પશ્ચિમ દિશામાં વળે છે તથા હરિવર્ષ અને રમ્યકની બે નદી ચાર ગાઉ વૃત્તવૈતાઢ્યને છેટે મૂકી પૂર્વ-પશ્ચિમ દિશામાં વળે છે તથા મહાવિદેહની બે નદી આઠ ગાઉ મેરૂ પર્વતને છેટે મૂકી પૂર્વ-પશ્ચિમ દિશામાં વળે છે.

હેમવંત ક્ષેત્રમાં રોહિતાંશા તથા રોહિતા નામની બે નદીઓ છે. તે પ્રત્યેકનો પરિવાર ગંગાનદી કરતાં બમણો છે એટલે કે ૨૮ હજાર નદીઓના પરિવારથી વીંટળાયેલી છે. તેમજ ઐરણ્યવંત ક્ષેત્રમાં સુવર્ણકૂલા અને રૂપ્યકૂલા નામની બે નદીઓ છે, તે પણ રોહિતાંશા નદીની જેમ ૨૮ હજાર નદીઓથી વીંટળાયેલી છે. હરિવર્ષ ક્ષેત્રમાં હરિકંતા અને હરિસલિલા નામની બે નદીઓ છે. તે ગંગાનદીથી ચારગણા પરિવારવાળી છે એટલે કે ૫૬ હજાર નદીઓથી વીંટળાયેલી છે. પૂર્વોક્ત નદીની જેમજ રમ્યક્ ક્ષેત્રમાં નરકંતા અને નારિકાંતા નામની બે નદીઓ છે તે પણ એટલીજ ૫૬ હજાર નદીઓથી વીંટળાયેલ છે તથા શીતોદા અને શીતા એ બે નદી મહાવિદેહ ક્ષેત્રમાં છે. તે પ્રત્યેક નદીમાં ૫૩૨૦૩૮ નદીઓનું પાણી પડે છે. કુરૂક્ષેત્રમાં ૮૪ હજાર નદીઓ છે. વળી છ અંતરનદીઓ છે. પ્રત્યેક વિજયમાં ગંગા અને સિંધુ એ બે મહાનદીઓ છે. તેથી સોળ વિજયમાં ૩૨ મોટી નદીઓ થઈ. તે પ્રત્યેક નદીનો પરિવાર ૧૪ હજારનો ગણતાં ૪૩૮૦૦૦ થાય. તેની સાથે પાછળની કુરૂક્ષેત્રાદિકની ૮૪૦૩૮ નદીઓ ઉમેરતાં ૫૩૨૦૩૮ નદીઓનું પાણી શીતોદા નદીમાં ભળે છે, શીતામાં પણ તેટલીજ નદીઓનું પાણી ભળે છે. તેનાથી બમણી કરીએ એટલે ૧૦૬૪૦૭૬ નદીઓ મહાવિદેહ ક્ષેત્રમાં જાણવી.

હવે જંબૂદ્વીપની સર્વ નદીઓની સંખ્યા કહે છે:— ૩૨ વિજયની ૬૪ નદી, શીતોદા અને શીતા એ બે નદીઓ તથા ભરતાદિકની ગંગા પ્રમુખ ૧૨ નદીઓ એકઠી કરતાં ૭૮ મોટી નદીઓ જાણવી. ૩૨ વિજયની ૧૨ અંતરનદીઓ અને ૯૦ મૂળ નદીઓ છે. શેષ બીજી પરિવારની નદીઓ ૧૪ લાખ અને ૫૬ હજાર છે.

# [૧] મહાવિદેહ ક્ષેત્ર






નીલવંત નામના વર્ષધર પર્વતની દક્ષિણ દિશામાં તથા નિષધ નામના વર્ષધર પર્વતની ઉત્તર દિશામાં મહાવિદેહ નામનું ક્ષેત્ર છે. તે પલ્યંકના સંસ્થાને સંસ્થિત છે, ૩૩૬૮૪ યોજન ઉપરાંત ચાર ભાગ જેટલી પહોળાઈ છે. એની બાહા પૂર્વ-પશ્ચિમમાં ૩૩૭૬૭ યોજન ઉપરાંત સાત ભાગ લાંબી છે. તેની જીવા-પણ છ મહાવિદેહના મધ્યભાગમાં પૂર્વ-પશ્ચિમ દિશામાં લાંબી એક લાખ યોજન છે. એવું ધનુપૃષ્ઠ ૧૫૮૧૧૩ યોજન ઉપર સોળ ભાગ થી કંઈક અધિક એટલી પરિધિ પ્રત્યેક દિશામાં છે એટલે જંબૂદ્વીપની ૩૧૬૨૨૭ યોજન પ્રમાણ જે પૂર્વે પરિધિ કહેલ છે તેનું અડધું કરીએ ત્યારે મહાવિદેહની એક દિશાનું ધનુપૃષ્ઠ થાય. બે દિશાના ધનુપૃષ્ઠ એકઠા કરીએ ત્યારે જંબૂદ્વીપની પૂર્ણ પરિધિ થાય.

---

૧ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૪

મહાવિદેહ ક્ષેત્ર ચાર વિભાગમાં છે. (૧) મેરૂથી પૂર્વમાં પૂર્વ મહાવિદેહ, (૨) મેરૂથી પશ્ચિમમાં અપરવિદેહ, (૩) મેરૂથી દક્ષિણમાં દેવકુરૂક્ષેત્ર અને (૪) મેરૂથી ઉત્તરમાં ઉત્તર કુરૂક્ષેત્ર છે. ભરત, ઐરવત, હેમવંત, ઐરણ્યવંત, હરિવર્ષ અને રમ્યક એ છ ક્ષેત્રથી લંબાઈમાં, પહોળાઈમાં અને પરિધિમાં ઘણું વિસ્તીર્ણ છે એટલે કે ઘણું મોટું છે. ૩૨ વિજયમાં ૫૦૦ ધનુષ્યની કાયાના મોટા શરીરવાળા મનુષ્યો છે તથા દેવકુરૂ અને ઉત્તરકુરૂમાં ત્રણ ગાઉના શરીરવાળા મનુષ્યો વસે છે. આ પ્રમાણે શરીર આશ્રી મનુષ્યો પણ મોટા છે તેમજ મહા વિદેહ નામના દેવ મહા ઋદ્ધિવંત યાવત્ એક પલ્યોપમના આયુષ્યવાળા ત્યાં વસે છે તેથી તેનું મહાવિદેહ એવું શાશ્વતું નામ છે.

## [1] મહાવિદેહના ચાર ગજદંતગિરિ

(૧) નીલવંત પર્વતની દક્ષિણ દિશામાં અને મેરૂથી વાયવ્ય ખૂણામાં તથા ગંધિલાવતી વિજયની પૂર્વ દિશામા, ઉત્તરકુરૂની પશ્ચિમ દિશામાં [2] ગંધમાદન નામનો ગજદંત પર્વત પીળે વર્ણે છે. તેની લંબાઈ ૩૦૨૦૯ યોજન ઉપરાંત ૬ ભાગ છે તેમજ નીલવંત પર્વતની પાસે ૪૦૦ યોજન ઊંચો છે, એક સો યોજન ઊંડો ધરતીમાં છે, ૫૦૦ યોજન પહોળો છે. પછી

માલ્યવંત ગજદંત પર્વત તથા તેના ઉપરના ૯ કુટ



ગંધમાદનના મના ગજદંત પર્વત તથા તેની ઉપરના સાત કુટ

અનુક્રમે ઊંચાઇ તથા ઊંડાણમાં વધતાં-વધતાં અને પહોળાઇમાં ઘટતાં-ઘટતાં મેરૂ પર્વતની સમીપે ૫૦૦ યોજન ઊંચો છે, ૧૨૫ યોજન ધરતીમાં ઊંડો છે અને આંગળના અસંખ્યાતમા ભાગે પહોળો છે. હાથીદાંતના સંસ્થાને સંસ્થિત છે. સર્વ રત્નમય છે. બે પડખે બે પદ્મવર વેદિકાઓ અને બે વનખંડોથી યુકત છે યાવત્ તેની ઉપર ઘણા દેવતા બેસે છે વગેરે પૂર્વવત્ કહેવું.

એ ગંધમાદન પર્વત ઉપર સાત કૂટ છે. તેના નામ:— (૧) મેરૂથી વાયવ્ય ખૂણામાં અને ગંધમાદન કૂટ થી અગ્નિખૂણામાં સિદ્ધાયતન કૂટ, (૨) નીલવંતની સન્મુખ બીજો

૧ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૪ ૨ મહાવિદેહ ક્ષેત્રના વર્ણનની શરૂઆતમાં આ 'ગંધમાદન' વક્ષસ્કારનું વર્ણન છે.

ગંધમાદન કૂટ, (૩) ગંધિલાવતી કૂટ, (૪) ઉત્તરકુરૂ કૂટ, (૫) સ્ફટિક કૂટ, (૬) લોહિતાક્ષ કૂટ અને (૭) આનંદ કૂટ. સિદ્ધાયતન કૂટમાં મંદિર છે તેમજ સ્ફટિક કૂટ અને લોહિતાક્ષ કૂટ એ બે કૂટમાં ભોગંકરા અને ભોગવતી એ બે દિક્કુમારિકા દેવીઓનો નિવાસ છે. શેષ ચાર કૂટોમાં કૂટના નામવાળા દેવો રહે છે. તે બધા કૂટ ૫૦૦ યોજન ઊંચાં છે. બીજો, ત્રીજો તથા ચોથો કૂટ વાયવ્ય ખૂણામાં, પાંચમો દક્ષિણમાં અને છઠ્ઠો તથા ૭મો કૂટ ઉત્તર તેમજ દક્ષિણમાં છે.

એ પર્વતની ગંધ એવી છે—જેમકે કોષ્ટ સુગંધના પુડાને પીસતાં, ચૂર્ણ કરતાં, ઉખેળતાં, ચારે બાજુ વિખેરતાં, ભોગવતાં ગંધ લેતા જેમ ઉત્તમ ઉદાર મનોહર ગંધ નીકળે છે, તેથી પણ વધારે ઈષ્ટતર તેની ઉત્તમ ગંધ છે. તે ગંધ વડે સુગંધિત છે તેમજ અહીં ગંધમાદન નામનો દેવ મહા ઋદ્ધિવંત વસે છે તેથી તેનું ગંધમાદન એવું શાશ્વતું નામ છે.

(૨) મેરૂ પર્વતના ઈશાનખૂણામાં, નીલવંત પર્વતની દક્ષિણ દિશામાં, ઉત્તરકુરૂની પૂર્વ-દિશામાં, કચ્છ નામના વિજયની પશ્ચિમદિશામાં, [૩] માલ્યવંત નામનો ગજદંત પર્વત વૈડૂર્ય રત્નમય નીલ વર્ણે છે. તે ગંધમાદન ગજદંતા પ્રમાણે લાંબો પહોળો છે, શેષ અધિકાર પૂર્વવત જાણવો.

માલ્યવંત ગજદંતગિરિના નવકૂટના નામ કહે છે:— (૧) મેરૂથી ઈશાન ખૂણામાં અને માલ્યવંત કૂટથી અગ્નિખૂણામાં સિદ્ધાયતન કૂટ, ત્યારપછી અનુક્રમે નીલવંત પર્વતની સન્મુખ (૨) માલ્યવંત કૂટ, (૩) ઉત્તર કુરૂકૂટ, (૪) કચ્છકૂટ, (૫) સાગરકૂટ, (૬) રજતકૂટ, (૭) સીતા-કૂટ, (૮) પૂર્ણભદ્ર કૂટ, અને (૯) હરિસ્સહ કૂટ. બીજું, ત્રીજું, ચોથું, પાંચમું એ ચારે કૂટ એકેકથી અનુક્રમે ઈશાન-ઈશાન ખૂણામાં છે. છઠ્ઠું કૂટ દક્ષિણમાં છે તથા સાતમું તથા ૮મું કૂટ વાયવ્ય કોણમાં અને નવમું કૂટ પૂર્ણભદ્ર કૂટથી ઉત્તરમાં અને નીલવંતની દક્ષિણમાં છે. બધા કૂટ ૫૦૦ યોજન ઊંચાં છે. તેમાં સાગરકૂટ અને રજતકૂટમાં અનુક્રમે સુભોગા અને ભોગમાલિની નામની દેવી વસે છે. બાકીના કૂટના નામો પણ તેમાં વસનારા દેવોના નામ પ્રમાણે જાણવા. તેમાં હરિસ્સહ કૂટ ઉપર હરિસ્સહ રાજધાનીનો હરિસ્સહ નામનો દેવ વસે છે. એ કૂટ હજાર યોજન પહોળો અને યોજન ઊંચો યમક પર્વત જેવો છે અને માલ્યવંત ગજદંત ૫૦૦ યોજન પહોળું છે તેથી બન્ને પડખે ૨૫૦-૨૫૦ યોજન પર્વતથી બહાર અદ્ધર રહેલું છે. એ હરિસ્સહ દેવની રાજધાની અન્ય જંબૂદ્વીપમાં ૮૪ હજાર યોજન લાંબી અને પહોળી છે.

એ માલ્યવંત ગજદંત ઉપર ઘણી સરિતા નામની વનસ્પતિના ગુલ્મ, નવમાલતીના ગુલ્મ, યાવત્ મગદંતિકા વનસ્પતિના ગુલ્મ છે. તે ગુલ્મ હંમેશા પંચવર્ણના ફૂલોથી મઘ-મઘે છે તેમજ તે ભૂમિમાં વાયુથી કંપિત અગ્રશાળામાં ફૂલોના પુંજથી સુશોભિત છે. અહીં

૩ ઉત્તરકુરૂક્ષેત્રના વર્ણન પછી આ બીજા 'માલ્યવંત' ગજદંત પર્વતનું વર્ણન છે.

માલ્યવંત નામનો દેવ એક પલ્યોપમના આયુષ્યવાળો વસે છે. તેથી તેનું માલ્યવંત એવું નામ છે.

(૩) નિષધ પર્વતની ઉત્તર દિશામાં, મેરૂ પર્વતથી અગ્નિકોણમાં, મંગલાવતી વિજયની પશ્ચિમ દિશામાં અને દેવકુરૂની પૂર્વ દિશામાં, [૪] સોમનસ નામનો ગજદંત પર્વત શ્વેત-વર્ણનો છે. તેની લંબાઈ-પહોળાઇ માલ્યવંતની જેમ જાણવી. તે રૂપામય છે. ત્યાં ઘણાં દેવ-દેવાંગનાઓ કુચેષ્ટારહિત સૌમ્યપણે સુમન એટલે શોકાદિ રહિત વિચરે છે તથા સોમનસ નામના મહર્ધિક દેવ ત્યાં વસે છે. તેથી તેનું સોમનસ એવું નામ છે. તેની ઉપર સાત કૂટ છે. તેના નામ:— (૧) મેરૂની દિશાથી સિદ્ધાયતન કૂટ, ત્યારપછી અનુક્રમે નિષધ પર્વતની સન્મુખ (૨) સોમનસ કૂટ, (૩) મંગલાવતી કૂટ, (૪) દેવકુરૂ કૂટ, (૫) વિમલ કૂટ, (૬) કંચન કૂટ અને (૭) વસિષ્ઠ કૂટ. આ સર્વે કૂટ ૫૦૦ યોજન ઊંચાં અને પહોળા છે. કૂટોનું વર્ણન ગંધમાદન ગજદંત જેવું જાણવું. તેમાં વિમલ અને કાંચન એ બે કૂટ ઉપર સુવત્સા અને વત્સમિત્રા એ બે દિક્કુમારિકા દેવીઓનો વાસ છે તથા શેષ કૂટોમાં કૂટના નામના દેવોનો નિવાસ જાણવો.

(૪) નિષધ પર્વતની ઉત્તર દિશામાં અને મેરૂથી નૈઋર્ત્ય કોણમાં, દેવકુરૂથી પશ્ચિમમાં તથા પદ્મવિજયની પૂર્વ દિશામાં [૫] વિદ્યુત્પ્રભ નામનો ગજદંત પર્વત તપનીય રાતો સુવર્ણમય છે યાવત્ તેની ઉપર દેવતા વસે છે વગેરે પહેલાની માફક સર્વ વિગત કહેવી. એનું વર્ણન માલ્યવંત ગજદંત જેવું છે. એના નવકૂટના નામ:— (૧) મેરૂની દિશામાં સિદ્ધાયતન, ત્યાર પછી અનુક્રમે નિષધ પર્વતની સન્મુખ (૨) વિદ્યુત્પ્રભ, (૩) દેવકુરૂ, (૪) પદ્મ, (૫) કનક, (૬) સ્વસ્તિક, (૭) શીતોદા, (૮) શતજ્વલ અને (૯) હરિકૂટ. તેમાં હરિકૂટ પૂર્વોકત હરિસ્સહ કૂટની જેમ હજાર યોજન પહોળું તેમજ ઊંચું છે. શેષ આઠ કૂટ ૫૦૦ યોજન ઊંચા જાણવા તથા કનક કૂટ અને સ્વસ્તિક એ બે કૂટમાં વારિષેણા અને બલાહિકા કે જેના બીજા નામ પુષ્પમાલા અને અનિંદિતા છે તે દિક્કુમારિકા દેવી વસે છે. શેષ કૂટમાં તે કૂટના નામે દેવતા જાણવા તેમજ એ પર્વત વીજળીની જેમ રકતસુવર્ણથી ચોતરફ અવભાસે છે, ઉદ્યોત કરે છે, કાંતિ કરે છે. અહીં વિદ્યુત્પ્રભ નામના દેવતા એક પલ્યોપમ આયુષ્યવાળા વસે છે. તેથી તેનું વિદ્યુત્પ્રભ એવું શાશ્વતું નામ છે. એ ચાર ગજદંત ઉપર પ્રત્યેક દિક્કુમારી દેવીના બબ્બેકૂટ કહ્યા છે. તે અર્ધા લોકમાં વસનારી દિક્કુમારી જાણવી. એના રહેવાના ભવન ગજદંત ગિરિની નીચે છે.

કુરૂક્ષેત્રની જે શીતોદા તથા શીતાનદીનું પડવા અને નીકળવાની જીભ છે. ત્યાંથી ૨૬૪૭૫ યોજન બન્ને પડખે મેરૂપર્વતની સામે એ ચાર ગજદંત ગિરિ છે. તે નિષધ તથા નીલવંત પર્વતમાંથી નીકળ્યા છે. હાથીના દાંતના આકારે દેખાય છે, તેથી તેને ગજદંતગિરિ કહે છે. અગ્નિકોણમાં સોમનસ નામના ગજદંતગિરિ છે. ત્યાંથી શરૂઆતથી માંડીને પ્રદક્ષિણાવર્ત ગણતાં ચાર દિશામાં અનુક્રમે ચાર ગજદંતગિરિ છે.

---

૪ દેવકુરૂ ક્ષેત્રના વર્ણનની પહેલાં આ ત્રીજા 'સોમનસ' ગજદંત ગિરિનું વર્ણન છે.

૫ દેવકુરૂ ક્ષેત્રના ચોથા વિદ્યુત્પ્રભ ગજદંતગિરિનું વર્ણન છે.

## [1] મહાવિદેહમાં ઉત્તરકુરૂ યુગલીયાનું ક્ષેત્ર

ઉત્તર કુરૂક્ષેત્ર




દક્ષિણ કુરૂક્ષેત્ર

મેરૂપર્વતની ઉત્તર દિશામાં અને નીલવંતની દક્ષિણ દિશામાં તથા ગંધમાદન પર્વતની પૂર્વદિશામાં અને માલ્યવંતની પશ્ચિમદિશામાં ઉત્તરકુરૂ નામનું ક્ષેત્ર છે. તે પૂર્વપશ્ચિમ લાંબુ અને ઉત્તરદક્ષિણ પહોળું અર્ધ ચંદ્રમાને સંસ્થાને સંસ્થિત છે. ૧૧૮૪૨ યોજન ઉપરાંત બે ભાગ પહોળું છે. એની જીવા-પણછ ઉત્તરદિશામાં પૂર્વ-પશ્ચિમ લાંબી, બે બાજુ ગજદંતા પર્વતને સ્પર્શી છે. તે ૫૩ હજાર યોજન લાંબી છે. એનું ધનુપૃષ્ઠ ૬૦૪૧૮ યોજન ઉપર ૧૨ ભાગ પરિધિપણે છે. તેની વિગત આ પ્રમાણે છે:– ૩૦૨૦૯ યોજન ઉપરાંત ૬ કળા એટલો એકેકો ગજદંત ગિરિ લાંબો છે. તેવા બે ગજદંત ગિરિની વચમાં એ ક્ષેત્ર અર્ધ ચંદ્રાકારે છે. તેથી બે ગજદંતની લંબાઈના યોજન જ્યારે ભેગાં કરીએ ત્યારે ૬૦૪૧૮ યોજન ઉપરાંત ૧૨ કળા જેટલું કુરૂક્ષેત્રનું ધનુપૃષ્ઠ થાય એટલેકે ધનુષ્યના બહારના પુંઠનો ભાગ અર્ધ-ચંદ્રાકારનો થાય. એ ક્ષેત્રમાં યુગલીયા મનુષ્યો વસે છે. ત્યાં હંમેશા પહેલા આરા જેવા ભાવ વર્તે છે તેમજ એ ઉત્તરકુરૂ ક્ષેત્રમાં મહાઋદ્ધિવંત ઉત્તરકુરૂ નામના દેવતા એક પલ્યોપમના આયુષ્યવાળા વસે છે. તેથી તેનું ઉત્તરકુરૂ એવું શાશ્વતું નામ છે.

[2] ઉત્તરકુરૂમાં નીલવંતપર્વતની દક્ષિણદિશાના ચરમાંત–છેડાથી ૮૩૪ યોજન ઉપરાંત સાતીયા ચાર ભાગ જેટલી અબાધાયે (અંતરે) શીતા મહાનદીના પૂર્વતટ પર એક અને બીજો પશ્ચિમ તટ એમ બે તટે બે યમક નામના પર્વતો છે. તે એક હજાર યોજન ઊંચા તથા ૨૫૦ યોજન ઊંડા ધરતીમાં છે. મૂળમાં હજાર યોજન લાંબા અને પહોળા છે, વચ્ચે ૭૫૦ યોજન લાંબાં-પહોળા છે, ઉપર ૫૦૦ યોજન લાંબા-પહોળા છે તથા મૂળમાં ૩૧૬૨ યોજનથી કંઈક અધિક પરિધિ છે, મધ્યમાં ૨૩૭૨ યોજનથી કંઇક અધિક પરિધિ છે તથા ઉપર ૧૫૮૧ યોજનથી કંઈક વધારે પરિધિ છે. આ પ્રમાણે મૂળમાં વિસ્તીર્ણ છે, વચ્ચે સાંકડા છે અને ઉપર પાતળા છે. તે ગાયના પુંછડાના આકારે છે. યમક એટલે જોડિયા ભાઈ જેવા સંસ્થાને સંસ્થિત છે, એટલેકે બન્ને સરખે સંસ્થાને છે. આખા સુવર્ણમય છે. પ્રત્યેક પદ્મવરવેદિકા અને વનખંડથી વીંટળાયેલ છે. તે પદ્મવર વેદિકા અને વનખંડનું વર્ણન પૂર્વની જેમ જાણવું. તેના ઉપર મધ્યભાગમાં બે પ્રાસાદાવતંસક છે. તે ૬૨$\frac{1}{2}$ યોજન ઊંચાં તથા ૩૧$\frac{1}{4}$ યોજન લાંબા અને પહોળા છે. તેનું વર્ણન વિજય દેવતાના પ્રાસાદની જેમ જાણવું. એ પર્વત ઉપર નાની વાવ તથા મોટી વાવમાં યાવત્ બિલ પંક્તિમાં ઘણા કમળ યમક પર્વત જેવા વર્ણે છે તેમજ એહીં બે યમક નામે દેવતા મહાઋદ્ધિવંત યાવત દેવ-

---

૧ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૪ ૨ આ વર્ણન જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં છે તેમજ જીવાભિગમ સૂત્ર પ્ર. ૩. ઉ. ૩ માં પણ છે.

સંબંધી ભોગો ભોગવતાં વિચરે છે તેથી તેનું યમક પર્વત એવું શાશ્વતું નામ છે. તે દેવોની બીજા જંબૂદ્વીપોમાં જુદી–જુદી યમકા નામની રાજધાનીઓ છે. તેનું વર્ણન બધું વિજયદેવ જેવું જાણવું.

## [1] ઉત્તરકુરૂ ક્ષેત્રનો નીલવંત દ્રહ

નીલવંત પર્વતથી ૮૩૪ યોજન ઉપરાંત સાતીયા ચારભાગથી કંઈક અધિક એટલા અંતરે શીતા મહાનદીની વચમાં નીલવંત નામનો દ્રહ છે. પદ્મદ્રહનું જેમ વર્ણન કર્યું તેમ આનું વર્ણન પણ જાણવું. એની બન્ને બાજુ પદ્મવરવેદિકા અને બે વનખંડો છે. ત્યાં નીલવંત નામના નાગકુમાર દેવ વસે છે.

તે નીલવંત દ્રહની પૂર્વ અને પશ્ચિમ દિશામાં બન્ને પડખે દશ - દશ યોજનને અંતરે મળી વીસ [2] કાંચન પર્વત છે. તે પ્રત્યેક ૧૦૦ યોજન ઊંચા અને મૂળમાં ૧૦૦ યોજન લાંબા પહોળા છે, વચ્ચે ૭૫ યોજન અને ઉપર ૫૦ યોજન લાંબા પહોળા છે તથા મૂળમાં ૩૧૬ યોજન, મધ્યમાં ૨૩૭ યોજન અને ઉપર ૧૫૮ યોજનથી કંઈક અધિક પરિધિપણે છે.

એ પ્રથમ નીલવંત દ્રહથી પૂર્વોકત ૮૩૪ યોજનના અંતરે બીજો ઉત્તરકુરૂ દ્રહ છે. ત્યાંથી તેટલાજ અંતરે ત્રીજો ચંદ્રદ્રહ છે. ત્યાંથી તેટલાજ અંતરે ચોથો ઐરવત નામે દ્રહ છે. ત્યાંથી તેટલાજ અંતરે પાંચમો માલ્યવંત નામે દ્રહ છે. એ પાંચે દ્રહ નું એક સરખું વર્ણન છે. એ પાંચે દ્રહના એકસો કાંચનગિરિ ઉત્તરકુરૂમાં છે. એ દ્રહના દેવોની એક પલ્યોપમની સ્થિતિ જાણવી.

## ઉત્તરકુરૂ ક્ષેત્રમાં જંબૂવૃક્ષ

નીલવંત પર્વતની દક્ષિણ દિશામાં તથા મેરૂ પર્વતનાં ઉત્તર દિશામાં ([3] ઈશાન ખૂણામાં) અને માલ્યવંત ગજદંત ગિરિની પશ્ચિમ દિશામાં તથા શીતા મહાનદીના પૂર્વના તટે, ઉત્તરકુરૂ ક્ષેત્રમાં [4] જંબૂપીઠ નામે પીઠ છે. તે ૫૦૦ યોજન લાંબી અને પહોળી છે તથા ૧૫૮૧ યોજનથી કંઈક અધિક પરિધિપણે છે. એ પીઠ મધ્યભાગમાં ૧૨ યોજન જાડી છે એટલેકે ઊંચી

---

૧ જીવાભિગમ સૂત્રની ત્રીજી પ્રતિપત્તિના ત્રીજા ઉદ્દેશમાં વિસ્તારથી વર્ણન છે.

૨ કાંચન ગિરિનું જીવાભિગમ સૂત્રની ત્રીજી પ્રતિપત્તિના ત્રીજા ઉદ્દેશમાં પણ વિસ્તારથી વર્ણન છે. આ બનેનું વર્ણન જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં તો છે જ.

૩ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રના ચોથા વક્ષસ્કારમાં 'ઉત્તર દિશા' અને જીવાભિગમ સૂત્રની ત્રીજી પ્રતિપત્તિના ત્રીજા ઉદ્દેશમાં 'ઈશાન ખૂણો' બતાવેલ છે. આ જંબૂવૃક્ષનું વર્ણન આ બંને શાસ્ત્રોમાં છે.

૪ જંબૂનયામયં જંબૂપીઢ મુત્તર કુરાએ પુવ્વદ્ધે; સીયાએ પુવ્વદ્ધે, પંચસયાયામવિક્ખંભં ॥ ૧ ॥ પન્નરસેક્કાસીએ સાહિએ, પરિહિમજ્ઝ બાહલ્લં; જોયણદુવ્વક્ક કમસો, હાયંતં તેસુ કોસાઈ ॥ ૨ ॥

—શ્રી જીવાભિગમ સૂત્ર પ્ર. ૩, ઉ. પાનુ ૪૬૦

(પૂ. શ્રી ઘાસીલાલજી મહારાજ)

છે, પછી થોડી થોડી અનુક્રમે પ્રદેશે–પ્રદેશે ઘટતાં ઘટતાં ચારે બાજુ છેલ્લા પ્રદેશે (છેડે) બબ્બે ગાઉ ચારે દિશાએ ઊંચી છે. એ આખી પીઠ જંબૂનંદ રત્નમય છે, ઊંધા સરાવલા (શકોરા) ને આકારે છે. તે પીઠ એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચારે તરફ વીંટળાયેલું છે. તે વેદિકા બે ગાઉ ઊંચા અને એક ગાઉ પહોળા એવા મનોહર ચાર બારણાથી યુક્ત છે. તેનું વર્ણન પૂર્વની જેમ જાણવું. તે પીઠની ચાર દિશામાં ત્રણસીડીરૂપ ચાર પગથિયા છે. તેનું વર્ણન યાવત્ તોરણ છત્રાતિછત્ર પર્યંત પૂર્વની જેમ જાણવું. તે પીઠના મધ્ય

જંબૂવૃક્ષ





જંબૂપીઠિકા

જંબૂવૃક્ષ પીઠિકા પદ્મવરવેદિકા તથા વનખંડ ——>



ભાગમાં એક મણિપીઠિકા છે. તે આઠ યોજન લાંબી-પહોળી અને ચાર યોજન જાડી છે એટલે કે ઊંચી છે તે સર્વ મણિમય છે. તેની ઉપર જંબૂવૃક્ષ-સુદર્શન વૃક્ષ નામનું વૃક્ષ છે. તે આઠ યોજન ઊંચું છે. અડધો યોજન ભૂમિમાં ઊંડું છે, બે યોજનનો સ્કંધ છે, છ યોજનની શાખા છે. તે વૃક્ષ મધ્યભાગમાં આઠ યોજન લાંબું પહોળું છે. તે સાડા આઠ યોજન* સંપૂર્ણ ઊંચું કહ્યું છે.

[1] તે જંબૂ-સુદર્શન વૃક્ષના મૂળ વજ્રરત્નનો છે. તેની વિડિમાં એટલે કે ઉપર તરફ નીકળેલ શાખાઓ ચાંદીની છે. અરિષ્ટ રત્નમય વિસ્તીર્ણ કંદ છે, વૈડૂર્ય રત્નના તેજસ્વી સ્કંધો છે. તેની મુખ્ય શાખાઓ ઉત્તમ રૂપામય મૂળથીજ વિસ્તીર્ણ છે, જુદા જુદા મણિ અને રત્નમય તેની વિવિધ શાખાઓ અને પ્રશાખાઓ છે. વૈડૂર્ય રત્નના પાંદડાં છે, તેના ડીંટા રાતા સુવર્ણના છે. જંબૂનંદ રત્નની રાતી ટીસી, કોમળ પત્ર અને અંકુરા સુકોમળ છે. વિચિત્ર મનોહર મણિરત્નના ફળ અને સુગંધિત ફૂલ છે. ફૂલ અને ફળના ભારથી તે વૃક્ષની શાખા નમેલી છે, છાયા સહિત છે, કાંતિ ઉદ્યોત સહિત છે, મનને અત્યંત સુખ ઉપજાવનાર છે.

જંબૂવૃક્ષના મૂળમાં જે જટા છે તે વજ્રરત્નમય છે તથા મૂળથી ઉપર જે કંદ છે તે શ્યામવર્ણ રત્નનું છે. તે જંબૂવૃક્ષની ડાળ વૈડૂર્યરત્ન એટલે નીલવર્ણ રત્નની છે તથા મોટી શાખા પીળા સોનાની છે, લઘુ શાખા કંઈક ધોળા સોનાની છે તથા એના પાંદડાં વૈડૂર્ય રત્નના છે. પાંદડાના ડીંટા તપનીય સુવર્ણ સમાન મહા તેજવંત છે. તેના પલ્લવ એટલે કે નવા ઉગતાં પાંદડાંઓ છે અને તે રકત સુવર્ણના છે. નવા પાંદડાઓ રૂપામય છે, મધ્યભાગની વચ્ચેની મોટી ડાળ રૂપામય છે, ફલ-ફૂલ સર્વે રત્નમય છે. બે ગાઉ ભૂમિમાં— ઊંડાઈમાં જાડું છે. થડ, મોટી શાખા અને મધ્યભાગમાં જે મૂળ શાખા છે તેમાં બે ગાઉની પહોળાઈ છે તથા આઠ ગાઉ થડની લાંબી ડાળ છે. થડની શાખાથી ચારે દિશામાં ચાર મોટી ડાળ જ્યાંથી નીકળી છે ત્યાંથી ૧૫ ગાઉ લાંબી છે તથા મધ્યભાગની મૂળ લાંબી ડાળ ઊંચી છે. તે ૨૪ ગાઉ લાંબી છે. તથા ચારે દિશાની ચાર શાખાઓ ઉપર શ્રી દેવીના ભવન જેવા ચાર ભવન છે. પાંચમી મોટી ૨૪ ગાઉની ડાળ છે, તેની ઉપર શ્રી દેવીના ભવન જેવું સિદ્ધાયતન છે. આ સિદ્ધાયતનનું વર્ણન પહેલાની જેમ જાણવું. તેમાં પૂર્વદિશાની શાખાના ભવનમાં જંબૂદ્વીપના અનાદિત નામના અધિષ્ટાયક દેવને સુવાની શય્યા છે તેમજ શેષ ત્રણ દિશાના ત્રણ ભવન છે. તેમાં અનાદિત દેવને બેસવા યોગ્ય સિંહાસન છે.

તે જંબૂસુદર્શન વૃક્ષની જે પીઠિકા છે. તે મૂળમાં અનુક્રમે ૧૨ વેદિકાઓથી ઘેરાયેલ છે. તે વેદિકાનું વર્ણન પૂર્વવત જાણવું. તે મૂળ જંબૂવૃક્ષથી અર્ધપ્રમાણ ઊંચાઈવાળા એવા બીજા ૧૦૮ જંબૂવૃક્ષોથી સર્વ દિશામાં વ્યાપ્ત છે, તેમાં અનાદિત દેવના આભૂષણાદિ વસ્તુઓ રહે છે. બીજી પરિધિથી વાયવ્યકોણ, ઉત્તર દિશા અને ઈશાન ખૂણામાં અનાદિત દેવતાના ચાર હજાર સામાનિક દેવના ચાર હજાર જંબૂવૃક્ષો છે તથા પૂર્વ દિશામાં અનાદિત દેવતાની ચાર અગ્રમહિષીના ચાર જંબૂવૃક્ષ કહ્યાં છે. આ પ્રમાણે સર્વ મળી ૧૨૦૫૦૧૨૦ જંબૂવૃક્ષોનો પરિવાર પદ્મદ્રહની શ્રીદેવીના કમળની જેમ પરિવાર છે.

તે જંબૂવૃક્ષ એક આભ્યંતર, બીજું મધ્ય અને ત્રીજું બાહ્ય એવા ત્રણ વનખંડોથી સો-સો યોજનનું સર્વ દિશામાં ચારે બાજુ વીંટળાયેલ છે. તેમાં પ્રથમ વનખંડની ચારે

---

૧ મૂલા વઈરામયા સે કંદો, ખંદોય રિટ્ઠ વેરુલિઓ;
સોવણ્ણિય સાહપ્પસાહ, તહજાયરુવાય. (૧)
વિડિમા વેરુલિય, પત્તતવણ્ણિજ્જ પત્તબિંટાય; પલ્લવ અગ્ગપવાલા, જંબૂણય રાયયાતીસે (૨)
—શ્રી જીવાભિગમ સૂત્ર. પ્ર. ૩, ઉ. ૩. પાનુ. ૪૬૬-૬૭ (પૂ. શ્રી ઘાસીલાલજી મહારાજ)

દિશામાં ૫૦–૫૦ યોજન જઇએ તો ત્યાં એકેકુ જિનભવન આવે છે. એમ ચારે દિશાના ચાર ભવન છે. તે પૂર્વદિશાની શાખા જેવા ભવન જાણવા. તે વનની ઈશાનાદિ ચાર વિદિશામાં ૫૦–૫૦ યોજન અવગાહીને જઇએ ત્યારે પ્રત્યેક વિદિશામાં જુદા જુદા નામવાળી ચાર-ચાર નંદા પુષ્કરણીઓ છે. તે પ્રત્યેક એક ગાઉ લાંબી, અડધો ગાઉ પહોળી અને ૫૦૦ ધનુષ્ય ઊંડી છે. તે ચાર-ચાર પુષ્કરણીઓની મધ્યમાં એકેક પ્રાસાદાવતંસક છે અને બીજી ત્રણ દિશાના ભવન સરખા જાણવા.



આઠ કુટ

તે જિનભવન તથા પ્રાસાદના આઠ આંતરાંમાં શ્રી જિનભવન સહિત આઠ કૂટ જાણવા તે પ્રત્યેક કૂટ મૂળમાં ૧૨ યોજન વિસ્તૃત છે, મધ્યમાં ૮ યોજન અને શિખર ઉપર ૪ યોજન વિસ્તૃત છે તથા આઠ યોજન ઊંચાં છે એવા આઠ તરૂ કૂટ કહ્યા છે.

તે જંબૂ સુદર્શન વૃક્ષ બીજા ઘણા તિલકવૃક્ષ, બકુલ-વૃક્ષ યાવત્ રાજવૃક્ષ વગેરે વૃક્ષોથી સર્વ દિશામાં ચારે બાજુથી વીંટળાયેલી છે. તે વૃક્ષ ઉપર ઘણા આઠ-આઠ મંગલિક તથા કૃષ્ણ ચામર, ધજા યાવત્ છત્રાતિછત્ર છે.

તે જંબૂ–સુદર્શન વૃક્ષના ૧૨ નામ છે. તે અર્થ સાથે કહે છે:— (૧) શુભદર્શન હોવાથી સુદર્શન, (૨) અનિષ્ફળ હોવાથી અમોઘ, (૩) મણિ-રત્નોથી બદ્ધ પીઠ હોવાથી સુપ્રતિબદ્ધ, (૪) યશને ધરનાર હોવાથી યશોધર, (૫) જંબૂદ્વીપનું નામ વિસ્તારે છે માટે વિદેહ જંબૂ, (૬) સૌમનસ એટલે ઉત્તમવૃક્ષ, તેને જોતાં કયારેય મન દુષ્ટ ન થાય-હમેશા મન પ્રીતિવાળું રહે, (૭) શાશ્વત હોવાથી નિયત, (૮) અનાદિકાળનું મંડિત હોવાથી નિત્યમંડિત, (૯) કલ્યાણકારી-ઉપદ્રવરહિત માટે સુભદ્ર, (૧૦) વિસ્તીર્ણ વૃક્ષ હોવાથી વિશાળ, (૧૧) સુનિષ્પન્ન રૂપ માટે સુજાત અને (૧૨) એના દર્શનથી શુભમન થાય માટે સુમન. એ વૃક્ષ ઉપર જંબૂદ્વીપનો ધણી અનાદૃત દેવ એક પલ્યોપમના આયુષ્યવાળો વસે છે માટે એનું જંબૂવૃક્ષ એવું શાશ્વતું નામ છે.

## મહાવિદેહમાં [1] દેવકુરૂ નામના યુગલીયાના ક્ષેત્રનું વર્ણન

મેરૂની દક્ષિણ દિશામાં અને નિષધ પર્વતની ઉત્તર દિશામાં દેવકુરૂ નામના યુગાલિયાનું ક્ષેત્ર છે. તે ૧૧૮૪૨ યોજન ઉપરાંત બે ભાગ પહોળું છે. તે આ પ્રમાણે:— ગજદંત ગિરિની મધ્યમાં મેરૂ પર્વતથી દક્ષિણ દિશામાં દેવકુરૂક્ષેત્ર છે અને મેરૂથી ઉત્તર દિશામાં ઉત્તર કુરૂક્ષેત્ર છે. એ બે યુગલીયાના ક્ષેત્રો છે તે અર્ધચંદ્રમાને આકારે રહેલા છે. તેમાં મહાવિદેહ ક્ષેત્રનો વિસ્તાર ૩૩૬૮૪ યોજન ઉપરાંત ચાર કળા છે. તેમાંથી મેરૂનો વિષ્કંભ ૧૦ હજાર યોજનનો બાદ

૧ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૪

કરતાં ૨૩૬૮૪ યોજન ઉપરાંત ચાર કળા રહે. તેનું અડધું કરીએ ત્યારે ૧૧૮૪૨ યોજન ઉપર બે કળા થાય. એટલો મેરૂક્ષેત્રના મધ્યભાગનો વિષ્કંભ જાણવો.

તેમાં ચિત્ર-વિચિત્રકૂટ નામના બે પર્વત છે. તે નિષધ પર્વતની ઉત્તર દિશાથી ૮૩૪ યોજન ઉપર સાતીયા ચાર ભાગ જેટલી અબાધાયે શીતોદા નદીના પૂર્વ અને પશ્ચિમ બે તટ ઉપર એ બે પર્વતો છે, તેમનું પ્રમાણ ઉત્તરકુરૂમાં જેમ બે યમક પર્વતોનું કહ્યું તેમ જાણવું.

એ બે ચિત્રકૂટની ઉત્તરદિશાથી ૮૩૪ યોજન ઉપરાંત સાતીયા ચાર ભાગની અબાધાએ પ્રથમ નિષધ નામનો દ્રહ છે. ત્યાંથી તેટલાજ અંતરે બીજો દેવકુરૂ દ્રહ, ત્રીજો સૂર્યદ્રહ ચોથો સુલસદ્રહ અને પાંચમો વિદ્યુત્પ્રભદ્રહ છે. એ પાંચે દ્રહ દેવકુરૂ ક્ષેત્રમાં શીતોદા નદીના છે. એ સર્વદ્રહ પદ્મદ્રહ જેવા એક હજાર યોજન લાંબા અને પાંચસો યોજન પહોળા તથા દશ યોજન ઊંડા જાણવા. તેમજ પ્રત્યેક દ્રહના એક દક્ષિણ અને બીજો ઉત્તર દિશામાં બે બારણા જાણવા. એ દ્રહના જે અધિષ્ઠાયક દેવો છે તે સર્વ પોતાના દ્રહને નામે જાણવા. તે દ્રહથી પૂર્વ અને પશ્ચિમ દિશામાં દશ યોજન જતાં એકેક દ્રહના એકેક પડખે ૧૦–૧૦ કંચનગિરિ છે. તે કંચનગિરિ વૈતાઢ્યના કૂટ ૬$\frac{1}{4}$ યોજન છે. તેથી ૧૬ ગણા મોટા છે. એવા કંચનગિરિ જંબૂદ્વીપમાં સર્વે મળી ૨૦૦ જાણવા. તે આ પ્રમાણે– દેવકુરૂ તથા ઉત્તરકુરૂના દશ દ્રહ છે. તે એકેક દ્રહની બન્ને બાજુને ૧૦–૧૦ ગુણતાં વીસ થાય. તે વીસને દશથી ગુણતાં બસો પુરાં થાય.

## કુલગિરિ, યમકપર્વત, પાંચદ્રહ અને મેરૂના ૭ આંતરાંનું વર્ણન

૮૩૪ યોજન ઉપર એક કળાના સાતભાગ કરીએ તેમાંનો એકભાગ સહિત અગિયાર કળા જેટલો કુલગિરિ, યમકપર્વત, પાંચદ્રહ તથા મેરૂનું પ્રત્યેક અંતર જાણવું. દેવકુરૂનો વિસ્તાર ૧૧૮૪૨ યોજન અને બે કળા છે. તેમાંથી યમકપર્વત અને પાંચ દ્રહ-તેમણે રોકેલા જે ૬ હજાર યોજન છે તે બાદ કરતાં ૫૮૪૨ યોજન અને બેકળા વધે. તેને સાત લાગે વહેંચતાં ૮૩૪ યોજન આવે. શેષ ચાર વધે તેને ઓગણીસથી ગુણતાં ૭૬ કળા થાય. તેની સાથે મૂળની ૨ કળા ભેગી કરતાં ૭૮ કળા થાય. તેને ૭ થી ભાગતાં ૧૧ કળા આવે. તેમાં વળી ૧ કળા વધી તેના ૭ ભાગ કરીએ ત્યારે ૧ ભાગ આવે એટલું કુલગિરિ, યમકપર્વત, પાંચદ્રહ તથા મેરૂનું અંતર જાણવું.

એ દેવકુરૂના પશ્ચિમાર્ધના મધ્યભાગમાં રૂપાની પીઠ ઉપર કૂટ શાલ્મલીવૃક્ષ છે. તેના ઉપર ગરૂડ દેવતાનો વાસ છે. તેનું વર્ણન જંબૂવૃક્ષની જેમ સર્વ કહેવું પરંતુ એના ૧૨ નામ ન કહેવા. અહીં દેવકુરૂનામનો દેવ વસે છે. તેથી તેનું દેવકુરૂ એવું શાશ્વતું નામ છે.

## જંબૂદ્વીપના મધ્યમાં રહેલા [1]મેરૂપર્વતનું વર્ણન

ઉત્તર કુરૂ ક્ષેત્રથી દક્ષિણે, દક્ષિણ કુરૂ ક્ષેત્રથી ઉત્તરમાં, પૂર્વવિદેહની પશ્ચિમમાં અને

૧ જંબૂદ્દીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૪




પશ્ચિમવિદેહની પૂર્વમાં જંબૂદ્વીપ મધ્યે મેરૂ નામનો પર્વત છે. તે મેરૂપર્વત કનકમય વર્તુળ—ગોળાકારે છે. નવ્વાણુ હજાર યોજન ઊંચો અને એક હજાર યોજન નીચે ધરતીમાં ઊંડો છે. કુલ મળી એક લાખ યોજન ઊંચો છે. મૂળ ધરતીમાં ૧૦૦૯૦ યોજન ઉપર ૨ ૧૧

---

૧ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૪ ૨ મેરૂપર્વતના ૧૧મા ભાગમાં ઊંચા જઇએ ત્યારે પહોળાઇ માં એક ભાગ ઓછો થાય છે. આ રીતે ૧૧ યોજન ઊંચે જઇએ ત્યાં એક યોજન પહોળાઈમાં ઓછો થાય છે. આ રીતે દશ હજાર યોજનની જમીન ઉપર પહોળાઈ હતી. ત્યાંથી ૯૯૦૦૦ હજાર યોજન ઊંચે જતાં ત્યાં સિદ્ધાયતનના સ્થાને એક હજાર યોજનનો પહોળો રહેલ છે.

—જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. પાનુ. ૩૯૨. પૂ. શ્રી. અમોલખઋષિજી મહારાજ.

ભાગમાંના ૧૦ ભાગ જેટલો પહોળો છે. ધરતીના તળ ઉપર દશ હજાર યોજન પહોળો છે. પછી ઊંચે જતાં એટલે એક યોજન ઊંચે જતાં એક યોજનનો ૧૧મો ભાગ, ૧૧ યોજને એક યોજન, સો યોજને નવયોજન અને ઉપર ૧૧ માંનો એક ભાગ, હજાર યોજને નેવું યોજન અને ૧૧માંના ૧૦ ભાગ ઉપર એ રીતે પહોળાઈમાં ઘટતાં ઘટતાં ઉપર શિખર તળે એક હજાર યોજન પહોળો રહે છે.




જુદાજુદા રત્નમય મેરૂપર્વત

એની પરિધિ મૂળમાં ૩૧૯૧૦ યોજન ઉપર ૧૧માંના ૩ ભાગ તથા ધરતી તળે સમભૂમિ પાસે ૩૧૬૨૩ યોજન અને ઉપર શિખરતળે ૩૧૬૨ યોજનથી કંઈક અધિક છે. એ પર્વત ઊંધા કરેલા ગોપુચ્છને સંસ્થાને સંસ્થિત છે, સર્વ રત્નમય છે. એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચારે બાજુ વીંટળાયલ છે. એના ત્રણ કાંડ છે, તેમાં પ્રથમ ધરતીમાં હજાર યોજનનો કાંડ તે માટી, પાષાણ, વજ્રરત્ન તથા કાંકરા-આ ચાર પદાર્થનો છે. પૃથ્વીથી સોમનસ નામના વન સુધી બીજો કાંડ ૬૩ હજાર યોજન પ્રમાણ છે. તે સ્ફટિકરત્ન, અંકરત્ન, રૂપા તથા કાંચનનો છે. ત્યાંથી ઉપર ૩૬ હજાર યોજનનો ત્રીજો કાંડ તે રક્તવર્ણા કનકનો છે. એમ મેરૂપર્ણતના ત્રણ ભાગ કહ્યા.

એ મેરૂ પર્વત ઉપર [1] ચાર વન છે. તેના નામ–(૧) ભદ્રશાલવન, (૨) નંદનવન, (૩) સોમનસવન અને (૪) પંડકવન. તેમાં પ્રથમ સમ પૃથ્વી ઉપર ભદ્રશાલવન છે. તેના ચાર ગજદંત ગિરિ તથા શીતા અને શીતોદા મહાનદીથી આઠ ભાગમાં વહેંચાયેલું હોવાથી આઠ ખંડ થયા છે. તે ભદ્રશાલવન મેરૂ પર્વતની પૂર્વ-પશ્ચિમ દિશામાં ૨૨-૨૨ હજાર યોજન લાંબું છે અને ઉત્તર-દક્ષિણ દિશામાં ૨૫૦-૨૫૦ યોજન પહોળું છે. દેવકુરૂ અને ઉત્તર કુરૂમાં પેસેલું છે. તે વન પદ્મવર વેદિકા અને વનખંડથી ચોતરફ વીંટળાયેલું છે.

વળી, મેરૂ પર્વતની પૂર્વાદિ ચારે દિશામાં ભદ્રશાલવનમાં ૫૦-૫૦ યોજન જતાં પ્રત્યેક દિશામાં સિદ્ધાયતન છે. તે ૫૦ યોજન લાંબું, ૨૫ યોજન પહોળું અને ૩૬ યોજન ઊંચું છે. એમ ચારે દિશામાં મળી ચાર સિદ્ધાયતન છે. ચાર વિદિશામાં ૫૦ યોજન અવગાહીને જઈએ ત્યાં પ્રત્યેક વિદિશામાં ચાર-ચાર નંદા પુષ્કરિણીઓ–વાવ છે. તેમાં પ્રથમ ઈશાન ખૂણાની ચાર વાવના નામઃ—(૧) પદ્મા, (૨) પદ્મપ્રભા, (૩) કુમુદા, (૪) કુમુદપ્રભા. તે પુષ્કરણીઓ

૧ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ. ૪.

૫૦ યોજન લાંબી, ૨૫ યોજન પહોળી અને ૧૦ યોજન ઊંડી છે. વેદિકા અને વનખંડ સહિત છે. તે ચારે પુષ્કરિણીઓની વચ્ચે ઈશાનેન્દ્રનો પ્રાસાદાવતંસક છે. તે ૫૦૦ યોજન ઊંચો અને ૨૫૦ યોજન પહોળો છે. અગ્નિકોણમાં ઉત્પલગુલ્મા, નલિના, ઉત્પલા અને ઉત્પલોજ્જવલા એ ચાર વાવ પૂર્વ પ્રમાણવાળી છે. તેની વચ્ચે શકેંદ્રનો પરિવાર સહિત પ્રાસાદાવતંસક જાણવો. નૈઋર્ત્યકોણમાં ભૃંગા, ભૃંગનિભા, અંજના અને અંજનપ્રભા એ ચાર વાવ વચ્ચે પણ શકેન્દ્રનો પરિવાર સહિત પ્રાસાદાવતંસક જાણવો. વાયવ્ય કોણમાં શ્રીકાંતા, શ્રીચંદ્રા, શ્રીમહિતા અને શ્રીનિલયા એ ચાર પુષ્કરણીઓ વચ્ચે ઈશાનેન્દ્રનો પ્રાસાદવતંસક જાણવો.



ભદ્રશાલ વન (૪ ગજદંતગિરિ તથા શીતા અને શીતોદાનદી સહિત)

એ ભદ્રશાલ વનમાં પૂર્વોક્ત જે જિનભવન અને પ્રાસાદ કહ્યા તેના આઠ આંતરામાં આઠ હસ્તી કૂટ-હાથીના આકારવાળા કૂટ છે. તે પ્રત્યેક કૂટ ૫૦૦ યોજન ઊંચા છે અને ૧૨૫ યોજન ધરતીમાં છે. તે આઠે કૂટના નામે આઠે કૂટના દેવતા પ્રમુખની રાજધાની વગેરે સર્વ વિગત કહેવી. તે આઠ કૂટના નામ:— (૧) પદ્મોત્તર હતીકૂટ, (૨) નીલવંત હસ્તી કૂટ, (૩) સુહસ્તી કૂટ, (૪) અંજન ગિરિ હસ્તી કૂટ, (૫) કુમુદ હસ્તી કૂટ, (૬) પલાસ હસ્તી કૂટ, (૭) અવતંસ હસ્તી કૂટ, (૮) રોચન ગિરિ હસ્તી કૂટ. એ આઠ દિગ્ગજ કૂટ કહ્યા. એ ભદ્રશાલવનમાં મેરૂની ચારે દિશા શીતોદા અને શીતાના પ્રવાહે રોકી છે. તેથી પૂર્વોક્ત જિનભવન નદીના તટ ઉપર છે અને પ્રાસાદ ગજદંતગિરિની પાસે છે. જિનભવન તથા પ્રાસાદકની વચ્ચે એ આઠ હસ્તીકૂટ છે.

તે ભદ્રશાલ વનથી ૫૦૦ યોજન ઊંચે જઈએ ત્યાં બીજું નંદનવન આવે છે. તે ૫૦૦ યોજન ચક્રવાલપણે ફરતું પહોળાઈમાં છે અને વલયાકારે મેરૂપર્વતને ચારે બાજુ ફરતું વીંટળાઈને રહેલું છે. ૯૯૫૪ યોજન ઉપરાંત અગિયારીયા છ ભાગ જેટલી નંદનવનથી બહાર મેરૂપર્વતની પહોળાઈ છે તથા ૩૧૪૭૯ યોજનથી થોડી વધારે પરિધિ છે. નંદનવનમાં મેરૂપર્વતની પહોળાઈ ૮૯૫૪ યોજન ઉપરાંત અગિયારીયા છ ભાગ જેટલી છે. નંદનવનની અંદર મેરૂની પરિધિ ૨૮૩૧૬ યોજન ઉપરાંત આઠ ભાગ જેટલી છે તે નંદનવન પદ્મવરવેદિકા અને

વનખંડથી વીંટળાયેલ છે. એની ચારે દિશાએ પણ ભદ્રશાલવનની જેમ ચાર સિદ્ધાયતન જાણવા અને ચાર વિદિશામાં ૧૬ પુષ્કરણીઓ જાણવી. તેના નામ :- ઈશાન ખૂણામાં નંદા, નંદા, નંદોત્તરા, સુનંદા અને સુદર્શના, નૈઋ઼ત્યકોણમાં ભદ્રા, વિશાલા, કુમુદા અને પુંડરીકીણી તથા વાયવ્ય કોણમાં વિજ્યા, વૈજ્યંતી, જયંતી અને અપરાજિતા અહીં ચાર-ચાર વાવની વચ્ચે ભદ્રશાલ વનની જેમજ શક્રેન્દ્ર તથા ઈશાનેન્દ્રના પ્રાસાદાવતંસક જાણવા.



નંદન વન

નંદનવનમાં જિનભવન અને પ્રાસાદના આઠ આંતરામાં દિક્કુમારીકાના આઠ કૂટ છે તે કહે છે:– (૧) નંદનવન કૂટ, (૨) મેરૂકૂટ, (૩) નિષધકૂટ, (૪) હિમવંત કૂટ, (૫) રજતકૂટ, (૬) રૂચકકૂટ, (૭) સાગર ચિત્રકૂટ, (૮) વજ્રકૂટ, તેઓમાં દિક્કુમારિકાઓ વસે છે. તે સમ તલભૂમિથી એક હજાર યોજન ઊંચે છે કારણ કે ૫૦૦ યોજન નંદનવન. તેના ઉપર ૫૦૦ યોજન ઊંચા કૂટ એ રીતે ૧૦૦૦ યોજન ઉપર ભવનમાં વસે છે. તેથી તેને ઉર્ધ્વલોકવાસિની કહેલ છે. તેના નામાકહે છે:— મેઘંકરી, મેઘાવતી, સુમેઘા, હેમમાલિની, સુવત્સા, વત્સમિત્રા, વજ્રસેના અને બલાહિકા એ આઠ કુમારીકાઓ જાણવી.

નવમો બલકૂટ છે. તે હજાર યોજન ઊંચો છે. તેથી તેને સહસ્ત્રાંક કૂટમાં ગણેલ છે. તે કૂટ ઈશાનદિશાના પ્રાસાદથી પણ ઇશાનખૂણામાં નંદનવનને છેડે છે અને તે માલ્યવંત ગજદંતાના હરિસ્સહ કૂટ પ્રમાણે છે. અહીં ૫૦૦ યોજનનું પહોળું નંદનવન અને ૫૦૦ યોજનનાં કૂટ મેરૂથી ૫૦ યોજન દૂર છે. તેથી ૪૫૦ યોજન નંદનવન ઉપર છે અને ૫૦ યોજન અદ્ધર રહયા છે. નવમું બલકૂટ તો નંદનવન ઉપર થોડું રહ્યું છે અને આકાશમાં અદ્ધર ઘણું રહેલું છે. એ બલકૂટ ઉપર બલનામના દેવતાની રાજધાની કહેલ છે.

હવે નંદનવનથી દશ હજાર યોજન ઊંચા જઈએ ત્યારે ત્રીજું સોવનસ છે. તે ૫૦૦ યોજન ચક્રવાલપણે પહોળું મેરૂની ચારેબાજુ વલયાકારે વીંટાઈને રહેલું છે. ૪૨૭૨ યોજન ઊપર અગિયારીઆ આઠ ભાગ જેટલો મેરૂપર્વત બહાર પહોળો છે તથા ૧૩૫૧૧ યોજન ઊપર અગિયારીઆ છ ભાગ જેટલો પરિધિપણે બહાર છે. ૩૨૭૨ યોજન ઊપર અગિયારીઆ આઠ લાગ જેટલો સોમવસવનની અંદરની તરફ મેરૂ પહોળી છે. ૧૦૩૪૯

યોજન ઉપર અગિયારીઆ ત્રણ ભાગ જેટલો અંદર પરિધિપણે છે. એ સોમનસવન એક પદ્મવરવેદિકા અને વનખંડથી ચારેબાજુ વીંટળાયેલછે. અહીં કૂટ નથી, માટે કૂટ છોડીને શેષ સિદ્ધાયતન તથા પુષ્કરિણી અને પ્રાસાદાવમંસક એ સર્વની વકતવ્યતા નંદનવનની જેમજ કહેવી. અહીંની ૧૬ પુષ્કરિણીઓના નામ [1]ઈશાન ખૂનામાં સુમન, સોમનસા સોમનસ્યા અને મનોરમા એ ચાર છે. અગ્નિકોણમાં ઊત્તરકુરા, દેવકુરા, વારીષેણા અને સરસ્વતી એ ચાર છે. નૈઋત્યકોણમાં વિશાલા, માઘભદ્રા, અભયસેના અને રોહિણી તથા વાયવ્યકોણમાં ભદ્રોત્તરા, ભદ્રા-સુભદ્રા અને ભદ્રાવતી.



**સોમનસવન**

સોમનસ વનથી ૩૬ હજાર યોજન ઊંચા જઈએ ત્યાં મેરૂ-પર્વતના શિખરતળ ઉપર પંડક નામનું વન છે તે ૪૯૪ યોજન ચક્રવાલપણે વલયાકારે મેરૂની ચૂલિકાની ચારે બાજુ વીંટળાઈ ને રહેલું છે. તેની ૩૧૬૨ યોજનથી અધિક મેરૂની બહારની પરિધિ છે.

પંડકવનની વચ્ચે મેરૂપર્વતની ચૂલિકા-ચોટલીરૂપે છે. તે ૪૦ યોજન ઊંચીછે. તે મૂળમાં ૧૨ યોજન પહોળી છે, વચ્ચે ૮ યોજન પહોળી છે. તે મૂળમાં ૩૭ યોજનથી કંઈક અધિક અને ઉપર ૧૨ યોજનથી કંઈક અધિક પરિધિ પણે છે. એક યોજન મૂળથી ઊંચે જઇએ ત્યારે પહોળાઈમાં યોજનનો પાંચમો ભાગ ઘટે, એટલે કે પાંચ યોજને એક યોજન ઘટે. તે ગાયના પૂંછડાના સંસ્થાને સંસ્થિત છે. સર્વ વૈદૂર્યમય વાદળી રંગે છે. તે ચૂલિકા એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચારે બાજુ વીંટળાયેલ છે. તેની ઉપર મધ્યભાગમાં એક સિદ્ધાયતન છે. તે એક ગાઉ લાંબું, અડધો ગાઉ પહોળું અને ૧૪૪૦ ધનુષ્ય ઊંચું છે.

તે પંડકવનની પૂર્વાદિ ચાર દિશાઓમાં ચાર સિદ્ધાયતન તથા ચાર વિદિશાની ૧૬ પુષ્કરિણીઓ તથા ચાર પ્રાસાદાવતંસકનું વર્ણન પૂર્વના વનની જેમ શક્રેન્દ્ર તથા ઈશાનેન્દ્રના

---

૧ આ ૧૬ નામો મૂળપાઠમાં મળતાનથી પણ અર્થરૂપે પૂ. શ્રી અમોલખઋષિજી મ. ના જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં પાના નં. ૪૦૬ ઉપર આપેલ છે.

પ્રાસાદ સુધી જાણવું. અહીંની ૧૬ પુષ્કરિણીઓના નામ કહે છેઃ— [2] ઈશાનખૂણામાં પુંડ્રા પુંડ્રપ્રભા, સુરક્તા અને રક્તાવતી છે તથા અગ્નિકોણમાં ક્ષીરરસા, ઈક્ષુરસા, અમૃતરસા અને વારૂણીરસા તેમજ નૈઋત્યકોણમાં શંખોત્તરા, શંખા શંખાવર્ત્તા અને બલાહકા તથા વાયવ્ય કોણમાં પુષ્પોત્તરા, પુષ્પવતી સુપુષ્પા અને પુષ્પમાલિની એ ૧૬ વાવના નામ છે.




પંડકવન




અભિષેક શિલા

હવે પંડકવનમાં શ્રી તીર્થંકરનો જન્માભિષેક કરવાની કેટલી શિલા છે? તે કહે છેઃ— પૂર્વદિશાને છેડે પાંડુશિલા છે. તે ઉત્તર-દક્ષિણ લાંબી ૫૦૦ યોજન અને પૂર્વ-પશ્ચિમમાં પહોળી ૨૫૦ યોજન છે. ચાર યોજન જાડી છે. સર્વે અર્જુન સુવર્ણમય છે, અર્ધ ચંદ્રાકારે છે. શિલાની વક્રતા ચૂલિકા સામે છે. વેદિકા અને વનખંડથી ચારે બાજુ વીંટળાયેલી છે. તેની ચારે દિશામાં ચાર સોપાન પગથિયા છે યાવત્ તોરણપર્યંત તથા દેવતા બેસે છે વગેરે વર્ણન જાણવું. તેમાં મધ્યભાગમાં એક ઉત્તરદિશામાં અને બીજું દક્ષિણ દિશામાં એમ બે અભિષેક સિંહાસનો છે. તે શિલાની લંબાઈ, પહોળાઈ તથા ઊંચાઈથી ૮૦૦૦ મે ભાગે છે, એટલે કે ૫૦૦ ધનુષ્યની લંબાઈ, ૨૫૦ ધનુષ્યની પહોળાઈ અને ચાર ધનુષ્યની ઊંચાઈ છે. ત્યાં ઉત્તર દિશાના સિંહાસન ઉપર તે દિશા તરફના કચ્છાદિક આઠ વિજયના તીર્થંકરનો જન્માભિષેક થાય તથા જે દક્ષિણ દિશાનું સિંહાસન છે તેની ઉપર તે દિશાના વચ્છાદિ આઠ વિજયના તીર્થંકરનો જન્માભિષેક થાય.

---

૨ આ ૧૬ ના નામ 'લોકપ્રકાશ' સર્ગ. ૧૮ ની ૨૦૩-૨૦૪-૨૦૫ મી ગાથામાં વર્ણવેલા છે.

દક્ષિણ દિશાને છેડે પાંડુકંબલ નામની શિલા છે તે પણ અર્જુન સુવર્ણમય છે. તે શિલા પાંડુ શિલા પ્રમાણે લાંબી અને પહોળી છે. તેના ઉપર એકજ સિંહાસન છે. ત્યાં દક્ષિણ દિશા તરફના ભરત ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા તીર્થંકરનો જન્માભિષેક થાય છે કેમકે ભરત ક્ષેત્રમાં એક સમયે એકજ તીર્થંકર ઉપજે છે માટે એકજ સિંહાસન છે.

પશ્ચિમ દિશાને છેડે રકતશિલા નામની શિલા છે. તે અર્જુન સુવર્ણમય છે. એની લંબાઈ પહોળાઈ પૂર્વની જેમ જાણવી. તેના ઉપર બે સિંહાસન છે. ત્યાં પશ્ચિમ મહાવિદેહમાં ઉત્પન્ન થયેલા તીર્થંકરોનો જન્માભિષેક થાય છે. દક્ષિણ દિશાના સિંહાસન ઉપર પદ્માદિક આઠ વિજયના તીર્થંકરોનો જન્માભિષેક થાય અને ઉત્તર દિશાના સિંહાસન ઉપર વપ્રાદિક આઠ વિજયના તીર્થંકરોનો જન્માભિષેક થાય.

ચૂલીકાની ઊત્તરદિશામાં પંડકવનના ઊત્તરદિશાને છેડે રકતકંબલ નામની શિલા છે. તે પણ અર્જુન સુવર્ણમય છે. તેનું વર્ણન પૂર્વની જેમ જાણવું. તેના મધ્યભાગમાં એક સિંહાસન છે. ત્યાં તે દિશામાં આવેલા ઐરવત ક્ષેત્રના તીર્થંકરનો જન્માભિષેક થાય છે, કારણકે ઐરવતમાં પણ એક સમયે એકજ તીર્થંકરનો જન્મ થાય છે તેથી એકજ સિંહાસન ઉત્તર તરફની શિલા ઉપર છે અને મહાવિદેહની પૂર્વ-પશ્ચિમ બાજુ પ્રત્યેકમાં એક સમયે એકેક બાજુએ બબ્બે તીર્થંકરોનો જન્મ થાય છે. કુલ મળી ચાર તીર્થંકરો એક સમયે જન્મે છે તેથી પૂર્વ પશ્ચિમની શિલા ઉપર જન્માભિષેક કરવાના બબ્બે સિંહાસન છે. કુલમળી મેરૂની ચાર શિલા ઉપર છ સિંહાસન છે. મેરૂપર્વત ઉપર જેટલા સિદ્ધાયતનાદિ છે. તેની સંખ્યા નીચે પ્રમાણે છે :-

વન ભદ્રશાલ વગેરે ચાર છે. તે ચારેયમાં સિદ્ધાયતન ચાર-ચાર છે તેમજ પ્રાસાદાવતંસક પણ ચાર-ચાર છે અને ૧૬-૧૬- પુષ્કરણી વાવો છે. ભદ્રશાલ વનમાં આઠ દિશા હસ્તિકૂટો છે. નંદનવનમાં નવ કૂટો છે. સોમનસ વનમાં ચૂલિકા છે. તે ચૂલિકા ઉપર એક સિદ્ધાયતન છે. ચોથા પંડકવનમાં ચાર અભિષેક શિલા છે.

આ મેરૂપર્વતના ૧૬ નામો છે. (૧) મંદર નામનો અધિપતિ દેવતા હોવાથી મંદર નામ કહેવાય છે. (૨) મેરૂ. (૩) મનને રમણ કરાવે-ગમે તેથી મનોરમ કહેવાય છે. (૪) આ પર્વતનું દર્શન સુંદર છે તેથી સુદર્શન કહેવાય છે. (૫) તે પોતાની જાતે જ પ્રકાશે છે તેથી સ્વયંપ્રભ નામ છે. (૬) બધા પર્વતોમાં સૌથી વધારે ઊંચો આ પર્વત છે તેથી ગિરિરાજ નામ છે. (૭) ઘણા ઊંચી જાતના રત્નો છે તેથી રત્નોચ્ચય કહેવાય છે. (૮) પાંડુશિલા વગેરે શિલાઓ હોવાથી શિલોચ્ચય નામ પડે છે. (૯) ચારે દિશાઓના મધ્યભાગમાં હોવાથી લોકમધ્ય નામ છે. (૧૦) શરીરના મધ્યભાગમાં જેમ નાભિ હોય છે તેમ લોકની મધ્યમાં આ સ્થાન હોવાથી લોકનાભિ કહેવાય છે. (૧૧) આ પર્વત ઘણો નિર્મળ છે તેથી અચ્છ નામ છે. (૧૨) સૂર્ય-ચંદ્ર વગેરે આ પર્વતની આવર્ત (પ્રદક્ષિણા) કરતા હોવાથી સૂર્યાવર્ત કહેવાય છે. (૧૩) સૂર્ય-ચંદ્ર વગેરે તેની આજુબાજુ કરે છે તેથી સૂર્યાવરણ નામ પડેલ છે. (૧૪) બધા પર્વતોમાં ઉત્તમ હોવાથી ઉત્તમ કહેવાય છે. (૧૫) મેરૂ ઉપર રહેલા આઠ રૂચક પ્રદેશોમાંથી

દિશા-વિદિશા નીકળેલી હોવાથી દિશાદિ નામ છે. (૧૬) જેમ મુગટ શ્રેષ્ઠ ગણાય છે તેમ બધા પર્વતોમાં ઊંચો હોવાથી મુગટ સમાન છે અને તેથી તેને અવતંસક કહે છે. મંદર નામનો એક પલ્યોપમના આયુષ્યવાળો દેવ આ સ્થળે વસવાથી એનું મંદર એ શાશ્વતું નામ છે.

[૧] મેરૂ પર્વતની પૂર્વ અને પશ્ચિમ દિશામાં રહેલું ક્ષેત્ર મહાવિદેહ ક્ષેત્ર કહેવાય છે. તે મહાવિદેહ ક્ષેત્રના ચાર વિભાગ થાય છે.

(૧) મેરૂ પર્વતની પૂર્વદિશા તરફના ભાગને પૂર્વમહાવિદેહ ક્ષેત્ર કહેવામાં આવે છે.

(૨) મેરૂ પર્વતની દક્ષિણ દિશાના ક્ષેત્રને દેવકુરૂ (યુગલીયા) ક્ષેત્ર કહેવાય છે. આ ક્ષેત્ર વિદ્યુતપ્રભ અને સૌમનસ નામના બે ગજદંત પર્વતોની વચ્ચે આપેલ છે.

(૩) મેરૂ પર્વતની પશ્ચિમ દિશાના ભાગને પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્ર કહેવાય છે.

(૪) મેરૂ પર્વતની ઉત્તર દિશાના ક્ષેત્રને ઉત્તરકુરૂ (યુગલીયા) ક્ષેત્ર કહે છે. તે ક્ષેત્ર ગંધમાદન અને માલ્યવંત નામના બે ગજદંત પર્વતોની વચ્ચે આવેલ છે.

પૂર્વ મહાવિદેહ ક્ષેત્રની બરાબર વચ્ચે થઈને શીતા નદી વહે છે, તેથી એ ક્ષેત્રના બે વિભાગ થાય છે; એજ રીતે પશ્ચિમ મહાવિદેહના પણ બરાબર મધ્યભાગમાં થઈને શીતોદા નદી વહે છે, તેથી એ ક્ષેત્રના પણ બે વિભાગ થાય છે. પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં શીતા નદીના ઉત્તર કિનારે ચક્રવર્તી જીતે છે તેવા છ ખંડવાળા વિભાગ છે. તે વિભાગને વિજય કહેવાય છે. તે વિજયો આઠ છે. ત્રણ અંતર નદીઓ અને ચાર વક્ષસ્કાર પર્વતી હોવાથી સીમા-હદ **Border** સાત થાય છે અને તેથી વિજયો આઠ થાય છે. શીતા નદીના દક્ષિણ કિનારે પણ એજ રીતે આઠ-આઠ વિજયો છે. આ રીતે શીતા નદીના બન્ને કિનારા પરની આઠ-આઠ વિજયો હોવાથી પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં સોળ વિજયો છે. પૂર્વ મહાવિદહ ક્ષેત્રની જમીન હથેળી જેવી સપાટ છે, આથી ત્યાં રહેલી નદીઓ, પર્વતો અને વિજયો સમશ્રેણિએ રહેલ છે.

પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રની જમીન વિયોગિની સ્ત્રીની જેમ ક્ષીણ થતી જાય છે. સપાટ ભૂમિથી શરૂઆત થાય છે અને પશ્ચિમ તરફ જતાં જતાં નીચાણ તરફ જાય છે એટલે કે નલિનાવતી અને વપ્રા વિજયોના છેડાના ભાગમાં રહેલા કેટલાક ગામો તો હજાર યોજન જેટલા નીચાણમાં છે. તેથીજ એ ગામોને અધોલોક ગ્રામો કહેવાય છે. આ ગામોને છેડે જાણે કે સમુદ્રને રોકવા ભીંત હોય એવી જમીન છે. આ જગ્યાએ જ જયંત નામના દર-વાજાથી શોભતો જગતીનો કોટ રહેલ છે. અધોગ્રામના કૌતુક જોવા માટે જાણેકે એ ઊંચો ઊભો હોય એમ જણાય છે. શીતોદા નદી પણ અધોગમન કરતી કરતી એક હજાર યોજન નીચાણવાળા ભાગમાં જગતીના નીચેના ભાગને ભેદીને સમુદ્રને મળે છે. પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રની જમીન નીચી નીચી થતી જાય છે. કુવામાંથી કોસ ખેંચતા બળદને ઓળંગવી પડતી

---

૧ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ. ૪.

જમીનની જેમ અનુક્રમે નીચાણવાળી થાય છે. એથી ત્યાંની વિજયો, નદીઓ અને પર્વતો સપાટ ભૂમિ થી ક્રમે ક્રમે નીચા છે.

માલ્યવંત ગજદંત પર્વતની પૂર્વદિશામાં 'કચ્છ' નામની પહેલી વિજય છે. એની 'ક્ષેમા' નામની રાજધાની છે. આ વિજયના પૂર્વ દિશાના છેડે 'ચિત્રકૂટ' નામનો વક્ષસ્કાર પર્વત સીમારૂપે રહેલ છે. ત્યાર પછી બીજી 'સુકચ્છ' નામે વિજય છે. એ વિજયની 'ક્ષેમપુરા' નામે રાજધાનીની નગરી છે. આ વિજયની મર્યાદા રૂપ 'ગાહાવઈ' નામની મહાનદી છે. તેના પછી ત્રીજી 'મહાકચ્છ' નામની વિજય છે. આ વિજયની 'અરિષ્ટા' નામની રાજધાની છે. આ વિજયને અંતે સીમારૂપે 'બ્રહ્મકૂટ' નામનો વક્ષસ્કાર પર્વત છે. આ ત્રીજી વિજય પછી ચોથી 'કચ્છાવતી' નામની વિજય છે. તેની 'અરિષ્ટપુરા' નામની રાજધાની છે. આ વિજયની મર્યાદા કરનાર 'દ્રહાવતી' નામે મહાનદી છે. ત્યાર પછી પાંચમી 'આવર્ત' વિજય છે. 'ખડ્ગી' નામની રાજધાનીની તેની નગરી છે. આ વિજયને અંતે 'નલિન કૂટ' નામનો વર્ષધર પર્વત છે. પાંચમી વિજય પછી છઠ્ઠી 'મંગળાવર્ત' નામની વિજય છે. તે 'મંજૂષા' નામની રાજધાનીથી શોભે છે. એના સીમાડે 'વેગવતી' નામની મહાનદી છે. તેના પછી સાતમી 'પુષ્કરાવર્ત' નામે વિજય છે. આ વિજયની 'ઔષધિ' નામની રાજધાનીની નગરી છે. એની સીમારૂપ 'એકશૈલ' નામનો પર્વત છે. ત્યારબાદ આઠમી પુષ્કલાવતી નામની વિજય છે. 'પુંડરીકિણી' તેની રાજધાની છે. એના પછી વનમુખ આવે છે. (આ વિજયમાં વિચરતા વીસ તીર્થંકરોમાંના પહેલા શ્રી સીમંધરસ્વામી બિરાજે છે.) શીતા નદીના ઉત્તર કિનારે આ આઠ વિજયો રહેલ છે. એના છેડેના ભાગમાં સોહામણાં વન આવેલા છે. આ આઠે વિજયો ઉત્તર-દક્ષિણ લાંબી અને પૂર્વ-પશ્ચિમ પહોળી છે.

એની સામે શીતા નદીના દક્ષિણ કિનારા ઉપર વનમુખ છે. એની પશ્ચિમમાં વચ્છ નામની નવમી વિજય છે. (આ વિજય વિહરમાન વીસ તીર્થંકરોમાંના બીજા શ્રી બાહુ સ્વામી નામના તીર્થંકરથી પાવન બનેલ છે.) આ વિજયની 'સુસીમા' નામની રાજધાની રહેલી છે. આ વિજયની સીમારૂપે 'ત્રિકૂટ' નામનો વક્ષસ્કાર પર્વત છે. તેના પછી દશમી 'સુવચ્છ' નામની વિજય છે. તેની રાજધાનીનું નગર 'કુંડલા' છે. આ વિજયની મર્યાદારૂપે 'તપ્તજલા' નામની અંતર નદી છે. ત્યાર પછી અગિયારમી 'મહાકચ્છ' નામની વિજય છે. 'અપરાજિતા' નામનું તેનું રાજધાનીનું નગર છે. આ વિજયની મર્યાદારૂપ 'વૈશ્રમણ' નામે વક્ષસ્કાર પર્વત છે. આ અગિયારમી વિજય પછી બારમી 'વચ્છાવતી' નામની વિજય છે. તેની 'પ્રભંકરા' નામની રાજધાની છે. આ વિજયની 'મત્તા નામે નદી છે તે તેની સીમારૂપે છે. તેના પછી તેરમી 'રમ્ય' નામની વિજય છે. 'અંકાવતી' નામના રાજધાનીની નગરીથી તે દેદીપ્યમાન છે. એની સીમારૂપે 'અંજન' નામે વક્ષસ્કાર પર્વત આવેલ છે. ત્યાર બાદ 'રમ્યક' નામની ચૌદમી વિજય આવેલી છે. 'પદ્માવતી' નગરી તેની રાજધાની છે. આ વિજયની મર્યાદારૂપે 'ઉન્મત્તજલા' (ઉન્મગ્નજલા) નામની મહાનદી રહેલી છે. તેના પછી પંદરમી 'રમણિક' નામની વિજય છે. તેની 'શુભા' નામની રાજધાનીની નગરી છે. આ વિજયને છેવાડે 'માતંજન' નામનો વક્ષસ્કાર પર્વત છે. ત્યારપછી આ વિભાગની છેલ્લી એટલે કે સોળમી

'મંગળાવતી' નામની વિજય છે. તેની રાજધાનીની નગરી 'રત્નસંચયા છે. આ વિજયની સીમા સમાન 'સૌમનસ નામનો વક્ષસ્કાર પર્વત આવેલો છે.

એ સૌમનસ ગજદંત પર્વતની પશ્ચિમમાં દેવકુરૂ નામનું યુગલીયાનું ક્ષેત્ર છે. ત્યારપછી 'વિદ્યુત્પ્રભ' નામનો વક્ષસ્કાર પર્વત આવે છે. એની પશ્ચિમમાં 'પદ્મ' નામની સત્તરમી વિજય રહેલી છે. આ વિજયની રાજધાની 'અશ્વપુરા' નયરી છે. આ વિજયની સીમારૂપે 'અંકાપાતી' નામનો વક્ષસ્કાર પર્વત આવેલો છે. તેના પછી અઢારમી 'સુપદ્મ' નામની વિજય છે. તેની 'સિંહપુરા' નામની રાજધાની છે. આ વિજયને છેવાડે 'ક્ષીરોદા' નામની મહાનદી છે. એ 'ક્ષીરોદા' નદી પૂરી થતાં 'મહાપદ્મ' નામે વિજય ઓગણીસમી આવેલ છે. 'મહાપુરા' નામની રાજધાનીની તેની નગરી છે. આ વિજયની મર્યાદારૂપે 'પદ્માપાતી' નામનો વક્ષસ્કાર પર્વત છે. ત્યારે પછી વીસમી 'પદ્માવતી' નામની વિજય છે, તેની 'વિજયાપુરા' નામની રાજધાનીની નગરી છે. આ વિજયની સીમા રૂપે 'શીતસ્ત્રોતા' નામની મહાનદી છે. આ નદીથી આગળ વધતાં 'શંખ' નામની એકવીશમી વિજય આવેલ છે. તે 'અપરાજિતા' નામની રાજધાનીની નગરીથી શોભે છે. આ વિજયની સરહદ રૂપે 'આશીવિષ' નામનો વક્ષસ્કાર પર્વત આવેલો છે. ત્યારપછી 'કુમુદ' નામની બાવીશમી વિજય છે. તેની 'અરજા' નામની રાજધાની છે. તે વિજયથી આગળ વધતા અટકાવનાર 'અંતોવાહિની' નામની મહાનદી છે. તેના પછી તેવીસમી 'નલિન' નામે વિજય છે અને તેની રાજધાની રૂપે 'અશોકા' નામની નગરી છે. 'સુખાવહ' નામનો વક્ષસ્કાર પર્વત આ વિજયને છેડે આવેલો છે. આ પર્વતને લીધે તેવીસ અને ચોવીશમી વિજય જુદી પડે છે ત્યારપછી આ વિભાગની છેલ્લી તેમજ ચોવીસમી 'સલિલાવતી' નામની વિજય છે. તેની રાજધાનીની નગરી 'વીતશોકા' છે. અધોગ્રામ વિજય તરીકે પણ આ વિજયની ગણતરી થાય છે. (અહીં વર્તમાનમાં વિચરતા તીર્થંકરો પૈકી ત્રીજા તીર્થંકર શ્રી સુબાહુ સ્વામી વિચરે છે.)

ત્યારપછી 'શીતોદા' નદીના દક્ષિણ કિનારા ઉપર વનમુખ આવે છે અને તેની સામે એના ઉત્તર કિનારા ઉપર પણ વનમુખ છે. એ વનની પૂર્વદિશામાં પચ્ચીસમી 'વપ્ર' વિજય છે. તેની 'વિજયા' નામની રાજધાની છે. આ વિજયની પૂર્વદિશામાં મર્યાદા કરનાર 'ચંદ્ર' નામનો વક્ષસ્કાર પર્વત છે. (આ વિજયમાં વર્તમાનના ચોથા તીર્થંકર 'શ્રીયુગમંધર સ્વામી' ભવ્યજીવોને બોધ દેતા વિચરે છે.) એ પર્વત પછી છવ્વીશમી 'સુવપ્ર' નામની વિજય છે. 'વૈજયંતી' નગરી તેની રાજધાની છે. આ વિજયની સીમારૂપ 'ઉર્મિમાલિની' નામની નદી છે. ત્યારપછી સત્તાવીશમી 'મહાવપ્ર' નામની વિજય છે. તેની રાજધાની 'જયંતી' નગરી છે. આ વિજયના અંતભાગમાં 'સૂર્ય' નામનો વક્ષસ્કાર પર્વત આવેલો છે. તેના પછી 'વપ્રાવતી' નામની અઠ્ઠાવીશમી વિજય રહેલી છે. 'અપરાજિતા' નામની રાજધાનીરૂપ તેની નગરી છે. આ વિજયને છેવાડે 'ફેનમાલિની' નામની નદી છે. ત્યારબાદ ઓગણત્રીસમી 'વલ્ગુ' નામની વિજય છે. રાજધાની રૂપ તેની 'ચક્રપુરા' નગરી છે. આ વિજયને અંતે 'નાગ' નામે વક્ષસ્કાર પર્વત છે. ત્યાર પછી 'સુવલ્ગુ' નામની ત્રીશમી વિજય છે. આ વિજયની 'ખડ્ગપુરા' નામની રાજધાની છે. 'ગંભીરમાલિની' નામની નદીથી આ વિજયની હદ આવી જાય છે. એ નદી પુરી થતા એકત્રીશમી 'ગંધિલા' નામની વિજય આવેલી છે. અવધ્યા અથવા

'અવિબ્ભા' નામે તેની રાજધાનીની નગરી છે. 'દેવ' નામનો વક્ષસ્કાર પર્વત આ વિજયની સરહદરૂપે રહેલો છે. ત્યારબાદ છેલ્લી બત્રીશમી 'ગંધિલાવતી' નામે વિજય આવેલી છે. 'અયોધ્યા' નામે તેની રાજધાની છે. તેને છેડે 'ગંધમાદન' નામનો ગજદંત પર્વત રહેલો છે અને તેના પછી ઉત્તરકુરૂ નામનું યુગલીયાનું ક્ષેત્ર આવે છે.

એ બત્રીશે વિજયોનો ૨૩૧૩ યોજનમાં કંઈક ઓછો વિષ્કંભ છે. એટલે કે ૨૨૧૨ યોજન અને એક યોજનના આઠ ભાગ કરીએ તેવા સાત ભાગ અધિક એટલી દરેક વિજયની પહોળાઈ છે. સોળ વક્ષસ્કાર પર્વતો છે. તે દરેક ૫૦૦–૫૦૦ યોજનના પહોળા છે. આ પર્વતો ગજદંત ગિરિ જેવા છે. કુલગિરિ પાસે આ પર્વતો ૪૦૦ યોજનના ઊંચા છે અને શીતોદા અને શીતા નદી પાસે ૫૦૦ યોજનના ઊંચા છે.

સોળ વક્ષસ્કાર પર્વતો છે, તે જ રીતે આ બત્રીશ વિજયોમાં ૧૨ અંતર નદીઓ છે. નિષધ અને નીલવંત પર્વત નીચે ૭–૭ કુંડો છે. તેમાંથી આ નદીઓ નીકળે છે. જે કુંડમાંથી જે નદી નીકળે છે તે કુંડના નામથી જ તે નદી ઓળખાય છે. આ બધી અંતર નદીઓ પદ્મવર વેદિકા અને વનખંડથી વીંટળાયેલી છે. નદીની દેવીના દ્વીપ વગેરેનું બધું વર્ણન રોહિતાંશા નદી પ્રમાણે છે. આ દરેક અંતર નદીઓ ૧૨૫–૧૨૫ યોજન પહોળી છે.

ચોપન હજાર યોજનની ભૂમિમાં મેરૂ પર્વત તથા ભદ્રશાલ વન છે. ચાર હજાર યોજન ભૂમિ વક્ષસ્કાર પર્વતે રોકેલ છે. અંતર નદીઓએ ૭૫૦ યોજન ભૂમિ રોકેલ છે. બે વનમુખ અઠ્ઠાવન સો ચુમ્વાળીસ યોજન ભૂમિમાં છે. બધા મળીને ૬૪૫૯૪ યોજન છે. એક લાખ યોજનનો જંબૂદ્વીપ છે. તેમાંથી આ ૬૪૫૯૪ યોજન બાદ કરતાં ૩૫૪૦૬ યોજન બત્રીશ વિજયોએ રોકેલ છે. વિજયો સોળ હોવાથી સોળથી તે સંખ્યાને ભાગતાં ૨૨૧૨ યોજન અને ઉપર ૧૪ યોજન બાકી રહે છે. દરેક યોજનના ૮ ભાગ કરતાં ૧૧૨ ભાગ થાય છે. તેને સોળથી ભાગતાં આઠીઆ સાત ભાગ થાય છે. તેથી એક વિજયની પહોળાઈ ૨૨૧૨ યોજન અને એક યોજનના આઠ ભાગ કરીએ તેવા સાત ભાગની છે.

આ વિજયોની લંબાઈ ૧૬૫૯૨ યોજન અને બે કળા છે. બધી અંતરનદીઓ તેમજ વક્ષસ્કાર પર્વતની લંબાઈ પણ વિજયની લંબાઈ જેટલી છે.

એ બધી વિજયોની પૂર્વ-પશ્ચિમ બાજુ લાંબા પડેલા વૈતાઢ્ય પર્વતોએ બે વિભાગમાં વહેંચેલ છે. આ વૈતાઢ્ય પર્વતોનું વર્ણન ભરત ક્ષેત્રના વૈતાઢ્ય પર્વત જેવું છે. તેમની લંબાઇ પણ વિજયોની પહોળાઈ જેટલી છે. આ વિજયો સપાટ જમીન ઉપર હોવાથી એમને શર કે બાહા વગેરે હોતા નથી.

શીતા નદીના દક્ષિણ કિનારે જે આઠ વિજયો છે, તેમાં નિષધ પર્વતની ઉત્તર તરફ એકેક વૃષભાચળ પર્વત છે. એની બન્ને બાજુએ બબ્બે કુંડ છે. પશ્ચિમ તરફ રકતવતી કુંડ અને પૂર્વ તરફ રકતાકુંડ છે. એ બન્ને કુંડમાંથી ઉત્તર તરફ રકતા અને રકતવતી નદી છે.

આ નદીઓ વૈતાઢ્ય પર્વતને ભેદીને શીતા નદીમાં મળે છે. એજ રીતે 'શીતોદા' નદીના દક્ષિણ કિનારે જે આઠ વિજયો છે. તેમાં આવેલા નિષધ પર્વતની ઉત્તર મેખલા ઉપર પણ વૃષભાચળ પર્વત છે. તેમાંથી નીકળતા ગંગા—સિંધુ કુંડ અને નદીઓ છે. તે ઉત્તર તરફ વહેતી વહેતી પહેલાની જેમ વૈતાઢ્યને ભેદીને શીતા નદીને મળે છે. એ રીતે શીતોદા નદીના ઉત્તર કિનારે નીલવંત પર્વતની દક્ષિણ મેખલા ઉપર પણ વૃષભાચળ પર્વત છે. એ પર્વતની પૂર્વે, પહેલાની જેમ રકતા અને રકતીવતીકુંડ તથા એ નામની બે નદીઓ છે. તે નદીઓ નીકળીને દક્ષિણ તરફ વહીને વૈતાઢય પર્વતને ભેદી સીધી દક્ષિણ તરફ 'શીતોદા નદીને મળે છે. આ બન્ને નદીઓનું વર્ણન ગંગા-સિંધુ નદીઓ જેવું જ છે.

(શીતા નદીની ઉત્તરમાં અને શીતોદાની દક્ષિણમાં જે વિજયો છે તેમાં ગંગા-સિંધુ નદીઓ છે અને શીતાની દક્ષિણમાં અને શીતોદાની ઉત્તરમાં જે વિજયો છે તેમાં રકતા અને રકતવતી નદીઓ છે.— શ્રી મલયગિરિજી આચાર્ય)

દરેક વિજયમાં વિજયના નામનો ચક્રવર્તી થાય તેમજ વિજયના નામનો પલ્યોપમના આયુષ્યવાળો દેવ હોય છે.

## વિજયની નદીનું વર્ણન

નિષધ તથા નીલવંતની સમીપે જે કુંડ છે તેમાંથી નીકળેલી ગંગા અને સિંધુ નામની જે નદીઓ છે તે કચ્છાદિક આઠ વિજય તથા પદ્માદિક આઠ વિજય મળી ૧૬ વિજયમાં બબ્બે નદીઓ જાણવી. શેષ બીજા જે વચ્છાદિક આઠ વિજય તથા વપ્રાદિક આઠ વિજય એ ૧૬ વિજયમાં બબ્બે નદીઓ જાણવી. શેષ બીજા જે વચ્છાદિક આઠ વિજય તથા વપ્રાદિક આઠ વિજય એ ૧૬ વિજયમાં રકતા અને રકતવતી નામની બબ્બે નદીઓ છે તે સર્વ નદીઓ વૈતાઢ્યને ભેદીને શીતોદા તથા શીતામાં પ્રવેશ કરે છે. એ કચ્છાદિક વિજયથી દક્ષિણાવર્તમાં જાણવું.

હવે મહાવિદેહ ક્ષેત્રમાં પૂર્વ તથા પશ્ચિમ દિશામાં શીતોદા તથા શીતાનદી જગતીને ભેદીને જ્યાં સમુદ્રમાં ભળે છે ત્યાં જગતીની દિશા તરફ શીતોદા તથા શીતા નદીની બન્ને બાજુ ચાર વનમુખ છે. તેની પહોળાઈ જગતી વગર ૨૯૨૨ યોજનની શીતોદા તથા શીતા-નદીની સમીપે જાણવી. પછી સંકડાતા—સંકડાતા નિષધ તથા નીલવંતની પાસે વનમુખનો વિસ્તાર એક કળા જેટલો જાણવો. કુલગિરિથી નદીની દિશા તરફ જતાં ઈચ્છીત સ્થાનકમાં વનમુખનો વિસ્તાર જાણવાની વિધિ કહે છે.

નિષધ તથા નીલવંતની સમીપે વનમુખનો વિસ્તાર એક કળાનો છે, તો નદીની સમીપે નિષધ તથા નીલવંતથી ૧૬૫૯૨ યોજન ઉપરાંત બે કળા જઈએ ત્યારે વનમુખનો વિસ્તાર કેટલો થાય તે જાણવા પૂર્વોક્ત ૧૬૫૯૨ યોજનની કળા કરીએ તે કળા ૩૧૫૨૫૦ થાય. તેને નદી સમીપે વનમુખનો વિસ્તાર ૨૯૨૨ યોજન છે તેની સાથે ગુણતાં બાણુ કરોડ અગિયાર લાખ સાઠ હજારને પાંચસો થાય. તેને તે ક્ષેત્રનો વિસ્તાર ૩૧૫૨૫૦ સાથે ભાગતાં ૨૯૨૨ વનમુખનો વિસ્તાર થાય. આ પ્રમાણે જ્યાં ઇચ્છીએ ત્યાં વનમુખનો વિસ્તાર આવે. એ પ્રત્યેક વનમુખ પદ્મવરવેદિકા અને વનખંડથી વીંટળાયેલ છે યાવત દેવતા વગેરે સર્વ કહેવું.

## વિજયાદિકનો સમગ્ર વિસ્તાર એક લાખ યોજનનો છે તેની વિગત :—

૩૫૪૦૬ યોજન જેટલા સર્વ વિજયોનો વિષ્કંભ જાણવો, બે વનમુખનો વિષ્કંભ ૫૮૪૪ યોજન છે. ૭૫૦ યોજન અંતરનદીઓની પહોળાઈ છે. ૫૪ હજાર યોજન મેરૂ તથા ભદ્રશાલ વન છે; કારણ કે, ભદ્રશાલવન છે તે મેરૂથી પૂર્વ તથા પશ્ચિમ દિશામાં ૨૨–૨૨ હજાર યોજન છે તેથી બન્ને બાજુ મળી ૪૪ હજાર યોજન થયા. મેરૂનો મધ્ય વિસ્તાર દશ હજાર યોજન છે. એ બધાનો સરવાળો કરતાં ૫૪ હજાર પૂરા થાય અને વક્ષસ્કાર પર્વતનો વિસ્તાર ચાર હજાર યોજન છે. એ બધાંને ભેગા કરીએ ત્યારે લાખ યોજન પૂર્ણ થાય છે.

## અધો લોક ગામનું વર્ણન :—

મેરૂની સમતલ ભૂમિની અપેક્ષાએ થોડી–થોડી ભૂમિ નીચે જતી જાય છે. મેરૂપર્વતથી પશ્ચિમ દિશામાં ૪૨૦૦૦ યોજન ભૂમિમાં ગયા પછી ત્યાં એક હજાર યોજન ભૂમિ સમતલ પૃથ્વીથી ઊંડી છે. ત્યાં અધોગામી માણસો વસે છે. સમપૃથ્વીથી ૯૦૦ યોજન નીચે અને ૯૦૦ યોજન ઊંચે–ત્યાં સુધી તીરછો લોક કહેવાય છે. ૯૦૦ યોજનથી ઊંચે ઉર્ધ્વલોક કહેવાય અને ૯૦૦ થી નીચે અધોલોક કહેવાય છે. આ પ્રમાણે મહાવિદેહનું વર્ણન કર્યું.

## જંબૂદ્વીપના મહાવિદેહ સંબંધી પૂર્વ–પશ્ચિમના લાખ યોજનનો યંત્ર :—

| | પૂર્વ દિશા | | | પશ્ચિમ દિશા | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સ્થાનકના | યોજન સંખ્યા | ક્રમ | સ્થાપકના નામ | યોજન સંખ્યા |
| ૧ | શીતામુખવન જગતી સહિત | ૨૯૨૨ | ૧૯ | ભદ્રશાલવન પશ્ચિમ દિશામાં | ૨૨૦૦૦ |
| ૨ | આઠમી, નવમી વિજય | ૨૨૧૨૭/૮ | ૨૦ | બત્રીસમી, સત્તરમી વિજય | ૨૨૧૨૭/૮ |
| ૩ | વક્ષસ્કાર પર્વત | ૫૦૦ | ૨૧ | વક્ષસ્કાર પર્વત | ૫૦૦ |
| ૪ | સાતમી, દશમી વિજય | ૨૨૧૨૭/૮ | ૨૨ | એકત્રીસમી, અઢારમી વિજય | ૨૨૧૨૭/૮ |
| ૫ | અંતર નદી | ૧૨૫ | ૨૩ | અંતરનદી | ૧૨૫ |
| ૬ | છઠ્ઠી, અગિઆરમી વિજય | ૨૨૧૨૭/૮ | ૨૪ | ત્રીસમી, ઓગણીસમી વિજય | ૨૨૧૨૭/૮ |
| ૭ | વક્ષસ્કાર પર્વત | ૫૦૦ | ૨૫ | વક્ષસ્કાર પર્વત | ૫૦૦ |
| ૮ | પાંચમી, બારમી વિજય | ૨૨૧૨૭/૮ | ૨૬ | ઓગણત્રીસમી, વીસમી વિજય | ૨૨૧૨૭/૮ |
| ૯ | અંતર નદી | ૧૨૫ | ૨૭ | અંતર નદી | ૧૨૫ |
| ૧૦ | ચોથી, તેરમી વિજય | ૨૨૧૨૭/૮ | ૨૮ | અઠ્ઠાવીસમી, એકવીસમી વિજય | ૨૨૧૨૭/૮ |
| ૧૧ | વક્ષસ્કાર પર્વત | ૫૦૦ | ૨૯ | વક્ષસ્કાર પર્વત | ૫૦૦ |
| ૧૨ | ત્રીજી, ચૌદમી વિજય | ૨૨૧૨૭/૮ | ૩૦ | સત્તાવીસમી, બાવીસમી વિજય | ૨૨૧૨૭/૮ |
| ૧૩ | અંતર નદી | ૧૨૫ | ૩૧ | અંતર નદી | ૧૨૫ |
| ૧૪ | બીજી, પંદરમી વિજય | ૨૨૧૨૭/૮ | ૩૨ | છવીસમી, ત્રેવીસમી વિજય | ૨૨૧૨૭/૮ |
| ૧૫ | વક્ષસ્કાર પર્વત | ૫૦૦ | ૩૩ | વક્ષસ્કાર પર્વત | ૫૦૦ |
| ૧૬ | પહેલી, સોળમી વિજય | ૨૨૧૨૭/૮ | ૩૪ | પચીસમી, ચોવીસમી વિજય | ૨૨૧૨૭/૮ |
| ૧૭ | ભદ્રશાલવન પૂર્વ દિશામાં | ૨૨૦૦૦ | ૩૫ | શીતોદા મુખવન જગતી વિજય | ૨૯૨૨ |
| ૧૮ | મેરૂ પર્વતનું વિષ્કંભ | ૧૦૦૦૦ | | સરવાળો | ૧૦૦૦૦૦ |

### જંબૂદ્વીપની દક્ષિણની ૭ મહાનદીઓનો કોઠો:—

| નદીનું નામ | ગંગા | સિંધુ | રોહિતાંશા | રોહિતા | હરિકાંતા | હરિસલિલા | શીતોદા |
|---|---|---|---|---|---|---|---|
| નિર્ગમપર્વત | ચુલ્લહેમવંત | ચુલ્લ. | ચુલ્લહેમવંત | મહાહિમવંત | મહાહિમવંત | નિષધ | નિષધ |
| નિર્ગમદ્રહ | પદ્મ | પદ્મ | પદ્મ | મહાપદ્મ | મહાપદ્મ | તિગિચ્છ | તિઘિચ્છ |
| મૂળ પ્રવાહ યોજન | ૬$\frac{1}{4}$ | ૬$\frac{1}{4}$ | ૧૨$\frac{1}{2}$ | ૧૨$\frac{1}{2}$ | ૨૫ | ૨૫ | ૫૦ |
| મૂળ ઊંડાઈ કોશ | $\frac{1}{2}$ | $\frac{1}{2}$ | ૧ | ૧ | ૨ | ૨ | ૪ |
| નિર્ગમ ક્ષેત્ર | ભરત | ભરત | હેમવય | હેમવય | હરિ વર્ષ | હરિવર્ષ | મહાવિદેહ |
| સમુદ્ર પ્રવેશ દિશા | દક્ષિણ | દક્ષિણ | પશ્ચિમ | પૂર્વ | પશ્ચિમ | પૂર્વ | પશ્ચિમ |
| મુખ પ્રવાહ યોજન | ૬૨$\frac{1}{2}$ | ૬૨$\frac{1}{2}$ | ૧૨૫ | ૧૨૫ | ૨૫૦ | ૨૫૦ | ૫૦૦ |
| મુખ ઊંડાઈ યોજન | ૧$\frac{1}{4}$ | ૧$\frac{1}{4}$ | ૨$\frac{1}{2}$ | ૨$\frac{1}{2}$ | ૫ | ૫ | ૧૦ |
| પરિવાર | ૧૪૦૦૦ | ૧૪૦૦૦ | ૨૮૦૦૦ | ૨૮૦૦૦ | ૫૬૦૦૦ | ૫૬૦૦૦ | ૫૩૨૦૦૦ |

કુલ ૭૨૮૦૦૦

### જંબૂદ્વીપની ઉત્તરની ૭ મહાનદીઓનો કોઠો :—

| નદીનું નામ | સીતા | નારીકાંતા | નરકાંતા | રૂપ્યકૂલા | સુવર્ણકૂલા | રકતવતી | રકતા |
|---|---|---|---|---|---|---|---|
| નિર્ગમ પર્વત | નીલવંત | નીલવંત | રૂપ્પી | રૂપ્પી | શિખરી | શિખરી | શિખરી |
| નિર્ગમ દ્રહ | કેશરી | કેશરી | મહાપુંડરિક | મહાપુંડરિક | પુંડરિક | પુંડરિક | પુંડરિક |
| મૂળ પ્રવાહ યોજન | ૫૦ | ૨૫ | ૨૫ | ૧૨$\frac{1}{2}$ | ૧૨$\frac{1}{2}$ | ૬$\frac{1}{4}$ | ૬$\frac{1}{4}$ |
| મૂળ ઊંડાઇ કોશ | ૪ | ૨ | ૨ | ૧ | ૧ | $\frac{1}{2}$ | $\frac{1}{2}$ |
| નિર્ગમ ક્ષેત્ર | મહાવિદેહ | રમ્યક | રમ્યક | ઐરણ્યવંત | ઐરણ્યવંત | ઐરાવત | ઐરાવત |
| સમુદ્ર પ્રવેશ દિશા | પૂર્વ | પશ્ચિમ | પૂર્વ | પશ્ચિમ | પૂર્ણ | ઉત્તર | ઉત્તર |
| મુખપ્રવાહ યોજન | ૫૦૦ | ૨૫૦ | ૨૫૦ | ૧૨૫ | ૧૨૫ | ૬૨$\frac{1}{2}$ | ૬૨$\frac{1}{2}$ |
| મુખ ઊંડાઇ યોજન | ૧૦ | ૫ | ૫ | ૨$\frac{1}{2}$ | ૨$\frac{1}{2}$ | ૧$\frac{1}{4}$ | ૧$\frac{1}{4}$ |
| પરિવાર | ૫૩૨૦૦૦ | ૫૬૦૦૦ | ૫૬૦૦૦ | ૨૮૦૦૦ | ૨૮૦૦૦ | ૧૪૦૦૦ | ૧૪૦૦૦ |

કુલ ૭૨૮૦૦૦

—જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર પાનું. ૪૨૬ તથા ૪૨૭

—પૂ. શ્રી અમોલખઋષિજી મહારાજ

## તીર્થંકર તથા ચક્રવર્તી વગેરે ના ઉત્પત્તિ સ્થાનનું વર્ણન

આ જંબૂદ્વીપમાં જઘન્ય તો ચાર તીર્થંકર સમકાળે હોય, ઉત્કૃષ્ટથી ૩૨ વિજયના ૩૨ અને ભરત તથા ઐરવતના બે મળીને ૩૪ સમકાળે હોય. વાસુદેવ, ચક્રવર્તી અને બલદેવ એ ત્રણ પુરુષ જઘન્યથી સમકાળે પ્રત્યેક ચાર-ચાર હોય અને ઊત્કૃષ્ટા ત્રીસ હોય. જ્યારે ચક્રવર્તી હોય ત્યારે વાસુદેવ ન હોય અને જ્યારે વાસુદેવ હોય ત્યારે ચક્રવર્તી ન હોય તેથી ત્રીસ સમકાળે હોય પરંતુ ચોત્રીસ ન હોય. ૩૨ વિજય તથા ભરત ઐરવત મળી ૩૪ ક્ષેત્ર ઉપજવાના જાણવા.

## નીલવંત પર્વતનું વર્ણન

મહાવિદેહની ઉત્તરદિશામાં અને રમ્યક-વર્ષ યુગલીયા ક્ષેત્રની દક્ષિણ દિશામાં નીલવંત નામનો વર્ષધર પર્વત છે. નિષધ પર્વતની જેમજ તેની લંબાઈ, પહોળાઈ વગેરે જાણવી. આ પર્વત ઉપર કેશરી નામનો દ્રહ છે. તેની દક્ષિણ દિશાથી શીતા મહાનદી નીકળી ઉત્તર-કુરૂમાં આવી બે યમક પર્વત તથા (નીલવંત, ઉત્તરકુરૂ, ચંદ્ર, ઐરાવત અને માલ્યવંત એ) પાંચ દ્રહોને બે ભાગમાં વહેંચતી ૮૪ હજાર નદીઓના પરિવાર સાથે ભદ્રશાલવનમાં થઈને મેરૂ પર્વતથી બે યોજન દૂર રહી પૂર્વ દિશાની સામે વળી માલ્યવંત ગજદંત પર્વતની નીચે ભેદીને મેરૂ પર્વતની પૂર્વ દિશાના પૂર્વ મહાવિદેહ ક્ષેત્રને બે ભાગમાં વહેંચતી એકેક ચક્રવર્તીના વિજયથી ૨૮-૨૮ હજાર નદીઓથી પુરાતી ૫૩૨૦૦૦ નદીઓ સાથે વિજય નામના જંબૂદ્વીપના દ્વારની નીચે જગતીને ભેદીને પૂર્વ દિશાના લવણસમુદ્રમાં ભળે છે. બાકીનો અધિ-કાર શીતોદાની જેમ જાણવો.

અહીં નારીકાંતા નદી, કેશરી દ્રહની ઉત્તર દિશામાંથી નીકળી તેનું બધું વર્ણન હરિ-કાંતા (હરિસલીલા) નદીની જેમ જાણવું. તેમાં તફાવત એટલો છે કે ગંધાપાતી વૃત્તવૈતાઢ્ય પર્વતથી એક યોજન દૂર રહી પશ્ચિમ દિશાની સામે વળી સમુદ્રમાં ભળે છે. બાકી બધું વર્ણન પહેલાની જેમ જાણવું.


નીલવંત પર્વતનું નવકૂટ

નીલવંત પર્વત ઉપર નવ કૂટ છે. તેના નામ:— (૧) સિદ્ધાયતન કૂટ, (૨) નીલ કૂટ, (૩) પૂર્વ વિદેહ કૂટ, (૪) શીતા-કૂટ, (૫) કીર્તિ કૂટ, (૬) નારીકાંતા કૂટ, (૭) અપર વિદેહ કૂટ, (૮) રમ્યક કૂટ, (૯) ઉપદર્શન કૂટ. આ બધા કૂટો ૫૦૦ યોજનના છે. એ પર્વતનો વર્ણ વાદળી કાંતિવાળા સર્વ વૈડૂર્ય રત્નમય છે. અને નીલવંત નામના મહર્દ્ધિક દેવતા એક પલ્યોપમના આયુષ્યવાળા ત્યાં વસે છે તેથી તેનું નીલવંત એવું શાશ્વતું નામ છે.

## [૧] રમ્યક વર્ષ નામનું યુગલીયાનું ક્ષેત્ર

નીલવંત પર્વતની ઉત્તર દિશામાં અને રૂપી પર્વતની દક્ષિણ દિશામાં રમ્યક વર્ષ ક્ષેત્ર છે. તેનું વર્ણન પહેલા જેમ હરિવર્ષ યુગલ ક્ષેત્રનું કર્યું તેના જેવું જ જાણવું. નરકાંતા નદીની પશ્ચિમ દિશામાં અને નારીકાંતા નદીની પૂર્વ દિશામાં એ ક્ષેત્રમાં ગંધાપાતી નામનો વૃત્તવૈતાઢ્ય પર્વત છે. તેમાં ઘણા કમળો ગંધાપાતીના વર્ણ સરખા રક્તવર્ણના છે. તેની ઉપર પદ્મનામનો દેવ એક પલ્યોપમના આયુષ્યવાળો વસે છે. એ રમ્યક્ક્ષેત્ર પણ ઘણું રમ્ય-મનોહર છે. ત્યાં રમ્યક્ નામનો દેવ વસે છે તેથી તેનું રમ્યક્ વર્ષ ક્ષેત્ર એવું શાશ્વત નામ છે.




રમ્યક યુગલીયાનું ક્ષેત્ર

૧. રૂપી પર્વત ૨. નરકાંતા નદી
૩. માલ્યવંત વૃત્ત વૈતાઢ્ય
૪. નારીકાંતા નદી ૫. નીલવંત પર્વત



૮ કૂટ વાળો રૂપી પર્વત




હૈરણ્યવત યુગલ ક્ષેત્ર

## [૨] રૂકમી (રૂપી) પર્વત:—

રમ્યક્ વર્ષ ક્ષેત્રની ઉત્તર દિશામાં અને હૈરણ્યવત ક્ષેત્રની દક્ષિણ દિશામાં રૂકમી નામે પર્વત છે. તેનું વર્ણન મહાહિમવંતની જેમ જ જાણવું. આની જીવા ઉત્તરમાં અને ધનુષ્યપીઠિકા

૧ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૪ ૨ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ. વક્ષ. ૪

દક્ષિણમાં ગણવી આટલો મહા હિમવંતથી તફાવત છે. અહીં મહાપુંડરિક નામનો દ્રહ છે. તેમાંથી નરકાંતા નામની નદી દક્ષિણદિશામાંથી પૂર્વોક્ત રોહિતાંશાની જેમ પૂર્વદિશામાં જાય છે તથા રૂપ્યકૂલા નદી ઉત્તર દિશામાંથી નીકળી હરિકાંતાની જેમ પશ્ચિમ દિશામાં જાય છે.

એ રૂપી પર્વત ઉપર આઠ કૂટ છે તેના નામ— (૧) સિદ્ધાયતન કૂટ, (૨) રૂકમી કૂટ, (૩) રમ્યક કૂટ, (૪) નરકાંતા કૂટ, (૫) બુદ્ધિ કૂટ, (૬) રૂપ્યકૂલા કૂટ, (૭) હૈરણ્યવત કૂટ, (૮) મણિકાંચન કૂટ. આ બધા કૂટ ૫૦૦–૫૦૦ યોજનના છે. આ પર્વત રૂપામય છે. રૂપા જેવી કાંતીવાળા છે અને ત્યાં રૂકમી નામનો મહર્દ્ધિક દેવ પલ્યોપમની સ્થિતિવાળો ત્યાં રહે છે તેથી તેનું રૂકમી એવું શાશ્વતું નામ છે.

## હૈરણ્યવત યુગલ ક્ષેત્ર :-

એ રૂકમી પર્વતની ઉત્તરદિશામાં અને શિખરી પર્વતની દક્ષિણ દિશામાં હૈરણ્યવત નામનું યુગલક્ષેત્ર છે તેનું વર્ણન હિમવત ક્ષેત્ર જેવું જાણવું. અહીં જીવા દક્ષિણમાં અને ધનુષ્ય-પીઠીકા ઉત્તરમાં છે એટલો હિમવતક્ષેત્રથી તફાવત છે. અહીં સુવર્ણકૂલા મહાનદીની પશ્ચિમ દિશામાં અને રૂપ્યકૂલા મહાનદીની પૂર્વ દિશામાં હૈરણ્યવત ક્ષેત્રના મધ્યભાગમાં માલ્યવંત વૃત્તવૈતાઢ્ય પર્વત છે. એનું બધું વર્ણન શબ્દાપાતી વૃત્તવૈતાઢ્ય જેવું જાણવું. એના કમળ માલ્યવંત જેવા પ્રભા-કાંતિમાં છે, માલ્યવંત જેવા વર્ણે છે તથા માલ્યવંત નામના દેવતા પલ્યોપમની સ્થિતિવાળા ત્યાં રહે છે તેમજ હૈરણ્વત ક્ષેત્ર તે રૂકમી અને શિખરી પર્વતની મર્યાદા કરનાર છે. તે નિત્ય હિરણ્ય એટલે સુવર્ણ જેવો પ્રકાશે છે. અહીં હિરણ્યવત નામે દેવતા વસે છે તેથી તેનું નામ હૈરણ્યવત છે.

## શિખરી પર્વત

હૈરણ્યવત ક્ષેત્રની ઉત્તરદિશામાં અને ઐરવત ક્ષેત્રની દક્ષિણદિશામાં શિખરી નામનો વર્ષધર પર્વત છે. તેની લંબાઈ વગેરે બધું વર્ણન ચુલ્લહિમવંત પર્વત જેવું જાણવું. દક્ષિણમાં તેની જીવા અને ઉત્તરમાં ધનુષ્ય પીઠિકા છે. અહીં પુંડરીક નામનો દ્રહ છે. તેમાંથી સુવર્ણકૂલા મહાનદી દક્ષિણ-દિશાથી નીકળી રોહિતાંશાની જેમ પૂર્વદિશાના સમુદ્રમાં ભળે છે. જેમ ગંગા અને સિંધુ એ બે નદી ભરતક્ષેત્રમાં જાય છે તેમજ રકતા અને રકતવતી એ બે નદી ઐરવતક્ષેત્રમાં જાય છે તેમાં પૂર્વદિશામાં રકતા નદી અને પશ્ચિમદિશામાં રકતવતી નદી છે. આ રીતે સુવર્ણકૂલાનું વર્ણન જાણવું. બાકીનું બધું વર્ણન ચુલ્લહિમવંત જેવું જ જાણવું.




શિખરી પર્વત ૧૧ કૂટ વાળો

શિખરી પર્વત ઉપર ૧૧ કૂટ છે. તેના નામ:— (૧) સિદ્ધાયતન કૂટ, (૨) શિખરી કૂટ, (૩) હૈરણ્યવત કૂટ, (૪) સુવર્ણકૂલા કૂટ, (૫) સુરાદેવી કૂટ, (૬) રકતા કૂટ, (૭) લક્ષ્મી કૂટ, (૮) રકતાવતી કૂટ, (૯) ઈલાદેવી કૂટ, (૧૦) ઐરવત કૂટ

અને (૧૧) તિગિચ્છ કૂટ. આ બધા કૂટો ૫૦૦ યોજનના છે. એ શિખરી પર્વત ઉપર ઘણા કૂટ શિખરી પર્વતના સંસ્થાને છે. તે બધા સંપૂર્ણ રત્નમય છે. અહીં એક પલ્યોપમના આયુષ્યવાળો શિખરી નામે દેવતા વસે છે તેથી તેનું શિખરી એવું શાશ્વતું નામ છે.

## ઐરવત ક્ષેત્ર

શિખરી પર્વતની ઉત્તરમાં અને ઉત્તર દિશાના લવણસમુદ્રની દક્ષિણ દિશામાં ઐરવત નામનું ક્ષેત્ર છે. ત્યાં ઠૂંઠા વૃક્ષ તથા કાંટા વગેરે ભરતક્ષેત્રની જેમ ઘણા છે. તેનું બધું વર્ણન ભરતક્ષેત્ર જેવું છે. અહીં ઐરાવત નામના ચક્રવર્તી થાય છે અને ભરતક્ષેત્રમાં ભરત નામના ચક્રવર્તી થાય છે એટલો તફાવત છે. અહીં ઐરાવત નામના દેવતા રહે છે તેથી તેનું ઐરવત એવું શાશ્વતું નામ છે.

## કાળ ચક્ર




કાળ ચક્ર

આ જંબૂદ્વીપના ભરત, ઐરવત, હેમવય, હૈરણ્યવય, હરિવર્ષ, રમ્યકવર્ષ, દેવકુરૂ, ઉત્તરકુરૂ તેમજ મહાવિદેહ ક્ષેત્ર આ બધા ક્ષેત્રોનું વર્ણન અત્યાર સુધી કર્યું છે, પણ આ ક્ષેત્રમા કાળ કેવો અને કઈ રીતે ચાલતો હશે એવો પ્રશ્ન થાય છે. એ પ્રશ્નના ઉત્તરમાં શાસ્ત્રકારોએ બતાવેલ છે કે આ ક્ષેત્રોમાંથી કેટલાક ક્ષેત્રોમાં કાળ પરિવર્તનશીલ (બદલાતો) રહે છે, જ્યારે બીજા કેટલાક ક્ષેત્રોમાં કાળ અવસ્થિત (એક સરખો) રહે છે. એ વર્ણન સમજવા માટે કાળચક્ર જાણવું જરૂરી છે તેથી હવે કાળચક્રની વિગત લખેલી છે.

કાળચક્ર એ કોઈ વાસ્તવિક ચક્ર નથી પરંતુ જેમ ચક્ર ચાલતાં ચાલતાં કે ફરતાં ફરતાં અમુક સ્થળે તે પહેલો હતો તે ભાગ આવી જાય છે તેમ જેવો કાળ અત્યારે છે તેવો અમુક સમય પછી પણ ફરીવાર આવશે, માટે કાળને ચક્ર રૂપે ગણેલ છે. કાળચક્રને સમજવા માટે ગાડાના પૈડાને આપણી નજર સામે પ્રત્યક્ષ કે પરોક્ષ રાખવું. જેમ ગાડાનું પૈડુ ચાલે છે તેમ કાળચક્ર પણ ચાલે છે. જેમ ગાડાનું પૈડુ ગાડુ ચાલે છે ત્યારે ફરે છે અને ચકમાં રહેલા આરાઓ નીચે-ઉપર, નીચે ઉપર અનુક્રમે આવે છે, તેમ કાળચક્ર માટે પણ જાણવું. વળી સાપણનું શરીર શરૂઆતમાં જાડુ અને પછી પુંછડે ઘણું પાતળું હોય

છે. એ સાપણથી સંપૂર્ણ ચક્રાકાર બને છે તેથી આ કાળચક્રને અવસર્પિણી કે ઉત્સર્પિણી તરીકે કહેવાય છે.

કાળચક્રમાં નીચે જતા અડધા ભાગને અવસર્પિણી કાળ અને ઉપર જતાં ભાગને ઉત્સર્પિણીકાળ આવે છે. ભરત તથા ઐરવત ક્ષેત્રમાં આ રીતે કાળનું પરિવર્તન થાય છે.અને બાકીના ક્ષેત્રોમાં અવસ્થિત કાળ છે, તેથી મુખ્યત્વે ભરત–ઐરવત ક્ષેત્રને લક્ષીને કાળનું વર્ણન કરેલ છે. ગાડાના પૈડામાં ધરીથી લોખંડની વાટ સુધીના ભાગમાં એકેક આડુ લાકડું આપણે જોઈએ છીએ તેને 'આરા' કહેવાય છે. તે આરાની સંખ્યા બાર છે એટલે કે કાળચક્રના અવસર્પિણીકાળના અડધા ભાગમાં છ આરા અને ઉત્સર્પિણીકાળના અડધા ભાગમાં છ આરા મળી કુલ બાર આરા થાય છે. તે આરાને લોક ભાષામાં પહેલો—બીજો—ત્રીજો—ચોથો—પાંચમો–છઠ્ઠો[૧] આરો કહેવાય છે. શાસ્ત્રની ભાષામાં તેના જુદા–જુદા નામ આપ્યા છે. જેમકે અવસર્પિણી કાળમાં સુખમ-સુખમ–જે કાળમાં સુખ ઘણું ઘણું હોય તે કાળને પહેલો આરો કહે છે. સુખમ–જે કાળમાં સુખ ઘણું હોય પણ ઘણું ઘણું સુખનથી તે કાળને બીજો આરો કહે છે. દુઃખમ–સુખમ–જે કાળમાં સુખ ઘણું હોય અને થોડું દુઃખ હોય તે કાળને ત્રીજો આરો કહે છે. દુઃખમ–સુખમ–જે કાળમાં દુઃખ ઘણું હોય અને થોડું સુખ હોય તે કાળને ચોથો આરો કહે છે. દુઃખમ–જે કાળમાં દુઃખ ઘણું હોય પણ ઘણું ઘણું દુઃખ ન હોય તે કાળને પાંચમો આરો કહે છે. દુઃખમ–દુઃખમ–જે કાળમાં દુઃખ ઘણું ઘણું હોય તેવા કાળને છઠ્ઠો આરો કહે છે. ઉત્સર્પિણીકાળમાં તેનાથી, ઉલટો ક્રમ હોય છે. જેમકે :– પહેલો દુખઃમ દુઃખમ આરો, બીજો દુઃખમ આરો, ત્રીજો દુઃખમ–સુખમ આરો, ચોથો સુખમ—દુઃખમ આરો, પાંચમો સુખમ આરો અને છઠ્ઠો સુખમ–સુખમ આરો છે. અવસર્પિણીકાળમાં ધીરે ધીરે આગળ ચાલતાં–કાળ વીતતાં અનુક્રમે આયુષ્ય, બળ, પૃથ્વીના રસકસ વગેરે ઘટતાં જાય છે અને ઉત્સર્પિણીકાળમાં અનુક્રમે તે બધા વધતાં જાય છે.

આ આરાઓમાંથી દેવકુરૂ અને ઉત્તરકુરૂ ક્ષેત્રમાં હમેશ પહેલા સુખમ-સુખમ આરા જેવા ભાવ વર્તે છે. હરિવર્ષ અને રમ્યકવર્ષ ક્ષેત્રમાં સદાકાળ બીજા સુખમ આરા જેવી પરિસ્થિતિ રહે છે. હેમવય અને એરણ્યવય ક્ષેત્રમાં કાયમ ત્રીજા સુખમ-દુઃખમ આરા જેવું વર્તન હોય છે. મહાવિદેહ ક્ષેત્રમાં નિયમીત ચોથા દુઃખમ-સુખમ આરા જેવા ભાવ રહેલા છે. ભરત તથા એરવત ક્ષેત્રમાં હમેશ કાળચક્ર ના છ છ આરા રૂપે પરિવર્તન થયા કરે છે એટલે આ ક્ષેત્રોમાં એકથી છ અને છ થી એક સુધીની સ્થિતિ બન્યા કરે છે. એક કાળચક્ર વીસ કોડા કોડી સાગરોપમ વર્ષનું હોય છે એટલે કે દશ ક્રોડાક્રોડી સાગરોપમ વર્ષોનો અવસર્પિણીકાળ અને તેટલાજ વર્ષોનો ઉત્સર્પિણી કાળ છે. આમ અનંતકાળ ચક્ર આજ સુધી વીત્યા અને હજી પણ વીતશે.

પહેલો આરો ચાર ક્રોડાક્રોડી સાગરોપણ વર્ષનો છે. આ આરામાં અવગાહના (ઊંચાઈ અથવા દેહમાન) જઘન્ય ત્રણ ગાઉમાં કંઈક ઓછી છે અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉની છે. એ

---

૧. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વક્ષ. ૨

આરામાં જઘન્ય આયુષ્ય ત્રણ પલ્યોપમમાં થોડું ઓછું અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમનુ છે. તે વખતે મનુષ્યોને બસો છપ્પન પાંસળીઓ હોય છે. વજ્રઋષભનારાચ સંઘયણ (હાડકાની મજબૂતી) અને સમચઉરસ સંઠાણ (શરીરનો આકાર) એ આરાના મનુષ્યોને હોય છે. એ સમયે મનુષ્યોને ત્રણ દિવસે જમવાની ઈચ્છા થાય છે, ત્યારે શરીર પ્રમાણે આહાર કરે છે.

આ આરામાં ઉતરતે આરે બે ગાઉનું દેહમાન, બે પલ્યોપમનું આયુષ્ય, ૧૨૮ પાંસળીઓ હોય છે. એ આરામાં ધરતીની સરસાઈ (રસાસ્વાદ–મીઠાશ) સાકર સમાન હોય છે અને ઉતરતે આરે ખાંડ સરખી સરસાઈ હોય છે. એ આરામાં બધા ગર્ભજ મનુષ્યો અને ગર્ભજ તિર્યંચો યુગલીયા ધર્મ પાળે છે. એ સમયે મનુષ્યો દશ પ્રકારના કલ્પવૃક્ષથી જીવન વીતાવે છે. કલ્પવૃક્ષથી ઈચ્છીત વસ્તુ મેળવીને આનંદ પામે છે. એ કલ્પવૃક્ષો દશ પ્રકારના છે:—

મત્તંગાય[1], ભિંગા[2], । તુડિયંગા[3], દીવ[4], જોઇ[5], ચિત્તગાય,[6] ॥
ચિતરસા[7], મણવેગા[8], । ગિહગારા[9], અણિયગણાઓ ॥[10]

(૧) મત્તંગા—મદ ઉત્પન્ન થાય તેવા રસવાળા વૃક્ષો.
(૨) ભિંગા—કુંભ, થાળ વગેરે ભાજન આપનાર વૃક્ષો.
(૩) તુડિયંગા—મીઠા, મધુર રાગ - રાગણીઓ સંભળાવનાર વૃક્ષ.
(૪) દીવ—દીપક જેવો પ્રકાશ કરનાર કલ્પવૃક્ષ.
(૫) જોઈ—સૂર્ય જેવું તેજ આપનાર કલ્પવૃક્ષ.
(૬) ચિતંગા—ઘણી જાતના મનોજ્ઞ ફૂલો આપનાર કલ્પવૃક્ષ.
(૭) ચિત્તરસા—ઘણા પ્રકારના ઈચ્છીત સરસ આહાર આપનાર કલ્પવૃક્ષ.
(૮) મણવગા—અનેક જાતના મણિરત્ન જડેલા જુદીજુદી જાતના ઘરેણા આપનાર કલ્પવૃક્ષ.
(૯) ગિહગારા—જુદા જુદા પ્રકારના ગૃહ-મકાનના આકારના કલ્પવૃક્ષ. બેંતાળીસ ભોમિયા (૪૨ માળના) આવાસ-મકાનો રૂપ પણ કલ્પવૃક્ષ હોય છે.
(૧૦) અનિયગણા—નાકના વાયુથી ઉડી શકે તેવા બારીક વસ્ત્રો આપનાર કલ્પવૃક્ષ.

આ દશ પ્રકારના કલ્પવૃક્ષો હોય છે. તેનાથી તે સમયના યુગલીયાને આજીવિકાની પૂર્તિ થાય છે. તેમને અસિ-મસિ-કૃષિ એ ત્રણ પ્રકારના વ્યાપાર કરવાની જરૂર રહેતી નથી. આ કલ્પવૃક્ષો વનસ્પતિરૂપ છે, પણ પૃથ્વીરૂપ નથી. આ વૃક્ષોની મીઠાશ ચક્રવર્તીની ખીરથી પણ વધારે સ્વાદિષ્ટ હોય છે. આ દશ પ્રકારના કલ્પવૃક્ષ સિવાયના બીજા પણ ઘણી જાતના વૃક્ષો હોય છે.

યુગલીયા પોતાના આયુષ્યના છ માસ બાકી રહે ત્યારે યુગલનો જન્મ આપીને તેમનું પાલન પોષણ કરે છે. બાળકોનું ઉંધા પડવું, પેટે ઘસડાઇને ચાલવું, ઘુંટણીએ ચાલવું, ઊભા

---

૧ ચક્રવર્તીની પુંડ્ર જાતિની ગાયો અને તે પણ ઉત્તમ શેલડી ચરનાર હોય તેવી એક લાખ ગાયોનું દૂધ પચાસ હજાર ગાયોને પીવડાવવામાં આવે, તેમનું દૂધ ૨૫ હજાર ગાયોને પીવડાવે. તેમનું દૂધ અડધી અડધીના ક્રમે પીવડાવતાં છેવટની એક ગાયનું દૂધ હોય તેની ખીર ચક્રવર્તી રાજા માટે કરાય છે. તે ખીરને કલ્યાણ પ્રવર ભોજન કહેવાય છે.
—જીવાભિગમસૂત્ર પ્રતિપત્તિ૰ ૩. ઉ૰ ૩ એકોરૂક અંતરદ્વીપ વર્ણન.

થવું, ચાલતા થવું વગેરે અવસ્થાઓ ઓગણપચાસ દિવસોમાં થાય છે. ત્યાર પછી તે બાળકો ભોગ સમર્થ તેમજ સ્વતંત્રવિહારી થાય છે. યુગલના માતાપિતા પણ તે બાળકો શું કરે છે? કયાં ફરે છે તેનું ધ્યાન આપતા નથી. તેમને બાળકો પ્રત્યે બહુ મમતા નથી. સંતાનના પાલનપોષણનું કાર્ય પૂર્ણ થતાં તેમજ ધીરે ધીરે છ માસ પુરા થતાં માતાપિતા ખાંસી, છીંક કે બગાસુ આવતાં મરણ પામે છે. એમના શરીરનું નિહરણ દેવતા કરે છે. તે શરીર સમુદ્રમાં ફેંકે છે એમ કેટલાક અનુભવીઓ કહે છે. માતા-પિતા મરણ પામી દેવ ગતિમાં ઉત્પન્ન થાય છે. અહીં જેટલું આયુષ્ય હોય એટલું કે એનાથી થોડું ઓછું આયુષ્ય દેવગતિમાં તે જીવોનું હોય છે. આજે જેમ અમુક ઉંમર થતાં મનુષ્ય ભોગ ભોગવવા શક્તિવંત બને તેમ આ યુગલીયાની કાયાની વૃદ્ધિ માટે હોતું નથી. તે યુગલીયા સ્વતંત્રવિહારી બનતાં યુવાવસ્થા પામે છે. બધા ગર્ભજ તિર્યંચો પણ યુગલીયા હોય છે. આ સમયના તિર્યંચો પણ અહિંસક-વૃત્તિવાળા હોવાથી શિકાર કરતા નથી પણ કલ્પવૃક્ષના ફળ-ફૂલ-પાંદડા વગેરે ખાય છે. આવી વૃત્તિને કારણે તે પશુઓ પણ બીજા દેવલોક સુધી જઈ શકે છે.

આ બધા યુગલીયાઓ અલ્પ રાગદ્વેષ તેમજ મમતાવાળા હોય છે. એ આરામાં ઈર્ષા, વેરઝેર, ઘડપણ, રોગ કે કુરૂપ હોતા નથી. પૂર્વના દાન-પુણ્યના પ્રતાપે સુખ ભોગવે છે.

આ આરાના મનુષ્યોને પદ્મકમળ જેવા સુગંધી શરીર તેમજ સુગંધી શ્વાસોચ્છ્‌વાસ હોય છે. નિમિત્ત શાસ્ત્રમાં બતાવેલા અંગોપાંગોના ઉત્તમ લક્ષણવાળા મનુષ્યો હોય છે. આ જીવો અલ્પકષાયવાળા હોય છે. શાલિ (ડાંગર), ઘઉં વગેરે અનાજ પાકે છે ખરું પણ તે મનુષ્યો તેનો આહાર કરતા નથી પણ કલ્પવૃક્ષોના ફળ–ફૂલોનો આહાર કરે છે. તેમની બધી જરૂરિયાત કલ્પવૃક્ષથી પુરી પડે છે. હાથી, ઘોડા વગેરે પશુઓ ત્યાં છે ખરા પણ તે સવારી વગેરે કોઈ પણ કામમાં લેવાતા નથી. બધા અહમેંદ્ર જેવા છે. એ ક્ષેત્રના સ્વભાવને કારણે ત્યાં ડાંસ, મચ્છર, માકડ વગેરે ઉપદ્રવ પેદા કરનારા ક્ષુદ્ર જંતુઓ હોતા નથી. વળી ત્યાં સૂર્ય ગ્રહણ કે ચંદ્ર ગ્રહણ પણ થતા નથી. તિર્યંચપંચેંદ્રિયોનું આયુષ્ય મોટે ભાગે બધા આરામાં જુદું જુદું રહે છે· હાથી વગેરે મોટા જીવ મનુષ્ય જેટલા, ઘોડા વગેરે ચોથા ભાગના, બકરાં, વગેરે આઠમાં ભાગના, ગાય - પાડા - ઊંટ વગેરે પાંચમા ભાગનું અને કુતરા વગેરે તિર્યંચો દશમા ભાગના આયુષ્યવાળા હોય છે.

પહેલો આરો પૂરો થઈને બીજો આરો બેસતાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પર્યવ અનંત અનંત ઓછા થાય છે. આ આરો બે ક્રોડાક્રોડી સાગરોપમ વર્ષનો હોય છે. તે વખતે મનુષ્યોનું દેહમાન (ઊંચાઈ) બે ગાઉનું હોય છે અને ઉતરતે આરે એક ગાઉનું હોય છે. એ આરો શરૂ થતાં ૧૨૮ પાંસળીઓ હોય છે અને પૂરો થતાં ૬૪ પાંસળીઓ હોય છે. એ આરો બેસતાં બે પલ્યોપમ વર્ષનું તેમજ ઉતરતાં એક પલ્યોપમ વર્ષનું આયુષ્ય હોય છે. તે મનુષ્યોને વજ્રઋષભનારાચ સંઘયણ તથા સમચઉરસ સંઠાણ હોય છે. મનુષ્યોને એ આરામાં બે દિવસે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે ત્યારે શરીર પ્રમાણે આહાર કરે છે. આ આરામાં ધરતીની સરસાઈ ખાંડ જેવી અને ઉતરતે આરે ગોળ જેવી હોય છે. એ આરામાં પણ દશે પ્રકારના કલ્પવૃક્ષો હોય છે તે મનવાંછિત સુખ આપે છે. આ આરામાં યુગલસંતાનનું પાલન ચોસઠ

દિવસ સુધી થાય છે. એ યુગલ માતાપિતા અહીંથી મરીને દેવગતિમાં જાય છે. એ આરામાં પણ ઈર્ષા, વેર-ઝેર વગેરે હોતા નથી તેમજ અંગોપાંગો સુંદર મળે છે. પૂર્વના દાન-પુણ્યના પ્રભાવે જીવ સુખ પામે છે.

બીજો આરો પુરો થતાં ત્રીજો આરો શરૂ થાય છે ત્યારે વર્ણ, ગંધ રસ અને સ્પર્શના પર્યવ અનંત-અનંત ઓછા થાય છે. એ આરો બે ક્રોડાક્રોડી સાગરોપમ વર્ષનો છે. એ આરામાં એક ગાઉનું દેહમાન અને એક પલ્યોપમનું આયુષ્ય તેમજ ઉતરતે આરે પાંચસો ધનુષ્યનું દેહમાન અને ક્રોડપૂર્વ વર્ષનું આયુષ્ય છે. આ આરામાં વજ્રઋષભનારાચ સંઘયણ તેમજ સમચઉરસ સંઠાણ હોય છે. એ આરામાં મનુષ્યોને ૬૪ પાંસળીઓ તેમજ ઉતરતે આરે ૩૨ પાંસળીઓ હોય છે. એ આરામાં એક દિવસે મનુષ્યોને આહારની ઈચ્છા થતાં ઈચ્છા પ્રમાણે આહાર કરે છે. એ આરામાં પણ દશ પ્રકારના કલ્પવૃક્ષો ફળ આપે છે તેનાથી યુગલીયાની જરૂરિયાત પુરી થાય છે. આ આરામાં મનુષ્યો યુગલીયા તરીકે જીવન જીવે છે. એ આરામાં સંતાનોનું પાલન પોષણ ૭૯ દિવસ સુધી થાય છે. યુગલીયાઓને એ સમયે ઈર્ષા, વેરઝેર, રોગ-કુરૂપ વગેરે હોતા નથી. તેઓને દેવગતિ પ્રાપ્ત થાય છે. પૂર્વ જન્મના દાન-પુણ્યના આ રીતે તે જીવો ફળ ભોગવે છે.

આ રીતે યુગલધર્મનું પાલન થતાં થતાં ત્રીજા આરાના છેલ્લા ત્રીજા ભાગમાં પલ્યોપમનો આઠમો ભાગ બાકી રહે છે ત્યારે સુમતિ વગેરે થી ઋષભ સુધીના ૧૫ કુલકરો (કુલ–લોક મર્યાદા, કર–કરનાર) થાય છે. (૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬⅔ એટલે કે ૬૬ લાખ ક્રોડ, ૬૬ લાખ, ૬૬ હજાર, ૬૬૬ અને એક સાગરના ત્રણભાગમાં બે ભાગ એટલા વર્ષોનો એક ભાગ થાય છે.) કાળક્રમે તે યુગલોમાં મમત્વ, રાગ-દ્વેષ વગેરે દુર્ગુણો વધવાથી ગુના-અપરાધો રોકવાની જરૂર પડે છે. તે વખતે વધારે બુદ્ધિવાનને યુગલીયાઓ ઉચ્ચપદે બેસાડે છે. તે બુદ્ધિવાન મનુષ્ય અમુક વ્યવસ્થા કરે છે. તે રીતે વ્યવહાર ચાલે છે તેથી તે બુદ્ધિવત પુરુષને કુલકર કહે છે. પહેલા પાંચ કુલકરના સમયમાં 'હ' કાર ની નીતિ દંડ દેવા માટે વપરાય છે. બીજા પાંચ કુલકરના શાસનમાં 'મ' કારની દંડનીતિ પ્રવર્તે છે તેમજ છેલ્લે ત્રીજા પાંચ કુલકરના સમયમાં 'ધિક્'કારની નીતિ-શિક્ષા તરીકે ઉપયોગમાં લેવાય છે. ત્યાર પછી ભરત ચક્રવર્તીના શાસનકાળમાં ચોથી 'પરિભાષણ' (બોલાવીને ઠપકો આપવો), પાંચમી 'મંડલબંધ' (અમુખ વખત સુધી કોઈ સ્થાનમાં રોકી રાખવો, છઠ્ઠી 'ચારક' (જેલમાં પુરવો) અને છવિચ્છેદ' (શરીર ના અવયવ છેદવા) આ ચાર દંડનીતિ નક્કી કરી રાજ્ય વ્યવસ્થા કરાય છે.

ત્રીજા આરાના ચોરાશી લાખ પૂર્વ એને ત્રણ વર્ષ તથા સાડા આઠ મહિના બાકી રહ્યા ત્યારે પંદરમા કુલકર શ્રીવૃષભ નો જન્મ થયો. તેમનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વ વર્ષનું હતું. તેઓ વીસ લાખ પૂર્વ વર્ષ સુધી કુમારપણામાં અને ૬૩ લાખ પૂર્વ વર્ષ સુધી રાજા તરીકે તથા એક લાખ પૂર્વ વર્ષ સુધી સાધુ અવસ્થામાં રહ્યા. ત્રીજા આરાના ત્રણ વર્ષ અને સાડા આઠ મહિના બાકી રહ્યા ત્યારે શ્રી આદિનાથ પ્રભુ મોક્ષમાં પધાર્યા એટલે કે સિદ્ધ થયા. પાંચમી ગતિની શરૂઆત આ કાળમાં-ઋષભદેવ પ્રભુના કાળમાં થઈ.

જીવ જ્યારે એક ગતિમાંથી બીજી ગતિમાં જાય છે ત્યારે અવિગ્રહ ગતિ કે વિગ્રહ ગતિ થાય છે. વિગ્રહવતી ચ સંસારિણ: પ્રાક્ ચતુર્ભ્ય:। (તત્ત્વાર્થ સૂત્ર ૨.૨૯) અને એક સમયોऽવિગ્રહ:॥ (ત. સૂ. ૨.૩૦) આ તત્ત્વાર્થ સૂત્ર તેમજ શાસ્ત્રના ન્યાય પ્રમાણે જીવ જ્યારે અવિગ્રહ ગતિ કરે છે ત્યારે એક સમય લાગે છે અને વિગ્રહ ગતિમાં વધુમાં વધુ ચાર સમય લાગે છે. મોક્ષમાં જનાર આત્માને એક સમયની જ અવિગ્રહ ગતિ હોય, જ્યારે સંસારી જીવને ઉત્પત્તિ સ્થાન પ્રમાણે અવિગ્રહ કે વિગ્રહ ગતિ થાય છે. આદિનાથ પ્રભુ પણ અવિગ્રહ ગતિથી એક સમયમાં સિદ્ધ થાય છે. (જીવને આ ગતિ કરવામાં કેટલા સમય કેવી રીતે લાગે છે તે બાજુના ચિત્રમાં બતાવેલ છે.)




मूलानुसार.




ग्रंथानुसार.

ઋષભદેવની રાજ્યાવસ્થા સમયે બાદર અગ્નિ પેદા થયો. પુરુષની ૭૨ કળા અને સ્ત્રીની ૬૪ કળા તેમણે લોકોને જુદીજુદી રીતે શીખવાડી, આમ આ અવસર્પિણીકાળમાં તેમના સમયથી ખરેખર કર્મભૂમિની રીત શરૂ થઈ. સર્વવિરતિપણાની શરૂઆત પ્રભુની દીક્ષા થતાં થઈ તેમજ પ્રથમ દેશના વખતે ચતુર્વિધ સંઘની સ્થાપના થઈ. આમ શ્રી ઋષભદેવ દ્વારા આ ભૂમિપર કર્મ તેમજ ધર્મની 'આદિ' શરૂઆત થવાને કારણે પ્રભુ 'આદિનાથ' કહેવાય. આ ત્રીજા આરાના છેલ્લા ત્રીજા ભાગમાં છ સંઘયણ તેમજ છ સંઠાણ હોય છે. જીવો પાંચે ગતિઓમાં જઈ શકે છે. આ રીતે આ ત્રીજા આરામાં જીવને શિવ બનવા માટે યોગ્ય આ ભૂમિ બને છે.

ત્રીજો આરો પૂરો થતાં ચોથો આરો શરૂ થાય છે ત્યારે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યવ અનંત અનંત ઓછા થાય છે. આ આરો એક ક્રોડક્રોડી સાગરોપમ વર્ષમાં બેતાળીસ હજાર વર્ષ ઓછાનો હોય છે. આ આરામાં મનુષ્યોનું આયુષ્ય જઘન્ય અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વ વર્ષનું હોય છે તેમજ દેહમાન જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગનું અને ઉત્કૃષ્ટ




वज्रऋषभनाराच, ऋषभनाराच, नाराच, अर्धनाराच, कीलकु, छेवटु.

૫૦૦ ધનુષ્યનું હોય છે. આ આરામાં છ એ સંઘયણ અને છ એ સંઠાણ હોય છે. એ આરામાં મનુષ્યોને ૩૨ પાંસળીઓ તેમજ ઉતરતે આરે ૧૬ પાંસળીઓ હોય છે. આ આરામાં દરરોજ આહારની ઇચ્છા થાય છે. પુરુષો બત્રીસ કવળનો અને સ્ત્રીઓ ૨૮ ગ્રાસનો આહાર કરે છે.

આ આરામાં અરિહંતવંશ, ચક્રવર્તીવંશ તેમજ દશારવંશ નામના ત્રણ વંશ ઉત્પન્ન થાય છે. આ આરામાં બીજાથી માંડીને ચોવીશમા સુધીના તેવીસ તીર્થંકરો, બીજાથી બારમા સુધીના અગિયાર ચક્રવર્તીઓ તથા નવ વાસુદેવો, નવ બળદેવો તેમજ નવ પ્રતિવાસુદેવો એ ૬૧ ઉત્તમ શલાકા-સલાઘા-શ્લાઘનીય પુરુષો ઉત્પન્ન થાય છે. જે જ્યારે વાસુદેવ ઉત્પન્ન થાય છે ત્યારે કુતૂહલ પેદા કરનાર અને કલેશ કરાવનાર બ્રહ્મચારી નારદ પણ ઉત્પન્ન થાય છે. તે નારદ રાજાઓના અંતેઉરમાં જઈ શકે છે તેમજ ગગનગામિની લબ્ધિવાળા હોય છે. રાજાઓ તેમનું સન્માન કરી તેમને પ્રશ્ન પૂછે છે અને તેના જવાબમાં તે નારદ એક બીજાને કલેશ થાય તેવું કુતૂહલ કરે છે. (નારદનું આ વર્તન આપણને શ્રી જ્ઞાતાજી સૂત્રના 'અવરકંકા'—'અમરકંકા' નામના પહેલા શ્રુત સ્કધના અધ્યયનમાંથી જાણવા મળે છે.) ત્રીજા આરામાં પહેલા તીર્થંકર અને પહેલા ચક્રવર્તી એમ બે ઉત્તમ પુરુષો તથા આ ચોથા આરામાં ૬૧ ઉત્તમ પુરુષો એમ કુલ ૬૩ શ્લાઘા પુરુષો ઉત્પન્ન થાય છે. આ આરામાં છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર સ્વામી થયેલા છે. તેઓ ત્રીજા આરાના ત્રણવર્ષ અને સાડાઆઠમાસ બાકી રહેતાં સિદ્ધગતિ પામે છે. તેમનું શાસન હજીપણ જયવંતુ વર્તે છે.

ચોથો આરો પુરો થતાં એકવીશ હજાર વર્ષનો પાંચમો આરો શરૂ થાય છે. એ આરો શરૂ થતાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યવ અનંત અનંત ઓછા થયા. એ આરામાં શરૂઆતમાં ઘણા હાથની ઊંચાઈ હોય છે તથા સામાન્ય રીતે સાત હાથની ઊંચાઈ હોય છે અને ઉતરતે આરે એકહાથનું દેહમાન હોય છે. આ આરામાં શરૂઆતમાં સો વર્ષથી અધિક વર્ષનું તેમજ છેવટે વીસ વર્ષનું આયુષ્ય હોય છે. એ આરામાં છયે સંઘયણ અને સંઠાણ હોય છે તેમજ ઉતરતે છેવટું સંઘયણ અને હુંડ સંઠાણ હોય છે એ આરામાં બેસતાં સોળ અને ઉતરતે આઠ પાંસળીઓ હોય છે. આ આરામાં મનુષ્યોને દિન-દિન પ્રત્યે આહારની ઈચ્છા થતાં પોતાના શરીર પ્રમાણે આહાર કરે છે. એ આરામાં જમીનની સરસાઈ ઠીક

ઠીક સારી હોય છે પણ ઉતરતે આરે તો કુંભારના નીંભાડાની છાર જેવી હોય છે. એ આરામાં ગતિ ચાર હોય છે. (જોકે ચોથા આરાનો કોઈ મનુષ્ય જન્મેલો હોય તે પાંચમા આરામાં મોક્ષ જઈ શકે છે, પણ પાંચમા આરાનો જન્મેલો પાંચમા આરામાં મોક્ષ જઈ શકતો નથી તેથી અહીં ગતિ ચાર કહી છે.)

એ આરાના છેડે જૈન ધર્મ, અન્યધર્મો, રાજયનીતિ અને બાદર અગ્નિ વિચ્છેદ જશે. (અહીં છેડે એટલેકે કોઈ છેલ્લો દિવસ માનેછે તેમજ કોઈ છેલ્લા કેટલાક વર્ષ માને છે.) આ છેડાના સમયમાં ભરત-ઐરવતમાં મનુષ્યો, પશુઓ તથા પક્ષીઓ ઘણે ઠેકાણે અત્યંત કરૂણ આક્રંદ કરતા હોય છે તેથી 'હાહાકાર' (અત્યંત દુઃખદાયક સ્થિતિ) ઉત્પન્ન થાય છે તેમજ ભંભાભૂત, કોલાહલભૂત કાળ હોય છે. આ સમયે ઘણા તીવ્ર-કઠોર સ્પર્શવાળા વાયરાઓ વાય છે તે મનુષ્યોને અસહ્ય તેમજ ભયંકર લાગે છે. અશુભ વૃષ્ટિઓ તેમજ વાયરાથી નદી, દ્રહ, કુંડ, જળાશય વગેરે સુકાઈ જાય છે. ઘણા ખાડા-ટેકરા, કાંટા-કીચડ તેમજ ધૂળ વાળી જમીન થઈ જાય છે. અસહ્ય ગરમી પણ પડે છે તથા સંવર્તક વાયરાથી વિનાશ થાય છે.

આ કાળના છેડાના ભાગમાં ભરત–ઐરવતમાં ઘણી ઠંડી તેમજ ગરમીથી ઘણા મનુષ્યો મરણ પામે છે. બાકી રહેલા જીવો વૈતાઢયની દક્ષિણ બાજુની ગંગા–સિંધુને કિનારે આવેલા નવ–નવ [1] બિલોમાં રહે છે. દક્ષિણ ભરતાર્ધમાં ૩૬ અને ઉત્તર ભરતાર્ધમાં પણ ૩૬ બિલોમાં રહે છે. એ જ રીતે ઐરવત ક્ષેત્રના મનુષ્યો પણ રકતા અને રકતવતી નદીના ૩૬ બિલોમાં રહે છે. પક્ષીઓ વૈતાઢયપર્વત વગેરે સ્થળોએ રહે છે. આ બાકી રહેલા મનુષ્ય–તિર્યંચો બીજરૂપ મનુષ્ય કહેવાય છે. એ બીજરૂપ જીવોથી ઉત્સર્પિણીકાળમાં મનુષ્ય–તિર્યંચો ઉત્પન્ન થાય છે. તે સમયે ચારે નદીઓની (ગંગા–સિંધુ અને રકતા–રકતવતી) પ્રવાહ-પટ ગાડાના બે ચીલા જેટલો ટૂંકો થાય છે. જો કે કુંડમાંથી નીકળતી વખતે નદીનો પ્રવાહ ૬$\frac{૧}{૪}$ યોજન હોય છે પણ તે કાળના તે સમયના તે ક્ષેત્રના તાપ (ગરમી) વગેરેના પ્રભાવે શોષાઈ જવાથી નદીઓનો પ્રવાહ ઘણો ટૂંકો બની જાયછે. નદીઓના આવા પ્રવાહવાળું પાણી પણ ઘણું છીછરૂં હોય છે. તે પાણીમાં માછલા પણ ઘણા હોય છે. જાણેકે એ નદીઓ માછલાથી જ છલકાતી હોય તેવું જણાય છે. ભરત–ઐરવતના થઇને જંબૂદ્વીપમાં કુલ ૧૪૪ બિલો આવેલા છે.

એ આરામાં આષાઢ સુદ પુનમના દિવસે શકેંદ્રનું આસન ચળશે. તે વખતે શકેંદ્ર આસન ચળવાનું કારણ જાણવા ઉપયોગ મુકશે, તેથી તેને જણાશેકે આજે પાંચમો આરો ઉતરીને આવતી કાલે છઠ્ઠો આરો બેસશે. તે કારણ જાણીને ઇંદ્ર અહીં આવીને દુપસહ નામના સાધુ, ફાલ્ગુણી નામની સાધ્વીજી, જિનદાસ નામના શ્રાવક અને નાગશ્રી નામના શ્રાવિકાને કહેશેકે કાલે છઠ્ઠો આરો બેસવાનો છે માટે ધર્મ આરાધના કરી લો એ સાંભળી

---

૧અહીં બિલ એટલે વૈતાઢય પર્વતની ગુફા જેવા સ્થાન ન સમજવા પણ નદીની ભેખડોમાં રહેલા ગુફા જેવા પોલા સ્થાન જાણવા.

ચારે જીવો આલોવી, પડિક્કમી, નિંદી, નિઃશલ્યથઇને બધા જીવોને ખમાવીને સંથારો કરી એકાવતારી થશે. એ આરાના ૩૨ લક્ષણો કહયાછે તે અન્ય ગ્રંથોથી જાણવા.

જ્યારે પાંચમો આરો ઉતરીને છઠ્ઠો આરો બેસશે ત્યારે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યવ અનંત અનંત હીણા થશે. એ આરો એકવીસ હજાર વર્ષનો હોય છે. આ આરો ઘણો ભયંકર ત્રાસકારક હોય છે. પાંચમા આરાના છેડાના ભાગનું સ્વરૂપ બતાવ્યું છે, લગભગ એના જેવું જ સ્વરૂપ છઠ્ઠા આરામાં પણ ચાલુ રહે છે. આ આરામાં મનુષ્યોનું દેહમાન એક હાથનું અને ઉતરતે આરે મૂઢા હાથનું હોય છે. વીસ વર્ષનું આયુષ્ય એ આરામાં હોય છે તેમજ ઉતરતા આરામાં ૧૬ વર્ષનું આયુષ્ય હોય છે. એ આરામાં એક છેવટ્ઠું સંઘયણ અને હુંડ સંઠાણ થાય છે. આ આરામાં આઠ પાંસળીઓ હોય છે અને ઉતરતા આરામાં ચાર પાંસળીઓ હોય છે.

આ આરામાં મનુષ્યો ગંગા-સિંધુ વગેરે મોટી નદીઓના કિનારે રહેલા બિલોમાં વસતા મનુષ્યો હોય છે. તે મનુષ્યો સૂર્યોદયથી એક મુહૂર્ત પછી બિલમાંથી જલ્દી જલ્દી બહાર નીકળે છે અને દોડીને નદીમાંથી માછલાં પકડીને કિનારા ઉપર લાવીને નાંખે છે તથા એક મુહૂર્ત પુરૂં થતાં જલ્દીથી બિલમાં પાછા જતા રહે છે. સવારથી સૂર્ય ઘણો તપે છે તેથી સખત ગરમી પડે છે અને રાત્રે ઘણી ઠંડી પડવાને લીધે બહાર રહેવાતું નથી. નદી કિનારાની રેતીમાં નાંખેલા-દાટેલા માછલા આખા દિવસની ઘણી ગરમીથી અને રાતની ઘણી ઠંડીથી શોષાઈ જાય છે. શોષાઈ જવાથી કલેવરો રસ વગરના બની જાય છે. આવા સૂકા માછલાં તે મનુષ્યો ખાય છે. જીવતા અને શોષાયા વગરના માછલા પચી શકે તેવી તેમની જઠરાગ્નિ હોતી નથી. આ પ્રમાણે તેમનું જીવન ચાલે છે.

તે મનુષ્યો કાળા, કદરૂપા અને કુદર્શની હોય છે. તેઓને આચાર વિચારનું ભાન રહેતું નથી. કોણ મા, કોણ બહેન કે કોણ સ્ત્રી એવું ભાન પણ રાખતા નથી. તેઓ નાના-મોટાની મર્યાદાનો વિચાર કરતા નથી. તેઓ તિર્યંચ જેવી વ્યભિચારી વૃત્તિવાળા હોય છે. આ આરામાં સ્ત્રીઓ જલ્દીથી યુવાનીના ઉંબરામાં પ્રવેશે છે. તેઓ ઘણા વિષયવાળી હોય છે, તેથી થોડા આયુષ્યમાં પણ ઘણા બાળકો થાય છે. તેઓ ભૂંડણીની જેમ ઘણા બાળકોને લઇને ફરે છે. બાળકના જન્મ વખતે મહાકષ્ટ હોય છે. આ મનુષ્યો કોઈ પણ જાતના વ્રત-નિયમકે પચખાણ વગરના હોય છે. મોટે ભાગે તેઓ ધર્મસંજ્ઞા વગરના હોય છે. (આ આરામાં ધર્મ હોય નહીં પણ બીજ રૂપ મનુષ્યોમાં કોઈ સમકિત દૃષ્ટિવાળો પણ જીવ હોય તેથી સમકિતને કારણે ધર્મસંજ્ઞા હોવાનો સંભવ છે. તેઓ સમકિત દૃષ્ટિવાળા હોવા છતાં પણ દેશવિરતિ કે સર્વવિરતિ (શ્રાવકપણું કે સાધુપણું) ધર્મનું અસ્તિત્વ રહેતું નથી. આવા અતિક્રુર ચિત્તવાળા મનુષ્યો મરીને ખાસ કરીને દુર્ગતિઓમાં જાય છે. બીજરૂપ બિલવાસી મનુષ્યોમાં કોઈ કોઈ જીવ તુચ્છ ધાન્ય વગેરે હલકો આહાર હોય છે. આવો જીવ કલેશ વગરના (અક્લિષ્ટ) અધ્યવસાય વાળા હોય છે, તેવા જીવ દેવલોકમાં જઈ શકે છે તેમજ મનુષ્ય ગતિમાં પણ જઈ શકે છે. નદી કિનારા પાસેની જમીન ઉપર તુચ્છ ધાન્ય વગેરેની શકયતા છે. આ રીતે છઠ્ઠા આરાના ભાવ ટૂંકાણમાં વર્ણવ્યા છે.

આ અવસર્પિણી કાળથી વિપરીત સ્વરૂપનો ઉત્સર્પિણી કાળનો પહેલો આરો દુઃષમ દુઃષમ નામનો છે. આ આરો છઠ્ઠા આરા જેવો એકવીસ હજાર વર્ષનો છે. શરૂઆતથી અંત સુધી દરેક સમયે વર્ણ, ગંધ રસ, સ્પર્શ સંઘયણ, સંઠાણ તેમજ આયુષ્ય વગેરેના ભાવોમાં શુભપણાની વૃદ્ધિથાય છે અને પ્રાવૃષ ઋતુ વગેરે ૧૪ બોલવાળા સમયમાં આ કાળ શરૂ થાય છે.

એકવીસ હજાર વર્ષનો પહેલો આરો પુરો થયા પછી બીજો પણ દુઃષમ નામનો એકવીસહજાર વર્ષનો અને અવસર્પિણી કાળના પાંચમા આરા જેવો આ બીજો આરો શરૂ થાય છે. આ આરામાં 'પુષ્કળાવર્ત' નામનો મહામેઘ ગાજવીજ સાથે ૭ દિવસ-રાત અખંડ મુશળધારાએ વરસે છે. એને કારણે આજસુધી ગરમ થયેલી ઉષ્ણભૂમિ ઘણી શીતળ બની જાય છે. ત્યારપછી બીજો 'ક્ષીર' નામનો મહામેઘ ૭ દિવસ-રાત વરસે છે. તેના પરિણામે શુભવર્ણ-ગંધ-રસ-સ્પર્શ ઉત્પન્ન થાય છે. આ બીજા વરસાદ પછી સાત દિવસનો ઉઘાડ થાય છે. ત્યાર પછી સાત દિવસ ત્રીજો 'ધૃત' મહામેઘ વરસે છે, તેને કારણે ધરતીમાં સ્નિગ્ધતા (સરસાઈ) ઉત્પન્ન થાય છે. ત્યારપછી 'અમૃત' નામનો ચોથો મહામેઘ સાત દિવસ-રાત વરસે છે. તેનાથી વૃક્ષ-ગુચ્છ-ગુલ્મ-લતા વગેરે ઘણી જાતની વનસ્પતિ તથા ચોવીસ જાતના ધાન્યના અંકુર ઉત્પન્ન થાય છે. આ વરસાદ પછી સાત દિવસનો ઉઘાડ શરૂ થાય છે. ત્યારબાદ પાંચમો 'રસ' નામનો મહામેઘ વરસે છે અને તે પણ સાત દિવસ-રાતનો હોય છે. આ પાંચમા વરસાદને કારણે વનસ્પતિ પાંચ રસવાળી બને છે. વનસ્પતિ ઠેર ઠેર ઉગેલી જોવા મળે છે તે જોઈ બિલવાસી મનુષ્યો બહાર નીકળતાં આનંદ પામે છે તેમને હરવા-ફરવા જેવી ભૂમિ જણાય છે. આવી મનમોહક અને સુંદર ધરતી જોઇ એકબીજાને બોલાવીને બધા ભેગા થાય છે. બધા જગ્યાએ વનસ્પતિ ઉત્પન્ન થયેલી હોવાથી આજથી માંસાહાર ન કરવો પણ વનસ્પતિનો આહાર કરવો એવો નિશ્ચય તેમજ નિર્ણય કરે છે. જે મનુષ્ય માંસાહાર કરે તેને સમુદાયથી બહાર કરીને તેની છાયામાં પણ ન રહેવું એવો પણ નિર્ણય કરે છે. આ રીતે બિલવાસી મનુષ્યો હવે માંસાહારને બદલે વનસ્પતિનો આહાર કરે છે. સમય વીતતાં વીતતાં છ યે સંઘયણ તેમજ સંઠાણ ઉત્પન્ન છે. ધીરે ધીરે આયુષ્ય પણ વધતું જાય છે અને દેહમાન પણ સાત હાથનું થાય છે.

બીજો આરો પુરો થતાં ત્રીજો દુઃષમ સુષમ નામનો આરો શરૂ થાય છે. આ આરામાં દેહમાન પાંચસો ધનુષ્યનું હોય છે અને આયુષ્ય પણ વધતાં ક્રોડપૂર્વ વર્ષનું થાય છે. આ આરામાં પાંચ ગતિ ચાલુ થાય છે એટલે કે જીવો સિદ્ધગતિમાં જાય છે. આ રીતે આ આરાના બધા ભાવ અપસર્પિણી કાળના ચોથા આરા જેવા હોય છે.

આ ત્રીજા આરા પહેલા તો લોક વ્યવહાર બરાબર ન હતો તો પછી એ કેવી રીતે શરૂ કર્યો એવો વિચાર ઉત્પન્ન થાય છે. તેના જવાબમાં પૂર્વાચાર્યોનો પરંપરાથી મત છે કે જે પહેલા તીર્થંકર થાય છે તે કર્મભૂમિની વ્યવસ્થાનો વ્યવહાર ચલાવતા નથી પણ તે ક્ષેત્રના અધિષ્ઠાયક દેવના નિમિત્તો વ્યવહાર શરૂ થાય છે. અથવા તે સમયના મનુષ્યો ઉત્પાત્તિયા બુદ્ધિવાન હોય છે તેવા પુરુષો વ્યવહાર ચાલુ કરે છે. અથવા જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થાય

તેવો પુરુષો પણ વ્યવહાર શરૂ કરે છે. ગામ, નગર, રાજય વગેરેની પ્રવૃત્તિ પણ આ ઉપરની રીતે ચાલુ થતી જણાય છે; એથી કુલકરોની ઉત્પત્તિનો પ્રશ્ન રહેતો નથી.

ત્રીજો આરો પુરો થતાં સુષમ દુઃષમ નામનો ચોથો આરો શરૂ થયો છે. એ આરો અવસર્પિણી કાળના ત્રીજા આરા જેવો હોય છે. એ આરાના બે ક્રોડાક્રોડી સાગરોપમ વર્ષ છે. તેના ત્રણ ભાગ કરતાં ૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬૬$\frac{2}{3}$ સાગરોપમ પ્રમાણના પહેલા ત્રિભાગમાં રાજય ધર્મ, ચારિત્ર ધર્મ, અન્ય ધર્મો તેમજ બાદર અગ્નિ આ ભરત ઐરવત ક્ષેત્રની ભૂમિ ઉપરથી વિચ્છેદ જાય છે. આ આરાના ત્રણ વર્ષ અને સાડાઆઠ માસ પુરા થતાં ચોવીસમા તીર્થંકરની ઉત્પત્તિ થાય છે તેમજ એક ચક્રવર્તી પણ જન્મે છે. ત્યાર પછીના બીજા અને ત્રીજા ભાગમાં યુગલધર્મ હોય છે.

એ ચોથો આરો પુરો થતાં પાંચમો સુષમ અને છઠ્ઠો સુષમ સુષમ નામનો આરો શરૂ થાય છે. તેના બધા ભાવ અવસર્પિણીના બીજા તથા પહેલા આરા જેવા હોય છે. આ રીતે બાર આરા રૂપ કાળચક્ર ચાલે છે. આમ અનેક કાળચક્રો આ ક્ષેત્રોમાં આજ સુધી વીત્યા છે અને ભવિષ્યકાળમાં પણ એજ રીતે વીત્યા કરશે. તેથી કાળચક્રનું આવું સ્વરૂપ જાણી જે આત્મા ધર્મ આરાધન કરશે તે સુખી થશે. વિશેષ ભાવ જાણવાની ઈચ્છાવાળા જિજ્ઞાસુઓએ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર તેમજ ક્ષેત્રનું વર્ણન કરતા ગ્રંથો સુજ્ઞ આત્માઓ પાસેથી જાણવા.

# [1]છપ્પન અંતરદ્વીપ

જંબૂદ્વીપના વર્ણનમાં મનુષ્યોની હકીકત બતાવી. કર્મભૂમિ, અકર્મભૂમિના મનુષ્યો સિવાયના અંતરદ્વીપના પણ મનુષ્યો છે. તે મનુષ્યો છપ્પન અંતરદ્વીપમાં વસે છે તેથી તેમને છપ્પન અંતરદ્વીપના મનુષ્યો કહે છે. અન્તઃ– જળની અંદર રહેલા હોવાથી તે દ્વીપને અંતર્દ્વીપ કહે છે. અથવા એક બીજાથી અમુક અમુક અંતર અંતરે (દૂર-દૂર) રહેલા દ્વીપને અંતરદ્વીપ કહે છે.

ચુલ્લહેમવંત નામના પર્વતને ગજદંતના આકારની ચાર દાઢા નીકળેલી છે. એ દાઢાના પૂર્વ અને પશ્ચિમ છેડા લવણસમુદ્રના પાણીથી સ્પર્શાયેલા છે. એ દાઢાનો એક વિભાગ દક્ષિણ તરફ વધતો વધતો જગતી જે પ્રમાણે વાંકી થતી જાય છે એ રીતે ગયેલ છે અને બીજો વિભાગ ઉત્તર તરફ વધતો વધતો જગતી તરફ ગયેલો છે. પૂર્વ સમુદ્રમાં જેમ આ વિભાગ થયેલા છે તેમ પશ્ચિમ સમુદ્ર તરફ દાઢાના ઉત્તર-દક્ષિણ વિભાગ થયેલ છે. લવણ સમુદ્રના પાણીનો સ્પર્શ થાય છે ત્યાંથી ઈશાન વગેરે ચારે વિદિશા (ખૂણા) એમાં દાઢાઓ ગયેલી છે. આ ચાર દાઢાઓમાં પૂર્વછેડાની ઉત્તર તરફ ગયેલી ઇશાન ખૂણાની દાઢા તે પહેલી દાઢા કહેવાય છે. દક્ષિણ તરફ ગયેલી અગ્નિખૂણાની દાઢા તે બીજી દાઢા કહેવાય છે. પશ્ચિમ તરફ ગયેલા છેડાની દક્ષિણ બાજુ વળેલી નૈર્ઋત્ય ખૂણાની દાઢા તે ત્રીજી દાઢા કહેવાય છે તેમજ ઉત્તર બાજુ વળેલી વાયવ્ય ખૂણાની દાઢા તે ચોથી દાઢા કહેવાય છે.





આ ચાર દાઢામાંથી ઈશાન તરફની દાઢામાં જગતીના છેડાથી લવણસમુદ્રમાં ત્રણસો યોજન જતાં ત્રણસો યોજન લાંબો-પહોળો પહેલો દ્વીપ આવે છે. એ દ્વીપનો ઘેરાવો (પરિધિ–Circumferance) નવસો ઓગણ પચાસ યોજનથી સહેજ ઓછો છે. આ દ્વીપની ચારે બાજુ એક પદ્મવરવેદિકા છે. તેને ઘેરીને એક વનખંડ આવેલ છે.

---

૧=જીવાભિગમ સૂત્ર. ત્રીજી પ્રતિપત્તિ ઉદ્દેશો ત્રીજો તથા ઠાણાંગ સૂત્ર ચોથા ઠાણાનો બીજો ઉદ્દેશો.

જંબૂદ્વીપની જગતી ઉપર બતાવેલ છે તેવીજ આ પદ્મવરવેદિકા તથા વનખંડ છે. તેનું વિશેષ વર્ણન જીવાભિગમ સૂત્ર તથા રાયપશેણીય સૂત્રમાં જોતાં સમજાય તેવું છે. આ દ્વીપ જંબૂદ્વીપ તરફ અઢીયોજન ઉપરાંત પંચાણુઆ વીસ ભાગ જેટલો જળ ઉપર છે એટલે કે એટલો જળથી ઊંચો દેખાય છે અને લવણ સમુદ્ર તરફ બે કોશ જેટલો જળ ઉપર છે. અહીંના મનુષ્યો દશ પ્રકારના કલ્પવૃક્ષથી આજીવિકા ચલાવે છે. આ અંતરદ્વીપનું વર્ણન કરતી વખતે શાસ્ત્રકારે કલ્પવૃક્ષોનું ખૂબજ વિસ્તારથી વર્ણન કરેલું છે. આ દ્વીપના સ્ત્રી-પુરુષોના લક્ષણો પણ શાસ્ત્રમાં બતાવ્યા છે. અહીં ત્રીજા આરા ના જેવા ભાવ વર્તે છે. આ દ્વીપના મનુષ્યો અને તિર્યંચો પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુષ્યવાળા હોય છે. આ સ્થળે વસતા મનુષ્યો યુગલીયા હોય છે. તે મનુષ્યોનો ચોસઠ પાંસળીઓ હોય છે તથા એક દિવસને આંતરે આહારની ઈચ્છા થાય છે. તેઓ સંતાનયુગલનું પાલન પોષણ ૭૯ દિવસ કરે છે. તેઓને ક્ષુધાવેદનીય કર્મનો ઉદય એક દિવસ છોડીને બીજે દિવસેજ થાય છે તેથી તેઓ ખાતા નથી છતાં પણ તેઓ ઈચ્છાપૂર્વક-સમજીને આહારત્યાગ કરતા નથી તેથી તેઓને તપ કરતાં જેવી નિર્જરા થાય છે તેવી નિર્જરા થતી નથી. તેઓ ઈચ્છાપૂર્વક આહાર છોડી શકતા નથી. પોતાના યુગલપતિની ઊંચાઈથી થોડી ઓછી યુગલ સ્ત્રીની ઊંચાઈ હોય છે. યુગલ સંતાનનું પાલન પોષણ-રક્ષણ કરીને માતાપિતા આયુષ્યપૂર્ણ કરે છે. તેઓ ભવનપતિ કે વાણવ્યંતર દેવમાં ઉત્પન્ન થાય છે. ટૂંકમાં ભૂમિ-કલ્પવૃક્ષ વગેરેનું સ્વરૂપ હેમવંતયુગલીયા વગેરે ક્ષેત્રના જેવું છે.

એ દાઢામાં એ દ્વીપથી ચારસો યોજન જતાં ચારસો યોજન લાંબો-પહોળો 'હયકર્ણ' નામનો બીજો દ્વીપ આવે છે. તેનો ઘેરાવો બારસો પાંસઠ યોજનથી થોડો ઓછો છે. આ દ્વીપ પણ જંબૂદ્વીપ તરફ અઢી યોજન ઉપરાંત પંચાણુઆ નેવું ભાગ જેટલો જળ ઉપર છે અને લવણ સમુદ્રની દિશામાં બે કોશ જેટલો પાણી ઉપર છે. એજ દાઢા ઉપર એ દ્વીપથી પાંચસો યોજન જતાં પાંચસો યોજન લાંબો-પહોળો 'આદર્શ મુખ' નામનો ત્રીજો દ્વીપ આવે છે. તેનો ઘેરાવો પંદરસો એકાશી યોજનનો છે. જંબૂદ્વીપ તરફ એની જળ ઉપરની ઊંચાઈ સાડાત્રણ યોજન અને પંચાણુઆ પાંસઠ ભાગ જેટલી છે અને લવણ સમુદ્ર તરફ બે કોશ જેટલી ઊંચાઇ છે. એ દાઢા ઉપર આ ત્રીજા દ્વીપથી છ સો યોજન જતાં છ સો યોજન લાંબો-પહોળો ચોથો દ્વીપ 'અશ્વમુખ' નામનો દ્વીપ આવે છે. તેનો ઘેરાવો અઢારસો સત્તાણુ યોજનનો છે. પાણી ઉપર તેની ઊંચાઇ સાડાચાર યોજન અને પંચાણુઆ ચાલીસ ભાગની છે અને લવણ સમુદ્ર તરફ બે કોશની ઊંચાઇ છે. ત્યાંથી એ દાઢામાં સાતસો યોજન જતાં સાતસો યોજન લાંબો-પહોળો પાંચમો 'અશ્વકર્ણ' નામનો દ્વીપ આવેલો છે. તેનો ઘેરાવો બે હજાર બસો તેર યોજન છે. જંબૂદ્વીપ તરફ તેની પાણીથી ઊંચાઈ સાડા પાંચ યોજન અને પંચાણુઆ પંદર ભાગની છે અને લવણ સમુદ્ર તરફ બે કોશની ઊંચાઈ છે. ત્યાર પછી એ દાઢામાં આઠસો યોજન જતાં આઠસો યોજન લાંબો-પહોળો છઠ્ઠો 'ઉલ્કામુખ' નામનો દ્વીપ આવેલ છે. તેનો ઘેરાવો પચ્ચીસસો ઓગણત્રીશ યોજનનો છે. જંબૂદ્વીપ તરફ તેની પાણીથી ઊંચાઈ સાડા પાંચ યોજન અને પંચાણુઆ પંચાશી ભાગની છે. અને લવણ સમુદ્ર તરફ બે કોશ ઊંચો છે. ત્યાંથી એ દાઢા ઉપર નવસો યોજન જતાં નવસોં

યોજન લાંબો - પહોળો સાતમો 'ઘનદંત' નામનો દ્વીપ આવેલો છે. એનો ઘેરાવો અઠ્ઠાવીસસો પીસ્તાળીશ યોજનનો છે. જંબૂદ્વીપ તરફ એ સાડા છ યોજન ને પંચાણુઆ સાઠ ભાગ જેટલો જળ ઉપર છે અને લવણ સમુદ્ર તરફ બે કોશ ઊંચો છે.

આ સાત દ્વીપો છે તે જ રીતે તેટલીજ લંબાઇ - પહોળાઇ, અંતર તથા જગતીથી દૂર તેમજ પાણી ઉપરની ઊંચાઇવાળા સાત - સાત દ્વીપો અગ્નિખૂણા વગેરે ત્રણે ખૂણાઓની દાઢાઓ ઉપર આવેલા છે. હવે તે અંતરદ્વીપોનું વર્ણન અગ્નિખૂણા વગેરે ક્રમે બતાવેલ છે તે નીચે પ્રમાણે છે:—

અગ્નિખૂણામાં જગતીથી ત્રણસો યોજન જતાં ત્રણસો યોજન લાંબો - પહોળો પહેલો 'આભાષિક' નામનો દ્વીપ છે. ત્યાંથી ચારસો યોજન જતાં ચારસો યોજન લાંબો - પહોળો બીજો 'ગજકર્ણ' નામનો દ્વીપ છે. ત્યાર પછી પાંચસો યોજન જતાં પાંચસો યોજન લાંબો - પહોળો ત્રીજો 'મેંઢમુખ' નામનો દ્વીપ છે. પછી છસો યોજન જતાં છસો યોજન લાંબો - પહોળો ચોથો 'હસ્તિમુખ' નામનો દ્વીપ છે. ત્યારબાદ સાતસો યોજન જતાં સાતસો યોજન લાંબો - પહોળો પાંચમો 'સિંહકર્ણ' નામનો દ્વીપ છે. ત્યાંથી આઠસો યોજન જતાં આઠસો યોજન લાંબો - પહોળો છઠ્ઠો 'મેઘમુખ' નામનો દ્વીપ છે અને ત્યારપછી આ ખૂણામાં નવસો યોજન જતાં નવસો યોજન લાંબો - પહોળો સાતમો 'લષ્ટદંત' નામનો દ્વીપ છે. આ બધાનો ક્રમ તેમજ સ્વરૂપ ઇશાન ખૂણાના દ્વીપ માટે કહ્યું છે તે જ પ્રમાણે છે ફક્ત નામનો જ તફાવત છે.

એ પ્રમાણે નૈર્ઋત્ય કોણમાં પહેલો વૈષાણિક, બીજો ગોકર્ણ, ત્રીજો અયોમુખ, ચોથો સિંહમુખ, પાંચમો અકર્ણ, છઠ્ઠો વિદ્યુન્મુખ અને સાતમો ગૂઢદંત નામનો દ્વીપ છે. વાયવ્ય કોણમાં નાંગોલિક, શષ્કુલીકર્ણ, ગોમુખ, વ્યાઘ્રમુખ, કર્ણપ્રાવરણ, વિદ્યુદ્દન્ત અને શુદ્ધદન્ત નામના સાત દ્વીપો છે. આ રીતે ચારે વિદિશાઓના કુલ અઠ્ઠાવીસ અંતરદ્વીપ છે.

ચારે દાઢા ઉપર ૩૦૦–૩૦૦ યોજન દૂર જતાં પહેલા ચાર દ્વીપ આવે તેને પહેલું ચતુષ્ક કહે છે. એ પ્રમાણે ૪૦૦–૪૦૦ યોજન દૂર જતાં બીજા ચાર દ્વીપ આવે તેને બીજું ચતુષ્ક કહે છે. એ રીતે ત્રીજું, ચોથું, પાંચમું, છઠ્ઠું અને સાતમું ચતુષ્ક છે. આ સાત ચતુષ્કના અઠ્ઠાવીસ દ્વીપો થયા. અંતરદ્વીપો તો ૫૬ છે પરંતુ આ જે અઠ્ઠાવીશ કહ્યા છે, તે દ્વીપોમાં ઘણી સમાનતા હોવાને કારણે અઠ્ઠાવીશ કહ્યા છે. ક્ષેત્ર અને પર્વતના ભેદને કારણે છપ્પન થાય છે. જેવી ચુલ્લહેમવંત પવતની પૂર્વ - પશ્ચિમ સમુદ્રમાં દાઢાઓ છે તેવી અઠ્ઠાવીશ અંતરદ્વીપ થયા તેવી રીતે શિખરી પર્વતની ચાર દાઢાઓ ઉપર પણ બીજા અઠ્ઠાવીશ અંતરદ્વીપ છે. આમ કુલ છપ્પન અંતર દ્વીપો છે.

# છપ્પન અંતરદ્વીપનું કોષ્ટક

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | અંતરદ્વીપ | પહેલા ચાર દ્વીપ | બીજા ચાર દ્વીપ | ત્રીજા ચાર દ્વીપ | ચોથા ચાર દ્વીપ | પાંચમા ચાર દ્વીપ | છઠ્ઠા ચાર દ્વીપ | સાતમા ચાર દ્વીપ |
| (૨) | જગતીથી દૂર | ૩૦૦ યોજન | ૪૦૦ યોજન | ૫૦૦ યોજન | ૬૦૦ યોજન | ૭૦૦ યોજન | ૮૦૦ યોજન | ૯૦૦ યોજન |
| (૩) | પહેલાના દ્વીપ થી કેટલે દૂર? | ૩૦૦ યોજન જગતીથી | ૪૦૦ યોજન પૂર્વ દ્વીપથી | ૫૦૦ યોજન પૂર્વ દ્વીપથી | ૬૦૦ યોજન પૂર્વ દ્વીપથી | ૭૦૦ યોજન પૂર્વ દ્વીપથી | ૮૦૦ યોજન પૂર્વ દ્વીપથી | ૯૦૦ યોજન પૂર્વ દ્વીપથી |
| (૪) | વૃત્ત વિસ્તાર | ૩૦૦ યોજન | ૪૦૦ યોજન | ૫૦૦ યોજન | ૬૦૦ યોજન | ૭૦૦ યોજન | ૮૦૦ યોજન | ૯૦૦ યોજન |
| (૫) | જંબૂદ્વીપ તરફ-થી જળ ઊંચા | ૨ાા ૪/૯૫ યો. | યો. ૨ાા ભાગ ૯૦ | યો. ૩ાા ભાગ ૬૫ | યો. ૪ાા ભાગ ૪૦ | યો. ૫ાા ભાગ ૧૫ | યો. ૫ાા ભાગ ૮૫ | યો. ૬ાા ભાગ ૬૦ |
| (૬) | શિખા તરફ જળથી ઊંચા | બે ગાઉ | બે ગાઉ | બે ગાઉ | બે ગાઉ | બે ગાઉ | બે ગાઉ | બે ગાઉ |
| (૭) | કાળ | ત્રીજા આરાના છેડા જેવો | ત્રીજા આરાના છેડા જેવો | ત્રીજા આરાના છેડા જેવો | ત્રીજા આરાના છેડા જેવો | ત્રીજા આરાના છેડા જેવો | ત્રીજા આરાના છેડા જેવો | ત્રીજા આરાના છેડા જેવો |
| (૮-૯) | મનુષ્ય-તીર્યંચ | યુગલીયા | યુગલીયા | યુગલીયા | યુગલીયા | યુગલીયા | યુગલીયા | યુગલીયા |
| (૧૦-૧૧) | પાંસળીઓ –આહારાંતર અપત્ય પાલન | ૬૪ તથા એકાંતરે અને ૭૯ દિવસ | ૬૪ તથા એકાંતરે અને ૭૯ દિવસ | ૬૪ તથા એકાંતરે અને ૭૯ દિવસ | ૬૪ તથા એકાંતરે અને ૭૯ દિવસ | ૬૪ તથા એકાંતરે અને ૭૯ દિવસ | ૬૪ તથા એકાંતરે અને ૭૯ દિવસ | ૬૪ તથા એકાંતરે અને ૭૯ દિવસ |
| (૧૩) | શરીર માન (ઊંચાઈ) | ૮૦૦ ધનુષ્ય | ૮૦૦ ધનુષ્ય | ૮૦૦ ધનુષ્ય | ૮૦૦ ધનુષ્ય | ૮૦૦ ધનુષ્ય | ૮૦૦ ધનુષ્ય | ૮૦૦ ધનુષ્ય |
| (૧૪) | આયુષ્ય | | (બધામાં | પલ્યોપમનો | અસંખ્યાતમો | ભાગ) | | |
| (૧૫) | દ્વીપની પરિધિ | ૯૪૯ યો. | ૧૨૬૫ યો. | ૧૫૮૧ યો. | ૧૮૯૭ યો. | ૨૨૧૩ યો. | ૨૫૨૯ યો. | ૨૮૪૫ યો. |

મેરૂ પર્વતથી દક્ષિણ દિશામાં રહેલા ચુલહેમવંત પર્વતથી નીચે બતાવેલ દિશાના ચરમાંતમાં લવણસમુદ્રમાં તેટલા યોજને આ ૨૮ અંતરદ્વીપો છે:—

| ક્રમ | દિશા | પહેલા ચાર દ્વીપ | બીજા ચાર દ્વીપ | ત્રીજા ચાર દ્વીપ | ચોથા ચાર દ્વીપ | પાંચમા ચાર દ્વીપ | છઠ્ઠા ચાર દ્વીપ | સાતમા ચાર દ્વીપ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઈશાન | એકોરૂક | હયકર્ણ | આદર્શ મુખ | અશ્વમુખ | અશ્વકર્ણ | ઉલ્કામુખ | ઘનદંત |
| ૨ | અગ્નિ | આભાષિક | ગજકર્ણ | મેંઢમુખ | હસ્તિમુખ | સિંહકર્ણ | મેઘમુખ | લષ્ટદંત |
| ૩ | નૈર્ઋત્ય | વૈષાણિક | ગોકર્ણ | અયોમુખ | સિંહમુખ | અકર્ણ | વિદ્યુન્મુખ | ગૂઢદંત |
| ૪ | વાયવ્ય | નાંગોલિક | શષ્કુલીકર્ણ | ગોમુખ | વ્યાઘ્રમુખ | કર્ણપ્રાવરણ | વિદ્યુદ્દન્ત | શુદ્ધદંત |
| અવગાહના યો. | | ૩૦૦ યો. | ૪૦૦ યો. | ૫૦૦ યો. | ૬૦૦ યો. | ૭૦૦ યો. | ૮૦૦ યો. | ૯૦૦ યો. |
| લંબાઈ-પહોળાઈ યો. | | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, |
| પરિધિ યોજન | | ૯૪૯ યો. | ૧૨૬૫ યો. | ૧૫૮૧ યો. | ૧૮૯૭ યો. | ૨૨૧૩ યો. | ૨૫૨૯ યો. | ૨૮૪૫ |

તથા મેરૂ પર્વતની ઉત્તર દિશામાં રહેલા શિખરી પર્વતની દાઢાઓમાં અહીં ઉપર બતાવેલી દિશામાં એ જ નામ તેમજ ઋદ્ધિવાળા ૨૮ દ્વીપો છે. આમ બંને મળી ૫૬ અંતરદ્વીપો થાય છે. એકોરૂક વગેરે દ્વીપોમાં રહેતા મનુષ્યો 'તાત્સ્થ્યાત્ તદ્ વ્યપદેશઃ' તે પ્રદેશમાં રહેવાને કારણે એકોરૂક દ્વીપના વસનારા મનુષ્યોને બદલે એકોરૂક મનુષ્ય કહેવાય છે. જેમ ભારતમાં રહેનાર 'ભારતી' કહેવાય છે તેમ અહીં સમજવું.

[1] આ દ્વીપોની લંબાઈ-પહોળાઈ માટે વર્ણન તેમજ કોષ્ટક જણાવ્યા અને હવે તે સમજવાની યુકિત સંગ્રહ ગાથાઓથી બતાવી છે:—

લંબાઈ-પહોળાઈ તથા અવગાહના માટે:—

જસ્સ ય જો વિકખંભો, ઓગાહો તસ્સ તત્તિઓ ચેવ।
[2] પઢમાઈણ પરિરઓ, સેસાણં જાણ અહિઓ॥

હવે સંગ્રહ ગાથાઓ કહી છે:—

પઢમંમિ તિન્નિ ઉ સયા, સેસાણ સ ઉત્તરા નવ ઉ જાવ।
ઓગાહં વિકખંભં, દીવાણં પરિરયં વોચ્છં ॥૧॥

પહેલા ચાર દ્વીપની લંબાઈ-પહોળાઈ ૩૦૦ યોજનની છે, બીજા ચાર દ્વીપની ૪૦૦ યોજનની છે, એ પ્રમાણે અનુક્રમે ૯૦૦ યોજન સુધી લંબાઈ પહોળાઈ અનુક્રમે સાતમા ચાર દ્વીપની છે અને હવે તે દ્વીપોનો ઘેરાવો-પરિધિ (આગળની ગાથાઓમાં) કહે. (૧)

પઢમ ચઉક્ક પરિરયા, બીય ચઉક્કસ્સ પરિરઓ અહિઓ।
સોલેહિં તિહિ ઉ જોયણસએહિં, એવમેવ સેસાણં ॥૨॥

પહેલા ચતુષ્ક (૪ દ્વીપો)ની જેટલી પરિધિ છે, તેનાથી બીજા ચતુષ્કની પરિધિ ત્રણસો સોળ યોજન વધારે હોય છે. એ પ્રમાણે સાતે ચતુષ્કોની પરિધિ છે. (૨)

એગોરુય પરિકખેવો, ણવ ચેવ સયાઇં અઉણપન્નાઇં।
બારસ પન્નટ્ઠાઈં, હયકણ્ણાણં પરિકખેવો ॥૩॥

એકોરૂક (આદિ ૪) દ્વીપની ૯૪૯ યોજનની પરિધિ છે. હયકર્ણાદિ (ચાર દ્વીપની) ૧૨૬૫ યોજનની પરિધિ છે. (૩)

પણ્ણરસ એક્કાસીયા, આયંસમુહાણ પરિસ્ઓ હોઇ।
અટ્ઠારસ સત્ત નઉયા, આસમુહાણં પરિકખેવો ॥૪॥

૧૫૮૧ યોજનનો ઘેરાવો આદર્શમુખાદિ (૪ દ્વીપો)નો છે અને ૧૮૯૭ યોજનની પરિધિ અશ્વમુખ(વગેરે ૪ દ્વીપોની છે. (૪)

બાવીસં તેરાઇ પરિકખેવો, હોઇ આસકણ્ણાણં।
પણવીસ અઉણતીસા, ઉક્કામુહ પરિરઓ હોઇ॥ ૫ ॥

૨૨૧૩ યોજન ઘેરાવો અશ્વકર્ણાદિ (૪ દ્વીપો)નો છે અને ૨૫૨૯ યોજન ઘેરાવો ઉલ્કામુખાદિ (૪ દ્વીપો) નો છે. (૫)

દો ચેવ સહસ્સાઇં, અટ્ઠેય સયા હવંતિ પણયાલા।
ઘણદંત દીવાણં, વિસેસ મહિઓ પરિકખેવો ॥ ૬ ॥

૨૮૪૫ યોજન પરિધિ ઘનદંતાદિ (૪ દ્વીપો)ની છે. (૬)

---

૧ જીવાભિગમજી સૂત્ર ભાગ બીજો, પ્રતિપત્તિ ત્રીજી. પૂ. શ્રી. ઘાસીલાલજી મહારાજ ૨ જીવાભિગમ સૂત્ર પ્ર. ૩ ઉ. ૩

[3] આ છપ્પન અંતર્દ્વીપના વર્ણનરૂપ સંગ્રહ ગાથાઓ :—

ચુલ્લહિમવંતપુવ્વારેણ વિદિસાસુ સાગરં તિસએ ।
ગંતૂણંતરદીવા, તિન્નિસએ હોંતિ વિત્થિન્ના ॥ ૧ ॥

ચુલહેમવંત પર્વતની પૂર્વ અને પશ્ચિમમાં વિદિશાઓમાં (ખૂણાઓમાં) ૩૦૦ યોજન જતાં ત્રણસો યોજનના વિસ્તારવાળો પહેલો અંતરદ્વીપનો ચતુષ્ક આવે છે. (૧)

અઉણાવન્ન નવસએ, કિંચૂણે પરિહિ તેસિમે નામા ।
એગરુગ આભાસિય - વેસાણી ચેવ નંગૂલી ॥ ૨ ॥

તેની ૯૪૯ યોજનમાં થોડી ઓછી પરિધિ છે અને તેમના નામ એકોરૂક, આભાષિક, વૈષાણિક અને નાંગોલિક છે. (૨)

એએસિં દીવાણં પરઓ, ચત્તારિ જોયણસયાઇં ।
ઓગાહૂણં લવણં, સપડિદિસિં ચઉસયપમાણા ॥ ૩ ॥

એ દ્વીપના પછી ચારસો યોજન લવણસમુદ્રમાં જતાં વિદિશાઓમાં ચારસો યોજનના (૩)

ચત્તારંતરદ્દીવા, હયગયગોકન્નસંકુલીકણ્ણા ।
એવં પંચસયાઇં, છસત્ત અટ્ઠેવ નવ ચેવ ॥ ૪ ॥

ચાર અંતરદ્વીપો છે. (આ બીજો ચતુષ્ક છે.) તેનાનામ–હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ, શષ્કુલીકર્ણ. એ રીતે (આગળ આગળ જતાં) પાંચસો-છસો- સાતસો અને નવસો યોજન (આગળ જતાં આગળના ચતુષ્કો આવે છે–એટલેકે ત્રીજો, ચોથો, પાંચમો, છઠ્ઠો અને સાતમો ચતુષ્ક આવે છે.) (૪)

ઓગાહિઊણં લવણં, વિક્ખંભોગાહ સરિસયા ભણિયા ।
ચઉરો ચઉરો દીવા, ણામેહિં ણેયવ્વા ॥ ૫ ॥

આગળ લવણ સમુદ્ર ઓળંગતા જેટલી અવગાહનાનો વિસ્તાર કહ્યો છે તે જાણવો તે દરેકમાં ચાર-ચાર દ્વીપો છે. તેના નામ હવે બતાવે છે. (૫)

આયંસગમેંઢમુહા, અઓમુહા ય ચઉરેતે ।
અસ્સમુહા હત્થિમુહા, હત્થિકન્ના અ કન્નપાઉરણા ॥ ૬ ॥

(ત્રીજા ચતુષ્કના) આદર્શમુખ, મેંઢમુખ, અયોમુખ અને ગોમુખ તથા (ચોથા ચતુષ્કના) અશ્વમુખ, હસ્તિમુખ, સિંહમુખ અને વ્યાઘ્રમુખ નામ છે. (૬)

તઓ અ અસ્સકન્ના, હત્થિકન્ના અ કન્ન પાઉરણા ।
ઉક્કામુહ મેહમુહા, વિજ્જુમુહાવિજ્જુદંતાય ॥ ૭ ॥

ત્યારપછી (પાંચમા ચતુષ્કના) અશ્વકર્ણ, સિંહકર્ણ, અકર્ણ અને કર્ણપ્રાવરણ તથા (છઠ્ઠા) ચતુષ્કના) ઉલ્કામુખ મેઘમુખ, વિદ્યુન્મુખ તથા વિદ્યુદ્દન્ત નામના ચાર અંતર્દ્વીપો છે. (૭)

ઘણદંતલટ્ઠદંતા, નિગુઢદંતાયસુદ્ધદંતાય ।
વાસહરે સિહરિંમિવિ, એવંચેવ અઠ્ઠાવીસાપિ ॥ ૮ ॥

---

૩ ઠાણાંગસૂત્ર ચોથું ઠાણુ બીજો ઉદ્દેશો સૂત્ર ચોસઠની ટીકા પાનું. ૭૫૭ (પૂ. શ્રી ઘાસાલાલજી મ.)

(ત્યારપછી સાતમા ચતુષ્કના) ઘનદંત, લષ્ટદંત, ગૂઢદંત અને શુદ્ધદંત નામના ચાર દ્વીપો છે. આ અઠ્ઠાવીસ અંતર્દ્વીપો છે તેજ રીતે શિખરી વર્ષધર પર્વતના પણ આવાજ અઠ્ઠાવીસ અંતર્દ્વીપ છે. (આમ કુલ છપ્પન અંતરદ્વીપ થયા.) (૮)

અંતરદીવેસુ નરા, ધણુસય અટ્ઠુસિયા મુઈયા।
પાલિંતિ મિહુણધમ્મં, પલ્લસ્સ અસંખભાગાઉ ॥૯॥

અંતરદ્વીપોમાં મનુષ્યોનું આઠસો ધનુષ્યનું દેહમાન કહેલ છે તેમજ તેઓ પલ્યોપમના અસંખ્ય ભાગ જેટલા સમયના આયુષ્યવાળા હોય છે. (૯)

ચઉસટ્ઠિ પિટ્ઠિકરંડયાણિ, મણુયાણsવચ્ચ પાલયા।
અઉણાસીઇંતુ દિણા, ચઉત્થભત્તેણ આહારો ॥૧૦॥

તેઓને ૬૪ પાંસળીઓ હોય છે અને ૭૯ દિવસસુધી સંતાનપ્રતિપાલના કરે છે તેમજ ચઉત્થભકતે આહાર કરે છે. (૧૦)

[૧]આ અંતર્દ્વીપોમાં રહેતા મનુષ્યની વિશેષતા નીચે બતાવેલ છે:–

૧) એકોરૂક–એક સાથળ ઘુંટણનાઉપરના ભાગવાળા
૨) આભાષિક–ગુંગા અથવા થોડું બોલવાની યોગ્યતાળા
૩) વૈષાણિક–શીંગડાવાળા
૪) લાંગુલિક–પુંછડાવાળા
૫) હયકર્ણ–ઘોડા સમાન કાનવાળા
૬) ગજકર્ણ–હાથીના જેવા કાનવાળા
૭) ગોકર્ણ–ગાયના જેવા કાનવાળા
૮) શષ્કુલીકર્ણ–પુરી જેવા(ગોળ)કાનવાળા
૯) આદર્શમુખ–અરીસા જેવા મુખવાળા
૧૦) મેંઢમુખ–ઘેટાના જેવા મુખવાળા
૧૧) અયોમુખ–બકરાના જેવા મુખવાળા
૧૨) ગોમુખ–ગાયના જેવા મુખવાળા
૧૩) અશ્વમુખ–ઘોડા જેવા મોંળાવા
૧૪) હસ્તિમુખ–હાથી જેવા મોંવાળા
૧૫) સિંહમુખ–સિંહ જેવા મોંવાળા
૧૬) વ્યાઘ્રમુખ–વાઘ જેવા મુખવાળા
૧૭) અશ્વકર્ણ–ઘોડા જેવા કાનવાળા
૧૮) હસ્તિકર્ણ–હાથી જેવા કાનવાળા
૧૯) અકર્ણ–ઘણા નાના કાનવાળા
૨૦) કર્ણપ્રાવરણ–વિશાળ કાનવાળા
૨૧) ઉલ્કામુખ–ઉલ્કા સમાન તેજસ્વી મોંવાળા
૨૨) મેઘમુખ–મેઘસમાન મોંવાળા
૨૩) વિદ્યુન્મુખ–વીજળી જેવા તેજસ્વી મુખવાળા
૨૪) વિદ્યુદ્દન્ત–વીજળી જેવા ચળકતા દાંતવાળા
૨૫) ઘનદન્ત–મજબૂત દાંતવાળા
૨૬) લષ્ટદંત–કમનીય (સુંદર) દાંતવાળા
૨૭) ગૂઢદંત–ગૂઢ (ગુપ્ત) દાંતવાળા
૨૮) શુદ્ધદંત–સ્વચ્છ દાંતવાળા

આ પ્રમાણે આ દ્વીપોમાં રહેલા મનુષ્યોની પરિસ્થતિ બતાવી છે.

૧. ઠાણાંગ સૂત્ર, ચોથું ઠાણુ, ઉદ્દેશો બીજો. જૈન વિશ્વભારતી, લાડનુ, રાજસ્થાન, પ્રકાશિત 'ઠાણં' પૃ. ૩૭૨ સે ૩૭૪

# લવણ સમુદ્ર




लवण समुद्र — लवण समुद्र

પ્રિય વાંચકો! અત્યાર સુધી તમે જંબૂદ્વીપના ક્ષેત્રોનું વર્ણન વાંચ્યુ. હવે જલસૃષ્ટિ પણ કેવી અજબ છે તેનું આબેહૂબ વર્ણન તમારી પાસે જ છે.

[1]લવણસમુદ્ર આપણા ક્ષેત્રથી નજીકમાં નજીક આવેલો છે. તે લવણસમુદ્ર જંબૂદ્વીપને ચારે બાજુથી ઘેરાયેલ છે, તેથી તેનો આકાર વલયના જેવો ગોળ છે. (જે વસ્તુ ચૂડી જેવી ગોળ રેખાવાળી હોય અને વચ્ચે પોલાણ હોય તેવા આકારને પરિમંડળ કે વલય આકાર કહે છે.) જેમ જંબૂદ્વીપ બધા દ્વીપો અને સમુદ્રોની વચ્ચે છે તેમ આ લવણસમુદ્ર પણ બધા સમુદ્રોની વચ્ચે છે. આ લવણ સમુદ્ર [2]સમચક્રવાલ સંઠાણવાળો છે. (વલયાકાર વસ્તુની એકબાજુની પહોળાઈ તે ચક્રવાલ વિષ્કંભ કહેવાય છે અને સરખી રીતે બધી બાજુથી ચક્રવાલ વિષ્કંભ હોય તેને સમચક્રવાલ સંઠાણ કહે છે. અહીં એક [3]ચિત્ર છે. તેમા જંબૂદ્વીપ

---

૧. જીવાભિગમ સૂત્ર પ્ર. ૩ ઉ. ૩

૨. મહાવીરાચાર્યે "ગણિતસાર સંગ્રહ" (ઈ.૮૫.) બહિશ્ચક્રવાલવૃત્ત તેમજ અંતશ્ચક્રવાલ વૃત્તનું વર્ણન કરેલ છે.

૩. ચિત્ર માટે પાનું ૧૧૨ જુઓ.




**સમચક્રવાલ સંઠાણ**



**લવણસમુદ્રના ચારદ્વાર**

મધ્યભાગમાં છે. તેને ફરતો લવણસમુદ્ર છે. જંબૂદ્વીપ '૧' થી '૩' અથવા '૨' થી '૪' સુધી એક લાખ યોજનનો છે, એ વૃત્ત વિષ્કંભ કહેવાય છે અને લવણસમુદ્ર '૩' થી '૭' સુધી અથવા '૬' થી '૨' સુધી બે લાખ યોજનનો છે પણ '૫' થી '૭' સુધી પાંચ લાખ યોજન છે. આ બે લાખનો વિષ્કંભ તે વલય કે ચક્રવાલ વિષ્કંભ કહેવાય છે.) આ સમુદ્ર ચક્રવાલની અપેક્ષાએ બે લાખ યોજનનો પહોળો-વિષ્કંભવાળો છે. પંદરલાખ એકાશી હજાર એકસો ઓગણચાળીસ યોજનથી થોડી વધારે પરિધિવાળો આ સમુદ્ર છે. આ સાગર અડધા યોજનની ઊંચી અને પાંચસો ધનુષ્ય પહોળી એક પદ્મવરવેદિકા તથા વનખંડથી ચારેબાજુથી ઘેરાયેલ છે તથા આ પદ્મવરવેદિકાની પરિધિ લવણસમુદ્રની પરિધિ જેટલીજ છે. જંબૂદ્વીપની પદ્મવરવેદિકા જેવું આ પદ્મવરવેદિકાનું વર્ણન છે. લવણસમુદ્રનું વનખંડ બે યોજનમાં થોડું ઓછું પહોળું છે. આ વનખંડનું વિશેષ વર્ણન, જંબૂદ્વીપની પદ્મવરવેદિકાના વનખંડ જેવું છે.

આ લવણસમુદ્રની ચાર દિશામાં ચાર દ્વારો છે. લવણસમુદ્રની પૂર્વ દિશાને છેડે અને ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધથી પશ્ચિમદિશામાં અને શીતોદા મહાનદીની ઉપર આ લવણ-સમુદ્રનું વિજયનામનું દ્વાર છે એટલે પૂર્વમાં વિજય દ્વાર છે. જંબૂદ્વીપના વિજયદ્વાર પ્રમાણે જ આ વિજયદ્વારનું વર્ણન સમજવું. એ વિજયદ્વારની પૂર્વદિશામાં તીરછા અસંખ્યાત દ્વીપ-સમુદ્રો ઓળંગીને જતાં એક બીજો લવણસમુદ્ર આવે છે, ત્યાં આ વિજયદ્વારના અધિપતિ વિજય દેવની વિજયા રાજધાની છે. એ બીજા લવણસમુદ્રમાં બાર હજાર યોજન આગળ જતાં આ વિજયા રાજધાની આવે છે. આ રાજધાની જંબૂદ્વીપના વિજયદેવની વિજયા રાજધાની જેવી છે. આ રાજધાનીની લંબાઈ-પહોળાઈ બાર હજાર યોજનની છે અને તેની પરિધિ (ઘેરાવો) ત્રીસહજાર નવસો અડતાળીસ યોજનથી થોડી વધારે છે. લવણસમુદ્રની દક્ષિણ દિશાના અંતે અને ધાતકીખંડના દક્ષિણાર્ધની ઉત્તરદિશામાં આ લવણસમુદ્રનું વૈજયંતનામનું

બીજું દ્વાર છે. વિજયદ્વાર સમાન તેની હકીકત સમજવી. લવણસમુદ્રની પશ્ચિમદિશાને છેડે અને ધાતકીખંડના પશ્ચિમાર્ધની પૂર્વદિશાના ભાગમાં શીતા મહાનદીની ઉપર આ લવણસમુદ્રનું ત્રીજું જયંતદ્વાર છે. તેનું વર્ણન પણ વિજયદ્વાર પ્રમાણે છે. એ જ રીતે લવણસમુદ્રની ઉત્તરદિશાને અંતે અને ધાતકીખંડના ઉત્તરાર્ધની દક્ષિણદિશામાં આ લવણસમુદ્રનું ચોથું અપરાજિત નામનું દ્વાર છે. તેની વિગત પણ વિજયદ્વાર જેવી જાણવી. આ ચારે દ્વારની રાજધાનીઓ કે જેની જે જે દિશા બતાવી છે તેની તે તે દિશામાં અસંખ્યાત દ્વીપ - સમુદ્રો પછી આવતા બીજા લવણસમુદ્રમાં છે એમ સમજી લેવું. ત્રણ લાખ પંચાણુ હજાર બસો એંશી યોજન અને એક કોશનું એક દ્વારથી બીજા દ્વાર સુધી અંતર છે. એકેક દ્વારની ચાર - ચાર યોજનની પહોળાઈ છે. એકેક દ્વારમાં એકેક દ્વાર શાખા છે. તે એકેક કોશ જાડી છે. આ રીતે એકેક દ્વારમાં સંપૂર્ણ પૃથુતા (પહોળાઈ) સાડાચાર યોજનની થાય છે. ચારે દ્વારોની આ પૃથુતા અઢાર હજાર યોજનની થાય છે. લવણસમુદ્રની પરિધિ પંદરલાખ એકાશીહજાર એકસો ઓગણચાલીસ યોજનની છે, તેમાંથી આ અઢાર યોજન ઓછા કરતાં જે સંખ્યા રહે છે તેમાં ચારનો ભાગકાર કરતાં શેષ બચે તે દ્વારનું અંતર આવે છે. તે અંતર ૩૯૫૨૮૦ યોજન અને ૧ કોશ વધારે થાય છે. કહ્યું છે કે :—

અસિયા દોન્નિ સયા, પણનસ્સઈ સહસ્સ તિન્નિલક્ખાય ।
કોસેય અંતરં, સાગરસ્ય દારાણં વિન્નેયં ॥

લવણસમુદ્રના જે પ્રદેશો ધાતકીખંડને સ્પર્શેલા છે તે લવણસમુદ્રના કહેવાય છે પણ ધાતકીખંડના નથી કહેવાતા. આ લવણસમુદ્રનું પાણી ખારૂં છે. આ પાણી કાદવવાળું હોવાથી સ્વચ્છ નથી. તે પાણીમાં રેતીના કણ પણ મિશ્ર છે. આ સમુદ્રમાં પાણીની હાનિ કે વૃદ્ધિ થવાથી ઘણા કાદવવાળી ભૂમિ છે. આ પાણી ખારૂં, કડવું અને સેવાળવાળું છે, તેથી અનેક મનુષ્યો કે પશુ-પક્ષીઓને તે પાણી પીવા યોગ્ય નથી. એ સમુદ્રમાં ઉત્પન્ન થયેલા જીવો તે પી શકે છે. કહ્યું છે કેઃ-

"વિષાજ્જાતો વિષસ્થો, યો જન્તુર્જીવતિ તિષ્ઠતિ ।
મ્રિયતે નૈવ ભુગ્-જાનઃ, તદન્યેભ્યોઽહિ તં વિષમ્ ॥"

આ સમુદ્રમાં ઉત્પન્ન થયેલા જીવો મરીને ત્યાં પણ ફરી જન્મે છે અથવા બીજે પણ ઉત્પન્ન થઈ શકે છે. આ કારણે આ સમુદ્રનું લવણસમુદ્રનામ છે તથા તેનું આ નામ શાશ્વત પણ છે. આ સમુદ્રનો સુસ્થિત નામનો મહર્દ્ધિક દેવ છે.

જંબૂદ્વીપની ચારે દિશાઓમાં બહારની વેદિકાના અંત ભાગથી લવણસમુદ્રમાં પાંચસો યોજન અંદર જતાં મોટા કુંભના આકારના ચાર મહાપાતાળ કળશા છે. કહ્યું છે કેઃ–

"પણનઉઈસિહસ્સાઈ, ઓગાહિત્તાણ ચઉદ્દિસિં લવણં ।
ચઉરોઽલિંજર સંઠાણ સંઠિયા હોંતિ પાયાલા ॥"

પૂર્વાદિ દિશાના અનુક્રમે [1] વલયામુખ (વડવામુખ), કેયૂપ, યૂપ અને ઈશ્વર નામના આ ચાર પાતાળ કળશો છે. આ પાતાળ કળશો પાણીની અંદર એક લાખ યોજન ઊંડા પ્રવેશેલા છે, તેથી રત્નપ્રભા પૃથ્વીની સપાટીથી એક લાખ યોજન અને એક હજાર યોજન નીચે આ કળશોનું તળિયું છે અને તેથી જ દરેક મહાકળશ પહેલીનરકના સાત પાથડા ઓળંગી છઠ્ઠા ભવનપતિનિકાય સુધી ઊંડા ઉતરેલા છે. દરેક કળશનું મુખ સમુદ્રની ભૂમિતળની સપાટીમાં છે પણ ભૂમિથી ઊંચું નથી. મૂળમાં આ પાતાળકળશ દશહજારયોજન પહોળા છે. ત્યાંથી એકેક પ્રદેશની શ્રેણીએ વધતાં વધતાં વચ્ચે એકેક લાખ યોજનનાં પહોળા થયેલા છે. ત્યારપછી ત્યાંથી એકેક પ્રદેશની શ્રેણીઓ ઘટતાં ઘટતાં ઉપરની બાજુએ દશ હજાર યોજન પહોળા થયેલા છે. કહ્યું છે કે:–

"જોયણ સહસ્સદસગં, મૂલે ઉવરિં ચ હોંતિ વિચ્છિન્ના ।
મજ્ઝેય સયસહસ્સં, તત્તિય મેત્તં ચ ઓગાઢા ॥"

તે મહાપાતાળકળશોની ભીંતો બધે સરખી છે. એ ભીંતો દશહજારયોજનની જાડાઈવાળી છે. બધી રીતે તે ભીંતો વજ્રમય છે અને સ્ફટિક જેવી સ્વચ્છ છે. એ ભીંતોમાં ઘણા પૃથ્વીકાયના જીવો મરે છે અને ઉત્પન્ન થાય છે. એ ભીંતો દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ (અપેક્ષાએ) શાશ્વત છે અને વર્ણાદિ પર્યાયોની અપેક્ષાએ અશાશ્વત છે. વર્ણાદિપર્યાયો અમુક સમય પછી ક્ષણે ક્ષણે બદલાય છે તેથી અશાશ્વત કહેલ છે. આ ચાર પાતાળકળશોના નીચેનો ત્રિભાગ, મધ્યનો અને ઉપરનો ત્રિભાગ એમ ત્રણ ભાગ છે. દરેક ત્રિભાગ ૩૩૩૩૩ યોજન અને એક યોજનના ત્રણ ભાગમાંથી એક ભાગ જેટલો મોટા છે. નીચેના ત્રિભાગમાં વાયુકાયના, મધ્ય ત્રિભાગમાં વાયુ અને અપકાયના તથા ઉપરના ત્રિભાગમાં અપકાયના જીવો રહે છે. આ ચાર પાતાળકળશોના અનુક્રમે કાળ, મહાકાળ, વેલંબ અને પ્રભંજન નામના ચાર મહર્દ્ધિક દેવો છે.




૧ ઠાણુાંગ. ઠા. ૪. ઉ. ૨



લઘુપાતાળ કળશો

આ ચાર મહાપાતાળકળશો સિવાય બીજા પણ લઘુ ( નાના ) પાતાળકળશો છે. લવણ સમુદ્રની શિખા (વલયાકારે ભીંત જેવું જળ તે શિખા કહેવાય છે.) ના અભ્યંતર ભાગના જંબૂદ્વીપ તરફનો સમુદ્રનો ઘેરાવો ( પરિધિ) બે લાખ નેવું હજાર યોજનના વ્યાસ પ્રમાણે નવલાખ સત્તર હજાર સાઠ (૯૧૭૦૬૦) યોજન છે. તે પરિધિમાં રહેલા ચાર મહાકળશોના ચાર મુખનો બધો વિસ્તાર ૪૦૦૦૦ યોજન ઓછો કરતાં આઠ લાખ સિત્તોતેર હજાર સાઠ યોજનનું એકેક આંતરૂં થાય છે. તે દરેક આંતરૂં દશહજાર યોજનના વિસ્તારવાળું છે. ત્યાં અભ્યંતરના એ લઘુપરિધિમાં ચાર આંતરામાંથી દરેક આંતરામાં ૨૧૫ લઘુ પાતાળકળશોની ચાર શ્રેણિ પરિધિ જેટલા ગોળાકારમાં રહેલ છે. ત્યાર પછી બીજી શ્રેણિ ( પંકિત ) માં ૨૧૬, ત્રીજીમાં ૨૧૭, ચોથીમાં ૨૧૮, પાંચમીમાં ૨૧૯, છઠ્ઠીમાં ૨૨૦, સાતમીમાં ૨૨૧, આઠમીમાં ૨૨૨ અને નવમીમાં ૨૨૩ લઘુપાતાળકળશો છે. આ રીતે આંતરામાંની નવ પંકિતઓમાં મળીને ૧૯૭૧ લઘુપાતાળકળશો છે. ચારે આંતરાઓના બધા મળીને ૭૮૮૪ લઘુપાતાળકળશો થાય છે. છેલ્લી નવમી પંકિત ધાતકીખંડ તરફ શિખાની બાહ્ય પરિધિમાં રહેલ છે. પહેલી પંકિતથી ધાતકીખંડ તરફ જતાં મોટી મોટી પરિધિ હોવાથી આંતરામાં એકેક પાતાળ કળશ વધારે વધારે આવેલો છે. એ લઘુપાતાળકળશો પરસ્પર થોડા થોડા આંતરે આવેલા છે તેમજ એકબીજાને અડીને રહ્યા નથી. અભ્યંતર ઘેરાવાની જગ્યાએ મહાપાતાળકળશનું મુખ દશ હજાર યોજન વિસ્તારવાળું છે પરંતુ સમુદ્રની વચ્ચે જ છે તો પણ મધ્યભાગે રહેલા મુખ્ય વિસ્તારની સીધી લીટીએ અભ્યંતર ઘેરાવામાં પણ ૧૦ હજાર યોજન મુખવિસ્તાર ગણવો યોગ્ય છે. લઘુપાતાળકળશોની પહેલી પંકિત જયાં છે તે જ સ્થાનનો ઘેરાવો ગણવો યોગ્ય હોવાથી અભ્યંતર પરિધિ ગણીને દશ હજાર યોજન મુખ ગણ્યું છે પણ મધ્ય પરિધિ ગણી નથી. અભ્યંતર પરિધિ લઇએ તો જ ૨૧૫ ની પહેલી પંકિત પરસ્પર આંતરાથી રહી શકે છે. આ નાના પાતાળકળશ એક હજાર યોજન પાણીમાં છે. મૂળમાં એકસો યોજન પહોળા છે. વચ્ચે તે એક પ્રદેશની શ્રેણિ રૂપે વધતાં વધતાં એક હજાર યોજન પહોળા થાય છે. ત્યાર પછી ત્યાંથી એકેક પ્રદેશ ઓછો થતાં (૨) ઉપરના મુખસ્થાને એકસો યોજન જેટલા પ્રમાણના પહોળા છે. આ ક્ષુદ્ર પાતાળકળશોની દિવાલો બધે જ સરખી છે, તેથી એ ભીંતોની જાડાઈ દશ યોજનની છે. તે વજ્રમય છે તેમજ આકાશ અને સ્ફટિક જેવી સ્વચ્છ છે. ત્યાં અનેક જીવો જન્મે તથા મરે છે. દરેક પાતાળકળશો અડધા પલ્યોપમની સ્થિતિવાળા દેવો યુકત છે. એ નાના પાતાળકળશોના ત્રણ વિભાગ છે. નીચે, મધ્ય અને ઉપરનો ત્રિભાગ એ

ત્રણ વિભાગવાળા છે. દરેક ત્રિભાગ ત્રણસો તેત્રીસ યોજન અને એક યોજનના ત્રણ ભાગ માંથી એક ભાગ પ્રમાણે છે. તેમાંથી નીચેના ત્રિભાગમાં વાયુકાયના જીવો, મધ્યના ત્રિભાગમાં વાયુ અને અપકાયના જીવો અને ઉપરના ત્રિભાગમાં અપકાયના જીવો રહે છે. આ બધા પાતાળકળશો મળીને લવણ સમુદ્રમાં ૭૮૮૪ કળશો છે. આ હકીકત ગાથાથી કહી છે:–

અન્ને વિ ય પાયાલા, ખુડ્ડાલિંજર સંઠિયા લવણે ।
અટ્ઠસયા ચુલસીયા, સત્તસહસ્સા ય સવ્વે વિ ॥ ૧ ॥
પાયાલાણ વિભાગા સવ્વા વિ, તિન્નિ તિન્નિ વિભેયા ।
હેટ્ઠિમભાગે વાઉમજ્ઝે વાઉ ય ઉદગં ચ ॥ ૨ ॥
ઉવરિં ઉદગં ભણિયં, પઢમ બીએસુ વાઉ સંખુભિઓ ।
ઉડ્ઢં વામઈઉદગં, પરિવડ્ઢઈ જલનિહી ખુભિઓ ॥ ૩ ॥

(આ મહાપાતાળકળશ ના દેવોની રાજધાનીઓ શાસ્ત્રમાં બતાવી નથી. તે દેવોનું એક પલ્યોપમનું આયુષ્ય છે તથા તે દેવો મહર્દ્ધિક છે તેથી તેમની રાજધાનીઓ હોય છે એમ કહીએ તો ખોટું જાણાતું નથી. હા, લઘુ પાતાળકળશના દેવોની રાજધાનીઓના વિષયમાં તો કોઈ વિશેષ જ્ઞાની સંત જણાવી શકે. તેમની સ્થિતિ અડધા પલ્યોપમની હોવાને કારણે તેમની રાજધાનીઓ ન હોય એમ વિચારી શકાય.) એ મહાપાતાળ કળશોના અને નાના પાતાળકળશોના નીચેના અને મધ્યના ત્રિભાગમાં ઉર્ધ્વગમનના સ્વભાવવાળા વાયુકાય ઉત્પન્ન થવાના સન્મુખ હોય છે. તેઓ સંમૂર્છન જન્મથી આત્મલાભ કરે છે, સામાન્ય કે વિશેષપણે કંપે છે, ઘણા જોરથી ચાલે છે, પરસ્પર ઘસાય છે અને અદ્દભૂત શકિત સંપન્ન બનીને ઉપર તથા આજુબાજુ ફેલાય છે. આ રીતે જ્યારે તેઓ જુદા જુદા ભાવથી પરિણત થાય છે, બીજા વાયુઓને અને જલને પ્રેરણા કરે છે તથા દેશકાળને યોગ્ય તીવકે મધ્યમ ભાવથી જ્યારે પરિણમન મેળવે છે ત્યારે ચૌદસ, આઠમ અને પુનમના દિવસે તેમાં જળ વધે છે અને જ્યારે એ મહાપાતાળ કે નાનાપાતાળકળશોની નીચેની બાજુના તથ મધ્યના ત્રિભાગોમાં અનેક ઉદાર વાયુકાયના જીવો ઉત્પન્ન થવાના નજીક હોય છે. તેઓ સંમૂર્છન જન્મથી આત્મલાભ વગેરે કરતા નથી તેથી પાણી વધતું-ઉછળતું નથી. આ પ્રમાણે રાત-દિવસમાં બેવાર વાયુ ઉત્પન્ન થાય છે ત્યારે પાણી બે વાર ઊંચું ઉછળે છે. પક્ષની ચૌદશ વગેરે તિથિઓમાં વધારે પ્રમાણમાં વાયુ-કાયના જીવ ઉત્પન્ન થાય છે ત્યારે તે તિથિઓમાં પાણી વધારે પ્રમાણમાં ઊંચું ઉછળે છે અને જ્યારે પ્રતિનિયત કાળ વિભાગ સિવાય અન્યકાળમાં પાણી ઉછળતું નથી-સમુદ્રમાં ભરતી નથી આવતી, તેથી ચૌદશ વગેરે તિથિઓમાં પાણીનો વધારો હોય છે ત્યારે જલવૃદ્ધિનો અભાવ હોય છે. આ બધી વિગતનું ટૂંકાણમાં વર્ણન સંગ્રહગાથાથી હવે પછી સમજાવવામાં આવે છે.

[૧]પણનઉઈ સહસ્સાઈં, ઓગાહિત્તાણ ચઉદ્દિસિંલવણં ।
ચઉરોઽલિંજર સંઠાણ, સંઠિયા હોંતિ પાયાલા ॥ ૧ ॥
વલયામુહ કેઉએ, જૂયગ તહ ઈસ્સે ય બોદ્ધવ્વે ।
સવ્વ વઈરામયાણં કુડ્ડા, એએસિં દસસઈયા ॥ ૨ ॥

૧ ઠાણાંગ સૂત્ર (પૂ. શ્રી ઘાસીલાલજી મ.) ઠા. ૪ ઉ. ૨. સૂત્ર ૬૫ની ટીકાની સંગ્રહ ગાથાઓ.

જોયણસહસ્સ દસગં, મૂલે ઉવરિં ચ હોંતિ વિત્થિન્ના ।
મજ્ઝે ય સયસહસ્સં, તત્તિય મેત્તં ચ ઓગાઢા ॥ ૩ ॥
પલિઓવમટ્ઠિઈયા, એએસિં અહિવઇસુરા ઈણ્મો ।
કાલે ય મહાકાલે, વેલંબ પભંજણે ચેવ ॥ ૪ ॥
અન્ને વિ ય પાયાલા, ખુડ્ડાલિંજર સંઠિયા લવણે ।
અટ્ઠસયા ચુલસિયા, સત્તસહસ્સા ય સવ્વે વિ ॥ ૫ ॥
જોયણ સય વિત્થિન્ના મૂલુવરિં, દસસયાણિ મજ્ઝંમિ ।
ઓગાઢા ય સહસ્સં, દસ જોયણિયા ય સિં કુડ્ડા ॥ ૬ ॥
પાયાલાણ વિભાગા, સવ્વાણ વિ તિન્નિ તિન્નિ બોદ્ધવ્વા
હેટ્ઠિમભાગે વાઉ મજ્ઝે વાઉય ઉદયં ચ ॥ ૭ ॥
ઉવરિં ઉદગં ભણિયં, પઢમગ બીએસુ વાઉ સંખુભિઓ ।
વામે ઉદગં તેણ ય, પરિવડ્ઢઈ જલનિહિ ખુહિઓ ॥ ૮ ॥
પરિસંઠિયંમિ પવણે, પુનરવિ ઉદયં તમેવ સંઠાણં ।
વચ્ચેઈ તેણ ઉદહી, પરિહાયઈણુક્કમેણેવં ॥ ૯ ॥



ગોતીર્થ




શિખા

ચક્રવાલ વિષ્કંભની અપેક્ષાએ લવણસમુદ્રની શિખા દશહજાર યોજન જેટલી પહોળી છે તથા અડધા યોજનથી થોડી ઓછી વધે કે ઘટે છે–એટલે કે જંબૂદ્વીપ અને ઘાતકીખંડ દ્વીપથી લવણસમુદ્રમાં ૯૫ હજાર યોજન સુધી ગોતીર્થ છે. (વલયાકારે જે ભીંત જેવું જળ છે તે 'શિખા' કહેવાય છે. અથવા લવણસમુદ્ર રૂપ પુરુષની ઊભી ચોટલી જેવું જળ છે તે શિખા કહેવાય છે.) તેને જળનો કોટ પણ કરે છે. તળાવ વગેરેમાં જવા માટે પ્રવેશમાર્ગ રૂપ નીચેનો ભૂમિભાગ હોય છે તેને 'ગોતીર્થ' કરે છે. ગો—ગાય પાણી પીતી વખતે ગાય જેમ મુખ તરફ નમેલા અને પૂંછડા તરફ ઊંચા અંગવાળી હોય છે તેવું તીર્થ (જળભૂમિ ઉતાર તે ગોતીર્થ કહેવાય છે.) અને ત્યારપછીના મધ્યભાગની અવગાહના દશ હજાર

યોજનના વિસ્તારવાળી છે. જંબૂદ્વીપની વેદિકાંતની પાસે અને ધાતકી ખંડની વેદિકાંત પાસે ગોતીર્થ છે. તેની અવગાહના આંગળના અસંખ્યાતમા ભાગની હોય છે. તે પછી સમતળ ભૂમિભાગથી ક્રમશ: પ્રદેશની હાનિ તથા તથા પંચાણું હજાર યોજન સુધી નીચો નીચો જતો ગયો છે. તે પંચાણુ હજાર યોજન પછી સમતળ ભૂમિભાગ આવે છે તેની ઊંચાઈ એક હજાર યોજનની છે. જંબૂદ્વીપની વેદિકા અને ધાતકી ખંડની વેદિકાથી ગોતીર્થ સુધી જે સમતાળ ભૂમિભાગ છે, ત્યાંથી સૌથી પહેલાં જળવૃદ્ધિ થાય છે. અને તે આંગળના અસંખ્યાતમા ભાગ સુધીના પ્રદેશમાં હોય છે. ત્યાર પછી ત્યાંથી એકેક પ્રદેશની વૃદ્ધિ રૂપે જલવૃદ્ધિ થતાં થતાં બન્ને બાજુના પંચાણુ–પંચાણુ હજાર યોજન સુધીના પ્રદેશમાં વૃદ્ધિ થાય છે. આ સમતળ ભૂમિભાગમાં એક હજાર યોજનનો અવગાહ છે, તે જગ્યાએ સાતસો યોજન સુધી જલવૃદ્ધિ થાય છે. ત્યારપછી સમુદ્રની દશહજાર યેજન વિસ્તારને મધ્યભાગ છે ત્યાં એક હજાર યોજનની ઊંડાઈ એક સરખી રહે છે, તેથી ત્યાં એક હજાર યોજનની જલવૃદ્ધિ થાય છે. લવણસમુદ્ર બે લાખ યોજનનો છે તેથી બે બાજુનાં ૯૫૦૦૦ યોજન ગોતીર્થના ઓછા કરતાં મધ્યભાગમાં રહેલા દશહજાર યોજનના વિસ્તારમાં એકહજાર યોજનની ઊંડાઈ એક સરખી છે. બન્ને બાજુએ જેમ પચાણુહજાર યોજન સુધી ભૂમિ ઉતાર છે, તેમ પંચાણુ હજાર યોજન સુધી પાણી પણ અનુક્રમે સમભૂમિથી સપાટીથી ચઢતું ચઢતું ઊંચું થતું ગયું છે, તેથી બન્ને બાજુના પંચાણુહજાર યોજન પછી સમભૂમિની સપાટીથી સાતસો યોજન જેટલું ઊંચુ જળ છે, તેથી તે સ્થળે નીચે એક હજાર યોજનની ઊંડાઇ અને સાતસો યોજનની ઊંચાઇ હોવાથી ત્યાંની જમીનથી સત્તરસો યોજન જેટલું ઊંચું જળ છે. પાતાળ કળશો વાયુ ક્ષુભિત થવાથી તેની ઉપર દિનરાતમાં બે વાર બે કોશમાં થોડા ઓછા અંતર સુધી ઘણાજ પાણીની વૃદ્ધિ થાય છે અને જયારે પાતાળકળશોમાં રહેલા વાયુમાં ક્ષોભ થતો નથી ત્યારે જલવૃદ્ધિ થતી નથી. કહયું છે કે :—

પંચાઉણસહસ્સે ગોતિત્થં, ઉભયતો વિ લવણસ્સ ।
જોયણ સયાણિ સત્તઉ, ઉદગ પરિવુડ્ઢિવિ ઉભયતોવિ ॥ ૧ ॥
દેસૂણમદ્ધજોયણ લવણસિહોવરિ દુગં દુવે કાલો ।
અઇરેગં અઇરેગં, પરિવડ્ઢઈ હાયએ વા વિ ॥ ૨ ॥

લવણસમુદ્રની આભ્યંતરિક [૧] વેલા (જંબૂદ્વીપ સામેની વેલા) ને બેતાળીસ હજાર નાગકુમાર– દેવો ધારણ કરે છે—અટકાવે છે. (એટલે કે જળની ભીંતની સપાટીમાંથી વધારે ખસવા દેતા નથી.) બોંતેર હજાર [૨] નાગકુમાર દેવો બહારની વેલા ધારણ કરે છે. તથા સાઠ હજાર નાગકુમાર અગ્રોદક (શિખા ઉપરના ભાગમાં બે ગાઉ જેટલું ઊંચુ વધતું જળ) ધારણ કરે છે. આ બધા મળીને એક લાખ ચૂંવોતેર હજાર નાગકુમારો થાય છે. કહ્યું છે કે :–

અબ્ભિંતરિયં વેલં, ધરેંતિ લવણોદહિસ્સ નાગાણં ।
બાયાલીસ સહસ્સા, દુસત્તરિ સહસ્સ બાહિરિયં ॥ ૩ ॥

૧ આ દેવોને વેલંધર દેવ કહે છે. ૬ લવણ સમુદ્રની અંદર અને બહારનો પેલા (અગ્ર શિખા) ને ધારણ કરનાર વેલંધર કહેવાય છે. ૨. વેલા=શિખા પાણીની વૃદ્ધિ અથા વધતું જળ.

સટ્ઠિંનાગ સહસ્સા, ધરેંતિ અગ્ગોદગં સમુદ્દસ્સ ।
વેલંધર આવાસ, લવણેય ચઉદ્દિસિં ચઉરો ॥ ૪ ॥
પુવ્વાઈ અણુક્કમસો ગોથુભ દગભાસ સંખ દગસીમા ।
ગોથુભ—સિવએ—સંખે, મણોસિલે નાગરાયાણો ॥ ૫ ॥

गोतीर्थ अने जळ वृद्धिनो बे तरफथी देखाव ॥ ( चित्र नं. २. )




ગોસ્તૂભ, શિવક, શંખ અને મનઃશિલ એ નામના ચાર વેલંધર નાગરાજ છે. ગોસ્તૂભ, ઉદકાવાસ, શંખ અને દકસીમા નામના તેમના ચાર આવાસ પર્વતો છે. જંબૂદ્વીપના મેરૂ પર્વતની પૂર્વદિશામાં લવણથી બેતાળીસ હજાર યોજન આગળ જતાં ગોસ્તૂભ વેલંધર નાગરાજનો ગોસ્તૂભ નામનો આવાસ પર્વત છે. આ પર્વત સત્તરસો એકવીશ યોજનનો ઊંચો છે. ચારસો તીસ યોજનની તેની ઊંડાઈ છે એટલે કે પાણીમાં તે એટલો ઊંડો છે. મૂળમાં તે એક હજાર બાવીશ યોજન લાંબો-પહોળો છે. વચ્ચે સાતસો તેવીશ યોજન લાંબો-પહોળો છે અને ઉપરની તરફ ચારસો ચોવીસ યોજન જેટલો લાંબો-પહોળો છે. મૂળમાં તેની પરિધિ ૩૨૩૦ યોજનમાં થોડી ઓછી છે, વચ્ચે ૨૨૮૪ યોજનથી થોડી ઓછી તેની પરિધિ છે અને ઉપર તેરસો એકતાળીસ યોજનમાં થોડી ઓછી તેની પરિધિ છે. આ પર્વત મૂળમાં વિસ્તાર વાળો, વચમાં સાંકડો અને ઉપરના ભાગમાં પાતળો છે કારણ કે તે ગોપુચ્છ સંઠાણવાળો છે આ આવાસ પર્વત સંપૂર્ણ કનકમય છે. આ પર્વત એક પદ્મવરવેદિકા અને વનખંડથી ચારે બાજુ એથી ઘેરાયેલ છે. બે યોજનમાં થોડા ઓછા ભાગનો તેનો ચક્રવાલ વિષ્કંભ છે. ત્યાં પ્રાસાદાવતંસક તેમજ સિંહાસન છે, તેનું પરિવાર સહિત વર્ણન વિજયદેવના જેવું છે. અહીં ગોસ્તૂભ નામના મહર્દ્ધિક દેવ રહે છે તેથી આ પર્વતનું ગોસ્તૂભ નામ છે. આ પર્વતની પૂર્વદિશામાં તીરછા અસંખ્યાત દ્વીપો અને સમુદ્રોને ઓળંગીને જતાં ત્યાં આવેલા બીજા લવણ સમુદ્રમા ગોસ્થૂભ દેવની ગોસ્થૂભા નામની રાજધાની પ્રમાણે છે.

જંબૂદ્વીપના મેરૂપર્વતની દક્ષિણદિશા તરફ લવણ સમુદ્રમાં બેતાળીશ હજાર યોજન આગળ જતાં શિવક વેલંધર નાગરાજનો દગભાસ નામનો આવાસ પર્વત છે. એ પર્વત

અંકરત્નનો છે. તે સિવાયનું બધું વર્ણન ગોસ્થૂભ પર્વત સમાન છે. એ પર્વત અંકરત્નનો હોવાથી લવણ સમુદ્રમાં ચારે બાજુ પોતાની હદથી આઠ યોજન ક્ષેત્રમાં રહેલા પાણીને ઘણું તેજસ્વી બનાવે છે. જંબૂદ્રીપના મેરૂપર્વતની પશ્ચિમે બેતાળીશ હજાર યોજન લવણ સમુદ્રમાં જતાં વેલંધર શંખ નાગરાજનો શંખ નામનો આવાસ પર્વત છે. એ પર્વત રત્નનો છે. બાકીનું વર્ણન ગોસ્થૂભ પર્વત સમ રહેલું છે. જંબૂદ્રીપના મેરૂથી ઉત્તરે લવણ સમુદ્રમાં બેતાળીશ હજાર યોજન આગળ જતાં મનઃશિલ વેલંધર નાગરાજનો દકસીમ નામનો આવાસ પર્વત છે. આ પર્વત ઉપર શીતા અને શીતોદા મહાનદીઓનો જલપ્રવાહ વહેતો હોવાથી પાણીની તે સીમા-હદ કરે છે, તેથી આ પર્વતનું નામ દકસીમ આવાસ પર્વત છે. આ આવાસ પર્વત સ્ફટિક રત્નનો છે. ગોસ્થૂભ પર્વત પ્રમાણે બાકી વર્ણન સમજી લેવાનું છે. કહ્યું છે કે:—

કણગંકરયયફલિયમયાય, વેલંધરાણમાવાસા ।
અનુવેલંધર રાઈણ પવ્વયાહોંતિ રયણામયા ॥ ૬ ॥



કર્કોટક, કર્દમ, કૈલાસ અને અરૂણપ્રભ નામના ચાર અનુવેલંધર નાગરાજ છે. તે દેવોના નામ પ્રમાણે છ ચાર આવાસ પર્વતો છે. જંબૂદ્રીપના મેરૂપર્વતથી ઇશાન, અગ્નિ, નૈઋત્ય અને વાયવ્ય ખૂણાતરફ લવણ સમુદ્રમાં બેતાળીશ હજાર યોજન જતાં કર્કોટક વગેરે નામવાળા ચારેય આવાસ પર્વતો રહેલા છે. આ ચારે પર્વતો ગોસ્થૂભ પર્વત જેવા જ છે. આ ચારે પર્વતો એક સરખા પ્રમાણવાળા તેમજ રત્નોના છે. કહ્યું છે કે:—

અણુવેલંધરવાસા, લવણે વિદિસાસુ સંઠિયા ચઉરો ।
કક્કોડે [1]વિજ્જુપભે, કેલાસેડરૂણપભે ચેવ ॥ ૭ ॥
કક્કોડ ય કદ્દમએ, કેલાસેડરૂણપભે ય રાયાણો ।
બાયાલીસ સહસ્સે, ગંતું ઉદહિંમિ સવ્વેવિ ॥ ૮ ॥
ચત્તારિ જોયણસહ, તીસેકોસેય ઉગ્ગયા ભૂમિં ।
સત્તરસજોયણસએ, ઇગવીસે ઉસિયા સવ્વે ॥ ૯ ॥

---

૧ ઠાણાંગ સૂત્રમાં "વિદ્યુતપ્રભ" નામ આપેલ છે અને જીવાભિગમ સૂત્રમાં કર્દમ નામ આપેલ છે. આ ગાથાઓ ઠાણાંગ સૂત્ર પૂ. શ્રી ઘાસીલાલજી મ. નું છે તેમાંથી લીધેલીછે.

(આ પર્વતો સમુદ્રમાં ૪૨ હજાર યોજન જતાં રહેલા છે તેમજ તે પર્વતોએ ચારસો યોજન અને તીશ કોશ જેટલી જમીન ઘેરેલી છે. તે પર્વતોની ઊંચાઇ સત્તરસો યોજનની છે.) આ ચારે અનુવેલંધર દેવોની રાજધાની અન્ય લવણ સમુદ્રમાં ૧૨ હજાર યોજન જતાં તે તે વિદિશાઓમાં તે તે નામવાળી છે. તેનું વર્ણન વિજયા રાજધાની સમાન છે.

લવણધિપતિ "સુસ્થિત" નામનો દેવનો ગૌતમ દ્વીપ:—જંબૂદ્વીપના મેરૂ પર્વતની પશ્ચિમમાં બાર હજાર યોજન સુધી લવણસમુદ્રમાં જતાં લવણસમુદ્રના અધિપતિ [1] 'સુસ્થિત' દેવનો ગૌતમ નામનો દ્વીપ આવે છે. તે દ્વીપ બાર હજાર યોજન લાંબો-પહોળો છે. સાડત્રીસ હજાર નવસો અડતાળીસ યોજનમાં થોડીક ઓછી તેની પરિધિ છે. તે જંબૂદ્વીપની દિશામાં જંબૂદ્વીપનાં અંતે ૮૮½ યોજન અને એક ઓજનના પંચાણુમાં ભાગમાંથી ચાળીશ ભાગ જેટલો પાણીથી ઉપર નીકળેલો છે. આ દ્વીપ લવણસમુદ્રની દિશામાં લવણસમુદ્રના છેડે પાણીથી બે કોશ ઊંચો છે. તે એક પદ્મવરવેદિકા અને વનખંડથી ઘેરાયેલ છે. આ ગૌતમદ્વીપની પશ્ચિમે તીરછા અસંખ્યાત દ્વીપો અને સમુદ્રો પાર કરીને બીજા લવણ સમદ્રમાં બાર હજાર યોજનઆગળ જતાં સુસ્થિત્ દેવની સુસ્થિતા નામની રાજધાની છે. તેનું વર્ણન ગોસ્થૂભ પર્વત વાસની ગોસ્થૂભા પર્વતાવાસની ગોસ્તૂપા રાજધાની પ્રમાણે છે.

લવણ સમદ્રમાં રહેલા ચંદ્ર-સૂર્યદ્વીપ:—જંબૂદ્વીપના મેરૂ પર્વતથી પૂર્વદિશાના લવણ સમદ્રમાં બાર હજાર યોજન આગળ જતાં જંબૂદ્વીપને પ્રકાશીત કરનાર બન્ને ચંદ્રમાઓના બે ચંદ્ર દ્વીપો છે. તે દ્વીપોનું બાકીનું બધું વર્ણન ગૌતમદ્વીપ પ્રમાણે છે, ફકત ચંદ્રા રાજધાની જંબૂદ્વીપથી પૂર્વમાં તીરછા અસંખ્યાત દ્વીપો અને સમુદ્રોને ઓળંગીને આગળ જતાં ત્યાંના બીજા જંબૂદ્વીપમાં છે. બે હોવાથી બે રાજધાની, બે પદ્મવરવેદિકા તથા બે વનખંડ છે. આ ચંદ્રદ્વીપની જેમ જંબૂદ્વીપના મેરૂથી પશ્ચિમ લવણ સમુદ્રમાં બાર હજાર યોજન જતાં બે સૂર્યના બે સૂર્ય દ્વીપો છે. બધું વર્ણન ચંદ્રદ્વીપ જેવું જ છે. ગૌતમ દ્વીપમાં ભવન હોય છે અને આ દ્વીપોમાં પ્રાસાદ છે. જંબૂદ્વીપના મેરૂ પર્વતની પૂર્વદિશામાં બારહજાર યોજન જતાં લવણ સમુદ્રને અવગાહીને એ સ્થાને રહેલા આભ્યંતર લવણસમુદ્રમાં બે ચંદ્રમાઓના બે ચંદ્રદ્વીપો છે. એજ રીતે પશ્ચિમમાં બે સૂર્ય દ્વીપો છે. આ દ્વીપોની રાજધાની બીજા લવણસમુદ્રમાં છે, બાકી બધું વર્ણન જંબૂદ્વીપના ચંદ્ર-સૂર્ય દ્વીપ પ્રમાણે જ છે. લવણસમુદ્રની પૂર્વદિશામાં આવેલ ચરમાંત વેદિકાંતથી લવણસમુદ્રથી પશ્ચિમમાં બારહજાર યોજન જતાં ત્યાં આવેલા સ્થાને બાહયલવણ સમુદ્રના બે ચંદ્રના બે ચંદ્રદ્વીપો છે. આ દ્વીપો ધાતકીખંડની દિશામાં ૮૮½ યોજન અને એક યોજન ના ચાળીસ પંચાણુઆ ભાગ જેટલા પાણીની ઉપર છે. એ પ્રમાણે પશ્ચિમ દિશાના ચરમાંત વેદિકાંતથી લવણસમુદ્રની પૂર્વમાં ૧૨ હજાર યોજન જતાં બાહય લવણ સમુદ્રના બે સૂર્યદ્વીપ છે, બાકી બધું વર્ણન પહેલા જણાવ્યા પ્રમાણે છે. આમ લવણસમુદ્રમાં જંબૂદ્વીપના ૨–૨ ચંદ્ર-સૂર્યના ચાર દ્વીપો તથા લવણસમુદ્રના આભ્યંતર ભાગના બબ્બે ચંદ્ર-સૂર્યના ૪ દ્વીપો તેમજ

---

૧ દ્રૌપદીને ધાતકીખંડની 'અવરકંકા' થી લાવવા માટે લવણસમુદ્ર ઓળંગવા શ્રીકૃષ્ણવાસુદેવે આ સુસ્થિત દેવનું આરાધન કરેલ એ વર્ણન શ્રી જ્ઞાતાજી સૂત્રમાં છે.

લવણસમુદ્રના બાહ્ય ભાગના બબ્બે ચંદ્ર-સૂર્યના ચાર દ્વીપો તથા એક લવણાધિપતિ સુસ્થિત દેવનો ગૌતમદ્વીપ મળીને તેર દ્વીપો થાય છે. આ પ્રમાણે જીવાભિગમ સૂત્રની ત્રીજી પ્રતિપત્તિમાં વર્ણન છે.

[1] ગૌતમદ્વીપની બાજુમાં ઉત્તર દક્ષિણ તરફ બે-બે સૂર્યદ્વીપ આવેલા છે અને લવણસમુદ્રની શિખાના અભ્યંતર ભાગમાં (જંબૂદ્વીપ તરફ ફરતા) બે અભ્યંતર સૂર્યના બે સૂર્યદ્વીપ છે–એટલે કે બબ્બે સૂર્યદ્વીપની વચ્ચે ગૌતમદ્વીપ આવેલ છે. જગતીથી બારહજાર યોજન દૂર બારહજાર યોજન વિસ્તારવાળા અને પશ્ચિમદિશામાં એ પાંચે વક્રપંક્તિમાં પરસ્પર બાર હજાર યોજન દૂર છે, એક બીજાને અડેલા નથી. તેજ રીતે મેરૂની પૂર્વમાં એટલાજ અંતરે ચાર ચંદ્રદ્વીપો છે. તે બે દ્વીપ જંબૂદ્વીપના બે ચંદ્રના છે અને બે દ્વીપ લવણ સમુદ્રની અભ્યંતર શિખાના ભાગે ફરનાર બે ચંદ્રના છે. તેમની ચંદ્રા તેમજ સૂર્યા નામની રાજધાનીઓ અસંખ્યાત દ્વીપ–સમુદ્રો ઓળંગતા બીજા જંબૂદ્વીપ તથા બીજા લવણસમુદ્રમાં છે. ત્યાંજ આ જયોતિષીઓ જન્મે છે આધિપત્ય ભોગવે છે અને કાર્ય પ્રસંગે અહીં આવતા આકાશમાં ફરતા પોતાના વિમાનમાં સિંહાસન ઉપર પરિવાર સહિત બેસે છે. કોઈ વાર આ દ્વીપ ઉપરના પ્રાસાદમાં આવી શય્યામાં સુવે છે. આ દ્વીપના સપાટ પ્રદેશોમાં હમેશ બીજા જયોતિષીઓ હરે-ફરે છે તેમજ બેસે છે તથા આનંદથી વિચરે છે. લવણસમુદ્રની શિખાની બહાર લવણસમુદ્રના બે ચંદ્ર-સૂર્ય ફરે છે અને ધાતકીખંડમા બાર સૂર્ય–ચંદ્ર ફરે છે. તેમાંના છ–છ સૂર્ય–ચંદ્ર ધાતકીખંડના મેરૂની અભ્યંતર બાજુએ લવણસમુદ્ર તરફ ફરે છે અને બીજા છ–છ સૂર્ય–ચંદ્ર મેરૂની બહારના ભાગમાં કાળોદધિ સમુદ્ર તરફ પણ ધાતકીખંડમાં ફરે છે, તેથી છ-છ સૂર્ય-ચંદ્ર અભ્યંતર ધાતકી ખંડના અને છ બાહ્ય ધાતકીખંડના છે. ત્યાં લવણસમુદ્રના છેડે લવણ સમુદ્રની જગતી ધાતકીખંડના અભ્યંતર કિનારે આવેલ છે, ત્યાંથી બારહજાર યોજનદૂર પૂર્વ દિશામાં આઠ ચંદ્ર દ્વીપ છે. તેમાં બે દ્વીપ બાહ્યલવણ ચંદ્રના અને છ દ્વીપ અભ્યંતર ધાતકીખંડના છે. એ રીતે પહેલા કહેલા ચાર ચંદ્રદ્વીપ જેવાછે તથા પશ્ચિમમાં પણ ધાતકીખંડના અભ્યંતર કિનારાથી બારહજારયોજન દૂર લવણસમુદ્રમાં આઠ દ્વીપ છે. તેમાં બે દ્વીપ બાહ્યલવણ સમુદ્રના સૂર્યના અને છ દ્વીપ આભ્યંતર ધાતકીખંડના સૂર્યના છે. આમ લવણ સમુદ્રમાં બાર-બાર ચંદ્ર-સૂર્ય દ્વીપ અને એક ગૌતમ દ્વીપ એમ પચીસદ્વીપો છે.

## ઉદ્વેધ પરિવૃદ્ધિ ઊંડાણનો વધારો (ભરતી)

જંબૂદ્વીપના વેદિકાંતથી અને લવણસમુદ્રના વેદિકાંતથી ૯૫-૯૫ પ્રદેશ રૂપ સ્થાન ઉપર જતાં ત્યાં એકે પ્રદેશ રૂપ સ્થાને આવતાં ઉદ્વેધ અને પરિવૃદ્ધિની અપેક્ષાએ ત્રસરેણુ વગેરે રૂપ કહેલા છે.

પંચાણુ–પંચાણુ વાલાગ્ર રૂપ સ્થાને જતા એક વાલાગ્ર ઉદ્વેધ પરિવૃદ્ધિ એટલેકે ઊંડાઇની વૃદ્ધિ થાય છે.

પંચાણુ–પંચાણુ લીખ પ્રમાણ સ્થાને જતાં એક લીખની ઉદ્વેધ પરિવૃદ્ધિ થાય છે.

---

૧ "લઘુક્ષેત્ર સમાસ"

પંચાણુ–પંચાણુ જૂ પ્રમાણ સ્થાને જતાં એક જૂ ઉદ્વેધ પરિવૃદ્ધિ થાય છે.

પંચાણુ–પંચાણુ જવમધ્ય પ્રમાણ સ્થાને જતાં એક જવમધ્ય ઉદ્વેધ પરિવૃધ્દિ થાય છે.

પંચાણુ–પંચાણુ આંગળ પ્રમાણ સ્થાનેજતાં એક આંગળ ઉદ્વેધ પરિવૃધ્દિ થાય છે.

પંચાણુ–પંચાણુ વેંત પ્રમાણ સ્થાનેજતાં એક વેંત ઉદ્વેધ પરિવૃધ્દિ થાય છે.

પંચાણુ–પંચાણુ રત્નિ (હાથ) પ્રમાણ સ્થાને જતાં એક રત્નિ ઉદ્વેધ પરિવૃધ્દિ થાય છે.

પંચાણુ–પંચાણુ કુક્ષિ (કૂખ) પ્રમાણ સ્થાનેજતાં એક કુક્ષિ ઉદ્વેધ પરિવૃધ્દિ થાય છે.

પંચાણુ–પંચાણુ (ધનુષ્ય) પ્રમાણ સ્થાને જતાં એક ધનુષ્ય ઉદ્વેધ પરિવૃધ્દિ થાય છે.

પંચાણુ–પંચાણુ ગવ્યૂત (બે કોશ) પ્રમાણ સ્થાને જતાં એક ગવ્યૂત ઉદ્વેધ પરિવૃધ્દિ થાય છે.

પંચાણુ–પંચાણુ યોજન પ્રમાણ સ્થાને જતાં એક યોજન ઉદ્વેધ પરિવૃધ્દિ થાય છે.

પંચાણુ–પંચાણુ સો યોજન પ્રમાણ સ્થાને જતાં એક સો યોજન ઉદ્વેધ પરિવૃધ્દિ થાય છે.

પંચાણુ–પંચાણુ હજાર યોજન પ્રમાણ સ્થાને જતાં એક હજાર યોજન ઉદ્વેધ પરિવૃધ્દિ થાય છે. અહીં આ યોજન વગેરેમાં આ પ્રમાણે ત્રિરાશિની રીતે પંચાણુહજાર યોજન જતાં એક હજાર યોજનની ઊંડાઈ છે, તો પંચાણુ યોજન સુધીમાં કેટલી ઊંડાઈ હશે? તો ૯૫૦૦૦ યોજને—૧ હજાર યોજન તો ૯૫ યોજને કેટલી ઊંડાઈ હશે? અહીં પહેલી રાશિ અને વચલી રાશિમાંથી શૂન્ય કાઢી નાંખવાની ૯૫–૧–૯૫ એ રાશિ આવે છે. વચલી રાશિરૂપ એકની સાથે છેલ્લી રાશિ પંચાણુ છે, તેની સાથે ગુણાકાર કરતાં પંચાણુ આવે છે. આ પંચાણુમાં પહેલી રાશિ પંચાણુ છે તેનાથી ભાગતાં એક આવે છે. તે એક યોજનની તેની ઊંડાઈ થાય છે. એથી જણાય છે કે પંચાણુ હજાર યોજન જતાં એક હજાર યોજન ઊંડાઈ છે, તો પંચાણુ યોજનમાં એક યોજનની ઊંડાઈ છે. કહ્યું છે કે:—

પંચાણઉઇ સહસ્સે, ગંતૂણું જોયણાણિ ઉભઓવિ ।<br>
જોયણ સહસ્સમેગં, લવણે ઓગાહઓ હોઈ ॥ ૧ ॥<br>
પંચાણઉઇ લવણે ગંતૂણું, જોયણાણિ ઉભઓવિ ।<br>
જોયણમેગં લવણે, ઓગાહેણં મુણેયવ્વા ॥ ૨ ॥

લવણસમુદ્રની બન્ને બાજુથી પંચાણુ–પંચાણુ પ્રદેશ સુધી જતાં સોળ પ્રદેશ પ્રમાણ ઉત્સેધની શિખાની વૃદ્ધિ થાય છે—શિખાની ઊંચાઈ વધે છે. એજ ક્રમે લવણસમુદ્રમાં પંચાણુ–પંચાણુ હજાર યોજન જતાં સોળહજાર યોજન ઊંચી શિખા થાય છે. એટલે કે જંબૂદ્વીપની વેદિકાના અંતથી અને લવણસમુદ્રની વેદિકાના અંતથી બન્ને બાજુની સમતલ ભૂમિ છે, તેમાં સૌથી પહેલી જલવૃદ્ધિ થાય છે તે આંગળના અસંખ્યાતમા ભાગ રૂપ છે. એજ સમતલ ભૂમિથી એકેક પ્રદેશ વૃદ્ધિ થતાં થતાં જલવૃદ્ધિ અનુક્રમે થતાં થતાં પંચાણુ–પંચાણુ હજાર યોજન સુધીના ભાગમાં સાતસો પ્રદેશ પ્રમાણ જલવૃદ્ધિ થાય છે. તે પછી વચ્ચેના દશહજાર યોજનના વિસ્તારમાં સોળહજાર યોજન પ્રદેશ પ્રમાણ થયા છે, પણ અહીં સોળહજાર યોજન પ્રમાણવાળી શિખા ઉપર અને બન્ને વેદિકાંતના મૂળમાં દવરિકા આવતાં (દોરી રાખતાં) અપાંતરાલમાં જલ વગરનું આકાશ છે તે પણ કરણ ગતિ પ્રમાણે ત્રિરાશિ

બતાવનાર સૂત્ર પ્રમાણે તે સમયે તે રૂપે ભાજ્ય થાય છે (એટલે કે જલ સહિત થાય છે.), તેથી લવણસમુદ્રમાં જંબૂદ્વીપના વેદિકાંતથી પંચાણુ પ્રદેશ જતાં સોળપ્રદેશ પ્રમાણ ઉત્સેધ (ઊંચાઇ) પરિવૃદ્ધિ કહેલ છે તો અહીં તેની કાઢવાની રીત આ પ્રમાણે છે:—

૯૫૦૦૦–૧૬૦૦૦–૯૫. તેમાં પહેલી રાશિની ત્રણ શૂન્ય અને વચલી રાશિની ત્રણ શૂન્ય કાઢતાં ૯૫–૧૬–૯૫ એ પ્રમાણેની રાશિ થાય છે. હવે વચલી રાશિજ સોળ છે. તેનો છેલ્લી રાશિના પંચાણુ સાથે ગુણકાર કરતાં પંદરસોવીસ થાય છે. તેમાં પહેલીરાશિનો ભાગાકાર કરતાં સોળ આવે છે. એ સોળજ સોળ યોજન છે. કહ્યું છે કે:—

પંચાણઉઈસહસ્સે, ગંતૂણં જોયણાણિ ઉભઓ વિ ।
ઉસ્સેહેણં લવણો, સોલસસાહસ્સિઓ ભણિઓ ॥ ૧ ॥

પંચાણઉઈ લવણે, ગંતૂનં જોયણાણિ ઉભઓ વિ ।
ઉસ્સેહેણં લવણો, સોલસ કિલ જોયણે હોઈ ॥ ૨ ॥

પંચાણુહજાર યોજન સુધીમાં સોળહજાર યોજનની ઊંડાઇ છે. (આ પ્રમાણે ઉત્સેધની વૃધ્ધિમાં ક્રમ સમજવો.

લવણસમુદ્રમાં પાણીની પંકિતરૂપ ઉદકમાળા છે તે હજાર યોજનની છે. (તે પાના નં. ૧૨૦ ના ચિત્રમાં જુઓ.)

લવણસમુદ્રની શિખા સોળહજાર યોજન ઊંચી છે અને જયોતિષીઓ સાતસોનેવું યોજન ઊંચે આકાશમાં ફરે છે તો દશહજાર યોજન જેટલા વિસ્તારની શિખામાં પાણી છે તેથી તેટલા વિસ્તારમાં જયોતિષીઓ હોય કે નહીં? એટલે કે લવણસમુદ્રના જયોતિષીઓ શિખાની આજુબાજુએજ છે કે શિખામાં પણ છે? જો શિખામાં હોય તો પાણીમાં વિમાનો કેવી રીતે ચાલે? લવણસમુદ્રમાં ફરતાં જયોતિષીના વિમાનો જળસ્ફટિક (દગફાડ) રત્નના હોય છે અને તે રત્ન પાણીમાં પોતાની જગ્યા કરીને ચાલવાના સ્વભાવવાળા હોય હોય છે, તેથી શિખાની અંદરના વિમાનો પણ શિખાના પાણીને ભેદીને કોઇ પણ નડતર કે વિઘ્ન વગર ચાલે છે. એટલે કે શિખાની બહારના વિમાનો જેમ ખુલ્લા આકાશમાં મુશ્કેલી વગર ફરે છે તેમ પાણીની અંદરપણ વિમાનો અંતરાય વગર ફરે છે. લવણસમુદ્રમાં જેટલા વિમાનો છે તે જળસ્ફટિકના છે. શિખાની બહાર જળભેદ કરવાનો નથી તો પણ સ્વભાવિક રીતે તે વિમાનો પણ જળસ્ફટિકના છે. ફકત લવણસમુદ્રમાં જ આવા વિમાનો છે, બીજે બધે સ્ફટિકના વિમાનો છે. આ પ્રમાણે સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્રની નિર્યુકિતમાં કહ્યું છે. જેમકે:-

"જોઇસિયવિમાણાઇં સવ્વાઇં હુવંતિ ફલિહમયાઈં,
દગફલિહામયા પુણ લવણે જે જોઇસિયા વિમાણા ॥"

એટલે કે 'બધાદ્વીપ સમુદ્રોમાં જે જયોતિષીના વિમાનો છે, તે બધા સામાન્ય રૂપે સ્ફટિક છે તથા લવણસમુદ્રમાં જયોતિષીના જે વિમાનો છે તે દગસ્ફટિક એટલે કે પાણીને ફાડી નાખવાના સ્વભાવવાળા સ્ફટિકના છે'.

લવણસમુદ્રનું સંઠાણ (આકાર) :—લવણસમુદ્રનો આકાર સમજાવવા માટે જુદા જુદા દૃષ્ટાંતો આપેલ છે. સૌથી પહેલાં ગોતીર્થ સમાન લવણસમુદ્રનો આકાર રહેલો છે. આ ગોતીર્થ કેવા હોય છે? ગોતીર્થ કોને કહેવાય છે? વગેરે વર્ણન પહેલાં કર્યું છે. નાવ સમાન બીજું દૃષ્ટાંત બતાવ્યું છે. બન્ને બાજુની સમતલ ભૂમિભાગને લીધે નૌકા જેવો આકાર કહેલ છે. આ ભૂમિભાગ પછી જ અનુક્રમે પાણીનો વધારો થવાથી તેનો નાવ જેવો ઊંચો આકાર થાય છે. ત્રીજુ દૃષ્ટાંત છીપનું કહેલ છે. છીપ-સીપના સંપુટ જેવો તેનો આકાર છે. ઊંડાઇ તેમજ જલવૃદ્ધિના જલને એક સ્થળે મેળવવાના વિચારથી સીપનો આકાર બતાવેલ છે. અશ્વસ્કંધ-ઘોડાની ખાંધના આકારનું ચોથું દૃષ્ટાંત છે. શિખાના પંચાણુહજાર યોજન સુધીમાં અને સોળ હજાર યોજન પ્રદેશમાં ઊંચો ભાગ રહેવાથી અશ્વસ્કંધનો આકાર કહેલ છે. પાંચમું દૃષ્ટાંત વલભી ગૃહનું છે. દશહજાર યોજન પ્રમાણ વિસ્તારની શિખાનો આકાર વલભી ગૃહના આકાર જેવો જણાયો હોવાથી લવણસમુદ્રનો આકાર વલભી ગૃહનો ગણેલ છે.

લવણ સમુદ્રનું પાણી જંબૂદ્વીપને શા માટે ડુબાડતું નથી? :—

આ લવણસમુદ્ર જંબૂદ્વીપને ચારે બાજુથી ઘેરેલો જે, તેથી તેનો ગોળ આકાર કહેલ છે. આ ગોળ આકાર જેવું ગોળ વલય હોય છે. લવણસમુદ્ર ચક્રવાલ વિષ્કંભની દૃષ્ટિએ બે લાખ યોજનનો છે. તે પંદરલાખ એકાશી હજાર એકસો અડતાળીશ યોજનમાં થોડો ઓછો પરિધિની અપેક્ષાએ છે. ઊંચાઇની દૃષ્ટિએ તે સોળહજાર યોજનનો છે. ઉત્સેધ તથ ઉદ્વેધ (ઊંચાઈ અને ઊંડાઇ)ના પરિણામને મેળવવાની અપેક્ષાએ આ લવણસમુદ્ર સત્તરહજાર યોજનનો છે. આ પરિસ્થિતિમાં આ લવણસમુદ્ર સત્તરહજાર યોજનનો છે. આ પરિસ્થિતિમાં આ લવણસમુદ્ર જંબૂદ્વીપને શા માટે પાણીથી ડુબાડતો નથી તેમજ બાધા-મુશ્કેલી કેમ પહોંચાડતો નથી? આ જંબૂદ્વીપમાં ભરત-ઐરવત ક્ષેત્ર છે, તેમાં અરિહંત ભગવાન, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, જંઘાચારી મુનિઓ, વિદ્યાધરો, સાધુ-સાધ્વીજીઓ, શ્રાવક–શ્રાવિકાઓ, ભદ્રપ્રકૃતિવાળા મનુષ્યો, પ્રકૃતિથી વિનીત પુરુષો, પ્રકૃતિથી ઉપશાંત પુરુષો, કોમળતા અને સરળતાવાળા પુરુષો, વૈરાગી આત્માઓ ઉત્પન્ન થાય છે તેમના પ્રભાવને લીધે લવણસમુદ્ર મુશ્કેલી ઉભી કરતો નથી તેમજ ડુબાડતો નથી. વળી ભરત ક્ષેત્ર, વૈતાઢય પર્વત વગેરેના અધિપતિ દેવો તથા ચુલહેમવંત પર્વત અને શિખરી પર્વત ઉપર મહર્દ્ધિક દેવો વસે છે તેમના પુણ્યપ્રભાવ ને કારણે પણ લવણસમુદ્ર જંબૂદ્વીપને જળજળાકાર કરતો નથી. હેમવત–ઐરણ્યવતના મનુષ્યો પ્રકૃતિભદ્ર તેમજ વિનીત હોય છે તેમના કારણે પણ જંબૂદ્વીપનો પાણીથી બચાવ થાય છે. તે ઉપરાંત ગંગા-સિંધુ, રક્તા-રકતવતી વગેરે નદીઓમાં તેના નિયામક-અધિષ્ઠાયક દેવ-દેવીઓ રહે છે. રોહિતંસા, સુવર્ણકૂલા, રૂપ્પકૂલા આદિ નદીઓ ના મહર્દ્ધિક વગેરે દેવ, શબ્દાપતિ, વિકટાપતિ દેવો, હરિવર્ષ-રમ્યકવર્ષ ક્ષેત્રના પ્રકૃતિભદ્ર તેમજ વિનીત મનુષ્યો હોય છે, નિષધ-નીલ પર્વત ઉપર, પદ્મ-તિગિચ્છ-કેશરી વગેરે દ્રહોમાં રહેલા દેવ-દેવીઓના પ્રભાવથી તથા પૂર્વ અને પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રોમાં રહેલા અરિહંત, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ ચારણઋદ્ધિ ધારી મુનિઓ, વિદ્યાધરો, સાધુ-સાધ્વીજીઓ, શ્રાવક–શ્રાવિકાઓ, પ્રકૃતિભદ્ર વગેરે મનુષ્યો હોય છે અને એજ પ્રમાણે શીતા-શીતોદા વગેરે મહાનદીઓની મહર્દ્ધિક દેવીઓ, દેવકુરૂ ઉત્તરકુરૂ ક્ષેત્રોના પ્રકૃતિભદ્ર વગેરે મનુષ્યો, જંબૂવૃક્ષ ઉપરના અનાદૃત વગેરે દેવો, આ

બધા પુણ્યાત્માઓના પ્રબળ પુણ્યોદયના કારણે લવણસમુદ્ર જંબૂદ્વીપને પીડા દેતો નથી એટલે કે પાણીમાં ડુબાડતો નથી. અથવા આ લોકની જ એવી સ્થિતિ મર્યાદા છે-તેનુંજ એવું ભાગ્ય છે. બળવાન રાષ્ટ્રની બાજુમાં રહેલા દુર્જન રાષ્ટ્રની જેમ લવણસમુદ્ર મનોહારી રાષ્ટ્ર જેવા જંબૂદ્વીપને પાણીથી ડુબાડતી નથી.

# [1]ધાતકી ખંડ દ્વીપ

લવણસમુદ્રને ધાતકીખંડદ્વીપ ચારે બાજુએથી ગોળવલયાકારે ઘેરીને રહેલ છે. આ ધાતકીખંડદ્વીપ સમચક્રવાલ સંઠાણવાળો છે અને તે ચક્રવાલ વિષ્કંભની અપેક્ષાએ ચાર લાખ યોજનનો છે. એકતાળીસ લાખ દસહજાર નવસો એકસઠ યોજનમાં થોડી ઓછી તેની પરિધિ છે. કહ્યું છે કે :—

એયાલીસં લકખા, દસ ય સહસ્સાણિ જોયણાણં તુ ।
નવ ય સયા એગટ્ઠા, કિંચૂણે પરિરઓ તસ્સ ॥

આ ધાતકીખંડદ્વીપ ચારે બાજુએ એકેક પદ્મવરવેદિકા અને વનખંડથી ઘેરાયેલ છે. પદ્મવરવેદિકા તથા વનખંડની હકીકત જંબૂદ્વીપની પદ્મવરવેદિકા તેમજ વનખંડ પ્રમાણે છે. આ ધાતકીખંડદ્વીપને વિજયાદિ ચાર દ્વારો છે. ધાતકીખંડની પૂર્વ ધદિશાનાં અંતે કાલોદ સમુદ્રના પૂર્વાર્ધની પશ્ચિમ દિશામાં શીતા મહાનદી ઉપર ધાતકીખંડનું વિજયદ્વાર છે. તેનું તથા તેની રાજધાનીની વિગત જંબૂદ્વીપના વિજયદ્વાર તેમજ તે દ્વારની વિજયા રાજધાની પ્રમાણે જાણવી. વળી બાકીના ત્રણે દ્વારોનું પણ જંબૂદ્વીપના ત્રણે દ્વાર પ્રમાણે વર્ણન છે. દશલાખ સત્તાવીસહજાર સાતસો પાંત્રીસ યોજન અને ત્રણ કોશનું એક દ્વારથી બીજા દ્વારનું અંતર છે. કહ્યું છે કે :—

પણતીસા સત્તસયા, સત્તાવીસા સહસ્સ દસલકખા ।
ધાઈયસંડે દારંતરંતુ, અવરં ચ કોસતિયં ॥

આ દ્વીપમાં ઘણા સ્થળે ધાતકીના વૃક્ષો (આંબળાના વૃક્ષો), ધાતકીના વનો અને ધાતકીના વનખંડો રહેલા છે તેથી આ દ્વીપનું ધાતકીખંડદ્વીપ નામ પડેલ છે. વળી આ ધાતકીખંડના પૂર્વાર્દ્ધના ઉત્તરકુરુક્ષેત્રમાં નીલગિરિ પાસે ધાતકી નામનું વૃક્ષ છે તથા પશ્ચિમાર્ધના [ઉત્તરકુરુક્ષેત્રમાં નીલગિરિ પાસે મહાધાતકી વૃક્ષ છે. આ બન્નેનું પ્રમાણ જંબૂવૃક્ષ જેટલું છે. તે બન્ને વૃક્ષો ઉપર અનુક્રમે સુદર્શન અને પ્રિયદર્શન નામના મહર્દ્ધિક દેવ વસે છે તેથી આદ્વીપનું ધાતકીખંડદ્વીપ નામ પડેલું છે તથા આ દ્વીપનું આ નામ શાશ્વત છે તેથી પણ ધાતકીખંડદ્વીપ નામ કહેવાય છે.

---

૧ જીવાભિગમ સૂત્ર પ્ર. ૩, ઉ. ૩

[1]આ દ્વીપ શરૂઆતમાં પંદરલાખ એકાશીહજાર એકસો ઓગણચાળીસ યોજન પરિધિ આકારે લાંબો છે અને છેડે એકતાળીસ લાખ દશહજાર નવસો એકસઠ યોજન પરિધિ આકારે લાંબો છે, પરંતુ સીધી લીટીએ લાંબો નથી. આ દ્વીપમાં ઉત્તર-દક્ષિણ દિશામાં ઉત્તર-દક્ષિણ લાંબા બે ઈષુકાર પર્વતો આવેલા છે, તેથી લંબાઈમાં ધાતકીખંડના બે મોટા વિભાગ થાય છે. પૂર્વ દિશા તરફનો વિભાગ તે પૂર્વ ધાતકીખંડ અને પશ્ચિમ દિશા તરફનો વિભાગ તે પશ્ચિમ ધાતકીખંડ કેહેવાય છે. ઉત્તરદિશમાં આ ઈષુકાર પર્વત આદિથી અંત સુધી એક હજાર યોજન એક સરખો પહોળો અને તેજ રીતે શરૂઆતથી અંત સુધી પાંચસો યોજન એક સરખો ઊંચો છે. એ જ પ્રમાણે દક્ષિણ દિશામાં પણ ઈષુકાર પર્વત છે. ઉત્તર દિશાનો ઇષુકાર પર્વત લવણસમુદ્રની જગતીના અપરાજીત દ્વારથી શરૂ કરીને ધાતકીખંડની જગતીના અપરાજીત દ્વાર સુધી પહોંચેલો છે. અથવા લવણસમુદ્રના ઉત્તર-છેડાથી કાળોદધિ સમુદ્રની ઉત્તરદિશાની શરૂઆત સુધી લાંબો છે એટલે કે એ પર્વતનો એક છેડો લવણસમુદ્રને મળ્યો છે અને બીજો છેડો કાળોદધિ સમુદ્રને મળ્યો છે. એજ રીતે દક્ષિણ ઈષુકારનો એક છેડો લવણસમુદ્રના વિજયંતદ્વારે આવેલો છે અને બીજો છેડો ધાતકીખંડના વિજયંતદ્વારે પહોંચ્યો છે. આથી એ બે પર્વતો પણ ચાર લાખ યોજન લાંબા છે અને એ પ્રમાણે એ બે પર્વતો દ્વીપની વચ્ચે ઉત્તરદક્ષિણમાં આવવાથી ધાતકીખંડના પૂર્વ અને પશ્ચિમ એ બે વિભાગ થાય છે. આ બન્ને ધાતકીખંડમા જંબૂદ્વીપના જેવા છ-છ વર્ષધર પર્વતો અને સાત-સાત ક્ષેત્રો આવેલા છે.



ચક્રાકાર ધાતકીખંડના ૧૪ પર્વત ૧૪ આરા
જેવા તથા ૧૪ ક્ષેત્ર ૧૪ આંતરા જેવા



ધાતકીખંડના
બે ઈષુકાર પર્વત

ધાતકીખંડ દ્વીપ એક મોટા રથના પૈડા જેવો છે. તેમાં જંબૂદ્વીપ સહિત લવણ-સમુદ્ર છે તે ચક્રની નાભિ છે અને કાલોદધિસમુદ્ર છે તે ચક્રની પ્રધિ (લોખંડની વાટ) જેવો છે. ધાતકીખંડદ્વીપ રૂપિ મહાચક્રમાં બાર વર્ષધર પર્વતો અને બે ઇષુકાર પર્વત મળીને ચૌદપર્વતો આરા જેવા છે અને એ આરાના આંતરામાં ચૌદ મહાક્ષેત્ર

---

૧ લઘુક્ષેત્ર સમાસ

રહેલા છે, તેથી ક્ષેત્રો આરાના આંતરા જેવા છે. એ પ્રમાણે ચૌદ પર્વતો આરા જેવા હોવાથી શરૂઆતમાં (લવણસમુદ્ર પાસે) જેટલા પહોળા છે તેટલાજ છેડે (કાળોદધિ સમુદ્ર પાસે) પણ પહોળા છે. આ રીતે જોતાં ચૌદ પર્વતો ચારલાખ યોજન લાંબા છે.

આ ધાતકીખંડ દ્વીપની ત્રણ પરિધિ છે. અભ્યંતર પરિધિ પંદર લાખ એકાશીહજાર એકસો ઓગણચાળીસ યોજન, મધ્ય પરિધિ અઠ્ઠાવીસ લાખ છેતાળીસ હજાર પચાસ યોજન અને એકતાળીસ લાખ દશહજાર નવસો એકસઠ યોજન છે. આદિ એટલે કે અભ્યંતર અને અંત્ય પરિધિના સરવાળાને અડધું કરતાં મધ્યપરિધિ આવે છે. એ ત્રણ પરિધિરૂપ ધાતકીખંડ બાર વર્ષધર પર્વત, બે ઈષુકાર પર્વત અને ચૌદ મહાક્ષેત્રો વાળો છે. ચૌદ પર્વતો બધે સરખાવિસ્તારવાળા છે તેથી એ પર્વતોનો વિસ્તાર બાદ કરવાથી ચૌદ મહાક્ષેત્રોનું ક્ષેત્ર મળી શકે છે. ચૌદ પર્વતોનો બધો વિસ્તાર એકલાખ ઇઠ્યોતેર હજાર સાતસો બેતાળીસ યોજન છે.

એક ભરત અને ઐરવતના ક્ષેત્રાંકનો મુખવિસ્તાર છાસઠસો ચૌદ યોજન અને બસો-બારીયા એકસો ઓગણત્રીસ ભાગ જેટલો છે. મધ્યવિસ્તાર બારહજાર પાંચસો એકાસી યોજન અને બસોબારીયા છત્રીસ ભાગ જેટલો છે. અંત્ય (બાહ્ય) વિસ્તાર અઢારહજાર પાંચસો સુડતાળીસ યોજન અને બસોબારીયા એકસો પંચાવન ભાગ જેટલો છે.

૪ હેમવય–ઐરણ્યવયના ક્ષેત્રાંકનો મુખ વિસ્તાર છવ્વીસહજાર ચારસો અઠ્ઠાવન યોજન અને બસોબારીયા બાણુ ભાગ જેટલો છે, મધ્ય વિસ્તાર પચાસહજાર ત્રણસો ચોવીસ યોજન અને બસોબારીયા ચુંમાળીસ ભાગ જેટલો છે અને અંત્ય વિસ્તાર ચુંમોતેરહજાર એકસોનેવું યોજન એને બસોબારીયા એકસો છન્નુ ભાગ જેટલો છે.

સોળ હરિવર્ષ અને રમ્યક્વર્ષના ક્ષેત્રાંકનો મુખવિસ્તાર એક લાખ પાંચહજાર આઠસો તેત્રીસ યોજન અને બસોબારીયા એકસો છપ્પન ભાગનો છે, મધ્યવિસ્તાર બે લાખ એકહજાર બસો અઠ્ઠાણુ યોજન અને બસોબારીયા એકસો બાવન ભાગનો છે તથા બાહ્ય વિસ્તાર બેલાખ છન્નુ હજાર સાતસો ત્રેસઠ યોજન અને બસોબારીયા એકસો અડતાળીસ ભાગનો છે.

૬૪ મહાવિદેહના ક્ષેત્રાંકનો મુખવિસ્તાર ચારલાખ તેવીસ હજાર ત્રણસોચોત્રીસ યોજન અને બસોબારીયા બસો વિભાગનો છે, મધ્યવિસ્તાર આઠલાખ એકાવન લાખ પાંચહજાર એકસો ચોરાણુ યોજન અને બસોબારીયા એકસો ચોરાશી ભાગનો છે તથા બાહ્ય વિસ્તાર અગિયાર લાખ સિત્યાસી હજાર ચોપણ યોજન અને બસોબારીયા એકસો અડસઠ ભાગનો છે. આ રીતે ચૌદ મહાક્ષેત્રોના વિસ્તારનું માપ છે. (અહીં ચોસઠ મહવિદેહ વગેરે છે તેનો અર્થ એટલા મહાવિદેહ ક્ષેત્ર ન સમજવા પણ મહાવિદેહ ક્ષેત્ર ચોસઠ ખંડ જેટલું છે. તેનું વિશેષ વર્ણન હવે પછી ક્ષેત્રાંકની વાત બતાવેલ છે ત્યાં સ્પષ્ટરીતે સમજાવેલ છે.)

ચૌદ આંતરામાં રહેલા ચૌદ મહાક્ષેત્રો પણ ધાતકીખંડની પહોળાઈ પ્રમાણે વર્ષધર પર્વતો જેટલાજ ચારલાખ યોજન લાંબા છે અને લવણસમુદ્ર પાસે ક્ષેત્રોની પહોળાઈ ઓછી

છે. પછી ચક્રની વિવર (પોલાણ) પ્રમાણે પહોળાઈ વધતી વધતી કાળોદધિ સમુદ્ર પાસે ક્ષેત્રોની પહોળાઈ ઘણીજ વધારે છે તેથી બધા ક્ષેત્રોની પહોળાઈ એક સરખી નથી પણ જુદી જુદી છે. આ પહોળાઈ કયા ક્ષેત્રની કેટલી છે તે ઉપર બતાવી છે.

ધાતકીખંડદ્વીપમાં દ્રહો તથા કુંડોની ઊંડાઈ જંબૂદ્વીપના દ્રહોકુંડો જેટલીજ દશયોજનની છે પણ વિસ્તાર બમણો છે. મેરૂસિવાયના પર્વતોની ઊંચાઈ જંબૂદ્વીપના પર્વતો જેટલી જ છે. દીર્ઘ વૈતાઢ્યનો વિસ્તારપણ જંબૂદ્વીપના દીર્ઘ વૈતાઢ્ય જેટલો જ છે તેમજ ઊંચાઇ પણ એટલી જ છે પણ લંબાઈ જુદી જુદી છે.

ધાતકીખંડ દ્વીપમાં એક પૂર્વ દિશામાં અને બીજો પશ્ચિમ દિશામાં એમ બે મેરૂ છે. તે દરેક મેરૂ પર્વત પંચાસી હજાર યોજનના છે. મૂળમાં એ મેરૂ પર્વત એક હજાર યોજનના છે. ધાતકીખંડદ્વીપમાં રહેલા મેરૂ પર્વત અને જંબૂદ્વીપનો મેરૂ પર્વત એ બન્નેમાં જે ફેરફાર છે તે અહીં બતાવે છે જેમ કે :—

| | | | | | |
|---|---|---|---|---|---|
| મેરૂ મૂળથી સમભૂમિ સુધી જંબૂદ્વીપમાં | ૧૦૦૦ યોજન ઊંચે | અને ધાતકીખંડમાં | ૧૦૦૦ | યોજન ઊંચે છે. |
| મેરૂ સમભૂમિથી નંદનવન સુધી જંબૂદ્વીપમાં | ૫૦૦ યોજન ઊંચે | અને ધાતકીખંડમાં | ૫૦૦ | યોજન ઊંચે છે. |
| મેરૂ નંદનવનથી સૌમનસવન સુધી જમ્બૂદ્વીપમાં | ૬૫૨૦૦ યોજન ઊંચે | અને ધાતકીખંડમાં | ૫૫૫૦૦ | યોજન ઊંચે છે. |
| મેરૂ સૌમનસવનથી પંડગવન સુધી જંબૂદ્વીપમાં | ૩૬૦૦૦ યોજન ઊંચે | અને ધાતકીખંડમાં | ૨૮૦૦૦ | યોજન ઊંચે છે. |
| કુલ | ૧૦૦૦૦૦ યોજન ઊંચે | અને ધાતકીખંડમાં | ૮૫૦૦૦ | યોજન ઊંચે છે. |

એજ રીતે વિસ્તાર પણ હવે બતાવેલ છે. જેમ કે :—

| | | | | | |
|---|---|---|---|---|---|
| મેરૂનો જંબૂદ્વીપમાં મૂળ વિસ્તાર | ૧૦૦૯૦$\frac{૧૦}{૧૧}$ | યોજન અને | ધાતકીખંડમાં | ૯૫૦૦ | યોજન છે. |
| મેરૂનો જંબૂદ્વીપમાં સમભૂમિ વિસ્તાર | ૧૦૦૦૦ | યોજન અને | ધાતકીખંડમાં | ૯૪૦૦ | યોજન છે. |
| મેરૂનો જંબૂદ્વીપમાં નંદનવનમાં બાહ્ય વિસ્તાર | ૯૯૫૪$\frac{૫}{૧૧}$ | યોજન અને | ધાતકીખંડમાં | ૯૩૫૦ | યોજન છે. |
| મેરૂનો જમ્બૂદ્વીપમાં નંદનવનમાં અભ્યંતર વિસ્તાર | ૮૯૫૪$\frac{૫}{૧૧}$ | યોજન અને | ધાતકીખંડમાં | ૮૩૫૦ | યોજન છે. |
| મેરૂનો જંબૂદ્વીપમાં સૌમનસવનમાં બાહ્ય વિસ્તાર | ૪૨૭૨$\frac{૮}{૧૧}$ | યોજન અને | ધાતકીખંડમાં | ૩૮૦૦ | યોજન છે. |
| મેરૂનો જંબૂદ્વીપમાં સૌમનસવનમાં અભ્યંતર વિસ્તાર | ૩૨૭૨$\frac{૮}{૧૧}$ | યોજન અને | ધાતકીખંડમાં | ૧૦૦૦ | યોજન છે. |
| મેરૂનો જંબૂદ્વીપમાં શિખર વિસ્તાર | ૧૦૦૦ | યોજન અને | ધાતકીખંડમાં | ૧૦૦૦ | યોજન છે. |

ધાતકીખંડ દ્વીપ ચારલાખ યોજન પહોળો છે. તેમાં જંબૂદ્વીપથી બમણા બે બાજુના બે વનમુખે અગિયારહજાર છસો ઈક્યાસી યોજન રોકયા છે તથા બમણા વિસ્તારવાળા આઠ વક્ષસ્કાર પર્વતોએ આઠહજાર યોજન રોકયા છે તથા બમણા વિસ્તાર વાળી છ અંતરનદીઓએ પંદરસો યોજન રોકયા છે તથા સોળ વિજયોએ એકલાખ ત્રેપન હજાર છસો ચોપન યોજન રોકયા છે. એ બધાનો સરવાળો કરતાં એકલાખ ચુંમોતેર હજાર આઠસો બેતાળીસ હજાર યોજન થાય છે. તેને ધાતકીખંડદ્વીપની ચારલાખની પહોળાઈ એકલાખ ચુંમોતેર હજાર આઠસો બેતાળીસ બાદ કરતાં બે લાખ પચીસ હજાર એકસો અઠ્ઠાવન આવ્યા તેમાંથી ચોરાણુસો યોજન મેરૂની પહોળાઈ બાદ કરતાં બે લાખ પંદરહજાર સાતસો અઠ્ઠાવન યોજન આવ્યા. તેમાંથી પૂર્વ અને પશ્ચિમ રૂપ બે દિશાથી ભાગતાં એક લાખ સાત હજાર આઠસો અગણ્યાએંસી યોજન આવ્યા, તેટલી તેટલી પૂર્વ અને પશ્ચિમ બન્નેની લંબાઈ ભદ્રશાલવનની હોય છે. પહોળાઈ ઈઠ્યાસીમા ભાગે હોવાથી ઇઠ્યાસીથી ભાગતાં એટલે કે એકલાખ સાતહજાર આઠસો અગણ્યાએંસીને ઈઠ્યાસીથી ભાગતાં ભાગાકાર બારસોપચીસ યોજન અને અગણ્યાએંસી શેષ આવે છે પણ થોડુંજ ઓછું હોવાથી અગણ્યાએંસીને ઇઠયાસી સમજીને એક ગણતાં બારસો છવ્વીસ યોજન જેટલી પહોળાઈ ઉત્તર તેમજ દક્ષિણમાં છે. જંબૂદ્વીપના મેરૂના ભદ્રશાલવનની પૂર્વ અને પશ્ચિમ લંબાઇ બાવીસ હજાર યોજન છે અને ઉત્તરદક્ષિણમાં ઇઠ્યાસીમા ભાગની પહોળાઈ અઢીસો યોજન છે.

આ દ્વીપમાં નદીઓનો વિસ્તાર તેમજ નદીઓની જીભનો વિસ્તાર, જાડાઈ તથા લંબાઈ, કુંડ અને તેના દ્વાર તથા કુંડની વેદિકાના ત્રણ દ્વાર તથા કુંડમાંના દ્વીપ, વનમુખનો વિસ્તાર,



દ્રહોનો વિસ્તાર, દીર્ઘ વૈતાઢ્યોનો વિસ્તાર, કમળ તેમજ વલયતીં કમળમાનનો વિસ્તાર, નદીઓની ઊંડાઈનો વિસ્તાર આ બધું જંબૂદ્વીપથી બમણું જાણવું.

મેરૂ પર્વતથી બહારના ગજદંતગિરિનો પૂર્વધાતકીખંડના મેરૂપર્વતથી પૂર્વ તરફની પહોળી અને સોળમી વિજય પાસે રહ્યા છે. તે સૌમનસ અને માલ્યવંત એ બે તથા પશ્ચિમ

ધાતકીખંડના મેરૂની પશ્ચિમના જે ત્યાંની મહાવિદેહની સત્તરમી અને બત્રીસમી વિજય પાસે રહેલા વિદ્યુત્પ્રભ અને ગંધમાદન એ બે મળી ગજદંતગિરિ બહારના એટલે કાળોદધિ સમુદ્ર તરફના છે. તે ચારેની લંબાઈ પાંચલાખ અગણ્યોતેરહજાર બસો સાઠ યોજન છે અને પૂર્વ-ધાતકી દ્વીપ મેરૂથી પશ્ચિમનાં વિદ્યુત્પ્રભ અને ગંધમાદન તથા પશ્ચિમ ધાતકીખંડના મેરૂથી પૂર્વના સૌમનસ અને માલ્યવંત એ બે જંબૂદ્વીપ સન્મુખના ચાર ગજદંતગિરિની લંબાઈ ત્રણ લાખ છપ્પનહજાર બસો સત્તાવીસ યોજન છે. એ રીતે પૂર્વધાતકીખંડમાં બે ગજદંત ઘણા દીર્ઘ છે તે જ બે ગજદંત પશ્ચિમ ધાતકીખંડમા ટૂંકા છે. કાલોદધિ સમુદ્ર તરફનો ધાતકીખંના ગજદંત સ્થાને રહેલો પરિધિ ઘણો મોટો હોવાથી મહાવિદેહક્ષેત્રનો વિસ્તાર ઘણો છે. ત્યાં રહેલા ચારપર્વતોએ પોતાની વક્રલંબાઈથી દરેકે દેશાને અર્ધવિસ્તાર જેટલું ક્ષેત્ર રોકયું છે માટે વધારેલાંબા છે અને લવણસમુદ્ર તરફનો ગજદંતના સ્થાને રહેલો ધાતકી ખંડનો પરિધિ નાનો હોવાથી તે સ્થાને રહેલા તે ચાર ગજદંતો ઓછા લાંબા છે. તેથી ચાર ગજદંતોની લંબાઈમાં ફેરફાર છે. બન્ને છેડા બરાબર ભેગા થયેલા નથી પણ દૂરથી ભેગા થયેલા હોય તેવા દેખાય છે તેથી અર્ધવર્તુળાકારે ભેગા થયેલ બે ગજદંતગિરિઓની લંબાઈનો સરવાળો નવલાખ પચીસહજાર ચારસો છયાસી યોજન થાય છે, તેજ કુરૂક્ષેત્રનું ધનુઃપૃષ્ઠ છે એટલેકે અર્ધલંબ વર્તુળાકાર કુરૂક્ષેત્રનો એ અર્ધઅભ્યંતર પરિધિ છે. ધનુઃપૃષ્ઠના પ્રસંગમાં બાહ્ય પરિધિ હોય નહીં તેથી ધનુઃપૃષ્ઠમાં બધે અભ્યંતર પરિધિ જ ગણવી. જંબૂદ્વીપના ગજદંતથી આ ગજદંતગિરિઓની બમણી પહોળાઈ હોવાથી વર્ષધરપર્વત પાસે એકહજાર યોજન પહોળા અને છેડે ખડગની ધાર જેવા પાતળા છે તથા ઊંચાઈમાં પણ શરૂઆતમાં ચારસો યોજન અને છેડે પાંચસો યોજન હોવાથી અશ્વસ્કંધના આકારવાળા છે. વક્ષસ્કાર પર્વતની લંબાઈ ક્ષેત્રપ્રમાણે છે.

**ક્ષેત્રાંક બસોબારની ઉત્પતિ :—** ભરત-ઐરવત એકેક ખંડપ્રમાણનો છે. તેથી બે ભરત-બે ઐરવત ના ચાર ખંડ એજ ચાર ક્ષેત્રાંક છે. હેમવંત-ઐરણ્યવત ક્ષેત્ર ચાર-ચાર ખંડ પ્રમાણ છે તેથી બે હેમવય-ઐરણ્યવતના સોળ ખંડ એજ સોળ ક્ષેત્રાંક છે. હરિવર્ષ તથા રમ્યક્ વર્ષ સોળ-સોળ ખંડપ્રમાણ હોવાથી બે હરિવર્ષ-રમ્યક્ વર્ષના ચોસઠ ખંડ હોવાથી ચોસઠ ક્ષેત્રાંક છે અને મહાવિદેહ ક્ષેત્ર ચોસઠ ખંડપ્રમાણ છે, તેથી બે મહાવિદેહ ક્ષેત્રના એકસો અઠ્ઠાવીસ ખંડ તે એકસો અઠ્ઠાવીસ ક્ષેત્રાંક છે. આ બધા ક્ષેત્રાંકો ભેગા કરતાં ૪+૧૬+૫૪+૧૨૮=૨૧૨ ક્ષેત્રાંક છે. વર્ષધર પર્વતોથી રોકાયેલ ક્ષેત્રમાં આ બસોબાર જેટલા વિસ્તારના ચૌદ ક્ષેત્રો સમાયેલા છે તેથી ધાતકીખંડનો ક્ષેત્રાંક બસો બાર ગણાય છે.

ચુલહેમવંતગિરિ બે ખંડનો છે અને શિખરી પણ બે ખંડનો છે અને તેવા બે ચુલ હેમવંત તથા બે શિખરી હોવાથી ચાર પર્વતના આઠ ખંડ એજ આઠ ગિરિઅંક છે. આઠ-આઠ ખંડવાળા બે મહાહિમવંત અને બે રૂકિમગિરિ હોવાથી એ ચાર પર્વતોના બત્રીસ ખંડ એજ બત્રીસ ગિરિઅંક છે. બત્રીસ ખંડવાળા બે નિષધ અને બે નીલવંત પર્વત મળી ચારેના એકસો અઠ્ઠાવીસ અંકતે એકસો અઠ્ઠાવીસ ગિરિઅંક ગણાય. એ પ્રમાણે ૮+૩૨+૧૨૮=૧૬૮ ગિરિઅંક કહેવાય. આમ બસોબાર ક્ષેત્રખંડ અને એકસો અડસઠ

ગિરિઅંક મળીને ત્રણસો એંસી ખંડથી ધાતકીખંડ દ્વીપ વહેચાયેલ છે. ખંડનું પ્રમાણ જંબૂદ્વીપમાં કહેલા ખંડ પ્રમાણે જાણવું. જંબૂદ્વીપ એકસો નેવું ખંડપ્રમાણનો છે તેથી ધાતકીખંડદ્વીપ બમણા ખંડવાળો હોવાથી ત્રણસો એંસી ખંડવાળો છે.

**ધ્રુવાંક :–** જે અંક ગુણાકાર વગેરેમાં વારંવાર ઉપયોગી થતો હોય તે ધ્રુવ (નિશ્ચિત) અંક હોવાથી ધ્રુવાંક કહેવાય છે. ભરતાદિ સાત મહાક્ષેત્રોનો મુખવિસ્તાર (લવણસમુદ્ર પાસેનો વિસ્તાર) જાણવા માટે ૧૪૦૨૨૯૭ અંક જ વારંવાર ગુણાકારમાં લેવો પડે છે માટે મુખ-વિસ્તાર જાણવા માટે એ ધ્રુવાંક છે. તે રીતે સાતમહાક્ષેત્રોનો મધ્યવિસ્તાર જાણવા માટે મધ્ય અંક ૨૬૬૭૨૦૮ એ મધ્યધ્રુવાંક છે તેમજ સાતેના છેડાનો વિસ્તાર જાણવા માટે ૩૯૩૨૧૧૯ ઉપયોગી હોવાથી એ અંતિમ ધ્રુવાંક કહેવાય છે. ક્ષેત્રાંક ને ધ્રુવાંકથી ગુણતાં જે આવે તેને બસોબારથી ભાગતાં જે ભાગાકાર આવે તે વિસ્તાર આદિ-મધ્ય કે અંત કહેવાય છે. ધાતકીખંડ દ્વીપની આદિ-મધ્ય-અંત્ય એ ત્રણ પરિધિઓમાંથી પર્વતોનું ક્ષેત્ર બાદ કરતાં શેષ રહેલી પરિધિ જેટલી જગ્યામાં સાત મહાક્ષેત્રો આવેલા છે. એ બાકી રહેલા ક્ષેત્રને જ અહીં ધ્રુવાંક કહેવાય છે.

| | | |
|---|---|---|
| મેરૂપર્વત નીચે મેરૂસહિત ભદ્રશાલવન | ૨૨૫૧૫૮ | યોજન લાંબો છે. |
| સોળવિજયોનો બધો વિસ્તાર | ૧૫૩૬૫૪ | યોજન લાંબો છે. |
| આઠ વક્ષસ્કારોનો બધો વિસ્તાર | ૮૦૦૦ | યોજન લાંબો છે. |
| છ અંતર્નદીઓનો બધો વિસ્તાર | ૧૫૦૦ | યોજન લાંબો છે. |
| બે વનમુખોનો બધો વિસ્તાર | ૧૧૬૮૮ | યોજન લાંબો છે. |
| | ૪૦૦૦૦૦ | યોજન મહાવિદેહની લંબાઈ છે. |

આ પાંચ પદાર્થોમાંથી જેનો વિસ્તાર જાણવો હોય તે સિવાયના ચાર પદાર્થોના વિષ્કંભનો સરવાળો કરી ચાર લાખમાંથી બાદ કરતાં તે પદાર્થની સંખ્યાથી ભાગતાં દરેકનો વિસ્તાર આવે છે.

દરેક વિજયનો વિસ્તાર ૯૬૦૩$\frac{૬}{૮}$ યોજન છે. અંતર્નદી ૨૫૦ યોજન પહોળી છે. દરેક વક્ષસ્કાર એકહજાર યોજન પહોળો છે અને દરેક વનમુખ ૫૮૪૪ યોજન પહોળું છે. દરેક વિજયની નગરીઓના નામ તથા મહાવૃક્ષોના નામ જંબૂદ્વીપ પ્રમાણે જ છે, પણ પૂર્વધાતકી ખંડના ઉત્તરકુરૂક્ષેત્રમાં ધાતકીવૃક્ષ અને પશ્ચિમધાતકીખંડના ઉત્તરકુરૂક્ષેત્રમાં મહાધાતકીવૃક્ષ હોય છે. આટલો જંબૂદ્વીપથી તફાવત છે. એ બે વૃક્ષો ઉપર અનુક્રમે સુવર્ણકુમાર જાતિના સુદર્શન અને પ્રિયદર્શન દેવ અને તેમના ભવન છે.

# કાલોદ સમુદ્ર

ધાતકીખંડ દ્વીપને ચારેબાજુએથી ઘેરીને કાલોદસમુદ્ર રહેલ છે. આ સમુદ્ર ગોળ વલયાકારે છે અને તે સમ ચક્રવાલ સંઠાણવાળો છે. આ સમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ આઠલાખ યોજનનો છે અને તેની પરિધિ એકાણુ લાખ સત્તર હજાર છસો પંચોતેર યોજનથી થોડી વધારે છે. [૧] આ સમુદ્રના ચક્રવાલ વિષ્કંભ અને પરિધિની ગાથાઓ :—

અટ્ઠેવ સયસહસ્સા, કાલોઓ ચક્કવાલઓ રુંદો ।
જોયણ સહસ્સમેગં, ઓગાહેણું મુણેયવ્વો ॥૧॥

ઈગિનઉઈ સયસહસ્સા, હવંતિ તહ સત્તરિ સહસ્સા ।
છચ્ચસયા પંચહિયા. કાલોય પરિરઓ એસો ॥ ૨ ॥

આ સમુદ્ર ચારે બાજુથી એક પદ્મવરવેદિકા અને વનખંડથી ઘેરાયેલ છે અને પહેલાની જેમ તે બન્ને નું વર્ણન સમજવું આ સમુદ્રના વિજય આદિ ચાર દ્વારો છે. તે પૂર્વ વગેરે દિશાઓના ક્રમે રહેલા છે. કાલોદસમુદ્રના પૂર્વાન્તભાગમાં જે પુષ્કરવરદ્વીપ છે, તેના પૂર્વાર્ધથી પશ્ચિમમાં શીતોદા મહાનદીની ઉપર કાલોદસમુદ્રનું વિજયદ્વાર છે. તે આઠ યોજન ઊંચુ છે વગેરે હકીકત તથા રાજધાનીની હકીકત પણ જંબૂદ્વીપના વિજયદ્વાર પ્રમાણે જાણવી. કાલોદ સમુદ્રની દક્ષિણ દિશાને અંતે પુષ્કરવરદ્વીપની દક્ષિણાર્ધની ઉત્તરમાં કાલોદ-સમુદ્રનું વૈજયંત દ્વાર છે. આ સમુદ્રના પશ્ચિમાંતમાં પુષ્કર્ધદ્વીપના પશ્ચિમાર્ધના પૂર્વભાગમાં શીતામહાનદીની ઉપર જયંત નામનું દ્વાર આવેલ છે. આ સમુદ્રની ઉત્તરના અંતમાં પુષ્કરવર-દ્વીપની ઉત્તરાર્ધથી દક્ષિણમાં અપરાજિત નામનું દ્વાર છે. બાકીનું વર્ણન જંબૂદ્વીપના વિજય-દ્વાર તથા વિજયારાજધાની પ્રમાણે છે. બાવીસલાખ બાણુ હજાર છસો છેંતાળીસ યોજન અને ત્રણ કોશનું એક દ્વારથી બીજા દ્વારનું અંતર છે. ચારે દ્વારોની જાડાઈ મેળવતાં અઢાર યોજન થાય છે. તે અઢાર યોજનને કાલોદસમુદ્રની પરિધિના એકાણુલાખ સિત્તોરહજાર છસો પાંચ યોજનમાંથી બાદ કરતાં એકાણુ લાખ સિત્તોરહજાર પાંચસુ સિત્યાસી યોજન વધે છે. તેને ચારથી ભાગતાં એકેક દ્વારનું અંતર ૨૨૯૨૬૪૬ યોજન અને ત્રણ ગાઉનું થાય છે. કહ્યું છે કે :-

છાયાલા છચ્ચસયા, બાણઉઈ સહસ્સ લક્ખ બાવીસં ।
કોસાય તિન્નિ દારંતરં તુ, કાલોયહિસ્સ ભવે ॥ ૧ ॥

આ સમુદ્રનું પાણી સ્વાદિષ્ટ અને પુષ્ટિકારક છે તથા સ્વાદમાં મનને આનંદ આપનાર હોવાથી પેશલ અને કાળું છે, તેથી કાલોદધિ નામ પડેલ છે. અથવા કાળ અને મહાકાળ નામના બે મહર્દ્ધિક દેવો પણ ત્યાં વસે છે, તેથી પણ કાલોદધિ નામ છે. અથવા કાલોદધિ એ શાશ્વત નામ પણ છે.

---

૧ જીવાભિગમ સૂત્ર પ્રતિપત્તિ ૩. ૯. ૩

[1]જેમ લવણસમુદ્રમાં ગોતીર્થ છે તેમ આ સમુદ્રમાં ગોતીર્થ નથી. વેલ તથા શિખા પણ આ સમુદ્રમાં નથી તેમજ જલવૃદ્ધિ તેમજ પાતાળ કળશો આ સમુદ્રમાં હોતા નથી અને તે ન હોવાથી ભરતી-ઓટ પણ નથી. શિખા અને વેલ ન હોવાથી વેલંધર કે અનુવેલંધર દેવો તેમજ તેમના આવાસ પર્વતો પણ નથી. આ સમુદ્રનું પાણી સ્થિર છે. આ સમુદ્રનું મેઘના પાણી જેવું સ્વાદિષ્ટ પાણી છે. પૂર્વાર્ધનો અધિપતિ કાળ અને પશ્ચિમાર્ધનો અધિપતિ મહાકાળ દેવ છે. ધાતકીખંડ દ્વીપથી માંડીને સ્વયંભૂરમણ સમુદ્ર સુધીના દરેક દ્વીપ અને સમુદ્રમાં બે બે અધિપતિ દેવો હોય છે, તેથી અહીં પણ બે દેવો છે. ધાતકીખંડના છેલ્લા ભાગથી પુષ્કરદ્વીપ સુધી બધેજ આ સમુદ્ર એકહજાર યોજન ઊંડો છે. (ધાતકીખંડની પૂર્વદિશામાં ધાતકીની જગતીથી કાલોદ સમુદ્રમાં બારહજાર યોજન દૂર જતાં ધાતકીખંડના બાર-બાર સૂર્ય-ચંદ્રના દ્વીપ છે. જીવાભિગમ સૂત્રમાં લવણાધિકારમાં ધાતકીના ચંદ્ર-સૂર્યના છ-છ દ્વીપ લવણસમુદ્રમાં કહયા નથી પણ કાલોદધિમાં કહયા છે.) કાલોદસમુદ્રની જગતીથી એટલેકે પૂર્વ દિશામાં પુષ્કરદ્વીપના અભ્યંતર કિનારાથી બારહજાર યોજન દૂર કાલોદસમુદ્રમાં આવતાં ત્યાં (પૂર્વદીશામાં) કાલોદસમુદ્રના ૪૨ ચંદ્રના ૪૨ દ્વીપ છે તથા પશ્ચિમદિશામાં પુષ્કરદ્વીપના અભ્યંતર કિનારાથી કાલોદસમુદ્રમાં બારહજાર યોજન દૂર જતાં કાલોદસમુદ્રના ૪૨ સૂર્યના ૪૨ દ્વીપ છે. કાલોદસમુદ્રમાં ધાતકીના ૧૨ ચંદ્ર+૧૨ સૂર્ય કાલોદધિના ૪૨ ચંદ્ર+૪૨સૂર્ય+કાળ તથા -મહાકાળ દેવના ૨=બધા મળી ૧૧૦ દ્વીપ છે.

અધિપતિ દેવોના બે દ્વીપ ઉપર બે ભવન છે તથા ૧૦૮ દ્વીપ ઉપર ૧૦૮ પ્રાસાદ છે. હવે આગળ આગળના સર્વ દ્વીપોના ચંદ્ર-સૂર્યના દ્વીપ પોતપોતાના નામવાળા આગળના સમુદ્રમાં છે. આ રીતે વિચારતાં ધાતકીખંક દ્વીપના ચંદ્ર-સૂર્યદ્વીપ લવણમાં માનવા યોગ્ય જણાતા નથી.

# પુષ્કર દ્વીપ

કાલોદધિ સમુદ્રને ચારે બાજુએ થી ઘેરીને રહેલ પુષ્કરવરદ્વીપ નામનો દ્વીપ છે. તે ગોળ વલયાકારે છે. એ સમચક્રવાલ સંઠાણવાળો છે. તે સોળ લાખ યોજનના સમચક્રવાલ વિષ્કંભવાળો છે અને તેની પરિધિ એક કરોડ બાણુ લાખ નેવ્યાસી હજાર આઠસો ચોરાણુ યોજનથી થોડી વધારે છે. તે એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી ચારે બાજુથી ઘેરાયેલ છે. તેનું વર્ણન જંબૂદ્વીપની પદ્મવરવેદિકા તથા વનખંડ પ્રમાણે સમજવું. તેને વિજયાદિ ચાર દ્વારો પૂર્વાદિ દિશાના ક્રમથી છે. પુસ્કરવર દ્વીપની પૂર્વાર્ધના અંતે પુસ્કરવર સમુદ્રની પશ્ચિમ

---

૧ લઘુ ક્ષેત્ર સમાસ

૨ જીવાભિગમ સૂત્ર પ્રતિપત્તિ ત્રીજી, ઉદ્દેશો ત્રીજો

દિશામાં પુષ્કરવર દ્વીપનું વિજય નામે દ્વાર છે. એ રીતે બાકીના ત્રણે દ્વારોનું વર્ણન જાણવું. તેની વિશેષ હકીકત જંબૂદ્વીપના દ્વારો પ્રમાણે જાણવી. આ દ્વીપમાં શીતા અને શીતોદા નદી કહેવી નહી. તેના પ્રત્યેક દ્વારોનું અંતર અડતાળીશ લાખ બાવીસ હજાર ચારસો અગણ્યોસિત્તોર યોજનનું છે. ચારે દ્વારોની જાડાઈ એકઠી કરતાં અઢાર યોજનની થાય છે. તે અઢાર યોજન આ દ્વીપની ૧૯૨૮૯૮૯૪ યોજનની પરિધિ છે, તેમાંથી અઢાર યોજન ઓછા કરતાં ૧૯૨૮૯૮૭૬ — એક કરોડ બાણુ લાખ નેવ્યાસી હજાર આઠસો છોંતેર યોજન પ્રમાણ રહે છે, તેને ચારથી ભાગતાં અડતાળીસ લાખ બાવીસ હજાર ચારસો અગણ્યોસિત્તોર યોજન રહે છે. તે ચારે દ્વારનું પરસ્પર અંતર છે. આ દ્વીપમાં ઘણા પદ્મવૃક્ષ, પદ્મવન હંમેશ ફળ - ફૂલ - ગુચ્છાવાળા રહે છે તેથી પુષ્કરવરદ્વીપ નામ આપેલ છે અથવા પુષ્કરદ્વીપ એ શાશ્વતુ નામ પણ છે. ત્યાં પદ્મ અને મહાપદ્મ નામના બે વૃક્ષો ઉપર પદ્મ અને પુંડરીક નામના બે દેવો વસે છે તેથી પણ પુષ્કરદ્વીપ નામ આપેલ છે. કહ્યું છે કે :—

પઉમેય મહાપઉમે રુકખા, ઉત્તરકુરુસુ જંબૂસમા ।
એએસુ વસંતિ સુરા, પઉમે તહ પુંડરીએ ય ॥ ૧ ॥

[1] પુષ્કરદ્વીપના મધ્ય ભાગમાં વલયાકારે માનુષોત્તર પર્વત આવેલ છે તેથી પુષ્કરદ્વીપના અભ્યંતર પુષ્કરાર્ધ અને બાહ્યપુષ્કરાર્ધ એવા બે વિભાગ થાય છે. ધાતકીખંડના બે ઈષુકારની સમશ્રેણિમાં સીધીલીટીએ અભ્યંતર પુષ્કરાર્ધમાં પણ બે ઈષુકાર પર્વત આવેલા છે. તે ધાતકીખંડના ઈષુકાર જેવા છે. એ બે ઈષુકારનો એક છેડો કાલોદધિસમુદ્રને અને બીજો છેડો માનુષોત્તર પર્વતને અડકેલો છે, તેથી કાલોદધિથી માનુષોત્તર પર્વત સુધી આઠ લાખ યોજન લાંબા અને પૂર્વ-પશ્ચિમ બે હજાર યોજન પહોળા એ ઈષુકાર પર્વતો છે, તેથી પૂર્વ બાજુનો ભાગ પૂર્વપુષ્કરાર્ધ અને પશ્ચિમબાજુનો ભાગ પશ્ચિમપુષ્કરાર્ધ કહેવાય છે. આ બંને પર્વતો યોજન ઊંચા છે. ધાતકીખંડની માફક અહીં પણ બાર વર્ષધરપર્વતો પુષ્કરાર્ધરૂપી ચક્રના આરા જેવા છે, તેથી ધાતકીખંડના વર્ષધરોથી બમણા વિસ્તાર અને બમણી લંબાઈ વાળા છે.

દક્ષિણ ઇષુકારની પૂર્વદિશામાં પહેલું ભરતક્ષેત્ર, પછી ઉત્તરમાં ચુલહેમવંતપર્વત, પછી પછી હિમવંત ક્ષેત્ર, પછી મહાહિમવંત પર્વત, પછી હરિવર્ષક્ષેત્ર, પછી નિષધપર્વત, પછી મહાવિદેહ ક્ષેત્ર, પછી નીલવંતપર્વત, પછી રમ્યક્ક્ષેત્ર, પછી રૂકમીપર્વત, પછી ઐરણ્યવત ક્ષેત્ર, પછી શિખરીપર્વત અને ઐરવત ક્ષેત્ર ત્યારપછી ઉત્તરનો ઇષુકારપર્વત છે. આ રીતે પુષ્કરાર્ધમાં ક્ષેત્ર અને પર્વતો અનુક્રમે છે. એજ રીતે પશ્ચિમ પુષ્કરાર્ધમાં પણ દક્ષિણ ઈષુકારની પશ્ચિમે પહેલું ભરત ક્ષેત્ર અને છેલ્લું ઐરવત ક્ષેત્ર છે, ત્યારપછી ઉત્તરનો ઇષુકાર પર્વત છે.

ધાતકીખંડમાં બાર વર્ષધર પર્વતોનો આકાર ચક્રના આરા જેવો છે અને ચૌદ મહાક્ષેત્રોનો આકાર આંતરા જેવો જેમ પહેલાં કહયો છે તેમ પુષ્કરાર્ધક્ષેત્રમાં પણ બાર

---

૧ લઘુક્ષેત્ર સમાસ

વર્ષધર પર્વતોનો આકાર ચક્રના આરા જેવો અને ચૌદ મહાક્ષેત્રોનો આકાર આંતરા જેવો છે. ક્ષેત્રો અને પર્વધર પર્વતોનો આકાર ધાતકીખંડના ક્ષેત્રો તથા વર્ષધરો જેવો જાણવો પણ લંબાઇ બમણી જાણવી.

ધાતકીખંડના ભદ્રશાલ વન કરતાં પુષ્કરાર્ધના મેરૂનું ભદ્રશાલ વન પૂર્વ-પશ્ચિમમાં બમણું છે. એટલેકે બે લાખ પંદરહજાર સાતસો એકાવન યોજન છે. તે વનનો ઉત્તર-દક્ષિણ વિસ્તાર પૂર્વ-પશ્ચિમના વિસ્તારને ઈઠયાસીથી ભાગતાં ૨૪૫૧ યોજન છે તથા પુષ્કરાર્ધના બે મેરૂ તેમજ બે ઇષુકારનો વિસ્તાર ધાતકીખંડ ના મેરૂ તથા ઈષુકાર જેટલો જાણવો.

કાલોદધિસમુદ્ર તરફના પૂર્વપુષ્કરાર્ધના બે અને પશ્ચિમપુષ્કરાર્ધના બે એમ ચાર ગજદંત-પર્વતો અભ્યંતર ગજદંત કહેવાય અને તે પૂર્વાર્ધના વિદ્યુત્પ્રભ અને ગંધમાદન તથા પશ્ચિ-માર્ધના સૌમનસ અને માલ્યવંત એમ ચાર ગજદંત પણ અભ્યંતર ગજદંત છે, તેનું સ્વરૂપ ધાતકીખંડના ગજદંત જેવું છે. એટલેકે આ ચાર ગજદંતોના સ્થાને, મહાવિદેહ ક્ષેત્રનો વિસ્તાર ઓછો છે અને પૂર્વ કહેલા ચાર ગજદંતોનો નિષધ-નીલવંત પર્વત પાસે વિસ્તાર (પહોળાઈ) બે હજાર યોજન, ઊંચાઇ ચારસો યોજન છે અને પછી અનુક્રમે પહોળાઈમાં વધતાં વધતાં મેરૂ પર્વત પાસે પાંચસો યોજન ઊંચાં અને અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા પાતળા છે.

નદીઓ, નદીના કુંડ, નદી કુંડના દ્વીપ તથા વર્ષધર પર્વતો, પર્વતો ઉપરના દ્રહો, દ્રહમાંના કમળો વગેરે તથા વક્ષસ્કાર આદિ પર્વતો જંબૂદ્વીપના પદાર્થોથી ચાર ગણા પ્રમાણવાળા અને સરખા એટલે કે જંબૂદ્વીપના પદાર્થોથી ચાર ગણી લંબાઈ પહોળાઈ છે.

ઈઠયાસી લાખ ચૌદ હજાર નવસો એકવીસ એ અભ્યંતર ધ્રુવાંકને પૂર્વે (ધાતકીખંડમાં) કહેલી વિધિથી ક્ષેત્રાંક સાથે ગુણાવો. આ આદિ વિસ્તાર છે. એક કરોડ તેર લાખ ચુવાળીસ એ પુષ્કરાર્ધ દ્વીપના મધ્ય ભાગનો ધ્રુવાંક છે અને એક કરોડ આડત્રીસ લાખ ચુંવોતેર હજાર પાંચસો પાસઠ એ પુષ્કરાર્ધ દ્વીપના અંત્યભાગનો ધ્રુવાંક છે. ભરત-ઐરવતનો ૧, હેમવય-ઐરણ્યવયનો ૪, હરિવર્ષ-રમ્યક્ વર્ષનો ૧૬ અને મહાવિદેહનો ૬૪ ક્ષેત્રાંક છે. એને આદિ, મધ્ય, અંત્ય ધ્રુવાંકથી ગુણી બસો બારથી ભાગતાં.

| | આદિ વિસ્તાર | મધ્યવિસ્તાર અને | અંત્યવિસ્તાર | |
|---|---|---|---|---|
| ૨ ભરત–૨ઐરવતનો | ૪૧૫૭૯$\frac{૧૧૩}{૨૧૨}$, | ૫૩૫૧૨$\frac{૧૯૯}{૨૧૨}$ અને | ૬૫૪૪૬$\frac{૧૩}{૨૧૨}$ | યોજન થાય છે. |
| ૨ હેમવય–૨ ઐરણ્યવયનો | ૧૬૬૩૧૯$\frac{૫૬}{૨૧૨}$, | ૨૧૪૦૫૧$\frac{૧૬૦}{૨૧૨}$ અને | ૨૬૧૭૮૪$\frac{૫૨}{૨૧૨}$ | યોજન થાય છે. |
| ૨ હરિવર્ષ–૨ રમ્યક્વર્ષનો | ૬૫૫૨૭૭$\frac{૧૨}{૨૧૨}$, | ૮૫૬૨૦૭$\frac{૪}{૨૧૨}$ અને | ૧૦૪૭૧૩૬$\frac{૨૦૮}{૨૧૨}$ | યોજન થાય છે. |
| ૨ મહાવિદેહ ક્ષેત્રનો | ૨૬૬૧૧૦૮$\frac{૪૮}{૨૧૨}$, | ૩૪૨૪૮૨૮$\frac{૧૬}{૨૧૨}$ અને | ૪૧૮૮૫૪૭$\frac{૧૯૬}{૨૧૨}$ | યોજન થાય છે. |

અહીં પુષ્કરાર્ધમાં ૧ વનમુખ ૧૧૬૮૮ + ૨ = ૨૩૩૭૬ બે યોજન બે વનમુખનો વિસ્તાર છે. તેમજ પુષ્કરાર્ધમાં ૧ અંતર્નદી ૫૦૦ + ૬ = ૩૦૦૦ યોજન છ અંતર્નદીઓનો ભેગો વિસ્તાર છે. તેમજ પુષ્કરાર્ધમાં ૧ વક્ષસ્કાર ૨૦૦૦ + ૮ = ૧૬૦૦૦ યોજન આઠ વક્ષસ્કારનો

ભેગો વિસ્તાર છે તથા પુષ્કરાર્ધમાં ૧ ભદ્રશાલવન એકદિશામાં ૨૧૫૭૫૮ × ૨ = ૪૩૧૫૧૬ ભેગી લંબાઈ ૪૪૦૯૧૬ તથા પુષ્કરાર્ધમાં ૧ મેરૂપર્વત ૯૪૦૦ × ૧ = ૯૪૦૦ + ૪૩૧૫૧૬ = ૪૮૩૨૯૨ યોજન એકમેરૂની જાડાઇ છે.

૮૦૦૦૦૦ પુષ્કરાર્ધના વિસ્તારમાંથી ૪૮૩૨૯૨ યોજન વનમુખાદિનો ભેગો વિસ્તાર બાદકરતાં ૩૧૬૭૦૮ યોજન આવે છે. તેને ૧૬ વિજયથી ભાગતાં ૧૯૭૯૪ યોજન એક વિજયની પહોળાઈ આવી આ રીતે પાંચેમાંથી કોઇપણ એકનો વિસ્તાર જાણવા માટે બાકીના ચારનો વિસ્તાર ભેગો કરી જે આવે તેને આઠલાખમાંથી બાદ કરતાં ધારેલા પદાર્થનો વિસ્તારમળે છે.

પુષ્કરાર્ધમાં અઠ્ઠાવીસ મહાનદીઓ છે તે આભ્યંતર પ્રવાહવાળી છે એટલે કે તે કાલોદ સમુદ્ર તરફ વહેનારી ચૌદ મહાનદીઓ કાળોદસમુદ્રમાં મળી સમુદ્રના જળમાં ભળી જાય છે, પરંતુ બાહ્ય પ્રવાહવાળી એટલેકે માનુષોત્તર તરફ વહેનારી ચૌદ મહાનદીઓ માનુષોત્તર પર્વતની નીચે પ્રવેશી ત્યાંને ત્યાંજ ભૂમિમાં વિલય પામે છે (એ મહાનદીઓનું દરરોજ વહેતું જળ ૧૦૨૨ યોજન માત્ર અલ્પવિસ્તારની પર્વતની ભૂમિમાં સમાઇ જાય છે તે પણ જગત્સ્વભાવે ભૂમિનો અતિશોષણ સ્વભાવજ સંભવી શકે છે.)

પુષ્કરાર્ધના આદિ ધ્રુવાંક ૮૮૧૪૯૨૧ માં ગિરિઅંક ૩૫૫૬૮૪ ઉમેરતાં આદિ પરિધિ ૯૧૭૦૬૦૫ યોજન થાય છે. તે જ પુષ્કરાર્ધના મધ્યધ્રુવાંક ૧૧૩૪૪૭૪૩ માં ગિરિઅંક ૩૫૫૬૮૪ ઉમેરતાં મધ્યપરિધિ ૧૧૭૦૦૪૨૭ યોજન થાય છે અને આ અર્ધદ્વીપના અંત્ય ધ્રુવાંક ૧૩૮૭૪૫૬૫ માં ૩૫૫૬૮૪ ગિરિઅંક ઉમેરતાં ૧૪૨૩૦૨૪૯ યોજન અંત્યપરિધિ થાય છે.

# માનુષોત્તર પર્વત

[1] કાલોદ સમુદ્રની ચારે બાજુએ વીંટળાયેલો વલયાકાર પુષ્કરનામનો દ્વીપ છે. તે કાલોદ સમુદ્રથી સોળલાખ યોજન વિસ્તારનો છે. એ દ્વીપના વલયાકાર મધ્યભાગમાં એટલે કે એ દ્વીપના આઠલાખ યોજનના બે વિભાગ થાય તેવા પહેલા વિભાગને છેડે અને બીજા વિભાગની શરૂઆતમાં માનુષોત્તર પર્વત આવેલો છે. તે પણ દ્વીપની જેમ વલયાકાર છે, તેથી એ પર્વત પુષ્કરદ્વીપના પહેલા અર્ધભાગથી બહાર ગણાય છે કારણ કે તેનો વિસ્તાર બીજા અર્ધભાગમાં આવેલો છે. કાલોદસમુદ્રને સ્પર્શેલો પહેલો અભ્યંતર પુષ્કરાર્ધ સંપૂર્ણ આઠ લાખ યોજનનો છે અને બીજો બાહ્ય પુષ્કરાર્ધ દેશોન આઠલાખ યોજનનો છે. એ પ્રમાણે અભ્યંતર પુષ્કરાર્ધને વીંટાયેલો એ પર્વત જાણે અભ્યંતર પુષ્કરાર્ધ દ્વીપની અથવા મનુષ્ય ક્ષેત્રની જગતી જેવો હોય તેમ લાગે છે.

---

૧ લઘુ ક્ષેત્ર સમાસ

[2] આ પર્વત સત્તરસો એકવીસ યોજન પૃથ્વીથી ઊંચો છે, ચારસો ત્રીસ યોજન અને એક કોશ જમીનની અંદર ઊંડો ઉતરેલો છે. તે મૂળમાં એકહજાર બાવીસ યોજન પહોળો છે, વચ્ચે સાતસો તેવીસ યોજન પહોળો છે અને ઉપરની બાજુ ચારસો ચોવીસ યોજન પહોળો છે. જમીનમાં તેની પરિધિ એક ક્રોડ બેતાળીસ લાખ ત્રીસહજાર બસો ઓગણપચાસ યોજનથી થોડી વધારે છે. બહારની બાજુની તેની પરિધિ એક ક્રોડ બેતાળીસલાખ બત્રીસ-હજાર નવસો બત્રીસ યોજનની છે. આ પર્વત આ રીતે મૂળમાં વિસ્તારવાળો, મધ્યમાં સંક્ષિપ્ત થયેલ અને ઉપરના ભાગમાં સંકોચાયેલ છે તથા બહારના ભાગમાં એ દર્શનીય છે. આ પર્વત સિંહનિષાદી આકારવાળો છે. એટલે કે જેમ સિંહ આગળના બે પગ લાંબા કરીને કે ઊભા રાખીને અને પાછલા બે પગ સંકોચીને બેઠા હોય તેવા આકારવાળો આ પર્વત છે. આ રીતે બેસતાં પાછળ નીચો અને અનુક્રમે આગળ મુખસ્થાને ઘણો ઊંચો દેખાય તેવા આકારનો છે, તેથી અડધા યવની રાશી-ઢગલા જેવું તેનું સંઠાણ છે. (એટલે કે આ દ્વીપના અત્યંત મધ્યભાગમાં વલયાકારે બધી બાજુ ફરતો એક પર્વત કલ્પીએ. તે મૂળમાં ૨૦૪૪ યોજન અને શિખરતલે ૮૪૮ યોજન વિસ્તારવાળો હોય. એવો પર્વત કલ્પીને તેના અતિમધ્યભાગથી બે વિભાગ કરી અંદરના વિભાગને ઉઠાવી લઈ ગમે તે સ્થાને મુકીએ તો બાહ્ય અર્ધભાગ જેવા આકારનો બાકી રહ્યો છે તેવા જ આકારનો—અડધા યવના આકારનો આ માનુષોત્તર પર્વત છે.) આ પર્વત સંપૂર્ણ રીતે જંબૂનદમય (થોડા ઓછા રકતવર્ણનો) છે. તેની બન્ને બાજુ બે પદ્મવરવેદિકા અને વનખંડ વર્તુળાકારે છે. આ બન્નેનું વર્ણન અગાઉની જેમ કરવું. આ પર્વતની અંદર મનુષ્યો રહે છે, ઉપર સુવર્ણકુમાર રહે છે, અને બહાર દેવો રહે છે તેથી આ પર્વતનું માનુષોત્તર પર્વત નામ છે. અથવા આ માનુષોત્તર પર્વતની બહાર મનુષ્યો પોતાની શકિતથી કદી પણ ગયા નથી, જતા નથી અને જશે પણ નહી. જંઘાચારણ અથવા વિદ્યાચારણ મુનિઓ જાય છે. અથવા જેમને દેવોહરણ કરીને લઈ જાય છે એવા મનુષ્યોજ આ માનુષ્યોત્તર પર્વતની બહાર જાય છે તેથી માનુષ્યોત્તર પર્વત નામ પડેલ છે. અથવા આ નામ શાશ્વત છે. (માનુષ્ય = મનુષ્ય ક્ષેત્રની અને ઉત્તરે = છેડે આવેલો હોવાથી માનુષ્યોત્તર નામ પડેલ છે.

જ્યાં સુધી આ પર્વત છે ત્યાંસુધી આ મનુષ્યલોક છે. જ્યાં સુધી ભરત વગેરે ક્ષેત્રો કે વર્ષધર પર્વતો છે ત્યાં સુધી આ મનુષ્યલોક છે. જ્યાં સુધી ઘર છે-ઘરોમાં આવે જાય છે, ગામથી શરૂ કરીને મડંબ સુધીના સ્થળો છે, જ્યાં સુધી અરિહંત, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવ, ચારણ ઋદ્ધિધારી મનુષ્ય, વિદ્યાચારણ મુનિ, સાધુ–સાધ્વી શ્રાવક-શ્રાવિકા છે, ભદ્રપ્રકૃતિવાળા મનુષ્યો છે ત્યાં સુધી આ મનુષ્યલોક છે. જયાં સુધી સમય, આવલિકા, શ્વાસોચ્છ્વાસ, સ્તોક લવ, મુહૂર્ત, દિવસ, અહોરાત્રિ, પક્ષ, માસ, ઋતુ, અયન, સંવત્સર, યુગ, સો વર્ષ, હજાર વર્ષ, લાખવર્ષ, પૂર્વાંગ, પૂર્વ, ત્રુટિતાંગ, ત્રુટિત, અડડ, અવવ, હુહુક, ઉત્પલ, પદ્મ, નલિન, અર્થનિકુર, અચુત, નયુત, પ્રયુત, ચૂલિકા, શીર્ષપ્રહેલિકા, પલ્યોપમ, સાગરોપમ, ઉત્પસર્પિણી, અવસર્પિણી, છે ત્યાં સુધી આ મનુષ્યલોક છે. (ચોરાશી લાખ

---

૨ જીવાભિગમ સૂત્ર પ્રતિપત્તિ ત્રીજી, ઉદ્દેશો ત્રીજો

વર્ષનું એક પૂર્વાંગ, ચોરાશી લાખ પૂર્વાંગનું એક પૂર્વ થાય છે. એ પ્રમાણે શીર્ષ પ્રહેલિકા સુધી સમજવું. પછીનો કાળ ઉપમાથી બતાવાય છે. ત્યાર પછી પલ્યોપમનું માપ પાલાથી ગણાય છે. એવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય છે. દસ ક્રોડાક્રોડી સાગરોપમનો એક અવસર્પિણી અને તેટલાજ વર્ષનો ઉત્સર્પિણી કાળ છે.) જ્યાં સુધી બાદર વિદ્યુત્ અને બાદર મેઘના શબ્દો છે, જ્યાં સુધી ઉદાર (સ્વાભાવિક) મેઘો ઉત્પન્ન થાય છે. (એટલે કે અઢી દ્વીપ બહાર અસુરાદિ દેવોએ વિકુર્વેલા મેઘગર્જના તેમજ વીજળીઓ વરસાદ એ બધું હોઈ શકે છે પણ સ્વાભાવિક નહીં, બાદર તેઉકાય છે, આગર છે, નદીઓ છે (અહીં નદીઓ કહી છે તે શાશ્વતી જાણવી પણ અશાશ્વતી તો હોઈ શકે કારણ કે તે નદીઓ હોય તો જ ત્યાંના નિવાસી પશુ-પક્ષીઓ પાણી પી શકે તથા જળાશયો ન હોય તો વિગલેંદ્રિય તેમજ સંમૂર્છિમ પંચેંદ્રિયો ન હોઈ શકે), નિધિ છે, જ્યાં સુધી ચંદ્રોપરાગ, સૂર્યોપરાગ, ચંદ્ર પરિવેષ, સૂર્ય પરિવેષ, પ્રતિચંદ્ર, પ્રતિસૂર્ય ઈન્દ્રધનુષ, ઉદક મત્સ્ય, કપિહસિત છે, ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારાઓનું ગમનાગમન થાય છે, તેમની વધઘટ થાય છે, તેમનું અવસ્થિતપણું છે, 'તેમના સંઠાણની સ્થિતિ છે ત્યાં સુધી આ મનુષ્ય લોક છે એટલે કે મનુષ્યલોકની બહાર આ બધી વસ્તુઓ નથી પણ મનુષ્યલોકમાં જ છે.

## "સંખ્યાત-અસંખ્યાત દ્વીપ સમુદ્રો"

આટલું વર્ણન કર્યું છે તે અઢીદ્વીપનું છે, હવે એ સિવાયના બીજા દ્વીપસમુદ્રો છે તેની હકીકત લખવામાં આવે છે. આ દ્વીપ-સમુદ્રોમાં મનુષ્યની વસ્તી હોતી નથી પણ તિર્યંચ જીવો હોય છે. આ બધા દ્વીપ-સમુદ્રોમાં સૌથી પહેલાં પુષ્કરવરોદ સમુદ્ર આવેલો છે તેથી હવે તે સમુદ્રનું વર્ણન કરીને એકેક દ્વીપ સમુદ્રોનું વર્ણન કરવામાં આવશે.

[1] પુષ્કરવરદ્વીપને ચારેબાજુથી પુષ્કરવરોદ સમુદ્રે ઘેરેલ છે. તે ગોળ વલયાકાર સંઠાણવાળો છે. તેનો ચક્રવાલ વિષ્કંભ તેમજ પરિધિ સંખ્યાત લાખ યોજનની છે. એ સમુદ્રના પૂર્વાદિ દિશાને ક્રમે વિજયાદિ ચાર દ્વારો છે. પુષ્કરવરોદધિના પૂર્વાર્ધના અંતમાં વરૂણદ્વીપની પૂર્વાર્ધની પશ્ચિમદિશામાં પુષ્કરોદ સમુદ્રનું વિજયદ્વાર છે. બાકીનું વર્ણન જંબૂદ્વીપના વિજયદ્વાર સમાન છે. પુષ્કરોદ સમુદ્રના દક્ષિણાંતમાં અરૂણવરદ્વીપના દક્ષિણાર્ધની ઉત્તરમાં પુષ્કરોદ સમુદ્રનું વૈજયંતદ્વાર છે. પુષ્કરોદ સમુદ્રની પશ્ચિમાંતમાં અરૂણવરદ્વીપની પશ્ચિમાર્ધની પૂર્વાર્ધમાં પુષ્કરોદ સમુદ્રનું જયંતદ્વાર છે. પુષ્કરોદ સમુદ્રની ઉત્તરના અંતમાં અરૂણવરદ્વીપની દક્ષિણદિશામાં પુષ્કરોદ સમુદ્રનું અપરાજિત નામનું દ્વાર છે આ બધા દ્વારોનું સંખ્યાતલાખ યોજનનું અંતર છે. આ સમુદ્રનું સ્વચ્છ, પથ્ય, હલકું તેમજ સ્વભાવથી જ સ્ફટિક રત્નના જેવું નિર્મળ અને પ્રકૃતિથી મધુર રસવાળું પાણી છે. ત્યાં શ્રીધર અને શ્રીપ્રભ નામના બે મહર્દિક દેવો વસે છે. ત્યાં સંખ્યાત ચંદ્ર, સૂર્ય વગેરે છે.

---

૧ જીવાભિગમ સૂત્ર પ્ર. ૩, ઉ. ૩

આ સમુદ્રની ચારે બાજુ વરૂણવરદ્વીપ ગોળ વલયાકારે છે. તે સમચક્રવાલ વિષ્કંભમાં છે અને તે સંખ્યાત લાખ યોજનનો છે તથા તેની પરિધિ પણ તેટલીજ છે. તેની ચારે બાજુ પદ્મવરવેદિકા અને વનખંડ છે, બાકીનું બધું વર્ણન પહેલાની જેમ સમજી લેવું. અહીં વરૂણ અને વરૂણપ્રભ દેવો વસે છે.

આ દ્વીપની ચારે બાજુ વરૂણોદધિ સમુદ્ર છે. તે ગોળ વલયાકારનો તેમજ ચક્રવાલ વિષ્કંભવાળો છે તેનો વિષ્કંભ (પહોળાઈ) અને પરિક્ષેપ (પરિધિ) સંખ્યાત લાખ યોજન નો છે. ચંદ્રપ્રભા સુરા, મણિશલાકાસુરા, વરવારૂણી, પત્રાસવ, પુષ્પાસવ, ફળાસવ, સોયાસવ, (સુગંધી દ્રવ્યના સારથી બને છે.) મધ–ગોળ–મહુડા મેળવીને બનાવેવ આસવ, જાઈના સુગંધી પુષ્પનો જેવો મેર શરાબ હોય છે, તેવો જાતિપ્રસન્ના સુરા, ખજુરસાર, દ્રાક્ષાસાર, શેરડીના રસ, જેવા સ્વાદવાળાં પાણી હોય છે તેનાથી પણ વિશિષ્ટ આ સમુદ્રના પાણીનો સ્વાદ છે. ત્યાં વારૂણિ અને વરૂણકાંત નામના બે દેવો છે, ત્યાં સંખ્યાત જ્યોતિષી દેવો છે.

ત્યારપછી ક્ષીરવરદ્વીપ આવે છે. તેનું વર્ણન અગાઉ કહેલા દ્વીપ સમાન છે. ત્યાં પુંડરીક અને પુષ્પદંત નામના દેવો છે. તે દ્વીપને ચારે બાજુથી ક્ષીરોદ સમુદ્રે ઘેરેલો છે. આ સમુદ્રનું પાણી ચક્રવર્તીના કલ્યાણ ભોજન જેવા સ્વાદવાળું હોય છે. (આ કલ્યાણ ભોજનનું પહેલાં વર્ણન ફૂટ નોટમાં કહેલ છે.) અહીં વિમલ અને વિમલપ્રભ નામના બે દેવો વસે છે. તેની ચારે બાજુએ ઘૃતવરદ્વીપ વીંટળાયેલ છે. ત્યાં કનક અને કનકપ્રભ દેવો છે. ત્યારપછી ઘૃતોદક સમુદ્ર છે. આ સમુદ્રનું પાણી આછું પીળું હોય છે. કાંત અને સુકાંત એ બે દેવો ત્યાં વસે છે. પછી ઇક્ષુવરદ્વીપ (ક્ષોદોદક દ્વીપ) આવે છે. ત્યાં સુપ્રભ અને મહાપ્રભ દેવો વસે છે. આ દ્વીપને ક્ષોદોદક સમુદ્રે ઘેરેલ છે. ત્યાં પૂર્ણભદ્ર અને મણિભદ્ર દેવ રહેલા છે. હવે આઠમો નંદીશ્વર દ્વીપ છે તેની હકીકત બતાવેલ છે.

ક્ષીદોદ સમુદ્રને નંદીશ્વર દ્વીપ ચારે બાજુએ ઘેરીને રહે છે. તે ગોળ વલયાકારે જેવો છે. તે સમચક્ર વાલ વિષ્કંભવાળો છે. આ દ્વીપમાં ઘણે સ્થળે અનેક નાણીમોટી વાવો છે. એ બધી વાવો તથા જળાશયો વગેરે છે તેમાં શેલડીના રસ જેવા પાણીથી ભરેલા છે. તેમાં ઘણા ઉત્પાતપર્વતો છે. એ બધા વજ્રરત્નના છે. દરેક પર્વતો ઉપર આસન છે-મંડપ-શિલાપટ્ટકો છે. તે બધા વજ્રરત્નના છે. ત્યાં ઘણા વ્યંતર દેવ-દેવીઓ ઉઠે-બેસે-સુવે છે, તેથી આ દ્વીપને નંદીશ્વર નામથી ઓળખવામાં આવે છે. આ નંદીશ્વર દ્વીપના ચક્રવાલ વિષ્કંભના મધ્યભાગમાં ચારે દિશાઓમાં ચાર અંજનગિરિ નામના પર્વતો છે, તે દરેક પર્વતો ચોરાશીહજાર યોજનની ઊંચાઇવાળા છે. દરેકનો એકહજાર યોજનનો ઉદ્વેધ છે. મૂળમાં તેમજ જમીન ઉપર દશહજાર યોજનની તેની લંબાઇ-પહોળાઇ છે. મૂળમાં તેની પરિધિ એકત્રીસ હજાર છસો તેવીસ યોજનથી થોડી વધારે છે અને જમીન ઉપર તેની પરિધિ એકત્રીસ હજાર છસો તેવીસ યોજનમાં થોડી ઓછી છે. એ મૂળમાં વિસ્તારવાળા, મધ્યમ સંકુચીત અને ઉપર પાતળા છે, તેથી તેમનું સંઠાણ ગોપુચ્છ સમાન છે. આ બધા અંજનગિરિ પર્વતો સંપૂર્ણ અંજનરત્નના છે. દરેક પર્વતો ઉપર પદ્મવરવેદિકા અને

વનખંડ છે. અને અગાઉતી માફક એ બન્નેનું વર્ણન સમજવું. દરેક અંજન પર્વત ઉપરનો ભૂમિભાગ ઘણો રમણીય છે. ત્યાં ઘણા વાનવ્યંતર દેવો સુખેથી ફરે છે.

આ ભૂમિભાગની મધ્યમાં સિધ્ધાયતન (યક્ષગૃહ) છે. તે એકસો યોજન લાંબું અને પચાસ યોજનનું પહોળું તેમજ બોંતેર યોજનનું ઊંચું છે. તે દરેકમાં સેંકડો સ્તંભો છે. એ રીતે પહેલાં વર્ણવેલ સુધર્માસભાની માફક દરેક સિદ્ધાયતનનું વર્ણન સમજવું દરેક સિદ્ધાયતનમાં ચારે દિશાએ દેવ, અસુર, નાગ અને સુવર્ણ નામના ચાર દરવાજાઓ છે અને તેજ નામ તેમજ પલ્યોપમની સ્થિતિવાળા ચાર મહર્દ્ધિક દેવો છે. તે દરેક દ્વારો સોળ યોજનની ઊંચાઇ તેમજ આઠ યોજનની પહોળાઈ અને આઠ યોજનના પ્રવેશવાળા છે. ત્યાંનું વર્ણન વિજયદ્વાર સમાન જાણવું એ દ્વારોની ચારે દિશાઓમાં ચાર મુખમંડપો છે. તે એકેક સો યોજન લાંબા, પચાસ યોજન પહોળા તથા સોળ યોજનથી થોડા વધારે ઊંચા છે. ત્યાં અનેક થાંભલાઓ છે. તેનું બાકીનું વર્ણન વિજયદ્વાર પ્રમાણે રહેલું છે. એજ પ્રમાણે પ્રેક્ષાગૃહ મંડપોનો તેમજ તેના પ્રમાણનું વર્ણન છે. મુખમંડપોના દ્વાર પ્રમાણે પ્રેક્ષાગૃહના દ્વારોનું વર્ણન જાણવું પ્રેક્ષાગૃહના મધ્યભાગમાં વજ્રમય અખાડા (ક્રીડાંગણ) છે. દરેક અખાડાની સામે મણિપીઠિકા છે. એ મણિપીઠિકાઓની લંબાઈ-પહોળાઈ આઠ યોજનની અને ચાર યોજનની જાડાઈ છે. ત્યાં ચૈત્યવૃક્ષ, મહેંદ્રધ્વજા વગેરે છે. તેનું વર્ણન વિજયા રાજધાની પ્રમાણે છે. મહેન્દ્ર ધ્વજાઓની આગળ ચાર-ચાર નંદા પુષ્કરણીઓ છે. તેમાં શેલડીના રસ જેવું પાણી ભરેલું છે. તે દરેક નંદાપુષ્કરણી સો યોજન લાંબી પચાસ યોજન પહોળી તથા દસ યોજનની ઊંડી છે. આ બધી પુષ્કરણીઓ પદ્મવરવેદિકા તથા વનખંડોથી ચારેબાજુ વીંટળાયેલ છે. એ સિદ્ધાયતનોની પૂર્વ-પશ્ચિમ દિશામાં સોળ-સોળ હજાર તેમજ ઉત્તર-દક્ષિણ દિશામાં આઠ-આઠ હજાર મનોગુલિકાઓ (પીઠિકા) છે. ત્યાં ગોમાનસિકાઓ પણ છે. બાકીનું બધું વર્ણન વિજયા રાજધાની સમાન છે.

પૂર્વ દિશાના અંજન પર્વતની ચારે દિશાઓમાં નંદોતરા, નંદા, આનંદા અને નંદિવર્ધના નામની ચાર પુષ્કરણીઓ છે. નંદિસેના, અમોઘા, ગોસ્તૂપા તેમજ સુદર્શના નામ પણ કેટલેક સ્થળે બતાવેલા છે. દરેક નંદા પુષ્કરણીઓ એકેક લાખ યોજનની લાંબી - પહોળી છે. દરેકનો ઉદ્વેધ દસ યોજનનો છે. ત્રણ લાખ સોળ હજાર બસો સત્તાવીસ યોજનથી થોડી વધારે તથા ત્રણ કોશ અને અઠ્ઠાવીસસો ધનુષ્ય અને સાડાતેર આંગળથી થોડી વધારે તેની પરિધિ છે. તે દરેક પુષ્કરણીઓ પદ્મવરવેદિકા તથા વનખંડથી ચારે બાજુએથી ઘેરાયેલ છે. દરેક નંદા પુષ્કરણીમાં ત્રિસોપાન પંક્તિયો છે. દરેક પુષ્કરણીના મધ્યભાગમાં દધિમુખ પર્વત છે. એ ચોસઠહજાર યોજન ઊંચો છે. જમીનમાં એક હજાર તે ઊંડો છે અને બધે સરખો છે તેથી તે પલંગની આકારનો છે. દશ હજાર યોજન તેની પહોળાઇ છે. એકત્રીસ હજાર છસો તેવીસ યોજનની તેની પરિધિ છે. તે આખો રત્નમય છે. દરેક પર્વતની ચારે બાજુ પદ્મવરવેદિકા અને વનખંડ છે. ત્યાં પૂર્વ વર્ણવેલ સિદ્ધાયતન જેવું સિદ્ધાયતન છે.

દક્ષિણદિશાના અંજન પર્વતની ચારે દિશાઓમાં ભદ્રા, વિશાલા, કુમુદા અને પુંડરિકીણી નામની ચાર નંદાપુષ્કરણીઓ છે. નંદુત્તરા. નંદા, આનંદા અને નંદિવર્ધનાના નામથી પણ કેટલીક જગ્યાએ ઓળખવામાં આવે છે. પૂર્વ દિશામાં કહેલ નંદા પુષ્કરણી પ્રમાણે આ બધી નંદાપુષ્કરણીઓ તેમજ દધિમુખો અને સિદ્ધાયતનોનું વર્ણન સમજવું, પશ્ચિમ દિશાના અંજન પર્વતની ચારે દિશાઓમાં પણ નંદિસેના, અમોઘા ગોસ્તુપ અને સુદર્શના નામની ચાર નંદાપુષ્કરણીઓ છે. (ભદ્રા, વિશાલા, કુમુદા અને પુંડરિકીણી નામથી પણ ઓળખાય છે.) સિદ્ધાયતન તેમજ દધિમુખ પર્વતનું વર્ણન પહેલાંની જેમ સમજવું. ઉત્તર દિશાના અંજન પર્વતની ચારે દિશાઓમાં વિજયા, વૈજવંતી, જયંતી, અપરાજીત નામની ચાર નંદા-પુષ્કરણીઓ છે. તેના સિદ્ધાયતન તેમજ દધિમુખ પર્વતનું વર્ણન પહેલાની જેમ જાણવું.




અહીં ઘણા ભવનપતિ વગેરે ચારે જાતિના દેવો ચોમાસાની પ્રતિપદા (એકમ) દિવસ વગેરે પર્વ દિવસોમાં, વાર્ષિક (સંવત્સરી) ઉત્સવના દિવસે તેમજ બીજા પણ અનેક પ્રકારના જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન, નિર્વાણ વગેરે કલ્યાણના દિવસોમાં તથા દેવકાર્યોમાં, દેવ સમુહોમાં દેવગોષ્ઠિયોમાં, દેવ સમવાયમાં, દેવોના જીત વ્યવહારના કાર્યમાં, દેવ ગોષ્ઠિયોમાં દેવ આવે છે. અહીં આવીને આનંદ ક્રીડા કરતાં મહામહિમાવાળા અષ્ટાન્હિક પર્વતની આરાધના કરે છે અને સુખેથી પોતાનો સમય પસાર કરે છે, તેથી આ દ્વીપનું નામ નંદીશ્વરદ્વીપ નામ છે.

કેટલાક ગ્રંથોમાં બીજી રીતે પણ પાઠ મળે છે એ પ્રમાણે મૂળમાં નહીં પણ ટીકામાં કહ્યું છે કે નંદીશ્વર દ્વીપમાં ચક્રવાલ વિષ્કંભવાળા મધ્યભાગમાં ચાર દિશાઓની ચારે દિશા-ઓમાં ચાર રતિકર પર્વત આવેલા છે. આ દરેક પર્વતો દસ હજાર યોજનના ઊંચા છે, એક હજાર યોજન તેની ઊંડાઈ છે તથા દસ હજાર યોજન પહોળા છે. તેનું સંઠાણ ઝાલરના આકારે છે. તેની પરિધિ એકત્રીસહજાર છસો બાસઠ યોજનની છે. એ બધા રત્નમય છે. ઈશાન ખૂણામાં આવેલા રતિકર પર્વતની બધી દિશાઓમાં એકેક મળી દેવરાજ ઇશાનેન્દ્રની ચાર અગ્રમહિષિયોની નંદોત્તરા, નંદા, ઉતરકુરા અને દેવકુરા નામની રાજધાનીઓ છે. કૃષ્ણા નામની અગ્રમહિષીની નંદોત્તરા રાજધાની છે. બીજી કૃષ્ણરાજી અગ્રમહિષીની દેવકુરા નામની રાજધાની છે અને ચોથી રામરક્ષિતા નામની અગ્રમહિષીની દેવકુરા નામની રાજધાની છે. ત્યારપછી અગ્નિખૂણામાં આવેલા રતિકર પર્વતની બધી દિશાઓમાં દેવરાજ શક્રેન્દ્રની ચાર અગ્રમહિષિયોની સુમના, સૌમનસા, અર્ચિમાલી અને મનોરમા નામની ચાર રાજ-ધાનીઓ છે. પૂર્વ દિશામાં અમલા નામની પહેલી અગ્રમહિષીની ભૂતા નામની રાજધાની છે.

દક્ષિણ દિશામાં આસરા નામની બીજી અગ્રમહિષીની ભૂતાવતંસા નામની રાજધાની છે. પશ્ચિમ દિશામાં ત્રીજી નવમિકા નામની અગ્રમહિષીની ગોસ્તૂપા નામની રાજધાની છે અને ઉત્તર દિશામાં ચોથી રોહિણી નામની ચોથી અગ્રમહિષીની સુદર્શના નામની રાજધાની છે. ત્યારપછી વાયવ્ય ખૂણાના રતિકર પર્વતની ચારે દિશાઓમાં ઇશાનેન્દ્રની ચાર અગ્રમહિષીઓની ચાર રાજધાની છે. તેમાં પૂર્વ દિશામાં વસુમતી નામની પહેલી અગ્રમહિષીની રત્ના નામની રાજધાની છે. દક્ષિણ દિશામાં વસુપ્રભા નામની બીજી અગમહિષીની રત્નોચ્ચયા નામની રાજધાની છે. પશ્ચિમ દિશામાં સુમિત્રા નામની ત્રીજી અગમહિષીની સર્વરત્ના નામની રાજધાની છે અને છેલ્લે ઉત્તર દિશામાં વસુંધરા નામની ચોથી અગમહિષીની રત્નસંચયા નામની રાજધાની છે.

આ નંદીશ્વરદ્વીપમાં કૈલાસ અને હરિવાહના નામના પલ્યોપમની સ્થિતિવાળા બે મહર્દ્ધિક દેવો છે. નંદીશ્વરદ્વીપ એ શાશ્વત નામપણ છે. નંદીશ્વરદ્વીપને નંદીશ્વર નામના સમુદ્રે ચારે બાજુથી ઘેરેલ છે. તેનું બાકીનું વર્ણન અગાઉની જેમ સમજવું, ફક્ત ત્યાં સુમનસ અને સૌમનસભદ્ર નામંના બે દેવો વસે છે એટલો તફાવત છે. આ નંદીશ્વરદ્વીપ પછી ના દ્વીપો છે તે 'ત્રિપ્રત્યવતાર' વાળા છે એટલે એકેક દ્વીપ ત્રિ= ત્રણ, પ્રતિ= ઉપસર્ગ અને= અવતાર ઉતારવું, એટલે કે ત્રણ-ત્રણ દ્વીપ સમુદ્ર સમજવા. સામાન્ય નામથી, પછી 'વર' અને ત્યારપછી વરાવભાસ નામથી છે. આ નંદીશ્વર સમુદ્રને ચારે બાજુથી ઘેરીને અરૂણ નામનો દ્વીપ આવેલ છે. તે ગોળવલયાકારનો છે તે સમચક્રવાલ સંઠાણવાળો છે. તેની પરિધિ સંખ્યાત લાખ યોજનની છે. આ દ્વીપ ચારે બાજુથી પદ્મવરવેદિકા અને વનખંડથી વીંટળાયેલ છે. તેની ચારે બાજુ વિજયાદિ ચારદ્વારો છે. એ દરવાજાઓનું અંતર સંખ્યાત લાખ યોજનનું છે. અહીં અશોક અને વીતશોક નામના બે મહર્દ્ધિક દેવો પલ્યોપમની સ્થિતિવાળા વસે છે. અરૂણદ્વીપની ચારે બાજુ અરૂણોદ નામનો સમુદ્ર છે. તે ગોળ વલયાકારે છે. તેનો તેનો સમચક્રવાલ વિસ્તાર તથા પરિધિ પણ એક લાખ યોજનની છે. અહીં સુભદ્ર અને સુમનભદ્ર નામના બે દેવો વસે છે. આ સમુદ્રનું પાણી અરૂણ (લાલ) હોવાથી અરૂણોદ સમુદ્ર નામ છે. આ સમુદ્રને અરૂણવર નામનો દ્વીપ ચારે બાજુએથી ઘેરીને રહેલ છે. ત્યાં અરૂણવરભદ્ર અને અરૂણવર મહાભદ્ર નામના બે દેવો રહે છે. આ અરૂણવર દ્વીપને અરૂણવર નામનો સમુદ્ર ચારે બાજુથી ઘેરીને રહેલ છે. ત્યાં અરૂણવર અને અરૂણ મહાવર નામના બે દેવો વસે છે. આ અરૂણવર સમુદ્રને અરૂણ વરાવભાસ નામના દ્વીપે ચારે બાજુથી ઘેરેલ છે. અહીં અરૂણવરાવભાસભદ્ર અને અરૂણ વરાવભાસ મહાભદ્ર નામના બે દેવો વસે છે. ત્યારપછી કુંડલદ્વીપ છે. તેનું વર્ણન પહેલાંની જેમ સમજવું. તેના કુડલભદ્ર અને મહાકુંડલભદ્ર દેવો છે. તેના પછી કુંડલોદ સમુદ્ર છે. તેના ચક્ષુશુભ અને ચક્ષુકાંત દેવો છે. પછી થી કુંડલવરદ્વીપ આવે છે. તેના કુડલવરભદ્ર અને કુંડલવર મહાભદ્ર દેવો છે. ત્યારબાદ કુંડલવર સમુદ્ર છે. તેની કુંડલવર અને કુંડલ મહાવર નામના દેવો છે. ત્યારપછી કુંડલવરાવભાસ દ્વીપ છે. તેના કુંડલવરાવભાસભદ્ર અને વરાવભાસમહાભદ્ર છે. તેના પછી કુંડલવરાવભાસ સમુદ્ર છે. કુંડલવરાવભાસ વર અને કુંડલવરાવભાસવર અને કુંડલવરાવભાસમહાવર નામના તેના બે દેવો છે, પછીથી રૂચક દ્વીપ આવે છે. સર્વાર્થ અને મનોરમ નામના તેના બે દેવો છે. રૂચક દ્વીપ પછી રૂચક

સમુદ્ર આવે છે. તેના સુમનસ અને સૌમનસ નામે બે દેવો રહેલા છે. ત્યાર પછી રૂચકવર દ્વીપ રહેલો છે. રૂચકવર ભદ્ર અને રૂચકવર મહાભદ્ર નામના બે દેવો ત્યાં રહેલા છે. પછી રૂચકવર સમુદ્ર છે. તેના રૂચકવર અને રૂચકમહાવર નામના બે દેવો છે. ત્યારબાદ રૂચક વરાવભાસ દ્વીપ છે. તેના રૂચક વરાવભાસ ભદ્ર અને રૂચકવરાવભાસ મહાભદ્ર એ નામના દેવો છે. તેના પછી રૂચકવરાવભાસ સમુદ્ર છે. રૂચકવરાવભાસપર અને રૂચકવરાવભાસ મહાવર તેના દેવો છે.

આ બધા દ્વીપ-સમુદ્રોનું વર્ણન ટૂંકાણમાં સમજવા માટે સંગ્રહગાથાથી નીચે જણાવેલ છે:—

જંબૂદ્વીવે લવણે ધાયઈ, કાલોય કખખરે લવણે ।
ખીર ઘયખોય નંદી, અરૂણવરે કુંડલે રુયગે ॥



દ્વીપ-સમુદ્રો

પ્રથમ જંબૂદ્વીપ, પછી લવણસમુદ્ર, ત્યારપછી ધાતકીખંડ દ્વીપ, પછીથી કાલોદધિ સમુદ્ર, ત્યારબાદ પુષ્કરદ્વીપ પછી પુષ્કરસમુદ્ર, વરૂણદ્વીપ, વરૂણસમુદ્ર, ક્ષીરદ્વીપ, ક્ષીરસમુદ્ર, ઘૃતસમુદ્ર, ઈક્ષુદ્વીપ, ઇક્ષુ (ક્ષોદોદ) સમુદ્ર, નંદીશ્વરદ્વીપ, નંદીશ્વર સમુદ્ર, અરૂણદ્વીપ-સમુદ્ર, અહીંથી ત્રિપ્રત્યવતાર લેવો. આ બધા દ્વીપ અને સમુદ્રો પછી લોકમાં શંખ, ધ્વજા, કલશ, શ્રીવત્સ, વગેરે જેટલા શુભ નામો છે એ નામોવાળા દ્વીપો અને સમુદ્રો આવેલા છે. આ બધા દ્વીપો અને સમુદ્રો ત્રિપ્રત્ય વતારવાળા છે. તેના અપાંતરાલમાં ભુજગ, કુશ, ક્રૌંચવર દ્વીપ-સમુદ્રો.

ત્યાર પછી હારદ્વીપ-હારોદ સમુદ્ર છે. એટલે કે રૂચકવરાવભાસ સમુદ્ર પછી હાર દ્વીપ છે. ત્યાં હારભદ્ર અને હારમહાભદ્ર નામના બે દેવો છે. પછી હારોદ સમુદ્રમાં હારવર મહાવર નામના બે દેવો છે. ત્યાર પછી હારવર દ્વીપ છે. ત્યાં હારવરભદ્ર અને હારવર મહાભદ્ર નામના બે દેવો રહેલા છે. પછીથી હારવર સમુદ્ર છે અને તેમાં હારવર અને હારવર મહાવર નામના બે દેવો વસે છે. ત્યારપછી હારવરાવભાસ દ્વીપ છે. તેમાં હારવરાવભાસ ભદ્ર અને હારવરાવભાસ મહાભદ્ર દેવો છે. પછી હારવરાવભાસ સમુદ્ર છે. ત્યાં હારવરાવભાસવર અને હારવરાવભાસ મહાવર દેવો રહેલા છે. પછી અર્ધહાર દ્વીપ છે અને તેમાં અર્ધહાર ભદ્ર અને અર્ધહાર મહાભદ્ર નામના જે દેવો વસે છે. ત્યાર પછી અર્ધાહાર સમુદ્ર છે અને ત્યાં અર્ધહારવર અને અર્ધહારમહાવર નામના જે દેવો રહેલા છે. પછી, અર્ધહારવર દ્વીપ છે. અહીં અર્ધાહારવર ભદ્ર અને અર્ધાહાર મહાભદ્ર એ જે દેવો છે. ત્યારપછી અર્ધાહારવર સમુદ્ર

છે. ત્યાં અર્ધહારવર અને અર્ધહારવર મહાવર એ બે દેવો છે. પછીથી અર્ધહારવરાવભાસ દ્વીપ–સમુદ્ર છે. તેમાં અનુક્રમે અર્ધહારવરાવભાસભદ્ર અને અર્ધહારાવભાસ મહાભદ્ર તથા અર્ધહારાવભાસવર અને અર્ધભારવરાવભાસ મહાવર નામના બબ્બે દેવો રહે છે. પછી કનકાવલી દ્વીપ–સમુદ્ર આવે છે તેમાં ક્રમ પ્રમાણે કનકાવલી ભદ્ર અને કનકાવલી મહાભદ્ર તથા કનકાવલીવર અને કનકાવલી મહાવર નામે બે દેવો છે. ત્યાર પછી કનકાવલીવર દ્વીપ–સમુદ્ર છે અને તેમાં ક્રમશઃ કનકાવલી ભદ્ર અને કનકાવલી મહાભદ્ર તથા કનકાવલીવર અને કનકાવલી મહાવર નામના બબ્બે દેવો રહેલા છે. પછી કનકાવલી વરાવભાવ દ્વીપ-સમુદ્ર છે. ત્યાં અનુક્રમે કનકાવલીવરાવભાસભદ્ર અને કનકાવલીવરાવભાસમહાભદ્ર તથા કનકાવલી-વરાવભાસવર અને કનકાવલીભાસમહાવર એ નામનાં બે બે દેવો વસેલા છે. ત્યારબાદ રત્નાવલી દ્વીપ-સમુદ્ર તથા મુક્તાવલી દ્વીપ-સમુદ્ર ત્રિપ્રત્યવતારથી સમજવા. ત્યાં કનકાવલી પ્રમાણે રત્નાવલી વિશેષણવાળા બબ્બે દેવો રહે છે એમ પણ સમજી લેવું. તેના પછી આજીન દ્વીપ-સમુદ્ર અને ક્રમશઃ આજીનભદ્ર અને આજીનમહાભદ્ર તથા આજીનવર અને આજીન મહાવર નામના તેના બે બે દેવો છે. પછી આજીનવર દ્વીપ-સમુદ્ર છે. ત્યાં આજીનવરભદ્ર આજીનવર મહાભદ્ર તથા આજીનવર અને આજીનમહાવર નામે બે દેવો વસે છે. ત્યાર પછી આજીનવરાવભાસ દ્વીપ-સમુદ્ર છે. ત્યાં ક્રમાનુસાર આજીનવરાવભાસભદ્ર અને આજીનવરાવભાસમહાભદ્ર તથા આજીનવરાવભાસવર અને આજીનવરાવભાસમહાવર એ બે દેવો રહે છે. પછીથી સૂર્યદ્વીપ આવે છે અને તે પણ ત્રિપ્રત્યવતારની રીતે છે તથા દેવો યથા યોગ્ય સમજી લેવા. સૂર્યાવરવભાસસમુદ્ર પછી દેવદ્વીપ છે. તેનો ચક્રવાલ વિષ્કંભ અસંખ્યાત યોજનનો છે અને પરિધિ પણ તેટલી જશે. અહીંથી બધા અસંખ્યાત યોજનના છે. આ દ્વીપમાં દેવભદ્ર અને દેવમહાભદ્ર દેવો છે. ત્યારપછી દેવ સમુદ્ર છે. ત્યાં દેવવર અને દેવમહાવર નામે બે દેવો રહે છે. પછીથી નાગદ્વીપ-સમુદ્ર છે અને તેના નાગભદ્ર અને નામ મહાભદ્ર તથા નાગવર અને નાગમહાવર એ નામવાળા અનુક્રમે બબ્બે દેવો છે. ત્યારબાદ યક્ષદ્વીપ-સમુદ્ર છે. ત્યાં ક્રમાનુસાર યક્ષભદ્ર અને યક્ષમહાભદ્ર તથા યક્ષવર અને યક્ષમહાવર નામના બબ્બે દેવો વસે છે. પછી ભૂતદ્વીપ-સમુદ્ર છે અને તેમાં ક્રમથી ભૂતભદ્ર અને ભૂત-મહાભદ્ર તથા ભૂતવર અને ભૂતમહાવર એ નામના બે દેવો રહેલા છે. હવે છેલ્લો સ્વયંભૂરમણ દ્વીપ છે. ત્યાં સ્વયંભૂરમણભદ્ર અને સ્વયંભૂરમણ મહાભદ્ર દેવો છે. પછી છેલ્લો સમુદ્ર સ્વયંભૂરમણસમુદ્ર છે. તેમાં સ્વયંભૂરમણવર અને સ્વયંભૂરમણમહાવર નામના બે દેવો વસેલા છે. આ રીતે બધા-દ્વીપ સમુદ્રોનું વર્ણન પુરૂં થયું.

જંબૂનામવાળા અસંખ્યાત દ્વીપો છે. લવણનામવાળા પણ અસંખ્યાત સમુદ્રો છે. ધાતકીખંડ નામવાળાં અસંખ્યાત દ્વીપો છે. કાળોદધિનામવાળા પણ અસંખ્યાત સમુદ્રો છે. આ રીતે સૂર્યવરાવભાસ સમુદ્ર સુધી અસંખ્યાત દ્વીપ-સમુદ્રો કહેવા, પણ દેવ-નાગ-યક્ષ-ભૂત તેમજ સ્વયંભૂરમણ દ્વીપ તથા સમુદ્ર એક જ કહેવા.

બધા સમુદ્રોમાંથી લવણસમુદ્રનું પાણી આવિલ-મળવાળું, રજ વ્યાપેલું, ઘણા સમયથી સંગ્રહેલા જળ જેવું, ખારૂં અને કડવું છે. કાળોદધિનું પાણી પોતાના સ્વાભાવિક અર્થાત અકૃત્રિમ રસથી આસ્વાદ્ય છે તથા પેશલ, મનોજ્ઞ, પરિપુષ્ટ તેમ જ કાળું છે. પુષ્કરવર સમુદ્રનું

પાણી પોતાના અકૃત્રિમ રસથી આસ્વાદ્ય છે, ઉત્તમમાં ઉત્તમ છે, હલકું, સ્ફટિક જેવી કાંતિવાળું છે. વરૂણોદ સમુદ્રનું પાણી જુદા જુદા શરાબથી ઈષ્ટ (શ્રેષ્ટ) રસાસ્વાદવાળું છે. ક્ષીરોદક સમુદ્રનું પાણી ચક્રવર્તીની ખીરના સ્વાદથી વધારે ઈષ્ટ સ્વાદવાળું છે. ઘૃતોદક સમુદ્રનું પાણી ઘીના સ્વાદ કરતાં ઉત્તમ સ્વાદવાળું અને પીળા રંગનું છે. ક્ષોદોદ (ઈક્ષુવર) સમુદ્રનું પાણી ઉત્તમ જાતિની શેલડીના રસથી ઉત્તમ સ્વાદવાળું છે. તે સિવાયના બધા સમુદ્રોનું પાણી જલના સ્વાદ જેવું છે. એ પ્રમાણે સ્વયંભૂરમણ સુધી જાણવું એટલે કે બધા સમુદ્રોના શેલડીના રસ જેવો છે પણ સ્વયંભૂરમણ સમુદ્રનું. પાણી શેલડીના રસ જેવું નથી પણ પુષ્કરોદધિના જલ જેવું છે. લવણ, વરૂણોદ, વરૂણોદ અને ઘૃતોદ એ ચાર સમુદ્રો પ્રત્યેક રસવાળા છે તથા કાલોદ, પુષ્કરોદ અને સ્વયંભૂરમણ એ ત્રણ સમુદ્રનું પાણી પરસ્પર સરખું છે, બાકી બધા સમુદ્રોના પાણી શેલડીના રસ જેવા છે.

લવણ, કાલોદ અને સ્વયંભૂરમણ એ ત્રણ સમુદ્રોમાં માછલા તથા કાચબા ઘણા છે, બાકીના બધા સમુદ્રોમાં ઓછા માછલા તથા કાચબા છે. લવણ સમુદ્રમાં માછલાની કુલકોડીની યોનિ સાત લાખ છે. તથા તેમની જઘન્ય અવગાહના આંગળના અસંખ્યાત ભાગની અને ઉત્કૃષ્ટ પાંચસો યોજનની છે. કાલોદ સમુદ્રમાં માછલાની કુલ કોડીની યોનિ નવ લાખ છે તથા તેમની જઘન્ય અવગાહના આંગળના અસંખ્યાત ભાગની અને ઉત્કૃષ્ટ સાતસો યોજનની છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં માછલાની કુલકોડીની યોનિ સાડા બાર લાખ છે તથા તેમની જઘન્ય અવગાહના આંગળના અસંખ્યાત ભાગની અને ઉત્કૃષ્ટ એક હજાર યોજનની છે.

લોકમાં જેટલા શુભ વર્ણ–ગંધ–રસ–સ્પર્શ છે એટલા જ નામવાળા દ્વીપ–સમુદ્રો છે. અઢી ઉદ્ધાર સાગરોપમના જેટલા ઉદ્ધાર સમય હોય છે એટલા ઉદ્ધાર સમય પ્રમાણના દ્વીપ–સમુદ્રો છે. કહ્યું છે કે :—

ઉદ્ધાર સાગરાણં અડ્ઢાઈજ્જાણ જત્તિયા સંમયા ।
દુગુણા દુગુણપવિત્થર, દ્વિવોદહિ રજ્જુ એવઈયા ॥

આ રીતે આ દ્વીપ–સાગરોનું વર્ણન જીવાભિગમ સૂત્રની ત્રીજી પ્રતિપત્તિના ત્રીજા ઉદ્દેશામાં બતાવેલ છે તથા જંબૂદ્વીપનું ક્ષેત્રાત્મક વર્ણન મોટે ભાગે જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્રમાં વર્ણવેલ છે. આ સિવાયના બીજા આગમોમાં કોઈ-કોઇ સ્થળે વર્ણન છે ખરૂં પણ તે તો નામ માત્ર–સામાન્ય છે.

(આ દ્વીપ-સમુદ્રોનું વર્ણન કર્યું છે તે જ રીતે 'લઘુ ક્ષેત્ર સમાસ' માં છે પણ થોડો તફાવત છે નીચે પ્રમાણેના ક્રમથી બતાવેલ છે :—

(૧) (૧) જંબૂદ્વીપ (૨) લવણસમુદ્ર
(૨) (૩) ધાતકીખંડ (૪) કાલોદધિસમુદ્ર
(૩) (૫) પુષ્કરદ્વીપ (૬) પુષ્કર સમુદ્ર

| | | | |
|---|---|---|---|
| (૪) | (૭) વારૂણીવર દ્વીપ | (૮) વારૂણીવર સમુદ્ર |
| (૫) | (૯) ક્ષીરવરદ્વીપ | (૧૦) ક્ષીરવર સમુદ્ર |
| (૬) | (૧૧) ઘૃતવર દ્વીપ | (૧૨) ઘૃતવર સમુદ્ર |
| (૭) | (૧૩) ઇક્ષુવર દ્વીપ | (૧૪) ઈક્ષુવર સમુદ્ર |
| (૮) | (૧૫) નંદીશ્વર દ્વીપ | (૧૬) નંદીશ્વર સમુદ્ર (હવે પછી ત્રીપ્રત્યવતાર છે) |
| (૯) | (૧૭) અરૂણદ્વીપ | (૧૮) અરૂણ સમુદ્ર |
| | (૧૯) અરૂણવરદ્વીપ | (૨૦) અરૂણવરસમુદ્ર |
| | (૨૧) અરૂણવરાવભાસદ્વીપ | (૨૨) અરૂણવરાવભાસ સમુદ્ર |
| (૧૦) | (૨૩) અરૂણોપપાત દ્વીપ | (૨૪) અરૂણોપપાત સમુદ્ર |
| | (૨૫) અરૂણોપપાતવર દ્વીપ | (૨૬) અરૂણોપપાતવર સમુદ્ર |
| | (૨૭) અરૂણોપપાત ભાસવર દ્વીપ | (૨૮) અરૂણોપપાત ભાસવર સમુદ્ર |
| (૧૧) | (૨૯) કુંડલદ્વીપ | (૩૦) કુંડલ સમુદ્ર |
| | (૩૧) કુંડલવર દ્વીપ | (૩૨) કુંડલવર સમુદ્ર |
| | (૩૩) કુંડલવરાવભાસ દ્વીપ | (૩૪) કુંડલવરાવભાસ સમુદ્ર |
| | (અહીં ૧૧માને ૧૦મો અને ૧૦માને ૧૧મો પણ મનાય છે.) | |
| (૧૨) | (૩૫) શંખ દ્વીપ | (૩૬) શંખ સમુદ્ર |
| | (૩૭) શંખવર દ્વીપ | (૩૮) શંખવર સમુદ્ર |
| | (૩૯) શંખવરાવભાસ દ્વીપ | (૪૦) શંખવરાવભાસ સમુદ્ર |
| (૧૩) | (૪૧) રૂચક દ્વીપ | (૪૨) રૂચક સમુદ્ર |
| | (૪૩) રૂચકવર દ્વીપ | (૪૪) રૂચકવર સમુદ્ર |
| | (૪૫) રૂચક વરાવભાસ દ્વીપ | (૪૬) રૂચકવરાવભાસ સમુદ્ર |
| (૧૪) | (૪૭) ભુજગ દ્વીપ | (૪૮) ભુજગ સમુદ્ર |
| | (૪૯) ભુજગવર દ્વીપ | (૫૦) ભુજગવર સમુદ્ર |
| | (૫૧) ભુજગવરાવભાસ દ્વીપ | (૫૨) ભુજગવરાવભાસ સમુદ્ર |
| (૧૫) | (૫૩) કુશ દ્વીપ | (૫૪) કુશ સમુદ્ર |
| | (૫૫) કુશવર દ્વીપ | (૫૬) કુશવર સમુદ્ર |
| | (૫૭) કુશવરાવભાસ દ્વીપ | (૫૮) કુશવરાવભાસ સમુદ્ર |
| (૧૬) | (૫૯) ક્રૌંચ દ્વીપ | (૬૦) ક્રૌંચ સમુદ્ર |
| | (૬૧) ક્રૌંચવર દ્વીપ | (૬૨) ક્રૌંચવર સમુદ્ર |
| | (૬૩) ક્રૌંચવરાવભાસ દ્વીપ | (૬૪) ક્રૌંચવરાવભાસ સમુદ્ર |

અહીંથી સર્વ શુભ પદાર્થોના નામવાળા ત્રિપ્રત્યવતારી અસંખ્યાત દ્વીપ સમુદ્ર છે, ત્યાર પછી અસંખ્યાત સૂર્યદ્વીપ-સમુદ્ર, અસંખ્યાત સૂર્યવર દ્વીપ-સમુદ્ર, અસંખ્યાત સૂર્ય-

વરાવભાસ દ્વીપ- સમુદ્ર છે. અહીં સુધી ત્રિપ્રત્યવતાર છે. પછી એકેક નામ વાળા દેવ દ્વીપ-સમુદ્ર અસંખ્યાતમો,

નાગ દ્વીપ–સમુદ્ર અસંખ્યાતમો,
યક્ષદ્વીપ–સમુદ્ર અસંખ્યાતમો,
ભૂતદ્વીપ–સમુદ્ર અસંખ્યાતમો,

સ્વયંભૂરમણ દ્વીપ અને સ્વયંભૂરમણ સમુદ્ર અસંખ્યાતમો છે. આ બધા દ્વીપ–સમુદ્ર એકેકથી બમણા–બમણા છે. જિનેશ્વરોના જન્માભિષક માટે પાંચમા ક્ષીરવર સમુદ્રનું પાણી વપરાય છે.)

ઉદ્ધાર સાગરોપમની અહીં વાત કરી છે, તે ઉદ્ધાર સાગરોપમ એટલે શું? એવો પ્રશ્ન ઉત્પન્ન થતાં કાળના વિભાગો તરફ નજર દોડાવવાની જરૂર પડે છે. કાળના વિભાગ કરતાં કરતાં છેવટે ઉપમાવાળો કાળ બતાવેલ છે. તે [1] ઉપમાવાળો કાળ પલ્યોપમ અને સાગરોપમ એ બે પ્રકારનો છે. પલ્યોપમના ઉદ્ધાર, અદ્ધા અને ક્ષેત્ર એ ત્રણ વિભાગ છે. ઉદ્ધાર પલ્યોપમ પણ વ્યવહારિક (બાદર) અને સૂક્ષ્મના બે ભેદ વાળું છે. એક યોજન લાંબો, પહોળો અને ઊંડો ત્રણ યોજન અને છ ભાગ અધિકની પરિધિવાળો એક પલ્પ જેવો ગોળ કૂવો છે. તે કૂવોમાં એક દિવસથી માંડી ને સાત દિવસના વાળાગ્રથી ભરવામાં આવે. (મુંડન કર્યા પછી કોઈના વાળ એક દિવસના, કોઈના બે દિવસ તેમ જ અનુક્રમે સાતદિવસ સુધીના મોટા થયેલા હોય એવા વાળાગ્ર લેવામાં આવે છે.) આ રીતે ભરતાં ભરતાં આખો કૂવો પૂરેપૂરો ભરેલો હોય. તે વાળાગ્રો અગ્નિથી બળી શકે નહીં તેમજ વાયુથી ઉડી શકે નહીં એવી રીતે ઠાંસી-ઠાંસીને ભરવામાં આવે એટલે કે અગ્નિ કે વાયુ પ્રવેશ કરી શકે તેટલી પણ જગ્યા ન હોય. એવા કૂવામાંથી એકેક સમયે એકેક વાળાગ્ર બહાર કાઢતાં સહેજ પણ રજ ન રહે. એ રીતે કૂવો ખાલી થાય. જેટલા સમયમાં આ કૂવો ખાલી થાય એટલા પ્રમાણના કાળને બાદર ઉદ્ધાર પલ્યોપમ કહે છે. અહીં જે કૂવો બતાવ્યો છે તેવા કૂવામાં કેવળીની બુદ્ધિની કલ્પનાથી વાળાગ્રના અસંખ્યાત ખંડો કરવા અને તે ખંડોથી કૂવો ભરી દેવામાં આવે. વાળાગ્રોના ખંડો ને સમયે બહાર કાઢતાં જ્યારે તે કૂવો ખાલી થાય,


પલ્ય (પાલો)

[1] અનુયોગ દ્વાર સૂત્ર કાળપ્રમાણ નિરૂપણ વિભાગ (પૂ. શ્રી. ઘાસી લાલજી મ.) બીજો ભાગ પાનુ. ૨૫૮ તથા જંબૂદ્વીપ—પ્રજ્ઞપ્તિ સૂત્ર.

ત્યારે જેટલા સમયો થાય એટલા સમયને એક સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ કહેવાય છે. એ સૂક્ષ્મ કે બાદર પલ્યોપનને દશ ક્રોડાક્રોડીથી ગુણતાં જે સરવાળો આવે છે તેને સૂક્ષ્મ કે બાદર પલ્યોપમ કહેવાય છે, એટલે કે દશ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય છે. કહ્યું છે કે:

એએસિં પલ્લાણું કોડાકોડી હવેજ્જ દસગુણિયા,
તં જાવહરિયસ્સ ઉદ્ધારસાગરોવમસ્સ એગસ્સ ભવે પરિમાણું ॥
એએસિં પલ્લાણું કોડાકોડી હવેજ્જ દસગુણિયા,
તં સુહુમસ્સ ઉદ્ધાર સાગરોવમસ્સ એગસ્સ ભવે પરિમાણું ॥૨॥

આ સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમના જેટલા સમયો થાય તેના અઢીગણા સમય જેટલા દ્વીપ-સમુદ્રો તીરછા લોકમાં રહેલા છે. એટલે મધ્યલોકમાં રહેલા દ્વીપ-સાગરોની ગણતરી આ અઢી સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ જેટલી છે. (આ સિવાયના અદ્ધા કે ક્ષેત્ર પલ્યની આ વર્ણનમાં અત્યારે જરૂર ન હોવાથી વર્ણવેલ નથી.)

આ સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમનું વર્ણન 'લઘુક્ષેત્ર સમાસ' નામના ગ્રંથમાં પણ બતાવેલ છે, જેમકે આ તીરછોલોક ઘંટીના પડ જેવો ગોળ (ચપટ ગોળ) છે. તેની જાડાઈ અઢારસો યોજન છે અને લંબાઈ-પહોળાઈ એક રજ્જુ પ્રમાણ છે સમુદ્રોમાં સહુથી છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર છે, તેથી તે સમુદ્રના પૂર્વ છેડાથી પશ્ચિમ છેડાનું અથવા ઉત્તર છેડાથી દક્ષિણ છેડા સુધીનું બધું માપ એક રજ્જુ છે. આ એક રજ્જુક્ષેત્રમાં અસંખ્યાત દ્વીપ-સમુદ્રો છે, તેની કુલ સંખ્યા અઢી ઉદ્ધાર સાગરોપમના સમયો જેટલી છે અથવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમના હિસાબે પચીસ ક્રોડાક્રોડી સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમની જેટલી સમયો છે તેટલા દ્વીપ-સમુદ્રો આ તીરછાલોકમાં છે.

પલ્યોપમ તેમ જ સાગરોપમના છ-છ ભેદ છે :–

(૧) બાદર ઉદ્ધાર પલ્યોપમ અને (૧) બાદર ઉદ્ધાર સાગરોપમ
(૨) સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ અને (૨) સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ
(૩) બાદર અદ્ધા પલ્યોપમ અને (૩) બાદર અદ્ધા સાગરોપમ
(૪) સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ અને (૪) સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ
(૫) બાદર ક્ષેત્ર પલ્યોપણ અને (૫) બાદર ક્ષેત્ર સાગરોપમ
(૬) સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ અને (૬) સૂક્ષ્મ ક્ષેત્ર સાગરોપમ

(પલ્યોપમ ને ટૂંકાણમાં પલ્ય પણ કહેવાય છે. પલ્ય=કૂવો. કૂવાની ઉપમાથી મપાતો કાળભેદ.)

[1] ઉત્સેધ આંગુલ પ્રમાણથી એક યોજન લાંબા-પહોળા-ઊંડા કૂવામાં દેવકુરૂ કે ઉત્તરકુરૂ ક્ષેત્રના યુગલીયા મનુષ્યોના શીર્ષમુંડન પછીના એકથી સાત દિવસના (એક, બે કે ૭ એમ ચોક્કસ દિવસ ન કહેતાં અહીં સાત દિવસ કહ્યા છે, કારણ કે કુરૂક્ષેત્રમાં યુગલીયાના પહેલે દિવસે ઉગેલા દરેકના સરખા સૂક્ષ્મ ન હોય, તેથી કહેલ સૂક્ષ્મતા કોઈ યુગલીયાની પહેલે દિવસે જ મળી આવે, તો કોઈની સાતમે દિવસે પણ મળી આવે. ત્યારપછી કહેવાતી સૂક્ષ્મતા ન મળે.) ઉગેલા વાળને એક આંગુલમાં ભરીયે. તેવા વાળના ૮–૮ ટૂકડા કરીને ખીચોખીચ ભરતાં એક ઉત્સેધ આંગુલમાં વીસ લાખ સત્તાણુ હજાર એકસો બાવન રોમખંડ સમાય. ચોવીસ આંગુલનો એક હાથ હોવાથી તેને ચોવીસગુણા કરતાં એક ઉત્સેધ હાથમાં ૫૦૩૩૧૬૪૮ રોમખંડ સમાય. ચાર હાથનું એક ધનુષ્ય હોવાથી એક ધનુષ્ય જેટલી જગ્યામાં ૨૦૧૩૨૬૫૯૨ રોમખંડ સમાય. બે હજાર ધનુષ્યનો એક ગાઉ હોવાથી એક ગાઉમાં ૪૦૨૬૫૩૧૮૪૦૦૦ રોમખંડ સમાય અને ચાર ગાઉનો એક યોજન હોવાથી એક યોજનમાં ૧૬૧૦૬૧૨૭૩૬૦૦૦ રોમખંડ સમાય. એટલા રોમખંડ તો કૂવાના તળિયામાં એક યોજન લાંબી એક જ શ્રેણિમાં સમાયા, તેથી જ્યારે બીજી એટલી શ્રેણિઓ ભરીયે ત્યારે ફક્ત તળિયું જ પથરાઈ રહે, માટે આખા તળિયાને ભરવા માટે એ ૧૬૧૦૬૧૨૭૩૬૦૦૦ ને ફરી તેટલા થી જ ગુણીએ ત્યારે ૨૫૯૪૦૭૩૩૮૫૩૬૫૪૦૫૬૯૬ રોમખંડથી ફક્ત તળિયુંજ સંપૂર્ણ પથરાઈ રહ્યું અને તેથી એટલા રોમખંડનું એક પડ થયું. એટલાં બીજાં પડો ઉપરા-ઉપરી ગોઠવીએ તો કૂવાના કાંઠા સુધીમાં સંપૂર્ણ કૂવો ભરાઈ રહે. અહીં ગણતરી ઘનવૃત્ત કૂવાની કરવાની હતી પણ તેને બદલે ઘનચોરસ કૂવાની થઈ એટલે કે એ રોમખંડને એટલા રોમખંડથી ફરી ગુણતાં ૪૧૭૮૦૪૭૬૩૨૫૮૮૧૫૮૪૨૭૭૮૪૫૪૦૨૫૬૦૦૦૦૦૦૦૦૦ એટલા રોમખંડથી ફરી ગુણતાં ૭૯૩૮૨૯૦૫૦૧૯૧૭૫૦૧૨૭૯૦૬૩૪૦૮૬૪૦૦૦૦૦૦૦૦૦ આવે. તેને ચોવીસથી ભાગતાં ૩૩૦૭૬૨૧૦૪૨૪૬૫૬૨૫૪૨૧૯૯૬૦૯૭૫૩૬૦૦૦૦૦૦૦૦૦ એટલા રોમખંડ ઘનવૃત્ત કૂવામાં સમાય. આ રોમખંડ સંખ્યાતા છે. એ પ્રમાણે ખીચોખીચ ભરેલા વાળને એકેક સમયે એકેક વાળ કાઢીએ તો જેટલા કાળમાં કૂવો ખાલી થાય તેટલા કાળને એક બાદર ઉદ્ધાર પલ્યોપમ કહેવાય. એ કૂવાને ખાલી થતાં સંખ્યાતા સમયજ લાગે અને આંખના એક પલકારામાં તો એવા અસંખ્ય કૂવા ખાલી થઈ જાય, તેથી બાદર ઉદ્ધાર પલ્યોપમ કાળ તો આંખના પલકારાથી પણ અસંખ્યાતમા ભાગ જેટલો છે. વળી આગળ કરાતા સૂક્ષ્મખંડોની અપેક્ષાએ આ રોમખંડો અસંખ્યાત ગણા મોટા હોવાથી આ પલ્યોપમ બાદર ગણાય છે. [આગળ ગણાતાં બીજા બે પલ્યોપમોમાં પણ અહીં કહેલ સંખ્યાવાળા બાદર રોમખંડ જ ગણવાના છે.]

બાદર ઉદ્ધાર પલ્યોપમમાં જેવા રોમખંડ ભર્યા હતા તે જ રોમખંડમાંના દરેકના અસંખ્યાત અસંખ્યાત ખંડ કરીએ (પૂર્વાચાર્યોએ એ ખંડને બાદર પર્યાપ્ત પૃથ્વીકાયના શરીર જેટલો અને સૂક્ષ્મ સાધારણ વનસ્પતિના શરીરથી અસંખ્યાત ગુણ મોટો કહયો છે.), તેવા અસંખ્યાતા ખંડોથી એ જ ઘનવૃત્ત કૂવાને ઘણો ખીચો ખીચ ભરીએ. અગ્નિથી બળે નહીં, વાયુથી ઊડે નહીં, પાણીનું ટીપું જઈ શકે નહીં અને ચક્રવર્તીનું સૈન્ય તેના ઉપર

---

૧ અનુયોગદ્વાર સૂત્ર, ક્ષેત્ર પ્રમાણ વિભાગ.

થઈને ચાલ્યું જાય તો પણ લેશમાત્ર દબાય નહીં, એવી રીતે ભરેલા એ અસંખ્યાત રોમ ખંડોમાંથી એકેક રોમખંડને એકેક સમયે કાઢતાં જેટલો કાળ લાગે તેટલા કાળને સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ કહે છે. તેમાં અસંખ્યાત ખંડો હોવાથી કૂવો ખાલી થતાં અસંખ્યાત સમયો લાગે છે અને તે કાળ સંખ્યાતા ક્રોડ વર્ષ જેટલો છે.

એજ સૂક્ષ્મઉદ્ધારપલ્યોપમના સમયોથી દ્વીપ સમુદ્રોનું સંખ્યાપ્રમાણ બનાવ્યું છે. તેથી એવા પચીસ ક્રોડાક્રોડી (૨૫૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦) પલ્યોપમના જેટલા સમયો થાય છે, તેટલા બધા દ્વીપ-સમુદ્રો છે. અહીં દ્વીપ-સમુદ્રોની જુદી જુદી સંખ્યા ન ગણવી પણ ભેગીજ ગણવી.

(ઉદ્ધાર = બહાર કાઢવું—ઉદ્ધરવું એવો શબ્દાર્થ થાય છે તેથી સૂક્ષ્મ રોમખંડોના ઉદ્ધારથી મપાતા પલ્યની ઉપમાવાળો કાળ તે સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમકાળ.) કોઈપણ ક્રોડની સંખ્યાને ક્રોડથી ગુણતાં જે આવે તે ક્રોડાક્રોડી કહેવાય.

પૂર્વે કહેલા વાળાગ્રોને કૂવામાંથી દર સો–સો વર્ષે બહાર કાઢીએ અને જ્યારે ખાલી થાય તે કાળ બાદર અદ્ધા પલ્યોપમ કહેવાય છે. પૂર્વે કહેલા વાળાગ્રોના રોમખંડોને સો–સો વર્ષે બહાર કાઢીએ અને જ્યારે ખાલી થાય તે કાળ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ કહેવાય છે. પૂર્વે કહેલા વાળાગ્રોના રોમખંડોના અસંખ્ય અસંખ્ય આકાશ પ્રદેશો અંદર અને બહારથી સ્પર્શીને રહ્યા છે તે થોડા છે અને સ્પર્શ વગરના ઘણા છે. તે સ્પર્શેલા આકાશ પ્રદેશોમાંથી એકેક પ્રદેશને એકેક સમયે બહાર કાઢતાં બધા સ્પર્શેલા આકાશ પ્રદેશો જ્યારે ખાલી થાય તેટલા કાળને બાદર ક્ષેત્ર પલ્યોપમ કહેવાય છે. સૂક્ષ્મ ઉધ્ધાર પલ્યોપમ માટે જેવા સૂક્ષ્મખંડો ભરેલા છે તે જ સૂક્ષ્મ રોમ ખંડોવાળા કૂવામાં દરેક સૂક્ષ્મ રોમખંડનો સ્પર્શેલા કે ન સ્પર્શેલા આકાશ પ્રદેશો છે. તે દરેક આકાશ પ્રદેશોને દરેક સમયે એકેક બહાર કાઢતાં જ્યારે કૂવો ખાલી થાય તેટલા કાળને સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ કહે છે. (દશક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય છે.)

પહેલાં પલ્યોપમ-સાગરોપમનું વર્ણન કરતાં ઉત્સેધ આંગુલની વાત કહી છે, તે ઉત્સેધ—આંગુલનું પ્રમાણ હવે બતાવેલ છે. આંગુલ આત્મ, ઉત્સેધ અને પ્રમાણ એ ત્રણ પ્રકારના છે. અનંત વ્યવહારિક પરમાણુ-પુદ્ગલો મળીને એક ઉષ્ણશ્રેણિ થાય છે. આઠ ઉષ્ણશ્રેણિની એક સ્નિગ્ધ શ્રેણિ ધાય છે. ૮ સ્નિગ્ધ શ્રેણિનો એક ઉર્ધ્વરેણુ, ૮ ઉર્ધ્વરેણુનો ૧ ત્રસરેણુ ૮ ત્રસરેણુનો એક રથરેણુ, ૮ રથરેણુથી દેવકુરૂ–ઉત્તરકુરૂ યુગલીયા મનુષ્યોનો એક વાળાગ્ર, તે રીતે ૮–૮ ગણા કરતાં હરિવર્ષ–રમ્યક વર્ષના યુગલીકો, હેમવય,–ઐરણ્યવયના યુગલીકો, પૂર્વ–પશ્ચિમ વિદેહના મનુષ્યો, ભરત–ઐરવતના મનુષ્યો ગણવા આ ભરત–ઐરવતના મનુષ્યોના ૮ વાળાગ્રની એક લીખ, ૮ લીખની એક જૂ, ૮ જૂ નો એક જવનો મધ્યભાગ અને ૮ જવના મધ્યભાગનો એક ઉત્સેધ આંગુલ થાય છે. આ ઉત્સેધ-આંગુલના પ્રમાણથી છ આંગુલનો એક પગ, ૧૨ આંગુલની એક વેંત, ચોવીસ આંગુલ હાથ, ૪૮ આંગુલની

કુક્ષિ અને ૯૬ આંગુલનો એક દંડ, ધનુષ્ય, યુગ, નાલિકા, અક્ષ કે મુસળ થાય છે. આ ધનુષ્યના પ્રમાણથી બેહજાર ધનુષ્યનો એક કોશ અને ચાર કોશનો એક યોજન થાય છે. આ ઉત્સેધ આંગુલથી ચારે ગતિના જીવોની અવગાહના મપાય છે. આ ઉત્સેધ આંગુલ તેમ જ બીજા બન્ને આંગુલોનું વિશેષ વર્ણન જિજ્ઞાસુઓએ અનુયોગદ્વાર સૂત્રથી જાણી લેવું.

# ગણિત

ભારતવર્ષમાં ક્ષેત્ર ગણિતની ઉત્પત્તિ [1]શુલ્વ-સૂત્રો (ઇસ્વીસનથી લગભગ ત્રણહજાર વર્ષ પહેલા) થી જ થયેલ છે એ સત્ય છે. આ સૂત્રોમાં યજ્ઞ–વેદીયો બનાવવાની વિધિઓની સાથે–સાથે વર્ગ, સમચતુર્ભુજ, સમબાહુ સમલંબ ચતુર્ભુજ, આયત, સમકોણ ત્રિભુજ, સમદ્વિબાહુ સમકોણ ત્રિભુજ વગેરે આકૃતિઓનો ઉલ્લેખ પણ જોવા યોગ્ય છે. વૈદિક પરંપરામાં પણ ક્ષેત્રગણિતની ઝલક 'વેદાંગ–જ્યોતિષ' વગેરે જ્યોતિષના ગ્રંથોમાં જોવા મળે છે, પરંતુ જૈન ગ્રંથોમાં ક્ષેત્ર–ગણિત માટે જૈન-દર્શનના વર્ણન ઉપરથી વધારે સામગ્રી મળે છે. આ ગ્રંથોમાં લોકનું સ્વરૂપ વર્ણવેલું નજરે ચઢે છે અને એ નિમિત્તો સૂર્ય, ચંદ્ર તેમ જ નક્ષત્ર તથા દ્વીપ સમુદ્ર વગેરેના વર્ણનોમાં ક્ષેત્રગણિતની જુદી જુદી આકૃતિઓનો વિશાળ રીતે ઉપયોગ કરેલો છે. 'સૂર્ય પ્રજ્ઞપ્તિ', ચંદ્ર પ્રજ્ઞાપ્તિ' તેમ જ 'જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ' નામના ઉપાંગોમાં તથા 'તિલોય પણ્ણત્તિ'. 'ષટ્ખંડાગમની ધવલાટીકા' તેમ જ 'ગોમ્મટસાર' અને 'ત્રિલોકસાર' તથા તેની ટીકાઓમાં ક્ષેત્રગણિતનો ઘણો ઉપયોગ મળી આવે છે અને તે ભારતીય પ્રાચીન ગણિતના વિકાસને સમજવા માટે ઘણો મહત્વનો છે. 'ષટ્ખંડાગમ' માં તો એનાઉપર 'ક્ષેત્ર-ગણિત' નામનો એક મોટો ભાગ મળે છે. જૈનાચાર્યો દ્વારા રચાયેલા ગણિતના સ્વતંત્ર ગ્રંથ પણ પોતાનું ખાસ મહત્વ ધરાવે છે. આ ગ્રંથોમાં ક્ષેત્રગણિત ઉપર વ્યાપક ચિંતન તેમ જ મનન કરેલ છે તે જોવા યોગ્ય છે. દા. ત.:— મહાવીરા ચાર્યનો (ઈ. સ. ૮૫૦) 'ગણિત સાર સંગ્રહ' અને ઉમાસ્વાતિનું 'ક્ષેત્રસમાસ'. ક્ષેત્રગણિતને ઘણું જ ઉપયોગી સમજીને જ 'સુત્રકૃતાંગ' માં એને 'ગણિત-સરોજ નામ આપેલ છે.

**ક્ષેત્રોના પ્રકાર :—** 'સૂર્ય પ્રજ્ઞપ્તિ' (ઈ. સ. પૂ. ૩૦૦) માં સમ ચોરસ, વિષમ ચોરસ, સમચતુષ્કોણ, વિષમચતુષ્કોણ, સમચક્રવાલ, વિષમચક્રવાલ, ચક્રાર્ધ ચક્રવાલ અને ચક્રાકાર આ આઠ જાતના ચતુર્ભુજોનો ઉલ્લેખ છે. પ્રો. વેબરે ઉપરના નામોની વ્યાખ્યા કરીને વર્ગ, વિષમકોણ સમચતુર્ભુજ, આયત, સમાંતર ચતુર્ભુજ, વૃત્ત, દીર્ઘવૃત્ત, અર્ધદીર્ઘવૃત્ત અને ગોળાનો ખંડ—આ નામો અનુક્રમે આપેલા છે. 'ભગવતીસૂત્ર' તથા 'અનુયોગદ્વાર' સૂત્ર વગેરેમાં પાંચ જાતની આકૃતિઓ બતાવી છે:— ત્રિભુજ, ચતુર્ભુજ, આયત, વૃત્ત અને

---

૧ આનું વર્ણન 'વેદ' માં મળે છે એવું અનુભવીઓનું કથન છે. (આ વર્ણન આચાર્ય પ્રવર શ્રી આનંદઋષિ 'અભિનંદન ગ્રંથ' ના આધારે છે.

દીર્ઘવૃત્ત (Ellipse). આ આકૃતિઓ માટે એ ગ્રંથોમાં ત્રિસ્ર, ચતુસ્ર, આયત, વૃત્ત તથા પરિમંડળ નામ આવેલા છે. આ ક્ષેત્રોના પ્રતર અને ઘન એ બે ભેદ બતાવીને 'અનુયોગદ્વાર સૂત્ર' માં સૂક્ષ્મ ચર્ચા કરેલ છે. ઘનત્રિયસ્ર, ઘનચતુસ્ર ઘનાયત, ઘનવૃત્ત તથા ઘનપરિમંડળનો હેતુ અનુક્રમે ત્રિભુજાકાર, સૂચીસ્તંભ, ઘન, આયાતાકાર નક્કર, ગોળો અને દીર્ઘવૃત્તાકાર વેલનથી છે. આ સિવાય વૃત્તાકાર, ત્રિભુજાકાર, અને ચતુર્ભુજાકાર વલયનો પણ જૈન ગ્રંથોમાં ઉલ્લેખ મળે છે. એ આકૃતિઓને વલયવૃત્ત, વલયત્રિસ્ર અને વલયચતુસ્રના નામથી જૈન ગ્રંથોમાં વર્ણવેલ છે. 'ગણિતસારસંગ્રહ' ગ્રંથમાં ત્રિભુજ, ચતુર્ભુજ તથા વક્રરેખીય આકૃતિઓનું વર્ણન મળે છે. ભુજાઓના વિચારથી બતાવેલ છે તેવા ત્રિભુજની ત્રણ જાતની ચર્ચા કરેલ છે. કોણો (ખૂણાઓ)ની દૃષ્ટિએ ત્રિભુજોના ભેદ કરેલા નથી, જો કે સમકોણ ત્રિભુજનું ગણિત અવશ્ય મળે છે. એ પ્રમાણે ત્રિભુજ નીચે પ્રમાણે છે:— (૧) સમત્રિભુજ (સમત્રિબાહુ ત્રિભુજ,) (૨) દ્વિસમત્રિભુજ (સમદ્વિબાહુ ત્રિભુજ), અને (૩) વિષમ ત્રિભુજ (વિષમબાહુ ત્રિભુજ).

'ગણિત સાર સંગ્રહ' માં ચતુર્ભુજના પાંચ પ્રકાર બતાવ્યા છે. જેમકે:—(૧) સમચતુરસ્ર (વર્ગ), (૨) દ્વિદ્વિ સમચતુરસ્ર (આયત), (૩) દ્વિસમ ચતુરસ્ર (સમલંબ ચતુર્ભુજ જેની બે અસમાંતર ભુજાઓ સમાન લંબાઈની હોય), (૪) ત્રિસમચતુરસ્ર (સમલંબ ચતુર્ભુજ જેની ત્રણ ભુજાઓ સમાન લંબાઈની હોય), (૫) વિષમચતુરસ્ર (સાધારણ ચતુર્ભુજ). મહાવીરાચાર્યે વક્રરેખાવાળી આકૃતિઓ આઠ પ્રકારની વર્ણવી છે:—(૧) સમવૃત્ત, (૨) અર્ધવૃત્ત, (૩) આયતવૃત્ત (દ્દીર્ઘવૃત્ત), (૪) કંબુકાવૃત્ત (શંખાકાર ક્ષેત્ર), (૫) નિમ્નાવૃત્ત (અવતલ વૃત્તીય ક્ષેત્ર જેમકે હોમવેદીનો અગ્નિકુંડ) (૬) ઉત્તલવૃત્તીય ક્ષેત્ર જેમકે કાચબાની પીઠ, (૭) બહિશ્ચક્રવાલવૃત્ત અને (૮) અન્તશ્ચક્રવાલ વૃત્ત. આ સિવાય 'ગણિત સારસંગ્રહ' માં 'હસ્તદંત ક્ષેત્ર' નો પણ ઉલ્લેખ મળે છે. પહેલાં હિન્દુ ગણિતજ્ઞોએ જેટલું વર્ણન કરેલ નથી એવી કેટલીયે આકૃતિઓનો ઉલ્લેખ મહાવીરાચાર્યે કર્યો છે. જવાકારક્ષેત્ર, મુરજ (મૃદંગ) આકારક્ષેત્ર, પણવાકાર ક્ષેત્ર, વજ્રાકાર ક્ષેત્ર, ઉભયનિષેધ ક્ષેત્ર એક નિષેધ ક્ષેત્ર તથા સંસ્પર્શી ત્રણ અને ચાર વર્તુળોથી મર્યાદિત ક્ષેત્ર—ની આકૃતિઓને સમાવી લીધેલ છે.

## આઠ પ્રકારના ગણિત

દ્વીપ–સાગરનું વર્ણન પુરૂં થયું પણ જંબૂદ્વીપ વગેરે દ્વીપો વૃત્ત (ગોળ) કહેલા છે તેથી તે પ્રમાણાંગુલના માપથી જંબૂદ્વીપ એક લાખ યોજનના વિસ્તારનો છે અને વૃત્ત વિષ્કંભ પણ છે એટલે કે ગોળ થાળી જેવા ચપટ આકારવાળો છે એવા આકારને પ્રતરવૃત્ત કહેવાય છે. આ પ્રતર વગેરે આઠ માપ સમજવા તેમની સમજણ હવે આપવામાં આવે છે.

(૧) પરિધિ– Circumference :— વૃત્તવસ્તુનો ઘેરાવો.

(૨) ગણિતપદ Area of a circle :— અમુક માપના સમચોરસ ખંડ, અથવા વૃત્તક્ષેત્રના યોજન જેટલા સમચોરસ વિભાગ.

(૩) જીવા Chord :— ખંડથી છેલ્લી લંબાઈ, અથવા ધનુષ્યની દોરી જેવી ઉત્કૃષ્ટ લંબાઈ.

(૪) ઈષુ Height of a segment :— વૃત્ત પદાર્થના છેલ્લા ખંડ વગેરેના કે છેલ્લા ખંડથી મપાતો વિષ્કંભ તે ઈષુ, અથવા ધનુઃપૃષ્ઠના મધ્યથી જીવાના મધ્યભાગ સુધીનો વિષ્કંભ તે ઈષુ કે બાણ.

(૫) ધનુઃપૃષ્ઠ Arc (of a circle) :— ખંડના છેડા સુધીનો ઘેરાવો (ખંડિત ઘેરાવો) અથવા, ધનુષ્ય આકારવાળા ખંડનો કામઠી ભાગ તે ધનુઃપૃષ્ઠ, અથવા અર્ધચંદ્રાકાર ભરત વગેરે ક્ષેત્રની પાછળ નો ભાગ, અથવા ધનુષ્યનો પાછળનો ભાગ.

(૬) બાહા Arc (s) of the Zone of two parrelel chords :— ખંડની બે બાજુનાં પડખાં.

(૭) પ્રતર Area of a segment :— ખંડનું ક્ષેત્રફળ, અથવા ચોરસપદાર્થની લંબાઈ–પહોળાઈનો ગુણાકાર.

(૮) ઘન Cube :— લંબાઈ–પહોળાઈ અને ઊંચાઈનો ગુણાકાર.

(૧) પરિધ :–વિષ્કંભ (મધ્ય વિસ્તાર) ના વર્ગને દશ ગુણ કરી તેનું [1] વર્ગમૂળ કાઢતાં વૃત્ત વસ્તુનો પરિધ (ઘેરાવો) આવે છે.

આ વ્યાખ્યા પ્રમાણે વિચારતાં જંબૂદ્વીપનો પરિધિ :—

૩૧૬૨૨૭ યોજન–ત્રણ ગાઉ–એકસો અઠ્ઠાવીશ ધનુષ્ય–સાડાતેર આંગુળ–એક જવ, એક જૂ, એક લીખ–૬ વાળાગ્ર–૦ રથરેણુ–૭ ત્રસરેણુ ૫ બાદર પરમાણુ અને એક બાદર પરમાણુના ૧૭૪ ભાગ કરીએ તેવા ત્રીસ ભાગ અને એકસો ચુંવોતેરીયા એક ભાગના ૩૬૧ ભાગ કરીએ તેવા ત્રણ ભાગની અને ૫૪ શેષ વધ્યા તેટલી છે. જંબૂદ્વીપની પરિધિ કરવાના ગણિત (રીત) નો યંત્ર :—

| | |
|---|---|
| વિષ્કંભના યોજન | ૧૦૦૦૦૦ |
| તેનો વર્ગ તથા યોજન રાશિ | ૧૦૦૦૦૦૦૦૦૦૦ |
| તેને દશ ગણા કરતાં થયેલી રાશિ | ૧૦૦૦૦૦૦૦૦૦૦૦ |
| શેષ રાશિ | ૩૧૬૨૨૭ |

૧ વર્ગમૂળ :— વર્ગમૂળ કાઢવા યોગ્ય અંકના (પહેલા અંકને ધુરનો અંક કે યોગ્ય અંક અને છેલ્લા રહેલ અંકને છેલ્લો આંક કહેવાય છે.) છેલ્લા અંક ઉપર '।' આવું ચિન્હ કરવું. પછી '——' ચિન્હ કરવું. એ બે ચિન્હની ઊભી લીટી વિષમ અંક અને આડીલીટી સમઅંક બતાવનાર છે. ભાગાકારમાં પ્રથમ ભાગાકાર વિષમ અંક સુધીનો ('।' આ ચિન્હવાળી પ્રથમ લીટીના અંક સુધીનો) કરવાનો હોય છે અને ઉતારવાના અંક પણ વિષમચિન્હ સુધીના જ ઉતારવા.

પછી પહેલા વિષમચિન્હ સુધીના અંક બાદ થઈ શકે એવા વર્ગથી ભાગવો અને જેના વર્ગથી બાદ જાય તે મૂળ અંકને ભાજક સ્થાને તથા ભાગાકાર (જવાબના) સ્થાને મૂકીને તેનો વર્ગ ભાજ્યમાંથી બાદ કરી જવાબની રકમ ફરી ભાજ્ય અંકમાં ઉમેરવી. પછી ભાજ્ય રકમ વિષમચિન્હ સુધીની નીચે ઉતારી ભાજક રકમથી ભાજકઆંક આગળ જે આંક ગોઠવાય તે જ અંકથી ભાજક સાથે ગોઠવાયેલા તે જ અંક સહિતનો ગુણાકાર ભાજ્યમાંથી બાદ જાય એ રીતે ભાગાકાર કરવો અને તે ગુણક રકમ ફરી જવાબના સ્થાને મૂકવી. આ રીતે આખી રકમનું વર્ગમૂળ કાઢી શકાય છે.

| | |
|---|---|
| છેદ રાશિ | ૪૮૪૪૭૧ |
| ગાઉ કરવા માટે શેષરાશિને ચારે ગુણા કરતાં થયેલી રાશિ :— | ૧૯૩૭૮૮૪ |
| છેદાંકનો ભાગ આપતાં આવ્યા ગાઉ | ૩ |
| શેષ રાશિ | ૪૦૫૨૨ |
| ધનુષ્ય કરવા માટે બે હજારનો ગુણાકાર કરતાં થયેલી રાશિ | ૮૧૦૪૪૦૦૦ |
| છેદાંકથી ભાગ આપતાં આવેલા ધનુષ્ય | ૧૨૮ |
| શેષ રાશિ | ૮૯૮૮૮ |
| આંગળ કરવા માટે છન્નુથી ગુણા કરતાં થયેલી રાશિ | ૮૬૨૯૨૪૮ |
| છેદાંકથી ભાગતાં આવેલા આંગળ (અંગુલ) | ૧૩૫ |
| શેષપૂર્ણ આંગળની રાશિ રહી | ૯૧૧૧૯ |

હવે કમલાદિ, દ્વીપાદિ, ચૂલિકા, કૂટ, કંચનગિરિ, કુંડ વગેરે. કૂટના મૂળ, કૂટના શિખર, મેરૂ પર્વતના મૂળ, મેરૂના શિખર, નંદનવનની બહાર–નંદનવનની અંદરની બાજુ વગેરે સ્થાનોની પરિધિનું ગણિત ઉપર બતાવેલી રીતે કરવું.

## જુદા જુદા સ્થાનકોની પરિધિ—વિષ્કંભાદિકનો યંત્ર

| અંકક્રમ | સ્થાનકોના નામ | વિષ્કંભ | વર્ગનોઅંક | દશગણોઅંક | લબ્ધાંક | શેષરાશિ | છેદ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કમલાદિક | ૧ | ૧ | ૧૦ | ૩ | ૧ | ૬ |
| ૨ | ,, | ૨ | ૪ | ૪૦ | ૬ | ૪ | ૧૨ |
| ૩ | ,, | ૪ | ૧૬ | ૧૬૦ | ૧૨ | ૧૬ | ૨૪ |
| ૪ | દ્વીપાદિક | ૮ | ૬૪ | ૬૪૦ | ૨૫ | ૧૫ | ૫૦ |
| ૫ | ચૂલિકા મુલ | ૧૨ | ૧૪૪ | ૧૪૪૦ | ૩૭ | ૭૧ | ૭૪ |
| ૬ | ક્રોશ કૂટ | ૨૫ | ૬૨૫ | ૬૨૫૦ | ૭૯ | ૯ | ૧૫૮ |
| ૭ | કાંચનગિરિ શિખર | ૫૦ | ૨૫૦૦ | ૨૫૦૦૦ | ૧૫૮ | ૩૬ | ૩૧૬ |
| ૮ | કાંચનગિરિ મુલ | ૧૦૦ | ૧૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૩૧૬ | ૧૪૪ | ૬૩૨ |
| ૯ | કુંડાદિક | ૧૨૦ | ૧૪૪૦૦ | ૧૪૪૦૦૦ | ૩૭૯ | ૩૫૯ | ૭૫૮ |
| ૧૦ | ,, | ૨૪૦ | ૫૭૬૦૦ | ૫૭૬૦૦૦ | ૭૫૮ | ૧૪૩૬ | ૧૫૧૬ |
| ૧૧ | કૂટ શિખરાદિક | ૨૫૦ | ૬૨૫૦૦ | ૬૨૫૦૦૦ | ૭૯૦ | ૯૦૦ | ૧૫૮૦ |
| ૧૨ | કુંડાદિક | ૪૮૦ | ૨૩૦૪૦૦ | ૨૩૦૪૦૦૦ | ૧૫૧૭ | ૨૭૧૧ | ૩૦૩૪ |
| ૧૩ | કૂટ મૂલાદિક | ૫૦૦ | ૨૫૦૦૦૦ | ૨૫૦૦૦૦૦ | ૧૫૮૧ | ૪૩૯ | ૩૧૬૨ |
| ૧૪ | મેરૂ શિખર | ૧૦૦૦ | ૧૦૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦૦ | ૩૧૬૨ | ૧૭૫૬ | ૬૩૨૪ |
| ૧૫ | મેરૂ ભૂતલ વિષ્કંભ | ૧૦૦૦ | ૧૦૦૦૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦૦૦૦ | ૩૧૬૨૨ | ૪૯૧૧૬ | ૬૩૨૪૪ |

(આ ઉપરથી એમ સમજવું કે એક યોજન વિષ્કંભવાળો કોઈ ગોળાકાર પદાર્થ હોય તેના ત્રણ યોજન જે લબ્ધાંકના કોઠામાં મૂકયા છે, તે તથા ઉપર શેષરાશિમાં એક યોજન રહ્યો છે તેના છ છેદ કરીએ એટલે એક યોજનનો છઠ્ઠો ભાગ વધુ એટલી ફરતી પરિધિ

થાય અને બે યોજનવાળા ગોળ પદાર્થની છ યોજન પુરા અને તેની ઉપર ચાર યોજનના બારમા ભાગમાં જેટલી જગ્યા આવે તેટલી લેવી. આટલી પરિધિ જાણવી. આ રીતે સર્વ સ્થાનકો વિષે જાણી લેવું. લબ્ધાંકને બમણા કરીએ તો છેદ રાશિ થાય.)

હવે પૂર્વના યંત્રની રીતે જ મેરૂ પર્વતના નીચલા તળિયાની તથા નંદનવનાદિકની ભૂમિમાં યોજનોની સંખ્યા કહી છે, તેના ઉપર એક યોજનના અગિયાર ભાગ કરીએ, તેવા ભાગ દરેક સ્થાનકે આવે છે. તેથી તે સ્થાનકોના વિષ્કંભના યોજનોના અગિયારીઆ ભાગ કરીને પરિધિનું ગણિત કર્યું છે. તેનો યંત્ર નીચે પ્રમાણે છે :—

| ચઢતો અંક | મેરૂ પર્વતની અંદર જુદા જુદા સ્થાનકોના નામ | મૂલ યોજન તથા એક યોજનના અગિયારીયા ભાગની કળા સંખ્યા | એકંદર અગિયારીઆ ભાગની કળાની સં. | તે કળાનો વર્ગ કરતાં જે આંક આવે તેની સંખ્યા. |
|---|---|---|---|---|
| ૧ | મેરૂની નીચેનું તળિયું | ૧૦૦૯૦ ૧૦/૧૧ | ૧૧૧૦૦૦ | ૧૨૩૨૧૦૦૦૦૦૦ |
| ૨ | નંદનવનની બહારની પરિધિ | ૯૯૫૪ ૬/૧૧ | ૧૦૯૫૦૦ | ૧૧૯૯૦૨૫૦૦૦૦ |
| ૩ | નંદનવનની મધ્ય પરિધિ | ૮૯૫૪ ૬/૧૧ | ૯૮૫૦૦ | ૯૭૦૨૨૫૦૦૦૦ |
| ૪ | સોમનસવનની બહારની પરિધિ | ૪૨૭૨ ૮/૧૧ | ૪૭૦૦૦ | ૨૨૦૯૦૦૦૦૦૦ |
| ૫ | સોમનસવનની મધ્યપરિધિ | ૩૨૭૨ ૮/૧૧ | ૩૬૦૦૦ | ૧૨૯૬૦૦૦૦૦૦ |

| તે વર્ગની કળાને દશ ગણી કરતાં જે આંક આવે તે સંખ્યા | વર્ગનું મૂળ કાઢતાં જે કળા આવે તેનો આંક | શેષરાશિ જેટલી કળા રહી તેની સંખ્યા | છેદ રાશિની સંખ્યા | પરિધિના યોજન તથા કળાનો આંક |
|---|---|---|---|---|
| ૧૨૩૨૧૦૦૦૦૦૦૦ | ૩૫૧૦૧૨ | ૫૭૫૮૫૬ | ૭૦૨૦૨૪ | ૩૧૯૧૦ ૨/૧૧ |
| ૧૧૯૯૦૨૫૦૦૦૦૦ | ૩૪૬૨૬૯ | ૨૭૯૬૩૯ | ૬૯૨૫૩૮ | ૩૧૪૭૯ |
| ૯૭૦૨૨૫૦૦૦૦૦ | ૩૧૧૪૮૪ | ૨૧૭૭૪૪ | ૬૨૨૯૬૮ | ૨૮૩૧૬ ૮/૧૧ |
| ૨૨૦૯૦૦૦૦૦૦૦ | ૧૪૮૬૨૭ | ૧૪૮૭૧ | ૨૯૭૨૫૪ | ૧૩૫૧૧ ૬/૧૧ |
| ૧૨૯૬૦૦૦૦૦૦૦ | ૧૧૩૮૪૨ | ૧૯૮૬૩૬ | ૨૨૭૬૮૪ | ૧૦૩૪૯ ૩/૧૧ |

આ એક જ યંત્રના બે વિભાગ કર્યા છે.

મનુષ્યક્ષેત્રમાં અથવા તીરછાલોકમાં વૃત્તપદાર્થો ઘણા રહેલા છે, તેમાંના અહીં ફક્ત જંબૂદ્વીપના વૃત્ત પદાર્થો લીધા છે. હવે તે પદાર્થોના નામ કહે છે:—

| વૃત્ત પદાર્થોના નામ | વિષ્કંભ | પરિધિ |
|---|---|---|
| પદ્મદ્રહનું મુખ્ય કમળ (૧૦ કુરૂદ્રહકમળ) | ૧ યોજન | ૩ ૧/૬ યોજન |
| પુંડરીકદ્રહનું મુખ્ય કમળ | ૧ યોજન | ૩ ૧/૬ યોજન |
| મહાપદ્મદ્રહનું મુખ્ય કમળ | ૨ યોજન | ૬ ૧/૩ યોજન |
| મહાપુંડરીકદ્રહનું મુખ્ય કમળ | ૨ યોજન | ૬ ૧/૩ યોજન |
| તિગિચ્છ દ્રહનું મુખ્ય કમળ | ૪ યોજન | ૧૨ ૨/૩ યોજન |

| વૃત્ત પદાર્થોના નામ | વિષ્કંભ | પરિધિ |
|---|---|---|
| કેશરી દ્રહનું મુખ્ય કમળ | ૪ યોજન | $૧૨\frac{૨}{૩}$ યોજન |
| ૧૭ ગંગાદ્વીપ | ૮ યોજન | $૨૫\frac{૩}{૧૦}$ યોજન |
| ૧૭ સિંધુ દ્વીપ | ૮ યોજન | $૨૫\frac{૩}{૧૦}$ યોજન |
| ૧૭ રકતા દ્વીપ | ૮ યોજન | $૨૫\frac{૩}{૧૦}$ યોજન |
| ૧૭ રકતવતી દ્વીપ | ૮ યોજન | $૨૫\frac{૩}{૧૦}$ યોજન |
| રોહિતા-રોહિતાંશા દ્વીપ | ૧૬ યોજન | $૫૦\frac{૩}{૫}$ યોજન |
| સુવર્ણકૂલા-રૂપ્યકૂલા દ્વીપ | ૧૬ યોજન | $૫૦\frac{૩}{૫}$ યોજન |
| હરિકાંતા-હરિસલીલા દ્વીપ | ૩૨ યોજન | $૧૧૦\frac{૩૯}{૨૦૨}$ યોજન |
| નરકાંતા-નારીકાંતા દ્વીપ | ૩૨ યોજન | $૧૧૦\frac{૩૯}{૨૦૨}$ યોજન |
| શીતા-શીતોદા દ્વીપ | ૬૪ યોજન | $૧૯૯\frac{૩૫૯}{૩૯૮}$ યોજન |
| ગંગા-સિંધુ-રકતા-રક્તવતી કુંડ | ૬૦ યોજન | $૧૮૯\frac{૨૭૯}{૩૭૮}$ યોજન |
| રોહિતા-રોહિતાંશા-સુવર્ણકૂલા-રૂપ્યકૂલા કુંડ | ૧૨૦ યોજન | $૩૭૯\frac{૩૫૯}{૭૫૮}$ યોજન |
| હરિકાંતા-હરિસલીલા-નરકાંતા નારીકાંતા કુંડ | ૨૪૦ યોજન | $૭૫૮\frac{૧૪૩૬}{૧૫૧૬}$ યોજન |
| શીતા-શીતોદા કુંડ | ૪૮૦ યોજન | $૧૫૧૭\frac{૨૭૧૧}{૩૦૩૪}$ યોજન |
| ૧૨ અંતનદીઓના કુંડ | ૧૨૦ યોજન | $૩૭૯\frac{૩૫૯}{૭૫૮}$ યોજન |
| ૬૪ મહાવિદેહ નદીઓના કુંડ | ૬૦ યોજન | $૧૮૯\frac{૨૭૯}{૩૭૮}$ યોજન |
| મેરૂપર્વતનું મૂળ | $૧૦૦૯૦\frac{૧૦}{૧૧}$ યોજન | $૩૧૯૧૦\frac{૨}{૧૧}$ યોજન |
| મેરૂપર્વતનો કંદ (સમભૂતળ ભાગ) | ૧૦૦૦૦ યોજન | $૩૧૬૨૨\frac{૪૯૧૧૬}{૬૩૨૪૪}$ યોજન |
| નંદનવનમાં બાહ્યમેરૂ | $૯૯૫૪\frac{૬}{૧૧}$ યોજન | ૩૧૭૫૯ યોજનથી થોડી વધારે |
| નંદનવનમાં અભ્યંતરમેરૂ | $૮૯૫૪\frac{૬}{૧૧}$ યોજન | $૨૮૩૧૬\frac{૮}{૧૧}$ યોજનથી થોડી વધારે |
| સૌમનસવનમાં બાહ્યમેરૂ | $૪૨૭૨\frac{૮}{૧૧}$ યોજન | $૧૩૫૧૧\frac{૬}{૧૧}$ યોજનથી થોડી વધારે |
| સૌમનસવનમાં અભ્યતરમેરૂ | $૩૨૭૨\frac{૮}{૧૧}$ યોજન | $૧૦૩૪૯\frac{૩}{૧૧}$ યોજનથી થોડી વધારે |
| પંડકવને મેરૂ | ૧૦૦૦ યોજન | $૩૧૬૨\frac{૧૭૫૬}{૬૩૨૪}$ યોજન |
| મેરૂની ચૂલિકાનુંમૂળ | ૧૨ યોજન | $૩૭\frac{૭૧}{૭૪}$ યોજન |
| ૧૬૬ વર્ષધરાદિનાં કૂટ મૂળ | ૫૦૦ યોજન | $૧૫૮૧\frac{૪૩૯}{૩૧૬૨}$ યોજન |
| ૩ સહસ્રાંક કૂટ મૂળ | ૧૦૦૦ યોજન | $૩૧૬૨\frac{૧૭૫૬}{૬૩૨૪}$ યોજન |
| ૩૦૬ વૈતાઢ્ય કૂટ મૂળ | $૬\frac{૧}{૪}$ યોજન | યો. ૧૯-$૩\frac{૯}{૧૫૮}$ ગ.ઉ |
| ૩૪ ઋષભકૂટ મૂળ | ૧૨ યોજન | $૩૭\frac{૭૧}{૭૪}$ યોજન |
| ૧૬ વક્ષકૂટ મૂળ | ૧૨ યોજન | $૩૭\frac{૭૧}{૭૪}$ યોજન |
| ૪ વૃત્તવૈતાઢ્ય મૂળ | ૧૦૦૦ યોજન | $૩૧૫૨\frac{૧૭૫૬}{૬૩૨૪}$ યોજન |
| ૨૦૦ કાંચનગિરિ મૂળ | ૧૦૦ યોજન | $૩૧૬\frac{૧૪૪}{૧૩૨}$ યોજન |
| ૪ યમલગિરિ મૂળ | ૧૦૦૦ યોજન | $૩૧૬૨\frac{૧૭૫૬}{૬૩૨૪}$ યોજન |

આ પરિધિનું જે ગણિત છે, તે રીતે આધુનિક પદ્ધતિમાં પણ વપરાય છે. શાસ્ત્રીય પદ્ધતિનો વિચાર કરીને અહીં હવે આધુનિક રીત બાવી છે. :—

પરિધિ = ૨ × π × ત્રિજ્યા = π × વ્યાસ [∵ [કારણકે] ૨ × ત્રિજ્યા=વ્યાસ]

( [૧] π નું માન :— જુદા-જુદા સમયોમાં લોકોએ π ની કિંમત જુદી-જુદી ગણેલ છે. જૈન શાસ્ત્રોમાં તથા ગ્રંથોમાં પણ π ના ભિન્ન ભિન્ન માન જણાય છે. તે અહીં દર્શાવેલા છે. :— (૧-૨) 'સૂર્ય પ્રજ્ઞપ્તિ' સૂત્ર તથા 'ભગવતી' સૂત્ર તથા જ્યોતિષ કરંડક'માં π નું માન √૧૦ માનેલ છે. [૩] 'જીવાભિગમ' સૂત્રમાં π નું માન √૧૦ અને ૩.૧૬ માનેલ છે. સૂત્ર ૮૨ તેમજ ૧૦૯ માં તો π = √૧૦ માનેલ છે, પણ સૂત્ર ૧૧૨ માં π નું માન ૩.૧૬ બતાવેલ છે.

[૪-૫] 'જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ' સૂત્રમાં તથા 'ઉત્તરાધ્યયન' સૂત્રમાં π = ૩ થી થોડું વધારે [ત્રિગુણં સવિશેષમ્] માનેલ છે.

[૬] 'તત્ત્વાર્થાધિગમ' સૂત્રમાં π = √૧૦ કરેલ છે. [૭] 'તિલોયણ્ણત્તિ' માં π=√૧૦ છે.

(૮) ધવલાકાર વીરસેનાચાર્ય π = ૩૫૫/૧૧૩ માનેલ છે, જે બિલકુલ વિલક્ષણ તેમ જ શુદ્ધ છે.

(૯) દિગંબર ગ્રંથ 'લોકપ્રકાશ' માં (લગભગ ઇ. સ. ૧૬૫૧) માં π ૧૯/૬ મળે છે.

(૧૦) મહાવીરાચાર્યે (ઈ. સ.૮૫૦) 'ગણિતસારસંગહ' માં π = ફક્ત ૩ માનીને સ્થૂલક્રિયા કરી છે, પરંતુ સૂક્ષ્મકાર્ય માટે √૧૦ માનેલ છે.

(૧૧) 'ત્રિલોકસાર' માં પણ આચાર્ય નેમિચંદ્રે સ્થૂલકાર્ય માટે π=૩ તથા સૂક્ષ્મ કાર્ય માટે √૧૦ માનેલ છે. એ જ ગ્રંથમાં π = $(૧૬/૯)^{૨}$ પણ મળે છે. એમાં લખ્યું છે કે જો કોઈ વૃત્ત (ગોળ) ની ત્રિજ્યા r હોય અને તે વૃત્ત a ભુજાવાળા વર્ગ બરાબર હોય તો r=૯/૧૬ a થાય છે.)

જૈન શાસ્ત્રોમાં π ની કિંમત √૧૦ (અર્થાત્ વર્ગમૂળ ૧૦) લેવામાં આવેળ છે. તે ઉપરના આધારોથી મુખ્યત્વે જણાય છે. લગભગ ૨૨/૭ π ની કિંમત પહેલાં મનાતી હતી, પણ હવે સુધારો થયેલ છે આધુનિક ગણિતશાસ્ત્રમાં π અસંમેય સંખ્યા (jrrationul Number) માનવામાં આવે છે.

√૧૦ ની કિંમત વર્ગમૂળ પદ્ધતિથી શોધતા જૈનશાસ્ત્રો પ્રમાણે π ની કિંમત ૩.૧૬૨૨૭૭૬૬૦૧૬૮૩૭૮૩૮૩૩૧૫૫૯૫૪૯૩ ...... (દશાંશના ૨૭ અંક સુધી) આવે છે અને તેથી પણ આગળ જેટલી સંખ્યા સુધી શોધવું હોય તેટલી સંખ્યા સુધી શોધી શકાય છે.

૨૨/૭ ની કિંમત શોધતાં આધુનિક પદ્ધતિ પ્રમાણે π ની કિંમત ૩.૧૪૨૮૫૭ ..:. (અર્થાત્ દશાંશપછી ૧૪૨૮૫૭ સંખ્યા નિયમિતપણે આવે) છે. આ પ્રમાણે π ની શાસ્ત્રીય અને

૧ "આચાર્ય પ્રવર શ્રી આનંદઋષિ અભિનન્દન ગ્રંથ" પાનું. ૪૩૦

આધુનિક કિંમત વચ્ચે બહુ જ સામાન્ય (·૦૧૯૪૨.... અર્થાત્ માત્ર ૦·૬૧૪% તફાવત છે. બીજી અમુક માન્યતા પ્રમાણે π ની કિંમત ૩·૧૪૫૯૨૬ પણ માનવામાં આવે છે.

જંબૂદ્વીપનો વ્યાસ ૧૦૦,૦૦૦ યોજન છે. તેથી જંબૂદ્વીપની પરિધિ ૩·૧૪૨૮૫·૭ યોજન થાય (શા. ૩૧૬૨૨૭·૭)

આ ઉપરાંત જુદા જુદા સ્થાનોના પરિધ માટે ઉપરના સૂત્ર પ્રમાણે શોધી શકાય. ત્રિજ્યા, વ્યાસ વગેરે કોને કહેવાય? તે અહીં આકૃતિ તથા વ્યાખ્યા સહિત દર્શાવેલ છે.



ત્રિજ્યા વ્યાસ ક્ષેત્રફળ

ત્રિજ્યા = Radius વિષ્કંભાર્ધ. વર્તુળના મધ્યબિંદુથી પરિધને જોડતી સીધી રેખાને ત્રિજ્યા કહે છે. ત્રિજ્યા વ્યાસથી અડધી હોય છે.

વિષ્કંભ = વ્યાસ Diameter વર્તુળના મધ્યબિંદુમાંથી પસાર થતી પરિધના બે છેડાને જોડતી સીધી રેખાને વ્યાસ કહે છે અને તે ત્રિજ્યાથી બમણો હોય છે.

(૨) ગણિતપદ :— (૧) અમુક માપના સમચોરસ ખંડ અથવા વૃત્તક્ષેત્રના યોજન પ્રમાણ સમચોરસ વિભાગ. એટલે કે (૨) ગોળક્ષેત્રની પરિધિની સંખ્યાના આંકને તે જ વાટલાક્ષેત્રના વિષ્કુંભ (પહોળાઈ) ના ચોથા ભાગના આંક સાથે ગુણતાં જે આંક આવે તે ગણિતપદ કહેવાય છે. (૩) પરિધિના વિસ્કંભના ચોથા ભાગે ગુણતાં ગણિતપદ આવે છે.

વિષ્કખંભવગ્ગદહગુણ- મૂલં વટ્ટસ્સ પરિરઓ હોઈ।
વિકખંભ પાય ગુણિઓ, પરિરઓ તસ્સ ગણિઅ પયં ॥૧૮૮॥

વિષ્કંભના વર્ગને દશ ગુણા કરી તેનું વર્ગમૂળ કાઢતાં વૃત્ત વસ્તુનો પરિધ આવે છે અને એ જ પરિધ વિષ્કંભના ચોથા ભાગે ગુણતાં તે વૃત્ત વસ્તુનું ગણિતપદ થાય છે. (લઘુક્ષેત્ર સમાસ)

જમ્બૂદ્વીપસ્ય ગણિતપદ, વક્ષ્યેથ તત્ત્વદઃ॥ (ગા. ૩૫, ૩-૪)
શતાનિ સપ્તકોટીનાં, નવતિઃ કોટ્યઃપરાઃ।
લક્ષાણિ સપ્તપંચાશત્, ષટ્ સહસ્રોનિતાનિ ॥૩૬॥

સાર્ધં શતં યોજનાનાં, પાદોનક્રોશયામલમ્ ।
ધનૂંષિ પંચદશા ચ, સાર્ધં કરદ્વયં તથા ॥૩૭॥ (યુગ્મમ્)
("લોકપ્રકાશ" સર્ગ. ૧૫)

સાતસો નેવું ક્રોડ, છપ્પનલાખ ચોરાણુહજાર એકસો પચાસ યોજન, પોણા બે કોશ, પંદર ધનુષ્ય અન અઢી હાથ એટલું (એનું-જંબૂદ્વીપનું ગણિતપદ છે.(—૩૬-૩૭)

જંબૂદ્વીપની ભૂમિને કોઈ પથ્થરની લાદીઓથી મઢવા ઈચ્છે તો એક યોજન લાંબા અને એક યોજન પહોળા એવા સમચોરસ ૭૯૦૫૬૯૪૧૫૦ પથ્થર જોઈએ. ઉપરાંત એક યોજન લાંબા અને એક ગાઉ પહોળા એવા $૧\frac{૩}{૪}$ પથ્થર જોઈએ. (અહીં જેમ યોજનના ટૂકડા સમચોરસ ગણ્યા તેમ ગાઉ અને અંગુલના ટૂકડા સમચોરસ કેમ નહીં? એવો તર્ક ઉત્પન્ન થાય પણ એ ગણિતરીતિ પ્રમાણે તેમ બનતું નથી.) અને તે ઉપરાંત એક યોજન લાંબા અને એક અંગુલ પહોળા એવા $૬૨\frac{૧}{૨}$ પથ્થર જોઈએ. આટલા પથ્થર હોય તો આખો જંબૂદ્વીપ પથ્થરથી જડાઈ રહે.

જેમ આઠ હાથ લાંબા અને આઠ હાથ પહોળા એક સમચોરસ ઓરડામાં એક હાથ લાંબી અને એક હાથ પહોળી પથ્થરની લાદીઓ જડવી હોય તો— ૮ x ૮ = ૬૪ લાદીઓની જરૂર પડે, તેમ આ જંબૂદ્વીપને મઢવા ઉપર કહ્યા પ્રમાણે પથ્થર જોઈએ.

| ચઢતો અંક ક્રમ | પરિધિના યોજનાદિ | વિષ્કંભનો ચોથો ભાગ | ગુણાકાર કરતાં થયેલ રાશિ | એક યોજનમાં અંગુલાદિ | સરવાળે યોજનની સંખ્યા | ગાઉ | ધનુષ્ય | આંગુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩૧૬૨૨૭ | ૨૫૦૦૦ | ૭૯૦૫૬૭૫૦૦૦ | પૂરા યોજન | ૭૯૦૫૬૭૫૦૦૦ | | | |
| ૨ | ગાઉ ત્રણ | ૨૫૦૦૦ | ૭૫૦૦૦ | ચાર ગાઉ યોજન | ૧૮૭૫૦ | | | |
| ૩ | ધનુષ્ય ૧૨૮ | ૨૫૦૦૦ | ૩૨૦૦૦૦૦ | આઠ હજાર ધનુષ્ય | ૪૦૦ | | | |
| ૪ | આંગળ $૧૩\frac{૧}{૨}$ | ૨૫૦૦૦ | ૩૩૭૫૦૦ | ૯૬ આંગળ | ૦ | $૧\frac{૩}{૪}$ | ૧૫ | ૬૦ |
| ૫ | એકંદર સંખ્યા | | | ——— | ૭૯૦૫૬૯૪૧૫૦ | $૧\frac{૩}{૪}$ | ૧૫ | ૬૦ |

આ ગણિતને ગણિતપદ-ક્ષેત્રફળ કે પ્રતર કહેવાય છે. ગણિતપદ માટે આ પ્રમાણે શાસ્ત્રીય પદ્ધતિ વિચારીને હવે આધુનિક રીત લખેલ છે.:–

ગણિતપદ = વૃત્ત નું ક્ષેત્રફળ. વર્તુળના વિસ્તારના સમચોરસ માપને ક્ષેત્રફળ કહે છે.

$$\text{વર્તુળનું ક્ષેત્રફળ} = \pi \text{ ત્રિ}^{૨} = \pi \times \frac{(\text{વ્યાસ})^{૨}}{૨} = \pi \times \text{વ્યાસ} \times \frac{\text{વ્યાસ}}{૪} = \text{પરિધ} \times \frac{\text{વ્યાસ}}{૪}$$

આ પ્રમાણે જંબૂદ્વીપનું ગણિતપદ ૭૮૫૭૧૪૨૮૫૭ ચોરસ યોજન થાય.

(૩) જીવા :– છેલ્લા ખંડની લંબાઈ અથવા ધનુષ્યની દોરી જેવી ઉત્કૃષ્ટ લંબાઈ તે જીવા કહેવાય છે. વૃત્ત પદાર્થના વિસ્તારમાંથી ઈષુ બાદ કરતાં ઈષુને ચારે ગુણી જે આવે

તેને (ઇષુ બાદ કરતાં આવેલી રકમ સાથે) ગુણાકાર કરવો. જે રકમ આવે તેનું વર્ગમૂળ કાઢતાં જે આવે છે તે, તે ક્ષેત્રની જીવા કહેવાય છે–તે ક્ષેત્રની ધનુષ્યની દોરી જેવી ઉત્કૃષ્ટ લંબાઈ.)

વિવક્ષિતસ્ય ક્ષેત્રસ્ય, પૂર્વાપરાન્ત ગોચરઃ।
આયામઃ પરમો યોઽત્ર, સા જીવેત્યભિધીયતે ॥

'લોકપ્રકાશ' સર્ગ ૧૬ ગા. ૭.

હર કોઈ ક્ષેત્રની પૂર્વથી પશ્ચિમ સુધીની ઉત્કૃષ્ટ લંબાઇ તે 'જીવા' કહેવાય છે. દક્ષિણ ભરતની જીવા ૯૭૪૮$\frac{૧૨}{૧૯}$ યોજન છે તેમ જ એક યોજનના ઓગણીશીયા ૧૬૭૩૨૪ ભાગ શેષ રહયા. તેને છેદ કળા ૩૦૭૦૪૪૮ ભાગે વહેંચતાં ૧૯૧ ધનુષ્ય અને ૧૭$\frac{૧}{૪}$ આંગળ આવતાં શેષ ૫૦૪૬૦ આંગળ રાશિ વધે છે. તેનો છેદ કળાનો આંક વધારે છે તેથી ભાગ પહોંચે નહીં, તેથી તેના જવ વગેરે કરી જે રીતે ભાગ પહોંચે તે રીતે પહોંચાડીને ગણિત કરવું. હવે નવસ્થાનનો ક્ષેત્ર વિષ્કંભ એક લાખ યોજન છે. તે એકેક યોજનની ૧૯ કળા થાય તે નવસ્થાનના જીવાનો કોઠો પાના નંબર ૧૬૨ પર આપેલ છે.



જીવા

| ૧<br>ક્રમ | ૨<br>જીવા કરવાનો ક્રમ નામપૂર્વક | ૩<br>યોજન પ્રમાણ ઈષુ | ૪<br>ઓગણીસ ભાગ કરતાં ઈષુકળા | ૫<br>વિષ્કભમાંથી બાદ કરતાં શેષફળ | ૬<br>ઈષુકળાને ચાર ગણા કરતાં |
|---|---|---|---|---|---|
| ૧ | દક્ષિણ ભરતાર્ધ | ૨૩૮ ૩/૧૯ | ૪૫૨૫ | ૧૮૯૫૪૭૫ | ૧૮૧૦૦ |
| ૨ | વૈતાઢ્ય | ૨૮૮ ૩/૧૯ | ૫૪૭૫ | ૧૮૯૪૫૨૫ | ૨૧૯૦૦ |
| ૩ | પૂર્ણ ભરત | ૫૨૫ ૬/૧૯ | ૧૦૦૦૦ | ૧૮૯૦૦૦૦ | ૪૦૦૦૦ |
| ૪ | હિમવંત પર્વત | ૧૫૧૮ ૧૬/૧૯ | ૩૦૦૦૦ | ૧૮૭૦૦૦૦ | ૧૨૦૦૦૦ |
| ૫ | હિમવંત યુગલ ક્ષેત્ર | ૩૬૮૪ ૪/૧૯ | ૭૦૦૦૦ | ૧૮૩૦૦૦૦ | ૨૮૦૦૦૦ |
| ૬ | મહા હિમવંત પર્વત | ૭૮૯૪ ૧૪/૧૯ | ૧૫૦૦૦૦ | ૧૭૫૦૦૦૦ | ૬૦૦૦૦૦ |
| ૭ | હરિવર્ષ ક્ષેત્ર | ૧૬૩૧૫ ૧૫/૧૯ | ૩૧૦૦૦૦ | ૧૫૯૦૦૦૦ | ૧૨૪૦૦૦૦ |
| ૮ | નિષધ પર્વત | ૩૩૧૫૭ ૧૭/૧૯ | ૬૩૦૦૦૦ | ૧૨૭૦૦૦૦ | ૨૫૨૦૦૦૦ |
| ૯ | મહાવિદેહ | ૫૦૦૦૦ | ૯૫૦૦૦૦ | ૯૫૦૦૦૦૦ | ૩૮૦૦૦૦૦ |

| ૭<br>શેષકળા રહી તેને ચારગણી ઈષુકળા સાથે ગુણતાં | ૮<br>મૂળ શોધતાં શેષ રાશિ રહી તેનો આંક નું વર્ગમૂળ | ૯<br>છેદ રાશિનો આંક | ૧૦<br>મૂળમાં આવેલ કળાનો આંક | ૧૧<br>પ્રાપ્ત થયેલા કળાના યોજન તથા ઓગણી શીયા ભાગની કળા | |
|---|---|---|---|---|---|
| ૩૪૩૦૮૦૯૭૫૦૦ | ૧૬૭૩૨૪ | ૩૭૦૪૪૮ | ૧૮૫૨૨૪ | ૯૭૪૮ | ૧૨/૧૯ |
| ૪૧૪૯૦૦૯૭૫૦૦ | ૭૪૦૧૯ | ૪૦૭૩૮૨ | ૨૦૩૬૯૧ | ૧૦૭૨૦ | ૧૧/૧૯ |
| ૭૫૬૦૦૦૦૦૦૦૦ | ૨૯૭૮૮૪ | ૫૪૯૯૦૮ | ૨૭૪૯૫૪ | ૧૪૪૭૧ | ૫/૧૯ |
| ૨૨૪૪૦૦૦૦૦૦૦૦ | ૭૩૦૭૩૬ | ૯૪૭૪૧૬ | ૪૭૩૭૦૮ | ૨૪૯૩૨ | ૦ |
| ૫૧૨૪૦૦૦૦૦૦૦૦ | ૨૯૫૯૫૯ | ૧૪૩૧૬૪૨ | ૭૧૫૮૨૧ | ૩૭૬૭૪ | ૧૫/૧૯ |
| ૧૦૫૦૦૦૦૦૦૦૦૦૦ | ૧૫૬૯૭૫ | ૨૦૪૯૩૯૦ | ૧૦૨૪૬૯૫ | ૫૩૯૩૧ | ૬/૧૯ |
| ૧૯૭૧૬૦૦૦૦૦૦૦૦ | ૨૦૯૩૫૦૪ | ૨૮૦૮૨૭૨ | ૧૪૦૪૧૩૬ | ૭૩૯૦૧ | ૧૭/૧૯ |
| ૩૨૦૦૪૦૦૦૦૦૦૦૦ | ૬૫૦૮૪૪ | ૩૫૭૭૯૩૨ | ૧૭૮૮૯૬૬ | ૯૪૧૫૬ | ૨/૧૯ |
| ૩૬૧૦૦૦૦૦૦૦૦૦૦ | ૦ | ૦ | ૧૯૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ | ૦ |

ઐરવત ક્ષેત્ર માટે પણ આજ રીતે સમજવું.

હવે આધુનિક પદ્ધતિ બતાવી છે :—

વર્તુળના પરિધિના બે બિંદુઓને જોડતી રેખાને જીવા કહે છે. આમ વ્યાસ એ વર્તુળના મધ્યબિંદુમાંથી પસાર થતી જીવા છે.

શાસ્ત્રીય તથા આધુનિક બન્ને પદ્ધતિમાં જીવાની કિંમત માટેનું સૂત્ર :—

$$\text{જીવા} = ૨\sqrt{\text{ઈષુ (વ્યાસ–ઈષુ)}}$$

(૪) ઈષુ (બાણ કે શર)—જંબૂદ્વીપના ભરત ક્ષેત્ર અને ઐરવત ક્ષેત્ર એ બન્ને વિભાગો છે, તે તીર ચઢાવેલા ધનુષ્યને આકાર છે. તેમાં બાણની જગ્યા વચ્ચેનો જે વિષ્કંભ છે તેને ઈષુ કહેવાય છે. તે ઇષુના જેટલા યોજન હોય તેને તેટલા યોજનનો ઇષુ કહેવાય છે.

વિવક્ષિતસ્ત્ર ક્ષેત્રસ્ય, જીવાયાઃ મધ્ય ભાગતઃ ।
વિષ્કમ્ભો યોઽર્ણવં યાવત્, સ ઈષુ પરિભાષિતઃ ॥

('લોક પ્રકાશ' સર્ગ–૧૬ ગા. ૬)

હરકોઈ ક્ષેત્રની 'જીવા'ના મધ્યભાગથી સમુદ્ર સુધીનો જે વિષ્કંભ હોય છે તે 'ઇષુ' 'શર' કે 'બાણ' કહેવાય છે. (ઇષુમાં ખંડની પહોળાઇ સમાયેલી હોય છે અને તે ઉપરાંત ધનુઃપૃષ્ઠ સુધીની પહોળાઈ વધારે હોય છે. વિષ્કંભમાં ફક્ત ખંડની જ પહોળાઈ ગણાય છે તેથી ઘણા ક્ષેત્રોમાં વિંષ્કંભ નાનો હોય છે અને છેડાના વિભાગોમાં ઇષુ અને વિષ્કંભ એ બન્ને સરખા હોય છે.)

દક્ષિણ ભરતાર્ધનો ઈષુ ૨૩૮ યોજન અને ૩ [૧]કળા છે તેમજ ઐરવત ક્ષેત્રનો પણ તેટલોજ ઈષુ છે. (જીવાના કોઠામાં પહેલા ખાનામાં ઈષુ આવેલ છે ત્યાંથી જોઇ લેવો.)



ઇષુ

હવે આધુનિક પદ્ધતિ :– ખંડ વર્તુળની ઊંચાઇને ઈષુ કહે છે.

ઈષુ $= \frac{1}{2}$ [ વ્યાસ — $\sqrt{\text{વ્યાસ}^2 - \text{જીવા}^2}$ ]

નોંધ :—જીવાની તથા બાહાની કિંમત પરસ્પર અવલંબે છે. આથી જીવાની કિંમત શોધવા માટે ઈષુની કે ઈષુની કિંમત શોધવા માટે જીવાની શાસ્ત્રીય કિંમત લઇએ ત્યારે ઉપરના સૂત્ર મુજબ આધુનિક તથા શાસ્ત્રીય કિંમતમાં કશોજ તફાવત આવતો નથી.

(૫) ધનુઃપૃષ્ઠ :– (૧) વૃત્ત પદાર્થનો એક છેલ્લો દેશ ભાગ ધનુષ્યના આકાર જેવો થાય છે તેટલા દેશ ભાગને ખંડ કહેવાય છે અને તે ખંડ સ્થાને છેલ્લો ધનુષ્યની કામઠી જેવો દેશ પરિધિ તે ધનુઃપૃષ્ઠ કહેવાય છે.

---

૧ છિન્નસ્યૈકોનવિંશત્યા, વિભાગો યોજનસ્ય યઃ । સા કલા તાભિરેકોનવિંશત્યા પૂર્ણં યોજનમ્ ॥
("લોકપ્રકાશ" સર્ગ ૧૬. ગાથા.૧૨) એક યોજનનો ૧૯ મો ભાગ 'કળા' કહેવાય છે એટલે કે એવી ૧૯ કળાનો ૧ યોજન.



ધનુઃપૃષ્ઠ

(૨) ઇષુના વર્ગને છ ગુણો કરી તેમાં જીવાનો વર્ગ ઉમેરી તેનું વર્ગમૂળ કાઢતાં જે આવે તે ધનુઃપૃષ્ઠ કહેવાય છે.

(૩) વિવક્ષિતસ્ય ક્ષેત્રસ્ય, પૂર્વાપરાન્ત સીમયા ।
યોઽબ્ધિસ્પર્શો પરિક્ષેપો, ધનુઃપૃષ્ટ તદ્રુચિરે ॥૮॥

'લોકપ્રકાશ' સર્ગ. ૧૬

જીવાના પૂર્વ-પશ્ચિમ છેડા રૂપ સીમાથી સમુદ્ર સુધી પહોંચતો પરિધિ હોય છે એ ધનુઃપૃષ્ઠ છે. ભરતક્ષેત્રનું ૧૪૫૨૮ યોજન અને ૧૧ કળાનું ધનુઃપૃષ્ઠ થાય છે.

દક્ષિણ ભરતાર્ધાદિ નવ સ્થાનના ધનુઃપૃષ્ઠનો યંત્રઃ—

| ૧<br>સ્થાનોના નામ | ૨<br>ઇષુની કળા | ૩<br>ઇષુના વર્ગની કળાનો આંક | ૪<br>ઇષુવર્ગને છ ગુણો કરતાં આવેલ કળા | ૫<br>જીવાના વર્ગની કળાનો આંક |
|---|---|---|---|---|
| ભરતાર્ધ | ૪૫૨૫ | ૨૦૪૭૫૬૨૫ | ૧૨૨૮૫૩૭૫૦ | ૩૪૩૦૮૦૯૭૫૦૦ |
| વૈતાઢ્ય | ૫૪૭૫ | ૨૯૯૭૫૬૨૫ | ૧૭૯૮૫૩૭૫૦ | ૪૧૪૯૦૦૯૭૫૦૦ |
| પૂર્ણભરત | ૧૦૦૦૦ | ૧૦૦૦૦૦૦૦૦ | ૬૦૦૦૦૦૦૦૦ | ૭૫૬૦૦૦૦૦૦૦૦ |
| હિમવંત ગિરિ | ૩૦૦૦૦ | ૯૦૦૦૦૦૦૦૦ | ૫૪૦૦૦૦૦૦૦૦ | ૨૨૪૪૦૦૦૦૦૦૦૦ |
| હિમવંત ક્ષેત્ર | ૭૦૦૦૦ | ૪૯૦૦૦૦૦૦૦૦ | ૨૯૪૦૦૦૦૦૦૦૦ | ૫૧૨૪૦૦૦૦૦૦૦૦ |
| મહા હિમવંત | ૧૫૦૦૦૦ | ૨૨૫૦૦૦૦૦૦૦૦ | ૧૩૫૦૦૦૦૦૦૦૦૦ | ૧૦૫૦૦૦૦૦૦૦૦૦૦ |
| હરિવર્ષ ક્ષેત્ર | ૩૧૦૦૦૦ | ૯૬૧૦૦૦૦૦૦૦૦ | ૫૭૬૬૦૦૦૦૦૦૦૦ | ૧૯૭૧૬૦૦૦૦૦૦૦૦ |
| નિષધ પર્વત | ૬૩૦૦૦૦ | ૩૯૬૯૭૦૦૦૦૦૦૦૦ | ૨૩૮૧૪૦૦૦૦૦૦૦૦ | ૩૨૦૦૪૦૦૦૦૦૦૦૦ |
| મહાવિદેહાર્ધ | ૯૫૦૦૦૦ | ૯૦૨૫૦૦૦૦૦૦૦૦ | ૫૪૧૫૦૦૦૦૦૦૦૦૦ | ૩૬૧૦૦૦૦૦૦૦૦૦૦ |

| ૬<br>છગણી કરેલી ઇષુના વર્ગની કળા તથા જીવાના વર્ગની કળાનો સરવાળો | ૭<br>વર્ગમૂળ લાવતાં શેષ રાશિનો ખંડ | ૮<br>વર્ગમૂળ લાવતાં છેદ રાશિનો આંક | ૯<br>વર્ગમૂળ લાવતાં લબ્ધરાશિનો આંક | ૧૦<br>આવેલી કળાના યોજન તથા કળાની સંખ્યા<br>યોજન | <br>કળા |
|---|---|---|---|---|---|
| ૩૪૪૩૦૯૫૮૧૨૫૦ | ૨૯૩૨૨૫ | ૩૭૧૧૧૦ | ૧૮૫૫૫૫ | ૯૭૬૬ | ૧ |
| ૪૧૬૬૯૯૫૧૨૫૦ | ૭૭૮૨૬ | ૪૦૮૨૬૪ | ૨૦૪૧૩૨ | ૧૦૭૪૩ | ૧૫ |
| ૭૬૨૦૦૦૦૦૦૦૦ | ૨૬૨૧૫૧ | ૫૫૨૦૮૬ | ૨૭૬૦૪૩ | ૧૪૫૨૮ | ૧૧ |
| ૨૨૯૮૦૦૦૦૦૦૦૦ | ૫૬૮૧૨૪ | ૯૫૮૭૪૮ | ૪૭૯૩૭૪ | ૨૫૨૩૦ | ૪ |
| ૫૪૧૮૦૦૦૦૦૦૦૦ | ૯૫૫૧૦૦ | ૧૪૭૨૧૪૦ | ૭૩૬૦૭૦ | ૩૮૭૪૦ | ૧૦ |
| ૧૧૮૫૦૦૦૦૦૦૦૦૦ | ૧૧૫૦૭૧ | ૨૧૭૭૧૫૪ | ૧૦૮૮૫૭૭ | ૫૭૨૯૩ | ૧૦ |
| ૨૫૪૮૨૦૦૦૦૦૦૦૦ | ૭૬૯૧૩૬ | ૩૧૯૨૬૧૬ | ૧૫૯૬૩૦૮ | ૮૪૦૧૬ | ૪ |
| ૫૫૮૧૮૦૦૦૦૦૦૦૦ | ૧૫૬૮૧૧૧ | ૪૭૨૫૧૬૬ | ૨૩૬૨૫૮૩ | ૧૨૪૩૪૬ | ૯ |
| ૯૦૨૫૦૦૦૦૦૦૦૦૦ | ૪૬૬૯૪૩૧ | ૬૦૦૮૩૨૬ | ૩૦૦૪૧૬૩ | ૧૫૮૧૧૩ | ૧૬½ |

આધુનિક પદ્ધતિ :— પરિધના એક વિભાગને ધનુઃપૃષ્ઠ કહે છે. વર્તુળના કેન્દ્ર પાસે ૩૬૦° નો ખૂણો બનાવતું ધનુષ્ય એટલે પરિધ. આથી ધનુષ્યની લંબાઈ તે ધનુષ્ય દ્વારા વર્તુળના કેન્દ્ર પાસે બનતા ખૂણાના પ્રમાણમાં હોય છે.

$$\text{ધનુઃપૃષ્ઠ} = \frac{\text{ધનુઃપૃષ્ઠદ્વારા કેન્દ્રપાસે બનતો ખૂણો}}{360^\circ} \times \text{પરિધ}$$

$$= \frac{2 + \sin^{-1} \frac{\text{જીવા}}{\text{વ્યાસ}}}{360^\circ} \times \text{પરિધ}$$

( ∵ ધનુપૃષ્ઠદ્વારા કેન્દ્ર પાસે બનતો ખૂણો $= 2 \times \sin^{-1} \frac{\text{જીવા}}{\text{વ્યાસ}}$ )

શાસ્ત્રીય પદ્ધતિથી ધનુઃપૃષ્ઠની કિંમત શોધવાનું સૂત્ર :—
$\text{ધનુઃપૃષ્ઠ} = \sqrt{6\ \text{બાણ}^2 + \text{જીવા}^2}$



બાહા

(૬) બાહા :— બે નાના-મોટા ધનુઃપૃષ્ઠનો વિશ્લેષ (બાદબાકી) કરતાં જે રહે તેનું અડધું કરીએ તેટલું બે બાહાનું જુદું પ્રમાણ આવે.

પૂર્વક્ષેત્ર ધનુ : પૃષ્ટાદ્ધનુઃ, પૃષ્ટે ऽગ્રિમે ऽધિકમ્ ।
ખણ્ડં વક્રબાહુ વદ્યત્સાબાહેત્યભિધીયતે ॥ ૯ ॥

'લોકપ્રકાશ' સર્ગ.૧૬

હરકોઇ ક્ષેત્રના પૂર્વના ધનુઃપૃષ્ઠ કરતાં, આગલા ધનુઃપૃષ્ઠમાં વાંકા હાથ જેવા અધિક ખંડ હોય, એ 'બાહા' કહેવાય છે.

સંપૂર્ણ ભરત ક્ષેત્ર એક ગણતાં ધનુઃપૃષ્ઠ પણ એક હોય અને તેથી બાહા ન હોય પરંતુ વચ્ચે આવેલા વૈતાઢયથી ભરતના દક્ષિણ અને ઉત્તર એવા બે વિભાગ થાય છે. તે રીતે ઉત્તર ભરતની બે બાહા થઇ શકે છે પણ દક્ષિણ ભરતની નહીં તેથી ઉત્તર ભરતની બાહા અંકગણિત પ્રમાણે :—

૧૪૫૨૮ યો. ૧૧ કળા ઉત્તરભરતનું મોટું ધનુઃપૃષ્ઠ છે. તેમાંથી

૧૦૭૪૩ યો. ૧૫ કળા દક્ષિણ ભરતનું નાનું ધનુઃપૃષ્ઠ બાદ કરતાં

૩૭૮૪ યો. ૧૫ કળા શેષ રહ્યા તેનું અર્ધ કરતાં ૧૮૯૨ યોજન અને ૭½ કળા એ ઉત્તર ભરતની એક બાજુની બાહા અને એટલીજ બીજી બાજુની છે, પરંતુ એ બે બાહા ભરત ક્ષેત્રની છે એમ ન કહેવાય, ઉત્તર ભરતની જ કહેવાય.

## —: બાહા યંત્ર :—

| ક્રમ | બાહા કરવાના સ્થાનના નામ | વૈતાઢ્યાદિનું મહાધનુઃપૃષ્ઠ | | ભરતાર્ધનું લઘુ ધનુઃપૃષ્ઠ | | બંનેનો વિશ્લેષ કરતાં બાકી | | તેનું અડધું કરતાં જે આંક આવે તે બાહા | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | યોજન | કળા | યોજન | કળા | યોજન | કળા | યોજન | કળા |
| ૧ | વૈતાઢ્ય પર્વત | ૧૦૭૪૩ | ૧૫ | ૯૭૬૬ | ૧ | ૯૭૭ | ૧૪ | ૪૮૮ | ૧૬ ૧/૨ |
| ૨ | ભરત ક્ષેત્ર | ૧૪૫૨૮ | ૧૧ | ૧૦૭૪૩ | ૧૫ | ૩૭૮૪ | ૧૫ | ૧૮૯૨ | ૭ ૧/૨ |
| ૩ | હિમવંત પર્વત | ૨૫૨૩૦ | ૪ | ૧૪૫૨૮ | ૧૧ | ૧૦૭૦૧ | ૧૨ | ૫૩૫૦ | ૧૫ ૧/૨ |
| ૪ | હિમવંત ક્ષેત્ર | ૩૮૭૪૦ | ૧૦ | ૨૫૨૩૦ | ૪ | ૧૩૫૧૦ | ૬ | ૬૭૫૫ | ૩ |
| ૫ | મહાહિમવંત પર્વત | ૫૭૨૯૩ | ૧૦ | ૩૮૭૪૦ | ૧૦ | ૧૮૫૫૩ | ૦ | ૯૨૭૬ | ૯ ૧/૨ |
| ૬ | હરિવર્ષ ક્ષેત્ર | ૮૪૦૧૬ | ૪ | ૫૭૨૯૩ | ૧૦ | ૨૬૭૨૨ | ૧૩ | ૧૩૩૬૧ | ૬ ૧/૨ |
| ૭ | નિષધ પર્વત | ૧૨૪૩૪૬ | ૯ | ૮૪૦૧૬ | ૪ | ૪૦૩૩૦ | ૫ | ૨૦૧૬૫ | ૨ ૧/૨ |
| ૮ | વિદેહાર્ધ | ૧૫૮૧૧૩ | ૧૬ ૧/૨ | ૧૨૪૩૪૬ | ૯ | ૩૩૭૬૭ | ૭ ૧/૨ | ૧૬૮૮૩ | ૧૩ ૧/૪ |

## ઇષુ વગેરે સિદ્ધ થયેલ આંકનો યંત્ર

| સિદ્ધાંક | ઇષુ | | જીવા | | ધનુ :પૃષ્ઠ | | બાહા | |
|---|---|---|---|---|---|---|---|---|
| | યોજન | કળા | યોજન | કળા | યોજન | કળા | યોજન | કળાં |
| દક્ષિણ ભરતાર્ધમાં | ૨૩૮ | ૩ | ૯૭૪૮ | ૧૨ | ૯૭૬૬ | ૧ | ૦ | |
| વૈતાઢ્યમાં | ૨૮૮ | ૩ | ૧૦૭૨૦ | ૧૧ | ૧૦૭૪૩ | ૧૫ | ૪૮૮ | ૧૬ ૧/૧ |
| સંપૂર્ણભરતમાં | ૫૨૬ | ૬ | ૧૪૪૭૧ | ૫ | ૧૪૫૨૮ | ૧૧ | ૧૮૯૨ | ૭ ૧/૨ |
| હિમવત પર્વત માં | ૧૫૭૮ | ૧૮ | ૨૪૯૩૨ ૧/૨ | | ૨૫૨૩૦ | ૪ | ૫૩૫૦ | ૧૫ ૧/૨ |
| હિમવત માં | ૩૬૮૪ | ૪ | ૩૭૬૭૪ | ૧૫ | ૩૮૭૪૦ | ૧૦ | ૬૭૫૫ | ૩ |
| મહા હિમવત માં | ૭૮૯૪ | ૧૪ | ૫૩૯૩૧ | ૬ | ૫૭૨૯૩ | ૧૦ | ૯૨૭૬ | ૯ ૧/૨ |
| હરિવર્ષ માં | ૧૬૩૧૫ | ૧૫ | ૭૩૯૦૧ | ૧૨ ૧/૨ | ૮૪૦૧૬ | ૪ | ૧૩૩૬૧ | ૬ ૧/૨ |
| નિષધ માં | ૩૩૧૫૭ | ૧૭ | ૯૪૧૫૬ | ૨ | ૧૨૪૩૪૬ | ૯ | ૨૦૧૬૫ | ૨ ૧/૨ |
| વિદેહાર્ધ માં | ૫૦૦૦૦ | | ૧૦૦૦૦૦ | | ૧૫૮૧૧૧ | ૧/૨ | ૧૬૮૮૩ | ૧૩ ૧/૨ |

આધુનિક પદ્ધતિ :—બે સમાંતર જીવાઓની હદરેખાના ધનુષ્યને બાહા કહે છે.

$$\text{બાહા} = \frac{\text{ગુરૂધનુષ્ય—લઘુધનુષ્ય}}{૨}$$

(૭) પ્રતર :—છેલ્લા ખંડના ઇષુથી જીવાને ગુણી ચારે ભાગીને જે જવાબ આવે તેનો વર્ગ કરી દશગુણાકરી તેનું વર્ગમૂળ કાઢતાં પ્રતર મળે છે.



પ્રતર ૬

આ પ્રતર ગણિત ફકત ધનુષ્ય આકારવાળા જ કોઇપણ ખંડને માટે છે, પણ બધા ક્ષેત્રો કે પર્વતો માટે નથી. જંબૂદ્વીપ રૂપી વૃત્તપદાર્થના તેવા ધનુષ્ય આકારવાળા ભરત અને ઐરવત એ બે ક્ષેત્ર છે અને તેમાં બે બે વિભાગની વિવક્ષા કરીએ તો વર્ષધર પર્વત તરફનું અડધું ક્ષેત્ર મોટે ભાગે લંબચોરસ આકારનું થાય છે, તેથી ફકત સમુદ્ર પાસેના દક્ષિણ ભરત તથા ઉત્તર ઐરવત ક્ષેત્રનુંજ પ્રતર આ કહેલી રીતે મળે છે, બાકીના વિભાગોનું પ્રતર જુદું જુદું કરવા માટે લંબચોરસના ક્ષેત્રફળની રીતે મળે છે.

વિવક્ષિતસ્ય ક્ષેત્રસ્ય, યાનિ યોજનમાત્રયા ।
ખણ્ડાનિ સર્વક્ષેત્રસ્ય, તત્ ક્ષેત્રફલમુચ્યતે ॥ ૧૦ ॥

'લોકપ્રકાશ' સર્ગ ૧૬.

અહીં દક્ષિણ ભરતનેજ ધનુષ્યઆકાર ગણી તેનું પ્રતર (ક્ષેત્રફળ) મેળવવા ગણિત કહયું છે. આ ગણિતમાં ચારથી ભાગતાં એક પ્રતિકળાની પણ પ્રતિકળા આવી છે, તેને ઓછી ગણી ગણિતમાં ન લેવી દક્ષિણ ભરતની જીવા કળા સાધિક ૧૮૫૨૧૪ છે, તેને વ્યવહારથી અહીં ૧૮૫૨૨૫ ગણી છે. ઇષુકળાને જીવાકળાથી ગુણતાં કળા ન આવે પણ પ્રતિકળા આવે છે એવી ગણિતની રીત છે.

૨૩૮ યોજન અને ૩ કળા એ દક્ષિણ ભરતના ઈષુ યોજન છે. તેની કળાઓ કરવા માટે ૧૯થી ગુણતાં ૪૫૨૨ કળા થઈ અને ઉપરની ત્રણ કળા ઉમેરતાં ૪૫૨૫ દક્ષિણ ભરતની ઈષુકળા થઇ. તેને દક્ષિણભરતની જીવાકળા ૧૮૫૨૨૫ થી ગુણતાં ૮૩૮૧૪૩૧૨૫ પ્રતિકળા આવી. તેને ચારથી ભાગતાં ૨૦૯૫૩૫૭૮૧ પ્રતિકળા આવી તેનો વર્ગ કરવા તેમાં તેટલા ઉમેરતાં ૪૩૯૦૫૨૪૩૫૧૯૨૭૯૯૬૧ વર્ગીત કળા આવી. તેને દશગુણ કરતાં ૪૩૯૦૫૨૪૩૫૧૯૨૭૯૯૬૧૦ પ્રતિકળા આવી. તેનું વર્ગમૂળ કરતાં શેષ રાશિ ૩૪૭૫૧૭૮૪૯, ભાજકરાશિ ૧૩૨૫૨૨૦૬૩૮ અને જવાબનો અંક ૬૬૨૬૧૦૩૧૯ પ્રતિકળા આવી. તેને ૧૯થી ભાગતાં ૩૪૮૪૨૨૭ કળા અને ૬ પ્રતિકળા આવી. તેના યોજન કરવા ૧૯થી ભાગતાં ૧૮૩૫૪૮૫ યોજન, ૧૨ કળા અને ૬ પ્રતિકળા આવી, એ દક્ષિણ ભરતનું પ્રતર છે અને એજ દક્ષિણ ભરતનું ગણિતપદ છે.

દક્ષિણ ભરતાર્ધના પ્રતર કરવાનો કોઠો :—

| | | |
|---|---|---|
| (૧) | ઇષુકળા | ૪૫૨૫ |
| (૨) | કિંચિત ન્યૂન જીવકળા | ૧૮૫૨૨૫ |
| (૩) | ઇષુકળાને જીવાકળા સાથે ગુણતાં | ૮૩૮૧૪૩૧૨૫ |
| (૪) | તેને ચાર ભાગે વહેંચતા કળા | ૨૦૯૫૩૫૮૮૧ |
| (૫) | ચોથા ભાગની કળાનો વર્ગ કરતાં | ૪૩૯૦૫૨૪૩૫૧૯૨૭૯૯૬૧ |
| (૬) | તેને દશ ગુણા કરતાં | ૪૩૯૦૫૨૪૩૫૧૯૨૭૯૯૬૧૦ |
| (૭) | તે વર્ગનું મૂળશોધતાં આવેલો આંક | ૬૬૨૬૧૦૩૧૯ |
| (૮) | શેષ રાશિ રહી | ૩૪૭૫૧૭૮૪૯ |
| (૯) | છેદ રાશિ | ૧૩૨૫૨૨૦૬૩૮ |
| (૧૦) | પ્રાપ્ત થયેલ પ્રતિકળાને ૧૯ ભાગે વહેંચતા કળા | ૩૪૮૭૪૨૨૭ અને ૬ પ્રતિકળા |
| (૧૧) | ફરીવાર તે કળાના યોજન કરવા ૧૯ થી ભાગતાં | ૧૮૩૫૪૮૫ યોજન ૧૨ કળા-૬ પ્રતિ કળા જાણવી. |

વૃત્ત પદાર્થમાં લંબચોરસ ખંડ આવ્યા હોય તો તેનું પ્રતર કેવી રીતે કઢાય? તે કહે છે એટલે કે અહીં વૈતાઢ્યાદિ લંબચોરસ પર્વતો અને ક્ષેત્રોનું પ્રતર કાઢવાની રીત બતાવી છે:—નાની-મોટી બે જીવાના વર્ગનો સરવાળો કરીને તેના અડધા કરીને તેનું જે વર્ગમૂળ આવે તેને પોતાના વિસ્તાર સાથે ગુણતાં વૈતાઢ્યાદિ પર્વતો અને ક્ષેત્રોનું પ્રતર થાય છે.



પ્રતર૨

વૃત્તક્ષેત્રમાં રહેલા ક્ષેત્રાદિના છેડાના ભાગો વક્રલીટીવાળા હોય છે તેથી ઉપર બતાવેલી રીતે પ્રતર મળે છે અને સીધી લીટીવાળા લંબચોરસ કે સમચોરસ પદાર્થો માટે લંબાઈ-પહોળાઈના ગુણાકારથી મળતું પ્રતર હોય છે.

## પ્રતર કરવાનો યંત્ર

| | | ૧ | ૨ | ૩ |
|---|---|---|---|---|
| | પ્રતર કરણ | ઉત્તર ભરતાર્ધનું | હિમવંત ગિરિનું | હિમવંત ક્ષેત્રનું |
| ૧ | લઘુ જીવા વર્ગ કળા | ૪૧૪૯૦૦૯૭૫૦૦ | ૭૫૬૦૦૦૦૦૦૦૦ | ૨૨૪૪૦૦૦૦૦૦૦૦ |
| ૨ | ગુરૂ જીવા વર્ગ કળા | ૭૫૬૦૦૦૦૦૦૦૦ | ૨૨૪૪૦૦૦૦૦૦૦૦ | ૫૧૨૪૦૦૦૦૦૦૦૦ |
| ૩ | ઉભય યોગ કળા | ૧૧૭૦૯૦૦૯૭૫૦૦ | ૩૦૦૦૦૦૦૦૦૦૦૦ | ૭૩૬૮૦૦૦૦૦૦૦૦ |
| ૪ | તદ્દલી કરણે કળા | ૫૮૫૪૫૦૪૮૭૫૦ | ૧૫૦૦૦૦૦૦૦૦૦૦ | ૩૬૮૪૦૦૦૦૦૦૦૦ |
| ૫ | વર્ગમૂળ લબ્ધ કળા | ૨૪૧૯૬૦ | ૩૮૭૨૯૮ | ૬૦૬૯૫૯ |
| ૬ | શેષરાશિ | ૪૦૭૧૫૦ | ૨૫૯૧૯૬ | ૭૭૨૩૧૯ |
| ૭ | છેદરાશિ | ૪૮૩૯૨૦ | ૭૭૪૫૯૬ | ૧૨૧૩૯૧૮ |
| ૮ | અપવર્ત્તનાંક ૧૦ | શૂન્યેનાપવર્ત્તના | ૪ | ૦ |
| ૯ | કૃતેઽપર્વતને શેષ રાશિ | ૪૦૭૧૫ | ૬૪૭૯૯ | ૦ |
| ૧૦ | કૃતેઽપર્વતને છેદ રાશિ | ૪૮૩૯૨ | ૧૯૩૬૪૯ | ૦ |
| ૧૧ | પૃથુત્વકલા | ૪૫૨૫ | ૨૦૪૦૦ | ૪૦૦૦૦ |
| ૧૨ | તદ્દ્ગુણોલબ્ધ રાશિ | ૧૦૯૪૮૬૯૦૦૦ | ૭૭૪૫૯૬૦૦૦૦ | ૨૪૨૭૮૩૬૦૦૦૦ |
| ૧૩ | પૃથુત્વેન શેષાંશ ગુણા | ૧૮૪૨૩૫૩૭૫ | ૧૨૯૫૯૮૦૦૦૦ | ૩૦૮૯૨૭૬૦૦૦૦ |
| ૧૪ | છેદ ભાગેન લબ્ધ કળા | ૩૮૦૭ શેષ ૭૦૩૧ | ૬૬૯૨ શેષ ૮૦૮૯૨ | ૨૫૪૪૮શેષ૯૭૪૭૩૬ |
| ૧૫ | તેની બૃહદ રાશિ ક્ષેત્ર | ૧૦૯૪૮૭૨૮૦૭ | ૭૭૪૫૯૬૬૬૯૨ | ૨૪૨૭૮૩૮૫૪૪૮ |
| ૧૬ | એકદા ૧૯ ભાગ કળા | ૫૭૬૨૪૮૮૪પ્ર.૧૧ | ૪૦૭૬૮૨૪૫૭પ્ર.૯ | ૧૨૭૭૮૦૯૭૬૦પ્ર.૮ |
| ૧૭ | પુનઃ ૧૯ ભાગે યોજન | ૩૦૩૨૮૮૮ક.૧૨ | ૨૧૪૫૬૯૭૧ક.૮ | ૬૭૨૫૩૧૪૫ક.૫ |
| | | પ્ર.૧૧ | પ્ર.૧૦ | પ્ર.૮ |

(ચાલુ પાન નં. ૧૭૦)

ક. = કળા, પ્ર. = પ્રતિકળા સમજવું

| | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|
| ક્રમ | મહાહિમવંત ગિરિનું | હરિવર્ષ ક્ષેત્રનું | નિષધ ગિરિનું | વિદેહાર્ધનું |
| ૧ | ૫૧૨૪૦૦૦૦૦૦૦૦ | ૧૦૫૦૦૦૦૦૦૦૦૦ | ૧૦૭૧૬૦૦૦૦૦૦૦૦ | ૩૨૦૦૪૦૦૦૦૦૦૦ |
| ૨ | ૧૦૫૦૦૦૦૦૦૦૦૦ | ૧૯૭૧૬૦૦૦૦૦૦૦૦ | ૩૨૦૦૪૦૦૦૦૦૦૦ | ૩૬૧૦૦૦૦૦૦૦૦૦ |
| ૩ | ૧૫૬૨૪૦૦૦૦૦૦૦૦ | ૩૦૨૧૭૦૦૦૦૦૦૦૦ | ૫૧૭૨૦૦૦૦૦૦૦૦૦ | ૬૮૧૦૪૦૦૦૦૦૦૦૦ |
| ૪ | ૭૮૧૨૦૦૦૦૦૦૦૦ | ૧૫૧૦૮૦૦૦૦૦૦૦૦ | ૨૫૮૬૦૦૦૦૦૦૦૦૦ | ૩૪૦૫૨૦૦૦૦૦૦૦૦ |
| ૫ | ૮૮૩૮૫૫ | ૧૨૨૯૧૪૬ | ૧૬૦૮૧૦૪ | ૧૮૪૫૩૧૮ |
| ૬ | ૩૩૮૯૭૫ | ૧૧૦૬૮૪ | ૧૫૨૫૧૮૪ | ૧૪૭૮૮૭૬ |
| ૭ | ૧૭૬૭૭૧૦ | ૨૪૫૮૨૯૨ | ૩૨૧૬૨૦૭ | ૩૬૯૦૬૩૬ |
| ૮ | ૩૫ | ૪ | ૧૬ | ૪ |
| ૯ | ૯૬૮૫ | ૨૭૬૭૧ | ૯૫૩૨૪ | ૩૬૯૭૧૯ |
| ૧૦ | ૫૦૫૦૬ | ૬૧૪૫૭૩ | ૨૦૧૦૧૩ | ૯૨૨૬૫૯ |
| ૧૧ | ૮૦૦૦૦ | ૧૬૦૦૦૦ | ૩૨૦૦૦૦ | ૩૨૦૦૦૦ |
| ૧૨ | ૭૦૭૦૮૪૦૦૦૦૦ | ૧૯૬૬૬૩૩૬૦૦૦૦ | ૫૧૪૫૯૩૨૮૦૦૦૦ | ૫૯૦૫૦૧૭૬૦૦૦૦ |
| ૧૩ | ૭૭૪૮૦૦૦૦૦ | ૪૪૨૭૩૬૦૦૦૦ | ૩૦૫૦૩૬૮૦૦૦૦ | ૧૧૮૩૧૦૦૮૦૦૦૦ |
| ૧૪ | ૧૫૩૪૦ શેષ ૩૭૯૬૦ | ૭૨૦૩ શેષ ૫૯૦૬૮૧ | ૧૫૧૭૪૯ શેષ ૧૫૮૨૬૩ | ૧૨૮૨૨૭ શેષ ૨૮૪૦૭ |
| ૧૫ | ૭૦૭૦૮૪૧૫૩૪૦ | ૧૯૬૬૬૩૩૬૭૨૦૩ | ૫૧૪૫૯૩૪૩૧૭૪૯ | ૫૯૦૫૦૧૮૮૨૨૭ |
| ૧૬ | ૩૭૨૧૪૯૫૫૪૪ પ્ર. ૪ | ૧૦૩૫૦૭૦૩૫૩૭ | ૨૭૦૮૩૮૬૪૮૨૮ | ૩૧૦૭૯૦૪૬૭૪૮ |
| | કળા | | પ્ર. ૧૭ | પ્ર. ૧૫ |
| ૧૭ | ૧૯૫૮૬૮૧૮૬ ક ૧૦ | ૫૪૪૭૭૩૮૭૦ ક. ૭ | ૧૪૨૫૪૬૬૫૬૬ ક. ૧૭ | ૧૬૩૫૭૩૯૩૦૨ ક. ૧૦ |
| | પ્રતિ કળા પ્ર. ૪ | | પ્ર. ૧૭ | પ્ર. ૧૫ |

નોટ : ( પાના નં. ૧૬૯–૧૭૦ મળી એક યંત્ર પુરો થાય છે. )

પ્રતરની આધુનિક પદ્ધતિ:—પ્રતર$^1$ (ખંડ વર્તુળનું ક્ષેત્રફળ) અને પ્રતર$^2$ (બે સમાંતર જીવા અને બાહાથી ઘેરાવેલ વિસ્તારનું ક્ષેત્રફળ) ભરતાર્ધ જેવા ખંડવૃત્તાકાર વિસ્તાર (પ્રતર$^1$) તથા વૈતાઢ્યાદિ બીજા બે સમાંતર જીવા અને બાહાથી બનેલા વિસ્તાર (પ્રતર$^2$)

પ્રતર$^1$ = ખંડવર્તુળનું ક્ષેત્રફળ = $\frac{1}{2}$ (ધનુષ્ય × ત્રિજયા)—જીવા (ત્રિજયા—ઇષુ)

$$= \left( \frac{\text{૨} \times \text{Sin}^{-1} \frac{\text{જીવા}}{\text{વ્યાસ}}}{\text{૩૬૦}^\circ} \times \text{વૃત્તનું ક્ષેત્રફળ} \right) - \frac{1}{2}\left( \text{જીવા} \ ( \text{ત્રિજયા}-\text{ષુ} ) \right)$$

પ્રતર$^2$ ની કિંમત શોધવા માટે પ્રતર$^1$ ના સૂત્ર પ્રમાણે ગુરૂવૃત્ત ખંડ તથા લઘુવૃત્તખંડના પ્રતર શોધવા. હવે પ્રતર$^1$ = ગુરૂવૃત્તખંડનું ક્ષેત્રફળ —લઘુવૃત્તખંડનું ક્ષેત્રફળ.

પ્રતરને માટે જૈનશાસ્ત્રો, જૈનગ્રંથો તેમજ જૈનસંતો તથા વિચારકોનું ચિંતન પૂર્વકાળમાં પણ ઘણું જ વિકસીત બનેલ હતું. આ ચિંતનને તાદૃશ્ય જોતાં આશ્ચર્ય થાય છે કે 'તેઓની આ માટે કેવી બુદ્ધિ કામ કરી હશે?' જુદી જુદી વસ્તુઓના જુદા જુદા પ્રતર હવે બતાવવામાં આવે છે.



हस्तदन्त क्षेत्र
चित्र ३८


यवाकारक्षेत्र
चित्र ३९


मुरजाकारक्षेत्र
चित्र ४०


पणवाकारक्षेत्र
चित्र ४१


वज्राकार क्षेत्र
चित्र ४२


उभयनिषेध आकृति
चित्र ४३


एक निषेध आकृति
चित्र ४४



संस्पृशी तीन वृत्तवाला क्षेत्र
चित्र ४५



संस्पृशी चार वृत्त वाला क्षेत्र
चित्र ४६

[1]યવ, મુરજ, પણવ અને વજ્રનું સન્નિકટ ક્ષેત્રફળ :—'છેડાના અને વચ્ચેના માપના સરવાળાની અડધી રાશિની લંબાઇથી ગુણતાં આવા પદાર્થોનું ક્ષેત્રફળ મળે છે.' જે વક્રોના છેડાઓના મધ્યબિંદુ મેળવવાથી મળે છે એવા દરેક સીમાવર્તી વક્રરેખા એ સીધી રેખાઓના સરવાળા બરાબર છે, આ માન્યતા ઉપર ઉપરનો નિયમ આધાર રાખે છે.

મૃદંગાકાર, પણવાકાર અને વજ્રાકાર-આકૃતિઓનું સૂક્ષ્મ ક્ષેત્રફળ :—'મહત્તમ લંબાઇને મુખની પહોળાઇથી ગુણતાં જે મળે એવા પરિણામી ક્ષેત્રફળમાં સંબંધિત ધનુષ્યાકૃતિઓના ક્ષેત્રફળોના માનને જોડવાથી સરવાળો મૃદંગના આકારની આકૃતિના ક્ષેત્રફળનું માપ **થાય છે.'**

'પણવ અને વજ્રની આકૃતિના ક્ષેત્રફળ મેળવવા માટે મહત્તમ લંબાઈ અને મુખની પહોળાઈના ગુણનફળથી મળતાં ક્ષેત્રફળમાં ધનુષ્યાકૃતિના ક્ષેત્રફળને ઘટાવે છે.'

'ઉભય નિષેધ તેમજ એકનિષેધ ક્ષેત્રનું ક્ષેત્રફળ :—કોઇ ચતુર્ભુજને એના બંને વિકર્ણોથી ચાર ત્રિભુજોમાં વહેંચતા અને પછી બે સમ્મુખ ભુજાઓ ખસેડતાં મળતી આકૃતિ ઉભય નિષેધ ક્ષેત્ર કહેવાય છે. જો ફક્ત એક ત્રિભુજ ખસેડીએ તો મળતી આકૃતિ એક નિષેધ ક્ષેત્ર કહેવાય છે.

જો ઉભયનિષેધી લંબાઇ $l$ અને પહોળાઈ $b$ છે તો ક્ષેત્રફળ $= lb - \frac{1}{2} lb = \frac{1}{2} l \cdot b$ તેમજ એક નિષેધ આકૃતિનું ક્ષેત્રફળ $= lb - \frac{3}{4} 1B = \frac{1}{4} l \cdot b$

**બહુવિધ વજ્ર આકારનું સન્નિકટ ક્ષેત્રફળ :-** જો ભુજાઓના માપના સરવાળાની અડધી રાશિ 'S' હોય અને ભુજાઓની સંખ્યા N હોય તો ક્ષેત્રફળ $= \frac{S^2}{3} \times \frac{N-1}{N}$ થાય છે. આ સૂત્ર ત્રિભુજ, ચતુર્ભુજ, ષટ્ભુજ, અને વૃત્તને અનંત ભુજાઓની આકૃતિ માનીને તે સંબંધમાં વ્યાવહારિક ક્ષેત્રફળનું માન આવે છે.

**નિયમિત ષટભુજના ક્ષેત્રફળનું સૂક્ષ્મ માન :—**

(નિયમિત ષટ્ભૂજ) ક્ષેત્રફળ $= \frac{3\sqrt{3}a^2}{2}$ જ્યાં a ષટ્ભુજની એક ભુજા છે.

**સંસ્પર્શી વૃત્તો વડે સીમિત ક્ષેત્રનું ક્ષેત્રફળ :-** જો અર્ધ પરિમિતિ s અને ભુજાઓની સંખ્યા n હોય, તો વૃત્તો વડે સીમિત ક્ષેત્રનું ક્ષેત્રફળ $= \frac{1}{4}\left[\frac{S^2}{3} \times \frac{N-1}{N}\right]$ થાય છે. એનું સ્પષ્ટીકરણ નીચેના ઉદાહરણમાં છે.–

પ્રશ્ન :– ત્રણ ગોળાકાર દરેકના વ્યાસનું માપ અનુક્રમે ૬, ૫ અને ૪ છે, એ એકબીજાને સ્પર્શે છે તો જણાવો કે આ ગોળાકારથી ઘેરાયેલા ક્ષેત્રનું ક્ષેત્રફળ કેટલું છે?

---

૧ "આચાર્ય પ્રવર શ્રી આનંદઋષિ અભિનન્દન ગ્રંથ" પાનુ. ૪૩૪ થી ૪૩૯. યવ, મુરજ, પણવ, વજ્ર, ઉભય નિષેધ, એક નિષેધ, સાંસ્પર્શી ત્રણવૃત્તવાળા ક્ષેત્ર વગેરે આકૃતિઓ માટે પાના નં. ૧૭૧ જુઓ.

ઉત્તર :- સંસ્પર્શી ત્રણ વર્તુળવાળા ચિત્રપ્રમાણે ત્રણે ગોળાકારનો વ્યાસ સ્પર્શ બિંદુ-ઓમાંથી પસાર થતાં $\Delta$ ABC બને છે. $\Delta$ ની પરિમિતિ ૬ + ૫ + ૪ = ૧૫ થઇ અને ભુજાઓની સંખ્યા ત્રણ છે. તેથી ગોળાકારે ઘેરેલા ક્ષેત્રના ક્ષેત્રફળ $= \frac{૧}{૪} \left(\frac{૧}{૩} \left(\frac{૧૫}{૨}\right)^{૨} \times \frac{૩-૧}{૩}\right)$

$$= \frac{૧}{૪} \times \frac{૧}{૩} \times \frac{૧૫}{૨} \times \frac{૧૫}{૨} \times \frac{૨}{૩} = \frac{૨૫}{૮} = ૩\frac{૧}{૮}$$

**ધનુષાકાર આકૃતિનું સન્નિકટ ક્ષેત્રફળ :—** ધનુષાકાર ક્ષેત્ર, ગોળાકારના અડધા ભાગ જેવું હોય છે. અહીં ધનુષ્ય, વર્તુળનો ચાપ, ધનુષ્યની દોરી અને બાણ, ચાપ અને દોરીની વચ્ચેના સૌથી મોટા લંબનું અંતર થાય છે.

જો બાણ = ૧ અને દોરી K હોય તો, ધનુષ્યાકાર આકૃતિનું ક્ષેત્રફળ $=(K+૧)\times\frac{૧}{૨}$ અને ધનુષ્યાકાર આકૃતિનું સૂક્ષ્મ ક્ષેત્રફળ $= K \times \frac{૧}{૪} \times \sqrt{૧૦}$

**જવાકાર આકૃતિનું સૂક્ષ્મ ક્ષેત્રફળ :—** જવાકાર આકૃતિનું સૂક્ષ્મ ક્ષેત્રફળ $=k\times\frac{૧}{૪}\times\sqrt{૧૦}$ જયારે ૧ બન્ને બાજુના પૂર્ણ બાણની લંબાઈ છે.

**ચતુર્ભુજના પરિગત અને અંતર્ગત વૃત્તનું સન્નિકટ ક્ષેત્રફળ :—**
પરિગત વૃત્ત (વર્તુળ)નું ક્ષેત્રફળ=૩/૨X ચતુર્ભુજનું ક્ષેત્રફળ
તથા અંતર્ગત વૃત્તનું ક્ષેત્રફળ=૩/૪ ચતુર્ભુજનું ક્ષેત્રફળ

'ગોમ્મટસાર' તથા 'ત્રિલોકસાર' માં ક્ષેત્રફળ માટે નીચે લખેલા સૂત્રો મળે છે :—

(૧) સમદ્વિબાહુ સમલંબ ચતુર્ભુજનું ક્ષેત્રફળ = ૧/૨ (મુખ+ભૂમિ) x ઊંચાઈ

(૨) વૃત્ત (વર્તુળ) નું ક્ષેત્રફળ = ૧ / ૪xપરિધ x વ્યાસ

(૩) વૃત્ત-ખંડ નું સન્નિકટ ક્ષેત્રફળ $\sqrt{૧૦}$ જીવા $\times \frac{\text{બાણ}}{૪}$

(૪) વૃત્ત ખંડનું સૂક્ષ્મ ક્ષેત્રફળ = ૧/૨ (જીવા + બાણ) X બાણ

**ત્રિભુજના અવધાઓ તથા લંબ કાઢવાનો નિયમ :—**

$$\text{સ}_{૧} = \frac{૧}{૨}\left[\text{સ} + \frac{\text{અ}^{૨} - \text{બ}^{૨}}{\text{સ}}\right]$$

$$\text{સ}_{૨} = \frac{૧}{૨}\left[\text{સ} - \frac{\text{અ}^{૨} - \text{બ}^{૨}}{\text{સ}}\right]$$ તથા $\text{લ} = \sqrt{\text{અ}^{૨} - \text{સ}_{૧}^{૨}}$ અથવા $\sqrt{\text{બ}^{૨} - \text{સ}_{૨}^{૨}}$




चित्र ५४

અહીં અ, બ અને સ ત્રિભુજની ભુજાઓનું નિરૂપણ કરે છે. $\text{સ}_{૧}$ અને $\text{સ}_{૨}$ ના આધારના એવા બે ખંડ છે, જેનો યોગ (સરવાળો) સ છે તથા લ = શીર્ષ ના આધારે પાડેલ લંબ છે.

**ચતુર્ભુજના વિકર્ણોનું માન કાઢવાના નિયમો :—**

જો અ, બ, સ, અને દ ચતુર્ભુજની ભુજાઓના માપ હોય તો ચતુર્ભુજના વિકર્ણ

$$= \sqrt{\frac{(\text{અ. સ}+\text{બ. દ})(\text{અ. બ.}+\text{સ. દ})}{\text{અ. દ}+\text{સ. દ}}} \quad \text{અથવા} \quad \sqrt{\frac{(\text{અ. સ}+\text{બ. દ.})(\text{અ. દ.}+\text{બ.સ})}{\text{અ. બ.}+\text{સ. દ}}}$$

**આયતન (લંબાઇ) માટેના સૂત્ર :–** 'તિલોય પણ્ણત્તિ' માં લંબાઇ માટે નીચેના સૂત્રો મળે છે. લંબ સંપાર્શ્વનું આયતન (લંબાઇ) = આધારનું ક્ષેત્રફળ X સંપાર્શ્વની ઊંચાઈ ઘનાકાર સાન્દ્ર (નક્કર) ની લંબાઈ = $l^3$, જે l ઘનાકાર નક્કરની એક બાજુની લંબાઈ છે,




चित्र ५५

આયતજ નું આયતન = લંબાઇ X પહોળાઈ X ઊંચાઈ
વેલણ નું આયતન = √૧૦ (ત્રિજ્યા)² X ઊંચાઈ
સમાંતરાનીક (Parallelepiped) નું આયતન = લંબાઈ x પહોળાઇ x ઉત્સેધ (ઊંડાઈ).

શંખાકાર નક્કરનું આયતન = આધારનું ક્ષેત્રફળ X ઉત્સેધ.

'જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ 'માં વેત્રાસન જેવા ક્ષેત્રના આયતનનું સૂત્ર આ રીતે છે:—

વેત્રાસન જેવા ક્ષેત્રનું આયતન

$$= \frac{\text{મુખ} + \text{ભૂમિ}}{૨} \text{ X ઊંચાઈ X જાડાઈ.}$$

આચાર્ય મહાવીરે આયતન માટેનું વર્ણન 'ખાત વ્યવહાર' માં સમાવેલું છે. એમાં એમણે ત્રણ પ્રકારના આયતનનો ઉલ્લેખ કરેલો છે:— (૧) કર્માંતિક ઘનફળ, (૨) ઔન્ડ્ર ઘનફળ અને (૩) સૂક્ષ્મ ઘનફળ. વેલણનું આયતન, ખોદેલી ખાઈનું આયતન, ગોળાનું ઘનફળ ત્રિભુજાકાર આધારવાળા સ્તૂપનું ઘનફળ, જુદી જુદી જાતની ઈંટોને લગતા પ્રશ્ન તેમજ લાકડા માટે ગણિત વગેરેનું સુંદર વર્ણન કરેલ છે.

**ખાડાની સન્નિકટ નું ક્ષેત્રફળ :—** ખાડાની સન્નિકટનું આયતન = ખાડાના આધારના સન્નિકટ ક્ષેત્રફળ X ઊંડાઈ. ખાઈનું સૂક્ષ્મ આયતન કાઢવા માટે મહાવીરાચાર્યે ત્રણ પ્રકારના માપોનું વર્ણન કરેલ છે:— (૧) કર્માંતિક, (૨) ઔન્ડ્ર અને (૩) સૂક્ષ્મ ઘનફળ. કર્માંતિક અને ઔન્ડ્રનું માપ સમાઇયોની સૂક્ષ્મ માનીને આપેલ છે. એ બન્ને સૂક્ષ્મ માનોની મદદથી સૂક્ષ્મ ઘનફળની ગણતરી કરાય છે. સૂક્ષ્મ ઘનફળ = $\frac{a-k}{3}+k = \frac{૨}{૩}k + \frac{૧}{૩}૨$ જ્યાં a ઔન્ડ્ર ઘનફળ અને k કર્માંતિક ઘનફળ છે.

જો કાપેલા વર્ગના આધારવાળા સ્તૂપના ઉપર તથા નીચેના તળીયાની ભુજાઓનું માપ અનુક્રમે a અને b તેમજ ઊંચાઈ h હોય તો:—

ક્રમાંતિક ઘનફળ$=\left(\frac{a+b}{૨}\right)^{૨} \times h$ અને ઔન્દ્ર ઘનફળ$=\frac{a^{૨}+b^{૨}}{૨}h$

ગોળાનું આયતન :— ગોળાના સન્નિકટનું આયતન $=\frac{૯}{૨}\left(\frac{d}{૨}\right)^{૨}$

અને ગોળનું સૂક્ષ્મ આયતન $=\frac{૯}{૨}\left(\frac{d}{૨}\right)^{૨} \times \frac{૯૯}{૧૦}$ જ્યારે d ગોળાનો વ્યાસ છે. જો સ્તૂપના આધારની એક ભુજાનું માપ a હોય તો, સ્તૂપનું સન્નિકટ આયતન

$$=\sqrt{\frac{૧૦\left(\frac{૧^{૨}}{૨}\right)^{૩}}{૯}}=\frac{\sqrt{૫}}{૧૮} \times a^{3}$$

તથા સ્તૂપનું સૂક્ષ્મ આયતન $=\frac{૩}{\sqrt{૧૦}} \times \frac{\sqrt{૫}}{૧૮}a^{3}=\frac{a^{3}\sqrt{૨}}{૧૨}$

ગોમ્મટસારમાં આયતન માટેના સૂત્રો :- સંપાર્શ્વનું આયતન = આધાર X ઊંચાઇ શંકુ અથવા સૂચી સ્તંભનું આયતન$=\frac{૧}{૩}\times$આધારનું ક્ષેત્રફળ x ઊંચાઈ ગોળાનું આયતન$=\frac{૯}{૨}\times(r^{3})$
શંકુ આકારના ઢગલા (સરસવ વગરેના) નું આયતન $=\left(\frac{\text{પરિધિ}}{૬}\right)^{૨}\times$ ઊંચાઈ
આ નિયમ આ રીતે બને છેઃ-આધારનું ક્ષેત્રફળ $=\pi r^{૨}=\frac{૧}{૧૨}$ (પરિધ)$^{૨}$ ($\pi$નું માન ૩ રાખવાથી)
તેથી આયતન $=\frac{૧}{૩}\times$ આધારનું ક્ષેત્રફળ X ઊંચાઈ $=\frac{૧}{૩}\times\frac{૧}{૧૨}$ (પરિધ)$^{૨}$ X ઊંચાઈ
$=\left(\frac{\text{પરિધ}}{૬}\right)^{૨}$ X ઊંચાઈ

(૮) ઘન :—પર્વતાદિનું જે પ્રતર આવે તે પ્રતરને તે જ પર્વતાદિની ઊંચાઈ સાથે ગુણતાં પર્વતાદિનો ઘન આવે છે.

પર્વતોની ઊંચાઇ અને સમુદ્રોની ઊંડાઇ હોય છે તેથી ઘનફળનો ઉપયોગ પર્વતો અને સમુદ્રો માટે છે, તેથી ભૂમિપ્રતરને ઊંચાઈ તથા ઊંડાઈ સાથે ગુણતાં તેનું ઘનફળ આવે છે. જેમ પ્રતરમાં ભૂમિસ્થાને સમચોરસખંડનું માપ આવે છે તેમ ઘનફળમાં તે આખી વસ્તુના બધા સમચોરસ ખંડનું માપ આવે છે.

ઉચ્ચત્વસ્યાપિ યન્માનં, સર્વતો યોજનાદિભિઃ ।
એતત્ ઘનક્ષેત્રફલં, પર્વતેષ્વેવ સમ્ભવેત્ ॥ ૧૧ ॥

'લોકપ્રકાશ' સર્ગ ૧૬

હરકોઇ ક્ષેત્રનું સર્વબાજુનું એટલે લંબાઇ, પહોળાઈ અને ઊંચાઈનું—જે પ્રમાણ હોય છે તે ઘનક્ષેત્રફળ કહેવાય છે, આ જાતનું ક્ષેત્રફળ પર્વતોનું હોય છે.

ટોચ ભાગ.




વૈતાઢ્ય પર્વત.

વૈતાઢ્ય પર્વતની બે [1]મેખલા છે, તેથી તેનું ક્ષેત્રફળ કાઢવા માટે નીચે વિગત લખી છે:— વૈતાઢ્યનું ભૂમિપ્રતર ૫૧૨૩૦૭ યોજન અને ૧૨ કળા છે. પહેલી મેખલા સુધી તે ભૂમિપ્રતર પચાસ યોજન પહોળું અને દશ યોજન ઊંચું છે તેથી વૈતાઢ્ય પર્વતનું ભૂમિપ્રતર ૫૧૨૩૦૭ યોજન અને ૧૨ કળા છે તેને દશ યોજનની ઊંચાઈથી ગુણતાં ૫૧૨૩૦૭૦ યોજન અને ૧૨૦ કળા આવે છે હવે ૧૨૦ કળાના યોજન કરતાં ૬ યોજન અને ૬ કળા આવે છે તે ઉમેરતાં ૫૧૨૩૦૭૬ યોજન અને ૬ કળા આટલું ભૂમિ ગૈતાઢ્યનું ઘનફળ —ઘનગણિત છે .

પહેલી મેખલા સુધી વૈતાઢ્ય સાંકડો છે કારણ કે ત્યાં તે પર્વત ૩૦ યોજન પહોળો છે એટલે કે પહેલી મેખલા ઉપર પર્વતનું તળિયું ૩૦ યોજન છે. પહેલી મેખલાની ઊંચાઈ દશ યોજનની છે. પહેલી મેખલાનું પ્રતર ૩૦૭૩૮૪ યોજન અને ૧૧ કળા છે તેને પહેલી મેખલાની દશ યોજનની ઊંચાઈથી ગુણતાં ૩૦૭૩૮૪૦ યોજન અને ૧૧૦ કળા આવે છે. હવે ૧૧૦ કળાના યોજન કરતાં ૫ યોજન અને ૧૫ કળા આવે છે, તે ઉપરની સંખ્યામાં ઉમેરતાં ૩૦૭૩૮૪૫ યોજન અને ૧૫ કળા એ પહેલી મેખલાનું ઘનફળ થાય છે. બીજી મેખલાએ વૈતાઢ્ય પર્વત ૧૦ યોજન પહોળો છે અને બન્ને પડખે મથાળા સુધી પાંચ યોજન ઊંચો છે. બીજી મેખલાનું પ્રતર ૧૦૨૪૬૦ યોજન અને ૧૦ કળા છે. તેને બીજી મેખલાની પાંચ યોજનની ઊંચાઈથી ગુણતાં ૫૧૨૩૦૫ યોજન અને ૫૦ કળા થાય છે. ૫૦ કળાના યોજન બનાવતાં ૨ યોજન અને ૧૨ કળા આવે છે. તે અગાઉની સંખ્યામાં મેળવતાં ૫૧૨૩૦૭ યોજન અને ૧૨ કળા જેટલું બીજી મેખલાનું ઘનગણિત થાય છે. આ રીતે ત્રણે વિભાગોનું જુદું જુદું ઘનફળ આવ્યું. તે ત્રણે ગણિતને ભેગા કરવાથી એટલે કે:—

| | | | | | |
|---|---|---|---|---|---|
| | ૫૧૨૩૦૭૬ | યોજન અને | ૬ | કળા | ભૂમિ વૈતાઢ્યનું ઘનફળ |
| + | ૩૦૭૩૮૪૫ | યોજન અને | ૧૫ | કળા | પહેલી મેખલાનું ઘનફળ |
| + | ૫૧૨૩૦૭ | યોજન અને | ૧૨ | કળા | બીજી મેખલાનું ઘનફળ |
| = | ૮૭૦૯૨૨૮ | યોજન અને | ૩૩ | | એ ત્રણેને ભેગા કરતાં ઘનફળ થયું. |

૧ મેખલા = પર્વતનો એક સરખી ઊંચાઈ તથા ક્ષેત્રફળ વાળો ભાગ.

૩૩ કળાના યોજન કરતાં ૧ યોજન અને ૧૪ કળા આવે છે. તે ઉમેરતાં ૮૭૦૯૨૨૯ યોજન અને ૧૪ કળા, એટલું આખા વૈતાઢ્ય પર્વતનું ઘનફળ થયું, એટલે કે વૈતાઢ્ય પર્વતના યોજન પ્રમાણે સમચોરસ ખંડ કરીએ તો આટલા ખંડ થઈ શકે. ખરેખર વૈતાઢ્યનું પ્રતર ગણિત ૯૨૨૧૫૩ યોજન અને ૧૪ કળા છે પણ વૈતાઢ્ય પર્વતની ઊંચાઈની ત્રણ રાશિ અને જુદી જુદી ઊંચાઈના યોજન સાથે ત્રણ રીતે ગુણાકાર કરતાં ૮૭૦૯૨૨૯ યોજન અને ૧૪ કળા થાય છે.

**ઘનફળ માટે આધુનિક પદ્ધતિ:—** વર્તુળના કદને ઘન કહે છે. જુદા જુદા આકાર પ્રમાણે ઘનફળ શોધવાના જુદા જુદા સૂત્રો છે જેમ કે :—

ઘનાકારનું ઘનફળ = લંબાઈ x પહોળાઈ x ઊંચાઈ

નળાકારનું ઘનફળ = $\pi$ x ત્રિ$^2$ x ઊંચાઈ (અર્થાત પાયાનું પ્રતર X ઊંચાઇ) વગેરે.

પરિધિ = $\sqrt{૧૦}$ X વિષ્કંભ — પરિધિ = ૨$\pi$ X ત્રિજ્યા — યોજન

| સ્થાન | વિષ્કંભ | પરિધિ (શાસ્ત્રીય પદ્ધતિ) | પરિધિ (આધુનિક પદ્ધતિ) |
|---|---|---|---|
| કમલાદિક | ૧ | ૩·૧૬૨ | ૩·૧૪૨ |
| ,, | ૨ | ૬·૩૨૪ | ૬·૨૮૫ |
| ,, | ૪ | ૧૨·૬૪૯ | ૧૨·૫૭૧ |
| દ્વીપાદિક | ૮ | ૨૫·૨૯૮ | ૨૫·૧૪૨ |
| ચૂલિકા મૂલ | ૧૨ | ૩૭·૯૪૭ | ૩૭·૭૧૪ |
| ક્રોશ કૂટ | ૨૫ | ૭૯·૦૫૬ | ૭૮·૫૭૧ |
| કાંચનગિરિ શિખર | ૫૦ | ૧૫૮·૧૧૩ | ૧૫૭·૧૪૨ |
| કાંચનગિરિ મૂલ | ૧૦૦ | ૩૧૬·૨૨૭ | ૩૧૪·૨૮૫ |
| કુંડાદિક | ૧૨૦ | ૩૭૯·૪૭૩ | ૩૭૭·૧૪૨ |
| ,, | ૨૪૦ | ૭૫૮·૯૪૬ | ૭૫૪·૨૮૫ |
| કૂટ શિખરાદિક | ૨૫૦ | ૭૯૦·૫૬૯ | ૭૮૫·૭૧૪ |
| કુંડાદિક | ૪૮૦ | ૧૫૧૭·૮૯૩ | ૧૫૦૮·૫૭૧ |
| કૂટ મૂલાદિક | ૫૦૦ | ૧૫૮૧·૧૩૮ | ૧૫૭૧·૪૨૮ |
| મેરૂ શિખર | ૧૦૦૦ | ૩૧૬૨·૨૭૭ | ૩૧૪૨·૮૫૭ |
| મેરૂ ભૂતલ | ૧૦૦૦૦ | ૩૧૬૨૨·૭૭૬ | ૩૧૪૨૮·૫૭૧ |
| જંબૂદ્વીપ | ૧૦૦૦૦૦ | ૩૧૬૨૨૭·૭૬૬ | ૩૧૪૨૮૫·૭૧૪ |

[ શાસ્ત્રીય પદ્ધતિ : $\sqrt{૧૦}$ = ૩.૧૬૨૨૭૭૬૬૦૧૬૮૩૭ ......

આધુનિક પદ્ધતિ : $\pi = \frac{૨૨}{૭}$ = ૩.૧૪૨૮૫૭૧૪૨૮૫૭ ...... ]

ગણિતપદ = $\sqrt{10} \div \left(\frac{\text{વિષ્કંભ}}{2}\right)$ [ આધુનિક ક્ષેત્રફળ = π ત્રિજ્યા² ]

| સ્થાન | વિષ્કંભ | $\left(\frac{\text{વિષ્કંભ}}{2}\right)^2$ = ત્રિજ્યા² અ | $\sqrt{10}$ X અ ગણિતપદ (શાસ્ત્રીય પદ્ધતિ પ્રમાણે) ચોરસ યોજન | π X ત્રિજ્યા² ક્ષેત્રફળ (આધુનિક) ચોરસ યોજન |
|---|---|---|---|---|
| જંબૂદ્વીપ | ૧,૦૦,૦૦૦ | ૨,૫૦,૦૦,૦૦,૦૦૦ | ૭,૯૦,૫૬,૯૪,૧૫૦.૪૨ | ૭,૮૫,૭૧,૪૨,૮૫૭.૧૪ |

જીવા = ૨ $\sqrt{(\text{વિષ્કંભ} - \text{ઇષુ}) \times \text{ઇષુ}}$ [ વિષ્કંભ = ૧,૦૦,૦૦૦ યોજન ]

| સ્થાન | ઇષુ અ | વિષ્કંભ – ઇષુ બ | અ + બ ક | ૨ $\sqrt{\text{ક}}$ જીવા (શાસ્ત્રીય તથા આધુનિક પદ્ધતિ) યોજન |
|---|---|---|---|---|
| દક્ષિણ ભરતાર્ધ | ૨૩૮.૧૫૭ | ૯૯૭૬૧.૮૪૩ | ૨૩૭૫૮૯૮૧.૨૪ | ૯૭૪૮.૬૩૨ |
| વૈતાઢ્ય | ૨૮૮.૧૫૭ | ૯૯૭૧૧.૮૪૩ | ૨૮૭૩૨૬૬૫.૫૪ | ૧૦૭૨૦.૫૭૯ |
| પૂર્ણ ભરત | ૫૨૬.૩૧૫ | ૯૯૪૭૩.૬૮૫ | ૫૨૩૫૪૪૯૨.૫૨ | ૧૪૪૭૧.૨૬૩ |
| હિમવંત પર્વત | ૧૫૭૮.૯૪૭ | ૯૮૪૨૧.૦૫૩ | ૧૫૫૪૦૧૬૨૬.૩૭ | ૨૪૯૩૨.૦૨૬ |
| હિમવંત યુગલ ક્ષેત્ર | ૩૬૮૪.૨૧૦ | ૯૬૩૧૫.૭૯૦ | ૩૫૪૮૪૭૫૯૬.૬૮ | ૩૭૬૭૪.૭૮૯ |
| મહાહિમવંત પર્વત | ૭૮૯૪.૭૩૬ | ૯૨૧૦૫.૨૬૩ | ૭૨૭૧૪૬૭૩૫.૬૦ | ૫૩૯૩૧.૩૪૨ |
| હરિવર્ષ ક્ષેત્ર | ૧૬૩૧૫.૭૮૯ | ૮૩૬૮૪.૨૧૧ | ૧૩૬૫૩૭૩૯૨૯.૩૦ | ૭૩૯૦૧.૯૨૨ |
| નિષધ પર્વત | ૩૩૧૫૭.૮૯૪ | ૬૬૮૪૨.૧૦૬ | ૨૨૧૬૩૪૩૪૬૫.૪૮ | ૯૪૧૫૬.૧૦૫ |
| મહાવિદેહ મધ્ય | ૫૦૦૦૦.૦૦૦ | ૫૦૦૦૦.૦૦૦ | ૨૫૦૦૦૦૦૦૦૦.૦૦ | ૧૦૦૦૦૦.૦૦૦ |

ઇષુ = $\frac{1}{2}$ (વિષ્કંભ − $\sqrt{(\text{વિષ્કંભ}-\text{જીવા}) \times (\text{વિષ્કંભ} + \text{જીવા})}$ )     [ વિષ્કંભ = ૧૦૦૦૦૦ યજનો ]     યોજન

| સ્થાન | જીવા<br>અ | વિષ્કંભ−જીવા<br>બ | વિષ્કંભ+જીવા<br>ક | બXક<br>ડ | $\sqrt{\text{ડ}}$<br>ઇ | $\frac{1}{2}$(વિષ્કંભ−ઇ) ઇષુ<br>(શાસ્રીય તથા<br>આધુનિક પદ્ધતિ |
|---|---|---|---|---|---|---|
| દક્ષિણ ભરતાર્ધ | ૯૭૪૮.૬૩૨ | ૯૦૨૫૧.૩૬૮ | ૧૦૯૭૪૮.૬૩૨ | ૯૯૦૪૯૬૪૧૭૪.૧૨ | ૯૯૫૨૩.૬૮૬ | ૨૩૮.૧૫૭ |
| વૈતાઢ્ય | ૧૦૭૨૦.૫૭૯ | ૮૯૨૭૯.૪૨૧ | ૧૧૦૭૨૦.૫૭૯ | ૯૮૮૫૦૬૯૧૮૫.૯૦ | ૯૯૪૨૩.૬૮૬ | ૨૮૮.૧૫૭ |
| પૂર્ણભરત | ૧૪૪૭૧.૨૬૩ | ૮૫૫૨૮.૭૩૭ | ૧૧૪૪૭૧.૨૬૩ | ૯૭૯૦૫૮૨૫૪૭.૧૮ | ૯૮૯૪૭.૩૭૦ | ૫૨૬.૩૧૫ |
| હિમવંત પર્વત | ૨૪૯૩૨.૦૨૬ | ૭૫૦૬૭ ૯૭૪ | ૧૨૪૯૩૨.૦૨૬ | ૯૩૭૮૩૯૪૦૭૯.૫૩ | ૯૬૮૪૨.૧૦૬ | ૧૫૭૮.૯૪૭ |
| હિમવંત યુગલ ક્ષેત્ર | ૩૭૬૭૪.૭૮૯ | ૬૨૩૨૫.૨૧૧ | ૧૩૭૬૭૪.૭૮૯ | ૮૫૮૦૬૧૦૨૭૩.૮૦ | ૯૨૬૩૧.૫૮૦ | ૩૬૮૪.૨૧૦ |
| મહાહિમવંત પર્વત | ૫૩૯૩૧.૩૪૨ | ૪૬૦૬૮.૬૫૮ | ૧૫૩૯૩૧.૩૪૨ | ૭૦૯૧૪૧૦૩૫૦.૦૭ | ૮૪૨૧૦.૫૨૮ | ૭૮૯૪.૭૩૬ |
| હરિવર્ષ ક્ષેત્ર | ૭૩૯૦૧.૯૨૨ | ૨૬૦૯૮.૦૭૮ | ૧૭૩૯૦૧.૯૨૨ | ૪૫૩૮૫૦૫૯૨૪.૭૦ | ૬૭૩૬૮.૪૨૨ | ૧૬૩૧૫.૭૮૯ |
| નિષધ પર્વત | ૯૪૧૫૬.૧૦૫ | ૫૮૪૩.૮૯૫ | ૧૯૪૧૫૬.૧૦૫ | ૧૧૩૪૬૨૭૮૯૧.૨૨ | ૩૩૬૮૪.૨૧૨ | ૩૩૧૫૭.૮૯૪ |
| મહાવિદેહ મધ્ય | ૧૦૦૦૦૦.૦૦૦ | — | ૨૦૦૦૦૦.૦૦૦ | — | — | ૫૦૦૦૦.૦૦૦ |

ધનુઃપૃષ્ઠ = $\sqrt{\text{૨ ઇષુ (ઇષુ}\times\text{૨}\times\text{વિષ્કંભ)}}$     વિષ્કંભ = ૧૦૦૦૦૦ યોજન

| સ્થાન | ઇષુ<br>અ | ઇષુ+૨×વિષ્કંભ<br>બ | ૨XઅXબ<br>ક | $\sqrt{\text{ક}}$<br>ધનુઃપૃષ્ઠ (શાસ્રીય પદ્ધતિ |
|---|---|---|---|---|
| દક્ષિણ ભરતાર્ધ | ૨૩૮.૧૫૭ | ૨૦૦૨૩૮.૧૫૭ | ૯૫૩૭૬૨૩૭.૫૧ | ૯૭૬૬.૦૫૨ |
| વૈતાઢ્ય | ૨૮૮.૧૫૭ | ૨૦૦૨૮૮.૧૫૭ | ૧૧૫૪૨૮૮૬૮.૯૧ | ૧૦૭૪૩.૭૮૯ |
| પૂર્ણભારત | ૫૨૬.૩૧૫ | ૨૦૦૫૨૬.૩૧૫ | ૨૧૧૦૮૦૦૧૪.૯૫ | ૧૪૫૨૮.૫૭૮ |
| હિમવંત પર્વત | ૧૫૭૮.૯૪૭ | ૨૦૧૫૭૮ ૯૪૭ | ૬૩૬૫૬૪૯૪૭.૨૫ | ૨૫૨૩૦.૨૧૦ |
| હિમવંત યુગલ ક્ષેત્ર | ૩૬૮૪.૨૧૦ | ૨૦૩૬૮૪.૨૧૦ | ૧૫૦૦૮૩૦૮૦૬.૬૪ | ૩૮૭૪૦.૫૨૬ |
| મહાહિમવંત પર્વત | ૭૮૯૪.૭૩૬ | ૨૦૭૮૯૪.૭૩૬ | ૩૨૮૨૫૪૮૧૧૩.૦૧ | ૫૭૨૯૩.૫૨૬ |
| હરિવર્ષ ક્ષેત્ર | ૧૬૩૧૫.૭૮૯ | ૨૧૬૩૧૫.૭૮૯ | ૭૦૫૮૭૨૫૫૪૧.૩૮ | ૮૪૦૧૬.૨૧૦ |
| નિષધ પર્વત | ૩૩૧૫૭.૮૯૪ | ૨૩૩૧૫૭.૮૯૪ | ૧૫૪૬૨૦૪૯૪૬૯.૧૧ | ૧૨૪૩૪૬.૪૭૩ |
| મહાવિદેહ મધ્ય | ૫૦૦૦૦.૦૦૦ | ૨૫૦૦૦૦.૦૦૦ | ૨૫૦૦૦૦૦૦૦૦૦.૦૦ | ૧૫૮૧૧૩.૮૬૮ |

$$\text{ધનુ : પૃષ્ઠ} = \frac{૨ \times Sin^{-1} \frac{\text{જીવા}}{\text{વ્યાસ}}}{૩૬૦°} \times \text{પરિધ}$$

| સ્થાન | જીવા<br>ક | $\left(\frac{\frac{\text{જીવા}}{\text{વ્યાસ}}}{\frac{ક}{૧,૦૦,૦૦૦}}\right)$<br>ખ | $Si^{-1}$ખ<br>ગ | કળા | વિકલા | ૨Xગ<br>ઘ | કળા | વિકળા | દશાંશમાં ધની કિંમત<br>ચ | $\frac{ચ}{૩૬૦°}$<br>છ | છXપરિધ [૩૧૪૨૮૭.૭]<br>ધનુ ૩ પૃષ્ઠ (આધુનિક પદ્ધતિ) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભરતાર્ધ | ૯૭૪૮.૬ | .૦૯૭૪૮૬ | ૫° | ૩૫ | ૪૦ | ૧૧° | ૧૧ | ૨૦ | ૧૧.૧૮૮૮૮૮° | .૦૩૧૦૮૦૨ | ૯૭૬૮ |
| વૈતાઢ્ય | ૧૦૭૨૦.૬ | .૧૦૭૨૦૬ | ૬° | ૯ | ૧૧ | ૧૨° | ૧૮ | ૨૨ | ૧૨.૩૦૬૧૧૧° | .૦૩૪૧૮૩૬ | ૧૦૭૪૩ |
| પૂર્ણભરત | ૧૦૪૭૧.૩ | .૧૦૪૭૧૩ | ૮° | ૧૯ | ૪ | ૧૬° | ૩૮ | ૮ | ૧૬.૬૩૫૫૫૫° | .૦૪૬૨૦૯૮ | ૧૪૫૨૩ |
| હિમવંતગિરી | ૨૪૯૩૨.૦ | .૨૪૯૩૨૦ | ૧૪° | ૨૬ | ૭ | ૨૮° | ૫૨ | ૧૪ | ૨૮.૮૭૦૫૫૪° | .૦૮૦૧૯૫૯ | ૨૫૨૦૪ |
| હિમવંત ક્ષેત્ર | ૩૭૬૭૪.૮ | .૩૭૬૭૪૮ | ૨૨° | ૮ | ૩ | ૪૪° | ૧૬ | ૬ | ૪૪.૨૬૮૩૩૨° | .૧૨૨૯૬૭૫ | ૩૮૬૪૭ |
| મહાહિમવંત | ૫૩૯૩૧.૩ | .૫૩૯૩૧૩ | ૩૨° | ૩૮ | ૯ | ૬૫° | ૧૬ | ૧૭ | ૬૫.૨૭૧૬૬૬° | .૧૮૧૩૧૦૧ | ૫૬૯૮૩ |
| હરિવર્ષ ક્ષેત્ર | ૭૩૯૦૧.૯ | .૭૩૯૦૧૯ | ૪૭° | ૩૮ | ૪૪ | ૯૫° | ૧૭ | ૨૭ | ૯૫.૨૯૦૮૩૩° | .૨૬૪૬૯૬૭ | ૮૩૧૯૦ |
| નિષધ પર્વત | ૯૪૧૫૬.૧ | .૯૪૧૫૬૧ | ૭૦° | ૧૮ | ૩૬ | ૧૪૦° | ૩૭ | ૧૨ | ૧૪૦.૬૧૯૯૯૯° | .૩૯૦૬૧૧૦ | ૧૨૨૭૬૩ |
| મહાવિદેહાર્ધ | ૧૦૦૦૦૦.૦ | ૧.૦૦૦૦૦૦ | ૯૦° | ૦ | ૦ | ૧૮૦° | ૦ | ૦ | ૧૮૦.૦૦૦૦૦૦° | .૫૦૦૦૦૦૦ | ૧૫૭૧૪૩ |

$$બાહા = \frac{મહાધનુ:પૃષ્ઠ - લઘુધનુ:પૃષ્ઠ}{૨}$$

| સ્થાન | ધનુ:પૃષ્ઠ | મહાધનુ:પૃષ્ઠ–લઘુધનુ:પૃષ્ઠ ખ | અ/૨ બાહા |
|---|---|---|---|
| દક્ષિણ ભરતાર્ધ | ૯૭૬૬·૦૫૨ | — | — |
| વૈતાઢ્ય | ૧૦૭૪૩·૭૮૯ | ૯૭૭·૭૩૭ | ૪૮૮.૮૬૮ |
| પૂર્ણ ભરત | ૧૪૫૨૮·૫૭૮ | ૩૭૮૪·૧૮૯ | ૧૮૯૨·૩૯૪ |
| હિમવંત પર્વત | ૨૫૨૩૦·૨૧૦ | ૧૦૭૦૧·૬૩૨ | ૫૩૫૦·૮૧૬ |
| હિમવંત યુંગલ ક્ષેત્ર | ૩૮૭૪૦·૫૨૬ | ૧૩૫૧૦ ૩૧૬ | ૬૭૫૫·૧૫૮ |
| મહાહિમવંત પર્વત | ૫૭૨૯૩·૫૨૬ | ૧૮૫૫૩·૦૦૦ | ૯૨૭૬·૫૦૦ |
| હરિવર્ષ ક્ષેત્ર | ૮૪૦૧૬·૨૧૦ | ૨૬૭૨૨·૬૮૪ | ૧૩૩૬૧·૩૪૨ |
| નિષધ પર્વત | ૧૨૪૩૪૬·૪૭૩ | ૪૦૩૩૦ ૨૬૩ | ૨૦૧૬૫.૧૩૧ |
| મહાવિદેહ મધ્ય | ૧૫૮૧૧૩·૮૬૮ | ૩૩૭૬૭·૩૯૫ | ૧૬૮૮૩·૬૯૭ |

$$બાહા = \frac{ગુરૂધનુ:પૃષ્ઠ - લઘુધનુ:પૃષ્ઠ}{૨}$$

| સ્થાન | ધનુ:પૃષ્ઠ ક | ગુરૂધનુ:પૃષ્ઠ–લઘુધનુ:પૃષ્ઠ ખ | ખ/૨ બાહા આધુનિક પદ્ધતિ |
|---|---|---|---|
| ભરતાર્ધ | ૯૭૬૮ | — | — |
| વૈતાઢ્ય | ૧૦૭૪૩ | ૯૭૫ | ૪૮૮ |
| પૂર્ણભરત | ૧૪૫૨૩ | ૩૭૮૦ | ૧૮૯૦ |
| હિમવંતગિર | ૨૫૨૦૪ | ૧૦૬૮૧ | ૫૩૪૨ |
| હિમવંતક્ષેત્ર | ૩૮૬૪૭ | ૧૩૪૪૩ | ૬૭૨૨ |
| મહાહિમવંત | ૫૬૯૮૩ | ૧૮૩૩૬ | ૯૧૬૮ |
| હરિવર્ષક્ષેત્ર | ૮૩૧૯૦ | ૨૬૨૦૭ | ૧૩૧૦૪ |
| નિષધ પર્વત | ૧૨૨૭૬૩ | ૩૯૫૭૩ | ૧૯૭૮૭ |
| મહાવિદેહાર્ધ | ૧૫૭૧૪૩ | ૩૪૩૮૦ | ૧૭૧૯૦ |

$$પ્રતર\ ક્ષેત્ર = \sqrt{10} \times \frac{ઈષુ \times જીવા}{4}$$ [ધનુષ્યાકાર ક્ષેત્ર - વૃત્તખંડ પૂરતું મર્યાદિત]

| સ્થાન | ઈષુ<br>અ | જીવા<br>બ | $\frac{અ \times બ}{4}$<br>ક | $\sqrt{10} \times ક$<br>પ્રતર (ચોરસ યોજન) |
|---|---|---|---|---|
| દક્ષિણ ભરતાર્ધ<br>ઉત્તર ઐરવત | ૨૩૮.૧૫૭ | ૯૭૪૮.૬૮૪ | ૫૮૦૪૩૧.૬૪૫ | ૧૮૩૫૪૮૫.૬૪૨ |

અહીં ૧૩ કળા લેવામાં આવેલ છે.

$$પ્રતરક્ષેત્ર = (ગુરૂઈષુ-લઘુઈષુ) \times \sqrt{\frac{લઘુજીવા^2 + ગુરૂજીવા^2}{2}}$$ [અન્ય ક્ષેત્રો-બે બાહા અને બે સમાંતર જીવાથી ઘેરાયેલ ક્ષેત્રી પૂરતું મર્યાદિત]

| સ્થાન | ઈષુ | ક્ષેત્ર પૂરતો મર્યાદિત ઈષુ (ગુરૂઈષુ-લઘુઈષુ)<br>અ | જીવા | જીવા$^2$ | $\frac{લઘુ\ જીવા^2 + ગુરૂજીવા^2}{2}$ | અ$\times\sqrt{બ}$<br>પ્રતર |
|---|---|---|---|---|---|---|
| દક્ષિણ ભરતાર્ધ | ૨૩૮.૧૫૭ | — | ૯૭૪૮.૬૩૨ | ૯૫૦૩૫૮૨૫.૮૭ | | ૧૮૩૫૪૮૫.૬૪૨<br>ઉપર મુજબ |
| વૈતાઢ્ય | ૨૮૮.૧૫૭ | ૫૦.૦૦૦ | ૧૦૭૨૦.૫૭૯ | ૧૧૪૯૩૦૮૧૪.૧૦ | ૧૦૪૯૮૩૩૧૯.૯૮ | ૫૧૨૩૦૭.૬૩૨ |
| પૂર્ણ ભરત | ૫૨૬.૩૧૫ | ૨૩૮.૧૫૮ | ૧૪૪૭૧.૨૬૩ | ૨૦૯૪૧૭૪૫૨.૮૨ | ૧૬૨૧૭૪૧૩૩.૪૬ | ૩૦૩૨૮૮૮.૬૩૨ |
| હિમવંત પર્વત | ૧૫૭૮.૯૪૭ | ૧૦૫૨.૬૩૪ | ૨૪૯૩૨.૦૨૬ | ૬૨૧૬૦૫૯૨૦.૪૬ | ૪૧૫૫૧૧૬૮૬.૬૪ | ૨૧૪૫૬૯૭૧.૪૦૮ |
| હિમવંત યુગલ ક્ષેત્ર | ૩૬૮૪.૨૧૦ | ૨૧૦૫૨૬૩ | ૩૭૬૭૪.૭૮૯ | ૧૪૧૯૩૮૯૭૨૬.૧૯ | ૧૦૨૦૪૯૭૮૨૩.૩૨ | ૬૭૨૫૩૧૪૫.૨૮૫ |
| મહાહિમવંત પર્વત | ૭૮૯૪.૭૩૬ | ૪૨૧૦.૫૨૬ | ૫૩૯૩૧.૩૪૨ | ૨૯૦૮૫૮૯૬૪૯.૯૨ | ૨૧૬૩૯૮૯૬૮૮.૦૫ | ૧૯૫૮૬૮૧૮૬.૫૪૦ |
| હરિવર્ષ ક્ષેત્ર | ૧૬૩૧૫.૭૮૯ | ૮૪૨૧.૦૫૩ | ૭૩૯૦૧.૯૨૨ | ૫૪૬૧૪૯૪૦૭૫.૨૯ | ૪૧૮૫૦૪૧૮૬૨.૬૦ | ૫૪૪૭૭૩૮૭૦.૩૬૮ |
| નિષધ પર્વત | ૩૩૧૫૭.૮૯૪ | ૧૬૮૪૨૧૦૫ | ૯૪૧૫૬.૧૦૫ | ૮૮૬૫૩૭૨૧૦૮.૭૭ | ૭૧૬૩૪૩૩૦૯૨.૦૩ | ૧૪૨૫૪૬૬૫૬૯.૯૪૭ |
| મહાવિદેહ મધ્ય | ૫૦૦૦૦.૦૦૦ | ૧૬૮૪૨.૧૦૬ | ૧૦૦૦૦૦.૦૦૦ | ૧૦૦૦૦૦૦૦૦૦૦.૦૦ | ૯૪૩૨૬૮૬૦૫૪.૩૯ | ૧૬૩૫૭૩૯૩૦૨.૦૩૫ |

પ્રતર = ગુરૂવૃત્તખંડનું ક્ષેત્રફળ — લઘુવૃત્તખંડનું ક્ષેત્રફળ

વૃત્તખંડનું ક્ષેત્રફળ $= \frac{1}{2} \left( (\text{ધનુપૃષ્ઠ} \times \text{ત્રિજ્યા}) - \text{જીવા} \, (\text{ત્રિજ્યા} - \text{ઇષુ}) \right)$

$$= \left( \frac{2 \times \sin^{-1} \frac{\text{જીવા}}{\text{વ્યાસ}}}{360^\circ} \times \text{વૃત્તનું ક્ષેત્રફળ} \right) - \frac{1}{2} \left( \text{જીવા} \, (\text{ત્રિજ્યા} - \text{ઇષુ}) \right)$$

| સ્થાન | $\frac{2 \times \sin^{-1} \frac{\text{જીવા}}{\text{વ્યાસ}}}{360^\circ}$ | ક X વૃત્તનું ક્ષેત્રફળ [ ક X ૭૮૫૭૧૪૨૮૫૭ | જીવા | ઇષુ | ત્રિજ્યા – ઇષુ (૫૦૦૦૦ – ઘ) | $\frac{1}{2}$ જીવા (ત્રિજ્યા – ઇષુ) $\frac{1}{2}$ X ગ X ચ | વૃત્તખંડનું ક્ષેત્રફળ [ ખ – છ ] | ગુરૂખંડવૃત્તનું ક્ષેત્રફળ – લઘુખંડ વૃત્તનું ક્ષેત્રફળ |
|---|---|---|---|---|---|---|---|---|
| | ક | ખ | ગ | ઘ | ચ | છ | જ | |
| ભરતાર્ધ | .૦૩૧૦૮૦૨ | ૨૪૪૨૦૧૫૭૧ | ૯૭૪૮.૬ | ૨૩૮.૧૫૮ | ૪૯૭૬૧.૮૪૨ | ૨૪૨૫૫૪૧૪૬ | ૧૬૪૭૪૨૫ | ૧૬૪૭૪૨૫ |
| વૈતાઢ્ય | .૦૩૪૧૮૩૬ | ૨૬૮૫૮૫૪૨૯ | ૧૦૭૨૦.૬ | ૨૮૮.૧૫૮ | ૪૯૭૧૧.૮૪૨ | ૨૬૬૪૭૦૩૮૬ | ૨૧૧૫૦૪૩ | ૪૬૭૬૧૮ |
| પૂર્ણભારત | .૦૪૬૨૦૯૮ | ૩૬૩૦૭૭૦૦૦ | ૧૪૪૭૧.૩ | ૫૨૬.૩૧૬ | ૪૯૪૭૩.૬૮૪ | ૩૫૭૯૭૪૨૬૨ | ૫૧૦૨૭૩૮ | ૨૯૮૭૬૯૫ |
| હિમવંત ગિરિ | .૦૮૦૧૯૫૯ | ૬૩૦૧૧૦૬૪૩ | ૨૪૯૩૨.૦ | ૧૫૭૮.૯૪૮ | ૪૮૪૨૧.૦૫૨ | ૬૦૩૬૧૬૮૩૪ | ૨૬૪૯૩૮૦૯ | ૨૧૩૯૧૦૭૧ |
| હિમવંત ક્ષેત્ર | .૧૨૨૯૬૭૫ | ૯૬૬૧૭૩૨૧૪ | ૩૭૬૭૪.૮ | ૩૬૮૪.૨૧૧ | ૪૬૩૧૫.૭૮૯ | ૮૭૨૪૬૯૦૪૪ | ૯૩૭૦૪૧૭૦ | ૬૭૨૧૦૩૬૧ |
| મહા હિમવંત | .૧૮૧૩૧૦૧ | ૧૪૨૪૫૭૯૩૫૭ | ૫૩૯૩૧.૩ | ૭૮૯૪.૭૩૭ | ૪૨૧૦૫.૨૬૩ | ૧૧૩૫૩૯૫૭૮૫ | ૨૮૯૧૮૩૫૭૨ | ૧૯૫૪૭૯૪૦૨ |
| હરિવર્ષ ક્ષેત્ર | .૨૬૪૬૯૬૭ | ૨૦૭૯૭૫૯૭૮૬ | ૭૩૯૦૧.૯ | ૧૬૩૧૫.૭૯૦ | ૩૩૬૮૪.૨૧૦ | ૧૨૪૪૬૩૫૫૯ | ૮૩૫૦૯૬૨૨૭ | ૫૪૫૯૧૨૬૫૫ |
| નિષધ પર્વત | .૩૯૦૬૧૧૦ | ૩૦૬૯૦૮૬૪૨૯ | ૯૪૧૫૬.૧ | ૩૩૧૫૭.૮૯૦ | ૧૬૮૪૨.૧૧૦ | ૭૯૨૮૯૩૬૯૭ | ૨૨૭૬૧૯૨૭૩૨ | ૧૪૪૧૦૯૬૫૦૫ |
| મહા વિદેહાર્ધ | .૫૦૦૦૦૦૦ | ૩૯૨૮૫૭૧૪૨૯ | ૧૦૦૦૦૦.૦ | ૫૦૦૦૦૦.૦૦ | — | — | ૩૯૨૮૫૭૧૪૨૯ | ૧૬૫૨૩૭૮૬૯૭ |

## ઘનફળ = પ્રતર X ઊંચાઇ

| સ્થાન | | પ્રતર (ચોરસ યોજન) | ઊંચાઇ (યોજન) | ઘનફળ (ઘન યોજન) (શાસ્ત્રીય પદ્ધતિ પ્રમાણે) |
|---|---|---|---|---|
| દક્ષિણ ભરતાર્ધ | | ૧૮૩૫૪૮૫·૬૪૨ | — | — |
| વૈતાઢ્ય | ભૂમિસ્થ | ૫૧૨૩૦૭·૬૩૨ | ૧૦ | ૫૧૨૩૦૭૬·૩૧૬ |
| | પહેલી મેખલા | ૩૦૭૩૮૪·૫૭૮ | ૧૦ | ૩૦૭૩૮૪૫·૭૮૯ |
| | બીજી મેખલા | ૧૦૨૪૬૧·૫૨૬ | ૫ | ૫૧૨૩૦૭·૬૩૧ |
| | | | | કુલ ૮૭૦૯૨૨૯·૭૩૬ |

| | | | |
|---|---|---|---|
| પૂર્ણ ભરત | ૩૦૩૨૮૮૮·૬૩૧ | — | — |
| હિમવંત પર્વત | ૨૧૪૫૬૯૭૧·૪૪૮ | ૧૦૦ | ૨૧૪૫૬૯૭૧૪૪·૮૭૫ |
| હિમવંત યુગલ ક્ષેત્ર | ૬૭૨૫૩૧૪૫.૨૮૫ | — | — |
| મહાહિમવંત પર્વત | ૧૯૫૮૬૮૧૮૬·૫૪૦ | ૨૦૦ | ૩૯૧૭૩૬૩૭૩૦૮·૦૩૩ |
| હરિવર્ષ ક્ષેત્ર | ૫૪૪૭૭૩૮૭૦·૩૬૮ | — | — |
| નિષધ પર્વત | ૧૪૨૫૪૬૬૫૬૯·૯૪૭ | ૪૦૦ | ૫૭૦૧૮૬૬૨૭૯૭૮·૮૦૦ |
| મહાવિદેહ મધ્ય | ૧૬૩૫૭૩૯૩૦૨·૦૩૫ | — | — |

## જંબૂદ્વીપના ક્ષેત્ર — પર્વતોના ઇષુ વગેરેનો કોઠો :—

| ક્ષેત્રાદિના નામ | ઈષુ<br>યો. કળા | વિષ્કંભ<br>યો. ક. | (દેશ પરિધિ)<br>ધનુ : પૃષ્ઠ<br>યો. ક. | જીવા<br>યો. ક. | બાહા<br>યો. ક. | પ્રતર (ક્ષેત્રફળ)<br>યો. ક. પ્ર. ક. | ઘનફળ<br>યો. ક. |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| દક્ષિણ ભરત | ૨૩૮-૩ | ૨૩૮-૩ | ૯૭૬૬-૧ | ૯૭૪૮-૧૨ | — | ૧૮૩૫૪૮૫-૧૨-૬ | (ઊંચાઈ કે ઊંડાઈ વગરના |
| ઉત્તર ઐરવત | ૨૩૮-૩ | ૨૩૮-૩ | ૯૭૬૬-૧ | ૯૭૪૮-૧૨ | — | ૧૮૩૫૪૮૫-૧૨-૬ | હોવાથી ઘનફળ ન હોય) |
| દીર્ઘ વૈતાઢ્ય પર્વત | ૨૮૮-૩ | ૫૦ | ૧૦૭૪૩-૧૫ | ૧૦૭૨૦-૧૧ | ૪૮૮-૧૬॥ | પહેલા ભાગે<br>૫૧૨૩૦૭-૧૨<br>બીજા ભાગે.<br>૩૦૭૩૮૪-૧૧<br>ત્રીજા ભાગે.<br>૧૦૨૪૬૧-૧૦ | ૫૧૨૩૦૭૬-૬ ભૂમિસ્થ વૈતાઢ્યે<br>૩૦૭૩૮૪૫-૧૫ પહેલી મેખલાનું<br>૫૧૨૩૦૭-૧૨ બીજી મેખલાનું<br>૮૭૦૯૨૨૯-૧૪ બધુંઘનફળ |
| ઉત્તર ભરત | ૫૨૬-૬ | ૨૩૮-૩ | ૧૪૫૨૮-૧૧ | ૧૪૪૭૧-૫ | ૧૮૯૨-૭॥ | ૩૦૩૨૮૮૮-૧૨ | — |
| દક્ષિણ ઐરવત | ૫૨૬-૬ | ૨૩૮-૩ | ૧૪૫૨૮-૧૧ | ૧૪૪૭૧-૫ | ૧૮૯૨-૭॥ | ૩૦૩૨૮૮૮-૧૨ | — |
| ચુલ્લહેમવંતપર્વત | ૧૫૭૮-૧૮ | ૧૦૫૨-૧૨ | ૨૫૨૩૦-૪ | ૨૪૯૩૨-૦॥ | ૫૩૫૦-૧૫॥ | ૨૧૪૫૬૯૭૧-૮-૧૦ | ૨૧૪૫૬૯૭૧૪૪-૧૬-૧૨ |
| શિખરી પર્વત | ૧૫૭૮-૧૮ | ૧૦૫૨-૧૨ | ૨૫૨૩૦-૪ | ૨૪૯૩૨-૦॥ | ૫૩૫૦-૧૫॥ | ૨૧૪૫૬૯૭૧-૮-૧૦ | ૨૧૪૫૬૯૭૧૪૪-૧૬-૧૨ |
| હિમવંત ક્ષેત્ર | ૩૬૮૪-૪ | ૨૧૦૫-૫ | ૩૮૭૪૦-૧૦ | ૩૭૬૭૪-૧૫ | ૬૭૫૫-૩ | ૬૭૨૫૩૧૪૫-૫-૮ | — |
| હિરણ્યવંત ક્ષેત્ર | ૩૬૮૪-૪ | ૨૧૦૫-૫ | ૩૮૭૪૦-૧૦ | ૩૭૬૭૪-૧૫ | ૬૭૫૫-૩ | ૬૭૨૫૩૧૪૫-૫-૮ | — |
| મહાહિમવંતપર્વત | ૭૮૯૪-૧૪ | ૪૨૧૦-૧૦ | ૫૭૨૯૩-૧૦ | ૫૩૯૩૧-૬॥ | ૯૨૭૬-૯॥ | ૧૯૫૮૬૮૧૮૬-૧૦-૫ | ૩૯૧૭૩૬૩૭૩૦૮-૦-૧૨ |
| રૂક્મી પર્વત | ૭૮૯૪-૧૪ | ૪૨૧૦-૧૦ | ૫૭૨૯૩-૧૦ | ૫૩૯૩૧-૬॥ | ૯૨૭૬-૯॥ | ૧૯૫૮૬૮૧૮૬-૧૦-૫ | ૩૯૧૭૩૬૩૭૩૦૮-૦-૧૨ |
| હરિવર્ષ ક્ષેત્ર | ૧૬૩૧૫-૧૫ | ૮૪૨૧-૧ | ૮૪૦૧૬-૪ | ૭૩૯૦૧-૧૭॥ | ૧૩૩૬૧-૬॥ | ૫૪૪૭૭૩૮૭૦-૭ | — |
| રમ્યક ક્ષેત્ર | ૧૬૩૧૫-૧૫ | ૮૪૨૧-૧ | ૮૪૦૧૬-૪ | ૭૩૯૦૧-૧૭॥ | ૧૩૩૬૧-૬॥ | ૫૪૪૭૭૩૮૭૦-૭ | — |
| નિષધ પર્વત | ૩૩૧૫૭-૧૭ | ૧૬૮૪૨-૨ | ૧૨૪૩૪૬-૯ | ૯૪૧૫૬-૨ | ૨૦૧૬૫-૨॥ | ૧૪૨૫૪૬૬૫-૬૯-૧૮ | ૫૭૦૧૮૬૬૨૯૭૯ |
| નીલવંત પર્વત | ૩૩૧૫૭-૧૭ | ૧૬૮૪૨-૨ | ૧૨૪૩૪૬-૯ | ૯૪૧૫૬-૨ | ૨૦૧૬૫-૨॥ | ૧૪૨૫૪૬૬૫-૬૯-૧૮ | ૫૭૦૧૮૬૬૨૯૭૯ |
| ઉત્તર વિદેહાર્ધ | ૫૦૦૦૦ | ૧૬૮૪૨-૨ | ૧૫૮૧૧૩-૧૬॥ | ૧૦૦૦૦૦ | ૧૬૬૮૩-૧૩॥ | ૧૬૩૫૭૩૯૩૦૨$\frac{૧૦}{૧૫}$ | — |
| દક્ષિણ વિદેહાર્ધ | ૫૦૦૦૦ | ૧૬૮૪૨-૨ | ૧૫૮૧૧૩-૧૬॥ | ૧૦૦૦૦૦ | ૧૬૬૮૩-૧૩॥ | ૧૬૩૫૭૩૯૩૦૨$\frac{૧૦}{૧૫}$ | — |

## જીવા પ્રમુખ ગણિતની સંગ્રહ ગાથા

| | |
|---|---|
| જોયણ સહસ્સ નવગં, | સ-તેવ સયા હવંતિ અડયાલા । |
| બારસય કલા સકલા, | દાહિણ ભરહદ્ધ જીવાઓ ॥ ૧ ॥ |
| દસચેવ સહસ્સાઈ, | જીવા સત્તય સયાઈ વીસાઈ । |
| બારસય કલા ઊણા, | વેયડ્ઢ ગિરિસ્સ વિન્નેયા ॥ ૨ ॥ |
| ચઉદસય સહસ્સાઇં, | સયાઈ ચત્તારિ એગ સયરાઈ । |
| ભરહડ્ઢુત્તર જીવા, | છચ્ચકલા ઊણિયા કિંચિ ॥ ૩ ॥ |
| ચઉવીસ સહસ્સાઇં, | નવયસએ જોયણાણ બત્તીસે । |
| ચુલ્લ હિમવંત જીવા, | આયામેણં કલદ્ધં ચ ॥ ૪ ॥ |
| સત્તત્તીસ સહસ્સા, | છચ્ચસયા જોયણાણ ચઉસયરા । |
| હેમવયવાસ જીવા, | કિંચૂણા સોલસ કલા ય ॥ ૫ ॥ |
| તેવન્ન સહસ્સાઈ, | નવયસયા જોયણાણ ઈગતીસા । |
| જીવાય મહાહિમવે, | અદ્ધકલા ચક્કલાઓ ય ॥ ૬ ॥ |
| એગુત્તરા નવસયા, | તેવત્તરિમેવ જોયણ સહસ્સ । |
| જીવા સત્તરસ કલા, | અદ્ધકલા ચેવ હરિવાસે ॥ ૭ ॥ |
| ચઉણવઈ સહસ્સાઈ, | છપ્પન્નહિયં સયંકલા દોય । |
| જીવા નિસહસ્સેસે, | લકખં જીવા વિદેહદ્ધે ॥ ૮ ॥ |

ઇતિ જીવા સંગ્રહ ગાથા

| | |
|---|---|
| નવચેવ સહસ્સાઈ, | છાવટ્ઠાઈ સયાઈ સત્તેતેવ । |
| સવિસેસ કલાચેગા, | દાહિણ ભરહદ્ધ ધણુંપિટ્ઠં ॥ ૯ ॥ |
| દસચેવ સહસ્સાઇં, | સ-તેવ સયા હવંતિ તેયાલા । |
| ધણું પિટ્ઠં વેયડ્ઢે, | કલાય પન્નરસ હવંતિ ॥ ૧૦ ॥ |
| સોલસ ચેવ કલાઓ, | અહિયાઓ હુંતિ અદ્ધભાગેણં । |
| બાહા વેયડ્ઢ સઉ, | અઠ્ઠાસીયા તહા ચઉરો ॥ ૧૧ ॥ |
| ચઉદસ ય સહસ્સાઇં. | પંચેવ સયાઇં અટ્ઠાવીસાઈ । |
| ઈક્કારસ ય કલાઓ, | ધણુંપિટ્ઠ ઉત્તરદ્ધસ્સ ॥ ૧૨ ॥ |

ભરહદ્ધુત્તર બાહા, અઠ્ઠારસ હુંતિ જોયણ સયાઈં ।
બાહાઉય જોયણાણિય, અદ્ધકલા સત્તય કલાઓ ॥ ૧૩ ॥

ધણુ હિમવેકલ ચઉરો, પણવીસ સહસ્સ દુસય તિસહિયા ।
બાહા સોલદ્ધ કલા, તેવન્ન સયા ય પન્નહિયા ॥ ૧૪ ॥

અડતીસ સહસ્સ સગસય, ચત્તા ધણુ દસ કલાય હેમવએ ।
બાહા સત્તઠ્ઠિસએ, પણપન્ને તિન્નિય કલાઓ ॥ ૧૫ ॥

ધણુ મહહિમવે દસકલા દોસય તેણઉ સહસ્સ સગવન્ના ।
બાહા બાણઉયસએ, છહત્તરે નવકલદ્ધં ચ ॥ ૧૬ ॥

ચુલસી સહસા સોલસ, ધણુ હરિવાસે કલા ચઉક્કં ચ ।
બાહા તેરસહસ્સા, તિસય ઈગસટ્ઠા છકલ સડ્ઢા ॥ ૧૭ ॥

નિસહ ધણુ નવ કલા લકખુ, સહસ ચઉવીસ તિસય છાયાલા ।
બાહા પન્નટ્ઠિસયં, સહસ્સ વીસ્સં દુકલઅદ્ધં ॥ ૧૮ ॥

સોલસ સહસ્સ અડસય, તેસીયા સડ્ઢ તેરસ કલાય ।
બાહા વિદેહમજ્ઝે, ધનુપિઠ્ઠ પરિયરસ્સદ્ધં ॥ ૧૯ ॥

ઇતિ ધનુ : પૃષ્ઠ–બાહા સંગ્રહ ગાથા

લકખાટ્ઠારસએણુ, સસહસ્સા ચઉસ્સયા ય પણસીયા ।
બાર કલ છવ્વિકલા, દાહિણ ભરહદ્ધ પયરંતુ ॥ ૨૦ ॥

સત્તહિયાતિન્નિસયા, બાર સયસહસ્સ પંચ લકખા ય ।
બારસય કલા પયરં, વેયડ્ઢગિરિસ્સ ધરણિતલે ॥ ૨૧ ॥

જોયણતીસં વાસે, પઢમાએ મેહલાઈ પયરમિમં ।
લકખ તિગ તિસયરિસયા, ચુલસી ઈક્કાર સકલાઓ ॥ ૨૨ ॥

દસ જોયણ વિકખંભે, બીયાઈ મેહલય પયરમિમં ।
લકખો ચઉવીસ સયા, ઇગસટ્ઠા દસ કલાઓ ય ॥ ૨૩ ॥

અડસીયા અટ્ઠસયા, બત્તીસ સહસ્સ તીસ લકખા ય ।
કલબાર વિકલિગારસ, ઉત્તર ભરહદ્ધ પયરમિમં ॥ ૨૪ ॥

દો કોડિ ચઉદ લકખા, સહસા છપ્પન્ન નવસઇગ સયરા ।
અટ્ઠ કલા દસવિકલા, પયરમિમં ચુલ્લહિમવંતે ॥ ૨૫ ॥

હેમવએ છક્કોડિ, બાવત્તરિ લકખ સહસ્સ તેવન્ના ।
પણયાલસયં પયરો, પંચકલા અટ્ઠવિકલા ય ॥ ૨૬ ॥

ગુણવીસકોડિ અડવન્ન, લકખ અડસટ્ઠિ સહસ્સ સયમેયં ।
ચુલસીયં દસસય કલા, પણ વિકલા પયરૂ મહહિમવે ॥ ૨૭ ॥

ચઉવન્નં કોડીઓ, લકખા સીયાલ તિસયરિ સહસ્સા ।
અટ્ઠસય સતરિસત્તય, કલાઉ પયરં તુ હરિવાસે ॥ ૨૮ ॥

બાયાલં કોડિસયં, લકખા ચઉપન્ન સહસ્સ છાસટ્ઠી ।
પણસય ગુણત્તાર કલ, અટ્ઠારસ્સ નિસહપયરમિમં ॥ ૨૯ ॥

તેસટ્ઠિ કોડિસયં, લકખા સગવન્ન સહસ્સ ગુણયાલા ।
તિસય દુહુત્તાર દસકલ, પન્નસ્સકલા વિદેહદ્ધે ॥ ૩૦ ॥

## ઇતિ પ્રતર પ્રમાણ સંગ્રહ ગાથા

દસ જોયણુસએ પુણ, તેવીસ સહસ્સ લકખ ઇગિવન્ના ।
જોયણ છાવત્તારિ છ, ફૂકલાય વેયડ્ઢ ઘણગણિયં ॥ ૩૧ ॥

અટ્ઠસયા પણયાલા, તીસં લકખાતિહત્તારિ સહસ્સા ।
પન્નરસ કલાય ઘણો, દસસ્સુએ હોઈ બીયમ્મિ ॥ ૩૨ ॥

સત્તહિયા તિન્નિસયા, બારસય સહસ્સા પંચ લકખાય ।
અવરાય બારસકલા, પણુસ્સએ હોઈ ઘણગણિયં ॥ ૩૩ ॥

સત્તાસીઈ લક્ખા, ઉણવીસહિયાય બિણવઈ સયાઈ ।
અઉણાવીસયભાગા, ચઉદસ વેયડ્ઢ ઘણગણિયં ॥ ૩૪ ॥

હિમવંતિ દુસય ચઉદસ, કોડી છપ્પન્ન લક્ખ સગ નઉઈ ।
સહસા ચઉયાલ સયં, સોલસ કલબાર વિકલ ઘણં ॥ ૩૫ ॥

ગુણયાલ સયાસત્તર, કોડી છત્તીસ લકખ સગતીસા ।
સહસાતિસય અડુત્તર, બાર વિકલ ઘણ મહાહિમવે ॥ ૩૬ ॥

છગવન્ન સહસ્સ અટ્ઠાર, કોડિ બાસટ્ઠિ લકખ ગુણતીસં ।
સહસા નવ સયએ, ગુણસીઈ નિસહસ્સ ઘણગણિયં ॥ ૩૭ ॥

## ઇતિ ઘનગણિત સંગ્રહ ગાથા

## ઇતિ જંબૂદ્વીપ અધિકાર

આ બધાનો સાર એ છે કે ‘ક્ષેત્રગણિત’નું ભારતીય ગણિતમાં જ નહીં પણ વિશ્વ ગણિતમાં પણ આગવું મહત્ત્વ છે. ક્ષેત્ર ગણિતમાં ત્રિભુજ, વર્ગ, ચતુર્ભુજ, દીર્ઘવૃત્ત, પરવલય વગેરે ગણિતના વાસ્તવિક સ્વરૂપ સ્પષ્ટ કરતા તત્ત્વો છે. ક્ષેત્ર ગણિતના આ તત્ત્વોની ઉત્પત્તિ અને વિકાસમાં જૈનાચાર્યો નો કદીપણ ન ભુલાય તેવો મહાન ફાળો છે. કેટલાક ક્ષેત્ર ગણિતના તત્ત્વોની ઉત્પત્તિ અને વિકાસ ઉપર વિચાર કરતા જણાય છે કે વૃત્ત ક્ષેત્ર માટે પ્રાચીન ગણિત ઉપર જેટલું કાર્ય થયું છે તે જૈનાચાર્યોની ભેટ છે. આધુનિક શોધમાં વૃત્તની જે ગહન ગુંચો ગણિતશાસ્ત્રી મુશ્કેલીથી સમજી શકે છે, તેનેજ જૈનાચાર્યોએ પોતાના મહાન બુદ્ધિ કૌશલ્યથી સરળ રીતે સમજાવેલ છે. જે હિન્દુ ગણિતમાં કોઈ સ્થાન નથી, અરે વિશ્વ ગણિતમાં નથી તેવા દીર્ઘવૃત્તનું અધ્યયન કરનાર મહાવીરાચાર્ય પોતાનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે. બ્રહ્મગુપ્તે વૃત્તીય ચતુર્ભુજોના બધા સૂત્રો આપેલા છે, એ બધા સૂત્રો મહાવીરાચાર્યે આપેલા છે, પરંતુ એ બન્નેમાં મહાવીરાચાર્યની શૈલી ઘણીજ સ્પષ્ટ છે. યવાકાર, મુરજાકાર, પણવાકાર, વજ્રાકાર વગેરે જુદા જુદા ક્ષેત્રોનું વર્ણન અને એના ક્ષેત્રફળોનું પ્રતિપાદન છે તે જૈનાચાર્યોની અમૂલ્ય ભેટ છે, અને તેથીજ તે આજે સમજવા સરળ બન્યા છે. ક્ષેત્રગણિતમાં π ચતુર્મુખી મહિમા ધરાવે છે. આધુનિક શોધદ્વારા મળેલ π ના માનની સામે સંપૂર્ણ મેળ ખાતું π નું ૩૫૫/૧૧૩ માન નવમી શતાબ્દીના ગણિતજ્ઞ ધવલાકાર વીરસેનાચાર્યની ખાસ ભેટ છે.

છેવટે ક્ષેત્રગણિતની વ્યાપકતા માટે જૈનાચાર્યોનો ચિરસ્મરણ રહે તેવો અપૂર્વ હિસ્સો છે એમ કહી શકાય. આજ જૈનાચાર્યોએ ક્ષેત્રગણિત જેવા શુષ્ક (નિરસ) વિષયને પણ સરળતા, સુબોધતા અને સ્વાભાવિકતાના ત્રિગુણવાળું ચિરગૌરવ સ્થાપેલ છે.

# જ્યોતિષ્કદેવ

મધ્ય (તીરછો) લોક અઢારસો યોજનનો છે. સમતલભૂમિથી નીચે નવસો યોજન સુધી રત્નપ્રભા પૃથ્વીનો ઉપરના તળનો ભાગ છે તેથી તેનું ખાસ કંઈ વર્ણન કરવા જેવું રહેતું નથી પણ સમતલ ભૂમિથી ઉપર ૯૦૦ યોજન સુધીમાં એટલે કે ઉપર [૭૯૦ યોજનથી શરૂ કરીને ૯૦૦ યોજન સુધીના એકસો દશ યોજન જેટલા ક્ષેત્રમાં જ્યોતિષીઓ રહેલા છે તેથી હવે એ જ્યોતિષીનું વર્ણન કરવામાં આવે છે.

ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા આ પાંચ પ્રકારના જ્યોતિષી દેવો છે. (પન્નાવણા સૂત્ર પદ. ૧ તથા ઠાણાંગ સૂત્ર. ઉદ્દેશ. પહેલો અને ભગવતી સૂત્ર શતક પાંચ ઉદ્દેશો નવમો) આ રત્નપ્રભા પૃથ્વીના ઘણાસમ તેમજ રમણીય ભૂમિભાગથી સાતસોનેવું યોજનની ઊંચાઈથી એકસો દશ યોજનના વિસ્તારમાં (એટલેકે નવસો યોજન સુધીમાં) જ્યોતિષીઓના અસંખ્ય સ્થાનો છે. ત્યાં તે દેવોના અસંખ્યાત લાખ વિમાનો છે--એટલેકે એ દેવોના નિવાસ સ્થાન રૂપ વિમાનો છે. એ વિમાનો અડધા કોઠના આકારના, સંપૂર્ણ સ્ફટિકના, ઊંચા તેમજ પોતાની કાંતિવાળા છે. જુદી જુદી જાતના મણિઓ, સુવર્ણ તેમજ રત્નોથી રંગ-બેરંગી લાગે છે. પવનથી ઉડતી વિજય પતાકાઓ અને છત્રોથી સુશોભિત અને ગગનચુંબી શિખરોવાળા વિમાનો છે. તેની જાળીઓમાં પણ રત્નો અને મણિઓ જડેલ છે. ખીલેલા કમળો જેવા શોભતા તેમજ જુદા જુદા મણિઓથી શણગારેલા, અંદર તેમજ બહાર ચળકતા અને કોમળ સ્પર્શવાળા તે વિમાનો છે. ત્યાં પર્યાપ્ત અને અપર્યાપ્ત જ્યોતિષી દેવોના સ્થાનો છે. તે પોતાના સ્થાન, ઉત્પત્તિ અને વિક્રિયા-એ ત્રણે દૃષ્ટિએ લોકના અસંખ્યાતમા ભાગમાં છે. (પન્નવણા સૂત્રપદ બીજું, સમવાયાંગસૂત્ર, ઠાણાંગસૂત્ર બીજુ ઠાણું, ઉદ્દેશો ત્રીજો તથા જીવાભિગમ સૂત્રમાં આ વર્ણન છે.

આ બધા વિમાનો છત્રના આકારના છે. (આ રીતે ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિમાં કહેલ છે.)

જંબૂદ્વીપમાં બે ચંદ્ર પ્રકાશ્યા છે, પ્રકાશે છે અને હવે પછી પણ પ્રકાશશે તેમજ બે સૂર્ય તપ્યા છે, તપે છે અને પછી પણ તપશે. છપ્પન નક્ષત્રો, એકસો છોંતેર ગ્રહો અને એક લાખ તેત્રીશ હજાર નવસો પચાસ ક્રોડાક્રોડી તારાઓ ફરે છે—વિચરે છે. કહ્યું છે કે:—

દો ચંદા દો સૂરા, ણક્ખત્તા ખલુ હવંતિ છપ્પણ્ણા ;
છાવત્તરં ગહસતં, જંબુદ્દીવે વિચારીણં (૧)
એગં ચ સયસહસ્સં, તિત્તીસં ખલુ ભવે સહસ્સાઈં;
ણવ ય સતા પણ્ણાસા, તારા ગણ કોડિ કોડિણં (૨)

સૂર્ય-ચંદ્ર પ્રજ્ઞપ્તિ સૂત્ર જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર જીવાભિગમસૂત્ર તથા ભગવતી સૂત્ર શતક નવ ઉદ્દેશો પહેલો.

લવણ સમુદ્રમાં ચાર ચંદ્ર પ્રકાશે છે તેમજ ચાર સૂર્ય તપે છે તથા એકસો બાર નક્ષત્ર ચંદ્ર સાથે જોડાય છે, ત્રણસો બાવન ગ્રહો ચાલે છે અને બે લાખ સડસઠ હજાર નવસો ક્રોડાક્રોડી (૨૬૭૯૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦) તારાઓ શોભે છે. કહ્યું છે કે:—

ચત્તારિ ચેવ ચંદા, ચત્તારિ સૂરિયા લવણતોએ ;
બારસણક્ખત્ત સતં, ગહાણ તિણ્ણેવ બાવણ્ણા (૧)
દો ચ્ચેવ સતસહસ્સા, સત્તટ્ઠિં ખલુ ભવે સહસ્સાઈ;
ણવયસતા લવણજલે, તારા ગણ કોડિકોડીણં (૨)

એટલે કે લવણ સમુદ્રમાં ચાર ચંદ્ર, ચાર સૂર્ય. એકસો બાર નક્ષત્ર, ત્રણસો બાવન ગ્રહો અને બે લાખ સડસઠ હજાર નવસો ક્રોડાક્રોડી તારાઓ છે. (જીવાભિગમ સૂત્ર).

ધાતકીખંડ દ્વીપમાં બાર ચંદ્ર અને બાર સૂર્ય છે. કહ્યું છે કે:—

ચઉવીસં સસિ-રવિણો, ણક્ખત્ત સતાય તિન્નિ છત્તીસા,
એગં ચ ગહસહસ્સં, છપ્પન્નં ધાઈયસંડે. (૧)
અટ્ઠેવ સયસહસ્સા, તિણ્ણિ સહસ્સાઈ સત્તય સયાઈ;
ધાયઈસંડે દીવે, તારાગણ કોડિકોડીણં. (૨)

એ રીતે બાર બાર ચંદ્ર-સૂર્ય મળી ચોવીસ ચંદ્ર-સૂય ત્રણસો છત્રીસ નક્ષત્ર એકહજાર છપ્પન ગ્રહો તથા આઠ લાખ ત્રણ હજાર સાતસો ક્રોડાક્રોડી તારાઓ શોભે છે. (જીવાભિગમ, ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ, ભગ. શ. ૯.ઉ.૨)

કાળોદધિ સમુદ્રમાં બેતાળીસ ચંદ્ર પ્રભા ફેલાવે છે. કહ્યું છે કે:—

બાયાલીસં ચંદા, બાયાલીસંચ દિણયરાદિત્તા,
કાલોદધિમ્મિ એતે, ચરંતિ સંબદ્ધ લેસાગા (૧)
ણક્ખત્તાણ સહસ્સં, એગં બાવત્તરં ચ સતમણ્ણં,
છચ્ચ સતા છણ્ણઉયા, મહા ગહા તિણ્ણ ય સહસ્સા (૨)
અટ્ઠાવીસં કાલોદહિમ્મ બારસ ય સયસહસ્સાઇં,
નવ ય સયા પન્નાસા, તારા ગણ કોડિ કોડિણં (૩)

કાળોદધિ સમુદ્રમાં સંબદ્ધ લેશ્યાવાળા બેતાળીશ ચંદ્ર, બેતાળીશ સૂર્ય એક હજાર એકસો બોંતેર નક્ષત્રો; ત્રણ હજાર છસો છણ્ણુ મહાગ્રહો તેમજ અઠ્ઠાવીસ લાખ બાર હજાર નવસો પચાસ ક્રોડાક્રોડી તારાઓ શોભે છે. (જીવાભિગમ સૂત્ર, ચંદ્ર–સૂર્ય પ્રજ્ઞપ્તિ, ભગવતી સૂત્ર શતક ૯મો અને ઉદ્દેશો બીજો, સમવાયાંગ સૂત્ર બેતાળીશમું સમવાય.)

પુષ્કરવર દ્વીપ માટે કહ્યું છે કે:—

ચોયાલં ચંદસયં, ચઉયાલં ચેવ સૂરિયાણ સયં;
પુક્ખરવર દીવંમિ, ચરંતિ એતે પભાસેંતા (૧)
ચત્તારિ સહસ્સાઈ બત્તીસં ચેવ હોંતિ ણક્ખત્તા;
છચ્ચ સયા બાવત્તર, મહગ્ગહા બારસ સહસ્સા (૨)

છણ્ણઉઈ સયસહસ્સા, ચત્તાલીસં ભવે સહસ્સાઇં;
ચત્તારિ સયા પુક્ખરવર તારાગણ કોડિકોડીણં (૩)

પુષ્કરવરદ્વીપમાં એકસો ચુંવાળીસ ચંદ્ર, એકસો ચુંવાળીસ સૂર્ય, ચારહજાર બત્રીસ નક્ષત્રો, બાર હજાર છસો મહાગ્રહો તેમજ છન્નુ લાખ ચુંવાળીસ હજાર ચારસો ક્રોડાક્રોડી તારા શોભે છે. (જીવાભિગમ સૂત્ર, સૂર્ય-ચંદ્ર પ્રજ્ઞપ્તિ સૂત્ર, ભગ. શ. ૯મો ઉ. બીજો તથા સમવાયાંગ સૂત્રનું ૭૨મું સમવાય.)

અભ્યંતર પુષ્કરાર્ધ માટે કહ્યું છે કે :—

બાવત્તરિં ચ ચંદા, બાવત્તરિમેવ દિણકરા દિત્તા;
પુક્ખરવરદીવડ્ઢે, ચરંતિ એતે પભાસેંતા (૧)
તિન્ન સયા છત્તીસા, છચ્ચ સહસ્સા મહગ્ગહાણં તુ;
ણક્ખત્તાણં તુ ભવે, સોલાઈ દુવે સહસ્સાઇં (૨)
અડયાલ સય સહસ્સા, બાવીસં ખલુ ભવે સહસ્સાઈં;
દોન્નિસયા પુક્ખરદ્ધે, તારાગણ કોડિકોડીણં (૩)

પુષ્કરવર દ્વીપાર્ધમાં ૭૨ ચંદ્ર, ૭૨ સૂર્ય, ૬૩૩૬ મહાગ્રહો, ૨૦૧૬ નક્ષત્રો અને અડતાળીસ હજાર લાખ બાવીસ હજાર બસો ક્રોડાક્રોડી તારાઓ શોભે છે. (જીવાભિગમ સૂત્ર, ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર, ભગ. શ. ૯મો ઉ. બીજો, સમવાયાંગ સૂત્ર ૭૨મું સમવાય.)

આ રીતે મનુષ્ય ક્ષેત્રમાં

બત્તીસં ચંદસયં, બત્તીસં ચેવ સૂરિયાણ સયં;
સયલં મણુસ્સલોયં, ચરેંતિ એતા પભાસેંતા (૧)
એકકારસ ય સહસ્સા, છપ્પિય સોલા મહગ્ગાહાણંતુ;
છચ્ચ સયા છણ્ણઉયા, ણક્ખત્તા તિણ્ણિય સહસ્સા (૨)
અડસીઈ સય સહસ્સા, ચત્તાલીસં સહસ્સ મણુયલોગંમિ;
સતય સતા અણૂણા, તારાગણ કોડિકોડીણં (૩)

મનુષ્ય ક્ષેત્રમાં ૧૩૨ ચંદ્ર, ૧૩૨ સૂર્ય ૧૧૬૧૬ મહાગ્રહો, ૩૦૯૬ નક્ષત્રો તથા અઠયાસી લાખ ચાળીસ હજાર સાતસો ક્રોડાક્રોડી તારાઓ શોભે છે. (જીવાભિગમ સૂત્ર, ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ, ભગવતી સૂત્ર નવમો શતક અને બીજો ઉદ્દેશો.)

આ જ્યોતિષીઓમાં ચંદ્ર અને સૂર્ય બન્ને સરખા છે. નક્ષત્રો બધાથી ઓછા છે. ગ્રહો એનાથી સંખ્યાતગુણા છે અને તારાઓ એનાથી પણ સંખ્યાત ગુણા છે. (જંબૂદ્વીપ-ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞાપ્તિ તથા જીવાભિગમ સૂત્ર) તારાઓથી નક્ષત્ર મહર્દ્ધિક છે. નક્ષત્રોથી ગ્રહ, ગ્રહોથી સૂર્ય અને સૂર્યથી ચંદ્ર મહર્દ્ધિક છે એટલે કે તારાઓ સૌથી ઓછી ઋદ્ધિવાળા છે ચંદ્ર બધાથી વધારે ઋદ્ધિ વાળા છે. (જંબૂ દ્વીપ-ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ તથા ઠાણાંગ સૂત્રનું ત્રીજું ઠાણુ અને ચોથો ઉદ્દેશો.)

આ બધાનો સાર એ છે કે જંબૂદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્ય છે. લવણસમુદ્રમાં ચાર ચંદ્ર અને ચાર સૂર્ય છે. ધાતકીખંડ દ્વીપમાં બાર ચંદ્ર અને બાર સૂર્ય છે. કાળોદધિમાં બેતાળીસ ચંદ્ર અને બેતાળીસ સૂર્ય છે. અર્ધપુષ્કરમાં બોંતેર ચંદ્ર અને બોંતેર સૂર્ય છે. આમ અઢીદ્વીપમાં ૧૩૨ ચંદ્ર અને ૧૩૨ સૂર્ય મનુષ્યક્ષેત્રમાં રહેલા આ ચંદ્ર અને સૂર્ય ફરે છે. મેરૂની પૂર્વદિશામાં ૬૬ ચંદ્રની એક સમશ્રેણિ મેરૂની પ્રદક્ષિણા કરે છે ત્યારે બીજી ૬૬ ચંદ્રની સમશ્રેણિ એ જ મેરૂની પશ્ચિમ દિશામાં પ્રદક્ષિણા કરે છે ચંદ્ર કે સૂર્ય પોતાની શ્રેણિથી બીજે ખસતા નથી આ પ્રદક્ષિણા જંબૂદ્વીપના મેરૂની આસપાસ જ છે. ગ્રહ, નક્ષત્ર અને તારાઓની સમશ્રેણિઓ અભિજિત વગેરે નક્ષત્રના અનુક્રમથી છાસઠ-છાસઠની છે. આ રીતે મેરૂની આસપાસ નક્ષત્રોની ૫૬ અને ૬૬-૬૬ ગ્રહોની શ્રેણિઓ છે અને તે ૧૭૬ છે. એ રીતે તારાઓની સમશ્રેણિઓ પણ સમજી લેવી. ચંદ્ર સૌથી મંદગતિવાળો છે. તેનાથી સૂર્ય અધિક ગતિવંત છે, તેનાથી અનુક્રમે ગ્રહ, નક્ષત્ર અને તારા વધારે ગતિવાળા છે.




चंदसूरमालिया-चन्द्र सूर्योनी माळा.

[1]જ્યોતિષી દેવોમાં ચંદ્ર મુખ્ય માનેલો છે, તેથી તેનો પરિવાર શાસ્ત્રમાં બતાવ્યો છે અને બાકીના બધા જ્યોતિષીઓને ચંદ્રમાં જ સમાવેલા છે. ૨૮ નક્ષત્રો, ૮૮ ગ્રહો અને ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા એટલો ચંદ્રનો પરિવાર હોય છે. ચંદ્ર સૂર્યથી મહર્દ્ધિક દેવ છે

૧ 'લઘુક્ષેત્ર સમાસ'

અને વધુ પુણ્યવાન છે તેથી ચંદ્રનો પરિવાર બતાવ્યો છે પણ સૂર્યનો પરિવાર નથી બતાવ્યો. ચંદ્ર-સર્ય બન્નેને ઈંદ્ર પદવી હોય છે.

મનુષ્ય ક્ષેત્રની બહાર પણ ચંદ્ર–સૂર્ય છે અને તે સ્થિર છે પણ ચર નથી. બહારના ચંદ્ર સૂય સમશ્રેણિએ છે કે વલય ક્ષેણિએ એ એક પ્રશ્ન છે. જો કે બંને શ્રેણિની રીતે ચંદ્ર–સૂર્યની ગણતરી કરવામાં આવે છે, તેથી સમશ્રેણિએ માનતાં ત્રણ ગણા કરીને પાછળના ચંદ્ર–સૂર્ય ઉમેરવાથી આગળના ચંદ્ર-સૂર્ય આવેછે. જેમકે ધાતકીખંડદ્વીપમાં બાર ચંદ્ર અને બાર સૂર્ય છે, તેને ત્રણ ગણા કરતાં ૩૬ થાય છે તેમાં પાછળના દ્વીપસમુદ્રના છ ચંદ્ર-સૂર્ય ઉમેરતાં બેતાળીશ ચંદ્ર-સૂર્ય થયા એ પ્રમાણે આ (બહારના) દ્વીપ-સમુદ્રમાં ચંદ્ર-સૂર્ય આવે છે. જો વલય શ્રેણિથી રહેલા માનીએ તો આવતી સાંખ્યા જેટલા ચંદ્ર-સૂર્ય હોય છે. સમશ્રેણિના મતથી માનુષોત્તર પર્વતની બહારના આઠ લાખ યોજનના અર્ધપુષ્કરદ્વીપમાં ૭૨ ચંદ્ર અને ૭૨ સૂર્ય હોવાથી ૩૬-૩૬ ની બે પંક્તિ ચંદ્રની અને ૩૬-૩૬ ની સૂર્યની બે પંક્તિ હોય છે. જો વલયશ્રેણિથી માનીએ તો માનુષોત્તર પર્વતથી પચાસ હજાર યોજન દૂર પહેલી વલયપંક્તિ છે. તેમાં ૭૨ ચંદ્ર અને ૭૨ સૂર્ય પરસ્પર આંતરે (ચંદ્ર-સૂર્ય-ચંદ્ર-સૂર્ય-ચંદ્ર) રહેલા છે. ત્યારપછી એક લાખ યોજન દૂર બીજી પંક્તિમાં બે ચંદ્ર અને બે સૂર્ય વધારે ગણતાં ૭૪ ચંદ્ર અને ૭૪ સૂર્ય પરસ્પર અંતરે છે. એ રીતે આઠમી પંક્તિમાં ૧૭૨ ચંદ્ર-સૂર્ય રહેલા છે. દરેક પંક્તિ લાખ લાખ યોજનને અંતર છે, તેથી પુષ્કરાર્ધની આગળના દરેક દ્વીપ કે સમુદ્ર જેટલા લાખ યોજનના હોય તેટલી પંક્તિઓ હોય. જેમકે પુષ્કરદ્વીપ પછીનો વારૂણીવર દ્વીપ ૬૪ લાખ યોજનનો છે, તો ત્યાં ૬૪ પંક્તિઓ વલયાકારે છે. એ રીતે બાહ્યપુષ્કરાર્ધ માં આઠ પંક્તિઓમાં બધા મળીને ૧૨૬૪ ચંદ્ર-સૂર્ય ભેગા હોવાથી ૬૩૨ ચંદ્ર અને ૬૩૨ સૂર્ય છે. આ પ્રમાણે દરેક પંક્તિમાં આગળ આગળ બે ચંદ્ર-બે સૂર્ય ઉમેરવા. એ રીતે મનુષ્યક્ષેત્ર બહારના ચંદ્ર-સૂર્યો માટે શાસ્ત્રમાં બે અભિપ્રાય મળવાથી કંઈ પણ નિર્ણય ન થઈ શકે. બહારના ચંદ્ર-સૂર્ય સ્થિર હોવાથી જ્યાં રાત્રિ ત્યાં હમેશ રાત્રિ અને જ્યાં પ્રકાશ ત્યાં હમેશ દિવસ જ હોય છે. મનુષ્યક્ષેત્રના જ્યોતિષીના વિમાનથી બહારના જ્યોતિષીના વિમાનો અડધા પ્રમાણના છે. ચંદ્રનું વિમાન એક યોજનનાં ૨૮ ભાગનું, સૂર્યનું ૨૪ ભાગનું, ગ્રહનું એક ગાઉનું, નક્ષત્રનું અડધા ગાઉનું અને તારાનું અઢીસો ધનુષ્યનું હોય છે. બહારના જ્યોતિષીઓ પાકી ઈંટ જેવા એટલે કે લંબચોરસ હોય છે. વિમાનની રક્તકાંતિ હોવાને કારણે પાકી ઈંટ જેવો આકાર કહ્યો છે.

ચંદ્ર મંડળ (ચંદ્રના મંડળ) પંદર છે. જંબૂપદ્વીમાં એકસો એંસી યોજનના વિસ્તાર માં પાંચ ચંદ્ર મંડળ છે. એટલે કે આ દ્વીપમાં મંડળ ક્ષેત્રનો પૂરા ૧૮૦ યોજનનો વ્યાસ છે આમ પાંચ ચંદ્ર મંડળ પુરેપુરા જંબૂદ્વીપમાં છે અને છઠ્ઠા મંડળનો ઘણો ભાગ પણ છે અને લવણસમુદ્રમાં ૩૩૦ યોજન અને ૪૮ અંશ (એક યોજનના ૬૧ માં ભાગને અહીં 'અંશ' કહેવાય છે.) ના વિસ્તાર (મંડળક્ષેત્ર) માં ચંદ્રના દશ મંડળ છે. આ બંન્નેના મળીને ચંદ્ર-મંડળ ૧૫ છે. (જંબૂદ્વીપ - ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ.) સર્વાભ્યંતર ચંદ્ર મંડળથી સર્વબાહ્ય

૧ (આકાશમાં જેટલી જગ્યામાં ચંદ્ર-સૂર્યના વિમાનનો ઘસારો-લીટી પડે તેટલું ઘસારાવાળું ક્ષેત્ર તે એકમંડળ કહેવાય.






ચંદ્રમંડળ ૫૧૦ યોજન દૂર છે એટલે સર્વ બાહ્ય ચંદ્રમંડળ વચ્ચે ૫૧૦ યોજનનું અંતર છે. ભાવ એ છે કે જંબૂદ્વીપના બે ચંદ્ર અને બે સૂર્યનું ચાર (ગતિ) ક્ષેત્ર ઉત્તરથી દક્ષિણ કે દક્ષિણથી ઉત્તર ગણતા પાંચસોદસ યોજન એક યોજનના એકસઠ ભાગ કરીએ તેના ૪૮ ભાગ જેટલું અંતર છે. આમ ચંદ્રને ફરવાના ક્ષેત્રનો વિસ્તાર ૫૧૦ યોજન અને ૪૮/૬૧ યોજન છે. આટલા વિસ્તારમાં જ ચંદ્રના ૧૫ મંડળ ફરે છે. દરેક ચંદ્ર મંડળ ૫૬/૬૧ યોજન લાંબુ પહોળું છે એટલે કે ચંદ્રનું વિમાન એક યોજનના ૬૧ ભાગ કરીએ તેવા ૫૬ ભાગ જેટલા વૃત્ત વિસ્તારવાળું છે અને એનાથી ત્રણગણાથી થોડી વધારે પરિધિવાળું તેમજ ૨૮।૬૧ યોજન જાડું છે.

સર્વઅભ્યંતર ચંદ્ર મંડળ ૯૯૬૪૦ યોજન લાંબુ-પહોળું છે તેમજ ૩૧૫૦૮૯ યોજનથી થોડી વધારે પરિધિવાળું છે. તેના પછીનું બીજું મંડળ ૯૯૭૧૨ $\frac{૫૧}{૬૧}+(\frac{૧}{૬૧}\times\frac{૧}{૭})$ યોજન લાંબુ-પહોળું તેમ જ ૩૧૫૩૧૯ યોજનથી થોડા વધારે ઘેરાવાવાળું છે. તેમજ ત્યાર પછી ત્રીજું આભ્યંતર મંડળ ૯૯૭૮૫ $\frac{૪૧}{૬૧}+(\frac{૧}{૬૧}\times\frac{૧}{૭}\times\frac{૧}{૨})$ યોજન લાંબુ-પહોળું છે તેમ જ ૩૧૫૫૪૯ યોજનથી થોડી વધારે પરિધિવાળું છે. આ રીતના ક્રમે નીકળતો ચંદ્ર યાવત સંક્રમણ કરતો ૭૨ $\frac{૫૧}{૬૧}+(\frac{૧}{૬૧}\times\frac{૧}{૭})$ યોજન દરેક મંડળમાં લંબાઈ-પહોળાઈમાં વધતો તેમજ ૨૩૦ યોજન પરિધિમાં વધતો સર્વ બાહ્ય મંડળે ઉપસંક્રમણ કરતો ગતિ કરે છે એટલે કે જંબુદ્વીપની જગતીથી દ્વીપમાં ૧૮૦ યોજન ખસતું ચંદ્રનું પહેલું સર્વાભ્યંતર મંડળ છે, તેથી પૂર્વના ૧૮૦ અને પશ્ચિમના ૧૮૦ યોજન મળી ૩૬૦ યોજન એક લાખ યોજનના જંબૂદ્વીપના વ્યાસમાંથી ઓછા કરતાં ૯૯૬૪૦ યોજન જેટલું અંતર સર્વાભ્યંતર મંડળમાં વર્તતા એક ચંદ્રને બીજા ચંદ્રથી રહેલું છે. એ જ ૯૯૬૪૦ યોજનમાંથી મેરૂ પર્વતની ભૂમિસ્થ વ્યાસ દશહજાર યોજન ઓછો કરતાં ૮૯૬૪૦ યોજન થાય છે. તેના પૂર્વ પશ્ચિમ એ બે ભાગ કરતાં ૪૪૮૨૦ યોજન આવે છે એટલે કે આટલું અંતર એક બીજા ચંદ્રનું હોય છે.

સર્વબાહ્ય ચંદ્ર મંડળ ૧૦૦૬૬૦ યોજન લાંબુ-પહોળું અને ૩૧૮૩૧૫ યોજનની પરિધિવાળું છે. ત્યારપછી બીજું બાહ્ય મંડળ ૧૦૦૫૮૭ $\frac{૯}{૬૧}+(\frac{૧}{૬૧}×\frac{૧}{૭}×\frac{૬}{૧})$ યોજન લાંબુ પહોળું અને ૩૧૮૦૮૫ યોજનની પરિધિવાળું છે. એ રીતે ત્રીજું બાહ્ય મંડળ ૧૦૦૫૧૪ $\frac{૧૯}{૬૧}+(\frac{૧}{૬૧}×\frac{૧}{૭}×\frac{૫}{૧})$ યોજન લાંબુ-પહોળું તેમ જ ૩૧૭૮૫૫ યોજનની પરિધિવાળું છે. આ રીતે આ ક્રમે પેશતો ચંદ્ર યાવત્ સંક્રમણ કરતો ૭૨$\frac{૫૧}{૬૧}+(\frac{૧}{૬૧}×\frac{૧}{૭})$ યોજન દરેક મંડળમાં લંબાઈ પહોળાઈમાં ઓછો થતો તેમ જ ૨૩૦ યોજન પરિધિમાં ઓછો થતો સર્વ બાહ્યમંડળ ઉપર ઉપસંક્રમણ કરતો ગતિ કરે છે. એટલે કે સર્વબાહ્યમંડળ લવણસમુદ્રમાં જંબૂદ્વીપના છેડાના ભાગથી ૩૩૦ યોજન દૂર બધી બાજુએ ફરતું હોવાથી બે બાજુના ૩૩૦-૩૩૦ યોજન ગણતાં ૬૬૦ યોજન જંબૂદ્વીપના એક લાખ યોજનના વ્યાસમાં વધારે ગણતાં ૧૦૦૬૬૦ યોજન થાય છે. એટલે એક ચંદ્રથી બીજા ચંદ્રનું સર્વબાહ્ય મંડળ વખતે ઉત્કૃષ્ટ અંતર ૧૦૦૬૬૦ યોજન હોય છે.

એક ચંદ્ર મંડળથી બીજા ચંદ્રમંડળનું ૩૫$\frac{૩૦}{૬૧}+(\frac{૧}{૬૧}×\frac{૧}{૭}×\frac{૪}{૭})$ યોજનનું અંતર છે. એટલે કે મંડળક્ષેત્ર ૫૧૦ યોજન અને ૪૮ એકસઠીયા ભાગનું અધિક કહ્યું છે. તેના એકસઠીયા ભાગ બનાવતાં ૫૧૦×૬૧=૩૧૧૧૦ ભાગ અને તેમાં ૪૮ ભાગ ઉમેરતાં ૩૧૧૫૮ એકસઠીયા ભાગ આવ્યા ચંદ્રમંડળ પંદર છે અને તે દરેક ૫૬ ભાગ જેટલું છે. તેથી ૧૫×૫૬=૮૪૦ ભાગ આવ્યા તે ૩૧૧૫૮ માંથી ઓછા કરતાં આંતરાનું બધું ક્ષેત્ર ૩૦૩૧૮ ભાગ રહ્યું. તેના યોજન કરવા ૬૧થી અને આંતરા લાવવા ૧૪થી ભાગતાં ૨૧૬૫$\frac{૪}{૭}$ પ્રતિભાગ થાય છે. તેના યોજન કરવા ૬૧થી ભાગતાં ૩૫ યોજન-૩૦ ભાગ અને ૪ પ્રતિભાગ આવ્યા=૩૫ યોજન-૩૦$\frac{૪}{૭}$ ભાગ થયા. (જેમ હાથમાં આંગળી પાંચ છે તેથી આંતરા ૪ થાય, તેમ મંડળોમાં પણ આંતરા એકેક ઓછા હોય છે. ચંદ્રમંડળ ૧૫ છે તેથી ચંદ્ર મંડળ વચ્ચે આંતરા ૧૪ હોય, તેથી અહીં ૧૪ આંતરા કહ્યા છે. આંતરા=ચંદ્ર સૂર્યના સ્પર્શ વગરનું શૂન્ય-ખાલી ક્ષેત્ર) આ રીતે એક ચંદ્ર મંડળથી બીજા ચંદ્ર મંડળનું




**ચંદ્ર મંડળ અને તેના આંતરા**

---

૧ સર્વ મંડળ ૧૫ અને આંતરા ૧૪ છે. ૩૫ યો. ૩૦ ભાગ અને ૪ પ્રતિભાગ એ એક મંડળથી બીજા મંડળનું અંતર છે અને દરેક મંડળ $\frac{૫૬}{૬૧}$ યો. છે. એટલે આ મંડળ લીટીઓ $\frac{૫૬}{૬૧}$ યો. જાડી જાણવી.

ચંદ્ર પણ અ સુધી બાહ્ય મંડળ પૂર્ણ કરી અ નીચેની લીટી પ્રમાણે મેરૂ તરફ ખસતો જાય છે.

અંતર ૩૫ યો. ૩૦$\frac{4}{61}$ ભાગ છે. તે એક બાજુનું અંતર હોય છે એટલું જ સામેની બીજી બાજુએ અંતર હોય છે. તે બન્નેનું ભેગું અંતર કરતાં ૭૦ યો. ૬૦ ભાગ અને ૮ પ્રતિભાગ થયું. ચંદ્રમંડળ ૫૬ ભાગનું છે, તે પણ બન્ને બાજુનું ગણતાં ૧૧૨ ભાગ થયા. તે ૧૧૨ ભાગ ૬૦ માં ઉમેરતાં ૧૭૨ ભાગ થયા તથા સાતીયા આઠ ભાગ પ્રતિ ભાગમાંથી સાત પ્રતિભાગનો એક ભાગ ૧૭૨માં ભેળવતાં ૧૭૩ ભાગ થયા અને પ્રતિ ભાગ રહ્યો, તે ૧૭૩ પ્રતિભાગ ને ૬૧થી ભાગતાં ૨ યોજન આવ્યા તે ૭૦માં ઉમેરતાં ૭૨ યોજન આવ્યા અને ૫૧ ભાગ રહયા. તેથી દરેક મંડળે ૭૨ યો. ૫૧ ભાગ. ૧ પ્રતિ ભાગ (૭૨ યો. ૫૧$\frac{1}{7}$ ભાગ) નું વધારે વધારે અંતર થતું જાય છે. (જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર)

ક્યા ક્ષેત્ર કે દ્વીપમાં કેટલા સૂર્ય છે? તે પહેલાં બતાવ્યું છે તેથી સૂર્યને લગતી બાકીની હકીકત નીચે પ્રમાણે છે:—

સૂર્યમંડળ ૪૮/૬૧ યોજન લાંબુ-પહોળું અને તેનાથી ત્રણ ગણાથી પણ થોડી વધારે પરિધિવાળું તે મજ ૨૪/૬૧ યોજન જાડાઈ છે. (ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર)

જંબૂદ્વીપમાં સૂર્ય ઇશાન ખૂણામાં ઉદય પામીને અગ્નિ ખૂણામાં અસ્ત પામે છે. અગ્નિખૂણામાં ઉદય થઈને નૈર્ઋત્યમાં અસ્ત થાય છે. નૈર્ઋત્યખૂણામાં ઉદય પામી વાયવ્ય ખૂણામાં અસ્ત પામે છે તેમજ વાયવ્યમાં ઉદય થઈને ઇશાન ખૂણામાં અસ્ત પામે છે. જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ દિવસ હોય છે તેમજ જ્યારે ઉત્તરાર્ધમાં દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપના મેરૂપર્વતની પૂર્વ-પશ્ચિમમાં રાત્રી હોય છે.

જ્યારે જંબૂદ્વીપના મેરૂપર્વતની પૂર્વમાં દિવસ હોય છે ત્યારે પશ્ચિમમાં પણ દિવસ હોય છે તેમ જ જ્યારે પશ્ચિમમાં દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપના મેરૂપર્વતની ઉત્તર-દક્ષિણમાં રાત્રી હોય છે.

જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તનો દિવસ થાય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે તેમ જ જ્યારે ઉત્તરાર્ધમાં ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપના મેરૂની પૂર્વ-પશ્ચિમમાં જઘન્ય ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે. જ્યારે જંબૂદ્વીપના મેરૂની પૂર્વમાં ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપની પશ્ચિમમાં પણ ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે તેમજ જ્યારે પશ્ચિમમાં ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપની ઉત્તરમાં ૧૨ મુહૂર્તની રાત્રી હોય છે.

જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં ૧૮ મુહૂર્તથી થોડો ઓછો દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ ૧૮ મુહૂર્તથી થોડો ઓછો દિવસ હોય છે તેમ જ જ્યારે ઉત્તરાર્ધમાં ૧૮ મુહૂર્તથી થોડો ઓછો દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપના મેરૂ પર્વતની પૂર્વ-પશ્ચિમમાં ૧૨ મુહૂર્તથી થોડી વધારે (મોટી) રાત્રિ હોય છે. જ્યારે જંબૂદ્વીપના મેરૂ પર્વતની પૂર્વમાં ૧૮

મુહૂર્તથી થોડો ઓછો દિવસ હોય છે ત્યારે પશ્ચિમમાં પણ ૧૮ મુહૂર્તથી થોડો ઓછો દિવસ હોય છે અને ત્યારે મેરૂપર્વતની ઉત્તર-દક્ષિણમાં ૧૨ મુહૂર્તથી થોડી વધારે (મોટી) રાત્રિ હોય છે.

આમ પૂર્વોક્ત ક્રમથી ૧૭ મુહૂર્તનો દિવસ અને ૧૩ મુહૂર્તની રાત્રિ, ૧૭ મુહૂર્તથી થોડો ઓછો (નાનો) દિવસ અને ૧૩ મુહૂર્તથી વધુ રાત્રિ, ૧૬ મુહૂર્તનો દિવસ અને ૧૪ મુહૂર્તની રાત્રી, ૧૬ મુહૂર્તથી થોડો ઓછો દિવસ અને ૧૪ મુહૂર્તથી વધારે રાત્રિ, ૧૫ મુહૂર્તનો દિવસ અને ૧૫ મુહૂર્તની રાત્રિ, ૧૫ મુહૂર્તથી થોડો ઓછો દિવસ અને ૧૫ મુહૂર્તથી થોડી વધુ રાત્રિ, ૧૪ મુહૂર્તનો દિવસ અને ૧૬ મુહૂર્તની રાત્રિ, ૧૪ મુહૂર્તથી થોડો ઓછો દિવસ તેમ જ ૧૬ મુહૂર્તથી થોડી વધુ રાત્રિ, ૧૩ મુહૂર્તનો દિવસ અને ૧૭ મુહૂર્તની રાત્રિ, ૧૩ મુહૂર્તથી થોડો ઓછો દિવસ અને ૧૭ મુહૂર્તથી વધુ રાત્રિ થાય છે, એ સમજી લેવું.

જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં જઘન્ય ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ જઘન્ય ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે તેમજ જ્યારે ઉત્તરાર્ધમાં ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપના મેરૂપર્વતની પૂર્વ-પશ્ચિમમાં ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તની રાત્રિ હોય છે. જ્યારે જંબૂદ્વીપના મેરૂપર્વતની પૂર્વમાં જઘન્ય ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે પશ્ચિમમાં પણ ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે તેમજ જ્યારે પશ્ચિમમાં ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપના મેરૂની ઉત્તર-દક્ષિણમાં ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તની રાત્રિ હોય છે. (ભગવતી સૂત્ર, શતક ૫ મો અને ઉદ્દેશો પહેલો).

સૂર્યના ૧૮૪ મંડળ છે. જંબૂદ્વીપમાં ૧૮૦ યોજન ક્ષેત્ર[1] માં ૬૫ સૂર્યમંડળ છે અને લવણસમુદ્રમાં ૩૩૦ યોજનના ક્ષેત્રમાં ૧૧૯ સૂર્ય મંડળ છે. આ રીતે બધા મળીને જંબૂદ્વીપ અને લવણ સમુદ્રમાં[2] ૧૮૪ સૂર્ય મંડળ છે. (જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર) નિષધ અને નીલવંત પર્વત ઉપર ૬૩ સૂર્યોદય (સૂર્યમંડળ) કહયાં છે. (સમવાયાંગ સૂત્ર, ૬૩મો સમવાય)

જંબૂદ્વીપમાં ૬૫ સૂર્ય મંડળ છે પણ ભરત સૂર્ય [સૂર્ય વર્ષની શરૂઆતમાં જે સૂર્ય ભરત ક્ષેત્રમાં ઉદયપામી સૂર્ય વર્ષનું પહેલું મંડળ અને ૧૮૪માનું બીજું મંડળ નિષધ પર્વત ઉપર પ્રારંભે છે, તે ભરત સૂર્ય કહેવાય છે. એ જ રીતે ઐરાવત સૂર્ય પણ સમજી લેવો.] ના ૬૩ મંડળો નિષધ ઉપર અને બે મંડળો હરિવર્ષ ક્ષેત્રમાં ઇશાન ખૂણે થાય છે, તે જ રીતે ઐરાવત સૂર્યના ૬૩ મંડળો નીલવંત ઉપર અને બે મંડળો રમ્યક્ ક્ષેત્રના નૈઋર્ત્ય ખૂણામાં (ક્ષેત્ર દિશાની અપેક્ષાએ થાય છે.) સર્વાભ્યંતર સૂર્ય મંડળથી સર્વબાહય સૂર્ય મંડળ ૫૧૦ યોજન દૂર રહેલ છે. (જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર)

---

૧ બાહય તેમજ અભ્યંતર આદિ સૂર્ય મંડળો જેટલો આકાશ પ્રદેશ સ્પર્શની રહેલા છે, તેટલો પ્રદેશ તે મંડળોનું 'ક્ષેત્ર' કહેવાય છે.

૨ ૨૮ અંશનુ એક એવા ૧૮૪ મંડળો છે. સૂર્ય મંડળનો વિસ્તાર $\frac{૪૮}{૬૧}$ યોજન છે તથા ચંદ્ર ચંડળનો વિસ્તાર $\frac{૫૬}{૬૧}$ યોજન છે.)




આ જંબૂદ્વીપમાં બે સૂર્ય છે, જેમ ભરતનો સૂર્ય અને ઐરાવતનો સૂર્ય, એ બંને સૂર્ય જુદા જુદા ત્રીશ ત્રીશ મુહૂર્ત દરેક અર્ધમંડળ ઉપર ગમન કરે છે. તેમજ સાઠ સાઠ મુહૂર્તમાં દરેક મંડળ પુરૂં કરે છે. નીકળતી વખતે બન્ને સૂર્ય એક બીજાના ક્ષેત્રમાં ચાલતો નથી પ્રવેશ થતી વખતે એ બન્ને સૂર્ય એક બીજાના ક્ષેત્ર ચાલે છે. આ પ્રવેશ—ક્ષેત્ર ૧૮૪ (મંડળ) છે.

અહીં આ ભરતનો સૂર્ય જંબૂદ્વીપની પૂર્વ-પશ્ચિમની લંબાઈ તેમજ ઉત્તર-દક્ષિણની પહોળાઈની જીવાથી મંડળના ૧૨૪ ભાગ કરવાથી દક્ષિણ-પૂર્વ (અગ્નિ ખૂણા)ના ચતુર્ભાગ મંડળમાં જ્યારે ૯૧મા મંડળથી નીકળે છે ત્યારે તે પોતાના જ ક્ષેત્રમાં જાય છે તેમજ ઉત્તર- પશ્ચિમ (વાયવ્ય ખૂણા)ના ચતુર્ભાગ મંડ-ળમાં જ્યારે ૯૧મા મંડળથી નીકળે છે ત્યારે તે સૂર્ય પોતાના જ ક્ષેત્રમાં જાય છે.

આ ભરતનો સૂર્ય ઐરાવતના સૂય મંડળના જંબૂદ્વીપની પૂર્વ-પશ્ચિમની લંબાઈ તેમજ ઉત્તર-દક્ષિણની પહોળાઈની જીવાથી મંડળના ૧૨૪ ભાગ કરવાથી ઉત્તર-પૂર્વ (ઈશાનખૂણા) ના ચતુર્ભાગ મંડળમાં ૯૨મા મંડળથી નીકળતાં બીજા ક્ષેત્રમાં ચાલે છે તેમજ દક્ષિણ-પશ્ચિમ (નૈઋત્ય-ખૂણા) ના ચતુર્ભાગ મંડળમાં ૯૧મા મંડળથી નીકળીને બીજાના ક્ષેત્રમાં જ જાય છે.

આ ઐરાવતનો સૂર્ય જંબૂદ્વીપની પૂર્વ-પશ્ચિમની લંબાઈ તેમજ ઉત્તર-દક્ષિણની પહોળાઇની જીવાથી મંડળના ૧૨૪ ભાગ કરવાથી ઉત્તર-પૂર્વ (ઈશાન-ખૂણાં) ના ચતુર્ભાગ મંડળમાં જ્યારે ૯૨માં મંડળથી નીકળે છે ત્યારે તે પોતાનાજ ક્ષેત્રમાં વિચરે છે તેમજ દક્ષિણ-પૂર્વ (અગ્નિ ખૂણા) ના ચતુર્ભાગ મંડળમાં જ્યારે ૯૧ મા મંડળથી નીકળે છે ત્યારે તે પોતાનાજ ક્ષેત્રમાં વિચરે છે.

આ ઐરાવતનો સૂર્ય જંબૂદ્વીપની પૂર્વપશ્ચિમની લંબાઈ તેમજ ઉત્તર-દક્ષિણની પહોળાઈની જીવાથી ૧૨૪ ભાગ કરવાથી દક્ષિણ-પશ્ચિમ (નૈર્ઋત્ય ખૂણા) ના ચતુર્ભાગ મંડળમાં ૯૨ મંડળથી નીકળવાથી બીજાના ક્ષેત્રમાં જાય છે તેમજ ઉત્તર-પૂર્વ (ઈશાન-ખૂણા) ના ચતુર્ભાગ મંડળથી નીકળીને બીજાના ક્ષેત્રમાં જ જાય છે.

પ્રવેશ કરતી વખતે બન્ને સૂર્ય એક બીજાના ક્ષેત્રમાં આજ કારણે ચાલે છે. (ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર)

આ બધા મંડળ ૪૮/૬૧ યોજન જાડા, અનિયત લંબાઈ, પહેળાઇ તેમ જ પરિધિવાળા છે. આનું કારણ એ છે કે આ જંબૂદ્વીપમાં જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડળ ઉપર ઉપસંક્રાંત થઇને ગતિ કરે છે. ત્યારે તે મંડળ ૪૮/૬૧ યોજન જાડું, ૯૯૬૪૦ યોજન લાંબુ પહોળું (આ ૯૯૬૪૦ કેવી રીતે થાય છે તેની વિગત સર્વ અભ્યંતર ચંદ્રમંડળના વર્ણનમાં જણાવેલ છે ત્યાંથી જિજ્ઞાસુઓએ જોઈ લેવી) તેમ જ ૩૧૫૦૮૯ યોજનથી થોડી વધુ પરિધિવાળું હોય છે. એ સમયે ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે તેમજ જઘન્ય ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે. ત્યાંથી નીકળતો સૂર્ય નવા સંવત્સર (વર્ષ) માં આવતા પ્રથમ અહોરાત્રિમાં આભ્યંતરના બીજા મંડળ ઉપર ઉપસંક્રાંત થઇને ગતિ કરે છે.

જ્યારે સૂર્ય આભ્યંતરના બીજા મંડળ ઉપર ઉપસંક્રાંત થઇને ગતિ કરે છે ત્યારે ૪૮/૬૧ યોજન જાડું ૯૯૬૪૫ ૩૫/૬૧ યોજન લાંબુ-પહોળું અને ૩૧૫૧૦૭ યોજનથી થોડી ઓછી પરિધિવાળું હોય છે. એ સમયે દિન-રાતનું પ્રમાણ પણ એજ હિસાબે હોય છે. ત્યાંથી નીકળતો સૂર્ય બીજી અહોરાત્રિમાં અભ્યંતરના ત્રીજા મંડળ ઉપર ઉપસંક્રાંત થઇને ગતિ કરે છે. જ્યારે સૂર્ય આભ્યંતરના ત્રીજા મંડળ ઉપર ઉપસંક્રાંત થઇને ગતિ કરે છે. ત્યારે તે મંડળ ૪૧/૬૧ યોજન જાડું, ૯૯૬૫૧ ૯/૬૧ યોજન લાંબુ-પહોળું તેમજ ૩૧૫૧૨૫ યોજનની પરિધિવાળું હોય છે. એ સમયે દિવસ-રાત્ર એજ હિસાબે હોય છે. આ રીતે નીકળતો સૂર્ય એક મંડળથી બીજા મંડળ ઉપર ઉપસંક્રમણ કરતો દરેક મંડળમાં ૫ ૩૫/૬૧ યોજન લંબાઈ-પહોળાઈ સહિત તેમજ ૧૮ યોજન પરિધિમાં વધતો સર્વ બાહ્ય મંડળ ઉપર ઉપસંક્રાંત થઇને ગતિ કરે છે.

જ્યારે સૂર્ય સર્વ બાહ્યમંડળ ઉપર ઉપસંક્રાંત થઇને ગતિ કરે છે ત્યારે તે મંડળ ૪૮/૬૧ યોજન જાડું ૧૦૦૬૬૦ યોજન લાંબુ-પહોળું (સર્વ બાહ્ય ચંદ્ર-મંડળના વર્ણન પ્રસંગે ૧૦૦૬૬૦ યોજન કેવી રીતે થાય છે તે બતાવેલ છે. તે જિજ્ઞાસુ આત્માઓએ ત્યાં જોઈ લેવું) તેમ જ ૩૧૮૩૧૫ યોજનની પરિધિવાળું હોય છે. એ સમયે ઉત્કૃષ્ટ ૧૮ મુહૂર્ત રાત્રિ હોય છે તેમજ જઘન્ય ૧૨ મુહૂર્તનો દિવસ હો;ય છે. આ પહેલા છ માસ તેમજ પહેલા છ માસના અંતના સંબંધમાં છે. ત્યાંથી પ્રવેશ કરતો સૂર્ય બીજા છ માસમાં આવતો પહેલી અહોરાત્રિમાં બાહ્યના બીજા મંડળ ઉપર ઉપસંક્રાંત થઇને ગ્રુતિ કરે છે. જ્યારે સૂર્ય બાહ્યના બીજા મંડળ ઉપર ઉપસંક્રાંત થઇને ગતિ કરે છે ત્યારે તે મંડળ ૪૮/૬૧ યોજન જાડું, ૧૦૦૬૫૪ ૨૬/૬૧ યોજન લાંબુ-પહોળું તેમજ ૩૧૮૨૯૭ યોજનની પરિધિવાળું હોય છે. એ સમયે રાત-દિવસ એજ હિસાબે હોય છે. ત્યાંથી પ્રવેશ કરતો સૂર્ય બીજી અહોરાત્રિમાં બાહ્યના ત્રીજા મંડળ ઉપર ઉપસંક્રાંત થઇને ગતિ કરે છે, જ્યારે સૂર્ય બાહ્યના ત્રીજા મંડળ ઉપર ઉપસંક્રાંત થઇને ગતિ કરે છે ત્યારે તે મંડળ ૪૮/૬૧ યોજન જાડું, ૧૦૦૬૪૮ ૫૨/૬૧ યોજન લાંબુ-પહોળું તેમ જ ૩૧૮૨૭૯ યોજનની પરિધિવાળું હોય છે. એ સમયે દિવસ-રાત એજ હિસાબે હોય છે. આ રીતે પ્રવેશ કરતો સૂર્ય એક પછી બીજા

મંડળ ઉપર સંક્રમણ કરતો દરેક મંડળમાં ૫ $\frac{૩૫}{૬૧}$ યોજનની લંબાઈ–પહોળાઈમાં તેમજ ૧૮ યોજનની પરિધિમાં ઓછું થતું સર્વાભ્યંતર મંડળ ઉપર ઉપસંક્રાંત થઇને ગતિ કરે છે. (સૂર્ય મંડળમાં દરેક મંડળ બે યોજનને અંતરે છે અને ૪૮ ભાગ મંડળના મળીને ૨ યોજન અને ૪૮ ભાગ એક બાજુની અંતરવૃદ્ધિ હોય છે, તેવીજ બીજી બાજુ ગણતાં ૪ યોજન ૯૬ ભાગ આવે. એમાં ૯૬ માંથી ૬૧ ભાગનો ૧ યોજન કાઢી લઈ ૪ યોજનમાં ૧ યોજન ઉમેરતા ૫ યોજન થાય અને ૩૫ ભાગ રહે તેથી સ્પષ્ટ થાય છે કે દરેક મંડળે બે સૂર્યોને પરસ્પર ૫ યોજન ૩૫ ભાગ જેટલું અંતર વધે છે અને એ પ્રમાણે વધતાં વધતાં સર્વ બાહ્ય મંડળે ૧૦૬૦૦ યોજન જેટલું બે સૂર્યનું અંતર પરસ્પર હોય છે.

જ્યારે સૂર્ય સર્વાભ્યંતર મંડળ ઉપર ઉપસંક્રાંત થઇને ગતિ કરે છે ત્યારે તે મંડળ ૪૮/૬૧ યોજન જાડું, ૯૯૬૪૦ યોજન લાંબુ-પહોળું તેમજ ૩૧૫૦૮૯ યોજનથી થોડું વધુ પરિધિવાળું હોય છે. એ સમયે ઉત્કૃટ ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે અને જઘન્ય ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે. આ બીજા છ માસ તેમજ બીજા છ માસના અંતના વિષયમાં છે. આ આદિત્ય સંવત્સર તેમજ આદિત્ય સંવત્સરના અંત માટે સમજવું.

આ બધા મંડળ ૪૮/૬૧ યોજન જાડા છે. બધા મંડળોનું અંતર બે યોજનની લંબાઈ–પહોળાઈનું છે. (મંડળ ક્ષેત્ર પહેલાં ૫૧૦ યોજન અને ૪૮ એકસઠીયા ભાગનું અધિક કહ્યું છે. તે અહીં ગણિતની સરળતા માટે ૫૧૦ યોજનના એકસઠીયા ભાગ બનાવીએ તો ૫૧૦×૬૧=૩૧૧૧૦ ભાગ આવે તેમાં ૪૮ ભાગ ઉમેરતા ૩૧૧૫૮ એકસઠીયા ભાગ થયા સૂર્ય મંડળો ૧૮૪ છે અને દરેક મંડળ ૪૮ ભાગનું છે, માટે ૧૮૪×૪૮=૮૮૩૨ ભાગ આવ્યા તેને પહેલા કહેલા ૩૧૧૧૫૮ મંડળના ક્ષેત્રાંશમાંથી ઓછા કરતાં ૨૨૩૨૬ ક્ષેત્રાંશ આવે. તેને ૧૮૩ આંતરાથી ભાગતાં ૧૨૨ અંશ આવે અને એ એકસઠીયા અંશ હોવાથી ૬૧ થી ભાગતાં બે યોજન સંપૂર્ણ અંતર આવે છે. એ પ્રમાણે પહેલા સૂર્ય મંડળથી બીજું સૂર્ય મંડળ બે યોજન દૂર છે. ત્યાર પછી બીજાથી ત્રીજું, એમ જતાં જતાં ૧૮૩ મા મંડળથી ૧૮૪મું મંડળ બે યોજન દૂર છે.) ઉપરનો માર્ગ ૧૮૩ દિવસમાં પૂરા થનારા ૫૧૦ યોજનનું છે. અભ્યંતર મંડળનાં અંદરના અંતથી બાહ્ય મંડળના અંદરના અંત સુધીના ૫૧૦ યોજનનો માર્ગ છે.

અભ્યંતર મંડળના અંદરના અંતથી બાહ્ય મંડળના બાહ્યાંત સુધી તેમજ બાહ્ય મંડળના બાહ્યાંત સુધી અભ્યંતર મંડળના અંત સુધી ૫૧૦ $\frac{૪૮}{૬૧}$ યોજનનો માર્ગ છે. (સૂર્ય મંડળાંતર બે યોજનને ૧૮૩ આંતરાથી ગુણતાં ૩૬૬ યોજન થયા એને ૪૮ એક મંડળાંશને ૧૮૪ થી ગુણતાં ૮૮૩૨ આવ્યા. તેને ૬૧ ૬૧ થી ભાગતાં ૧૪૪ યોજન અને ૪૮ અંશ આવ્યા. તેને ૩૬૬ માં ઉમેરતાં ૫૧૦ યોજન અને ૪૮ અંશ સંપૂર્ણ મંડળ ક્ષેત્ર મળે છે.) આભ્યંતર મંડળના બાહ્યાંતથી બાહ્ય મંડળના અંદરના અંત સુધી તેમજ બાહ્ય મંડળના અંદરના અંતથી અભ્યંતર મંડળના બાહ્યાંત સુધીનો ૫૦૯ $\frac{૧૩}{૬૧}$ યોજનનો માર્ગ છે. અભ્યંતર મંડળના બાહ્યાંતથી બાહ્ય મંડળ બાહ્યાંત સુધી તેમજ બાહ્ય– મંડળના બાહ્યાંતથી અભ્યંતર મંડળના બાહ્યાંત સુધી ૫૧૦ યોજનનો માર્ગ છે. (જંબૂ દ્વીપ–ચંદ્ર–સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર)




સૂર્ય મંડળ અને તેના આંતરા
(જુઓ ફૂટ નોટ)




જંબૂદ્વીપમાં રહેલા સર્વાભ્યંતર સૂયમંડળ ૯૯૬૪૦ યોજન લાંબા-પહોળા અને ૩૧૫૦૮૯ યોજનથી થોડી વધારે પરિધિવાળા છે. એ અભ્યંતર પછીના બીજું સૂર્યમંડળ ૯૯૬૯૫૩૫/૬૧ યોજન લાંબુ-પહોળું અને ૩૧૫૧૦૭ યોજનની પરિધિવાળું છે. અભ્યંતર ત્રીજું સૂર્ય મંડળ ૯૯૬૫૧૦/૬૧ યોજન લાંબુ-પહોળું અને ૩૧૫૧૨૫ યોજનની પરિધિવાળું છે. આ ક્રમથી નીકળતો સૂર્ય એક પછી બીજા મંડળ ઉપર જતો દરેક મંડળમાં ૫૩૫/૬૧ યોજન લંબાઈ-પહોળાઈ સહિત વધતું તેમજ ૧૮ યોજનની પરિધિમાં વધતું સર્વ બાહ્ય મંડળે થઈને ગતિ કરે છે.

સર્વ બાહ્ય સૂર્ય મંડળ ૧૦૦૬૬૦ યોજન લાંબુ-પહોળું તેમજ ૩૧૮૩૧૫ યોજનની પરિધિવાળું છે, બાહ્યનું બીજું મંડળ ૧૦૦૬૫૪૨૬/૬૧ યોજન લાંબું-પહોળું અને ૩૧૮૨૯૭ યોજનની પરિધિવાળું છે. બાહ્યનું ત્રીજું મંડળ ૧૦૦૬૪૮ ૫૨/૬૧ યોજન લાંબુ-પહોળું અને ૩૧૮૨૭૯ યોજનની પરિધિવાળું છે. આ ક્રમથી પ્રવેશતો સૂર્ય એક પછી બીજા મંડળ ઉપર જતાં દરેક મંડળમાં ૫૩૫/૬૧ યોજન લંબાઈ-પહોળાઈ ને ઓછું કરતુ તેમજ ૧૮ યોજન પરિધિમાં ઘટતું સર્વાભ્યંતર મંડળ ઉપર થઇને ગતિ કરે છે. (જંબૂદ્વીપ-ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ)

---

સર્વ મંડળ ૧૮૪ અને આંતરા ૧૮૩ છે. अ થી ब સુધીનું સીધી લીટીનું મંડળક્ષેત્ર છે. અને તે ૫૧૦૪૮/૬૧ યોજન છે. અ ખ ક ડ વર્તુળ લીટી ૪૮/૬૧ જાડી તે પહેલું મંડળ પૂર્ણ ગણાય, એવા ૧૮૪ મંડળ છે. સૂર્ય स સુધી જઇને દર્શાવેલી લીટી પ્રમાણે મેરૂ તરફ ખસતો જાય છે.

બીજો સૂર્ય 'ખ' સ્થાનથી એવાજ બીજા જુદા મંડળ ૧૮૪ કરે છે. બે સૂર્યના મંડળ એક લીટીમાં આવતા નથી પણ પોતપોતાની જુદી લીટીઓ પાડે છે. એ દરેક મંડળ બે-બે યોજનને અંતરે હોય છે.

**સૂર્યનું તાપ ક્ષેત્ર :–** જંબૂદ્વીપમાં સૂર્ય ઊંચે એક સો યોજન ક્ષેત્રને તપાવે છે, ૧૮૦૦ યોજન નીચેના ક્ષેત્રને તપાવે છે અને ૪૭૨૧૩ ૨૧/૬૦ યોજન તીરછા ક્ષેત્રને તપાવે છે. (જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ–ચંદ્ર–સૂર્ય પ્રજ્ઞપ્તિ, ભગવતીજી સૂત્ર શતક ૮ મે। ઉદ્દેશો આઠમો)

ચંદ્ર, સૂર્ય વગેરે જ્યોતિષી દેવોમાં ચંદ્રને મુખ્ય માનેલો છે, તેથી તેનો પરિવાર કહેવાય છે; બાકીના બધાને ચંદ્રમાંજ સમાવેલા છે. જ્યાં એક ચંદ્ર હોય છે ત્યાં ૮૮ ગ્રહો, ૨૮ નક્ષત્રો તથા ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા હોય છે એટલે કે એટલો એક ચંદ્રનો પરિવાર હોય છે. શાસ્ત્રમાં સૂર્યનો પરિવાર જુદો બતાવેલો નથી. ચંદ્ર-સૂર્યથી મહર્દ્ધિક અને વધારે પુણ્યવાન છે. ચંદ્ર-સૂર્ય બન્નેને ઇંદ્ર પદવી હોય છે.

અત્યાર સુધી ચંદ્ર-સૂર્યનું વર્ણન કર્યું, હવે ગ્રહોનું વર્ણન કરવામાં આવે છે.

ચંદ્ર-સૂર્યના મંડળો હોય છે, પણ ગ્રહોને મંડળ હોતા નથી. મેરૂની આસપાસ વલયાકારે અનિયમિત મંડળની રીતે ફરે છે. કોઈ કોઈ વાર ફરતાં ફરતાં દૂર જાય છે અને કોઈ વાર નજીક આવે છે. કોઈવાર પાછા હઠીને પાછા ચાલે છે. આમ અનિયમિત ગતિના કારણે શાસ્ત્રમાં નિયમિત ગણતરી આપેલ નથી રાહુ, કેતુ, મંગળ વગેરે ગ્રહો થોડી નિયમિત ગતિવાળા હોવાથી તેનું ગણિત મળે છે. [1]ગ્રહો ૮૮ છે. તે નીચે પ્રમાણે છેઃ—(૧) અંગારક (૨) વિકારક, (૩) લોહિત્યક, (૪) શનૈશ્ચર, (૫) આધુનિક, (૬) પ્રાધુનિક (૭) કણ, (૮) કણક, (૯) કણકણક, (૧૦) કણવિતાનક, (૧૧) કણસંતાનક, (૧૨) સોમ, (૧૩) સહિત, (૧૪) આશ્વાસન, (૧૫) કાર્યોપગ, (૧૬) કર્બટક, (૧૭) અજકરક, (૧૮) દુંદુભક, (૧૯) શંખ, (૨૦) શંખનાભ, (૨૧) શંખવર્ણાભ, (૨૨) કંસ, (૨૩)[2] કંસનાભ, (૨૪) કંસવર્ણાભ, (૨૫) નીલ, (૨૬) નીલાવભાસ, (૨૭) રૂપી, (૨૮) રૂપ્યવભાસ, (૨૯) ભસ્મ, (૩૦) ભસ્મરાશિ, (૩૧) તિલ (૩૨) તિલપુષ્પવર્ણક, (૩૩) દક, (૩૪) દકવર્ણ (૩૫)[3]કામ, (૩૬) વંધ્ય, (૩૩) ઇંદ્રાગ્નિ, (૩૮) ધૂમકેતુ, (૩૯) હરિ, (૪૦) પિંગળ, (૪૧) બુધ, (૪૨)[4]શુક્ર, (૪૩)બૃહસ્પતિ

---

૧ ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ. ૨ ઠાણુાંગ સૂત્ર ઠાણું બીજું અને ઉદ્દેશા ત્રીજામા 'કંસનાભ' ને બદલે 'કંસવર્ણ' નામ છે. તથા અહીં 'નીલ' અને 'નીલાવભાસ' પહેલાં છે અને પછી 'રૂપ્પી' અને 'રૂપ્યવભાસ' છે તેને બદલે ત્યાં 'રૂપ્પી' અને 'રૂપ્યવભાસ' પહેલા છે અને 'નીલ' અને 'નીલાવભાસ' પછી બતાવેલ છે.

૩. ઠાણાંગમાં 'કાય' ને ભદલે 'કાક' અને 'લંધ્ય' ને બદલે 'કર્કન્ધ' આપેલ છે.

૪ 'સુકકેણું મહગ્ગહે અવરેણું ઉદિએ સમાણે એગુણવીસં નકખતાઈં સમંચારં ચરિત્તા અવરેણું અત્થમણું ઉવાગચ્છઇ'— સમવાયાંગ સૂત્ર ૧૯ મો સમવાય. 'શુકનામનો મહાગ્રહ પશ્ચિમ દિશામાં ઉદય પામીને ૧૯ નક્ષત્રો સંચરણ કરીને પશ્ચિમદિશામાં અસ્ત થાય છે. જ્યારે શ્રીકાશીનાથે બનાવેલ 'શીઘ્રબોધ' નામના જ્યોતિષના ગ્રંથના ચોથા પ્રકરણના ૨૭ તથા ૨૮ માં શ્લોકમાં કહયું છે કેઃ— સાર્ધાષ્ટમાસાન્ પૂર્વસ્મિન્નુદિતો દ્દશ્યતે ભૃગુઃ । સાર્ધમાસદ્વયં સૂર્યમંડલાન્તર્ન દ્દશ્યતે ॥ ઉદિતઃ પશ્ચિમે ભાગે નવમાસાંશ્ચ દ્દશ્યતે । દશાહં સૂર્યમધ્યે તુ તતશ્ચા સ્તમિતો ભવેત્ ॥ જે દિવસે શુક્ર પૂર્વમાં ઉંદય થાય એનાથી બરાબર સાડા આઠ મહિના પછી પૂર્વ જ દિશામાં અસ્ત થાય છે અને અઢી મહિના સુધી બરાબર અસ્ત રહીને પશ્ચિમ દિશામાં ઉંદય થાય છે, પછી નવ મહિના સુધી ઉદિત રહીને ૧૦ દિવસ સૂર્યના પ્રચંડ તેજમાં અદ્દશ્ય થઇને પછી અસ્ત થાય છે.

(ગુરૂ), (૪૪) રાહુ, (૪૫) અગસ્તિ, (૪૬) માણવક (૪૭),[૧]કામસ્પર્શ, (૪૮) ધુર, (૪૯) પ્રમુખ, (૫૦) વિકટ, (૫૧)[૨]વિસંધિકલ્પ, (૫૨) પ્રકલ્પ, (૫૩) જટાલ, (૫૪) અરૂણ, (૫૫) અગ્નિ, (૫૬) કાળ, (૫૭) મહાકાળ, (૫૮) સ્વસ્તિક, (૫૯) સૌવસ્તિક, (૬૦) વર્ધમાનક, (૬૧)[૩]પ્રલંબ, (૬૨) નિત્યલોક, (૬૩) નિત્યોદ્યોત, (૬૪) સ્વયંપ્રભ, (૬૫) અવભાસ, (૬૬) શ્રેયસ્કર, (૬૭) ક્ષેમંકર, (૬૮) આભંકર, (૬૯) પ્રભંકર, (૭૦) અરજા, (૭૧)[૪]વિરજા, (૭૨) અશોક, (૭૩) વીતશોક, (૭૪)[૫]વિવર્ત, (૭૫) વિવસ્ત્ર, (૭૬) વિશાળ, (૭૭) શાલ, (૭૮) સુવ્રત, (૭૯) અનિવૃત્તિ, (૮૦) એકજટી, (૮૧) દ્વિજટી, (૮૨)[૬] કર, (૮૩) કરિક, (૮૪) રાજ્ય, (૮૫)[૭]અર્ગલ, (૮૬)[૮]પુષ્પ, (૮૭) ભાવક, (૮૮)[૯]કેતુ.

[૧૦]'તિલોય પણ્ણત્તી' નામના ગ્રંથમાં નીચે પ્રમાણે ૮૮ ગ્રહોના નામ છે:—

બુધ, શુક્ર, બૃહસ્પતિ, મંગલ, શનિ, કાલ, લોહિત, કનક, નીલ, વિકાલ, કેશ, કવયવ, કનક સંસ્થાન, દુંદુભક, રકતનિલ, નીલાભાસ, અશોક સંસ્થાન, કંસ, રૂપનિલ, કસકવર્ણ, શંખ પરિણામ, તિલપુચ્છ, શંખવર્ણ, ઉદકવર્ણ, પંચવર્ણ, ઉત્પાત, ધૂમકેતુ, તિલ, નભ, ક્ષારરાશિ, વિજિષ્ણુ, સદૃહ, સંધિ, કલેવર, અભિન્ન, ગ્રંથિ, માનવક, કાલક, કાલકેતુ, નિલય, અનય, વિદ્યુજિજહ, સિંહ, અલખ, નિર્દુઃખ, કાલ, મહાકાલ રૂદ્ર, મહારૂદ્ર, સંતાન, વિપુલ, સંભવ, સર્વાર્થી, ક્ષેમ, ચંદ્ર નિર્મંત્ર, જ્યોતિષમાન, દિશસંસ્થિત, વિરત, વીતશોક, નિશ્છલ, પ્રલંબ, ભાસુર, સ્વયંપ્રભ, વિજય, વૈજયંત, સીમંકર, અપરાજિત, જયંત, વિમલ, અભયંકર, વિકસ, કાષ્ઠી, વિકટ, કજજલી, અગ્નિજવાલ, અશોક, કેતુ, ક્ષીરસ, અઘ, શ્રવણ, જલકેતુ, કેતુ, અંતરદ, એકસંસ્થાન, અશ્વ, ભાવગ્રહ, મહાગ્રહ.

[૧૧]વિકાલકોઙ્ગારકશ્ચ, લોહિતાંક: શનૈશ્ચર: ।
આધુનિક: પ્રાધુનિક:, કણ: કણક એવ ચ ॥૭૦૦॥

નવમ: કણકણક:, તથા કણ વિતાનક: ।
કણસંતાનકશ્ચૈવં, સોમ: સહિત એવં ચ ॥૭૦૧॥

અશ્વસેન: તથા કાર્યોપગ:, કર્બુરકોડપિચ ।
તથાજકરકો દુન્દુભક:, શંખાભિદ: પર: ॥૭૦૨॥

---

૧ અહીં 'કામસ્પર્શ' કહેલ છે પણ ઠાણાંગમાં તેને બદલે 'કાસ' અને 'સ્પર્શ' એ બે બતાવીને ૪૭ તથા ૪૮ એ બે જુદા નંબરો આપેલા છે.

૨ ઠાણાંગમાં ફકત 'વિસંધિ' નામ આપેલ છે. તેનો નંબર પરમો છે. અને ત્યાર પછી 'નિયલ્લ' ૫૩ મા નંબરે છે

૩ 'વર્ધમાનક' પછી ઠાણાંગમાં 'પૂસમાનક' અને 'અંકુશ' નામના બે વધારે બતાવ્યા છે.

૪ 'અરજા' પછી 'વિરજા' આપેલ નથી.

૫ 'વીતશોક' પછી ઠાણાંગમાં 'વિમળ, વિતલ, વિત્રસ્ત' આપેલ છે.

૬-૭ ઠાણાંગમાં ૮૫મા નંબરે 'કરકકિને ભેગો-એકજ ગણેલ છે અને ૬મા નંબરે 'રાજર્ગલા' ભેગો ગણેલ છે.

૮ ઠાણાંગમાં ૮૭ મા નંબરે 'પુષ્પકેતુ' અને ૮૮ મા નંબરે 'ભાવકેતુ' બતાવેલ છે. આ રીતે ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિ તથા ઠાણાંગ સૂત્રમાં ફેરફાર રહેલો છે. વિદ્વાન-શાસ્ત્રજ્ઞ સંતો તેમજ બહુશ્રુત-ગીતાર્થ મુનિઓએ વિચારવાની જરૂર છે.

૯ 'ઠાણું' પાનુ ૧૩૯ 'જૈન વિશ્વભારતી પ્રકાશન' ૧૦ 'લોકપ્રકાશ' સર્ગ ૨૦ ગાથા ૭૦૦ થી ૭૧૪

શંખનાભસ્તથા શંખવર્ણાભઃ કંસ એવ ચ ।
કંસનાભસ્તથા કંસવર્ણાભઃ નીલ એવ ચ ॥૭૦૩॥

નીલાવભાસો રૂપ્યી ચ રૂપ્યાવભાસ ભસ્મકૌ ।
ભસ્મરાશિ તિલતિલ પુષ્પવર્ણદકાભિધાઃ ॥૭૦૪॥

દકવર્ણઃ તથાકાયોઽવંધ્ય ઇન્દ્રાગ્નિરેવ ચ ।
ધૂમકેતુઃ હરિઃ પિંગલકો બુદ્ધસ્તથૈવ ચ ॥૭૦૫॥

શુક્રો બૃહસ્પતી રાહુવગસ્તિમાણવકાસ્તથા ।
કામસ્પર્શશ્ચધુરકઃ, પ્રમુખો વિકટોઽપિ ॥૭૦૬॥

વિસંધિકલ્પઃ પ્રકલ્પઃ સ્યુર્જટાલારુણાગ્નયઃ ।
ષટ્પંચાશત્તમઃ કાલો મહાકાલસ્તતઃ પરઃ ॥૭૦૭॥

સ્વસ્તિકઃ સૌવસ્તિકશ્ચ વર્ધમાનઃ પ્રલંબકઃ ।
નિત્યાલોકો નિત્યોદ્યોતઃ સ્વયંપ્રભોઽવભાસકઃ ॥૭૦૮॥

શ્રેયસ્કરસ્તથા ક્ષેમંકર, આભંકરોઽપિચ ।
પ્રભંકરો રજાશ્ચૈવ, વિરજાનામ કીર્તિતઃ ॥૭૦૯॥

અશોકો વીતશોકશ્ચ, વિમલાખ્યો વિતપ્તકઃ ।
વિવસ્ત્રશ્ચ, વિશાલશ્ચ શાલઃ સુવ્રત એવ ચ ॥૭૧૦॥

અનિવૃત્તિશ્ચૈકજટી, દ્વિજટી કરિકઃ કરઃ ।
રાજાર્ગલઃ પુષ્પકેતુઃ ભાવકેતુરિતિ ગ્રહાઃ ॥૭૧૧॥

આ રીતે બાર ગાથાથી ૮૮ ગ્રહોના નામ આપેલા છે.

ગ્રહાસ્તુ સર્વે વક્રાતિચારાદિગતિભાવતઃ ।
ગતાવનિયતાઃ તેન નૈતેષાં પ્રાકતનૈઃકૃતા ॥૭૧૨॥

ગતિપ્રરૂપણા નાપિ મંડલાનાં પ્રરૂપણા ।
લોકાત્તુ કેષાંચિત્, કિંચિત્ ગત્યાદિ શ્રૂયતેઽપિહિ ॥ ૭૧૩ ॥ યુગ્મમ્॥

એ બધા ગ્રહોની વક્ર અને અનિયમિત ગતિ હોવાથી પૂર્વાચાર્યોએ એમની ગતિ કે મંડળ વિષે કંઈ કહ્યું નથી. જોકે તેમનામાંના કેટલાક ગ્રહોનું ગતિ વગેરે થોડું સ્વરૂપ લોકો પાસેથી સાંભળવા મળે છે. (૭૧૨-૭૧૩)

મેરોઃ પ્રદક્ષિણાવર્ત્તં, ભ્રમન્ત્યેતેઽપિ મંડલૈઃ ।
સદાનવસ્થિતૈરેવ, દિવાકરશશાંકવત્ ॥ ૭૧૪ ॥

તેઓ પણ સૂર્ય-ચંદ્રની જેમ હમેશ અનિયમિત મંડળોથી ફરતા ભમ્યા કરે છે. (૭૧૪)

ગ્રહોમાં રાહુનું વર્ણન શાસ્ત્રોમાંથી મળે છે માટે રાહુનું સ્વરૂપ બતાવ્યું છે. ધ્રુવરાહુ (નિત્ય-રાહુ) અને પર્વરાહુ એ બે પ્રકારના રાહુ છે. વદી પક્ષની એકમથી પોતાના પંદરમા ભાગથી ચંદ્રના પ્રકાશને ઢાંકવાનું કાર્ય ધ્રુવરાહુ કરે છે. જેમકે એકમ ને દિવસે એક ભાગ, બીજને દિવસે બે ભાગ, એ રીતે અમાસને દિવસે ૧૫મા ભાગને ઢાંકે છે. આ રીતે ચરમ સમયમાં ચંદ્ર ઢંકાયેલ રહે છે, બાકીના સમયમાં ચંદ્ર ઢંકાયેલ કે ખુલ્લો બન્ને રીતે રહે છે. સુદી પક્ષમાં ચંદ્રના ભાગને ખોલે-દેખાડે છે. જેમ એકમે પહેલા ભાગને, બીજને દિવસે બીજા ભાગને એમ પુનમે પંદરમા ભાગને ખુલ્લો કરે છે. બાકીના સમયમાં ચંદ્ર ઢંકાયેલ તેમજ ખુલ્લો એમ બન્ને પ્રકારનો હોય છે. આમાં જે પર્વરાહુ છે તે જઘન્ય છ માસમાં ચંદ્ર તથા સૂર્યને અને ઉત્કૃષ્ટ બેતાળીસ મહિનામાં ચંદ્રને તથા અડતાળીશ વર્ષમાં સૂર્યને ઢાંકે છે. (ચંદ્ર–સૂર્ય પ્રજ્ઞપ્તિ અને ભગવતીજી શતક બારમો ઉદ્દેશો છઠ્ઠો.) પર્વરાહુથી ગ્રહણ અને ધ્રુવરાહુથી સુદી-વદી પક્ષ બને છે.

રાહુ મહર્દ્ધિક, મહાનુભાવ, શ્રેષ્ઠ વસ્ત્ર ધારી તેમજ શ્રેષ્ઠ આભૂષણ ધારણ કરનાર દેવ છે. તે રાહુના નવ નામ છેઃ–

[1]શ્રૃંગાટકશ્ચ જટિલઃ, ક્ષત્રકઃ ખરકસ્તથા ।
દુર્ધરઃ સગરો મત્સ્યઃ કૃષ્ણસર્પશ્ચ કચ્છપઃ ॥૪૫૫॥

ઇત્યસ્ય નવ નામાનિ, વિમાનાસ્ત્વસ્યપચધા ।
કૃષ્ણનીલ રકતપીત શુકલ વર્ણમનોહરાઃ ॥૪૫૬॥ [યુંગ્મમ્]

શ્રૃંગાટક, જટિલ, ક્ષત્રક ખરક, દુર્ધર [2]સગર (મગર), મત્સ્ય, કૃષ્ણસર્પ અને કચ્છપ એ નવ રાહુના નામ છે તથા કાળા, નીલા, રાતા, પીળા અને સફેદ વર્ણા તેના મનોહર વિમાનો છે.

૧. જ્યારે રાહુદેવ આવતાં-જતાં-વિકુર્વણા કરતાં કે પરિચારણ કરતાં ચંદ્ર કે સૂર્યની લેશ્યા-પ્રકાશને પૂર્વથી ઢાંકીને પશ્ચિમ તરફ જાય છે ત્યારે પૂર્વમાં ચંદ્ર કે સૂર્ય દેખાય છે તેમજ પશ્ચિમમાં રાહુ દેખાય છે.

૨. જ્યારે રાહુદેવ આવતાં-જતાં વગેરે ક્રિયાઓ કરતાં ચંદ્ર કે સૂર્યના પ્રકાશને દક્ષિણથી ઢાંકીને ઉત્તર તરફ જાય છે ત્યારે દક્ષિણમાં ચંદ્ર કે સૂર્ય તેમ જ ઉત્તરમાં રાહુ દેખાય છે.

૩. એ રીતે આવવા-જવા વગેરે ક્રિયા કરતાં રાહુદેવ ચંદ્ર કે સૂર્યના પ્રકાશને અગ્નિ-ખૂણાથી ઢાંકીને વાયવ્યખૂણા તરફ જાય છે ત્યારે અગ્નિખૂણામાં ચંદ્ર કે સૂર્ય તેમજ વાયવ્યમાં રાહુ દેખાય છે.

૪. જ્યારે રાહુદેવ જવા-આવવા વગેર ક્રિયાઓ કરતાં ચંદ્ર કે સૂર્યના પ્રકાશને નૈઋર્ત્ય ખૂણાથી ઢાંકીને ઇશાન ખૂણા તરફ જાય છે ત્યારે નૈઋર્ત્ય ખૂણામાં ચંદ્ર કે સૂર્ય તેમજ

---

૧ લોકપ્રકાશ. સર્ગ. વીસમો  ૨ લોક પ્રકાશમાં 'સગર' નામ છે, જ્યારે શાસ્ત્રમાં 'મગર' નામ છે.

ઈશાન ખૂણામાં રાહુ દેખાય છે. એ રીતે વાયવ્યથી ઢાંકીને નૈઋત્ય તરફ જાય છે વગેરે હકીકત સમજી લેવી.

૫. જ્યારે રાહુ દેવ આવવાં-જવા વગેરે ક્રિયાઓ કરતાં ચંદ્ર કે સૂર્યના પ્રકાશને ઢાંકીને સ્થિર થાય છે ત્યારે મનુષ્યલોકમાં રાહુએ ચંદ્ર કે સૂર્યને ગ્રસેલો છે એમ મનુષ્યો કહે છે.

૬. જ્યારે રાહુ દેવ આવવા વગેરે ક્રિયાઓ કરતાં ચંદ્ર કે સૂર્યના પ્રકાશને ઢાંકીને પાસેથી નીકળે છે ત્યારે મનુષ્ય લોકમાં ચંદ્ર કે સૂર્યે રાહુની કુક્ષિ ભેદી નાખી એમ મનુષ્યો કહે છે.

૭. જ્યારે રાહુ દેવ ઉપરની ક્રિયાઓ કરતાં ચંદ્ર કે સૂર્યના પ્રકાશને ઢાંકીને પાછા ફરે છે ત્યારે રાહુએ ચંદ્ર કે સૂર્યનું વમન કર્યું એમ મનુષ્ય લોકમાં મનુષ્યો કહે છે,

૮. જ્યારે રાહુ દેવ ઉપરની ક્રિયાઓ કરતાં ચંદ્ર કે સૂર્યના પ્રકાશને ઢાંકીને વચ્ચોવચ્ચ સ્થિર રહે છે ત્યારે રાહુએ ચંદ્ર કે સૂર્યને વચ્ચેથી ભેદ્યા એમ મનુષ્યલોકમાં મનુષ્યો કહે છે.

૯. જ્યારે રાહુદેવ ઉપરની ક્રિયાઓ કરતાં ચંદ્ર કે સૂર્યના પ્રકાશને ઢાંકીને બધી બાજુથી ઢાંકે છે ત્યારે રાહુએ ચંદ્ર કે સૂર્યને બધી રીતે ગ્રસેલો છે એમ મનુષ્યલોકમાં મનુષ્યો કહે છે. [સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર ]

ચંદ્રના પરિવારમાં નક્ષત્રોનું પણ સ્થાન રહેલું છે તેથી હવે નક્ષત્રોનું વર્ણન કરેલ છે. આ નક્ષત્ર ગણના માટે જુદી જુદી માન્યતાઓ છે પરંતુ અભિજિતથી શરૂ કરીને શ્રવણ વગેરે ક્રમથી ઉત્તરાષાઢા આવતાં પૂર્ણ થાય છે એટલે કે પહેલું અભિજિત અને છેલ્લું ઉત્તરાષાઢા નક્ષત્ર છે. આ પ્રમાણે ચંદ્ર-સૂર્ય પ્રજ્ઞપ્તિમાં કહેલ છે. (જૈનાગમોમાં અભિજિત નક્ષત્રથી શરૂ કરીને ઉત્તરાષાઢા સુધીનો ક્રમ બતાવેલ છે અને વ્યવહારિક ગ્રંથોમાં અશ્વિની નક્ષત્રથી શરૂઆત માનવામા આવે છે. પ્રશ્ન એ થાય કે આમ કેમ ? તો તેના ઉત્તરમાં જણાવેલ છે કે અવસર્પિણી-ઉત્સર્પિણી વગેરે કાળની શરૂઆત ચંદ્ર અભિજિત નક્ષત્રના યોગમાં હોય-ત્યારે જ બતાવી છે, તેથી અભિજિત નક્ષત્રને પહેલું માનેલ છે. નક્ષત્રોના પોત પોતાના આઠ નિયત મંડળો છે. તે નક્ષત્રમંડળો ચંદ્રના ૧-૩-૬-૭-૮-૧૦-૧૧-૧૫ એ આઠ મંડળોમાં એકત્ર છે. આકાશમાં દેખાતા નક્ષત્રો તે નક્ષત્ર દેવોના વિમાન છે. એ વિમાનોમાં એ નામવાળા નક્ષત્રના અધિપતિ દેવો વસે છે) હવે આ ૨૮ નક્ષોત્રોના નામ બતાવાય છે :-

[૧]અભિજિત્ શ્રવણં ચૈવ, ધનિષ્ટા શતતારિકા ।
પૂર્વા ભદ્રપદા, સૈવોત્તરાદિકાથ રેવતી ॥ ૪૯૯ ॥

અશ્વિની ભરણી ચૈવ, કૃતિકા રોહિણી તથા ।
મૃગશીર્ષ તથા ચાર્દ્રા, પુનર્વસૂ તતઃ પરમ્ ॥ ૫૦૦ ॥

---

૧ 'લોકપ્રકાશ' સર્ગ. ૨૦

પુષ્યોઽશ્લેષા મઘા, પૂર્વા ફાલ્ગુન્યુત્તર ફાલ્ગુની ।
હસ્તશ્ચિત્રા તથા સ્વાતિઃ વિશાખા ચાનુરાધિકા ॥ ૫૦૧ ॥

જયેષ્ટા મૂલં તથા પૂર્વાષાઢા સૈવોત્તરાપિ ચ ।
જિન પ્રવચનો પજ્ઞો, નક્ષત્રાણામયં ક્રમઃ ॥ ૫૦૨ ॥

[1]૧. અભિચ (અભિજિત), ૨. શ્રવણ, ૩. ધનિષ્ઠા, ૪. શતભિષા, ૫. પૂર્વાભાદ્રપદ, ૬. ઉત્તરા ભાદ્રપદ, ૭. રૈવતી, ૮. અશ્વિની, ૯, ભરણી, ૧૦. કૃતિકા, ૧૧. રોહિણી ૧૨. મૃગશીર્ષ, ૧૩. આર્દ્રા, ૧૪. પુનર્વસુ, ૧૫. પુષ્ય, ૧૬. અશ્લેષા, ૧૭. મઘા, ૧૮. પૂર્વાફાલ્ગુની, ૧૯. ઉત્તરાફાલ્ગુની, ૨૦. હસ્ત, ૨૧. ચિત્રા, ૨૨. સ્વાતિ, ૨૩. વિશાખા, ૨૪. અનુરાધા, ૨૫. જયેષ્ઠા, ૨૬. મૂળ, ૨૭. પૂર્વાષાઢા, ૨૮. ઉત્તરાષાઢા.

[2]લૌકિક ક્રમમાં તો પહેલું અશ્વિની, ભરણી વગેરે છે તેને બદલે યુગની આદિમાં ચંદ્ર સાથે પહેલાં અભિજિત નક્ષત્રનો યોગ હોય છે તેથી આ ઉપર બતાવેલો ક્રમ કહ્યો છે. [3]સપ્તશલાકાદિ સ્થાનોમાં કૃતિકાથી શરૂઆત કરેલો ક્રમ રહેલો છે. અભિજિતથી નક્ષત્રોનો ક્રમ માનેલો છે તો બાકીના નક્ષત્રોની જેમ એ અભિજિત નક્ષત્ર વ્યવહારમાં કેમ લેવાતું નથી એવો પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે, ચંદ્ર સાથે અભિજિતનો સંયોગ ઘણા થોડા સમયનો હોય છે, પછી ચંદ્ર બીજા નક્ષત્રમાં પ્રવેશ કરે છે તેથી અભિજિત નક્ષત્ર વ્યવહારમાં લેવાતું નથી.

'જંબૂદ્વીવે દીવે અભિઈવિજ્જેહિં સત્તાવીસાએ ણક્ખત્તેહિં સંવવહારે વટ્ટઈ.'

જંબૂદ્વીપ નામના દ્વીપમાં અભિજિત નક્ષત્ર સિવાયના બાકીના સત્તાવીસ નક્ષત્રો સાથે વ્યવહાર ચાલે છે. આ પ્રમાણે સમવાયાંગ સૂત્રના ૨૭મા સમવાયમાં કહેલ છે. (અભિજિત નક્ષત્રનો ઉત્તરાષાઢા નક્ષત્રના ચોથા પાદમાં સમાવેશ થતો હોવાથી તેની જુદી ગણતરી અહીં કરી નથી. આ વ્યવહાર ફક્ત જંબૂદ્વીપમાં જ ચાલે છે, ધાતકીખંડ વગેરેમાં ચાલતો નથી.) [4]લોકોમાં વેધ, સત્તા વગેરે જોવા માટે ઉત્તરાષાઢાનો અભિજિત નક્ષત્ર સાથે સંયોગ છેલ્લા પાદની ચાર ઘડી જેટલો જ કહેવાય છે.

[5]યજુર્વેદના એક મંત્રમાં ૨૭ નક્ષત્રોનો ગંધર્વ કહ્યો છે. એ સમયે ૨૭ નક્ષત્રોની માન્યતા હતી એમ આનાથી સમજી શકાય છે. એ જ રીતે તૈત્તિરીય શ્રુતિમાં ૨૭ નક્ષત્રોના નામ, દેવતા, વંદન અને લિંગ (ચિહ્ન) પણ બતાવેલા છે. ત્યાં ઉત્તરાફાલ્ગુની નક્ષત્રનું નામ છુટી ગયેલ છે. નક્ષત્રોનો ક્રમ એ સૂત્ર પ્રમાણે જ છે અને દેવતાઓના નામ પણ મોટે ભાગે એકસરખા આવે છે.

* કત્તિય[1] રોહિણિ[2] મગસિર,[3] અદ્દા[4] ય પુણવ્વસૂ[5] ય પૂસો[6] ય ।
તત્તો વિ અસ્સલેસા,[7] મહા[8] ય દો ફગ્ગુણીઓ [9-10] ય ॥૧॥

---

૧ જંબૂદ્વીપ-સૂર્ય પ્રજ્ઞપ્તિ ૨ લોકપ્રકાશ વીસમો સર્ગ. ૩ જ્યોતિષના ગ્રંથોમાં આ વિષય વર્ણવેલ છે.
૪ લોકપ્રકાશ વીસમો સર્ગ ૫ 'ઠાણું' પાનું. ૧૩૯ જૈન વિશ્વ ભારતી પ્રકાશન.
* ઠાણાંગ સૂત્ર બીજું ઠાણું ઉદ્દેશો ત્રીજો.

હત્થો[૧૧] ચિત્તા[૧૨] સાઇ,[૧૩] વિસાહા[૧૪] તહ ય હોઇ અણુરાહા[૧૫]।
જેટ્ઠા[૧૬] મૂલો[૧૭] પુવ્વા ય અસાઢા[૧૮] ઉત્તરા[૧૯] ચેવ ॥ ૨ ॥

અભિઇ[૨૦] સવણ[૨૧] ધણિટ્ઠા,[૨૨] સયભિસયા[૨૩] દો ય હોંતિ ભદ્દવયા ।[૨૪-૨૫]
રેવઇ[૨૬] અસ્સિણી[૨૭] ભરણી,[૨૮] ણેયવ્વા આણુપુવ્વીએ ॥ ૩ ॥

આ રીતે કૃતિકાથી શરૂ કરીને ભરણી સુધીના ૨૮ નક્ષત્રો પણ આપેલા છે.

હવે આ ૨૮ નક્ષત્રોના સ્વામીના નામ અભિજિત નક્ષત્રના અનુક્રમથી કહેવામાં આવે છે.

બ્રહ્મા વિષ્ણુર્વસુશ્ચૈવ, વરુણાજાભિવૃદ્ધય:।
પૂષાશ્વશ્ચ યમોઽગ્નિશ્ચ, પ્રજાપતિસ્તત: પરમ્ ॥ ૬૧૫ ॥

સોમોરુદ્રોદિતિશ્ચૈવ, બૃહસ્પતિસ્તથાપર: ।
સર્પો પર: પિતૃનામા, ભગોઽર્યમાભિધોઽપિ ચ ॥ ૬૧૬ ॥

સૂરસ્ત્વષ્ટા તથા વાયુરિન્દ્રાગ્ની એકનાયકૌ । મિત્રેન્દ્રનૈર્ઋતા આપો વિશ્વદેવા-
સ્ત્રયોદશ ॥ ૬૧૭ ॥

આ રીતે 'લોક પ્રકાશ' નામના ગ્રંથમાં ૨૮ દેવોના નામ આપેલા છે. (૧) બ્રહ્મા, (૨) વિષ્ણુ, (૩) વસુ, (૪) વરુણ, (૫) અજ, (૬) અભિવૃદ્ધિ, (૭) પૂષા, (૮) અશ્વ, (૯) યમ, (૧૦) અગ્નિ, (૧૧) પ્રજાપતિ, (૧૨) સોમ, (૧૩) રૂદ્ર, (૧૪) અદિતિ, (૧૫) બૃહસ્પતિ, (૧૬) સર્પ, (૧૭) પિતૃ, (૧૮) ભગ, (૧૯) અર્યમા, (૨૦) સવિતા, (૨૧) ત્વષ્ટા, (૨૨) વાયુ, (૨૩) ઇન્દ્રાગ્નિ, (૨૪) મિત્ર, (૨૫) ઇન્દ્ર, (૨૬) નૈર્ઋત, [૨૭] અપ્, [૨૮] વિશ્વ. આ પ્રમાણે ૨૮ નક્ષત્રાધિપતિ દેવોના નામ જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ, ચંદ્ર તથા સૂર્ય પ્રજ્ઞપ્તિમાં પણ આપેલા છે. અગ્નિથી શરૂ કરીને અનુક્રમે યમ સુધીના ક્રમથી ઠાણાંગના સૂત્રના બીજા ઠાણાના ત્રીજા ઉદ્દેશામાં દેવોના નામ આપેલા છે.

દસ્રો યમોઽનલો ધાતા ચંદ્રો રુદ્રોઽદિતિર્ગુરુ: ।
ભુજઙ્ગમશ્ચ પિતરો ભગોઽર્યમ દિવાકરો ॥ ૨૩૯ ॥

ત્વષ્ટા વાયુ: શક્રવહ્ની મિત્ર: શક્રશ્ચ નિર્ઋતિ:
જલં વિશ્વે વિધિર્વિષ્ણુર્વાસવો વરુણસ્તથા ॥ ૨૪૦ ॥

અજૈકપદહિર્બુધ્ન્ય: પૃષેતિ કથિતા બુધૈ:
અષ્ટાવિંશતિ સંખ્યાનાં, નક્ષણામધીશ્વરા: ॥ ૨૪૧ ॥

–કાશીનાથ દૈવજ્ઞ વિરચિત: 'શીઘ્રબોધ' પ્રકરણ બીજામાં ઉપર પ્રમાણે ૨૮ નક્ષત્રોના દેવો અશ્વિનીના ક્રમથી આપેલ છે.

અભિવૃદ્ધે રહિર્બુધ્ન ઇત્યાખ્યાન્યત્ર ગીયતે ।
સોમશ્ચન્દ્રો રવિ: સૂર: ઇદશાખ્યા પરે સુરા: ॥

## ॥ अभिजिदादीनां तारासंख्या आकारः रात्रिसंख्या मासक्रमश्च ॥

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| १ | अभिजित् | संख्या ३ | गोशीर्षावली | ७ | श्रावण | ७ |
| २ | श्रवण | ३ | कासार | ८ | | ८ |
| ३ | धनिष्ठा | ५ | पक्षिपंजर | १५ | भाद्रपद | १/१४ |
| ४ | शतभिषक् | १०० | पुष्पमाला | ७ | | ७ |
| ५ | पूर्वाभाद्रपदा | २ | अर्द्धवापी | ८ | | ८ |
| ६ | उत्तराभाद्रपदा | २ | अर्द्धवापी | १५ | आश्विन | १/१४ |
| ७ | रेवती | ३२ | नौकासंस्थान | १५ | | १५ |
| ८ | अश्विनी | ३ | अश्वस्कंध | १५ | कार्तिक | १/१४ |
| ९ | भरणी | ३ | भगसंस्थान | १५ | | १५ |
| १० | कृत्तिका | ६ | क्षुरधारा | १५ | मागसीर | १/१४ |
| ११ | रोहिणी | ५ | शकटोद्धी | १५ | | १५ |
| १२ | मृगशीर्ष | ३ | मृगशीर | १५ | पोस | १/१४ |
| १३ | आर्द्रा | १ | रुधिरविन्दु | ८ | | ८ |
| १४ | पुनर्वसु | ५ | तुला | ७ | | ७ |
| १५ | पुष्य | ३ | वर्द्धमानक | १५ | माहा | १/१४ |
| १६ | अश्लेषा | ५ | पताका | १५ | | १५ |
| १७ | मघा | ७ | प्राकार | १५ | फागुण | १/१४ |
| १८ | पूर्वा फा० | २ | अर्द्धपर्ल्यंक | १५ | | १५ |
| १९ | उ० फा० | २ | अर्द्धपल्यक | १५ | चैत्र | १/१४ |
| २० | हस्त | ५ | हस्ततल | १५ | | १५ |
| २१ | चित्रा | १ | मुखमंडन सुवर्णपुष्प | १५ | वैशाख | १/१४ |
| २२ | स्वाति | १ | कीलक | १५ | | १५ |
| २३ | विशाखा | ५ | पशुदामन | १५ | ज्येष्ठ | १/१४ |
| २४ | अनुराधा | ४ | एकावली | ७ | | ७ |
| २५ | ज्येष्ठा | ३ | गजदंत | ८ | | ८ |
| २६ | मूल | ११ | वृश्चिकपुच्छ | १५ | अषाढ | १/१४ |
| २७ | पूर्वाषाढा | ४ | गजविक्रम (पाद) | १५ | | १५ |
| २८ | उत्तराषाढा | ४ | सिंहनीषदन | १५ | आ० | १/१४ |

# — पकरवत्त-नक्षत्र. —




D. V. TALSANIA.

નક્ષત્રોના આકારની જે ગાથા આપી છે તે પ્રમાણેના આકાર

અભિવૃદ્ધિનું બીજું નામ અહિર્બુધ્ન પણ કહેવાય છે. સોમનું ચંદ્ર અને સૂરનું રવિ બીજું નામ છે. આ પ્રમાણે 'લોકપ્રકાશ' ના વીસમા સર્ગની ૬૧૮ મી ગાથામાં કહેલ છે.

નક્ષત્રોના દેવો બતાવીને હવે નક્ષત્રોના તારા અનુક્રમે લખેલ છે.

તિગ[૧] તિગ[૨] પંચગ[૩] સય[૪]દુગ[૫] દુગ[૬] બત્તિસં[૭] તિગં[૮] તહ તિગં[૯] ચ ।
છ[૧૦]પંચગ[૧૧]તિગ[૧૨] ઇક્કગ[૧૩] પંચગ[૧૪] તિગ[૧૫] ઇક્કગં[૧૬] ચેવ ॥૧॥

સત્તગ[૧૭] દુગ[૧૮] દુગ[૧૯] પંચગ[૨૦] ઇક્કિ[૨૧] કકગ[૨૨] પંચ[૨૩] ચઉ[૨૪] તિગં[૨૫] ચેવ ।
ઇકકારસગ[૨૬] ચઉક્કં[૨૭] ચઉક્કંગં[૨૮] ચેવ તારગ્ગં ॥૨॥

(જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર)

(૧) ત્રણ, (૨) ત્રણ, (૩) પાંચ, (૪) સો, (૫) બે, (૬) બે, (૭) બત્રીસ, (૮) ત્રણ, (૯) ત્રણ, (૧૦) છ, (૧૧) પાંચ, (૧૨) ત્રણ, (૧૩) એક, (૧૪) પાંચ, (૧૫) ત્રણ, (૧૬) છ, [૧૭] સાત, [૧૮] બે, [૧૯] બે, [૨૦] પાંચ, [૨૧] એક, [૨૨] એક, [૨૩] પાંચ, [૨૪] ચાર, [૨૫] ત્રણ, [૨૬] અગિયાર, [૨૭] ચાર અને [૨૮] ચાર. (ચિત્ર માટે જુઓ પાનુ. ૨૧૦)

આ પ્રમાણે અભિજિતથી ઉત્તરાષાઢા સુધીના ૨૮ નક્ષત્રોના અનુક્રમે તારા કહેલ છે. આ તારાઓને માટે અહીં જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રનો આધાર આપેલ છે. તે જ રીતે જે નક્ષત્રના જેટલા તારા છે તે નક્ષત્રના તેટલા તારાનો સમવાયાંગ સૂત્રના તેટલા નંબરના સમવાયમાં ઉલ્લેખ કરેલો છે. ઠાણાંગ સૂત્રમાં પણ તારાઓની વાત આવે છે. સમવાયાંગ સૂત્રના ૯૮મા સમવાય પ્રમાણે રેવતીથી શરૂ કરીને જ્યેષ્ઠા સુધીના ૧૯ નક્ષત્રોના ૯૮ તારાઓ થાય છે, જ્યારે જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિની ગણતરી પ્રમાણે ૯૭ થાય છે.

જેમ નક્ષત્રોના તારાઓનું વર્ણન કર્યું તેમ હવે તેનું સંસ્થાન કહેલ છે.

ગોસીસાવલિ[૧] કાહાર,[૨] સઉણિ[૩] પુફ્ફોવયાર[૪] વાવીય[૫-૬]
ણાવા[૭] આસકખંધગ[૮] ભગ,[૯] છુરધરએય[૧૦] સયહુદ્ધી[૧૧] ॥૧॥

મિગસીસાવલિ[૧૨] રુહિરબિંદુ,[૧૩] તુલ્લ[૧૪] વધ્ધમાણગ[૧૫] પડાગા[૧૬] ।
પાગારે[૧૭] પલિઅંક,[૧૮-૧૯] હત્થે[૨૦] મુહફુલ્લએ[૨૧] ચેવ ॥૨॥

ખીલગ[૨૨] દામણિ[૨૩] એગાવલીઅ,[૨૪] ગયદંત[૨૫] વિચ્છુઅલેય[૨૬] ।
ગયવિકકમે[૨૭] અ તતો, સીહનિસીહી[૨૮] અ સંઠાણા ॥૩॥

(જંબૂદ્વીપ-ચંદ્ર- સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર)

૧ ગોશીર્ષાવલી (ગાયના મસ્તક જેવો આકાર), ૨ કાવડ, ૩ શકુનિપિંજર (પોપટના પાંજરા જેવો), ૪ પુષ્પોચાર (વિખરાયેલાં ફુલ,) ૫-૬ અર્ધ-અર્ધ વાવ બંને મળીને એક આખી વાવ થાય છે તેથી મૂળમાં 'વાવી' શબ્દ કહેલ છે., ૭ નૌકા (નાવ-વહાણ,) ૮ ઘોડાના સ્કંધ ખંભા, ૯ ભગ (સ્ત્રીનું મર્મસ્થાન), ૧૦ ક્ષુરધારા, ૧૧ શકટોદ્ધિ

(ગાડાના ઊંટડા–ગાડાની ઉધ જેવો), ૧૨ મૃગશીર્ષાવલી (મૃગલાનું મુખ), ૧૩ લોહી બિંદુ, ૧૪ તુલા (ત્રાજવા), ૧૫ વર્ધમાનક (બે જોડેલા રામપાત્ર જેવો), ૧૬ પતાકા [ધ્વજા], ૧૭ પ્રાકાર [પડેલા ગઢની દીવાલ જેવો], ૧૮–૧૯ પર્યંક (અર્ધા–અર્ધા પલંગ જેવો એટલે કે બન્નેનો મળીને એક આખો પલંગ થાય છે તેવો), ૨૦ હસ્ત (હાથના પંજા જેવો), ૨૧ મુખપુષ્પ (મુખમંડન–સ્વર્ણપુષ્પ કે ખીલેલા પુષ્પ જેવો), ૨૨ ખૂંટી (ખીંટી જેવો), ૨૩ દામણી (પશુ રજ્જુ–ઘોડાની દામણી જેવો), ૨૪ એકાવલી (એકાવળી હાર જેવો), ૨૫ ગજદંત (હાથીદાંત), ૨૬ વીંછીની પૂંછડી (વીંછી જેવો), પણ કહી શકાય તેમ છે પણ મૂળમાં 'લાંગુલ શબ્દ લખેલ છે તેથી પૂંછડી અર્થ કરેલ છે. ૨૭ ગજવિક્રમ (હાથીની ચાલના પગલાં જેવો), અને ૨૮ સિંહ નિષીદન (બેઠેલા સિંહ જેવો). આ રીતે અઠ્ઠાવીસ નક્ષત્રોના આકાર રહેલા છે.

હવે નક્ષત્રોના દ્વાર માટે જે માન્યતા છે તેની હકીકત નીચે પ્રમાણે જણાવી છેઃ–

અભિજીત, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, પૂર્વા–ઉત્તરાભાદ્રપદ અને રેવતી એ સાત નક્ષત્ર પૂર્વ દ્વારવાળા છે. અશ્વિની, ભરણી, કૃતિકા, રોહિણી, મૃગસર, આર્દ્રા અને પુનર્વસુ એ સાત નક્ષત્ર દક્ષિણ દ્વારવાળા છે. પુષ્ય, આશ્લેષા, મઘા, પૂર્વા–ઉત્તરા ફાલ્ગુણી, હસ્ત અને ચિત્રા એ સાત નક્ષત્ર પશ્ચિમદ્વારવાળા છે. સ્વાતિ, વિશાખા અનુરાધા, જયેષ્ઠા, મૂળ અને પૂર્વા–ઉત્તરાષાઢા એ સાત નક્ષત્ર ઉત્તરદ્વારવાળા છે. ચંદ્ર–સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્રમાં આ વર્ણન છે તથા સમવાયાંગના સાતમા સમવાયમાં તથા ઠાણાંગ સૂત્રમાં પણ વર્ણન છે.

નક્ષત્ર મંડળો આઠ છે. જંબૂદ્વીપના ૧૮૦ યોજન ક્ષેત્રને અવગાહીને બે નક્ષત્ર મંડળો છે અને લવણ સમુદ્રના ૩૩૦ યોજન ક્ષેત્રને અવગાહીને છ નક્ષત્રમંડળો છે. આ રીતે આઠે નક્ષત્રમંડળો જંબૂદ્વીપ અને લવણ સમુદ્રમાં રહેલા છે. બધાથી અંદરના નક્ષત્ર મંડળથી બધાથી બહારનું નક્ષત્રમંડળ ૫૧૦ યોજન દૂર છે. આ નક્ષત્રમંડળ એક કોસ લાંબુ, પહોળું અને ત્રણગણી પરિધિવાળું તથા અડધા કોસનું જાડું છે. એક નક્ષત્ર-મંડળથી બીજા નક્ષત્રમંડળનું બે યોજનનું અંતર છે. [જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર]

ચંદ્ર–સૂર્યની નીચે સમાન અને ઉપર નાના અને સરખા તારા છે. એ દેવોએ પૂર્વભવમાં જે જે રીતે ઉત્કૃષ્ટ તપ, નિયમ અને બ્રહ્મચર્ય વગેરેનું પાલન કરેલું છે, તે તે રીતે એ દેવોને ઋદ્ધિ વગેરે પ્રાપ્ત થયેલ છે. એક તારાથી બીજા તારા વચ્ચે વ્યાઘાતી અને નિર્વ્યાઘાતી એમ બે પ્રકારનું અંતર છે. નિર્વ્યાઘાતી અંતર જઘન્ય ૫૦૦ ધનુષ્ય અને ઉત્કૃષ્ટ બે કોસનું છે. વ્યાઘાતીનું અંતર જઘન્ય ૨૬૬ યોજન અને ઉત્કૃષ્ટ ૧૨૨૪૨ યોજન છે. [આ રત્નપ્રભા પૃથ્વીના અતિસમ તેમજ રમણીય ભૂમિભાગથી ૯૦૦–૯૦૦ યોજન ઉપર અબાધરૂપે ઉપરના તારા પરિભ્રમણ કરે છે. ઠાણાંગ. ઠાણ નવમું.]

જંબૂદ્વીપ ચંદ્ર – સૂર્ય પ્રજ્ઞપ્તિ તથા જીવાભિગમ સૂત્ર,

શુક્ર, બુધ, ગુરુ, અંગારક મંગળ શનિ અને કેતુ એ છ તારા ગ્રહ એટલે કે તારાના આકારના કહેલ છે. (ઠાણાંગ છઠ્ઠું ઠાણ)


।।शीलांगरथ १।।
।।गाथ।। जेनकरंतिमणसा निजीयाआहारसन्ना
सोइंदी पुढवीकायरंभे खंतीजुयानेमु
नीवंदे १।।न० मुनीगीरधारि
रखजी सं० १९५८ दद धाने
रा ग्राम
।।अढार सहस्रसीलांगरथ।।


।।दशविधचक्कवालरथ २।।
।।गाथ। ।मिलगुत्तीमनाली पसमीयकोहेय
इरियसुमीयाय पुढवीजीएरखंतो
इक्काकारिनमोतस्स १।।न० मु
नीगीरधारिरखजी सं०
१५८ दद धानेरा
ग्रामे
।।अढार सहस्रसीलांगरथ।।


।। खामणारथ ३।।
।।गाथा ।।कयचउसरणोमाणी नियमीय
असणंमाणाहारे आजीव्य
पुढवीजीए अरिहंतसमखंत
मविह १।। न० मुनीगीर
धारीरखजी सं० १५८ दद
धानेरा ग्रामे
।।अढार सहस्रसीलांगरथ।।


॥ श्रमणधर्मरथ ४ ॥


॥ सामाचारिरथ ५ ॥


॥ नियमरथ ६ ॥


॥ गाथा ॥


॥ गाथा ॥


॥ श्री धर्म रथ ९ ॥
॥ गाथा ॥
मुनी गीरधारि रखजी सं०
१९६६ धानेरा ग्रामे








॥ गाथा ॥
ग्रामे


॥ गाथा ॥
धानेरा ग्रामे


॥ गाथा ॥
ग्राम






मणसा २०००
वयसा २०००
कायसा २०००


॥चउसरणनो बिजो रथ १९
॥गाथा॥ कयचउसरणो नाणी नियमी
यअसमणनाणअइयारं आलो
इयपुढवीजीए अरिहंतसम
संखमावेमि १॥ उ० मुनी
गीरधारिरख
जीस० १८६६
धानेरग्रामे
सीलांगरथ॥


धर्मसिरथ॥२०॥
॥गाथा॥ नाणजुते मणगुत्तो॥ दाणेजुत्तो यपढमं वयसु
त्तो॥ जिणबिंबणचट्टंतो॥ कोइजयं तो मुणी वंदो॥१॥
उ० संवेगी संप्रदायना स्वर्गवासी पुज्य हर्षचंद्र
जीस्वामि तस्य शिष्य मुनी गीरधारि रखजी
संवत् १८६९ धानेरग्रामे
सीलांगरथ॥


॥कामाचस्यारथ॥
॥गाथा॥ जेनकरंतिमलमण॥ मणुस्सित्थि संगसो इंदी
य जित्तिंचवपुसकारे॥ नइस्थिचिंतमुणीवंदे॥२॥
मोटं
उ० स्वर्गवासी पुज्य हर्षचंद्रजी स्वामि तस्य
शिष्य मुनी गीरधारि रखजी थे [redacted]
[redacted] जसलजले संवत
१८६५ धानेराग्रामे॥
सीलांगरथ॥

# શીલાંગાદિ ૨૧ રથ

જૈનશાસ્ત્રોના અભ્યાસમાં સ્વાધ્યાયનું એક અનોખું સ્થાન છે. સ્વાધ્યાય માટે જિજ્ઞાસા વૃત્તિથી ગૌતમ સ્વામી ચરમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને પ્રશ્ન પુછે છે. કે 'સજઝાએણં ભંતે! જીવે કિં જણયઈ' પ્રભુ પણ ઉત્તર આપતાં બોલે છે, 'સજઝાએણં નાણાવરણિજજં કમ્મં ખવેઇ. (ઉત્તરા. અ. ૨૯ બોલ ૧૮) એટલે કે સ્વાધ્યાયથી જીવને હે ભદંત! શું લાભ થાય છે. જીવ સ્વાધ્યાયથી જ્ઞાનાવરણીય કર્મ ખપાવે છે–ક્ષય કરે છે.

સાધક જીવનની દિન–રાત્રિ ચર્યાનું વર્ણન ઉત્તરાધ્યયન સૂત્રના છવ્વીસમા સમાચારી નામના અધ્યયનમાં કરેલ છે તેમાંની દશમી ગાથામાં પણ કહ્યું છે કે "સજઝાએ વા નિઉત્તેણ, સવ્વ દુક્ખવિમોક્ખણે ॥" 'જો ગુરુદેવ આજ્ઞા આપે તો સર્વદુ:ખોથી છોડાવનાર સ્વાધ્યાય કરે.' આ સૂત્રપાઠથી 'સ્વાધ્યાય સર્વદુ:ખોથી વિમુકત કરનાર છે,' એ વાત નિશ્ચિત થાય છે.

સ્વાધ્યાયને તપ પણ ગણેલ છે. એનું મહત્ત્વ બતાવતાં નીચેની ગાથામાં કહ્યું છે,

બારસ વિહમ્મિવિ તવે, અબ્ભિંતર બાહિરે કુસલદિટ્ઠે ।
નવિ અત્થિ નવિ ય હોહી, સજઝાયસમં તવોકમ્મં ॥"

બાર પ્રકારના તપ જૈનાગમોમાં બતાવેલ છે તેમાં સ્વાધ્યાય સમાન બીજું કોઈ તપ નથી એમ પણ બતાવેલ છે.

આ રીતે તત્ત્વાર્થ સૂત્ર જૈનાગમ સમન્વય (આચાર્ય શ્રી આત્મારામજી મ૦) માં સ્વાધ્યાયનું મહત્વ બતાવેલ છે.

શતાવધાની શ્રી રત્નચંદ્રજી મહારાજે 'અર્ધ માગધી કોશ'ના ચોથા ભાગના ૫૮૭ મા પાના ઉપર જણાવેલ છે કે સજઝાઅ – સ્વાધ્યાય (શાસ્ત્રનું વારંવાર વાંચન) એવો અર્થ કરેલ છે:–

'Ready again and again of scriptures'

આ સ્વાધ્યાયમાં શેનો ઉપયોગ કરવો? તે માટે શાસ્ત્રજ્ઞ આત્માઓ પાસેથી જાણવાથી ખ્યાલ આવી શકે છે. પાંચમા શ્રમણસૂત્રમાં 'અઠ્ઠારસ સહસ્સ સીલાંગ રથ ધારા' અઢાર હજાર શીલના (આચાર–ચારિત્રના–ચારિત્ર પાલનના) રથને ધારણ કરનારા

મુનિઓ હોય છે એમ સ્પષ્ટ શબ્દો દ્વારા રજુઆત કરેલ છે. શીલાંગરથ તો ઘણા પુસ્તકોમાં પ્રસિદ્ધ થયેલ છે અને વિચારવંત આત્માઓ એને સમજીને સ્વાધ્યાય કરે છે. આ સ્વાધ્યાય કરતાં કેટલો સમય પસાર થયો એ પણ ખ્યાલ રહેતો નથી. આવું આ રથ સ્વાધ્યાય માટે મહત્વનું સ્થાન ધરાવે છે.

આ 'શીલાંગરથ' જેવા બીજા પણ શાસ્ત્રના મર્મજ્ઞ–ગીતાર્થ–બહુશ્રુતોએ રથ બનાવેલા છે. જો કે આ રથ બનાવવા એ સરળ કાર્ય નથી; કારણ કે તેની પાછળ શાસ્ત્રનું ઘણું વિશાળ અધ્યયન અને તે પણ ગુરુગમથી હોવું જોઇએ. આવા એકવીસ રથ ખંભાત સંપ્રદાયના સ્વ. શાસ્ત્રજ્ઞ કવિવર જ્યોતિર્વિદ પૂ. શ્રી ગિરધરરખજી (ગિરધર-ઋષિજી) મહારાજે ૩૮ વર્ષ પહેલાં 'ધાનેરા' શહેરમાં બનાવેલા છે. તે રથના પાના મને પ્રાપ્ત થયા અને તે જોતાં વાંચવાની ભાવના ન રોકી શકતાં અથથી ઇતિ સુધી બધા રથો વાંચ્યા અને ખૂબ આનંદ થયો. આ રથો મૂળ જે સ્થિતિમાં છે તે જ રીતે પૂ. મ. શ્રીના હસ્તાક્ષરે લખેલ છે તેની ફોટો કોપી આગળના પાનાઓમાં આપેલ છે.

જ્યારે–જ્યારે સંત–સતિજીઓનું મિલન થતું ત્યારે પ્રસંગવશ હું આ રથની વાત કરતો અને તે બધા આ રથ જોઇને આનંદ સહિત આશ્ચર્ય અનુભવતા. વિક્રમ સંવત ૨૦૨૭માં રતલામ મુકામે શાસ્ત્રજ્ઞ પૂ. ગુરુદેવ શ્રી કસ્તુરચંદજી મહારાજ પાસે શાસ્ત્રવાંચણી લેવા પૂ. ગુરુદેવ શ્રી કાંતિઋષિજી મહારાજની આજ્ઞા લઇને ગયેલો. ત્યાં એક દિવસે ગુરુદેવે કહ્યું, 'મુનિજી, રથ તમે જોયા છે. ? મેં કહ્યું, 'હા, ગુરુદેવ' 'કેટલા જોયા છે?' 'મેં કહ્યું ઘણા જોયા છે' તેઓશ્રી બોલ્યા. 'મારી નેશ્રાયમાં ૧૧ રથ છે.' મેં કહ્યું, 'મારી પાસે અમારા પૂ. ગુરુદેવના બનાવેલા ૨૧ રથ છે.' એ સાંભળી તેઓને ખૂબ જ આનંદ થયો અને મારી પાસેના ૨૧ રથ જોઈ તેઓએ તેજ સમયે લહીયા પાસે તેની નકલ કરાવી લીધી. રથનું આ છે મહત્વ. આથી વધારે સુજ્ઞ વાંચકો શું વધું લખું? તમે પણ આ રથને બરાબર વાંચશો, વિચારશો અને સ્વાધ્યાય માટે ઉપયોગ કરી જીવન ધન્ય બનાવો એજ શુભાકાંક્ષા.

# જૈન માન્યતા પ્રમાણે લોક વર્ણન

[1]અનંત આકાશના મધ્યભાગમાં આપણો લોક રહેલો છે. તે નીચે પલ્યંક [પલંગ] જેવો, વચ્ચે વજ્ર સમાન અને ઉપર ઉભા મૃદંગ [નગારા] સમાન છે. આ લોક નીચે વિસ્તારવાળો [પહોળો], વચ્ચે સાંકડો અને ઉપર ઉર્ધ્વમુખવાળા મૃદંગ સમાન છે. આ ત્રણે મળીને પુરુષના જેવો આ લોકનો આકાર બને છે. જેમ કોઈ પુરુષ બન્ને પગ

---

૧ ગણિતાનુયોગ પ્રસ્તાવનામાંથી.

પહોળા કરીને અને બન્ને હાથ કમર ઉપર રાખીને ઉભેલો હોય તેના જેવો લોકનો આકાર થાય છે. અથવા અડધા મૃદંગની ઉપર બીજું આખું મૃદંગ મુકતાં જેવો આકાર થાય છે તેવો લોકનો આકાર સમજવો. [આને માટે નીચે બતાવેલ ચિત્ર જોઇ લેવું.] વળી તિલોયપણ્ણત્તી, અ૦ ૧ ગા૦ ૧૩૭-૩૮ તથા 'ઉબ્ભિય દલેક્ક મુરવદ્ધસંચય સણ્ણિહો હવે લોગો' આ પ્રમાણે ત્રિલોકસારની છઠ્ઠી ગાથામાં કહ્યું છે. કમરથી નીચેના ભાગને અધોલોક, ઉપરના સ્થાનને ઉર્ધ્વલોક અને કમરના ભાગને મધ્યલોક કહે છે. આ ત્રણ વિભાગવાળા લોકને લોકાકાશ કહેવાય છે. કારણ કે એમાં જ જીવ-પુદ્ગલ વગેરે બધા ચેતન અને અચેતન દ્રવ્ય મળી શકે છે. આ લોકાકાશની બધી બાજુ મળતાં અનંત આકાશને અલોકાકાશ કહે છે, કારણ કે એમાં ફકત આકાશ સિવાય બીજો કોઇ ચેતન કે અચેતન દ્રવ્ય મળતો નથી.



૧૪ રાજ લોક મય ૩ લોક

## (૧) સામાન્ય રીતે લોક-સ્વરૂપ :—

લોકાકાશ ૧૪ રાજુ ઊંચો છે. ('ચોદ્દસ રજ્જૂદયો લોગો' —ત્રિલોકસાર ગાથા-૬, 'જગ સેઢિસત્તભાગો રજ્જૂ'-ત્રિલોકસાર ગાથા. ૭; 'ચઉદ્દસ રજ્જૂ લોઓ બુદ્ધિકઓ હોઈ સત્તરાજૂ-ઘણો'—પાંચમો કર્મ ગ્રંથ, ગા. ૯૭, 'સયંભુ પરિમંતાઓ અવરંતો જાવ રજ્જૂ- માઇઓ'-પ્રવચન સારોદ્ધાર, ૧૪૩-૩૧, સ્વયંભૂરમણ દ્વીપના પૂર્વ ભાગથી શરૂ કરીને પશ્ચિમ ભાગ સુધીની જગત શ્રેણિના સાતમા ભાગ બરાબર એક રાજુ થાય છે. એક રાજૂમાં અસંખ્યાતા યોજન હોય છે. અધોલોક બધાથી નીચે સાત રાજુના વિસ્તારનો છે. પછી અનુક્રમે ઘટતાં કમરના ભાગમાં (મધ્ય ભાગમાં) એક રાજુ પહોળો છે એનાથી ઉપર અનુક્રમે વધતો વધતો બે હાથની કોણીના સ્થાને પાંચ રાજુનો છે. પછી અનુક્રમે ઘટતો ઘટતો મસ્તકવાળાં લોકના અગ્રભાગે એક રાજુનો છે. આ આખો લોક બધી બાજુ ઘનોદધિ, ઘનવાત અને તનવાત આ ત્રણ વલયથી વીંટળાયેલ છે એટલે કે એના આધારે રહેલો છે. પહેલું વલય ઘણું મજબૂત છે તેથી તેને ઘનોદધિ કહે છે. બીજું વલય ત્રીજાની અપેક્ષાએ મજબૂત છે તેથી તેને ઘનવાત કહેલ છે. ત્રીજું વલય ઉપરના બન્ને વલયોની અપેક્ષાએ ઘણું જ સૂક્ષ્મ કે પાતળું છે તેથી તેને તનવાત કહે છે. દિગંબર શાસ્ત્રોમાં ઘનોદધિવાતનો વર્ણ ગોમૂત્રિકા સમાન, ઘનવાતનો મગ સમાન અને તનુવાતનો અવ્યક્ત વર્ણ કહેલ છે.





घणोदधि -(नरक)

## (૨) અધોલોક :-

કમરના સ્થાન રૂપ ઝાલરના આકારવાળા મધ્યલોક (તીરછાલોક)ની નીચે ઘમ્મા, વંશા, સિલા, અંજના, રિઠ્ઠા (અરિષ્ટા), મઘા અને માઘવતી નામની ૭ પૃથ્વીઓ છે. રત્ન પ્રભા વગેરે તેના ગોત્ર છે. એમાંથી પહેલી પૃથ્વીના ત્રણ ભાગ છે. (૧) ખર ભાગ, (૨) પંક ભાગ અને (૩) અપ્પબહુલ ભાગ એમાં ખર ભાગ ૧૬ હજાર યોજન જાડો છે, પંક ભાગ ૮૪ હજાર યોજનનો અને અપ્પબહુલ ભાગ ૮૦ હજાર યોજનનો છે. આ રીતે રત્નપ્રભા પૃથ્વીની જાડાઈ એકલાખ એંસી હજાર યોજન છે. આ ત્રણ વિભાગવાળી રત્નપ્રભા પૃથ્વીની નીચે અસંખ્યાત હજાર યોજનના આંતરા પછી બીજી શર્કરા (શર્કરપ્રભા) પૃથ્વી છે. એ એક-લાખ બત્રીસ હજાર યોજનની જાડી છે. એની નીચે પછી અસંખ્યાત હજાર યોજન નીચે જતાં ત્રીજી વાલુકા પૃથ્વી (વાલુકાપ્રભા) છે. એની જાડાઇ એક લાખ ૨૮ હજાર યોજન છે. આ ત્રીજી પૃથ્વીનો તળિયાનો ભાગ મધ્યલોકની બરાબર બે બાજુ નીચો છે. ત્રીજી પૃથ્વીથી અસંખ્યાત હજાર યોજન નીચે ચોથી પંકપ્રભા પૃથ્વી છે. એની જાડાઇ એક લાખ ૨૪ હજાર યોજન છે. આ પૃથ્વીનો તળિયાનો ભાગ મધ્યલોકથી ત્રણ રાજુ નીચો છે. એનાથી અસંખ્યાત હજાર યોજન નીચે પાંચમી ધૂમ્રપ્રભા નામની પૃથ્વી છે. એની જાડાઈ એક લાખ વીસહજાર યોજન છે. એના તળિયાનો ભાગ મધ્યલોકથી ચાર રાજુ નીચો છે. પાંચમી પૃથ્વીથી અસંખ્યાત હજાર યોજન નીચે જતાં છઠ્ઠી તમ:પ્રભા નામની પૃથ્વી છે. એની જાડાઈ એક લાખ ૧૬ હજાર યોજન જાડી છે. એનો તળિયાનો ભાગ મધ્યલોકથી પાંચ રાજુ નીચો છે. છઠ્ઠી પૃથ્વીથી અસંખ્યાત હજાર યોજન નીચે જતાં સાતમી મહાતમ:પ્રભા નામની પૃથ્વી છે. એની જાડાઈ એક લાખ આઠ હજાર યોજનની છે.

(દિગંબર પરંપરામાં શર્કરા વગેરે પૃથ્વીઓની જાડાઈ અનુક્રમે ૩૨ હજાર, ૨૮ હજાર, ૨૪ હજાર, ૨૦ હજાર, ૧૬ હજાર અને આઠ હજાર યોજન માનેલી છે. 'તિલોયપણ્ણત્તી' માં 'પાઠાંતર' આપીને ઉપરની જાડાઇનો પણ ઉલ્લેખ છે.) એનો તળિયાનો ભાગ મધ્યલોકથી છ રાજુ નીચો છે.

રત્નપ્રભા પૃથ્વીના એકલાખ એંસી હજાર યોજનના ક્ષેત્રમાંથી ઉપર અને નીચેના એકેક હજાર યોજન જેટલા ભાગને છોડીને વચલા ક્ષેત્રમાં ઉપર ભવનપતિ દેવોના સાત ક્રોડ બોંતેર લાખ ભવન છે તથા નીચે નારકીઓના ત્રીસલાખ નરકાવાસા છે, પરંતુ 'ત્રિલોક-પ્રજ્ઞપ્તિ,' 'તત્ત્વાર્થવાર્ત્તિક' વગેરે દિગંબર ગ્રંથોમાં આનાથી જુદો ઉલ્લેખ કરેલો છે. દિગંબર પરંપરા પ્રમાણે રત્નપ્રભાના ત્રણ ભાગોમાંથી પહેલા ભાગના એકેક હજાર યોજન ક્ષેત્રને છોડીને વચલા ૧૪ હજાર યોજન ક્ષેત્રમાં કિન્નર વગેરે સાત વ્યંતર દેવોના તથા નાગકુમાર વગેરે નવ ભવનપતિ દેવોના નિવાસ છે. રત્નપ્રભાના બીજા ભાગમાં અસુરકુમાર ભવનપતિ અને રાક્ષસ વ્યંતરપતિના આવાસ છે, રત્નપ્રભાના ત્રીજા ભાગમાં નારકોના આવાસ છે. (જુઓ 'તિલોયપણ્ણત્તી અ૦ ૩, ગા. ૭ અને તત્ત્વાર્થવાર્ત્તિક અ૦ ૩, સૂ. ૧)

બીજી પૃથ્વીની ઉપર નીચે એકેક હજાર યોજન ભૂમિને છોડીને વચલા ભાગમાં નારકોના ૨૫ લાખ નરકાવાસ છે. એ રીતે ત્રીજીથી લઇને સાતમી પૃથ્વી સુધી એમની જાડાઈના ઉપર નીચેના એકેક હજાર યોજન ભાગને છોડીને વચલા ભાગોમાં અનુક્રમે ૧૫ લાખ, ૧૦ લાખ, ૩ લાખ, એક લાખમાં પાંચ ઓછા અને પાંચ નરકાવાસા છે. આ નરકાવાસા પાથડામાં વહેંચાયેલા છે. પહેલી વગેરે પૃથ્વીમાં અનુક્રમે ૧૩, ૧૧, ૯, ૭, ૫, ૩ અને ૧ પાથડા છે. આ રીતે સાતે પૃથ્વીઓના નરકાવાસાના ૪૯ પાથડા છે. આ ૪૯ પાથડાઓમાં વહેંચાયેલ સાતે પૃથ્વીઓના નરકાવાસો ૮૪ લાખ છે. તેમાં અસંખ્યાત નારકીના જીવો હમેશ અનેક પ્રકારની ક્ષેત્રજન્મ, પરસ્પરમાં ઉત્પન્ન કરેલ, શારીરિક અને માનસિક દુઃખો ભોગવ્યા કરે છે, આ નરકોમાં ક્રૂર કર્મ કરનાર પાપી મનુષ્યો અને પશુ–પક્ષી તિર્યંચો ઉત્પન્ન થાય છે. આ પહેલી પૃથ્વીમાં ઓછામાં ઓછું દશ હજાર વર્ષના આયુષ્યથી લઇને સાતમી પૃથ્વીમાં ૩૩ સાગરોપમ સુધી જુદા જુદા દુઃખો ભોગવે છે. એમનું અકાળ મૃત્યુ થતું નથી. એમનું શરીર વૈક્રિય અને ઔપપાતિક હોય છે. જન્મ લીધા પછી અંતમુહૂર્તમાં જ એમનું આખું શરીર બની જાય છે અને તેઓ ઉત્પન્ન થતા જ પગ ઉપર અને માથુ નીચું રાખીને નીચે નરકભૂમિ ઉપર પડે છે. ૭મી પૃથ્વીની નીચે એક રાજુ જાડા અને ૭ રાજુના વિસ્તારવાળા ક્ષેત્રમાં ફકત એકેંદ્રિય જીવ જ રહે છે.

## [3] મધ્ય (તિરછો) લોક

ત્રીછા લોકનો આકાર ઝાલર કે ચૂડી સમાન ગોળ છે. એના ખાસ મધ્ય ભાગમાં એક લાખ યોજનના વિસ્તારનો જંબૂદ્વીપ છે. એની ચારે બાજુએ ઘેરાયેલ બે લાખ યોજનના વિસ્તારનો લવણ સમુદ્ર છે. એની ચારે બાજુ ઘેરાયેલ ચાર લાખ યોજનના

વિસ્તારનો ધાતકીખંડદ્વીપ છે એને બધી બાજુએથી ઘેરાયેલ આઠ લાખ યોજનના વિસ્તારનો કાળોદધિ સમુદ્ર છે એને ચારે બાજુએથી ઘેરાયેલ સોળ લાખ યોજનના વિસ્તારનો પુષ્કરદ્વીપ છે. એ પુષ્કરની બરાબર વચ્ચેના ભાગમાં ગોળાકારવાળો માનુષોત્તર પર્વત છે. ત્યારપછી પુષ્કરાર્ધ દ્વીપમાં તથા એનાથી આગળના દ્વીપ–સમુદ્રોમાં વૈક્રિયલબ્ધિવાળા કે ચારણમુનિ સિવાયના બીજા મનુષ્યો જઈ શકતા નથી, પરંતુ દિગંબર માન્યતા પ્રમાણે ઋદ્ધિવંત પુરુષો પણ જઈ શકતા નથી.

પુષ્કરદ્વીપને ઘેરીને એનાથી બમણા વિસ્તારનો પુષ્કરોદ સમુદ્ર છે. ત્યાર પછી એને ઘેરીને બમણા–બમણા વિસ્તારના વરુણવર દ્વીપ, વરુણવર સમુદ્ર, ક્ષીરવર દ્વીપ, ક્ષીરોદસાગર, ધૃતવર દ્વીપ, ધૃતવર સમુદ્ર, ક્ષોદવર દ્વીપ, ક્ષોદવર સમુદ્ર, નંદીશ્વર દ્વીપ, નંદીશ્વર સમુદ્ર, વગેરે નામવાળા અસંખ્યાત દ્વીપ અને સમુદ્ર છે છેવટે અસંખ્યાત યોજનના વિસ્તારનો સ્વયંભૂરમણ સમુદ્ર છે.

આ અસંખ્યાત દ્વીપ–સમુદ્રોવાળા મધ્યલોકના મધ્ય ભાગમાં જે એક લાખ યોજનના વિસ્તારનો જંબૂદ્વીપ છે. એના પણ મધ્ય ભાગમાં મૂળમાં દશ હજાર યોજન વિસ્તારનો અને એક લાખ યોજન ઊંચો મેરુ પર્વત છે. એની ઉત્તર દિશામાં રહેલા ઉત્તરકુરુમાં એક અનાદિ-નિધન પૃથ્વીનું બનેલ જંબૂવૃક્ષ છે, તેના કારણે જ આ દ્વીપનું નામ જંબૂદ્વીપ પડેલ છે. હિમવંત, મહાહિમવંત, નિષધ, નીલ, રૂકમી અને શિખરી એ છ પૂર્વથી પશ્ચિમ સુધી લાંબા અને આ દ્વીપના વિભાગ કરનાર વર્ષધર પર્વતો છે. આ વર્ષધર પર્વતોથી વિભાગ થવાને કારણે ભરત, હૈમવત, હરિ, વિદેહ, રમ્યક્, હૈરણ્યવત અને ઐરાવત એ સાત વિભાગ થાય છે. ભરતાદિ ક્ષેત્રોનો ક્રમ દક્ષિણ તરફથી ગણવામાં આવે છે. એ ક્ષેત્રોમાંથી વિદેહ ક્ષેત્રના મધ્ય ભાગમાં મેરુ પર્વત છે. એના દક્ષિણ તરફના ભાગમાં ભરત વગેરે ત્રણ ક્ષેત્રો છે અને ઉત્તર તરફના ભાગમાં રમ્યક્ વગેરે ત્રણ ક્ષેત્રો છે.

## (૪) કર્મભૂમિયો અને અકર્મભૂમિયો :—

ઉપરના સાત ક્ષેત્રોમાંથી ભરત, ઐરાવત અને દેવકુરૂ–ઉત્તરકુરૂ સિવાયના વિદેહ ક્ષેત્રને કર્મભૂમિ કહેવાય છે. આ ક્ષેત્રોના મનુષ્યો અસિ, મષી, કૃષિ વગેર કર્મો (વ્યાપારો) થી પોતાની આજીવિકા ચલાવે છે. આ ક્ષેત્રોના મનુષ્યતિર્યંચો પોત–પોતાના પુણ્ય–પાપ પ્રમાણે નરક–તિર્યંચ વગેરે ચારે ગતિયોમાં ઉત્પન્ન થાય છે તથા આ ક્ષેત્રોના જ મનુષ્યો પોતાના પુરુષાર્થથી કર્મો ક્ષય કરીને મોક્ષ મેળવે છે. આ કર્મભૂમિ સિવાયના બાકીના ક્ષેત્રોને અકર્મ-ભૂમિ કે ભોગભૂમિ કહેવાય છે. તેમનો અસિ, મષી વગેરે કર્મોને બદલે સ્વાભાવિક પ્રાપ્ત થયેલ કલ્પવૃક્ષોથી જ જીવનનિર્વાહ થાય છે. તેમનું અકાળ મૃત્યુ થતું નથી પરંતુ તેઓ હમેશ સ્વસ્થ રહીને આયુષ્ય પુરૂં થતાં સુધી દિવ્ય ભોગો ભોગવે છે.

## (૫) અન્તર્દ્વીપ

પહેલા હિમવંત પર્વતના લવણ સમુદ્રમાં નીકળેલ ભાગની ચારે વિદિશાઓમાં (ખૂણાઓમાં) ત્રણસો ત્રણસો યોજન લવણ સમુદ્રમાં જતાં ચાર અન્તરદ્વીપ છે. એ રીતે લવણ

સમુદ્રમાં ચારસો, પાંચસો, છસો, સાતસો, આઠસો અને નવસો યોજન આગળ જતાં ચારે ખૂણાઓવાળા પર્વતના ભાગમાં ચાર – ચાર અન્તરદ્વીપો છે. આમ ચુલહિમવંતના ૨૮ અન્તરદ્વીપ થાય છે. એ જ રીતે છઠ્ઠા શિખરી પર્વતના લવણમાં આવેલા ભાગમાં ૨૮ અન્તરદ્વીપ છે. બન્ને બાજુના મેળવતાં છપ્પન અન્તરદ્વીપ થાય છે. દિગંબર પરંપરામાં ૯૬ અંતરદ્વીપો કહેલા છે. (વધારે જાણવાની ઇચ્છાવાળાઓએ 'તિલોયપણ્ણત્તી' અ૦ ૪, ગા. ૨૪૭૮--૯૦ તથા તત્ત્વાર્થવાર્ત્તિક અ૦ ૩, સૂત્ર ૩૭ની ટીકા વગેરે જોઈ લેવું.) એ દ્વીપોમાં એકોરૂક વગેરે ઘણી જુદી જુદી આકૃતિયોવાળા મનુષ્યો રહે છે. તેઓ કલ્પવૃક્ષોના ફળ--ફૂલોથી જીવન ચલાવે છે. સ્ત્રી--પુરુષો યુગલ તરીકે ઉત્પન્ન થાય છે અને સાથે જ રહે છે. એમના મરણના થોડા સમય પહેલાં જ યુગલસંતાન ઉત્પન્ન થાય છે.

પહેલાં જે છ વર્ષધર પર્વતોના નામ કહેલા છે. એમના ઉપર અનુક્રમે પદ્મ, મહાપદ્મ, તિગિચ્છ, કેશરી, મહાપુંડરીક અને પુંડરીક નામના એકેક દ્રહ આવેલા છે. આ દ્રહની વચ્ચે પદ્મ (કમળ) રહેલું છે. તેના વર્ણન માટે આ ગ્રંથનું પાનું ૧૨ તથા ૪૯મું જુઓ.

હિમવંત પર્વત ઉપર રહેલા પદ્મદ્રહના પૂર્વભાગથી ગંગા મહાનદી નીકળે છે. તે નદી પર્વત ઉપરથી નીચે પડીને ભરતક્ષેત્રમાં વહીને પૂર્વમુખી બનીને પૂર્વના લવણસમુદ્રમાં જઇને મળી જાય છે. એ જ પદ્મ --દ્રહની પશ્ચિમ ભાગથી સિંધુ મહાનદી નીકળીને ભારત-વર્ષના દક્ષિણ ભાગમાં કેટલેક સુધી વહીને પશ્ચિમાભિમુખી બનીને પશ્ચિમ લવણ સમુદ્રમાં ભળી જાય છે. એ જ દ્રહના ઉત્તર ભાગથી રોહિતાંસા નદી નીકળી છે. તે હિમવંત ક્ષેત્રમાં વહે છે. છેલ્લા શિખરી પર્વત ઉપર રહેલ પુંડરીકદ્રહના પૂર્વ ભાગથી રક્તા અને પશ્ચિમ-ભાગથી રક્તોદા નદી નીકળીને ઐરાવત ક્ષેત્રમાં વહેતી વહેતી અનુક્રમે પૂર્વ અને પશ્ચિમ સમુદ્રમાં જઇને મળે છે. આ જ પુંડરીકદ્રહના દક્ષિણ ભાગથી સુવર્ણકૂલા નદી નીકળે છે, તે હૈરણ્યવત ક્ષેત્રમાં વહે છે. બાકીના મધ્યમાં રહેલા વર્ષધર પર્વતોના દ્રહોમાંથી બબ્બે નદીઓ નીકળી છે. તે પોત--પોતાના ક્ષેત્રમાં વહેતી વહેતી પૂર્વ તેમજ પશ્ચિમના સમુદ્રમાં જઇને મળે છે. આ મુખ્ય મહાનદીઓમાં બીજી નાની હજારો નદીઓ આવી મળે છે.

વિદેહક્ષેત્રમાં મેરુપર્વતના ઇશાન વગેરે ચાર ખૂણાઓમાં અનુક્રમે ગંધમાદન, માલ્યવંત, સૌમનસ અને વિદ્યુતપ્રભ નામના ચાર પર્વતો છે. એનાથી વિભાગ થવાને કારણે મેરૂના દક્ષિણ તરફના ભાગને દેવકુરુ અને ઉત્તર તરફના ભાગને ઉત્તરકુરુ કહે છે. એ બન્ને ક્ષેત્ર ભોગભૂમિ છે. મેરુના પૂર્વતરફના ભાગને પૂર્વ વિદેહ અને પશ્ચિમ તરફના ભાગને પશ્ચિમ-વિદેહ કહે છે. એ બન્ને સ્થાનોમાં શીતા--શીતોદા નદી વહેવાને કારણે બબ્બે ખંડ થઈ જાય છે. આ ચારેય ખંડોમાં કર્મભૂમિ છે. એમાં જ સીમંધર વગેરે તીર્થંકર હમેશ વિહાર કરતાં અને ધર્મોપદેશ આપતાં વિરાજે છે અને અત્યારે પણ ત્યાંના પુરુષાર્થી આત્માઓ કર્મો ક્ષય કરી મોક્ષમાં જાય છે.

## [૬] જ્યોતિષી લોક

જંબૂદ્વીપના સમતળ ભૂમિભાગથી ૭૯૦ યોજનની ઊંચાઈથી શરૂ કરીને નવસો યોજનની ઊંચાઈ સુધી જ્યોતિષીલોક છે. તેમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા એ પાંચ જાતના

જ્યોતિષી દેવોના વિમાન છે. આ બધા વિમાનો તેથી જ્યોતિષી કે પ્રકાશ સ્વભાવવાળા છે, તેથી તેમને જ્યોતિષી કહે છે. તેમાં રહેનાર જ્યોતિષી દેવોના નિવાસને કારણે એ ક્ષેત્રને જ્યોતિષ લોક કહેવાય છે. તીરછા રુપે આ જ્યોતિષીલોક સ્વયંભૂરમણ સમુદ્ર સુધી ફેલાયેલ છે. એમાં સૌથી પહેલાં ૭૯૦ યોજનની ઊંચાઇએ તારાઓનું વિમાન છે. એનાથી ૧૦ યોજનની ઊંચાઇએ સૂર્યનું વિમાન છે. સૂર્યથી ૮૦ યોજન દૂર ચંદ્રનું વિમાન છે. ચંદ્રથી ૪ યોજન ઉપર નક્ષત્ર છે. નક્ષત્રોથી ૪ યોજન ઉપર બુધનું વિમાન છે. તેનાથી ઉપર ત્રણ યોજને શુક્રનું વિમાન છે. શુક્રથી ૩ યોજન ઉપર ગુરુનું વિમાન છે. તેનાથી ત્રણ યોજન ઉપર મંગળનું વિમાન છે અને મંગળથી ત્રણ યોજન ઉપર શનિનું વિમાન છે. આ રીતે જ્યોતિષીના વિમાન–સમુદાય એક સો દસ યોજનમાં મળે છે.

તીરછાલોકમાં રહેલા ત્રીજા પુષ્કરદ્વીપની વચ્ચે માનુષોત્તર પર્વત છે, ત્યાં સુધીનું ક્ષેત્ર મનુષ્યલોક કહેવાય છે. આ મનુષ્યલોકની અંદર બધા જ્યોતિષી વિમાન મેરુની પ્રદક્ષિણા કરતાં હમેશ ફરતા રહે છે. ત્યાં સૂર્યના ઉદય અને અસ્તથી જ રાત–દિવસનો વ્યવહાર બને છે. મનુષ્યલોકની બહારના ભાગથી શરૂ કરીને સ્વયંભૂરમણ સમુદ્ર સુધીના અસંખ્યાત યોજનના વિસ્તારવાળા ક્ષેત્રમાં અસંખ્ય જ્યોતિષી વિમાન હોય છે, તે ફરતાં નથી; પરંતુ હમેશ અવસ્થિત રહે છે. જંબૂદ્વીપમાં મેરુની ચારે બાજુ ૧૧૨૧ યોજન સુધી જ્યોતિષી--મંડળ નથી. લોકાંતમાં પણ એટલા જ યોજન છોડીને જ્યોતિષી મંડળ રહેલું છે. એના મધ્યભાગમાં યથાસંભવ અંતરાલ સહિત ફેલાયેલ છે.

જૈન માન્યતા પ્રમાણે જંબૂદ્વીપમાં બે સૂર્ય અને બે ચંદ્ર છે. એક સૂર્ય મેરૂ પર્વતની પુરી પ્રદક્ષિણા બે દિવસ–રાતમાં કરે છે. આ પરિભ્રમણનું ક્ષેત્ર જંબૂદ્વીપમાં ૧૮૦ યોજન અને લવણસમુદ્રમાં ૩૩૦ યોજન છે. સૂર્યના ફરવાના ૧૮૪ મંડળ છે. એક મંડળથી બીજા-મંડળનું બે યોજનનું અંતર છે. આ રીતે પહેલા મંડળથી છેલ્લા મંડળ સુધી ફરવામાં સૂર્યને ૩૬૬ દિવસ લાગે છે. સૌરમાસ પ્રમાણે એક વર્ષમાં એટલા જ દિવસ હોય છે. ચંદ્રના પરિભ્રમણના ફકત ૧૫ મંડળ છે. ચંદ્રને પણ મેરૂની એક પ્રદક્ષિણા કરવામાં બે દિવસ-રાતથી થોડો વધારે સમય લાગે છે. ચંદ્રની ગતિ સૂર્યથી મંદ (ધીમી) છે તેથી સૂર્ય કરતાં ચંદ્રને વધારે સમય લાગે છે. એ જ કારણે ચંદ્રના ઉદયમાં સૂર્યની અપેક્ષાએ આઘા–પાછા-પણું દેખાય છે. એક ચંદ્ર પોતાના ૧૫ મંડળોમાં ૧૪$\frac{૧}{૪}$ + $\frac{૧}{૧૨૪}$ મંડળ જ ચાલે છે, તેથી ચાંદ્રમાસ પ્રમાણે વર્ષમાં ૩૫૪ દિવસ હોય છે.

જૈન માન્યતા પ્રમાણે લવણસમુદ્રમાં ચાર સૂર્ય અને ચાર ચંદ્ર છે. ધાતકી–ખંડમાં બાર સૂર્ય અને બાર ચંદ્ર છે. કાળોદ સમુદ્રમાં બેતાળીસ સૂર્ય અને બેતાળીશ ચંદ્ર છે. પુષ્કરાર્ધ દ્વીપમાં ૭૨ સૂર્ય અને ૭૨ ચંદ્ર છે. પુષ્કરાર્ધના પાછળના અડધાભાગમાં પણ ૭૨–૭૨ જ સૂર્ય–ચંદ્ર છે. ત્યારપછી આગળ–આગળ સ્વયંભૂરમણ–સમુદ્ર સુધી સૂર્ય અને ચંદ્રની સંખ્યા ઉત્તરોઉત્તર બમણી–બમણી છે.

એક ચંદ્રના પરિવારમાં એક સૂર્ય, ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ અને ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા હોય છે. જંબૂદ્વીપમાં બે ચંદ્ર હોવાથી નક્ષત્રાદિની સંખ્યા પણ બમણી સમજવી. આ રીતે આખા જ્યોતિષીલોકમાં અસંખ્ય ચંદ્ર–સૂર્ય છે. એનાથી ૨૮ ગુણા નક્ષત્ર અને ૮૮ ગુણા ગ્રહો હોય છે તથા સૂર્યથી ૬૬૯૭૫ ક્રોડાક્રોડી તારા હોય છે.

મધ્યલોકમાં રહેલ જ્યોતિષીઓના વિમાન જો કે જાતે ગતિ–સ્વભાવવાળા છે તો પણ અભિયોગ જાતના દેવ, સૂર્ય–ચંદ્ર વગેરેના વિમાનો ચલાવવામાં નિમિત્તરૂપ બને છે. એ દેવો સિંહ, હાથી, બળદ અને ઘોડાનો આકાર બનાવીને અને પૂર્વ વગેરે ચારે દિશાઓમાં અનુક્રમે સૂર્યાદિને ફેરવે છે.



## (૭) ઉર્ધ્વલોક

મેરૂ પર્વતને ત્રણ લોકનો વિભાગ કરનાર માનેલ છે. મેરૂની નીચેના ભાગમાં અધોલોક અને મેરૂથી ઉપરના ભાગને ઉર્ધ્વલોક કહે છે. ઉર્ધ્વલોકમાં બાર દેવલોક છે અને દિગંબર માન્યતા પ્રમાણે ૧૬ દેવલોક છે. એ દેવલોકમાં કલ્પવાસી દેવો અને દેવીઓ રહે છે. એની ઉપર નવ ગ્રૈવેયકો અને પાંચ અનુત્તર વિમાનો છે. દિગંબર માન્યતા પ્રમાણે ૧૬ દેવલોકની ઉપર નવ અનુદિશ અને એની ઉપર પાંચ અનુત્તર વિમાન છે. આ વિમાનોમાં રહેનાર દેવો કલ્પાતીત કહેવાય છે. એ દેવોમાં ઇંદ્ર, સામાનિક વગેરેની વ્યવસ્થા હોતી નથી, તે બધા અહમેંદ્ર કહેવાય છે. આ વિમાનોમાં રહેનાર દેવો સરખા વૈભવવાળા હોય છે.

દેવલોકમાં જે કલ્પવાસી દેવો છે, એમનામાં ઇંદ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, પારિષદ, આત્મરક્ષ, લોકપાલ, અનીક, પ્રકીર્ણક, અભિયોગિક અને કિલ્વીષી નામના દશ વિભાગો હોય છે. સામાનિક વગેરે બીજા દેવોના સ્વામી હોય છે એમને ઇંદ્ર કહે છે. એમની આજ્ઞા

બધા દેવો માને છે અને એમનો વૈભવ, ઐશ્વર્ય બીજા દેવોથી ઘણો વધારે હોય છે. આજ્ઞા અને ઐશ્વર્ય સિવાય બાકીની બધી બાબતોમાં ઇંદ્ર જેવા હોય છે એમને સામાનિક કહે છે. મંત્રી અને પુરોહિતનું કામ કરનાર દેવ ત્રાયસ્ત્રિંશ કહેવાય છે. એ ૩૩ જ હોય છે, તેથી તેમને ત્રાયસ્ત્રિંશ કહેવાય છે. ઇંદ્રની સભા કે પરિષદના સભ્યોને પારિષદ કહે છે. ઇંદ્રના અંગરક્ષક (Body guard) દેવો આત્મરક્ષક કહેવાય છે. બધા દેવોનું રક્ષણ કરનાર દેવો લોકપાલ કહેવાય છે. સેના (લશ્કર)માં કામ કરનાર દેવો અનીક કહેવાય છે. સામાન્ય જનતા જેવા દેવો પ્રકીર્ણક દેવો કહેવાય છે. દેવલોકમાં સૌથી ઓછા પુણ્યવાળા જે દેવો હોય છે તેમને કિલ્વીષી દેવો કહે છે.

આ સિવાય ભવનપતિ, વાણવ્યંતર તેમજ જ્યોતિષી દેવો હોય છે. ભવનપતિ દેવોમાં ઉપરના દશ ભેદો હોય છે. વાણવ્યંતર અને જ્યોતિષી દેવોમાં ત્રાયસ્ત્રિંશ અને લોકપાલ સિવાયના આઠ ભેદો હોય છે. રત્નપ્રભા પથ્વીના ઉપરના આંતરાના ભાગમાં તથા મધ્યલોકમાં રહેલા અસંખ્યાત દ્વીપ-સમુદ્રમાં પણ ભવનપતિ તેમજ વાણવ્યંતર દેવો હોય છે.

પાંચમાં બ્રહ્મદેવલોકના છેડે સારસ્વત વગેરે લોકાંતિક દેવો રહે છે દેવલોકના દેવોમાં આ લોકાંતિક સૌથી વધુ જ્ઞાની હોય છે. તે દેવો તીર્થંકર ભગવાન ના દીક્ષા કલ્યાણિક ના સમયે આવે છે તેમજ આ દેવો એકાવતારી હોય છે.

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને કલ્પવાસી (વૈમાનિક) આ બધા દેવોનો ઔપપાતિક જન્મ હોય છે. એ દેવો પોતાની ઉપપાત શય્યામાં જન્મ લીધા પછી એક અંતમુહૂર્તમાં જ પુરબહાર યુવાની મેળવે છે – એટલે કે યુવાન બને છે.

## (૮] તમસ્કાય

જંબૂદ્વીપથી તીરછા અસંખ્યાત દ્વીપ–સમુદ્રો ઓળંગતા અરૂણવરદ્વીપની બહારની વેદિકાના અંતથી અરૂણોદય સમુદ્રમાં બેતાળીશ હજાર યોજન અવગાહીને પાણીની ઉપરના ભાગથી એક પ્રદેશની શ્રેણિવાળી તમસ્કાય (અંધકારપિંડ) શરૂ થાય છે. પછી તે ૧૭૨૧ યોજન ઉપર ચઢીને ફેલાતી ફેલાતી સુધર્મા વગેરે ચાર દેવલોકોને ઘેરીને પાંચમા બ્રહ્મલોકમાં રિષ્ટ વિમાન આવતાં પુરી થાય છે. આ તમસ્કાયનો આકાર નીચે મલ્લકમૂળ અને ઉપર મરઘાના પાંજરા જેવો છે. એના લોકતમિસ્ર વગેરે ૧૩ નામ છે અને તેની આઠ કૃષ્ણરાજીઓ બતાવી છે.







## ૯ સિદ્ધલોક

ઉર્ધ્વલોકના અંતે સર્વાર્થ સિધ્ધ વિમાનના અગ્રભાગથી બાર યોજન ઉપર ઈષિત્પ્રાગભાર નામની પૃથ્વી છે. તે ૪૫ લાખ યોજન વિસ્તારની અને ગોળાકાર છે. એ વચ્ચે આઠ યોજન વિસ્તારની અને ગોળાકાર છે. એ વચ્ચે આઠ યોજન જાડી છે પછી અનુક્રમે ઘટતી ઘટતી છેલ્લા પ્રદેશોમાં માખીની પાંખથી પણ પાતળી બનેલી છે. દિગંબર માન્યતા પ્રમાણે ઈષિત્પ્રાગ-ભાર પૃથ્વી લોકાંત સુધી વિસ્તરેલી હોવાથી એક રાજુ પહોળી અને ૭ રાજુ લાંબી છે. એના

બરાબર મધ્ય ભાગમાં મનુષ્યક્ષેત્રની ઉપર ૪૫ લાખ યોજન લાંબુ પહોળું ગોળાકાર સિદ્ધ-ક્ષેત્ર છે. એનો આકાર રૂપાના છત્ર જેવો છે. એ સિદ્ધક્ષેત્ર કે સિદ્ધલોકમાં કર્મોને ક્ષય કરીને સંસારચક્રથી છુટતા મુકત જીવો વસે છે અને અનંતકાળ સુધી પોતાના આત્મિક અવ્યાબાધ અનુપમ સુખ ભોગવે છે.






सिध्धिसिला

## (૧૦) ક્ષેત્ર માપ

આ ક્ષેત્રમાપમાં સૌથી પહેલાં પરમાણુ બતાવેલ છે. ઝીણામાં ઝીણો રજકણ તે પરમાણુ અને તે રજઃકણ અતીદ્રિંય છે. જેનો ભાગ, ખંડ કે ટૂકડો કોઈ પણ રીતે થઈ ન શકે, એવો જે સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાગ છે તે પરમાણુ કહેવાય છે.

પરમાણુ = પુદ્ગલનો બધાથી નાનામાં નાનો અવિભાગી અંશ.
અનંત સૂક્ષ્મ પરમાણુ = એક વ્યવહાર પરમાણુ.
અનંત વ્યવહાર પરમાણુ = એક ઉષ્ણસ્નિગ્ધ પરમાણુ.
અનંત ઉષ્ણ સ્નિગ્ધ પરમાણુ = એક શીત સ્નિગ્ધ પરમાણુ.
આઠ શીત સ્નિગ્ધ પરમા = એક ઉર્ધ્વરેણુ.
આઠ ઉર્ધ્વરેણુ = એક ત્રસરેણુ.
આઠ ત્રસરેણુ = અક રથરેણુ. આઠ રથરેણુ = દેવકુરુ-ઉત્તરકુરુના મનુષ્યનો એક વાળાગ્ર.
દેવકુરુ – ઉત્તરકુરુ મનુષ્યના ૮ વાળાગ્ર = હરિવર્ષ – રમ્યક વર્ષના મનુષ્યનો એક વાળાગ્ર.
હરિવર્ષ -- રમ્યક વર્ષના મનુષ્યના ૮ વાળાગ્ર = હેમવય – હિરણ્યના મનુષ્યનો એક વાળાગ્ર.

હેમવય – હિરણ્યવયના મનુષ્યના ૮ વાળાગ્ર = પૂર્વ – પશ્ચિમ મહાવિદેહના મનુષ્યનો. એક વાળાગ્ર.

પૂર્વ – પશ્ચિમ મહાવિદેહના મનુષ્ય ૮ વાળાગ્ર = ભરત -- ઐરવતના મનુષ્યનો એક વાળાગ્ર.
ભરત – ઐરવતના મનુષ્યના ૮ વાળાગ્ર = એક લીખ. ૮ લીખ = એક જુ.
૮ જુ = એક જવમધ્ય (જવનો અડધો ભાગ.) ૮ જવમધ્ય એક ઉત્સેધાંગુળ.
૬ ઉત્સેધાગુળ = એક પગ. ૨ પગ = એક વેંત. ૨ વેંત (વિતસ્તિ) = એક હાથ.
૨ હાથ (રત્નિ) = એક કુક્ષિ (દિગંબર પરંપરા પ્રમાણે કિષ્કુ) ૨ કુક્ષિ = એક દંડ (ધનુષ્ય.)
૨ હજાર ધનુષ્ય = એક ગાઉ. ૪ ગાઉ = એક યોજન.

ઉપરના માપનું વર્ણન ઉત્સેધાંગુળ સાથે સંબંધ ધરાવે છે. ઉત્સેધાંગુળથી પ્રમાણાંગુળ પાંચસો ગુણો હોય છે. એક ઉત્સેધાંગુળ લાંબી એક પ્રદેશની શ્રેણિ (પંક્તિ) ને સૂચીઆંગુળ કહે છે. સૂચીઆંગુળના વર્ગને પ્રતરાંગુળ કહે છે અને સૂચીઆંગુળના ઘનને ઘનાંગુળ કહે છે. અસંખ્યાત ક્રોડાક્રોડી ઘનાંગુળ ગુણા યોજનોની પંક્તિને શ્રેણિ અથવા જગત્શ્રેણિ કહે છે. જગત્શ્રેણિના વર્ગને જગત્પ્રતર કહે છે અને જગત્શ્રેણિના ઘનને લોક કે ઘનલોક કહે છે. એમાંથી જગત્શ્રેણિના ૭ મા ભાગ – પ્રમાણને રાજુ કહે છે. લોકાકાશનું ઘનફળ ૩૪૩ રાજુ પ્રમાણ છે.

## ૧૧ કાળ માપ

સમય એ કાળનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ અંશ છે.

| | |
|---|---|
| અસંખ્યાત સમય = એક આવલિકા | ૩૭૭૩ આવલિકા = એક ઉચ્છ્વાસ |
| અને ૩૭૭૩ આવલિકા = એક નિઃશ્વાસ | એટલે કે ૭૫૪૬ આવલિકા = એક શ્વાસોચ્છ્વાસ |
| ૪૪૪૬ ૨૪૫૮/૩૭૭૬ આવલિકા = એક પ્રાણ | સાત પ્રાણ = એક સ્તોક |
| સાત સ્તોક = એક લવ | ૩૮ ૧/૨ લવ = એક ઘડી |
| ૨ ઘડી = એક મુહૂર્ત (૪૮ મિનિટ) | ૩૦ મુહૂર્ત = એક અહોરાત્ર |
| ૧૫ અહોરાત્ર = એક પક્ષ | ૩૦ અહોરાત્ર = એક માસ |
| બે માસ = એક ઋતુ | બાર માસ = એક વર્ષ (સંવત્સર) |
| ત્રણ ઋતુ = એક અયન | બે અયન = એક સંવત્સર |
| પાંચ સંવત્સર = એક યુગ | વીસ યુગ = એક સો વર્ષ |
| દશ સો વર્ષ = એક હજાર વર્ષ | સો હજાર વર્ષ = એક લાખ વર્ષ. |
| ૮૪ લાખ વર્ષ = પૂર્વાંગ | ૮૪ લાખ પૂર્વાંગ = એક પૂર્વ |

(૭૦ લાખ, ૫૬ હજાર ક્રોડ વર્ષ = ૧ પૂર્વ અથવા ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦.)

| | |
|---|---|
| ૮૪ લાખ પૂર્વ = એક ત્રુટિતાંગ | ૮૪ લાખ ત્રુટિતાંગ = ત્રુટિત. |

ત્યાર પછી દરેક સંખ્યાને ૮૪ લાખથી ગુણતાં અડડાંગ, અડડ, અવવાંગ, અવવ, હૂહૂકાંગ, હૂહૂક, ઉત્પલાંગ, ઉત્પલ, પદ્માંગ, પદ્મ, નલિનાંગ, નલિન, અર્થનિપુરાંગ, અર્થનિપુર, અયુતાંગ, અયુત, પ્રયુતાંગ, પ્રયુત, નયુતાંગ, નયુત, ચૂલિકાંગ, ચૂલિકા, શીર્ષપ્રહેલિકાંગ, શીર્ષપ્રહેલિકા થાય છે. ત્યાર પછી ઉપમાવાળો કાળ રહેલો છે.

દિગંબર માન્યતા પ્રમાણે કાળ માપનું વર્ણન નીચે પ્રમાણે છે :—

| | |
|---|---|
| સમય = કાળનો સૌથી નાનો અવિભાગી અંશ. | અસંખ્યાત સમય = એક આવલી. |
| સંખ્યાત આવલી = એક પ્રાણ (શ્વાસોચ્છ્વાસ.) | સાત પ્રાણ = એક સ્તોક. |
| સાત સ્તોક = એક લવ. | ૭૭ લવ = એક મુહૂર્ત. |
| ૩૦ મુહૂર્ત = એક અહોરાત્ર. | ૧૫ અહોરાત્ર = એક પક્ષ. |

| | |
|---|---|
| બે પક્ષ = એક માસ. | બે માસ = એક ઋતુ. |
| ત્રણ ઋતુ = એક અયન. | બે અયન = એક વર્ષ. |
| ૮૪ લાખ વર્ષ = એક પૂર્વાંગ. | ૮૪ લાખ પૂર્વાંગ = એક પૂર્વ. |
| ૮૪ લાખ પૂર્વ = એક પર્વાંગ. | ૮૪ લાખ પૂર્વાંગ = એક પર્વ. |
| ૮૪ લાખ પર્વ = એક નયુતાંગ, | ૮૪ લાખ નયુતાંગ = એક નયુત. |
| ૮૪ લાખ નયુત = એક કુમુદાંગ. | ૮૪ લાખ કુમુદાંગ = એક કુમુદ. |
| ૮૪ લાખ કુમુદ = એક પદ્માંગ, | ૮૪ લાખ પદ્માંગ = એક પદ્મ. |
| ૮૪ લાખ પદ્મ = એક નલિનાંગ, | ૮૪ લાખ નલિનાંગ = નલિન. |

આ રીતે હવે પછી કમલાંગ, કમલ, તુટયાંગ, તુટય, અટટાંગ, અટટ, અમમાંગ, અમમ, હૂહૂઅંગ, હૂહૂ, લતાંગ, લતા, મહાલતાંગ, મહાલતા, શિર:પ્રકંપિત હસ્તપ્રેહિલિત અને અચલાત્મને ઉત્તરોઉત્તર ૮૪ લાખ ગુણા સમજવા. આ બધી સંખ્યાઓ સંખ્યાત ની ગણતરીમાં છે. પલ્યોપમ અને સાગરોપમ વગેરે અસંખ્યાતની ગણતરીમાં છે. એનાથી બધી આગળની અંત વગરની રાશિ છે, તે અનંત કહેવાય છે.

# બૌદ્ધ મત પ્રમાણે લોકનુ વર્ણન

## (૧) લોક—રચના

આચાર્ય વસુબંધુએ પોતાના અભિધર્મ–કોશમાં લોકરચના આ રીતે બતાવી છે :—

લોકના નીચેના ભાગમાં સોળલાખ યોજન ઊંચું ઘણું વાયુમંડળ છે, (અભિધર્મકોશ, ૩,૪૫). એની ઉપર અગિયાર લાખ વીસ હજાર યોજન ઊંચું જળમંડળ છે. એમાં ત્રણ લાખ વીસ હજાર યોજન કંચનમય ભૂમંડલ છે (અભિધર્મ કોશ, ૩,૪૬). જળમંડળ અને કંચન મંડળનો વિસ્તાર બાર લાખ ત્રણ હજાર ચારસો પચાસ યોજન તથા પરિધિ છત્રીસ લાખ દશહજાર ત્રણસો પચાસ યોજન પ્રમાણે છે (અભિધર્મકોશ, ૩, ૪૭–૪૮).

કાંચનમય ભૂમંડળના મધ્યમાં મેરૂ પર્વત છે. એ એંસીહજાર યોજન નીચે જળમાં ડૂબેલો છે તથા એટલો જ ઉપર નીકળેલો છે (અભિધર્મકોશ, ૩,૫૦). એનાથી આગળ એંસી હજાર યોજન વિસ્તારનો અને બે લાખ ચાળીસ હજાર યોજનની પરિધિવાળો પ્રથમ સીતા (સમુદ્ર) છે, તે મેરુને ઘેરીને રહેલ છે. એનાથી આગળ ચાળીસ હજાર યોજન વિસ્તારનો યુગંધર પર્વત વલયાકારે રહેલો છે, એનાથી આગળ પણ આ જ રીતે એકેક સીતાને આંતરે અડધા–અડધા વિસ્તારના અનુક્રમે યુગંધર ઇશાધર, ખદીરક, સુદર્શન, અશ્વકર્ણ, વિતનક અને નિમિન્ધર પર્વત છે. સીતાઓનો વિસ્તાર પણ ઉત્તરોઉત્તર અડધો--અડધો થયેલ છે (અભિધર્મ કોશ, ૩, ૫૧--૫૨)

એ પર્વતોમાંથી મેરુ ચતુર્રત્નમય અને બાકીના સાત પર્વતો સુવર્ણમય છે. બધાથી બહાર રહેલ સીતા (મહાસમુદ્ર) નો વિસ્તાર ત્રણ લાખ બાવીસહજાર યોજનનો છે. છેવટે લોહમય ચક્રવાલ પર્વત રહેલો છે.

નિમિન્ધર અને ચક્રવાલ પર્વતોની વચ્ચે જે સમુદ્ર રહેલો છે એમાં જંબૂદ્વીપ, પૂર્વવિદેહ, અવર ગોદાનીય અને ઉત્તરકુરૂએ ચાર દ્વીપો છે. એમાં જંબુદ્વીપ મેરુના દક્ષિણ ભાગમાં છે. એનો આકાર ગાડા જેવો છે, એની ત્રણ ભુજાઓમાંથી બે ભુજાઓ બબ્બે હજાર યોજન અને એક ભુજા ત્રણ હજાર પચાસ યોજનની છે (અભિધર્મ કોશ, ૩, ૫૩).

મેરુના પૂર્વભાગમાં અર્ધ ચંદ્રાકાર પૂર્વ વિદેહ નામનો દ્વીપ છે, એની ભુજાઓનું પ્રમાણ જંબૂદ્વીપની ત્રણે ભુજાઓ જેવું છે (અભિધર્મ કોશ, ૩, ૫૪) મેરુના પશ્ચિમ ભાગમાં મંડલ-ભાર અવરગોદાનીય દ્વીપ છે. એનો વિસ્તાર અઢી હજાર યોજન અને પરિધિ સાડાસાત હજાર યોજન પ્રમાણે છે (અભિધર્મ કોશ ૩ ૫૫) મેરુના ઉત્તર ભાગમાં સમ ચતુષ્કોણ ઉત્તરકુરુદ્વીપ છે. એની એકેક ભુજા બબ્બે હજાર યોજનની છે. એમાંથી પૂર્વ વિદેહની પાસે દેહ-વિદેહ, ઉત્તરકુરુ ની પાસે કુરુ-કૌરવ, જંબૂદ્વીપની પાસે ચામર, અવર ચામર તથા ગોદાનીય દ્વીપની પાસે શાટા અને ઉત્તરમંત્રી નામના અંતર્દ્વીપ રહેલા છે. એમાંથી ચમરદ્વીપમાં રાક્ષસોનો અને બાકી દ્વીપોમાં મનુષ્યનો નિવાસ છે (અભિધર્મકોશ, ૩, ૫૬).

મેરુ પર્વતના ચાર પરિખંડ (વિભાગ) છે. પહેલો પરિખંડ શીતાજલથી દશ હજાર યોજન ઉપર સુધી માનેલો છે. એનાથી આગળ અનુક્રમે દસ-દસ હજાર ઉપર જતાં બીજો, ત્રીજો અને ચોથો પરિખંડ છે. એમાંથી પહેલો પરિખંડ સોળ હજાર યોજન, બીજો પરિખંડ આઠ હજાર યોજન, ત્રીજો પરિખંડ ચાર હજાર યોજન અને ચોથો પરિખંડ બે હજાર યોજન મેરુથી બહાર નીકળેલો છે. પહેલા પરિખંડમાં પૂર્વની બાજુ કરોટ-પાણિ-યક્ષ રહે છે. બીજા પરિખંડમાં દક્ષિણ તરફ માલાધર રહે છે. ત્રીજા પરિખંડમાં પશ્ચિમ બાજુ સદામદ રહે છે અને ચોથા પરિખંડમાં ચાતુર્માહારાજિક દેવ રહે છે, આ જ રીતે બાકીના સાત પર્વતો ઉપર પણ ઉપરના દેવોનો નિવાસ છે (અભિધર્મ કોશ ૩, ૬૩-૬૪).

જંબૂદ્વીપમાં ઉત્તર બાજુ બનેલા કીટાદ્રિ અને એનાથી આગળ હિમવાન પર્વત રહેલો છે. હિમવાન પર્વતથી આગળ ઉત્તરમાં પાંચસો યોજન વિસ્તારનો અનવતપ્ત નામનું અગાધ સરોવર છે એમાંથી ગંગા, સિંધુ, વક્ષુ અને સીતા નામની ચાર નદીઓ નીકળેલ છે, એ સરોવર પાસે જંબૂ-વૃક્ષ છે, તેથી આ દ્વીપનું જંબૂદ્વીન નામ પડેલ છે (અભિધર્મ કોશ ૩,૫૭)

## (૨) નરક લોક

જંબૂદ્વીપની નીચે વીસ હજાર યોજન વિસ્તારનું અવીચિ નામનું નરક છે એની ઉપર અનુક્રમે પ્રતાપન, તપન, મહારૌરવ, રૌરવ, સન્ઘાત, કાલસૂત્ર અને સંજીવ નામના બીજા સાત નરક છે (અભિધર્મ કોશ ૩, ૫૮). એ નરકોની ચારે પાર્શ્વ (પડખા) ના ભાગોમાં કુકૂલ, કુણપ, ક્ષુર્માર્ગાદિક, (અસિપત્રવન, શ્યામસબલ સ્વસ્થાન અયઃ શાલ્મલીવન) અને ખારોદકવાળી વૈતરણી નદીના આ ચાર ઉત્સદ છે. અર્બુદ, નિરર્બુદ, અટટ ઉહહબ, ઉત્પલ, પદ્મ અને મહાપદ્મવાળા

આ આઠ બીજા શીતનરક છે, તે જંબૂદ્વીપના અધોભાગમાં મહાનરકોના ધરાતલ (જમીન) માં રહેલા છે (અ. કો. ૩, ૫૦).

## (૩) જ્યોતિર્લોક

મેરુ પર્વતના અડધા ભાગ એટલે કે ભૂમિથી ચાળીસ હજાર યોજન ઉપર ચંદ્ર અને સૂર્ય ફરે છે. ચંદ્ર–મંડળ ૫૦ યોજનનું અને સૂર્યમંડળ ૫૧ યોજનનું છે. જ્યારે જંબૂદ્વીપમાં મધ્યાન્હ થાય છે ત્યારે ઉત્તર કુરુમાં અડધી રાત, પૂર્વ વિદેહમાં અસ્ત અને અવર ગોદાનીયમાં સૂર્યોદય થાય છે (અ. કો. ૩, ૬૦). ભાદ્ર માસના સુદની નોમની રાતથી વૃદ્ધિ અને ફાગણ માસના સુદની નોમથી એની હાનિની શરૂઆત થાય છે. રાત્રિની વૃદ્ધિ, દિવસની હાનિ અને રાત્રિની હાનિ, દિવસની વૃદ્ધિ થાય છે. સૂર્યના દક્ષિણાયનમાં રાત્રિની વૃદ્ધિ અને ઉત્તરાયણમાં દિવસની વૃદ્ધિ થાય છે (અ. કો. ૩, ૬૧)

## (૪) સ્વર્ગલોક

મેરુના શિખર ઉપર ત્રયસ્ત્રિંશ (સ્વર્ગ) લોક છે. એનો વિસ્તાર એંસી હજાર યોજનનો છે. ત્યાં ત્રાયસ્ત્રિશ દેવ રહે છે. એની ચારે વિદિશા (ખૂણા)ઓમાં વજ્રપાણિ દેવોનો નિવાસ છે (અ. કો. ૩, ૬૫) ત્રયસ્ત્રિંશ–લોકની વચ્ચે સુદર્શન નામનું નગર છે અને તે સુવર્ણમય છે. એનો અકેક પાર્શ્વભાગ અઢી હજાર યોજન વિસ્તારનો છે. એના મધ્યભાગમાં ઇંદ્રનો અઢીસો યોજનના વિસ્તારનો વૈજયંત નામનો પ્રાસાદ (મહેલ) છે. નગરની બહારના ભાગમાં ચારે બાજુ ચૈત્રરથ, પારુષ્ય, મિશ્ર અને નંદન એ ચાર વન છે (અ. કો. ૩, ૬૬–૬૭). એની ચારે બાજુ વીસ હજાર યોજનના અંતરે દેવોનું ક્રીડા–સ્થળ છે. (અ. કો. ૩૧ ૬૮).

ત્રયસ્ત્રિંશ–લોકની ઉપર વિમાનોમાં યામ, તુષિત, નિર્માણરતિ અને પરનિર્મિત–વશવર્તી દેવ રહે છે. કામધાતુ ગત દેવોમાંથી ચાતુર્માહારાજિક અને ત્રાયસ્ત્રિંશ મનુષ્યની માફક કામસેવન કરે છે. યાન, તુષિત, નિર્માણરતિ, પરનિમિર્તવશવર્તી દેવ અનુક્રમે આલિંગન, પાણિસંયોગ, હસિત અને અવલોકનથી જ તૃપ્તિ થાય છે. (અ. કો. ૩ ૬૯).

કામ ધાતુની ઉપર સત્તર સ્થાનોમાં રુપ ધાતુ છે. તે ૧૭ સ્થાન આ રીતે છે :—પહેલા સ્થાનમાં બ્રહ્મકાયિક બ્રહ્મપુરોહિત અને મહાબ્રહ્મલોક છે. બીજા સ્થાનમાં પરિતાભ, અપભાણાભ અને આભસ્વર લોક છે, ત્રીજા સ્થાનમાં પરિતશુભ, અપ્રમાણશુભ અને શુભકૃત્સ્ન લોક છે, ચોથા સ્થાનમાં અભ્રનક, પુણ્યપ્રસવ, બૃહદફળ, પંચશુદ્ધાવાસિક, અવૃહ, અતપ, સુદશ–સુદર્શન અને અકનિષ્ઠ નામના આઠ લોક છે. આ બધા દેવલોક અનુક્રમે ઉપર–ઉપર રહેલા છે. એમાં રહેનારા દેવ ઋષિ, બળ કે બીજા દેવની મદદથી જ પોતાના થી ઉપરના દેવલોકને જોઇ શકે છે (અ. કો. ૩, ૭૧–૭૨).

જંબૂદ્વીપમાં રહેલા મનુષ્યોનું શરીર સાડાત્રણ કે ચાર હાથનું, પૂર્વવિદેહવાસીઓનું ૭–૮ હાથ, ગોદાનીય દ્વીપવાસીઓનું ૧૪--૧૬ હાથ અને ઉત્તરકુરુના મનુષ્યોનું શરીર ૨૮–૩૨

હાથ ઉંચું હોય છે. કામધાતુવાસી દેવોમાં ચાતુર્મહારાજિક દેવોનું શરીર ¼ કોશનું ત્રાયસ્ત્રિંશોનું ½ કોશનું, યામોનું ¾ કોશનું, તુષિતોનું ૧ કોશનું, નિર્માણરતિ દેવોનું ૧¼ કોશનું અને પર-નિર્મિતવશવર્તી દેવોનું શરીર ૧½ કોશ ઊંચું છે. આગળ બ્રહ્મપુરોહિત મહાબ્રહ્મ, પરિતાભ, અપ્રભાણાભ, આભસ્વર, પરિત્તશુભ, અપ્રમાણશુભ અને શુભકૃત્સ્ન દેવોનું શરીર અનુક્રમે ૧, ૧½ ૨, ૪, ૮, ૧૬, ૩૨ અને ૬૪ યોજનનું ઊંચું છે. અનભ્રદેવોનું શરીર ૧૨૫ યોજન ઊંચું છે, તેનાથી આગળ પુણ્ય પ્રસવ વગેરે દેવોનું શરીર ઉત્તરોત્તર બમણી ઊંચાઈનું છે (અ.કો.૩,૭૫-૭૭)

## (૫) ક્ષેત્રમાપ

બૌદ્ધ ગ્રંથોમાં યોજનનું પ્રમાણ નીચે પ્રમાણે છે:—

| | | | |
|---|---|---|---|
| ૭ પરમાણુ | = ૧ અણુ | ૭ અણુ | = ૧ લૌહરજ |
| ૭ લૌહરજ | = ૧ જલરજ | ૭ જલરજ | = ૧ શશરજ |
| ૭ શશરજ | = ૧ મેઘરજ | ૭ મેઘરજ | = ૧ ગોરજ |
| ૭ ગોરજ | = ૧ છિદ્રરજ | ૭ છિદ્રરજ | = ૧ લીખ |
| ૭ લીખ | = ૧ જવ | ૭ જવ | = ૧ અંગુલીપર્વ |
| ૨૪ અંગુલી પવ | = ૧ હાથ | ૪ હાથ | = ૧ ધનુષ્ય |
| ૫૦૦ ધનુષ્ય | = ૧ કોશ | ૮ કોશ | = ૧ યોજન |

(અ. કો. ૮૫-૭૭)

## (૬) કાલમાપ

બૌદ્ધ ગ્રંથોમાં કાળનું પ્રમાણ નીચે પ્રમાણે છે:—

| | | | |
|---|---|---|---|
| ૧૨૦ ક્ષણ | = ૧ તત્ક્ષણ | ૬૦ તત્ક્ષણ | = ૧ લવ |
| ૩૦ લવ | = ૧ મુહૂર્ત | ૬૦ મુહૂર્ત | = ૧ અહોરાત્રિ |
| ૩૦ અહોરાત્રિ | = ૧ માસ | ૧૨ માસ | = ૧ સંવત્સર |

કલ્પોના અંતરકલ્પ, સંવર્તકલ્પ અને મહાકલ્પ વગેરે ઘણા ભેદ બતાવેલા છે. (અ. કો.૩.૮૮-૮૯-૯૦)

## તુલના અને સમીક્ષા :-

બૌદ્ધોએ નરકલોક, પ્રેતલોક, તિર્યકલોક, મનુષ્યલોક અને છ દેવલોક એ ૧૦ લોક માનેલા છે (અ. કો. ૩, ૧) ચાર્તુમહારાજિક, ત્રયસ્ત્રિંશ, યામ, તુષિત નિર્માણરતિ અને પરનિમિત વશર્વીત આ છ દેવલોકના નામ છે. તેથી તેને ઉપરના છ દેવલોકોમાં સમાવતાં નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ આ ચાર લોક જ સાબિત થાય છે, તે જૈનમતની ચાર ગતિઓ યાદ કરાવે છે.

બૌદ્ધોએ પ્રેતયોનિને એક જુદી ગતિ માનીને પાંચ ગતિઓ માનેલ છે. જેમકે :–

'નરકાદિસ્વનામોક્તા ગતયઃ પંચ તેષુ તાઃ' (અભિધર્મકોશ ૩, ૪)।

ઉપર બતાવેલા દેવોમાંથી ચાતુમહારાજિક દેવ-ઇંદ્રનું, તુષિત-લોકાંતિક દેવોનું, ત્રયસ્ત્રિંશ ત્રાયસ્ત્રિંશ દેવોનું તથા બાકીના ભેદ વ્યંતર દેવોની સ્પષ્ટ રીતે યાદ આપે છે.

જૈનોની માફક બૌદ્ધોએ પણ દેવો અને નારકીઓને ઔપપાતિક જન્મવાળા માનેલ છે. જેમકે : નારકા ઉપપાદુકાઃ અન્તરા ભવદેવાશ્વ ॥ (અભિધર્મકોશ ૩, ૪).

બૌદ્ધોએ પણ જૈનોની માફક નારકી જીવોની ઉત્પતિની સાથે જ ઉર્ધ્વપાદ અને અધોમુખ નરકભૂમિમાં જનાર માન્યું છે જેમ કે :–

એતે પતંતિ નિરય ઉદ્ધપાદા અવંસિરા (સુત્તનિપાત)

ઉર્ધ્વપાદાસ્તુ નારકા : (અભિ. ૩, ૧૫)

# વૈદિક ધર્મ પ્રમાણે લોકનું વર્ણન

## (૧) મર્ત્યલોક

જે રીતે જૈન ગ્રંથોના આધારે પહેલાં ભૂગોળનું વર્ણન કરેલ છે, લગભગ તે જ રીતે હિન્દુ–પુરાણોમાં પણ ભૂગોળનું વર્ણન મળે છે. આ પૃથ્વી ઉપર (૧) જંબૂ (૨) પ્લક્ષ, (૩) શાલ્મલ, (૪) કુશ, (૫) ક્રૌંચ, (૬) શાક અને (૭) પુષ્કર—એ નામના સાત દ્વીપ છે. એ બધા ચુડી જેવા ગોળાકાર અને અનુક્રમે (૧) લવણોદ, (૨) ઈક્ષુરસ, (૩) ઈક્ષુરસ, (૪) મદિરારસ. (૫) દધિરસ, (૬) દૂધ રસ, (૭) મધુરસ ના સાત સમુદ્રોથી વીંટળાયેલા છે. એ બધાના મધ્યભાગમાં જંબૂદ્વીપ છે. એનો વિસ્તાર એક લાખ યોજનનો છે. એના મધ્યભાગમાં ૮૪ હજાર યોજન ઊંચો સ્વર્ણમય મેરુ પર્વત છે. એનું મૂળ પૃથ્વીની અંદર ૧૬ હજાર યોજન છે. મેરુનો વિસ્તાર મૂળમાં ૧૬ હજાર યોજન છે અને પછી અનુક્રમે વધતાં વધતાં શિખર ઉપર ૩૨ હજાર યોજન બનેલો છે. (વિષ્ણુ પુરાણ દ્વિતીયાંશ દ્વિતીય અધ્યાય, શ્લોક ૫–૯, માર્કંડેય પુરાણ અ. ૪ શ્લોક ૫–૭)

આ જંબૂદ્વીપમાં મેરુ પર્વતના દક્ષિણ ભાગમાં હિમવાન, હેમકૂટ અને નિષધ તથા ઉત્તર ભાગમાં નીલ, શ્વેત અને શ્રૃંગી આ છ વર્ષ–પર્વતો છે. એનાથી જંબૂદ્વીપના સાત વિભાગ થાય છે. મેરુની દક્ષિણ બાજુ રહેલ નિષધ અને ઉત્તર બાજુ નીલપર્વત, પૂર્વ–પશ્ચિમ લવણ સમુદ્ર સુધી એક લાખ યોજન લાંબા, બબ્બે હજાર યોજન ઊંચા અને

એટલો જ પહોળો છે એના પછી હેમકૂટ અને શ્વેત પર્વત લવણ સમુદ્ર સુધી પૂર્વ–પશ્ચિમમાં ૯૦ હજાર યોજન લાંબો, બે હજાર યોજન ઊંચો અને એટલાજ વિસ્તારનો છે. એના પછી હિમવાન અને શૃંગી પર્વત પૂર્વ–પશ્ચિમમાં એંસી હજાર યોજન લાંબો, બે હજાર યોજન ઊંચો અને એટલા જ વિસ્તારનો છે. એ પર્વતોને કારણે જંબૂદ્વીપના સાત વિભાગ થાય છે. (૧) ભારત વર્ષ (૨) કિંપુરૂષ (૩) હરિવર્ષ (૪) ઈલાવૃત્ત (૫) રમ્યક્ (૬) હિરણ્મય અને (૭) ઉત્તરકુરુ એ સાત તેના નામ છે. (વિષ્ણુ–પુરાણ દ્વિતીયાંશ, દ્વિતીય અધ્યાય, શ્લોક ૧૦થી ૧૫ તથા માર્કંડેય પુરાણ અ.૫૪ શ્લોક ૮–૧૪) એમાં ઇલાવૃત્ત સિવાયના બાકીના છ નો વિસ્તાર ઉત્તર–દક્ષિણમાં નવહજાર યોજન છે. ઇલાવૃત્ત–વર્ષ મેરુની પૂર્વ,દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર એ ચારેય દિશાઓમાં ૯–૯ હજાર યોજન વિસ્તારનો છે. આ રીતે બધા પર્વતો તેમજ વર્ષોના વિસ્તારને મેળવતાં જંબૂદ્વીપનો વિસ્તાર એક લાખ યોજનનો છે.

મેરુ પર્વતની બન્ને બાજુ પૂર્વ–પશ્ચિમમાં ઇલાવૃત્ત વર્ષની મર્યાદા રૂપ માલ્યવાન અને ગંધમાદન પર્વત છે. તે પર્વતો નીલ અને નિષધ સુધી વિસ્તરેલી છે. તેથી બન્ને બાજુ બે બીજા વિભાગ છે અને તેનાં નામ ભદ્રાશ્વ અને કેતુમાલ છે. આ રીતે ઉપરના સાત વર્ષોમાં આ બે વર્ષો ભેળવતાં જંબૂદ્વીપના બધા વર્ષો (ક્ષેત્રો) નવ થાય છે. (વિષ્ણુપુરાણ, દ્વિતીયાંશ, દ્વિતીય અધ્યાય શ્લોક ૧૬ તથા માર્કંડેય પુરાણ અ. ૫૪ શ્લોક ૧૪–૧૯).

મેરુની ચારે બાજુ પૂર્વાદિ દિશાઓમાં અનુક્રમે મંદર, ગંધમાદન, વિપુલ અને સુપાર્શ્વ નામના ચાર પર્વત છે. એની ઉપર અનુક્રમે ૧૧૦૦ યોજન ઊંચા કદંબ, જંબૂ, પીપળ અને વડના ઝાડ છે. એમાંથી જંબૂવૃક્ષના નામથી આ જંબૂદ્વીપ કહેવાય છે. વિષ્ણુપુરાણ, દ્વિતીયાંશ, દ્વિતીય અધ્યાય, શ્લોક ૧૭-૧૯ તથા માર્કંડેય પુરાણ, અ. ૫૪, શ્લોક ૯).

જંબૂદ્વીપમાં રહેલા ભારતવર્ષ મહેંદ્ર, મલય, સહ્ય, સૂક્તિમાન, ઋક્ષ, વિંધ્ય અને પારિયાત્રએ સાત કુલપર્વત છે. (વિષ્ણુ પુરાણ દ્વિતીયાંશ, દ્વિતીય અધ્યાય શ્લોક ૧૬ તથા માર્કંડેય પુરાણ અ. ૫૪, શ્લોક ૧૪–૧૯) એમાંના હિંમવાનમાંથી શતદ્ર અને ચંદ્રભાગા વગેરે પારિયાત્ર-માંથી વેદ અને સ્મૃતિ વગેરે વિંધ્યમાંથી નર્મદા અને સુરસા વગેરે; ઋક્ષમાંથી તાપી, પયોષ્ણી અને નિર્વિંધ્યાદિ, સહ્યમાંથી ગોદાવરી ભીમરથી અને કૃષ્ણવેણી વગેરે, મલયમાંથી કૃતમાલા અને તામ્રપર્ણી વગેરે, મહેંદ્રમાંથી ત્રિસામા અને આર્યકુલ્યા વગેરે, તથા સુક્તિમાન પર્વતમાંથી ઋષિકુલ્યા અને કુમારી વગેરે નદીઓ નીકળેલી છે. (વિષ્ણુ પુરાણ, દ્વિતીયાંશ, દ્વિતીય અધ્યાય. શ્લોક ૧૬ તથા માર્કંડેય પુરાણ, અ. ૪૫, શ્લોક ૧૪-૧૯, ૧૦-૧૪.) આ નદીઓના કિનારે મધ્ય દેશથી શરૂ કરીને કુરૂ અને પાંચાલ, પૂર્વ દેશથી શરૂ કરીને સૌરાષ્ટ્ર, સૂર, આભીર અને અર્બુદ તથા ઉત્તર દેશને શરૂ કરીને માલવ, કોસલ, સૌવીર, સૈંધવ, હુણ, શાલ્વ અને પારસીકોને શરૂ કરીને ભાદ્ર, આરામ અને અંબષ્ઠ દેશવાસી રહે છે. વિષ્ણુપુરાણ, દ્વિતીયાંશ, દ્વિતીય અધ્યાય શ્લોક ૧૫-૧૭).

ઉપરના સાત ક્ષેત્રોમાંથી ફકત ભારતવર્ષ માં જ કૃત (સત), ત્રેતા દ્વાપર અને કલિ નામના ચાર યુગોથી કાળ બદલાય છે. કિંપુરુષ વગેરે બાકીના ક્ષેત્રોમાં કાળ બદલાતો નથી. એ આઠ ક્ષેત્રોમાં રહેતી પ્રજાને શોક, પરિશ્રમ, ઉદ્વેગ અને ભૂખ વગેરે મુશ્કેલીઓ હોતી

નથી ત્યાંના લોકો હમેશ તંદુરસ્ત તેમજ નિરોગી અને દુઃખથી મુક્ત રહે છે. તેઓ હમેશ ઘડપણ મૃત્યુથી નિર્ભય બનીને આનંદ અનુભવે છે, તેથી ત્યાં ભોગ ભૂમિ કહેલી છે ત્યાં પુણ્ય-પાપ અને ઊંચ-નીચ વગેરેનો પણ ભેદ નથી. એ ક્ષેત્રોમાં સ્વર્ગ-મુક્તિ મેળવવાના કારણરૂપ વ્રત-તપ વગેરે પણ હોતા નથી, ફક્ત ભારતવર્ષના જ લોકોમાં વ્રત-તપ વગેરેથી સ્વર્ગ-મોક્ષ વગેરે મળવાનો સંભવ છે તેથી એ બધા ક્ષેત્રોમાં શ્રેષ્ઠ માનેલા છે. અહીંના લોકો અસિ, મષી વગેરે કર્મો (વ્યાપારો)) થી પોતાની આજીવિકા મેળવે છે, તેથી અહીંની ભૂમિને કર્મભૂમિ કહેલ છે. (વિ. પુ. દ્વિ. તૃ. અ. શ્લોક ૧૯-૨૨).

જંબૂદ્વીપને બધી બાજુએથી ઘેરીને લવણસમુદ્ર રહેલ છે. એ એક લાખ યોજનનો છે. (વિ. પુ. દ્વિ. તૃ. અ. શ્લોક ૨૮). લવણસમુદ્રને ઘેરીને બે લાખ યોજનનો પ્લક્ષદ્વીપ છે. એમાં ગોમેધ, ચંદ્ર, નારદ, દુંદુભિ, સોમક અને સુમના નામના છ પર્વતો છે. એના વિભાગ કરનારા શાંતદ્વય, શિશિર, સુખોધ્ય, આનંદ, શિવ, ક્ષેમક અને ધ્રુવ નામના સાત વર્ષ રહેલા છે. એ વર્ષો અને પર્વતો ઉપર દેવ અને ગંધર્વ રહે છે. તેઓ આધિ-વ્યાધિ વગરના અને ઘણા પુણ્યવાન છે. ત્યાં યુગો બદલાતા નથી. ફક્ત હમેશ ત્રેતાયુગ જેવો સમય રહે છે. એમાં ચતુર્વર્ણ વ્યવસ્થા છે અને અહિંસા-સત્ય વગેરે પાંચ ધર્મોનું પાલન કરે છે. આ દ્વીપમાં એક પ્લક્ષવૃક્ષ છે, તેથી આ દ્વીપ પ્લક્ષ નામથી પ્રસિદ્ધ છે. (વિ. પુ. દ્વિ. ચ. અ. શ્લોક. ૧.-૧૮).

પ્લક્ષદ્વીપ ને ચારે બાજુથી ઘેરીને ઈક્ષુરસોદ સમુદ્ર રહેલો છે. તે પ્લક્ષદ્વીપ જેટલાજ વિસ્તારનો છે. એને ચારે બાજુ એ ઘેરીને ચાર લાખ યોજનનો શાલ્મલ દ્વીપ છે. આ જ ક્રમે સુરોદ સમુદ્ર, કુશ દ્વીપ, ઘૃતોદ સમુદ્ર, ક્રૌંચ દ્વીપ, દધિરસોદ સમુદ્ર, શાક દ્વીપ અને ક્ષીરસમુદ્ર રહેલો છે. આ બધા દ્વીપ પોતાની પહેલાના દ્વીપ ના કરતાં બમણા વિસ્તારના છે. અને સમુદ્રોનો વિસ્તાર પોત-પોતાના દ્વીપ જેટલો છે. આ દ્વીપોની રચના પ્લક્ષદ્વીપ જેવી છે. (વિ. ૩ દ્વિ. ચ. અ. શ્લોક. ૨૦-૭૨)

ક્ષીરસમુદ્ર ને ઘેરીને સાતમો પુષ્કર દ્વીપ છે. એના બરાબર મધ્ય ભાગમાં ગોળાકાર માનસોત્તર પર્વત છે. એના બહારના ભાગ ને મહાવીર વર્ષ અને અંદરના ભાગને ધાતકી વર્ષના નામથી ઓળખવામાં આવે છે. એ દ્વીપમાં રહેનારા લોકોપણ રોગ-શોક તેમજ રાગ-દ્વેષ વગરના હોય છે. ત્યાં ઊંચ-નીચનો ભેદ નથી. તેમજ વર્ણાશ્રમ વ્યવસ્થા પણ નથી. આ પુષ્કરદ્વીપમાં નદીઓ અને પર્વતો પણ નથી. (વિ. પુ. દ્વિ. ચ. અ. શ્લોક ૭૩-૮૦)

એ દ્વીપને ચારે બાજુથી ઘેરીને મધુરોદક સમુદ્ર રહેલો છે. એનાથી આગળ પ્રાણીઓ નથી. મધુરોદક સમુદ્રથી આગળ એનાથી બેવડા વિસ્તારની સુવર્ણ-ભૂમિ છે. એનાથી આગળ દસ હજાર યોજનનો વિસ્તારવાળો અને એટલોજ ઊંચો લોકાલોક નામનો પર્વત છે. એની ચારે બાજુએ વીંટળાઇને તમસ્તમ રહેલ છે. એ અંડકડાયાથી સાથે ઉપરના દ્વીપ-સમુદ્રો-વાળું આ આખું ભૂમંડળ ૫૦ કરોડ યોજનનું છે. અને તેની ઊંચાઈ ૭૦ હજાર યોજનની છે. (વિ. પુ. દ્વિ. ચ. અ. શ્લોક ૯૩-૯૬)

એ ભૂમંડળની નીચે દશ–દશ હજાર જનના ૭ પાતાળ છે. અતલ, વિતલ, નિતલ, ગભસ્તિમત, મહાતલ, સૂતલ અને પાતાળ એ આ સાત પાતાળના નામ છે. એ અનુક્રમે સફેદ, કાળા, લાલ, પીળા, શર્કરા, શૈલ અને કાંચન રૂપ છે. અહીં ઉત્તમ ભવનોવાળી ભૂમિઓ છે અને અહીં દાનવ, દૈત્ય, યક્ષ તેમજ નાગ વગેરે વસે છે. (વિ. પુ. દ્વિ. પં. અ. શ્લોક ૨–૪)યો

પાતાળોની નીચે વિષ્ણુ ભગવાનનું શેષ નામનું તામસ શરીર રહેલું છે. તે અનંત કહેવાય છે. એ શરીર હજાર ફેણોથી આખી પૃથ્વીને ધારણ કરીને પાતાળના મૂળમાં રહેલું છે. કલ્પાંત વખતે એના મુખથી નીકળેલ સંકર્ષવાળી રૂદ્ર વિષાગ્નિ–શિખા ત્રણે લોકને ખાઈ જાય છે. (વિ. પુ. દ્વિ. પં. અ. શ્લોક–૧૩–૧૫–૧૯–૨૦)

## (૨) નરકલોક

પૃથ્વી અને જળની નીચે રૌરવ, સૂકર, રૌધ, તાલ, વિશાસન મહાજ્વાલ, તપ્તકુંભ, લવણ, વિલોહિત, રુધિર, વૈતરણી, કૃમીશ, કૃમિ–ભોજન અસિપત્રવન, કૃષ્ણ, અલાભક્ષ, દારૂણ, પૂયવહ, વન્હિજ્વાલ, અધ:શિરા, સૈંદેસ, કાલસૂત્ર, તમ, આવીચિ, શ્વભોજન, અપ્રતિષ્ણ અને અગ્રવિ વગેરે અનેક મહાભયાનક નરક છે. એમાં પાપી જીવ મરીને જન્મ લે છે. (વિ. પુ. દ્વિ. ષ. અ. શ્લોક. ૧–૬) તેઓ ત્યાંથી નીકળીને સ્થાવર કૃમિ, જલચર, મનુષ્ય અને દેવ વગેરે થાય છે. જેટલા જીવ સ્વર્ગમાં છે એટલા જ જીવ નરકોમાં પણ રહે છે. (વિ. પુ. દ્વિ. ષ. અ. શ્લોક–૩૪)

## (૩) જ્યોતિર્લોક

ભૂમિથી એક લાખ યોજન દૂર સૌરમંડળ, એનાથી એક લાખ યોજન ઉપર ચંદ્રમંડળ, એનાથી એક લાખ યોજન ઉપર નક્ષત્રમંડળ, એનાથી બે લાખ યોજન ઉપર બુધ એનાથી બે લાખ યોજન ઉપર શુક્ર, એનાથી બે લાખ યોજન ઉપર મંગળ, એનાથી બે લાખ યોજન ઉપર બૃહસ્પતિ, એનાથી બે લાખ યોજન ઉપર શનિ, એનાથી એક લાખ યોજન ઉપર સપ્તર્ષિ-મંડળ તથા એનાથી એક લાખ યોજન ઉપર ધ્રુવતારા છે. (વિ. પુ. દ્વિ. સ. અ. શ્લોક ૨–૯).

## (૪) મહર્લોક (સ્વર્ગલોક)

ધ્રુવથી એક કરોડ યોજન ઉપર જતાં મહર્લોક છે. અહીં કલ્પકાળ સુધી જીવનારા કલ્પ-વાસીઓનો નિવાસ છે. એનાથી બે કરોડ યોજન ઉપર જનલોક છે. અહીં નંદનાદિ સાથે બ્રહ્માજીના પ્રસિદ્ધ પુત્ર રહે છે. એનાથી આઠ કરોડ યોજન ઉપર તપલોક છે. અહીં વૈરાજ દેવ વસે છે. એનાથી ૧૨ કરોડ યોજન ઉપર સત્યલોક છે. અહીં કદી પણ નહીં મરનારા અમર (અપુનમરિક) રહે છે. એને બ્રહ્મલોક પણ કહે છે. ભૂમિ (ભૂલોક) અને સૂર્યની વચ્ચે સિદ્ધજનો અને મુનિજનોએ સેવેલું સ્થાન ભુવર્લોક કહેવાય છે. સૂર્ય અને ધ્રુવ વચ્ચે ૧૪ લાખ યોજનનું ક્ષેત્ર સ્વર્લોક કહેવાય છે. (વિ. પુ. દ્વિ. ષ. અ. શ્લોક ૧૨–૧૮). ભૂલોક, ભુવર્લોક અને

સ્વર્લોક આ ત્રણે લોક કૃતક તથા જનલોક, તપલોક અને સત્યલોક એ ત્રણે લોક અકૃતક છે, એ બન્ને લોકની વચ્ચે મહર્લોક છે, એ કલ્પાંત વખતે જન વગરનું બને છે પણ સંપૂર્ણ નાશ થતું નથી. (વિ. પુ. દ્વિ. ૫. અ. શ્લોક–૧૯–૨૦)

## (૫) તુલના અને સમીક્ષા

વિષ્ણુપુરાણના આધારે જે લોકસ્થિતિ કે ભૂગોળનું વર્ણન કર્યું છે એનો જ્યારે આપણે જૈન માન્યતાના લોકના વર્ણન સાથે મેળવીએ છીએ. ત્યારે ઘણા તથ્ય નજરે ચઢે છે, ત્યારે તે બન્ને માન્યતાઓનો નામ રૂપે અહીં ઉલ્લેખ કરવામાં આવે છે:—

### દ્વીપ

| જૈન માન્યતા | | | વૈદિક માન્યતા | |
|---|---|---|---|---|
| ૧ | દ્વીપ-સમુદ્ર | અસંખ્યાત | દ્વીપ-સમુદ્ર | સાત |
| ૨ | પહેલો દ્વીપ | જંબૂદ્વીપ | પહેલો દ્વીપ | જંબૂ-દ્વીપ |
| ૩ | કુશક | ૧૫મો દ્વીપ[1] | કુશ | ચોથો દ્વીપ |
| ૪ | ક્રૌંચ | ૧૬મો દ્વીપ[2] | ક્રૌંચ | પાંચમો દ્વીપ |
| ૫ | પુષ્કર | ત્રીજો દ્વીપ | પુષ્કર | સાતમો દ્વીપ |

### સમુદ્ર

| જૈન માન્યતા | | | વૈદિક માન્યતા | |
|---|---|---|---|---|
| ૧. | લવણોદ | પહેલો સમુદ્ર | લવણોદ | પહેલો સમુદ્ર |
| ૨. | વારુણી રસ | ચોથો સમુદ્ર | મદિરા રસ | ત્રીજો સમુદ્ર |
| ૩. | ક્ષીરસાગર | પાંચમો સમુદ્ર | દૂધ રસ | છઠ્ઠો સમુદ્ર |
| ૪. | ધૃતવર | છઠ્ઠો સમુદ્ર | મધુર રસ | સાતમો સમુદ્ર |
| ૫. | ઈક્ષુરસ | સાતમો સમુદ્ર | ઈક્ષુરસ | બીજો સમુદ્ર |

### ક્ષેત્ર

| | |
|---|---|
| ૧. ભારતવર્ષ | ૧. ભારતવર્ષ |
| ૨. હૈમવત | ૨. કિંપુરુષ |
| ૩. હરિવર્ષ | ૩. હરિવર્ષ |
| ૪. વિદેહ | ૪. ઇલાવૃત્ત |
| ૫. રમ્યક | ૫. રમ્યક |
| ૬. હૈરણ્યવત | ૬. હિરણ્મય |
| ૭. ઐરાવત | ૭. ઉત્તર-કુરુ |

જૈન માન્યતા પ્રમાણે ઉત્તરકુરુ વિદેહ ક્ષેત્રનો એક ભાગ છે. ઈલાવૃત્ત ઐરાવતનું જ રૂપાંતર છે. બીજા હૈમવતના સ્થાને કિંપુરુષ નામ જરૂર નવું છે.

---

૧ '૧-૨ તિલોયપણ્ણત્તી'

## (૬) પર્વત

| જૈન પરંપરા | વૈદિક પરંપરા |
|---|---|
| ૧. હિમવાન | ૧. હિમવાન |
| ૨. મહાહિમવાન | ૨. હેમકૂટ |
| ૩. નિષધ | ૩. નિષધ |
| ૪. નીલ | ૪. નીલ |
| ૫. રૂકમી | ૫. શ્વેત |
| ૬. શિખરી | ૬. શ્રૃંગી |

શિખરી તેમજ શ્રૃંગી એ બન્ને એકાર્થક નામ છે. પાંચમા રૂકમી પર્વતનો વર્ણ જૈન માન્યતા પ્રમાણે શ્વેત જ માનેલો છે અને તે વૈદિક માન્યતાના શ્વેત પર્વત નો જ બોધ કરાવનાર છે ફક્ત મહાહિમવાનને સ્થાને હેમકૂટ એ નવું નામ છે.

જૈન અને વૈદિક બન્નેય માન્યતાઓ પ્રમાણે મેરુ પર્વત જંબૂદ્વીપના મધ્યભાગમાં રહેલો છે. ફક્ત ઊંચાઇનો તફાવત છે. વૈદિક માન્યતા પ્રમાણે ૮૪ હજાર યોજન ઊંચો છે અને જૈન માન્યતા પ્રમાણે એક લાખ યોજન ઊંચો છે.

## (૭) નદીઓ

વૈદિક માન્યતા પ્રમાણે પહેલાં નદીઓના જે નામ આપ્યા છે તે મોટે ભાગે આધુનિક નદીઓના જ નામ છે. જૈન માન્યતા પ્રમાણે જંબૂદ્વીપના સાત ક્ષેત્રોમાં ૧૪ મુખ્ય નદીઓ છે. એના નામ નીચે પ્રમાણે છે:—ગંગા, સિંધુ, રોહિતા, રોહિતાંશા, હરિત, હરિકાંતા, શીતા, શીતોદા, નારીકાંતા, નરકાંતા, રક્તો અને રકતોદા ભારતવર્ષ વગેરે ક્ષેત્રોમાં અનુક્રમે આ બબ્બે નદીઓ વહે છે. એમાંની પહેલી નદી પૂર્વના સમુદ્રને અને બીજી પશ્ચિમના સમુદ્રને મળે છે. આ રીતે બન્નેની માન્યતાવાળી નદીઓના નામો જુદા પડે છે.

## (૮) નરક સ્થિતિ (નરકની પરિસ્થિતિ)

જૈન માન્યતાની માફક જ વૈદિક માન્યતામાં પણ ઘણું દુઃખ ભોગવનારા નારકી–જીવોનું સ્થાન આ પૃથ્વીની નીચે માનેલ છે. બન્નેના કોઈ કોઈ નામોમાં સરખાપણું અને કોઈ કોઈ નામોમાં જુદાં પણું છે.

## (૯) જયોતિર્લોક

જૈન માન્યતા પ્રમાણે સમપૃથ્વીતળથી સૂર્ય–ચંદ્ર વગેરેની ઊંચાઇ બતાવી છે. એનાથી વૈદિક માન્યતામાં ઘણો જ તફાવત છે.

## (૧૦) સ્વર્ગલોક

બન્નેની માન્યતા પ્રમાણે સ્વર્ગલોક જ્યોતિર્લોકની ઉપર જ માનેલું છે. વૈદિક માન્યતામાં સ્વર્ગલોકનું મહર્લોક નામ આપેલું છે. તથા ત્યાંના નિવાસીઓને જૈન માન્યતા

જેવા કલ્પવાસી કહ્યા છે. વૈદિક માન્યતામાં સ્વર્ગલોકની સ્થિતિ સૂર્ય અને ધ્રુવની વચ્ચે ૧૪ લાખ યોજન ક્ષેત્રમાં છે, જૈન માન્યતા પ્રમાણે તે મેરુની ઉપરથી લઇને અસંખ્યાત યોજન ઉપરના ક્ષેત્ર સુધી બતાવી છે.

## (૧૧) કર્મભૂમિ અને ભોગભૂમિ

જૈનાગમોમાં કર્મભૂમિ અને ભોગભૂમિ (અકર્મભૂમિ)નું વર્ણન આવેલું છે, તેવું જ હિંદુ પુરાણોમાં પણ વર્ણન મળે છે. વિષ્ણુપુરાણ દ્વિતીયાંશના ત્રીજા અધ્યાયમાં કર્મભૂમિનું વર્ણન નીચે પ્રમાણે છે:—

ઉત્તરં યત્સમુદ્રસ્ય, હિમાદ્રેશ્ચ દક્ષિણમ્ ।
વર્ષં તદ્ભારતં નામ, ભારતી યત્ર સંતતિ: ॥ ૧ ॥
નવ યોજન સહસ્રો, વિસ્તારોઽસ્ય મહામુને ।
કર્મભૂરિયં સ્વર્ગમપવર્ગંચ ગચ્છતામ્ ॥ ૨ ॥
અત: સંપ્રાપ્યતે સ્વર્ગો, મુક્તિમસ્માત્ પ્રયાંતિ વૈ ।
તિર્યક્ત્વં નરકં ચાપિ યાંત્યત: પુરુષામુને ॥૪ ॥
ઇત: સ્વર્ગશ્ચ મોક્ષશ્ચ, મધ્યં ચાંતશ્ચ ગમ્યતે ।
ન ખલ્વન્યત્ર મર્ત્યાનાં, કર્મભૂમૌવિધીયતે ॥ ૫ ॥

ભાવાર્થ :- સમુદ્રની ઉત્તર અને હિમાદ્રિના દક્ષિણમાં ભારતવર્ષ રહેલું છે. એનો વિસ્તાર નવ હજાર યોજનનો છે. એ સ્વર્ગ અને મોક્ષમાં જનાર પુરુષોની કર્મભૂમિ છે. એ જ સ્થાનેથી મનુષ્ય સ્વર્ગ અને મોક્ષ મેળવે છે અને અહીંથી જ તિર્યંચ અને નરકગતિમાં પણ જાય છે— તેથી કર્મભૂમિ છે. આ ભારતવર્ષ સિવાય બીજા ક્ષેત્રમાં કર્મભૂમિ નથી.

અગ્નિપુરાણના એકસો અઢારમા અધ્યાયના બીજા શ્લોકમાં પણ ભારતવર્ષને કર્મભૂમિ કહેલી છે, જેમકે:— 'કર્મભૂમિરિય સ્વર્ગમપર્ગંચ ગચ્છતામ્ ॥'

વિષ્ણુપુરાણને છેડે કર્મભૂમિનો ઉપસંહાર કરતાં લખ્યું છે કે ભારતવર્ષમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શૂદ્ર રહે છે તથા તેઓ અનુક્રમે પૂજન-પાઠ, આયુધધારણ કરવા, વાણિજ્ય-કર્મ (વ્યાપાર) અને સેવા વગેરે કામ કરે છે. જેમકે:—

બ્રાહ્મણા: ક્ષત્રિયા:, વૈશ્યા મધ્યે શુદ્રાશ્ચ ભાગશ: ।
ઈજ્યા ઽઽયુધ વાણિજ્યા દ્યૌર્વર્તયન્તો વ્યવસ્થિતા: ॥૯॥

એ અધ્યાયનો ઉપસંહાર કરતાં કહ્યું છે કે, 'ભારતવર્ષ સિવાય બીજા બધા ક્ષેત્રોમાં ભોગ ભૂમિ છે. જેમકે:-અત્રાપિ ભારતં શ્રેષ્ઠં જંબૂદ્રીપે મહામુને યતોહિ કર્મભૂરેષા, હ્યતોઽન્યા ભોગભૂમય: ॥

ભાવાથ :- આ જંબૂદ્વીપમાં ભારતવર્ષ સર્વશ્રેષ્ઠ છે, કારણ કે અહીં સ્વર્ગ અને મોક્ષ અપાવનાર કર્મભૂમિ છે. ભારતભૂમિ સિવાય બીજા ક્ષેત્રની ભૂમિ તો ભોગ-ભૂમિઓ છે,

કારણકે ત્યાં રહેનારા જીવ હમેશ કોઇપણ જાતના રોગ-શોક-પીડા (મુશ્કેલી) અનુભવતા નથી. માર્કંડેય પુરાણના ૫૫મા અધ્યાયના શ્લોક ૨૦-૨૧માં ભોગભૂમિ અને કર્મભૂમિનું વર્ણન મળે છે.

## (૧૨) ઉત્સર્પિણી અવસર્પિણી કાળ

જ્યારે મનુષ્યોનું આયુષ્ય, સંપત્તિ, સુખસમૃદ્ધિ તેમજ ભોગોપભોગોનો વધારો થાય ત્યારે ઉત્સર્પિણીકાળ કહેવાય છે અને જ્યારે આ બધી વસ્તુઓની હાનિ થાય છે. ત્યારે અવસર્પિણી—કાળ કહેવાય છે એ પ્રમાણે જૈનાગમોમાં કાળના પરિવર્તનનું સ્વરૂપ વર્ણવતા બતાવેલ છે. એ બન્ને પ્રકારના કાળનું પરિવર્તન કર્મભૂમિવાળી પૃથ્વીઓમાં જ થાય છે— બીજી ભોગભૂમિવાળી પૃથ્વીઓમાં નહીં. વિષ્ણુપુરાણમાં પણ એનો ઉલ્લેખ આ રીતે મળે છે:—

> અવસર્પિણી ન તેષાં વૈ નચોત્સર્પિણી દ્વિજ ।
> નત્વેષાઽસ્તિ યુગાવસ્થા તેષુ સ્થાનેષુ સપ્તસુ ॥
> (વિ. પુ. દ્વિ. અ. ૪ શ્લોક ૧૩).

એટલે કે હે દ્વિજ ! જંબૂદ્વીપમાં રહેલા સાત ક્ષેત્રોમાં ભારતવર્ષ જેવા અવસર્પિણી કાળ અવસ્થા નથી અને ઉત્સર્પિણીની પણ નથી.

## (૧૩) વર્ષધર પર્વતો ઉપર સરોવર

જન માન્યતાની જેમ માર્કંડેય પુરાણમાં પણ વર્ષધર પર્વતો ઉપર સરોવરોનું તથા એમાંના કમળોનો ઉલ્લેખ નીચે પ્રમાણે છે:-

> એતેષાં પર્વતાનાં તુ, દ્રોણ્યોઽતીવ મનોહરાઃ ।
> વનૈરમલ પાનીયૈઃ, સરોભિરુપશોભિતાઃ ॥
> (અ. ૫૫ શ્લોક ૧૪-૧૫)

આ સરોવરોમાં કમળોનો ઉલ્લેખ આ રીતે છે:—

તદ્દેતત પાર્થિવં પદ્મં ચતુષ્પત્રં મયોદિતમ્ (અ. ૫૫ શ્લોક—૩૦)

જૈન માન્યતા પ્રમાણે જ પુરાણકારે પણ પદ્મ (કમળ) પાર્થિવ (પૃથ્વીનું) માનેલ છે.

## (૧૪) ભારત વર્ષનું નામ

જંબૂદ્વીપના પહેલા વર્ષ (ક્ષેત્ર) નું નામ 'ભારતવર્ષ' છે. એનું નામ કેવી રીતે પડયું ? એ માટે જૈન માન્યતા છે કે આદિ તીર્થંકર ભગવાન ઋષભદેવના સો પુત્રોમાં મોટો પુત્ર ભરત નામનો ચક્રવર્તી હતો. તેણે આ ક્ષેત્રનું સૌ પ્રથમ રાજ્ય સુખ ભોગવ્યું, તેથી આ ક્ષેત્રનું 'ભારતવર્ષ' નામ પ્રસિદ્ધ થયું (જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રના ત્રીજા વક્ષસ્કારમાં છે.) શ્રીમદ્ ઉમાસ્વાતિ રચિત તત્ત્વાર્થધિગમ સૂત્રના મહાન ભાષ્યકાર શ્રીમદ્ અકલંકદેવે ત્રીજા અધ્યાયના દશમા

સૂત્રની વ્યાખ્યા કરતાં લખ્યું છે:— 'ભરત ક્ષત્રિયયોગાદ્‌વર્ષો ભરતઃ વિજયાર્ધસ્ય દક્ષિણતો જલધેરુત્તરતઃ ગંગા–સિંધ્વોબહુમધ્ય દેશભાગે વિનીતા નામ નગરી તસ્યા મુત્પન્નઃ સર્વ રાજલક્ષણ સમ્પન્નો ભરતો નામાદ્યશ્ચક્રધરઃ ષટ્‌ખંડાધિપતિઃ। અવસર્પિણ્યા રાજ્યવિભાગ કાલે તેનાદૌ ભુક્તત્વાત્ તદ્યોગાદ્ 'ભરત' ઈત્યાખ્યાયતે વર્ષઃ।'

હિંદુઓના પ્રસિદ્ધ માર્કંડેય પુરાણમાં વ્યાસ મહર્ષિએ એ કથનનું સમર્થન કરતાં ૫૩મા અધ્યાયમાં કહ્યું છે:—

ઋષભાદ્ ભરતો જજ્ઞે, વીરઃ પુત્રંશતાદ્વરઃ।
સોઽભિષિચ્યર્ષભઃ પુત્રં, મહાપ્રાવ્રાજ્યમાસ્થિતઃ ॥૪૧॥
તપસ્તેપે મહાભાગઃ પુલહાશ્રમસંશ્રયઃ।
હિમાહ્વં દક્ષિણં વર્ષં, ભરતાય પિતા દદૌ ॥૪૨॥
તસ્માત્તુ ભારતં વર્ષં, તસ્ય નામ્ના મહાત્મનઃ ॥૪૩॥

એટલે કે ઋષભથી ઉત્પન્ન થયેલ ભરત, સો પુત્રોમાં સર્વશ્રેષ્ઠ હતો. એનો રાજ્યાભિષેક કરીને ઋષભ મહાનુભાવ દીક્ષા લઇને પુલહાશ્રમ ગયા. જંબૂદ્વીપનું હિમ નામનું દક્ષિણ ક્ષેત્ર પિતાએ ભરતને આપ્યું, તેથી એ મહાત્માને નામથી આ ક્ષેત્ર 'ભારતવર્ષ' કહેવાયું.

આ સિવાય જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં 'ભરતક્ષેત્ર' એ નામના બે બીજા પણ કારણ બતાવેલ છે. એક તો આ ક્ષેત્રનો અધિષ્ઠાયક ભરત નામનો દેવ છે અને બીજું આ નામ શાશ્વત છે.

દરેક ઉત્સર્પિણી અવસર્પિણી કાળના પહેલા ચક્રવર્તીનું નામ ભરત જ હોય છે. આ બધા કારણોને લીધે આ ક્ષેત્ર ભરત નામથી પ્રસિદ્ધ છે.

કેટલાક લોકો દુષ્યંતપુત્ર ભરતના નામ ઉપરથી આ ક્ષેત્રનું નામ ભરત પડ્યું એમ કહે છે પરંતુ એ ભરતનું વ્યક્તિત્વ ઘણું મહાન (વિશેષ) નહોતું, તેથી એના નામ ઉપરથી આ ક્ષેત્રની પ્રસિદ્ધિ માનવામાં આવે તે બરાબર લાગતું નથી. એ સિવાય એના પહેલાં આ ક્ષેત્રનું શું નામ હતું, એ હજી સુધી કોઇ પણ ઇતિહાસકારે બતાવ્યું નથી. તેથી હવે વિચારવંત ઇતિહાસ જ્ઞાતાઓએ આ મતને સ્વીકાર્યો નથી.

# વૈજ્ઞાનિકોના મત પ્રમાણે આધુનિક વિશ્વ

## [૧] ભૂમંડળ

જે પૃથ્વી ઉપર આપણે વસીએ છીએ તે માટી–પથ્થરનો એક નારંગી જેવો ચપટો ગોળો છે. એનો વ્યાસ લગભગ ૮ હજાર માઈલ (૭૯૨૬.૬/૭૮૯૯.૯–૨૬.૭) અને પરિધિ લગભગ પચીસ હજાર માઈલ (૨૪૯૦૨/૨૪૮૬૦–૪૨) છે.

વૈજ્ઞાનિકોના મત પ્રમાણે આજથી કરોડો વર્ષ પહેલાં કોઈ એક વખતે એ જ્વાળાવાળો અગ્નિનો ગોળો હતો. એ અગ્નિ ધીરે ધીરે ઠંડી થતી ગઈ અને હવે જો કે પૃથ્વીનો ભૂમિભાગ બધે ઠંડો બનેલ છે. તો પણ હજી એના પેટાળમાં અગ્નિ તીવ્રતાથી સળગી રહી છે અને તેથી પૃથ્વીનો ભૂતલ પણ થોડી ઉષ્ણતાવાળો છે, નીચેની બાજુ ખોદતાં ઉત્તરોત્તર વધારે ગરમી મળે છે. કોઈ–કોઈવાર આ પેટાળની જ્વાળા તીવ્ર બનીને ભૂકંપ પેદા કરે છે અને કોઇવાર જ્વાળામુખી રૂપે પણ ફૂટી નીકળે છે, તેથી પર્વત, જમીન, નદી, સમુદ્ર વગેરેના પાણી અને સ્થળમાં ફેરફાર થતો રહે છે, એ અગ્નિના તાપથી પૃથ્વીના દ્રવ્ય યથાયોગ્ય દબાણ અને શીતળતા પામીને જુદા જુદા પ્રકારની ધાતુઓ અને ઉપધાતુઓ તેમ જ પ્રવાહી પદાર્થોમાં બદલાઈ ગયા છે. તે આપણને કોલસા, લોખંડ, સોના, ચાંદી તથા પાણી અને વાયુમંડળ રૂપે દેખાય છે. જળ અને વાયુ જ સૂર્યના તાપથી વાદળા બને છે. એ વાયુમંડળ પૃથ્વીના ભૂતલથી ઉત્તરોત્તર આછું આછું થતું લગભગ ચારસો માઇલ સુધી ફેલાયેલું જણાય છે. પૃથ્વીનું ભૂતળ બધે સરખું નથી. હિમાલયના ગૌરીશંકર (માઉન્ટ એવરેસ્ટ)ને પૃથ્વી તળનો સૌથી ઊંચો ભાગ માનવામાં આવે છે. તે સમુદ્ર તળથી ઓગણીત્રીસ હજાર ફૂટ એટલે કે લગભગ સાડા પાંચ માઈલ ઊંચુ છે. સમુદ્રની સૌથી વધારે ઊંડાઈ ૩૫૪૦૦ ફુટ એટલે કે લગભગ છ માઈલ સુધી મપાયેલી છે. આ રીતે પૃથ્વીતળની ઊંચાઇ કે નીચાણમાં સાડા અગિયાર માઈલનો તફાવત મળે છે.

પુથ્વી ઠંડી થતાં તેના ઉપર જામેલ પડ સીત્તેર માઈલનું મનાય છે. એ પડ જામતાં લગભગ સાડાત્રણ કરોડ વર્ષ થયેલા છે એમ એની દ્રવ્ય–રચનાના અધ્યયનથી અનુમાન કરી શકાય છે. સજીવ તત્ત્વના ચિન્હ ફકત ચોત્રીસ માઇલના ઉપરના પડમાં મળે છે. પૃથ્વી ઉપર જીવ–તત્ત્વ ઉત્પન્ન થયાને બે કરોડ વર્ષથી વધારે સમય થયો હોય એમ લાગતું નથી. એ પ્રમાણે આ પડના આધારે અનુમાન થઈ શકે છે. એમાં પણ મનુષ્યના વિકાસના ચિન્હ ફકત એક કરોડ વર્ષમાં જ થયેલ જણાય છે.

પૃથ્વીતળ ઠંડુ થયા પછી એના ઉપર આધુનિક જીવશાસ્ત્ર પ્રમાણે જીવનનો વિકાસ નીચે બતાવેલા ક્રમે થયેલ છે. સૌ પહેલાં સ્થિર જળ ઉપર જીવકોશ ઉત્પન્ન થયા અને તે પથ્થર વગેરે જડ પદાર્થોથી મુખ્ય રીતે ત્રણ બાબતોમાં જુદા હતા. એક તો તેઓ આહાર લેતા અને આગળ વધતા હતા. બીજું તેઓ ગમે ત્યાં ચાલી પણ શકતા હતા અને ત્રીજું તેઓ પોતાના જેવા બીજા અન્યકોશ પણ ઉત્પન્ન કરી શકતા હતા. કાળક્રમે એમાંથી કેટલાક કોશ ભૂમિમાં મૂળીયા જમાવીને સ્થાવરકાય–વનસ્પતિ બની ગયા અને કેટલાક પાણીમાં વિકાસ થતાં થતાં માછલા બની ગયા. પાણીમાં જ નહીં, પરંતુ સ્થળ પર પણ શ્વાસોચ્છ્વાસ લઈ શકે એવી

વનસ્પતિ અને દેડકા વગેરે પ્રાણીઓ અનુક્રમે ધીરે ધીરે ઉત્પન્ન થયા. એ જ સ્થળ પ્રાણીઓ-માંથી જે પેટની તાકાતથી ઘસડાઇને ચાલતાં કાચબા, સાપ વગેરે પ્રાણીઓ ઉત્પન્ન થયા. એમનો વિકાસ બે રીતે થયો, એક તો પક્ષીરૂપે અને બીજા સ્તનવાળા પ્રાણીઓ રૂપે. તેઓ ઈંડાથી ઉત્પન્ન ન થતાં ગર્ભથી ઉત્પન્ન થાય છે અને પક્ષી ઇંડાથી ઉત્પન્ન થાય છે. મગરથી લઇને ઘેટા-બકરા, ગાય, ભેંસ અને ઘોડા વગેરે બધા સ્તનધારી જાતિના પ્રાણી છે. આ સ્તનવાળા પ્રાણીઓમાં એક વાંદરાની જાતિ ઉત્પન્ન થઈ. કોઈ વખત વાંદરાએ પોતાના આગળ બન્ને પગો ઉપાડીને અને પાછળના બે પગા ઉપર હાલવું-ચાલવું શીખી લીધું. બસ, અહીંથી મનુષ્ય જાતિના વિકાસની શરૂઆત થયેલ મનાય છે. ઉપરના જીવકોશમાંથી શરૂ કરીને મનુષ્યના વિકાસ સુધી દરેક નવી ધારા ઉત્પન્ન થવામાં લાખો-કરોડો વર્ષનું અંતર મનાય છે.

આ વિકાસક્રમે સમયે સમયે તે તે સમયની પરિસ્થિતિ પ્રમાણે જુદા જુદા પ્રકારના જીવોની જાતિઓ ઉત્પન્ન થઈ. એમનામાંથી અનેક જાતિઓ સમયના પરિવર્તન, ક્રાંતિ અને પોતાની અયોગ્યતાને કારણે નાશ થઇ ગઇ અને ભૂગર્ભમાં રહેલા એમના અવશેષોને કારણે આપણને તેનો પત્તો લાગે છે.

પૃથ્વી ઉપર જમીનથી પાણીનો ત્રણગણો વિસ્તાર છે. (સ્થળ ૨૯% અને પાણી ૭૧%) પાણીના વિભાગ પ્રમાણે એશિયા, યૂરોપ અને આફ્રીકા મળીને એક, ઉત્તર-દક્ષિણ અમેરિકાનો એક, ઓસ્ટ્રેલિયા, ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ એ પાંચ પૃથ્વીના મુખ્ય ખંડ છે. એ સિવાય ઘણા નાના-મોટા ટાપુઓ પણ છે. ઘણા વર્ષો પહેલાં આ મુખ્ય પૃથ્વીના વિભાગો પરસ્પર જોડાયલા હતા એમ પણ અનુમાન થઈ શકે છે. યુરોપ-આફ્રીકાની પશ્ચિમ તરફની સમુદ્ર રેખા ઉત્તર-દક્ષિણ અમેરિકાની પૂર્વ તરફના સમુદ્રની રેખા બરાબર મળી જતી હોય તેમ લાગે છે તથા હિંદી મહાસાગરના દ્વીપો સમૂહોની સાંકળ એશિયા ખંડને ઓસ્ટ્રેલિયા સાથે જોડતી દેખાય છે. અત્યારે નહેરો ખોદીને આફ્રીકાનો એશિયા-યુરોપના ભૂમિખંડથી તથા ઉત્તર અમેરિકાનો દક્ષિણ અમેરિકાથી ભૂમિ-સંબંધ તોડવામાં આવેલો છે. આ ભૂમિખંડોનો આકાર, પ્રમાણ અને સ્થિતિ પરસ્પર ઘણી વિષમ છે.

ભારતવર્ષ એશિયાખંડનો દક્ષિણ-પૂર્વ તરફનો (અગ્નિ ખૂણાનો) ભાગ છે. એ ત્રિકોણાકાર છે. દક્ષિણ તરફનો ખૂણો લંકા દ્વીપને મોટે ભાગે સ્પર્શે છે. ત્યાંથી ભારત વર્ષની સીમા ઉત્તર તરફ પૂર્વ-પશ્ચિમ દિશાઓમાં ફેલાતી ગઈ છે અને હિમાલય પર્વતની શ્રેણિઓ ઉપર જઇને પુરી થાય છે. ભારતનો પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ વિસ્તાર લગભગ બબ્બે હજાર માઇલનો છે. એની ઉત્તરની સીમાએ હિમાલય પર્વત છે. મધ્યમાં વિંધ્ય અને સાતપુડાની પર્વતમાળાઓ છે તથા દક્ષિણના પૂર્વ તેમ જ પશ્ચિમના સમુદ્ર કિનારા ઉપર પૂર્વઘાટ અને પશ્ચિમઘાટની પર્વતશ્રેણિઓ ફેલાયેલ છે.

ભારતવર્ષની મુખ્ય નદીઓમાં હિમાલયના મોટાભાગે મધ્યભાગમાંથી નીકળીને પૂર્વ તરફના સમુદ્રમાં ભળતી બ્રહ્મપુત્રા અને ગંગા છે. અની સહાયક નદીઓમાં જમુના, ચંબલ, બેતવા અને સોન વગેરે છે. હિમાલયમાંથી નીકળીને પશ્ચિમ તરફના સમુદ્રમાં મળતી સિંધુ અને એની સહાયક નદીઓ જેલમ, ચિનાબ, રાવી, બિયાસ અને સતલજ છે. ગંગા અને

સિંધુની લંબાઈ લગભગ પંદરસો માઈલની છે. દેશની મધ્યમાં વિંધ્ય અને સાતપુડાની વચ્ચે પૂર્વથી પશ્ચિમ તરફ સમુદ્ર સુધી વહેતી નર્મદા નદી છે. સાતપુડાની દક્ષિણમાં તાપી નદી છે. દક્ષિણ ભારતની ગોદાવરી, કૃષ્ણા, કાવેરી વગેરે નદીઓ પશ્ચિમથી પૂર્વ તરફ વહે છે.

દેશની ઉત્તરમાં સિંધુથી ગંગાના છેડા સુધી આર્યજાતિના તથા સાતપુડાથી દૂર દક્ષિણમાં દ્રાવિડ જાતિના તેમજ પહાડી પ્રદેશોમાં ગોંડ, ભીલ, કોલ અને કિરાત વગેરે આદિવાસી જાતિના લોકો રહે છે.

હાલમાં મળતા આ આઠ હજાર માઈલ વિસ્તારના અને પચીસ હજાર માઈલના પરિધિવાળા ભૂમંડળની ચારે બાજુ અનંત આકાશ છે. તેમાં આપણે દિવસે સૂર્ય અને રાતે ચંદ્ર તેમજ તારાઓ જોઈએ છીએ અને તેનાથી પ્રકાશ મળે છે. આમાં પૃથ્વીની સૌથી નજીકમાં ચંદ્ર છે અને તે આ ભૂમંડળથી લગભગ અઢી હજાર માઇલ દૂર છે. આ પૃથ્વી જેવું અને પૃથ્વીથી ઘણું નાનું એક ભૂમંડળ છે અને એની જ ચારે બાજુ ફર્યા કરે છે, તેનાથી આપણે ત્યાં સુદ અને વદ થાય છે. ચંદ્રમાં પોતાનો પ્રકાશ નથી, પરંતુ તે સૂર્યના પ્રકાશથી પ્રકાશે છે. તેથી પોતાના પરિભ્રમણ પ્રમાણે ઘટતો કે વધતો દેખાય છે. ચંદ્ર બિલકુલ ઠંડો પડી ગયેલ છે અને પૃથ્વીના પેટાળ જેવી હવે એમાં અગ્નિ નથી એમ તપાસ કરતાં જણાયું છે. એની આજુબાજુ વાયુમંડળ પણ નથી અને એની જમીન પર પાણી પણ નથી. એ જ કારણે ત્યાં શ્વાસોચ્છ્વાસવાળા પ્રાણીઓ અને વનસ્પતિ મળતી નથી. ત્યાં પર્વતો તેમજ ગુફાઓ સિવાય બીજું કંઇ નથી. ચંદ્ર પૃથ્વીનો જ એક ભાગ છે અને તે તુટીને જુદા થયાને પાંચ–છ કરોડ વર્ષ થયા છે એમ અનુમાન કરી શકાય છે.

## (૨) ચંદ્રનું ક્ષેત્રફળ

આજના વૈજ્ઞાનિકોએ ચંદ્ર માટે જે હકીકતો ભેગી કરી છે એમાંથી કેટલીક નીચે પ્રમાણે છે:–

ચંદ્રનો વ્યાસ ૨૧૬૦ માઇલ અથવા ૩૫૪૬ કિલોમીટર, પૃથ્વીનો ચોથો ભાગ.
ચંદ્રની પરિધિ—૧૦૮૬૪ કિલોમીટર.
ચંદ્રનું પૃથ્વીથી અંતર - ૩૮૧૧૭૧ કિલોમીટર.
ચંદ્રનું તાપમાન—૧૧૭ સેંટીમીટર, જે સૂર્ય માથા ઉપર હોય ત્યારે જણાય છે તેવું.
ચંદ્રના રસ્તામાં તાપમાન—૧૩૭ સેંટીમીટર.
ચંદ્રની સપાટીમાં ગુરુત્વાકર્ષણ—પૃથ્વીનો છઠ્ઠો અંશ.

પૃથ્વી ઉપર જે વસ્તુનું વજન સત્તાવીસ કિલો હોય છે તે ચંદ્ર ઉપર ચાર–પાંચ કિલો થાય છે. ચંદ્રનો વિસ્તાર કે બિંબ પૃથ્વીનો સોમો અંશ છે અને એની લંબાઈ પૃથ્વીની લંબાઈના પાંચમા ભાગની છે.

ચંદ્રની કક્ષાની ગતિ દર કલાકે ૩૬૬૯ કિલોમીટર છે. ચંદ્રને પૃથ્વીની પરિક્રમા કરવામાં સત્તાવીસ દિવસ, સાત કલાક અને તેંતાળીશ મિનીટ લાગે છે, કારણ કે તે લગભગ એ જ ગતિએ પોતાની ધરી પર ફરે છે.

ચંદ્ર પછી અનુક્રમે શુક્ર, બુધ, મંગળ, ગુરુ અને શનિ વગેરે ગ્રહો છે, એ બધા પૃથ્વીની માફક જ ભૂમંડળવાળા છે અને સૂર્યની પરિક્રમા કર્યા કરે છે તથા સૂર્યના જ પ્રકાશથી પ્રકાશીત થાય છે. આ ગ્રહોમાંથી કોઇમાં પણ આપણી પૃથ્વી જેવા જીવોની સંભાવના મનાતી નથી, કારણ કે ત્યાંની પરિસ્થિતિ જીવનના સાધનોથી બધી રીતે વિપરીત છે.

આ ગ્રહો પછી પૃથ્વીથી લગભગ સાડાનવ કરોડ માઇલ દૂર સૂર્યમંડળ છે. તે પૃથ્વીથી પંદર લાખ ગણું મોટું છે એટલે કે પૃથ્વી જેવા લગભગ પંદર લાખ ભૂમંડળ એનામાં સમાઈ શકે છે. સૂર્યનો વ્યાસ ૮૬૦૦૦૦ માઈલ છે. આ મહાકાય સૂર્યમંડળ અગ્નિથી પ્રજ્વલિત છે અને એની જ્વાળા લાખો માઈલ સુધી દેખાય છે. સૂર્યની જ્વાળાથી કરોડો માઈલ વિસ્તારના સૌર-મંડળમાં પ્રકાશ અને ગરમી ફેલાય છે. સૂર્યની ભૂમિ ઉપર ૧૦૦૦૦ ફેરનહીટ ગરમી છે જેમ્સ જીન્સ નામના વૈજ્ઞાનિકનો મત છે કે, આ જ સૂર્યમાંથી છૂટા પડેલા પૃથ્વી, બુધ, ગુરુ, વગેરે ગ્રહો એના ઉપગ્રહો બનેલા છે. તે બધા હજી સુધી એના આકર્ષણથી ખેંચાઈને એની જ આસપાસ ફરે છે. આપણું ભૂમંડળ સૂર્યની પરિક્રમા ૩૬૫¼ દિવસમાં તથા દર ચોથે વર્ષે ૩૬૬ દિવસમાં પુરી કરે છે અને એ જ આધારે આપણું વર્ષમાન રહેલું છે. એ જ પરિક્રમણમાં પૃથ્વી હંમેશ પોતાની ધરી ઉપર દર કલાકે ૬૦ માઇલની ઝડપે ફરે છે અને તેને કારણે આપણે ત્યાં દિવસ અને રાત થયા કરે છે. પૃથ્વીનો જે ગોળાર્ધ સૂર્ય સામે આવે છે, ત્યાં દિવસ અને બાકીના ગોળાર્ધમાં રાત થાય છે. આ પૃથ્વી વગેરે ગ્રહો અને ઉપગ્રહો ફરીવાર સૂર્ય તરફ ખેંચાઈ રહ્યા છે.

ઉપર જે મહાકાય સૂર્યમંડળનો ઉલ્લેખ કર્યો છે. એની બરાબરનું બીજું કોઈ પણ જ્યોતિર્મંડલ આકાશમાં દેખાતું નથી, પરંતુ એ ઘણા નાના દેખાતા તારાઓમાં સૂર્ય જેવો મહાન કોઈ પણ નથી એવું સમજવાનું નથી. ખરેખર આપણને જે તારાઓ દેખાય છે, એમાં સૂર્યથી નાના તેમજ સૂર્યની બરાબરીવાળા તારાઓ તો ઘણા થોડા છે. એમાં ઘણા તો સૂર્યથી પણ ઘણા વિશાળ છે તથા એનાથી સેંકડો, હજારો-લાખો ગુણા મોટા છે, પરંતુ આપણા સૂર્યની અપેક્ષાએ ઘણે દૂર હોવાથી એ નાના દેખાય છે. જ્યેષ્ઠા નક્ષત્ર એટલું વિશાળ છે કે એમાં ૭૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ પૃથ્વીઓ સમાઈ શકે.

## (૩) પ્રકાશ વર્ષ

તારાઓનું અંતર સમજવા માટે આપણા સંખ્યાવાચક શબ્દો કામ આપતા નથી. એની ગણતરી માટે વૈજ્ઞાનિકોની બીજી રીત છે. પ્રકાશની ગતિ દરેક સેકંડે એક લાખ છ્યાસી હજાર (૧૮૬૦૦૦) માઇલ તથા દરેક મિનિટે એક ક્રોડ અગિયાર લાખ સાઠ હજાર (૧૧૧૬૦૦૦૦) માઈલ માપવામાં આવેલી છે. એ પ્રમાણથી સૂર્યનો પ્રકાશ આપણી પૃથ્વી સુધી આવવામાં સાડા આઠ મિનિટ લાગે છે. તારા આપણાથી એટલા બધા દૂર છે કે એનો પ્રકાશ આપણી પાસે અમુક વર્ષો પછી આવી શકે છે. જેટલા વર્ષોમાં પ્રકાશ આવે છે એટલા જ પ્રકાશ વર્ષ દૂર તે તારા કહેવાય છે. સેંચુરી નામનો ઘણો નજીકનો તારો આપણાથી સાડા ચાર પ્રકાશ વર્ષ દુર છે, કારણ કે એનો પ્રકાશ આપણી પાસે આવતા સાડા ચાર પ્રકાશ વર્ષ લાગે છે. આ રીતે દસ, વીસ, પચાસ તેમજ સેંકડો પ્રકાશ વર્ષ જ દૂર નહીં,

પરંતુ દશ લાખ પ્રકાશવર્ષ દૂર હોય તેવા તારાઓ પણ જણાયા છે અને તે તારાઓ આપણી આ પૃથ્વી તો શું, આપણા સૂર્યથી પણ લાખો ગુણા મોટા છે.

તારાઓની સંખ્યા અપાર છે. આપણે આપણી દષ્ટિથી તો વધારેમાં વધારે છઠ્ઠા ભાગ સુધીના લગભગ છ-સાત હજાર તારા જ દેખાય છે પરંતુ દૂરબીનની જેટલી શક્તિ વધતી જાય છે તેટલા વધારે તારા દેખાય છે. અત્યાર સુધી વીસમા ભાગ સુધીના તારાઓ જોઇ શકાય તેવા મશીનો બનેલા છે અને તેનાથી બે અબજથી પણ વધારે તારા જોઈ શકાયા છે. એ તારાઓનું વર્ણન હવે બતાવવામાં આવે છે.

## (૪) વૈજ્ઞાનિકોની માન્યતા પ્રમાણે તારાઓની સંખ્યા

હાલના વૈજ્ઞાનિકોએ પ્રકાશની ન્યૂનાધિકતા પ્રમાણે તારાઓને કેટલાક વિભાગમાં વહેંચેલા છે. પહેલા, બીજા અને ત્રીજા વર્ગ (વિભાગ) ના તારા વધારે ચમકતા છે, પરંતુ એ ઘણી ઓછી સંખ્યામાં છે. આઠમા વર્ગ સુધીના તારાઓ આંખથી જોઈ કે ગણી શકાતા નથી, પરંતુ એથી આગળના વર્ગોના તારાઓ દૂરબીનની મદદથી જોઇ કે ગણી શકાયા છે.

વૈજ્ઞાનિકો દ્વારા વીસ વર્ગોમાં વહેંચાયેલા તારાઓની સંખ્યા નીચે પ્રમાણે છે :-

| વર્ગ | સંખ્યા | વર્ગ | સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૧૯ | ૧૧ | ૮૭૦૦૦ |
| ૨ | ૬૫ | ૧૨ | ૨૨૭૦૦૦૦ |
| ૩ | ૨૦૦ | ૧૩ | ૫૭૦૦૦૦૦ |
| ૪ | ૫૩૦ | ૧૪ | ૧૩૮૦૦૦૦૦ |
| ૫ | ૧૬૨૦ | ૧૫ | ૩૨૦૦૦૦૦૦ |
| ૬ | ૪૮૫૦ | ૧૬ | ૭૧૦૦૦૦૦૦ |
| ૭ | ૧૪૩૦૦ | ૧૭ | ૧૫૦૦૦૦૦૦ |
| ૮ | ૪૧૦૦૦ | ૧૮ | ૨૯૬૦૦૦૦૦૦ |
| ૯ | ૧૧૭૦૦૦ | ૧૯ | ૫૬૦૦૦૦૦૦૦ |
| ૧૦ | ૩૨૪૦૦૦ | ૨૦ | ૧૦૦૦૦૦૦૦૦૦ (એક અબજ) |

જેમ્સ જીન્સ જેવા વૈજ્ઞાનિક જ્યોતિષીની એ માન્યતા છે કે આપણી પૃથ્વીના બધા સમુદ્રના કિનારાની રેતીના કણ જેટલા તારાઓ હોય તો આશ્ચર્ય નથી. સૂર્યથી ઘણા નજીકના તારા સાડા ચાર પ્રકાશવર્ષ એટલે કે ૨૫અબજ માઈલ દૂર છે, એ પ્રમાણે આ અસંખ્ય તારાઓ એક બીજાથી કેટલા દૂર છે-એનું અનુમાન એનાથી જ કરી શકાય છે. આ બધા તારાઓ ઘણા વેગથી ગતિ કરે છે અને એમનો પ્રવાહ છે. જુદી જુદી દિશાઓમાં મળી શકે છે.

## (૫) નીહારિકા

વિખરાયેલ વરાળની જેમ જે અનેક તારાઓનો સમૂહ મળે છે, એને નીહારિકા કહે છે. આપણે આપણી આંખોથી દૂરબીન વગર પણ એકાદ જ નીહારિકા જોઇ શકીએ છીએ અને તે પણ દેખાવમાં તારાઓ જેવી જ હોય છે. દૂરબીનથી જોતાં કેટલીક નીહારિકાઓ ગોળ હોય છે અને કેટલીક શંખના ચક્કર જેવી નીહારિકાઓ છે. આપણા વિશ્વ કે આકાશ ગંગાના તારાઓના ઝુમખા જેવી ગોળ નીહારિકાઓ છે. ચક્કર જેવી નીહારિકાઓ છે તે વિશ્વથી નાની છે પરંતુ કરોડો તારાઓના ઝુમખાઓનું બનેલ નાનું વિશ્વ છે. જો કે વિશેષ વિવરણ સાથે તપાસ કરતાં સોથી પણ ઓછી નીહારિકાઓ છે, પરંતુ દૂરબીનથી લગભગ વીસ લાખ ચક્કરવાળી નીહારિકાઓ જણાઇ છે. આકાશગંગા પણ એ જ શ્રેણિનો એક દ્વીપ—વિશ્વ છે. બૃહસ્પતિ (ગુરુ)ની માફક આપણી પૃથ્વી વિશાળ નથી કે શુક્રની માફક નાનો ગ્રહ નથી. સૂર્ય પણ મધ્યમ આકારનો એક ગ્રહ છે, પરંતુ આકાશગંગા પોતાની શ્રેણિના દ્વીપ-વિશ્વોથી ઘણી મોટી છે. આકાશગંગા પણ એક મધ્યમ આકારની નીહારિકા છે અને એનું પ્રમાણ એક અબજ સૂર્યોથી પણ વધારે છે. સૂર્ય આપણી પૃથ્વીથી ત્રણ લાખ તેર હજાર ગણો મોટો છે.

## (૬) આકાશ—ગંગા

રાત્રે આકાશમાં એક સફેદ વાળુ (વેળુ–રેતી) નો માર્ગ કે ગંગા જેવી સફેદ પહોળી ધારા નૈઋર્ત્યથી ઇશાન તરફ લાંબી (ધારા) દેખાય છે, એને જ આકાશગંગા કહે છે. આકાશગંગા એ તારાઓનો એક સમૂહ છે. એમાં સૂર્ય જેવા લગભગ બે ખર્વ તારાઓ હોય છે. એનો આકાર ઇંડા જેવી ખિસ્સાઘડિયાળ કે બે જોડાયેલા તવા જેવી વચ્ચે જાડી અને ધાર ઉપર પાતળી છે. એનો વ્યાસ ત્રણ લાખ પ્રકાશવર્ષ અને જાડાઈ દશ હજાર પ્રકાશવર્ષ છે.

## (૭) ગ્રહ

જ્યોતિર્મંડળમાં ગ્રહોનું મહત્વનું સ્થાન છે. એમનો થોડો પરિચય નીચે બતાવેલા કોઠા (યંત્ર) થી જણાશે.

| ગ્રહનું નામ | સૂર્યથી લગભગ માઇલોમાં અંતર | લગભગ વ્યાસ માઇલોમાં | પરિક્રમાનો સમય વર્ષોમાં | ઉપગ્રહોની સંખ્યા |
|---|---|---|---|---|
| (૧) બુધ | ૩૬૦૦૦૦૦૦ | ૩૦૩૦ | ૦.૨૨ | ૦ |
| (૨) શુક્ર | ૬૭૨૦૦૦૦૦ | ૭૭૦૦ | ૦.૬૨ | ૦ |
| (૩) પૃથ્વી | ૯૨૯૦૦૦૦૦ | ૭૯૧૮ | ૧.૦૦ | ૧ |
| (૪) મંગળ | ૧૪૧૫૦૦૦૦૦ | ૪૨૩૦ | ૧.૮૮ | ૨ |
| (૫) ગુરુ | ૪૮૩૨૦૦૦૦૦ | ૮૬૫૦૦ | ૧૧.૮૬ | ૯ |
| (૬) શનિ | ૮૮૫૯૦૦૦૦૦ | ૭૩૦૦૦ | ૨૯.૪૬ | ૯ |
| (૭) અરૂણ | ૧૭૮૨૨૦૦૦૦૦ | ૩૧૯૦૦ | ૮૪.૦૨ | ૪ |
| (૮) વરૂણ | ૨૭૯૧૬૦૦૦૦૦ | ૩૪૮૦૦ | ૧૬૪.૭૮ | ૧ |
| (૯) કુબેર | ૩૭૦૦૦૦૦૦૦૦ | ૩૬૦૫ | ૨૫૦.૦૦ | અનિશ્ચિત |

સૂર્ય તથા એનું ગ્રહ-કુટુંબ મળીને સૌર્ય-મંડળ બને છે.

જેને આપણે બ્રહ્માંડ કહીએ છીએ, એમાં ઘણા સૂર્ય-મંડળો છે. એવા સૌર્ય મંડળોની સંખ્યા લગભગ દશ કરોડ છે એવું અનુમાન કરવામાં આવે છે. આપણું સૌર્યમંડળ 'ઐરાવત પથ' (મિલ્કી વે) નામના બ્રહ્માંડમા રહે છે. એરાવત પથનો ચંદ્ર રૂપી માર્ગના લગભગ ૨/૩ ભાગ ઉપર એક પીળું બિંદુ છે. એ જ બિંદુ એ આપણો સૂર્ય છે અને તે આપણા ગ્રહોને સાથે લઈને ઐરાવતપથ ઉપર બરાબર ફરે છે. પૂર્વ એરાવતપથમાં લગભગ પાંચસો કરોડ તારાઓ રહેલા છે. એમાંથી ઘણાને આપણે જોઈ શકતા નથી, કારણ કે તે તારાઓ અમારી સામેથી દિવસે નીકળે છે, તેથી સૂર્યના પ્રકાશમાં એનો પ્રકાશ આપણને દેખાતો નથી. તારાઓ સિવાય ઐરાવત પથમાં ધુમ્મસ ગેસ અને ધૂળ પણ ઘણા પ્રમાણમાં છે. રાત્રે ઘણા તારાઓનો પ્રકાશ ભેગો થઈને આ ગેસ અને ધૂળને પ્રકાશીત બનાવે છે.

આ રીતે આખા વિશ્વ કે લોકનું પ્રમાણ અસંખ્ય છે અને આકાશનો તો ક્યાંય છેડો જ દેખાતો નથી. તારાઓનો આકાશમાં જે રીતે વિભાગો છે તથા આકાશગંગામાં જે તારાઓનો પુંજ દેખાય છે. એના ઉપરથી અનુમાન થાય છે કે તારામંડળ સહિત આખા લોકનો આકાર લેન્સ જેવો છે એટલે કે ઉપર નીચેનો ઉપસેલો ભાગ છે અને વચ્ચે ફેલાયેલો ગોળ છે, તેની પરિધિ ઉપર આકાશગંગા દેખાય છે અને ઉપસેલા ભાગની વચ્ચે સૂર્યમંડળ છે.

નોંધ:- પુસ્તકમાં મુદ્રણદોષથી કે દૃષ્ટિદોષથી કોઈ દોષ રહેલ હોય તો વાચકવર્ગે સુધારીને વાંચવું.





# શુદ્ધિપત્રક

| પાના નંબર | લાઈન | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૧ | ૨૯ | શ્રાધ્ધ્ય | શ્લાઘ્ય |
| ૧૩ | ૧ | લાંબા | લાંબો |
| ૧૩ | ૫ | ધૃતિ | ધૃતિ |
| ૧૫ | ૨૪ | અને | એ |
| ૧૮ | ૨ | નિત્યનું | નિત્યનો |
| ૨૦ | ૧૧ | કુળ | કુલ |
| ૨૪ | ૧૪ | વદેતાઓને | દેવતાઓને |
| ૩૨ | ૩ | પહેરાની | પહેરાવી |
| ૩૯ | ફૂટનોટ | જિનશ્ચૈવે | જિનશ્ચૈવ, |
| ૪૦ | ફૂટનોટ બીજી લાઈન | ઝરે | ઝરે |
| ૪૭ | ૨ | નામે | નામ |
| ૪૯ | ૧૩ | ધનઃપુષ્ઠ | ધનુઃપૃષ્ઠ |
| ૫૨ | ૨૨ | એડધો | અડધો |
| ૬૨ | ૩૦ | નદીતે | નદી તે |
| ૬૫ | ૫ | કઈક | કંઈક |
| ૬૮ | ૨૬ | અર્ધો | અધો |
| ૬૯ | ૩૨ | એહીં | અહીં |
| ૭૨ | ૨૦ | અનાદિત | અનાદત |
| ૭૭ | ૨૭ | પ્રાસાદક | પ્રાસાદ (પ્રાસાદાવતંસક) |
| ૭૮ | ૨૪ | નવમો બવ | નવમું બલ |
| ૭૮ | ૩૦ | સોવનસ | સોમનસ |
| ૭૮ | ૩૪ | સોમવસ | સોમનસ |
| ૭૯ | ૩ | પ્રાસાદાવમંસક | પ્રાસાદાવતંસક |
| ૮૧ | ૩૨ | કરે | ફરે |
| ૮૩ | ૯ | બહ્મકૂટ | બ્રહ્મકૂટ |
| ૮૭ | ૧૬ | સ્થાપક | સ્થાનક |
| ૮૮ | ૪ | તિઘિચ્છ | તિગિચ્છ |
| ૯૨ | ૧૫ | ક્ષેત્રમા | ક્ષેત્રમાં |
| ૯૩ | ૧૩ | દુઃખમ-સુખમ્ | સુખમ-દુઃખમ |
| ૧૦૦ | ૩૧ | જીવ | જીવનો |
| ૧૦૧ | ૩૦ | આરા | આરાવાળો |

| પાના નંબર | લાઈન | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૦૪ | ૯ | મનુષ્યોનો | મનુષ્યોને |
| ૧૦૬ | ૧૫-૧૮ | (૧૦-૧૧) | (૧૦-૧૧-૧૨) |
| ૧૦૯ | ૧૯ | વિકુખંભોગાહ | વિકૂખંભોગાહ |
| ૧૧૮ | ૧-૫ | ઘાતકી | ધાતકી |
| ,, | ફૂટનોટ | નંબર ૧-૨ | ૨ તથા ૧ |
| ૧૨૮ | ૨૬ | ૮ લાખ ૫૧ લાખ પાંચ હજાર | ૮ લાખ ૫ હજાર |
| ૧૩૧ | ૯ | અર્ઘ | અર્ધ |
| ૧૩૨ | ૨ | નેવું' | નેવું |
| ૧૩૩ | ૫ | મહાજ્ઞેત્રોનો | મહાક્ષેત્રોનો |
| ૧૩૪ | ૧૯ | ઘાતકીખંડ | ધાતકીખંડ |
| ,, | ૨૬ | પુસ્કવર | પુષ્કરવર |
| ૧૩૫ | ૨૦-૨૧ | પર્વતો... | ... |
| ૧૩૬ | ૩૦-૩૨ | + | × |
| ૧૪૦ | ૧૫ | કહેલ | કરેલ |
| ૧૪૧ | ૩૨ | વર્ણવેલ | વર્ણવેલ |
| ૧૫૨ | ૮ | વેદીયો | વેદીઓ |
| ,, | ૧૫ | પ્રજ્ઞાપ્તિ | પ્રજ્ઞપ્તિ |
| ,, | ૨૦ | શ્રંથ | ગ્રંથ |
| ,, | ૩૦ | આનઋષિ | આનંદઋષિ |
| ૧૫૩ | ૨ | આવેલા | આપેલા |
| ૧૫૪ | ૧૨ | ગુણ | ગણા |
| ૧૫૫ | ૩૦ | ૧,૦૦૦ (કોલમ વિષ્કંભ) | ૧૦,૦૦૦ |
| ૧૫૭ | ૩૧ | ૩,૧૫૨ (કોલમ પરિધિ) | ૩,૧૬૨ |
| ૧૫૮ | ૨ | બીવી | બતાવી |
| ,, | ૧૭ | કાય | કાર્ય |
| ,, | ૧૮ | $(૧૬/૯)^{૨}$ | $(\frac{૧૬}{૯})^{૨}$ |
| ,, | ૨૦ | આવેળ | આવેલ |
| ,, | ૨૨ | Jrrationul | Irrational |
| ,, | ૨૬ | ૩.૧૪૨૮૫૭ | ૩.૧૪૨૮૫૭ |
| ૧૫૯ | ૩ | ૩.૧૪૨૮૫.૭ | ૩૧૪૨૮૫.૭ |
| ,, | ૧૩ | વિષ્કુંભ | વિષ્કંભ |
| ,, | ૧૪ | પરિધિના | પરિધિને |
| ,, | ૧૭ | ગુણા | ગણો |

| પાના નંબર | લાઈન | અશુધ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૬૦ | ૨૬ | $\frac{(\text{વ્યાસ})^{૨}}{૨}$ | $\frac{(\text{વ્યાસ})^{૨}}{૨}$ |
| ૧૬૪ | ૨૫ | ૩૪૪૩૦૯૫૮૧૨૫૦ | ૩૪૪૩૦૯૫૧૨૫૦ |
| ૧૬૫ | ૪ | ધનુગૃ:ષ્ઠ | ધનુ:પૃષ્ઠ |
| ,, | ૨૪ | રહ્ના | રહ્યા |
| ૧૬૭ | ૨૨ | કળા | પ્રતિકળા |
| ,, | ૨૨ | દશગુણુ | દશગણા |
| ,, | ૨૩ | પ્રતિકળા | વર્ગીત પ્રતિકળા |
| ૧૭૧ | ૫ | (ત્રિજ્યા–ષુ) | (ત્રિજ્યા–ઈષુ) |
| ૧૭૨ | ૧૬ | $\frac{3}{4}$1B | $\frac{3}{4}$l.b |
| ,, | ૨૪ | $\frac{S૨}{૩}$ | $\frac{S^{૨}}{૩}$ |
| ૧૭૪ | ૨૬ | $\frac{1}{3}$૨ | $\frac{1}{3}$a |
| ૧૭૮ | ૧ | ÷ | × |
| ,, | ૫ | અ+બ | અXબ |
| ૧૭૯ | ૧૫ | (ઇશુX૨Xવિષ્કંભ | (ઇશુ+૨Xવિષ્કંભ |
| ૧૮૦ | ૩ | [૩૧૪૨૮૭.૭] | [૩૧૪૨૮૫.૭] |
| ,, | ૪ | ધનુ૩પૃષ્ઠ | ધનુ:પૃષ્ઠ |
| ૧૮૧ | ૨ | અ/૨ | ખ/૨ |
| ,, | ૧૩ | ગુરૂધનુ:પૃષ્ઠ–લઘુધનુ:પૃષ્ઠ ૨ | $\frac{\text{ગુરૂધનુ:પૃષ્ઠ–લઘુધનુપૃષ્ઠ}}{૨}$ |
| ૧૮૩ | ૩ | Sin+ | Sin–l |
| | | કોલમ ૬ માટે જુઓ પાના નં. ૧૮૦ (ધનુ:પૃષ્ઠ) કોલમ ૭ | |
| ૧૯૩ | ૪ | રહેલા | રહેલા છે. |
| ૧૯૪ | ૩ | સૂય | સૂર્ય |
| ૧૯૫ | ૧ | યાજન | યોજન |
| ૧૯૮ | ફૂટનોટ ૧ | સ્પર્શની | સ્પર્શીને |
| ૨૦૪ | ,, ૭ | કરકકિ | કરકરિક |
| ,, | ,, ૭ | ૬મા | ૮૬મા |
| ,, | ,, ૧૦ | ૧૦ લોપ્રકાશ | ૧૧ લોક પ્રકાશ |

---

| ૧૮૦ નોંધ: | ૩ | – | ૧°=૬૦ કળા<br>૧ કળા=૬૦ વિકળા |
|---|---|---|---|

# આ ગ્રંથનાં ચિત્રોની નામસાથે અનુક્રમણિકા


| ક્રમાંક | ચિત્રોના નામ | પાના નંબર |
|---|---|---|
| | અઢીદ્વીપ રંગીત | મુખ પૃષ્ટ |
| ૧ | ચૌદ રાજલોક ત્રણ લોકની માહિતિ | ૧ |
| ૨ | લવણ સમુદ્ર (ચંદ્ર-સૂર્ય, પાતાળ કળશ) | ૧૯ |
| ૩ | ચંદ્ર-સૂર્યના દ્વીપ | ૨૧ |
| ૪ | જંબૂદ્વીપ | ૨૨ |
| ૫ | જગતી (જાળી તથા પદ્મવર વેદિકા સહિત) | ૨૩ |
| ૬ | જંબૂદ્વીપ-જગતી, ૪ દ્વાર, પદ્મવર વેદિકા સહિત | ૨૪ |
| ૭ | વિજયદ્વાર | ૨૭ |
| ૮ | નાગદંતા | ૨૯ |
| ૯ | સિંહાસન | ૩૧ |
| ૧૦ | તોરણ જેના (ઉપર અષ્ટ મંગળ છે તે.) | ૩૧ |
| ૧૧ | વિજયદ્વારની પાંચમી ભૂમિ | ૩૨ |
| ૧૨ | ભદ્રાસન | ૩૩ |
| ૧૩ | વિજયા રાજધાનીની સ્થાપના | ૩૪ |
| ૧૪ | વિજયા રાજધાનીના ચાર વનખંડ અને ચાર પ્રાસાદાવતંસક | ૩૪ |
| ૧૫ | ૮૫ મહેલ | ૩૫ |
| ૧૬ | મહેન્દ્ર ધ્વજ | ૩૭ |
| ૧૭ | પુષ્કરણી | ૩૭ |
| ૧૮ | માણવક ચૈત્ય સ્તંભ | ૩૮ |
| ૧૯ | દાબડા | ૩૮ |
| ૨૦ | દેવ શય્યા | ૩૮ |
| ૨૧ | શસ્ત્ર ભંડાર | ૩૮ |
| ૨૨ | સિદ્ધાયતન | ૩૯ |
| ૨૩ | અલંકાર સભા | ૪૦ |
| ૨૪ | અભિષેક સભા | ૪૦ |
| ૨૫ | દક્ષિણાર્ધ ભરતક્ષેત્ર | ૪૨ |
| ૨૬ | બાહા, ધનુઃપૃષ્ટ, જીવા, ઈષુ | ૪૩ |
| ૨૭ | વૈતાઢયની દક્ષિણોત્તર શ્રેણી સ્થાપના | ૪૫ |
| ૨૮ | ઋષભકૂટ પર્વત | ૪૭ |
| ૨૯ | વૈતાઢય પર્વત | ૪૮ |

| ક્રમાંક | ચિત્રોના નામ | પાના નંબર |
|---|---|---|
| ૩૦ | ઉમગ્ગ-નિમગ્ગજલા નદી | ૪૮ |
| ૩૧ | ૪૯ માંડલા | ,, |
| ૩૨ | વૈતાઢ્યની ગુફા | ,, |
| ૩૩ | ગુફાનું દ્વાર | ,, |
| ૩૪ | વૈતાઢ્યના નવ કૂટ | ,, |
| ૩૫ | વૈતાઢ્યના જુદા જુદા વિભાગો | ,, |
| ૩૬ | ૧૧ કૂટવાળો ચુલહેમવંત પર્વત | ૪૯ |
| ૩૭ | લક્ષ્મીદેવીનું કમળ | ૫૦ |
| ૩૮ | વલયમાં રહેલ દેવ-દેવીઓની વિગત | ૫૦ |
| ૩૯ | પદ્મ અને પુંડરિક દ્રહ | ૫૧ |
| ૪૦ | મહાપદ્મદ્રહ આદિ દ્રહો | ૫૨ |
| ૪૧ | ગંગા વર્તન કૂટ | ૫૩ |
| ૪૨ | જીભ અથવા પરનાળી | ,, |
| ૪૩ | મુકતાવલી હાર | ,, |
| ૪૪ | હેમવંત યુગલિયાનુ ક્ષેત્ર | ૫૫ |
| ૪૫ | મહા હેમવંતના ૮ કૂટ | ૫૮ |
| ૪૬ | હરિવર્ષ યુગલીયા ક્ષેત્ર | ,, |
| ૪૭ | નવકૂટવાળો નિષધ પર્વત | ૬૧ |
| ૪૮-૪૯ | બત્રીસ વિજયના બે ચિત્રો | ૬૫ |
| ૫૦ | માલ્યવંત ગજદંત પર્વત અને તેના ૯ કૂટ તથા ગંધમાદન ગજદંત પર્વત અને તેના ૭ કૂટ | ૬૬ |
| ૫૧ | દક્ષિણ કુરુક્ષેત્ર | ૬૯ |
| ૫૨ | જંબૂવૃક્ષ | ૭૧ |
| ૫૩ | જંબૂવૃક્ષ પીઠિકા | ,, |
| ૫૪ | જંબૂવૃક્ષ પીઠિકા, પદ્મવરવેદિકા તથા વનખંડ | ,, |
| ૫૫ | ૮ કૂટ | ૭૩ |
| ૫૬ | સુદર્શન મેરૂપર્વત અને તેના ત્રણ કાંડ તથા ચાર વન ચુલિકા સહિત | ૭૫ |
| ૫૭ | જુદા જુદા રત્નમય મેરૂપર્વત | ૭૬ |
| ૫૮ | ભદ્રશાલ વન | ૭૭ |
| ૫૯ | નંદનવન | ૭૮ |
| ૬૦ | સોમનસવન | ૭૯ |
| ૬૧ | પંડગવન | ૮૦ |
| ૬૨ | ચાર અભિષેક શિલા | ,, |
| ૬૩ | નીલવંત પર્વતના નવ કૂટ | ૮૯ |
| ૬૪ | રમ્યક્ યુગલીયાનું ક્ષેત્ર | ૯૦ |
| ૬૫ | આઠ કૂટવાળો રૂપી પર્વત | ,, |

| ક્રમાંક | ચિત્રોના નામ | પાના નંબર |
|---|---|---|
| ૬૬ | હૈરણ્યવત યુગલક્ષેત્ર | ૯૦ |
| ૬૭ | ૧૧ કૂટવાળો શિખરી પર્વત | ૯૧ |
| ૬૮ | કાળચક્ર | ૯૨ |
| ૬૯–૭૦ | વિગ્રહગતિના બે ચિત્રો | ૯૭ |
| ૭૧ | છ સંઘયણ | ૯૮ |
| ૭૨ | દાઢા | ૧૦૩ |
| ૭૩ | ૫૬ અંતરદ્વીપ દાઢા સાથે | ,, |
| ૭૪ | લવણ સમુદ્ર | ૧૧૧ |
| ૭૫ | સમચક્રવાલ સંઠાણ | ૧૧૨ |
| ૭૬ | લવણસમુદ્રના ચારદ્વીપ | ,, |
| ૭૭ | પાતાળ કળશ | ૧૧૪ |
| ૭૮ | લઘુ પાતાળ કળશો | ૧૧૫ |
| ૭૯ | ગોતીર્થ | ૧૧૭ |
| ૮૦ | શિખા | ,, |
| ૮૧ | ગોતીર્થ અને બે બાજુથી જલવૃધ્ધિનો દેખાવ | ૧૧૯ |
| ૮૨ | વેલંધર પર્વત | ,, |
| ૮૩ | વેલંધર–અનુવેલંધર દેવોના આવાસ પર્વતો | ૧૨૦ |
| ૮૪ | ચક્રાકાર ધાતકીખંડના ૧૪ પર્વત ૧૪ આરા જેવા તથા ૧૪ ક્ષેત્ર, ૧૪ આતરાજેવા | ૧૨૭ |
| ૮૫ | ધાતકીખંડના બે ઇષુકાર પર્વત | ,, |
| ૮૬–૮૭ | પૂર્વ–પશ્ચિમ ધાતકી મહાવિદેહ અને ગજદંત તથા વનમુખ | ૧૩૦ |
| ૮૮ | ૧ થી ૮ દ્વીપ–સમુદ્રો | ૧૪૨ |
| ૮૯ | ૯ થી ૧૫ દ્વીપ–સમુદ્ર | ૧૪૪ |
| ૯૦ | પલ્ય (પાલો) | ૧૪૮ |
| ૯૧–૯૩ | ત્રિજ્યા, વ્યાસ અને ક્ષેત્રફળ (ગણિતપદ) | ૧૫૯ |
| ૯૪ | જીવા | ૧૬૧ |
| ૯૫ | ઈષુ | ૧૬૩ |
| ૯૬ | ધનુઃપૃષ્ઠ | ૧૬૪ |
| ૯૭ | બાહા | ૧૬૫ |
| ૯૮ | પ્રતર–૧ | ૧૬૭ |
| ૯૯ | પ્રતર–૨ | ૧૬૮ |
| ૧૦૦ | હસ્તદંત ક્ષેત્ર | ૧૭૧ |
| ૧૦૧ | યવાકાર ક્ષેત્ર | ,, |
| ૧૦૨ | મુરજાકાર ક્ષેત્ર | ,, |
| ૧૦૩ | પણવાકાર ક્ષેત્ર | ,, |
| ૧૦૪ | વજ્રાકાર ક્ષેત્ર | ,, |

| ક્રમાક | ચિત્રોના નામ | પાના નંબર |
|---|---|---|
| ૧૦૫ | ઉભયનિષેધ આકૃતિ | ૧૭૧ |
| ૧૦૬ | એકનિષેધ આકૃતિ | ,, |
| ૧૦૭ | સંસ્પૃશી તીનવૃતવાલા ક્ષેત્ર | ,, |
| ૧૦૮ | સંસ્પૃશી ચાર વૃતવાલા ક્ષેત્ર | ,, |
| ૧૦૯ | ત્રિભુજનીઅવધાઓ | ૧૭૩ |
| ૧૧૦ | આયતન માટેનું ચિત્ર | ૧૭૪ |
| ૧૧૧ | મેખલાવાળો વૈતાઢય પર્વત | ૧૭૬ |
| ૧૧૨ | ચંદ્ર-સૂર્યની માળા | ૧૯૩ |
| ૧૧૩ | સૂર્ય-ચંદ્ર મંડળ ક્ષેત્ર | ૧૯૫ |
| ૧૧૪ | ચંદ્રના માંડલા | ,, |
| ૧૧૫ | ચંદ્ર મંડળ અને તેના આંતરા | ૧૯૬ |
| ૧૧૬-૧૧૭ | સૂર્ય મંડળના દક્ષિણાયન અને ઉત્તરાયણના માંડલા | ૧૯૯ |
| ૧૧૮-૧૧૯ | સૂર્યના મંડળ અને તેના આંતરા, | ૨૦૨ |
| ૧૨૦ | તાપક્ષેત્ર | ,, |
| ૧૨૧ | અભિજિતાદિ ૨૮ નક્ષત્રોના તારાઓના આકાર | ૨૧૦ |
| ૧૨૨ | નક્ષત્રોના તારાઓ આકાર સહિત | ૨૧૧ |
| ૧૨૩ | ( ૧) સીલાંગ રથ | ૨૧૪ |
| ૧૨૪ | ( ૨) દશવિધ ચક્રવાલ રથ | ,, |
| ૧૨૫ | ( ૩) ખામણા રથ | ,, |
| ૧૨૬ | ( ૪) શ્રવણ ધર્મ રથ | ૨૧૫ |
| ૧૨૭ | ( ૫) સામાચારિ રથ | ,, |
| ૧૨૮ | ( ૬) નિયમ રથ | ,, |
| ૧૨૯ | ( ૭) તપો રથ | ૨૧૬ |
| ૧૩૦ | ( ૮) સંસાર રથ | ,, |
| ૧૩૧ | ( ૯) શ્રી ધર્મ રથ | ,, |
| ૧૩૨ | (૧૦) સંજમ રથ | ૨૧૭ |
| ૧૩૩ | (૧૧) નિંદા રથ | ,, |
| ૧૩૪ | (૧૨) શુભલેશ્યા ત્રીક રથ | ,, |
| ૧૩૫ | (૧૩) અશુભ લેશ્યા ત્રીક રથ | ૨૧૮ |
| ૧૩૬ | (૧૪) રાગ ત્રીક રથ | ,, |
| ૧૩૭ | (૧૫) આલોયણા રથ | ,, |
| ૧૩૮ | (૧૬) પચખાણ રથ | ૨૧૯ |
| ૧૩૯ | (૧૭) ઇરિયા વહિયા રથ | ,, |
| ૧૪૦ | (૧૮) મિથ્યાત્વ નિજનીયા રથ | ,, |
| ૧૪૧ | (૧૯) ચઉશરણનો બીજો રથ | ૨૨૦ |

| ક્રમાંક | ચિત્રોના નામ | પાના નંબર |
|---|---|---|
| ૧૪૨ | (૨૦) ધર્માંગ રથ | ૨૨૦ |
| ૧૪૩ | (૨૧) કામા વસ્થા રથ | ” |
| ૧૪૪ | ચૌદ રાજલોકમય ત્રણ લોકમય | ૨૨૩ |
| ૧૪૫ | અધોલોક | ૨૨૪ |
| ૧૪૬ | ઘનોદધિ (નરક) | ” |
| ૧૪૭ | ઉર્ધ્વલોક | ૨૨૯ |
| ૧૪૮ | તમસ્કાય | ૨૩૧ |
| ૧૪૯ | આઠ કૃષ્ણરાજી | ” |
| ૧૫૦ | સિધ્ધ શીલા | ૨૩૨ |
| ૧૫૧ | સિધ્ધ શીલા | ” |












॥ जगतीना मध्य भागे गवाक्षकटकनो देखाव ॥



## —— चउद्दसरयण —१४ रत्न. ——







॥ ६ कुलगिरि अने ७ महाक्षेत्र अने क्षेत्रोना मध्यगिरि ॥






निषध पर्वतना कूटपासे चंद्र सूर्यनो उदय
थायछे तेनी स्थापना ३१










पमाण — विभागनिप्फन्न.

## ચારિત્ર :-

ના દંસણિસ્સ નાણં,
નાણેણ વિના ન હુંતિ ચરણગુણા;
અગુણિસ્સ નત્થિ મોક્ખો,
નત્થિ અમોક્ખસ્સ નિવ્વાણં ॥
ઉ. અ. ૨૮.૩૦

દર્શન વગર જ્ઞાન થતું નથી અને જ્ઞાન વગર ચારિત્ર રૂપ ગુણની પ્રાપ્તિ નથી. ચારિત્ર ગુણ વગરના જીવની મુક્તિ નથી અને મુક્તિ વિના નિર્વાણ નથી.

## તપ :-

જહા મહા તલાગસ્સ,
સંનિરુધ્ધે જલાગમે;
ઉસ્સિચણાએ તવણાએ,
કમેણં સોસણા ભવે ॥
એવં તુ સંજયસ્સાવી,
પાવકમ્મ નિરાસવે;
ભવકોડિ સંચિયં કમ્મં,
તવસા નિજ્જરિજ્જઈ ॥
ઉ. ॥ અ.૩૦. ૫-૬ ॥

જેમ મોટા તળાવમાં પાણી આવવાના માર્ગને રોકીએ અને એનું પાણી ઉલેચીએ તથા સૂર્યના તાપથી તે ધીરે ધીરે સુકાઈ જાય છે એમ સંયમી પુરુષ નવાં પાપ કર્મો રોકીને, કરોડો ભવના ભેગાં થયેલ કર્મને તપથી ક્ષય કરે છે.

# દોહરા

સવ મંત્ર શિરોમણિ, જાપ બતાવ્યો વીર;
સદ્‌ભાવે તે વર્ણવું, રાખજો મનમાં ધીર. (૧)
જાપે શ્રી અરિહંતના ભાગે અશુભ કરમ;
સિદ્ધ પ્રભુના જાપથી, પહોંચે સ્થાન પરમ. (૨)
શ્રી આચાર્યજ જાપતાં, સૂઝે આત્મસ્વરૂપ;
ચોથા પદના જાપથી, પામશો જ્ઞાન અનુપ. (૩)
જાપ લોકના સાધુનો, ખાસ માર્ગ શિવપુર;
આ અને પરલોકમાં, પામો સુખ ભરપુર. (૪)
મર્મ બતાવ્યો જાપનો, સમજે જીવ સુજાન;
નવીનઋષિ સુપ્રેમથી, પામો અમર સ્થાન. (૫)

પંચ પરમેષ્ઠીકી સ્તુતિ (તજ :- શાતા કીજોજી...)

આનંદ કારી રે, આનંદ કારી રે.
પરમેષ્ઠી પંચપદ, શિવસુખકારી રે, ટેક,

અરિહંતજીકા નામ બડા હૈ, બોધ સુનાવે ભારી રે,
તીન જગતમે સેવે પભુજી, રિદ્ધિ દે સારી રે. આ. ૧.
સિદ્ધ પ્રભુહૈ અજર અવિનાશી, આતમ અમૂરતકારી રે,
સિદ્ધ ક્ષેત્રમેં વાસ પ્રભુજી, રિદ્ધિ દો સારી રે. આ. ૨.
નેતા સંઘકે ગણીવર પ્યારે, છત્તીસ ગુનકે ધારી રે,
શાસન દીપક આપ ગુરૂજી..., જ્ઞાનદશા ઉરધારી રે. આ. ૩.
આગમરક્ષક ઉપાધ્યાયજી, પરમાદ સભીકો ટારી રે,
પઢાવે પ્રેમસે જ્ઞાન ગુરૂજી,ઉરતમ જાયે હારી રે. આ ૪.
કરે સાધના હૃદય ભાવસે, રત્નત્રયકો સાધી રે,
ભવ્ય જીવોંકે આપ ગુરૂજી, હિતકારનકે ભાગી રે. આ. ૫.
ગુરુ કૃપાસે નવીનઋષિ અબ, સેવે જો નરનારી રે,
જાપ પ્રતિદિન કી જે ભાવસે, નવકાર દેવે તારી રે. આ. ૬.